श्री

आत्मानन्द प्रकाश

इहि रागद्वेषमोहाद्यजिनूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १७] वीर संवत् २४४५, श्रावण. आत्म संवत् २४. [अंक १ लो.

वर्षारंभे मांगल्य स्तुति.

शार्दूलविक्रीडितम् ।

यद्वाक्योदकवर्षणाद्रसधराद् भव्यात्मनां मानसे-
क्षेत्रेष्वङ्कुररूपबोधजननं हृष्यन्ति सच्चातकाः ।
मोदन्ते बुधकेकिनो यदुदयात् यः कर्मदुर्मिक्षहृत्-
स श्री वीरघनः सुखाय घनवद् भूयान्नवीनेहके ॥ १ ॥

જેના રસિક વચનરૂપ જલની વૃષ્ટિથી ભવ્ય પ્રાણીઓના હૃદયરૂપી ક્ષેત્રોની અંદર બોધરૂપ અંકુરો પ્રગટ થઇ આવે છે અને જેના ઉદયથી સત્પુરૂષો-મેહતમાઓ રૂપ ચાતક પક્ષીઓ ખુશી થાય છે અને વિદ્વાન્ રૂપી મયૂર પક્ષીઓ હર્ષ પામે છે અને જે કર્મરૂપ દુકાળને હરનાર છે, એવો શ્રી વીરપ્રભુરૂપી મેઘ આ નવીન વર્ષમાં મેઘની જેમ સુખને માટે થાઓ ૧

ગુરુસ્તુતિ.

શાર્દૂલવિક્રીડિતમ્ ।

यच्चारित्रगुणैः सदातिविमलैराकृष्टमुर्वीतले-
भव्यं भारतजैनमण्डलमिदं यस्य स्मरत्यातुरम् ।
यच्छिष्या हि विहृत्य सद्गुरुयशः संतन्वते तद्गुणैः
तस्मै श्रीगुरवे नमोऽस्तु विजयानन्दाय सत्सूरये ॥ २ ॥

જેમના અતિ નિર્મલ એવા ચારિત્રના ગુણોથી આ પૃથ્વી ઉપર ભરતક્ષેત્રનું ભવ્ય જૈન મંડલ આકર્ષાયું છે અને તે આતુર થઇને જેમનું સદા સ્મરણ કરી રહ્યું છે અને જેઓના શિષ્યો તે ભરતક્ષેત્રમાં વિહાર કરી તેઓના ગુણો વડે ગુરૂના ઉજ્વળ યશને વિસ્તારે છે, એવા તે શ્રી વિજયાનંદસૂરિને નમસ્કાર છે. ૨

વર્ષારંભે પ્રભુસ્તુતિ.

હરિગીત.

સત્તત્વ અમૃત રસ વિષે જે હર્ષ પામે રસ ધરી,
દેવેંદ્ર ઇચ્છે પુર્ણપદને સંગમાં જેના રહી;
સંસારમાં ભમતા ભવિકો આવતા જ્યાં શર્ણમાં,
તે નાથને પ્રણમું પ્રીતે આ નવિન વર્ષારંભમાં.
અંતરતણા આનંદમાં જે આત્મપદ આશ્રયતા,
કલેશો કષાયો છેદીને શિવધામને જે સાધતા;
આ લોકમાં સૌ જીવને સમદૃષ્ટિથી આલોકતા,
તે નાથને પ્રણમું પ્રીતે આ નવિન વર્ષ શરૂ થતા.

વિ૦

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આશીર્વચન.

સ્રગ્ધરા.

સંપી જંપી સુખેથી, હૃદય રસધરી જ્ઞાનનો દેહાવ પામો,
સેવા કરવા સમાજે અધિક મુદ કરી આદરો સર્વ કામો;
રૂહેજો નિત્યે ઉમંગે વિવિધ સુખવિષે ભાવનાથી ભરેલા,
આત્માનંદ પ્રકાશે નિજ મન ધરજો શાંતિમાં થઇ ઠરેલા.

અભિનવ વર્ષે નિવેદન.

હૃદયમાં જ્ઞાનચક્ષુથી જોઇ આત્મવિકાસની વૃદ્ધિને અનુભવ કરાવનાર, મનુષ્ય જીવનની ભવ્યતા, સાર્થકતા, બલ, પરાક્રમ અને બીજા ઉચ્ચ ગુણોનું ભાન કરાવી સન્માર્ગે દોરનાર અને ઉચ્ચ જીવનના મનોરથો અને એ મનોરથોની સિદ્ધિમાં અપેક્ષિત અંશભૂત વિગેરેની વિચારમાળા વાંચકો સમક્ષ ધરવાને સદા ઉત્સુક થઇ પ્રવૃત્તિ કરનાર આ આત્માનંદ પ્રકાશ સત્તરમા વર્ષમાં પ્રવેશ કરે છે.

આ માસિકનું સ્વરૂપ ધાર્મિક ભાવનાથી બંધાયું છે અને તેથી તે મુખ્યરીતે ધાર્મિક ભાવનામાં ઉતરવાની ધન્ય ઘડીનો અનુભવ કરાવતું આવ્યું છે, છતાં પણ સાંપ્રત સમયે પ્રજાવર્ગીય હિતના તથા સામાજીક કર્ત્તવ્યના પ્રેરાયેલા ચેતનોના વિચારો પણ તે યથાયોગ્ય રીતે ભજવવા લાગ્યું છે; અને તેથી તે પોતાની ઉપયોગિતામાં મોટો વધારો કરી શકે છે એમ કહેવામાં કોઇ જાતની અતિશયોક્તિ કહેવાશે નહિ.

સાંપ્રતકાળે જનસમાજમાં ધાર્મિક ભાવના પ્રબળ કરવાની જેવી આવશ્યક્તા છે તેવી પ્રજાજીવનને ઉન્નત બનાવવા પણ આવશ્યક્તા પ્રાપ્ત થઇ છે; કારણ કે સમય હવે બદલાયો છે, લોકરૂચિ વિવિધ રંગી થઇ છે, તેથી ધર્મ અને વ્યવહાર દૃષ્ટિથી ચર્ચા કરનાર લેખો, સેવાધર્મના મહાન્ સૂત્રો, સામાજીક ઉન્નતિના સાધનોની ચર્ચાઓ, સુધરેલા દેશોમાં પ્રધાનપદ ભોગવતા પ્રવૃત્તિ માર્ગોના દૃષ્ટાંતો અને સિદ્ધાંત દૃષ્ટિથી નિશ્ચિત કરેલા આચાર વિચારના તત્વો આદિ મનોરંજક સામગ્રી રજુ કરવામાં જ માસિકની કર્ત્તવ્યતા સાર્થક થાય છે અને તેવા શિષ્ટ માસિકો જ હાલ પ્રતિષ્ટાપાત્ર બની શકે છે. આ લક્ષ ગર્ભિત રાખીને આત્માનંદ પ્રકાશ પોતાના તેજસ્વી કિરણોને પ્રસારતું ભારતવર્ષના સર્વ પ્રદેશોમાં ઘુમવા લાગ્યું છે.

ચાલતા ઉન્નતિ અને પ્રગતિના યુગમાં જૈનસમાજમાં ચેતન બલ પ્રગટ કરવાની કેટલી જરૂર છે ? તે વિષે પૂરતું લક્ષ આપી આ નવયૌવન માસિક પૂર્ણ રીતે કટીબદ્ધ થઇ ક્રમે ક્રમે પોતાનું સ્વરૂપ ધર્મ, નીતિ, આચાર, સાહિત્ય અને સેવાના વિક્રત્તાયુક્ત, ગંભીર અને મનનીય લેખોનો પરિચય આ દેશની જૈન અને જૈનેતર પ્રજાને કરાવવાના હેતુથી પ્રેરાયેલું છે, તે સાથે ઉપયોગી સમાજના સંદેશાઓનો યથાશક્તિ સંગ્રહ કરી તેને સંઘને અરણે અર્પણ કરવાનો ઉચ્ચ અભિલાષ ધારણ કરે છે અને જૈનસમાજના જીવનની અનેક દેશીય જરૂરીયાતો પૂરનારી સુંદર સામગ્રી એકત્ર કરવાનો ઉદ્દેશ રાખે છે.

આ માસિકે પોતાના સોળ વર્ષના જીવનમાં બાલ્યવય મુકયા પછી શું શું કરી બતાવ્યું છે અને તેનો શુભ ઉદ્દેશ કેટલો ચઢિઆતો થયો છે, તે વિષે વિશેષ લખવાથી તેને પોતાને આત્મપ્રશંસાનો ભય લાગે છે, તથાપિ તેના વિદ્વાન્ અને વિચારક લેખકોને ન્યાય મળવાની ખાતર અને તેમની સહાયતાને સફલ કરવાની ખાતર તેને કહેવું પડે છે કે, આ માસિકનો જ્યારે ઉદય થયો તે અરસામાં જે વિચારસામગ્રી તેણે જૈનસમાજ આગળ ધરવા માંડેલી તેમાં સાંપ્રતકાળે મોટો ફેરફાર થતો આવ્યો છે અને તેને લઇને જ ગ્રાહક બંધુઓની વિશેષ સહાનુભૂતિ મેળવવાને તે સમર્થ થઇ શકયું છે. તે છતાં તેને વળી એટલું પણ કહેવું પડે છે કે, સ્વતંત્ર ચિંતન, ઉચ્ચ વિદ્વત્તા અને હૃદયગ્રાહી લેખો પ્રગટ કરવાની તેની ઉત્સુકતા જૈન વિદ્વાનો તરફથી પૂર્ણ થઇ શકતી નથી અને જૈનસમાજમાં તેવા લેખો લખનારની સંખ્યા ઘણીજ સ્વલ્પ જોવામાં આવે છે. જે પદ્ધતિના લેખો શિષ્ટ ઇંગ્રેજી માસિકોમાં અને ગુજરાતના સર્વોત્તમ માસિકોમાં પ્રગટ થાય છે, તેવા લેખોની બહોળી સંખ્યા આ માસિકને મળી શકતી નથી. તો પણ તે વારંવાર તેવા જૈન લેખકોને વિનતિ કરી પ્રેમથી આમંત્રણ કરે છે અને હૃદયથી માને છે કે જૈનસમાજમાં ઉત્પન્ન થયેલી ઉચ્ચ બુદ્ધિઓ અને ઉચ્ચ હૃદયોની ભાવનાઓના આવિર્ભાવનું નિમિત્ત થવામાં આત્માનંદ પ્રકાશની સંપૂર્ણ કૃતકૃત્યતા છે.

આ માસિક યુવાવસ્થાના અદ્ભુત આનંદનું અનુભવી બનવાને ભાગ્યશાળી થયું છે, તેનું મુખ્ય કારણ પોતાના પવિત્રાત્મા ગુરૂના નિર્મળ અને પ્રાતઃ સ્મરણીય નામની છાપ છે અને તે છાપના દિવ્ય પ્રભાવથીજ તે આવી ઉચ્ચ ભૂમિકામાં આવી શકયું છે. એટલુંજ નહીં પણ તે છાપના યોગે પોતાના મહાત્મા ગુરૂના દ્રવ્ય સ્વરૂપનો અભાવ છતાં આ માસિકને તેમના ભાવસ્વરૂપની પ્રત્યક્ષ પ્રતિમા રૂપ જાણી તે મહાત્મા ગુરૂની શિષ્યપરંપરા તે તરફ પ્રેમદૃષ્ટિએ સદા અવલોકન કરી તેના ઉપયોગી જીવનના બલને વધારવાને સદા તત્પર અને ઉત્સુક રહે છે. તેને માટે આ માસિક પોતાની ઉત્પાદક અને યોજન સંસ્થા સાથે તેમનો અપાર ઉપકાર માને છે અને તેમના સંયમની શીતળ અને અમૃતમય છાયા નીચે રહીને જ પોતાના જીવનનું ભાવમય પોષણ મેળવવા સદા ઇચ્છે છે.

આ માસિકે બાલ્યવયથી માંડીને યૌવનવય સુધીમાં ઉત્તરોત્તર અગત્યની દિશાઓમાં પ્રગતિ કરી છે અને હજુ તે કરતું જાય છે, તેથી આ દેશમાં તેને માટે સંતોષ પ્રદર્શક મત વધારે ને વધારે પ્રસરતો જાય છે તે જોઇને તેના પ્રવર્તકોને વિશેષ આનંદ થાય છે; તથાપિ હજુ જૈનધર્મ અને જૈન ગૃહ–વ્યવહારની દિશામાં ખાસ કરીને સંગીન અને ઉપયોગી કાર્ય કરવા આત્માનંદ પ્રકાશનો ઉચ્ચ ઉદ્દેશ છે. ધર્મ અને સમાજના જુદા જુદા પ્રશ્નો ઉપર ઉંચા પ્રકારના લેખો સંપાદન કરવાને આ માસિક પોતાના પ્રયાસોને પ્રેરવા માગે છે, કારણ કે ધર્મ, ન્યાય, આચાર,

વ્યવહાર, સામ્રાજ્ય અને દેશના સંપ, શાંતિ અને આમાદી સાથે વર્તમાન જીવનના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વિચારી ભૂત સાથે વર્તમાનના સંબંધમાં રહેલું એવી આત્માનંદ પ્રકાશની વૃત્તિ છે અને તે વૃત્તિ આચારમાં મુકવાને તે નિષ્પક્ષપાતતા ધારણ કરી પ્રગતિ કરતું રહ્યુ છે.

ચતુર્વિધ જૈનસમાજના ધર્મ અને સામાજીક જીવનના પ્રશ્નોના કાંઇક ઉંડા વિચારથી સમજી શકે તેવા વાચકોને તેમના હૃદયને અનુકૂળ વિચાર સામગ્રી રજુ કરવાનો પ્રયાસ કરવા આ માસિકની પ્રવૃત્તિ થઇ છે. જૈનસમાજમાં નવા યુગની ઘટના, સમાજોન્નતિનાં ચેતનોનું સંવિધાન, ધાર્મિક અને ગૃહસ્થજીવનના કર્ત્તવ્ય ભરેલા તત્વો, પ્રગતિની સાધના ઇત્યાદિ બહુ બહુ પ્રવૃત્તિઓ તરફ સમાજના હૃદયોને સચેત કરવા અને ધર્મ તથા તેના સાહિત્યને તૈયાર કરવા આ માસિક પોતાનો હિસ્સો પૂર ઉમંગથી આપે એવો તેનો ઉચ્ચ મનોરથ છે, તેથી તેવો ઉચ્ચ મનોરથ સફળ કરવાને આપણાં વિદ્વાન્ લેખકો અને વિચારકોના હૃદયમાં તત્કાલ તેવી પ્રેરણા જાગે એવી તે આશા રાખે છે.

આ આત્માનંદ પ્રકાશ આ નવીન વર્ષમાં પ્રવેશ કરતા હાલ સામ્રાજ્યને વિજયી અને સુલેહ શાંતિવાળું અવલોકી વિશેષ આનંદ પામે છે અને દુષ્કાળ અને મોંઘવારીના વિકટ પ્રસંગમાંથી મુક્ત થયેલા દેશને જોવાને આતુર થઇ તે પોતાની નવી આશા અને મનોરથો પૂરવાની તીવ્ર આકાંક્ષા રાખે છે. ગુરૂ ભક્તિના ગૌરવથી ગર્જિત થયેલા આ માસિકના ક્રમે ક્રમે રચાતા જતા સ્વરૂપનું સામાન્ય લક્ષણ કહ્યા પછી હવે ગતવર્ષનું કાંઇક સિંહાવલોકન કરતાં કહેવું જોઇએ કે આ માસિકે પોતાની બાહ્ય અને આંતર સ્વરૂપની રચના ગતવર્ષમાં અવિચ્છિન્ન રાખી છે. તેણે ગદ્ય તથા પદ્યના વિવિધ લેખો, ચર્ચાઓ અને સમાચારોની મોટી સામગ્રી પોતાના સુજ્ઞ ગ્રાહકોની આગળ ધરી છે અને તેમની અભિરૂચિ વધારવાને બનતો પ્રયત્ન કર્યો છે. તેના એકંદર વિષયોનો સંગ્રહ ૯૨ ની સંખ્યાએ પહોચ્યો છે. અને તેની અંદર ઉચ્ચ પ્રકારના લેખોએ મોટો ભાગ રોકયો છે. જે ઉપરથી આ માસિક સંપૂર્ણ અભિનંદનને પાત્ર બન્યુ છે. આત્માનંદ પ્રકાશના લેખ રૂપી તેજસ્વી કિરણોને પ્રસાર કરનારા તે મહાશય લેખકોને તે અંતઃકરણથી ધન્યવાદ આપે છે. નિત્ય ક્રમ પ્રમાણે વર્ષારંભની માંગલ્ય સ્તુતિ અને ગુરૂ સ્તુતિ કરી ગત વર્ષના લેખોનો આરંભ કરવામાં આવ્યો છે. પદ્ય લેખકોમાં શ્રીયુત વિઠ્ઠલદાસ મૂલચંદ બી. એ. 'ધડ્ગુણ' ના નામથી લખતા શ્રીયુત છગનલાલ ત્રિભુવન દવે, શ્રીયુત કવિ શામજી લવજી ભટ્ટ, શ્રીયુત ફત્તેહચંદ ઝવેરચંદ શાહ અને શ્રીયુત કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી તરફથી પ્રાપ્ત થયેલી રસિક પ્રસાદીને માટે આ માસિક સાભિમાન બન્યું છે,

અને તેમને અભિનંદન આપવાને સંપૂર્ણ ઉત્સાહી થયું છે. 'મહત્વાકાંક્ષા,' 'સ્વાશ્રયી બનો,' 'સત્યમિત્રતાનું સ્વરૂપ,' 'વ્યક્તિગત આકર્ષણ શક્તિ,' 'બોધક સૂત્રો,' અને 'સમજશક્તિની બક્ષીસ,'—એવા ગંભીર અને મનનીય લેખો કે જેઓ ગહન વાચન અને વિચારણાના ફલ રૂપ દેખાઇ આવે છે. તેવા લેખો રૂપ ઉજ્વલ કિરણોના પ્રકાશનું મહામાન શ્રીયુત વિઠ્ઠલદાસ મૂલચંદ ખી. એ. ને ઘટે છે અને તેથી તેમની આ માસિક પ્રત્યેની શુભ ભાવના સંપૂર્ણ રીતે દેખાઇ આવે છે. 'વિશ્વની વિચિત્ર ઘટનાઓ,' 'વિશ્વમાં આત્માનું સ્થાન,' 'શ્રીમદ્ આનંદઘનજીના પદનો અનુવાદ,' અને 'મનુષ્યની બાલ્યાવસ્થા,' એ લેખોના સુયોજક શ્રીયુત ક્ષેત્રહચંદ ઝવેરભાઇની આ માસિક પ્રત્યેની શુભ લાગણી સારી રીતે દૃશ્યમાન થઈ આવે છે. એ લેખોની રચના ઉચ્ચ કોટીની અને પ્રતિભાશાલી છે, જે ઉપરથી માસિક તેમનો ઉત્સાહથી ઉપકાર માને છે. 'જૈન કોમમાં કેળવણી,' આરોગ્ય સંરક્ષણ,' અને 'જૈનોમા માધ્યમિક ઉંચી કેળવણીનો પ્રચાર કરવાની આવશ્યકતા,' એ ઉપયોગી લેખોની પૂર્ણ પ્રભા શ્રીયુત નરોત્તમદાસ, બી. શાહે અંગમાં ઉમંગ લાવીને પાડી છે અને જૈન સમાજને પ્રગતિની ઉચ્ચ દિશા દર્શાવી આપી છે. જે ઉપરથી આ તેમની સહૃદય ભક્તિ માટે આભારી બન્યું છે. 'ચારિત્ર બંધારણ,' 'સુખ યાને સુખી જીવન ગુજારવાના કારણો' 'અભ્યંતર કુટુંબ,' એ ત્રણે સુબોધક વિષયો શ્રીયુત વકીલ નંદલાલ લલ્લુભાઇએ આ માસિકની સેવામાં અર્પણ કરી માસિક તરફની તેમની પવિત્ર મમતા પ્રદર્શિત કરી છે. 'ભાવનગરમાં જૈન સ્વયંસેવક બંધુઓની સેવા,' 'સમયોચિત કર્ત્તવ્ય, 'સમાજ ઉન્નતિ માટે સમયે સમયે ફેરફાર કરવાની જરૂર છે' એ રહસ્ય ભરેલા અને મનનીય લેખો શ્રીયુત એક સમાજ સેવકના દેખાય છે. આ લેખકે પોતાનું પ્રગટ નામ આપ્યું નથી, છતાં પણ જૈન સમાજની ઉન્નતિના માર્ગને દર્શાવનારા અને વર્ત્તમાન કાલના સામાજીક જીવનની ઘટનાના ઉચ્ચ તત્વોના તે સારા બોધક હોઇ મનન પૂર્વક વાંચવા યોગ્ય છે. 'માનસ ઘોતન,' ના લેખક શ્રીયુત અધ્યાયી છે કે જેના લેખો ઉંડા રહસ્યવાળા, વિદ્વત્તા પૂર્ણ અને ઉચ્ચ તત્વો દર્શાવનારા હોઇને મનન કરવા યોગ્ય છે. માત્ર આ એકજ લેખ આ શ્રીમાન લેખકનો હોઇ તે પ્રવૃતિ ચાલુ રાખવાને સૂચના કરવામાં આવે છે. 'જ્ઞાતિ સંસ્થા વિષે વિચારણીય મુદ્દાઓ,' 'જૈન કોમમાં સ્ત્રી કેળવણીની જરૂર,' 'જૈન સાહિત્યનો પ્રચાર કયા ધોરણે કરવો જોઇએ'?, 'જૈન કોમમાં આરોગ્યની આવશ્યકતા,' 'સમયના પ્રવાહમાં' એ વિષયોના લેખકો અનુક્રમે શ્રીયુત માવજી દામજી શાહ, શ્રીયુત માસ્તર દુર્લભજી કાળીદાસ, અને શ્રીયુત આઇ–એ. છે, તે ઉપરાંત 'લગ્નાદિ પ્રસંગે અપીલ' એ વિષયના લેખક શ્રીયુત શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળના સેક્રેટરીએ કરેલી

આંતર સેવા આ માસિક ઉપકાર સાથે સ્વીકારે છે. ઉપર્યુક્ત ગદ્ય તથા પદ્યના લેખકોમાં શ્રીયુત છગનલાલ ત્રિભુવન દવે, કવિ શ્યામજી લવજી ભટ્ટ, અને કેટલાક પ્રાસ્તાવિક શ્લોકોના લેખક શ્રીયુત કુબેરલાલ અંબાશંકર અન્ય ધર્મી છતાં આ માસિક તરફ શુભ ભાવના દર્શાવે છે, તેથી તેમનો તે વિશેષ આભાર માને છે. એવી રીતે ગૃહસ્થ લેખકોની વિચારમાળાથી અલંકૃત થયેલું આ માસિક તે મનોહર માલામાં મણિમય શ્રેણીના કિરણોના જેવી સ્ફૂર્ત્તિ આપનારા ગુરૂવર્ગના લેખોથી વિશેષ તેજસ્વી બન્યું છે. તેમાં ખાસ કરીને આ માસિકના સદા પોષક અને શાંતમૂર્ત્તિ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીના સુબોધક અને વિદ્વત્તાની દિશાઓમાં જૈન સમાજનુ જીવન ઝીલાવનારા લેખોની શ્રેણી આત્માનંદ પ્રકાશમાંથી આનંદમય કિરણો વર્ષાવ્યા કરે છે. જેથી તે મહાનુભાવનો મહાન્ ઉપકાર ચિરસ્થાયી રહેલો જ છે. 'હવે કાંઈ પણ ચેતી શકાય કે નહીં,' 'સદ્ભાવનાનો અલૌકિક ચમત્કાર,' જૈન બંધુઓને ઉપયોગી સૂચના,' 'પાંજરાપોળ પ્રમુખ જીવદયાની સંસ્થાઓ આશ્રી કંઇક,' 'જૈન સમાજની દાઝ હૈયે ધરનારને બે બોલ,' 'અહિંસા અથવા દયા,' 'ગચ્છનાયક ગણી આચાર્યાદિ કોણ હોઇ શકે,' 'આપણી આધુનિક ચાલતી સ્થિતિ સુધારી લેવાની ખાસ જરૂર,' 'કેવાં કર્મ કરવાથી કેવી અવસ્થા પમાય છે,' 'આત્મા સાથે કર્મનો સંબંધ કેવી રીતે છે, અને તેનો અંત શી રીતે આવે?' 'શ્રી આત્મબોધ કુલક વ્યાખ્યા,' 'સાધુ નિર્ગ્રંથ યોગ્ય ચરણ સિત્તરી અને કરણ સિત્તરી,' 'શ્રી ગૌતમ કુલક સુવર્ણ વાડયો,' 'કર્મકુલક વ્યાખ્યા,' 'જીવાનુશાસ્તિ કુલક વ્યાખ્યા,' અને 'પુણ્યપાપ કુલક વ્યાખ્યા,' વગેરે કેટલાએક તે મહાનુભાવના લેખોથી આત્માનંદ પ્રકાશની ધાર્મિક વિભૂતિ વિશેષ વૃદ્ધિંગત થઇ છે. પ્રાચીન અને અર્વાચીન ઐતિહાસિક વિષય ઉપર લખેલો 'શ્રી મહાવીર નિર્વાણના સમયના નિર્ણય' નો લેખ શ્રીમાન્ જિનવિજયજી મહારાજનો છે. જેઓ ઐતિહાસિક સાહિત્યના શોધક અને બહાર મુકનાર છે અને જેના ઐતિહાસિક લેખો જૈન અને જૈનેતર સમાજમાં પ્રિય થયેલ હોઇ મનનપૂર્વક વંચાયછે. તે મહાત્માની હાલની પ્રવૃત્તિ તેવા ગ્રંથો લખી પ્રસિદ્ધ કરવાની ચાલતી હોવાથી તેમના તરફથી વધારે લેખો આવી શકયા નથી, પરંતુ અવકાશે અવકાશે તેઓશ્રીએ ઐતિહાસિક નવીન નવીન પ્રસાદિ આપવાની જરૂરીયાત છે, જેથી તે માટે તેઓશ્રીને નમ્ર વિનતિ કરવામાં આવે છે. તેમણે પણ આ માસિકની ખરી ઉપયોગિતામાં વધારો કર્યો છે. તેમજ 'પરોપકારાય સતાં જીવનં' એ વિષય ઉપર શ્રી માણેકમુનિનું અવતરણ પણ આ માસિકને શોભાપ્રદ થયું છે, આ સિવાય બીજા લેખો આ સભાના સેક્રેટરીના છે જે તેમની ફરજ હોઇને તેને માટે કાંઇ પણ પ્રશંસા કરવી તે આ સ્થાને આત્મશ્લાઘા કરવા જેવું છે,

આ પ્રમાણે વિષયોના વિવિધ કિરણોને પ્રસારતું, અને જ્ઞાન-બોધની આનંદમય પ્રભાને ફેલાવતું આત્માનંદ પ્રકાશ ભારત વર્ષરૂપ ગગનમાં સૂર્યબિંબની જેમ ચલકતું નવીન વર્ષમાં પ્રવેશ કરે છે. વર્તમાન સમયે ભારતમાં પ્રજાજીવનના આંદોલનો ઘુમી રહ્યા છે, દરેક સમાજ પોતાની વિવિધ પ્રકારની ઉન્નતિની પ્રવૃત્તિઓના ઉદ્ઘોષો ચારે કોર પાડી રહ્યા છે, સામાજિક, વ્યાપારી, ઔદ્યોગિક, કેળવણી વિષયક આદિ અનેક પ્રવૃત્તિઓના સ્વરૂપો આલેખનારી વિચારશ્રેણીઓ ઉઠવા લાગી છે અને સેવાધર્મનો પવન ભરતક્ષેત્રની ભૂમિ ઉપર વાવા લાગ્યો છે. તેવે સમયે વિગ્રહના વિરામથી શાંતિસુખને માર્ગે સંઘની નવીન ભાવનાઓ અને આશાઓ સફલ કરવાની તક સાધવા આ માસિક પોતે પોતાના અભિનવા મનોરથો સિદ્ધ કરવાને વિશેષ ભાગ્યશાળી થઇ શકશે; અને તેની એ અભિલાષાની સિદ્ધિ પોતાના બાહ્ય અને આંતર સ્વરૂપ ઉપર પડતી ગુરૂવર્ગની કૃપાદૃષ્ટિના પ્રભાવને અવલંબીને રહેલી છે એમ આ માસિક નિઃશંકપણે માને છે, અને ઇચ્છે છે કે, ગ્રાહકોની દિનદિન વધતી જતી સંખ્યાથી તેની લોકપ્રિયતા અને લોકોપયોગિતા વધારવામાં જૈન વિદ્વાન લેખકો અને વાચકો તેને સહાયરૂપ થાય અને આત્માનંદ પ્રકાશ આખા ભારતવર્ષના જૈન સમાજની એક જ્ઞાનમય-ભાવમય અમૂલ્ય સમૃદ્ધિ બને ! તે ઇચ્છા પૂર્ણ કરવાને માટે તે નીચે પ્રમાણે પરમાત્મા શ્રી વીર પ્રભુનું સ્મરણ કરે છે.

वीरभक्तिभरभावितात्मनः किं नरस्य भुवि दुर्लभं भवेत् ।
तस्य मुक्तिललना रमणीया सन्निधिं समुपयाति रसेन ॥ १ ॥

જે પુરૂષનું હૃદય શ્રી વીર પ્રભુની ભક્તિના ભારથી ભાવિત છે તેવા પુરૂષને આ પૃથ્વીમાં કઇ વસ્તુ દુર્લભ છે ? તે પુરૂષની પાસે રમણીય એવી મુક્તિરૂપી સ્ત્રી રસ ધરીને આવે છે. ૧

કેટલાક પારમાર્થિક શ્લોકો.

પદ્યાત્મક ભાષાંતર સહિત.

(ગતાંક પૃષ્ઠ ૨૦૮ થી ચાલુ.)

રચનાર:—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી. ભાવનગર

नित्यं छेदस्तृणानां क्षितिनखलिखनं पादयोरल्पपूजा
दन्तानामल्पशौचं वसनमलिनता रूक्षता मूर्धजानाम ।

द्वे सन्ध्ये चापि निद्रा विवसनशयनं ग्रासहासातिरेकः
स्वांगे पीठे च वाद्यं भवति धनपतेर्भूमिपस्यापि वाच्यम् ॥

(શાર્દુલ)

તોડે બેસી તૃણો નખે ભૂમિ ખણે પાટો ન પૂરા ધુએ,
રાખે દાંત ન શુદ્ધ વાળ શિરના ઓળી અરીસો જુએ;
આતાં ખૂણ હસે સુવે નગન થઇ અંગો વગાડે કરે,
એવો માનવી ભૂપ હોય પણ ત્યાં લક્ષ્મી ન વાસો કરે.

चेतोहरा युवतयः सुहृदोऽनुकूलाः सद्बान्धवाः प्रणतिनम्रगिरश्च भृत्याः ।
गर्जन्ति दन्तिनिवहास्तरलास्तुरंगाः संमीलने नयनयोर्नहि किंचिदस्ति ॥

(પુષ્પિતાગ્રા)

અનુકૂલ સુહૃદો સુશીલ નારી, સુખકર સેવક બંધુવર્ગ ભારી;
રથ હય ગજ સાજ સુખદાયી, નયન મિચાય પછી ન કોઇ ભાઈ!

असतामुपभोगाय दुर्जनानां विभूतयः ।
पिचुमंदं फलैराढ्यं काकैरेवोपभुज्यते ॥

(દોહરો)

પિચુમંદનાં ફલ તણો, કાક કરે ઉપભોગ;
દુર્જનની દોલત પડે, એમ દુષ્ટને લોગ.

सत्सङ्गाद्भवति हि साधुता खलानां
साधूनां नहि खलसङ्गमात्खलत्वम् ।
आमोदं कुसुमभवं मृदेव धत्ते
मृद्गंधं नहि कुसुमानि धारयन्ति ॥

(પ્રહર્ષિણી વૃત)

સત્સંગે ખલજન સાધુ થાય સારા,
સાધુઓ નહિ ખલથી થશે નઠારા;
સૌગંધી કુસુમતણી જ - માટી ધારે,
માટીની નહિ કુસુમો ધરે લગારે.

क्वचिद्विद्वद्गोष्ठि क्वचिदपि सुरामत्तकलहः
क्वचिद्वीणावादः क्वचिदपि च हाहेति रुदितं ।
क्वचिद्रम्या रामा क्वचिदपि जराजर्जरतनु
र्न जाने संसारः किममृतमयः किं विषमयः ॥

(મનહર)

વિદ્વાનો વિનોદ થાય વિદ્વાનોની વચ્ચે ક્યાંક,
ક્યાંક દારૂ પીધેલાની મત્ત મસ્તી થાય છે;
વીણાનો મધુર સ્વર ક્યાંક સંભળાય કાન,
ક્યાંક હાય હાય કરી રૂદન કરાય છે;
મોહને પમાડનારી નારી લટકાળી ક્યાંક,
ક્યાંક જરાથકી તન જીર્ણ તો જણાય છે;
શું આતે સંસાર હશે વિષ કે અમૃત મય ?
આ બધું નિહાળતાં એ જાણી ન શકાય છે.

खादन्न गच्छामि हसन्न जल्पे गतं न शोचामि कृतं न मन्ये ।
द्वाभ्यां तृतीयो न भवामि राजन् किं कारणं भोज भवामि मूर्खः ॥

(ઉપજાતિ.)

હસી ન હું તો કરૂં વાત ક્યારે, ચાલી ન ખાવાતણી ટેવ મારે;
કરેલ જે કૃત્ય વડાં કરેથી, કહી ન દેખાડું કદિ મુખેથી.
જ્યાં બે જનો વાત કરે જ કાંઈ, ઉભો રહું ત્યાં ન કદિ છુપાઈ;
ગઇ વસ્તુનો શોચ કરૂં ન હાલ, શામાટ હું મૂરખ છે નૃપાલ ?

धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपि न विद्यते ।
अजागलस्तनस्यैव तस्य जन्म निरर्थकम् ॥

(દોહરો.)

ધર્મ કામ કે મોક્ષ ના, સાધ્યો ચોથો અર્થ;
અજાગલ આંચળ તુલ્ય તે, જનનું જીવન વ્યર્થ.

આનન્દ પ્રાપ્તિના માર્ગો.

લે. વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

આ વીસમી સદીના સુવિખ્યાત 'રાજ્યનીતિજ્ઞ બિસ્માર્કનું' કથન છે કે "મારા આખા જીવનમાં એક દિવસ પણ મને આનન્દની પ્રાપ્તિ નથી થઈ." જો કે પરૂ વર્ષ સુધી ધન ધાન્ય, આદર સન્માન, બળ, પૌરૂષ, લક્ષ્મી, કીર્તિ, વિજય, વિભવ, શકિત, પ્રભાવ આદિ સર્વ પ્રકારના સુખની તથા એક મહારાજ્યના અધિકારની તેને પ્રાપ્તિ થઈ હતી તો પણ બિસ્માર્કે એક દિવસ સત્ય આનન્દનો અનુભવ કર્યો નથી. એ તેના ઉપરોકત વચનથી પ્રતીત થાય છે.

પ્રકૃતિમાં આનન્દ પણ એક વિલક્ષણ વસ્તુ છે. આનન્દ પ્રાપ્તિ માટે જગતમાં કોઇ નિયત સ્થાન નથી. સર્વ સ્થળમાં અને સર્વ સ્થિતિમાં આનન્દની સંપ્રાપ્તિ થઇ શકે છે. કોઇ કોઇ વખત તે એવા સ્થળોમાં પ્રાપ્ત થઇ શકે છે કે જ્યાં એની સ્વપ્ને પણ સંભાવના ન હોઇ શકે. તેમજ કોઇ કોઇ વખત એવા સ્થળોમાં તે મળી શકતો નથી કે જ્યાં તેની સંપૂર્ણ આશા હોય. કેટલીક વખત ફાંસીપર ચઢવાવાળા મનુષ્યોને જે આનંદની પ્રાપ્તિ થાય છે તે રાજા મહારાજાઓને પણ નથી થતી. આ ઉપરથી વાસ્તવિક હકીકત એ સિદ્ધ થાય છે કે આનન્દ બાહ્ય વસ્તુઓપર આધારભૂત નથી, પરંતુ હૃદયની આન્તરિક ગતિ ઉપર તેનો મુખ્ય આધાર છે. જેથી બાહ્ય વસ્તુઓ પ્રતિકૂળ હોય તો પણ સત્ય આનન્દ પ્રાપ્ત થઇ શકે છે. આનન્દની ઉત્પત્તિ હૃદયમાં થાય છે. હૃદય તેનું મૂલસ્થાન છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ સર્વ પદાર્થોપર પડે છે તેવીજ રીતે આનન્દનો પ્રભાવ બાહ્ય પદાર્થોપર સ્વયમેવ પડે છે. ઘણે ભાગે સર્વ મનુષ્યો આનન્દની શોધમાં જ હોય છે, પરંતુ તેઓને આનન્દની પ્રાપ્તિ ત્વરાથી થતી નથી તેનું કારણ એ છે કે તેઓ જે વસ્તુઓમાં આનન્દનો સર્વથા અભાવ હોય છે તે વસ્તુઓમાં તેને શોધ્યા કરે છે. મનુષ્ય એમ સમજે છે કે દ્રવ્ય વા સંપત્તિની પ્રાપ્તિમાં આનંદ રહેલો છે, અથવા અમુક વસ્તુ મેળવવાથી પોતાને આનંદ મળશે; પરંતુ આ સર્વ ભ્રમિત વિચાર છે. વસ્તુતઃ અમુક વસ્તુ હોવા અથવા ન હોવા પર આનન્દનો આધાર છે એમ નહિ, પરંતુ હૃદયની શાન્તિપર તેનો ખરો આધાર છે. આનન્દ પ્રાપ્ત કરવા માટે કોઇ પ્રકારના પરિગ્રહ વા આડમ્બરની આવશ્યકતા નથી. ચિત્તની શાંતિ અને એકાગ્રતાનુંજ નામ આનન્દ છે. આ વાત પ્રત્યેક મનુષ્યને પ્રત્યેક અવસ્થામાં સુલભ છે અને તેનાથી મનુષ્ય પોતે સ્હેલાઇથી પ્રાપ્ત કરી શકે છે. આમ હોવાથી આનન્દ પ્રાપ્તિ માટે અન્ય વસ્તુઓપર આધાર રાખવાની આવશ્યકતા નથી. જે

વસ્તુઓનો મનુષ્યો સંગ્રહ કરે છે તેની સાથે આનન્દને કશો સંબંધ નથી. મનુષ્યના આત્માની જે કાંઈ ઉન્નતિ અથવા અવનતિ થાય છે તેના ઉપર સુખ દુઃખનો પ્રથમ આધાર છે.

અનેક અવસ્થાઓ એવી હોય છે કે જે સ્થૂલ દૃષ્ટિએ આનન્દસમાન પ્રતીત થાય છે, પરંતુ વાસ્તવિક રીતે એમ હોતું નથી. એક અવસ્થા એવી હોય છે કે જેમાં મનુષ્યને ઇચ્છાનુસાર વસ્તુઓ મળે છે, અને તે એને આનન્દ સમજવા લાગે છે; પરંતુ ખરી રીતે જોતાં તે અપૂર્ણ હોય છે. એ કે તેની અંદર આનન્દનો કંઇક અંશ આવી જાય છે, પરંતુ તેને સંપૂર્ણ આનન્દ કહી શકાતો નથી. આવી અવસ્થામાં મગ્ન થઈ જવું તે પૂર્ણને બદલે અપૂર્ણનો સ્વીકાર કરવા જેવું છે. વળી એક અવસ્થા એવી પણ છે કે જેમાં આપણી ઇચ્છાઓ અને આપણી ઇચ્છિત વસ્તુનું એકત્વ થઇ જાય છે. આ અવસ્થાને પણ સંપૂર્ણ આનન્દની અવસ્થા કહી શકાતી નથી; કેમકે જ્યાં સુધી તે બન્નેમાં એકતા હોય છે ત્યાંસુધી જ એ અવસ્થા ટકે છે, પરંતુ સ્હેજ અંતર થાય છે કે તરત જ ઉક્ત અવસ્થામાં ભંગ પડે છે. મનુષ્યની ઇચ્છાઓમાં હમેશાં પરિવર્તન થયા કરે છે. એક વસ્તુ પ્રાપ્ત થાય કે પછી તરતજ બીજી વસ્તુ પ્રાપ્ત કરવા માટે ઇચ્છાનો ઉદ્ભવ થાય છે. હજી તો એક ઇચ્છા પૂર્ણ થતી નથી ત્યાં બીજી ઇચ્છા પેદા થાય છે; પરંતુ ઇચ્છિત વસ્તુ મળવામાં જરા પણ વિલંબ થાય છે તો અશાંતિ થવા લાગે છે. ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ તો દૂર રહી, પરંતુ કદાચ કોઇ માણસને સંસારની સમગ્ર વસ્તુ પ્રાપ્ત થાય તો પણ તે આનન્દથી વંચિત રહી શકે છે; કેમકે આત્મિક સુખ એજ ખરો આનન્દ છે, જે શારીરિક અને માનસિક સુખોથી ભિન્ન છે.

લોકો સંતોષને પણ કેટલીક વખત આનન્દ માની બેસે છે, પરંતુ મનુષ્યો જેને સંતોષ માને છે તે સંતોષ કહેવાતો નથી. સંતોષમાં નિરાશાનો કંઇક અંશ હોય છે. આથી મનુષ્યોને અસલી વસ્તુઓને બદલે કૃત્રિમ–નકલી વસ્તુઓથી ચલાવી લેવું પડે છે. સંતુષ્ટ મનુષ્યને દુધને બદલે છાશ આપવામાં આવશે તો તે પીવાથી તેને પયઃપાન જેટલી પ્રસન્નતા થશે. કોઇ ભૂતકાળના આનંદદાયક પ્રસંગનું સ્મરણ કરીને પણ સંતોષી મનુષ્ય પ્રસન્નચિત્ત બને છે. સંતોષથી મનુષ્યની માનસિક અને નૈતિક શક્તિ નિર્બલ બની જાય છે અને તે ઉચ્ચગામી થવાને પ્રયત્નવાન થઇ શકતો નથી. સંતોષ એ એક પ્રકારનો ઉત્તમ ગુણ છે એ નિઃસંદેહ છે, દરેક મનુષ્યમાં સંતોષ અવશ્ય હોવો જોઇએ; પરંતુ સંતોષ આત્મોન્નતિમાં બાધ કર્તા ન થઈ પડે એ ખાસ લક્ષમાં રાખવાનું છે. મનુષ્યે દિનપ્રતિદિન આગળ પ્રગતિશીલ રહેવું જોઇએ. એક ઇચ્છિત વસ્તુ મળે તે સમયે અવશ્ય સંતોષ

થવો જ જોઇએ, પરંતુ આથી એમ સમજવાનું નથી કે તેને હમેશને માટે સંતોષ થવોજ જોઇએ અને તેણે નિરંતર એક જ સ્થિતિમાં પડ્યા રહેવું જોઇએ. જે કાંઇ મનુષ્યની પાસે હોય તેનાથી તે સમયે તો તેણે સંતોષ રાખી લેવો જોઇએ; પરંતુ તેની વૃદ્ધિને માટે સતત ઉદ્યોગ કરતા રહેવું જોઇએ. ધન ધાન્યથી સંતુષ્ટ થઈ શકાય, પરંતુ ગુણપ્રાપ્તિ કરવામાં અને આત્મોન્નતિ સાધવામાં કદિ પણ સંતોષને સ્થાન મળવું જોઇએ નહિ. જ્યાં સુધી મનુષ્ય અનન્તગુણ ધારણ કરે ત્યાં સુધી ગુણોની વૃદ્ધિ અને વિકાસ કરતાં તેણે અટકવું જોઇએ નહિ.

આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે સંતોષને અને પ્રસન્નતાને આનન્દ કહી શકાશે નહિ. પ્રસન્નતા અલ્પ સમય પર્યંત રહેનારી વસ્તુ છે, પરન્તુ આનન્દ સદા કાળ ચિરસ્થાયી છે. વિવેકશક્તિથી પ્રતિકૂળ વર્તવાથી પણ પ્રસન્નતા મેળવી શકાય છે, પરંતુ આનન્દ કદાપિ મેળવી શકાતો નથી. કોઇ વખત પ્રસન્નતા દુઃખનું રૂપ ધારણ કરી શકે છે, પરંતુ આનન્દ તો સદૈવ આનન્દ જ રહે છે.

મનુષ્યો એવા પ્રાણી છે કે જેઓ વાસ્તવિક આનન્દ પ્રાપ્ત કરી શકે છે. અન્ય પ્રાણીઓ ઉપર્યુક્ત અવસ્થામાં જ રહે છે. વાસ્તવિક આનન્દ એ છે કે જેમાં જીવન અને જીવનના ઉદ્દેશમાં સંપૂર્ણ સમભાવ હોય છે. આ પ્રકારનો આનંદ કોઇ પણ મનુષ્ય પોતાને માટે સ્વયમેવ પ્રાપ્ત કરી શકતો નથી. જ્યારે કોઇ વ્યક્તિ નિર્લેપ ણની પરમાર્થકાર્યમાં જીવન વ્યતીત કરે છે ત્યારે આનન્દ સ્વયમેવ પ્રાપ્ત થઇ જાય છે. આનન્દ આત્માનો ગુણ છે અને એ અવસ્થામાં એ સ્વયમેવ પ્રકટીભૂત થાય છે. પરંતુ કોઇ પણ મનુષ્ય આનન્દને પોતાના જીવનનું ઉદ્દેશ્ય અથવા સાધ્ય બનાવવાથી આનન્દ પ્રાપ્ત કરી શકતો નથી. આ વાત સર્વથા અસંભવિત છે. જો તમારી ઇચ્છા વાસ્તવિક આનન્દ મેળવવાની હોય તો હમેશાં તમારા ઉદ્દેશ્ય અથવા સાધ્યને ઉચ્ચ બનાવવા યત્ન કરો. અન્ય મનુષ્યોના આનન્દને તમારા પોતાના આનન્દ કરતાં ઉત્કૃષ્ટ માનો. પરહિતાર્થે સ્વાર્થની આહૂતિ આપો. ધનથી પ્રસન્નતા મેળવી શકાય છે, સંતોષ અને સંતુષ્ટતા પણ મેળવી શકાય છે; પરંતુ આનન્દ એવી વસ્તુ નથી કે જે ધનથી મેળવી શકાય. તે સત્ય જીવનથી મળી શકે છે. આનન્દ સત્યાર્થ જીવનનું અંગ છે. તે કદાપિ એનાથી પૃથક્ હોઇ શકેજ નહિ. આનંદ શાંતિનો ભંડાર છે અને નિરાશાયુક્ત ઉદ્યોગથી દૂર રહે છે—અપ્રાપ્ય છે. જે વસ્તુઓ સ્વાર્થની સીમાની બહાર છે એવી વસ્તુઓના પ્રેમ પર આનન્દનો આધાર રહેલો છે. જગતમાં આનન્દના પ્રત્યેક ઉદાહરણ લઇ તેનું પૃથક્કરણ કરશો તો તમને સ્પષ્ટ પ્રતીતિ થશે કે તે સર્વમાં પ્રેમનું તત્વ નિગૂઢ રહેલું છે. તે પ્રેમ માતા પિતાનો પોતાના બાળકો તરફ હોય, અથવા

સ્ત્રીપુરૂષનો પરસ્પર પ્રેમ હોય, અથવા ગમે તે રૂપમાં તે પ્રેમ માનવ જાતિ તરફ હોય, અથવા તે પ્રેમ જીવનના કોઈ પ્રથમ કાર્યનો હોય કે જેને વાસ્તે દરેક મનુષ્ય પોતાની સઘળી શક્તિઓને ઉપયોગમાં લે છે, પરંતુ પ્રેમ તો અવશ્ય હોય છે જ.

જે મનુષ્યમાં આશા, વિશ્વાસ અને સત્ય દૃઢ પ્રેમ હોય છે તે મનુષ્ય આનન્દ મેળવી શકે છે. નિરાશાભરેલા વા નિકૃષ્ટ વિચારોને નિરંતર સેવનાર મનુષ્યને આનન્દની પ્રાપ્તિ થઈ શકતી નથી. આવા મનુષ્યોને પોતાના હૃદયની ક્ષુલ્લકતા દૃષ્ટિગત હોય છે અને તેઓ એમજ સમજતા હોય છે કે જગત્ ક્ષુલ્લક હૃદયવાળા મનુષ્યોથી ભરેલું છે. તેઓની સ્થિતિ ઘુવડની જેવી હોય છે જે સૂર્યનો પ્રકાશ ન જોઈ શકવાથી એમ જ સમજે છે કે દિવસે પણ અંધકાર જ રહે છે. જ્યારે નિરાશા વૃદ્ધિગત થાય છે ત્યારે આવા મનુષ્યો મૃત્યુને ઇચ્છે છે અને તેઓના મનમાં એવા વિચારો ઘુંસવા લાગે છે કે આ જીવનમાં તો આનન્દ મળ્યો નહિ, તો તે મૃત્યુથી મળશે.

વિશ્વાસના અભાવમાં પણ આનન્દનો અભાવ જ રહેલો છે. જે મનુષ્યને બીજા લોકો પર વિશ્વાસ નથી હોતો, જે કેવળ પોતાને સત્ય અને બીજાને જુઠા જાણે છે તેને પણ કદિ આનન્દ મળી શકતો નથી. ઔરંગઝેબ મહા પ્રતાપી મુગલ સમ્રાટ હતો, પરંતુ તેને બીજા લોકોપર લેશ માત્ર વિશ્વાસ ન હોતો. પોતાના પુત્રો પર પણ તેને જરા પણ વિશ્વાસ ન હતો તો બીજાની વાત જ ક્યાં કરવી ? આજ કારણથી તે જીંદગીપર્યંત આનન્દથી વંચિત રહ્યો હતો. મૃત્યુના દિવસો જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ તેના ભયમાં વિલક્ષણ વધારો થવા લાગ્યો. *મહાન રાજનીતિજ્ઞ બિસમાર્ક પણ આ અવસ્થાને લઈને જ આનન્દ મેળવી* શક્યો નહોતો.

અત્ર પ્રશ્ન ઉપસ્થિત થશે કે આનન્દ મેળવવા માટે કયી વસ્તુઓ આવશ્યક છે ? તેના ઉત્તરમાં એજ જણાવવાનું કે પહેલાં તો એ આવશ્યક છે કે આનન્દાભિલાષી મનુષ્યોએ પોતાના જીવનનું ઉદ્દેશ્ય ઉચ્ચ બનાવવું જોઇએ અને કેવળ નિઃસ્વાર્થવૃત્તિથી લોકસેવા તથા પરોપકાર નિમિત્તે જીવન અર્પણ કરી દેવું જોઇએ.. મનુષ્ય-જીવન એવી વસ્તુ નથી કે જે ઇચ્છામાં આવે તેમ વ્યતીત કરી શકાય; પરંતુ તે એવી વસ્તુ છે કે જેમાં પોતાનો અભીષ્ટ ઉદ્દેશ્ય સાધી શકાય. તેથી જ તે જેમ તેમ કરી પૂર્ણ કરી દેવાનું નથી, પરન્તુ એમ સમજવું જોઇએ કે સ્વપરનું શ્રેય સાધવા માટે આ મનુષ્ય-જીવન એક અમૂલ્ય પ્રસંગ છે અને આ મનુષ્ય-શરીર એક કિંમતી સાધન છે, અને તેથી આ હાથ આવેલા સુપ્રસંગને જવા દેવો જોઇએ નહિ. ચિંતામણી રત્ન સમાન આ મનુષ્ય જન્મ

અત્યંત કઠિનતાથી મળે છે, અને જો તે વ્યર્થ જશે તો ચિંતામણી રત્ન પામી તેને સમુદ્રમાં ફેંકી દીધા જેવું થશે. આ મનુષ્ય-જીવનનો ઉદ્દેશ કેવળ દ્રવ્ય સંચય કરવાનો નથી. જે મનુષ્યમાં સ્વાર્થની ગન્ધ નથી, જેના હૃદયમાં પ્રેમ અથવા અનુરાગનો પ્રવાહ અસ્ખલિત વહે છે, જે અન્ય મનુષ્યોને સહાયભૂત થવાને તેમજ તેઓની વિટંબનાઓ અને વિપત્તિઓ દૂર કરવા માટે સદા સર્વદા તન મન ધનથી કટિબદ્ધ રહે છે અને જે અન્યના સુખની ખાતર પોતાના સુખ અથવા આનન્દની આહૂતિ આપી શકે છે તેજ મનુષ્ય આનન્દના ખરેખરા માર્ગપર છે એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. આનન્દમાર્ગપર વિચરનાર મુસાફર હમેશાં ઉદ્યોગી, ઉત્સાહી અને સાહસિક હોય છે અને પોતાના જીવનના ઉદ્દેશાનુસાર હમેશાં નિર્ભયપણે સ્વીકૃત કાર્યમાં મગ્ન રહે છે.

આનન્દ મેળવવા માટે માનસિક એકાગ્રતાની પણ અત્યંત અગત્ય છે. એનાથી જીવન સાદું તેમજ સારગર્ભિત બને છે. જે જે નકામી ખાળતો હોય છે તે સર્વ દૂર થાય છે. શારીરિક, માનસિક અને નૈતિક શકિતનો હ્રાસ કરનાર ચિંતા, ભય અને પશ્ચાત્તાપ ને હૃદયમાંથી કાઢી નાંખવા જોઇએ. તમારા જીવનનો ઉચ્ચ ઉદ્દેશ નિશ્ચિત કરો, જેથી સર્વ શક્તિઓ એકત્રિત બની જાય અને મન એટલું બધું મગ્ન થઇ જાય કે દુઃખનો અંશ પણ ન રહે. આથી મનને એકાગ્ર કરવામાં ઘણી સાહાય્ય મળશે. યુદ્ધની અંદર વીર યોદ્ધાઓ પોતાના કાર્યમાં એટલા બધા તન્મય બની જાય છે કે પોતાના શરીરપર પડતા ઘાનું તેઓને ભાન રહેતું નથી. આ પ્રમાણે મનુષ્યો પોતાના જીવનનો કોઇ ઉચ્ચ ઉદ્દેશ્ય બનાવીને તેમાં એટલા બધા તન્મય થઈ શકે છે કે તેનાપર નાના અથવા મોટા દુઃખની લેશ પણ અસર થઈ શકતી નથી, અને નિકૃષ્ટ કોટિનું જીવન પણ માનસિક એકાગ્રતાથી સ્વચ્છ, ઉદાત્ત, અને પવિત્ર બની જાય છે. કોઇનાપર વૈર લેવાના અથવા કૂટનીતિથી વર્તવાના વિચારને અવકાશ જ નથી મળતો. આ ગુણથી મનુષ્ય શાંતિ મેળવી શકે છે અને વાસ્તવિક આનન્દનું રહસ્ય સમજવા લાગે છે.

આનન્દ મેળવવા માટે એક બીજા ગુણની પણ આવશ્યકતા છે. તે એ છે કે જો આપણને કોઇ ખરાબ ટેવ પડી ગઇ હોય તો તેના પર આપણે વિજય મેળવવો જોઇએ. સંસારમાં લક્ષ્મી અથવા માયા મનુષ્યને અતિશય મુગ્ધ કરી ચુકે છે. બીજા લોકોને જોઇને મનમાં ચિત્ર વિચિત્ર ભાવ ઉત્પન્ન થાય છે. જો મનુષ્ય જુએ છે કે જગતમાં સત્યનિષ્ટ માણસો દુઃખી અને નિર્ધન અવસ્થા ભોગવે છે, અને અસત્યવાદી, કપટી તથા ધૂર્ત લોકો આનન્દ કરી રહ્યા છે તો તેના મનમાં કંઇ કંઇ તરેહના વિચિત્ર ભાવો પ્રકટ થાય છે. આ સમય તેની પરીક્ષાનો છે. જો તે વખતે તેનું અધઃપતન થાય છે તો તે સદાને માટે

તેજ સ્થિતિમાં રહે છે અને તેમાંથી તે કદી ઉદ્ધૂત થઇ શકે એ આશા પણ વ્યર્થ છે; પરંતુ એ સમયે બાહ્ય લાભની કશી પરવા કર્યા વગર સત્યને સત્યની ખાતર જ ગ્રહણ કરવું જોઇએ અને એના ઉપર દૃઢ વિશ્વાસ રાખવાથી આનન્દનો માર્ગ સુલભ થાય છે. 'शठं प्रति शाठ्यं कुर्यात्' એ કહેવતને માનનાર ઘણા મનુષ્યો દુનિયામાં દૃષ્ટિગોચર થાય છે; પરંતુ એનું નામ આત્મનિર્બળતા છે. આખા જગત્‌ને વશ કરવાના કાર્યમાં તમે ઉદ્યુક્ત થાઓ તે પહેલાં તમારે તમારી જાતને વશ કરવાની અનિવાર્ય અગત્ય છે. ઇન્દ્રિયોપર વિજય મેળવનારને અને પોતાની ઇચ્છાઓનો નિરોધ કરનારને જ ખરેખરો વિજયી લેખવામાં આવે છે. પ્રવાહની સાથે તો નિર્બળ પણ વહી જાય છે, એ કાર્યમાં કઠિનતા છે જ નહિ; પરંતુ પ્રવાહની વિરૂદ્ધ દિશામાં ચાલવામાં જ બળની આવશ્યકતા છે. સંસારની ઉપાધિઓથી મનુષ્ય તંગ બની જાય છે. સર્વત્ર લોકોમાં પરસ્પર ઇર્ષ્યા અને દ્વેષ જોવાથી મનમાં દયાની લાગણી ઉત્પન્ન થાય છે. એવી બાબતોમાં તમારૂં જીવન નિર્વહન ન કરો. એ સર્વથી તમારી જાતને ઉચ્ચ બનાવો. એવી અવસ્થા મેળવો કે જેમાં એ બાબતોની કિંચિત્ પણ સત્તા ન ચાલે, અને તેનું નામ જ વિજય છે. મનુષ્યે વાસ્તવિક વિજય તો ત્યારેજ મેળવ્યો કહેવાય કે જ્યારે તેને ધન, સંપત્તિ, કીર્તિ તથા સફલતાની ઇચ્છાનુસાર પ્રાપ્તિ થતી હોય, ત્યારે જો તે સર્વ અન્યાય, અનીતિ અથવા કપટથી મેળવાતું હોય તો તેને તિલાંજલી આપવામાં તે એક ક્ષણનો પણ વિલંબ ન કરે, પૈસાને જુતી સમાન સમજે, લોભવૃત્તિને પોતાની પાસે ન આવવા દે, પોતાના સિદ્ધાંતોને મજબૂત વળગી રહે, અને સત્ય માર્ગથી જરાપણ ચલિત ન થાય. આનું નામ જ વિજય છે અને આ વસ્તુ જ મનુષ્યને વાસ્તવિક આનન્દની નિકટ લઇ જાય છે.

આ ઉપરાંત વિવેકશક્તિ પણ આનન્દ પ્રાપ્તિમાં સહાયતા કરનારી છે. જ્યારે કોઇ પણ મનુષ્ય કાંઇ અનુચિત કાર્ય કરવા તત્પર બને છે ત્યારે તેનું હૃદય કંપે છે, તેનો અંતરાત્મા તેને કામ કરતાં અટકાવે છે. આવાં કાર્યો કદાપિ ન કરવા જોઇએ. જ્યારે મનુષ્યમાં પોતાના અંતરાત્માના આદેશાનુસાર કોઇ જાતની યુક્તિનો પ્રયોગ કર્યા વગર કોઇ પણ કાર્ય કરવાની શક્તિ આવે છે ત્યારે તેને તેનાથી વાસ્તવિક આનન્દનો અનુભવ થવા લાગે છે. જે મનુષ્યમાં ઉપર્યુક્ત ગુણ વિદ્યમાન છે તે જ પોતાના અંતરાત્માપર વિશ્વાસ રાખી શકે છે. તેનો અંતરાત્મા હમેશાં તેને સન્માર્ગેજ લઇ જશે. ઉપરાંત તેને સંસારમાં કોઇથી બ્હીવાની જરૂર રહેશે નહિ. દરેક કાર્યમાં તેનો અંતરાત્મા જ તેનો માર્ગદર્શક બનશે.

ઇચ્છાઓ મનુષ્યને દુઃખની નજીક લઇ જનારી છે. જ્યારે મનુષ્યને કોઇ

વસ્તુ મેળવવાની ઇચ્છા થાય છે ત્યારે અમુક સમય સુધી તે આનન્દથી વંચિત રહે છે. ઇચ્છાઓ પણ બે પ્રકારની છે–એક લેવાની ઇચ્છા અને બીજી આપવાની ઇચ્છા. પહેલી ઇચ્છામાં આનન્દનો અભાવ છે, પરંતુ બીજા પ્રકારની ઇચ્છામાં તેનો સદ્ભાવ છે. જ્યારે મનુષ્ય આનન્દમય અવસ્થામાં પહોંચે છે ત્યારે ત્યાં દુઃખનો અંશ પણ રહેતો નથી જે બાબતોથી પહેલાં તેને દુઃખ થતું હતું અથવા ક્રોધ થતો હતો તેનાથી જ તેને પ્રેમ અને સહાનુભૂતિ ઉપજવા લાગે છે. જો આપણે વાસ્તવિક આનન્દનો અનુભવ કરવા ઇચ્છતા હોઇએ તો આપણે બીજા લોકોને આનન્દિત બનાવવા, તેઓને દુઃખથી બચાવવા, અને તેઓના હૃદયને પ્રફુલ્લિત બનાવવા અવિરત યત્નો આદરવા જોઇએ. આમ કરવાથી વાસ્તવિક આનન્દનું રૂપ સ્વયમેવ પ્રકટીભૂત થવા લાગશે. જે મનુષ્ય કોઇ પણ માણસના હૃદયને પ્રસન્ન કરવાના સુયોગની શોધમાં રાત્રિદિવસ રહે છે તે સંસારનું જેટલું ભલું સાધી શકે છે તેટલું જગતના મોટામાં મોટા વીરપુરુષો પોતાના વીરતાભર્યા કાર્યોથી સાધી શકતા નથી.

જો આપણે વાસ્તવિક આનન્દની અભિલાષા રાખતા હોઇએ તો આપણે નવીન ઉત્સાહ અને નવીન શક્તિથી અન્ય માણસોને આનન્દિત બનાવવા સતત વિચાર અને પ્રયાસ કરવા જોઇએ, પરહિત સાધવાની શક્તિને બલવત્તર બનાવવી જોઇએ અને આપણા પોતાના વિશિષ્ટ ઉદ્દેશથી વિચલિત થવું જોઇએ નહિ. જો આ ઉદ્દેશ અનુસાર દેશના ભિન્ન ભિન્ન સમાજો અને મંડળો કાર્ય કરવા લાગે અને સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરી દયા અને સ્નેહભર્યા કાર્યોથી સંસારને અનેકધા લાભકારક નીવડે તો દરેક ગૃહમાં આનન્દવાદ્ય વાગવા લાગશે, સર્વત્ર આનન્દ આનન્દ વર્તી રહેશે અને સર્વ લોકો વાસ્તવિક આનન્દ મેળવવાના માર્ગપર ગમન કરવા લાગશે. આવા શુભ સમયનું આગમન સત્વર થાઓ એ શુભેચ્છા સહિત અત્ર વિરમવામાં આવે છે. ઇતિ શુભમ્ ॥

ચાતકાન્યોક્તિ.

રચનાર—રા. રા. "પદ્મણુ" (ભાવનગર)

શાર્દૂલવિક્રીડિત.

(૧)

ઉત્કંઠિત રહી બહુ વખતથી તેં આચર્યું દુસ્તપ,[૧]
તોયે ભાગ્યવશાત્ પડ્યું ન મુખમાં એકેય બિન્દુ તવ,[૨]

૧ કઠણ તપ. ૨ તારા

તું તો અો ન ચલિત તોય તપમાં સાબાશી તેથી ઘટે,
છે તું પર્વતના સમો અડગ ના દુઃખે ડગ્યો તું સખે[૩] !

(૨)

ના તેં મેઢકવત્[૪] પીધું જલ સખા ! પૃથ્વીપરે જે પડ્યું,
થૈને સાવ નિરાશ તેં વ્રત 'નહિં' તારૂં ત્યજી છે દીધું;
ધાર્યું ધૈર્ય બહુ જ તેં નહિં જરા મુંઝાઇ ગ્યો ચિત્તમાં,
લોભાયું ન ઉદાર ચિત્ત તુજનું જોઇ સુખી દેડકાં.

(૩)

હાવે દુસ્તપ તુજનું નિરખીને જો આર્દ્ર[૫] થ્યું છે નભ,[૬]
ને આ મુખ વિષે પડ્યું જલ ટીપું તેથી સુખી થા સખ !
ઇચ્છા જો ઇશની હશે પ્રિય સખે ! બિન્દુ વધુ પામશે,
તેથી તું તપમાં હજી અડગ થૈને ધૈર્યને ધારજે.

(૪)

વારિ[૭] દેખી નદી તથા સરતણું[૮] લોભાઇ તું ના જતો,
થોડા દિ' વરસે ન વારિવહ[૯] તો નિરાશ ના તું થતો;
કો' દિ' તો વરસે જ વારિવહ ના સંદેહ તેમાં જરા,
આવું જાણી વિચાર ભૂજલતણા[૧૦] ના ચિત્તમાં લાવવા.

સુખદુઃખની ભાવનાથી ઘડાતું જીવન.

જૈનદૃષ્ટિએ જેને 'ભાવમન' કહેવામાં આવે છે તે વાસ્તવિક રીતે સુખ-દુઃખની ભાવનાનું મૂળ કારણ છે. આત્મા મનને યોગ્ય અણુઓ ગ્રહણ કરી તેને પોતાના સંસ્કાર અનુસાર જે જે વિષયોમાં પ્રવર્તાવે છે તે મનનો એક પ્રકારનો વ્યાપાર છે અને તે સુખ દુઃખની ભાવનાને પ્રકટાવે છે. ઉચ્ચ મનોબળવાળા પ્રાણીઓ સુખ દુઃખની આ ભાવનાનું પોતાની શક્તિ-ક્ષયોપશમ શકિત અનુસાર -પરિવર્તન કરી શકે છે. દુઃખ ઉત્પન્ન થાય તેવાં નિમિત્ત કારણો પોતાની સન્મુખ આવવા છતાં તેથી થતી દુઃખરૂપ ભાવના પ્રકટવા નહિ દેતાં સુખરૂપ ભાવના ઉત્પન્ન કરે છે અને એ રીતે પોતાના આત્મબળની ઉન્નતિ સાધવાની કળાને અભ્યાસ વડે વધારી શકે છે.

---

૩ હે મિત્ર. ૪ દેડકાની જેમ. ૫ ભીનું. ૬ આકાશ. ૭ પાણી ૮ સરોવરનું. ૯ વાદળું ૧૦ પૃથ્વીના પાણીના

દુઃખને સુખમાં પરિવર્તન કરાવનારી આ કળા આત્માના વિકાસક્રમમાં અગત્યનો હિસ્સો આપે છે. કેમકે શાસ્ત્રમાં સ્થળે સ્થળે કહેવામાં આવેલું છે કેઃ– **मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः** એ સૂત્ર અનુસાર મનોબળને દૃઢ કરવાનો વારંવાર ઉપદેશ આપવામાં આવ્યો છે. મનુષ્યને પાંચ ઇંદ્રિયના વિકાસથી જે કાર્ય સધાતું નથી તે મન અવશ્ય સાધી આપે છે એટલું જ નહિ પરંતુ તે પાંચે ઇંદ્રિયોના વિકાસ ઉપર અપ્રતિમ કાબુ ધરાવનાર મન જ છે. આત્માને કયે રસ્તે દોરી જવો એ મનરૂપ અશ્વનું જ કર્તવ્ય છે.

નિમિત્ત કારણો હમેશાં મન ઉપર જુદી જુદી અસરો પ્રકટાવે છે. આ મન આત્માના કાબુમાં ન રહેતાં ઉલટું આત્માને પોતાના અણુઓના બળને અનુસારે આધીન કરી મુકે છે. મનના અણુઓમાં સ્પર્શ–રસ–ગંધની શક્તિઓ વિવિધ પ્રકારની છે. તે અણુઓના વર્ણો તો આધુનિક વિજ્ઞાનવડે (Science) સાબીત થઇચૂકેલા છે. શ્રીમદ્ વિનયવિજયજીએ લોકશાસ્ત્રમાં સ્પર્શાદિકની હકીકત સંક્ષિપ્તમાં સુંદર રીતે દર્શાવેલી છે. આથી આ અણુઓનું આત્મા ઉપર સ્વામિત્વ થયા પછી નિમિત્તકારણોની અસર કદી ફેરવી શકાતી નથી. જેથી વારંવાર ઇષ્ટાનિષ્ટ સંયોગોથી પ્રાપ્ત થયેલા સુખદુઃખના નિમિત્તકારણો વડે મન તે તે સુખદુઃખની ભાવનાઓ પ્રકટાવી વ્યર્થ કાળક્ષેપ કરી નાંખે છે, અને આત્માનો વિકાસ કરાવવાને સહાયભૂત થવાને બદલે આત્માને અધોગતિનું ભાજન બનાવે છે.

આ રીતે મન અને આત્માનો સંબંધ પરસ્પર સેવ્ય–સેવક ભાવનો મટી સેવક–સેવ્ય ભાવનો બનાવવાથી–સુખદુઃખને સમપણે વેદવાની આ કળાથી–મનુષ્યનું બાહ્ય અને આંતર જીવન સુંદર રીતે સુઘટિત થાય છે. આ કળા પ્રાપ્ત થયા પછી પ્રસંગોપાત પ્રાપ્ત થતા નિમિત્ત કારણોની અસર ફેરવાઇ જાય છે, એટલું જ નહિ પરંતુ બીજાઓ ઉપર થતીદુઃખની અસરો–તેમને દુઃખી થયેલા–જોઇને તેમની માનસિક નિર્બળતાને લીધે જે અફસોસ તેમને પ્રકટ થતો હતો તે નહિ થવા દેતાં તેમનું વાસ્તવિક હિત સાધી શકે છે. પોતાના અથવા બીજાના દુઃખથી પોતાના અંતઃકરણને દુઃખી બનાવી શોકમગ્ન બેસી રહેવામાં ઇતિકર્તવ્યતા માનતા નથી. પરંતુ જીવનના સંગ્રહ કરેલા સામર્થ્યથી પોતાનું અને તેમનું સર્વોત્તમ હિત સાધે છે.

અન્ય મનુષ્યની દુર્બળતાને અને દુઃખને જોઇને ગ્લાનિ ન ધરતાં તેના આત્માની ઉચ્ચતામાં મનને જોડવાથી તેની નિર્બળતા અને દુઃખના ઉપાયો જલ્દી જડે છે, અને પરિણામે તેનું દુઃખ દૂર કરી શકાય છે. વિવેક દૃષ્ટિ સંપન્ન થયેલું મન પોતાનાં અને બીજાનાં બંધનો વધારતું જતું નથી, પરંતુ પડેલી ગાંઠોને છોડી દુઃખભાવના દૂર કરાવે છે.

આવા મનુષ્યોને 'દુઃખથી જ ઉન્નતિ અને વિકાસ સધાય છે.' એવી માન્યતા દૃઢ થયેલી હોય છે. ઘણા પ્રસંગોમાં દુઃખ એ મનુષ્યોને સુખ કરતાં વધારે કલ્યાણકર બને છે. દુઃખને શાંતિના રૂપમાં ગણાવનારી શકિત શ્રદ્ધા અને ધૈર્યરૂપ અદ્‌ભુત સદ્‌ગુણોને પ્રકટ કરાવે છે. દુઃખમાં સુખબુદ્ધિ ધરનારને અર્થાત્ દુઃખ મારૂં હિત જ કરે છે એવા નિશ્ચયથી દુઃખના સમયમાં પ્રસન્ન રહેનારને દુઃખ અપૂર્વ લાભ કરે છે, એટલુંજ નહિ પણ દુઃખની સામે આત્મબળની કસોટી પૂર્ણ થયાના પરિણામે ચિરકાલીન શાંતિ પ્રકટ થાય છે.

નિમિત્ત અને ઉપાદાન કારણની સંકળના તપાસતાં તેમજ પરમાણુવાદ (materialism) ની અંતિમ દૃષ્ટિ (last point) સુધી પહોંચતાં અર્થાત્ તેનું મૂળ સ્વરૂપ લક્ષ્ય કરતાં સુખ અને દુઃખ એ વેદનીય કર્મના અણુઓના બે જુદાં જુદાં સ્વરૂપો છે. મનની વલણ અનુસાર તે પોતપોતાનું કાર્ય બજાવતાં આત્મા ઉપર આનંદ કે દુઃખની અસરો પ્રકટાવે છે. આ અસરથી બચવાનો અભ્યાસ પાડતાં પૂર્વોકત કળા સિદ્ધ થઈ મનુષ્યનું જીવન–અંતરંગ જીવન ઘડાય છે.

જેમના હૃદયમાં સ્વપરનું નિર્મળ ભાન જાગૃત થયેલું છે, જેમનું જીવન નિરંતર મનઃસંયમના અભ્યાસથી ઘડાઇ ઉન્નતિક્રમમાં આગળ વધતું હોય છે, તેવા મનુષ્યનું કાર્ય પ્રાકૃતદૃષ્ટિએ ગમે તેવું જણાતું હોય તો પણ તેમનું આત્મસામર્થ્ય સદા બળવત્તર થતું જતું હોય છે. તેમનું હૃદય હર્ષ શોકના પ્રસંગોમાં રંગાતું નથી; કેમકે નિમિત્તકારણો, શરીર, મન, આધિ, વ્યાધિ અને ઉપાધિઓ એ 'હું' નથી–આ પ્રકારે સ્વરૂપજ્ઞાનના તીવ્ર શસ્ત્રથી તેમણે હર્ષશોકની ધાર બુઠ્ઠી કરી નાંખેલ હોય છે. અજ્ઞાનથી પ્રકટતી નિર્બળતા જ્ઞાનથી પ્રકટતી વિવેકશકિત આગળ ટકી શકતી નથી. જગત્ જેને મહાદુઃખનો પ્રસંગ માનતું હોય છે તેવો પ્રસંગ પણ તેમના આત્માને સ્પર્શી શકતો નથી. તેમની તીવ્ર દૃષ્ટિ આગળ તેવા પ્રસંગોના વિકટપણાનો કડવો રસ મધુર બની જાય છે, અને દુઃખ આપવાનું તે પ્રસંગનું બળ હણાઇ જાય છે.

આપણી સન્મુખ રહેલા પરમાત્મા મહાવીર, ગજસુકુમાર મુનિ, સ્કંદકાચાર્ય, મેતાર્ય, આનંદ અને કામદેવાદિના મહાન આદર્શોની પ્રેરકશકિત (motive power) આપણને સુખદુઃખની ભાવનાઓ ઉપરના પ્રચંડ સંયમનો બોધ આપી રહી છે. પરમાત્મા મહાવીરે સુખના તમામ રસ્તાઓ શોધી તેમાં નિઃસારપણું અનુભવ્યા પછી જ પોતાનામાં તે સુખ પ્રકટાવ્યું હતું. તેમનો પરમ નિશ્ચય એ જ હતો કે જ્યાં સુધી સુખનો આધાર મનુષ્યો પોતાના ઉપર રાખતા નથી શીખતા ત્યાં સુધી તેમનું નિર્બળપણું નિવારી શકાતું નથી; જેટલે અંશે મનુષ્ય પોતાના સુખનો

આધાર અન્ય પદાર્થ ઉપર રાખે છે તેટલે અંશે તે રંક અને દીન બની જાય છે. સુખ અને દુઃખ આવ્યા વગર રહેતાજ નથી. કર્માદિ પાંચ સમવાયો પોતાનું કાર્ય કર્યેજ જાય છે. પરંતુ તેથી ઉત્પન્ન થતી લાગણીઓની સામે જે શૌર્ય રાખવું જોઈએ તે નિમિત્તકારણોને સાક્ષી તરીકે માનવાથી પ્રકટ થાય છે અને સાત્વિક વૃત્તિ અધિકાધિક પ્રાપ્ત થાય છે.

જ્યારે જ્યારે મન પોતાના વ્યાપારમાં અમુકને સુખ અને અમુકને દુઃખરૂપે રજુ કરે છે ત્યારે તેને દૂરથી જ જોયા કરવાનો અભ્યાસ એ સુખદુઃખના પ્રસંગો ઉપર સ્વામિત્વ મેળવવાની કુંચી છે. આત્મા પોતે વિવેકદૃષ્ટિથી જાગૃત થઇ પોતાની મધ્યસ્થવૃત્તિ નિભાવી રાખે તો સુખદુઃખ એવું આંતરસૃષ્ટિમાં કશુંજ નથી. માત્ર કર્મના ઉદયવડે માનસિક વિકલ્પોમાં તે ઉજાય છે અને તે વિકલ્પોનો વિલય થયેથી સમાઇ જાય છે. તેથીજ શ્રીમદ્ દેવચંદ્રજી વદે છે કે:—

દુઃખ સુખરૂપ કર્મફળ જાણો, નિશ્ચય એક આનંદોરે
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિન ચંદોરે.

અર્થાત્:—વિશ્વના નિયમોની સત્તા દરેક પ્રાણી પદાર્થ ઉપર પ્રવર્તે છે. પદાર્થોનો સંયોગ-વિયોગ એ કર્મફળની સામગ્રીઓની ઘટના છે. તેમાં હર્ષ અથવા શોકને વશ થવું તેથી જગતનો ક્રમ વશ થનાર આત્મા ઉપર વધવાનો અથવા ઘટવાનો નથી. 'હું' પણું એ 'અહંકાર' કે 'મમકાર' રૂપે નહિ પરંતુ ચૈતન્ય-સ્વરૂપે પરિણામ ન થતાં પ્રબળ સામર્થ્યવાન આત્માઓ સમદૃષ્ટિને અનુભવે છે.

એજ મનુષ્યો સબળ છે કે જેઓનું હૃદય જ્ઞાનનું, આત્મભાવનું અને શુદ્ધ વૃત્તિનું નિવાસસ્થાન છે અને વસ્તુતઃ તેજ મનુષ્યો નિર્બળ છે કે જેમના અંતઃકરણમાં અહોનિશ ક્રોધ, ઇર્ષ્યા અને વૈરના વિચારો સેવાતાં હોય આવા નિર્બળ મનુષ્યોનું મન હમેશાં જીવનના અનેક સારા નઠારા પ્રસંગોની અસર ઝીલવા તૈયાર હોય છે; કેમકે પોતાની નિર્માલ્ય વૃત્તિઓથી દુઃખનું ભાન જલ્દી ગ્રહણ કરતા હોય છે અને તે લાગણીનો સંચાર સર્વદા ખુલ્લો હોય છે. જ્યારે સબળ આત્માઓ એમ માને છે કે સમ્યગ્દૃષ્ટિની પ્રાપ્તિનું અંતિમ ધ્યેય એ હોય છે કે 'બાહ્ય સંયોગોની અસરથી મુકતે રહેવું' ત્યારે તેઓ નિમિત્તકારણોવડે પ્રકટતી ઘટનાઓની અસર ઝીલતા નથી.

સબળ અને નિર્બળમાં, તેમજ જ્ઞાની અને અજ્ઞાનીમાં તફાવત એટલોજ છે કે જ્યારે જ્ઞાની જ્યો નિમિત્તકારણોથી રંગાતા નથી અને કદાચ પૂર્વકર્મની પરાધીનતાથી લલચાય છે તો પણ પોતાની ભૂલ તરત સુધારી લે છે. ત્યારે અજ્ઞાની

નિર્બળ આત્માઓ પ્રત્યેક ક્ષુદ્ર નિમિત્તને વશ બની અનંત સામર્થ્યવાળા પોતાના આત્માને ભૂલી જાય છે—સ્વત્વ ગુમાવે છે. આત્માના ચતુર્થ પુરૂષાર્થ—મોક્ષ-ને માટે અવકાશ મુખ્યત્વે કરીને સમ્યગ્જ્ઞાન ઉપર રહેલો છે. સમ્યગ્જ્ઞાનવડે વિવેક-દૃષ્ટિસંપન્ન થયા પછી આત્મા સક્રિય બની પ્રસ્તુત અંતિમ લક્ષ્યસ્થાને પહોંચી શકે છે. સુખ દુઃખની ભાવનાનો કાર્યપ્રદેશ સ્થૂલસૃષ્ટિ ઉપર જ હોય છે. આત્માનું અંતરંગ જીવન બંને ઉપરના યથાર્થ સંયમવડે જ ઘડાય છે અને એ સમતોલપણું હમેશાં આત્મસૃષ્ટિ ઉપર પોતાનો કાર્યપ્રદેશ વિસ્તારે છે.

અનિત્યાદિ બાર ભાવનાઓનું જૈન શાસ્ત્રકારોએ સુખદુઃખના પ્રસંગો ઉપર સ્વામિત્વ મેળવવા માટે જ સૂચન કરેલું છે. આત્મબળની વૃદ્ધિ આ ભાવનાઓવડે નિરંતર થાય છે. આત્મસામર્થ્યનું ખરૂં મૂલ્ય કેટલાં પ્રતિકૂળ લાગતા નિમિત્તો સામે ગતિ (motion) કરી જય મેળવ્યો તે ઉપર છે.

સુખદુઃખનું સુકાન મનુષ્યમાત્રને પોતપોતાના હાથમાં જ સોંપાયેલું છે. ઇચ્છામાં આવે તો સ્વબળથી અથવા સત્સંગાદિ નિમિત્તકારણોથી સુખી થાય અથવા ઇચ્છામાં આવે તો પ્રતિકૂળ નિમિત્તકારણોને પર્વત જેવડા માની લઇ દુઃખમાં દબાય. 'જેવી ભાવના તેવી સિદ્ધિ' એ સૂત્ર સર્વત્ર અચળપણે કુદરતના નિયમ પ્રમાણે પ્રવર્તે છે.

અસામાન્ય શાંતિનો અનુભવ કરાવનાર જ્ઞાનસારમાં શ્રીમદ્ ઉપાધ્યાયજી મધુર વચનથી વદે છે કેઃ—

दुखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य न विस्मितः ।

અર્થાતઃ—પરમાત્મજીવન પ્રાપ્ત કરવાના સાધનરૂપ આંતરજીવન પ્રાપ્ત કરવા માટે પૂર્વોક્ત સમદૃષ્ટિવડે સુખદુઃખથી હર્ષશોકની અસર નહિ થવા દઇ મનુષ્ય-જીવનનું લક્ષ્યબિંદુ સદા દૃષ્ટિ સમીપ રાખવું જોઇએ. એ રીતે આંતરજીવન ઘડી સંસ્કારોને સમૃદ્ધ કરવા જોઇએ; જે સંસ્કારો અન્ય જન્મમાં આત્માનો વિકાસક્રમ સૃષ્ટિના કાર્યકારણના (Law of Causation) નિયમને અનુસરીને ઝડપથી કરે અને સુખદુઃખની અસરોને નિર્માલ્ય ગણી તે તરફ માધ્યસ્થ્યદૃષ્ટિ રખાવી આત્માને પોતાનું લક્ષ્યસ્થાન પ્રાપ્ત કરાવે.

ફતેહચંદ ઝવેરભાઇ.

જૈન સમાજની આધુનિક સ્થિતિ—સડો કયા ભાગમાં છે?

લખનારઃ—રા. પંડિત માવજી દામજી શાહ

પ્રસ્તાવના.

એ તો સામાન્ય નિયમ છે કે જ્યારે કોઈ પણ એક અવયવીનો કોઇપણ અવયવ કાર્ય કરતો અટકી પડે છે, અગર તો જ્યારે એકાદ ઘડીયાળની કમાન તૂટી જાય છે, કિંવા એકાદ એન્જિનનું કોઈ મશીન અટકી પડે છે, ત્યારે સમૂળગું ઘડીયાળ ચાલતું બંધ પડે છે, તેમજ એન્જિન પણ પોતાની ગતિદ્વારા અમુક કાર્ય કરતું અટકી પડે છે. બસ, આજ પ્રમાણે જ્યારે એકાદ કોઈ સમાજયંત્ર ચાલતુ અટકી પડે છે, ત્યારે તેનાં પ્રત્યેક મશીન પૂર્વે જે ક્રિયા કરતાં હતાં તે યંત્રના બગડ્યા પછી કરી શકતાં નથી. આ હકીકત જગતના પ્રત્યેક સમાજને લાગુ પડી શકે એવી છે. જ્યારે આ સમાજયંત્રનો કયો અવયવ કામ કરતો અટકી પડયો છે, અગરતો સડો કયા ભાગમાં પેસવા પામ્યો છે, તેનો સંપૂર્ણ પણે વિચાર કરવામાં આવે છે, ત્યારે તેનો સુધારો કરવાનું કાર્ય પણ તેનો માલીક, અગ્રેસર, નાયક અગરતો નેતા, જે કહો તે વ્યક્તિ અથવા સમષ્ટિ જ્યારે સ્વીકારે છે-કબૂલ કરે છે, એટલુંજ નહિ પરંતુ તદનુકૂલ પ્રવૃત્તિ સેવે છે, ત્યારે જ ભાંગેલો અવયવ સારો થાય છે, અર્થાત્ યંત્રની પૂર્વાવસ્થા પુનઃ પ્રાપ્ત થાય છે. પરંતુ જ્યાંસુધી ભાંગેલા, તૂટેલા અગરતો બગડેલા ભાગ તરફ માલીકનું લક્ષ દોરાતુ નથી યાદો જાણ્યા પછી પણ સુધારવાની વૃત્તિ થતી નથી ત્યાંસુધી યંત્રદ્વારા જે ક્રિયા થયા કરે છે તજ્જન્ય કાર્ય પણ તેવુંજ થયા કરે છે, અને તેવું અરૂથતું પરિણામ પ્રાપ્ત થયેલું જોઈ મન દુભાય છે.

સમાજયંત્રની પરીક્ષા.

જ્યારે અંતઃકરણ-વૃત્તિ દુભાય છે, એકની દુભાવી વૃત્તિની અસર બીજાપર થાય છે, બીજાની ત્રીજાપર થાય છે, ત્રીજાની ચોથાપર, એમ અનુક્રમે ઉત્તરોત્તર સ્થાનિક સમાજપર અસર થાય છે, સ્થાનિક સમાજની શ્રામાંતરગત-દેશાંતરગત-સમાજપર અસર થાય છે. એમ થતાં થતાં પરિણામે એ વૃત્તિ શાથી દુભાય છે? એ પ્રશ્ન તરફ સમાજના લોકોનું ચિત્ત ખેંચાય છે, અને સમાજ એ પ્રશ્નને છોડવવા પોતાથી બનતો પ્રયત્ન સેવવા તત્પર બને છે. એ સ્થિતિપર અત્યારે

જૈનસમાજ આવ્યો હોય એ નિષ્પક્ષપાત પ્રેક્ષકને દૃષ્ટિગોચર થયા વિના રહેશે નહિ, અને એના પરિણામે જૈન સમાજનો સુવર્ણયુગ ઐતિહાસિક દૃષ્ટિબિંદુએ સામાજિક પરિસ્થિતિ કેવી હોવી જોઇએ, એ જાણવાને આતુરતા ધરાવી રહ્યો જણાય છે. આ લેખના શિરોનામે ઉપસ્થિત કરેલા પ્રશ્નના વિષયમાં તલસ્પર્શી કરતાં જૈન સમાજની આધુનિક સ્થિતિ થવામાં–સમાજયંત્રને ભાગાડવામાં ન્હાનાં મ્હોટાં અનેક કારણો સમાયલાં છે. એ વિષયમાં ચંચુપાત કરનારાઓ માટે નીચે મુજબ ક્રમસર કારણો રજુ કરવામાં આવે છે. ખાસ કરીને જે ભાગમાં સડો પ્રવિષ્ટ થવા પામ્યો છે, તે ભાગઅને જેના પ્રતાપે જ સમાજમાં નકામા જેવુ થઇ પડતું હોય તેવું, સડાને લગતું પ્રધાન કારણ શોધી કાઢવા જોઇએ, અને તેને માટે સામાજિક મુદ્દાઓનો ઉંડાણથી અભ્યાસ કરવો જોઇએ. તેવો અભ્યાસ પ્રાપ્ત સંયોગો અને અનુભવથી જે થઈ શક્યો છે તેનો કંચિત્ અંશે અહિં ઉલ્લેખ કરવામાં આવે છે– કેટલાએક સામાજિક મુદ્દાઓ વિષે વિચાર કરવામાં આવે છે. તે તરફ સમાજના નેતાઓનુ લક્ષ ખેંચવા નમ્ર વિનતિ છે.

(૧) સમાજનું કેળવણીનું ક્ષેત્ર.

એટલું બધુ સંકુચિત દશામા છે કે અન્ય સમાજોએ કેળવણીમાં લગભગ સંતોષજનક સારો પ્રવેશ કર્યો હોય ત્યારે આ સમાજને તો તેનાં સ્વપ્નાં પણ આવતા હોતાં નથી. ટુંકામાં કહીએ તો બાળક કે યુવાન, સ્ત્રી કે પુરૂષ, કોઇને માટે કશોપણ કેળવણી સંબંધી સંતોષકારક પ્રબંધ નથી અને પરિણામે કેળવણીની ગેરહાજરીને લીધે રહી ગયેલ અર્ધદગ્ધ સ્થિતિમાંજ અવતાર પૂર્ણ કરવાની ફરજ પડે છે. ખરેખર, આ સ્થિતિ શોચનીય છે. એક વ્યક્તિનો કે સમષ્ટિનો આ પ્રમાણે અશિક્ષિત દશામાં અંત આવતો જોવામાં આવે છે અને તેનો સર્વ પ્રકારે વિકાસ થતો બંધ પડે છે ત્યારે હૃદય એમ અવશ્ય કહે કે એવું જીવન જીવ્યા તોય શું ? અને ન જીવ્યા તોય શું ખરેખર, એ જીવન એક કંગાળ જીવન છે. નિરર્થક છે.

સમાજના બાળકો કે યુવાનોએ સ્કુલમાં અગર કૉલેજમાં અમુક વર્ષો સુધી અમુક પ્રકારની કેળવણી લીધા પછી કોઈ કફોડા સંયોગોમાં મૂકાવાથી અપક્વ દશામાં જ સ્કુલ અગર કૉલેજ છોડતા આપણા બાળકને અગર તો યુવકને કોઇ એમ પૂછે છે કે ભાઇ ! તે કેમ સ્કુલ છોડી દીધી ? તેં કેમ કૉલેજ છોડી દીધી ? શી હરકત નડી ? શા માટે આમ અભ્યાસ અધવચથી જ પડતો મૂક્યો ?' છે કોઇ આવી હકીકતો મેળવી વિદ્યાર્થી માટે જ્યાંસુધી તે અમુક લાઇનને લગતી પૂરી કેળવણી લઇ પાર ન પડે ત્યાંસુધી સગવડ કરી આપનાર ખાતું ? ઉત્તર એવોજ મળશે

કે ' નથી. કેળવણી, જ્ઞાન જે મનુષ્યને વાસ્તવિક પ્રકારે મળે તો ખરેખર દેવ બનાવે છે તેને માટે જ્યારે મનમાનતો સંતોષ દૃષ્ટિગોચર ન થાય ત્યારે બીજા વિષય માટે કહેવું શું ? વસ્તુતઃ રાષ્ટ્રીય શિક્ષણશાળાઓની પદ્ધતિનો બરાબર અભ્યાસ કરી સ્થળે સ્થળે તેવી શાળાઓ ખોલવા પ્રયત્ન કરવો જોઇએ. પરંતુ જ્યાં આભ ફાટે ત્યાં થીગડું દેવાય ? એ કિંવદન્તી અનુસાર દેશવ્યાપી શિક્ષણ વિષયક સંસ્થાઓનો દુષ્કાળ દૃષ્ટિગોચર થતો હોય અગરતો સમાજમાં માત્ર રંક પ્રયાસજ જોવામાં આવતો હોય ત્યાં શુ કહેવું અને શું કરવું ? એવા ઉદ્ગાર સહજ નીકળે છે. કદાચ સાંપ્રત સમયમાં મળતી કૉલેજની યાતો સ્કુલની કેળવણી મળે, તેથી પણ સંતોષ રાખી બેસી રહેવા જેવું નથી. તેમાં પણ અનેક તરેહના વાંધા છે. મ્હોટે ભાગે એક બી એ. એમ. એ. એમ. બી. બી. એસ અગર એમ. ડી. બારીસ્ટર, સોલીસીટર પાછળ હજારોનો ખર્ચ કરવામાં આવ્યો હોય તોપણ પરિણામે સ્વાર્થીપણામાં–મોજશોખમાં તથા એકલપેટાપણા આદિ દોષોમાં ઉપરોક્ત પદવી ધરાવનાર વ્યક્તિઓની દશા નિરખવામાં આવે છે. એ કેળવણીની પદ્ધતિને લાંછન લગાડનાર હકીકત છે. અલબત, કેળવણી ઉત્તમ છે. કેળવણી, જ્ઞાન, શિક્ષણ, વિદ્યા એ લગભગ સમાનાર્થ શબ્દો છે. તેનો કિંવા તેમાં દોષ નથી, પરંતુ હાલમાં જે પદ્ધતિથી તે કેળવણી આપવામાં આવે છે તે ચલાવી લેવા જેવી નથી. તે ઉપયોગી નથી એટલુંજ નહિ પરંતુ સર્વ પ્રકારે અધોગતિએ લઇ જનારી છે. કેળવણીના ખરા હિમાયતીઓએ ઉપાધિઓને (વિદેશીય શિક્ષણની પદ્ધતિપૂર્વક પ્રાપ્ત કરાતી ઉપાધિઓને) ખરેખર ઉપાધિરૂપ ગણી તેની બીલકુલ દરકાર ન કરતાં દેશ માટે કઇ જાતની કેળવણી બંધ બેસતી જણાય છે તેનો બરાબર અભ્યાસ કરી તેવી કેળવણીનો પ્રચાર કરવાની અતિ આવશ્યકતા છે. આ દેશને હવે શેકસ્પીયર અને મિલ્ટનનાં કાવ્યોનાં ગાનોની જરૂર નથી,આ દેશને વ્યાકરણોનાં સૂત્રો કિંવા ન્યાયની અવચ્છેદકાવચ્છિન્નની પંક્તિઓ ઉચ્ચશાલી પાંડિત્યનો ડોળ કરાવવાની જરૂર નથી, પરંતુ વસ્તુતઃ દેશમાં કઇ વસ્તુની અનિવાર્ય આવશ્યકતા છે તે વિચારી તે પ્રાપ્ત કરાવવાની અતિશય જરૂર છે ?

અપૂર્ણ.

મારવાડમાં કેવળણીનો ઉગતો સૂર્ય.

રૂપીયા પાંચ લાખનું ફંડ થવા વકી.

એક મહાત્માનો સમાજ ઉન્નતિ માટે અપૂર્વ પ્રેમ.

સમય સમયનું કામ કર્યેજ જાય છે, એક જમાનો એવો હતો જ્યારે પૂર્વાચાર્યો ગમે તેવા સંકટો સહન કરીને ગમે તે સ્થળે વિહાર કરવાને ઉત્સુક રહેતા. અને પ્રાયઃ તેઓ એવા પ્રદેશમાં વિચરતા કે જ્યાં તેઓ વધુ ઉપદેશની જરૂર માનતા હોય, તથા જ્યાં તેમને વધુ ઉપકારનું કારણ મળી શકતું હોય. નહિ કે અત્યારની માફક એકાદ મોટા સગવડવાળા શહેરમાં તો બહુએ એકઠા થઈ જાય અને બીજા નાના ગામો સાધુ સમાગમ માટે દીનતાપૂર્વક વિનંતી કરવા છતાં પણ ટલવલતાં ફરે. પરંતુ અત્યારની મારવાડની ચાલતી પ્રગતિમય પ્રવૃત્તિએ જણાવી આપ્યું છે કે શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરનાં પ્રશિષ્ય મુનિરાજશ્રી વલ્લભવિજયજીની માફક શુષ્ક અને અજ્ઞાન પ્રદેશમાં આહારવિહારનાં દુઃખોને પણ સહન કરીને પોતાનાં પૂર્વાચાર્યોનાં પગલે ચાલીને જમાનાને અનુસરતો ઉપદેશ અપાય તો જૈન કોમની ઉન્નતિ જલદીથી થાય એ નિર્વિવાદ છે.

ચાલુ પ્રસંગનું ધ્યાન આપતાં પહેલાં ઓળખાણ સ્વરૂપે ઉક્ત મુનિરાજનો અત્યાર પહેલાનો ચાલુ જમાનાને અનુકૂલ ઉન્નતિનાં સર્વશ્રેષ્ઠ સાધનરૂપ કેળવણી તથા વિદ્યાપ્રચાર માટેનાં અથાગ પરિશ્રમનો પરિચય તો કે અનેકવાર જનસમાજમાં મુકાયો છે, છતાં અત્રે સંક્ષિપમાં જણાવવો અસ્થાને નહિં ગણાય.

પ્રાતઃ સ્મરણીય પરમપૂજ્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરનાં પ્રશિષ્ય મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજનું શુભ નામ, તેમનાં જૈન કોમ માટેનાં અથાગ તથા અવિરામ પરિશ્રમ માટે સુવિખ્યાત, કોનાથી અપરિચિત હશે? આ સમભાવી મહાત્મા પ્રથમ પંજાબમાં ઘણા વર્ષો સુધી વિહાર કરીને ત્યાંનાં જૈનોને વીરપરમાત્મ પ્રરૂપીત શાસ્ત્રનું મહત્વ સમજાવી જૈનધર્મમાં સ્થીર કરી, ગુજરાત તરફ પધાર્યા, અને કોમને ખાસ ઉપયોગી કેળવણીનાં અનુકૂલ સાધનો ઉપસ્થીત કરવાને કોમના શ્રીમંતોને તે રસ્તે દોરવ્યા, જ્યારે પૂર્વાચાર્યો પુરાતનકાલમાં મંદીરો બંધાવવા, સંઘ કાઢવા, સ્વામીવાત્સલ્યો તથા પૂજા પ્રભાવનામાં દ્રવ્ય વ્યય કરવાને ઉપદેશતા. હા! તે સમયે તેવા સાધનોની પણ જરૂર હતી, પરંતુ મહારાજશ્રી કહેતા કે "જમાનો બદલાયો છે, પહેલાં તો તમારા મંદિરો વિગેરેને જાળવી રાખનારા તૈયાર કરો,

તેમને અન્યધર્માનુયાયી બનતાં અટકાવી સ્વધર્મમાં દૃઢ કરો. તેઓની હયાતીમાંજ તમારા ધર્મ અને મંદિરોની હયાતી છે. માટે પહેલાં જૈનો તૈયાર કરો, અને તેઓને ધાર્મિક તથા વ્યવહારિક કેળવણી અપાવી નૈતિક તથા વ્યવહારિક સુખીવનના સાધનો સહેલાઈથી મેળવી શકે તેવા કરો; જેથી તેઓ આપો આપ જૈનમંદિરોના ઉપાસકો બની રહેશે" આ સૂત્રને દરેક જગ્યાએ સમજાવતાં અને અનેક જગ્યાએ નાની મોટી કેલવણીની સંસ્થાઓ સ્થાપિત કરાવતાં પોતાનો એકસરખો વિહાર શરૂ કર્યો. પ્રથમજ તેઓએ પાલણપુરમાં "આત્મવલ્લભ કેલવણી ફંડ" ની સ્થાપના કરાવી. આ ફંડ અત્યારે બહુજ સારી સ્થિતિમાં છે, અને તેનો આશ્રય લઈને શેજુયુએટો પણ સારા પ્રમાણમાં બહાર પડેલા છે. ત્યાર પછી મુંબઈના પોતાના ચાતુર્માસ દરમ્યાન એક આદર્શ સંસ્થારૂપ "મહાવીર જૈનવિદ્યાલય" ની સ્થાપના કરાવી. તે એવી તો સુસ્થાપિત છે કે હમેશ માટે જૈનોને આશીર્વાદરૂપ થઇ પડશે. આ સંસ્થા બહુજ ઉત્તમોત્તમ પ્રયત્નો સેવી રહેલી છે, અને અત્યાર સુધીમાં જે જે કાર્ય લેવાયું છે તે પ્રશંસનીય અને બીજાને અનુકરણીય થઇ પડે તેવું છે, આ સંસ્થાની આ સ્થિતિનું પ્રથમ માન મહારાજશ્રીને જ ઘટે છે. ત્યાંથી તેમનું પધારવું સુરત થયું. આ સમયે સુરતમાં "વનિતાવિશ્રામ" નામની સંસ્થા અસ્તિત્વ ધરાવતી હતી. પરંતુ અહિં જૈન મહિલાઓને અનુકૂલ ધાર્મિક જ્ઞાનનો અભાવ હતો. તે ખાતર "જૈન વનિતાવિશ્રામ" સ્થાપન કરાવ્યું, અને ભવિષ્યના નેતાઓની જન્મદાત્રીઓને જ્ઞાનથી સુવાસિત થવાને સારા સાધનની ગોઠવણ કરાવી સ્થાપી. સંઘનપુરમાં પણ ત્યાંના ઉદાર નરરત્ન શેઠ મોતીલાલ મુળજીને ઉપદેશ આપી રૂપીયા વિસેક હજારથી "જૈન સ્કૉલરશીપ ફંડ" ની શરૂઆત કરાવી. આ ફંડને આશ્રયીને ઘણાં વિદ્યાર્થીઓ કેળવણીનાં સાધનો પ્રાપ્ત કરી શક્યા છે, ફંડની સ્થિતિ પણ બહુજ સારી છે.

ગુજરાતનું છેલ્લું ચૌમાસું અમદાવાદ કરી ગુજરાતથી પંજાબને માટે વિહાર કર્યો પછી મહેસાણા તરફ ગએલા. ત્યાંથી પાલણપુર તરફ વિહાર કરવાની શરૂઆત કરી, પાછલથી પાટણના સંઘના આગેવાનો મહેસાણા આવ્યા. પરંતુ મહારાજજીનો પાલણપુર તરફ વિહાર સાંભળી રાતોરાત મહારાજજી પાસે પહોંચ્યા અને તેઓની બહુજ દીનતાપૂર્વક વિનતિ સ્વીકારી. મહારાજશ્રીએ પાંચ દિવસ માટે પાટણ જવા હા પાડી. તેજ અરસામાં છેવટની બીમારીમાં પાટણની અંદર એક હૉસ્પીટલ ત્યાંના મિત્ર મંડલ તરફથી ચાલતું હતું અને ત્યાંના બે નિઃસ્વાર્થ ડૉક્ટરોએ જે કામ કર્યું હતું તેને માટે ધન્યવાદ આપવા તથા હૉસ્પીટલમાં હવે દરદીઓ નહિં આવતા હોવાને લઈને બંધ કરવા માટે જાહેર સભા બોલાવવામાં આવી હતી. મહારાજશ્રીને આ બાબતમાં બોલવાનું હતું,

પરંતુ મહારાજશ્રીએ બોલવાની શરૂઆત કરતાં જણાવ્યું કે મને આવી પરોપકારી સંસ્થા બંધ કરવાનો પ્રસ્તાવ મુકવા માટે ઉભો કરવામાં આવ્યો છે. પરંતુ તે વાતતો આ જીહ્વાથી કહી શકાય તેવી નથી. હું તો કહું છું કે ભલે પંદરજ દરદીઓ આ હોસ્પીટલનો લાભ લે. પરંતુ તે બંધ તો થવી ન જોઇએ. આ શબ્દો જે ક્ષણે મહારાજશ્રીના મુખમાંથી નીકળ્યા તેજ ક્ષણે મુંબઈ વાસી પાટણનિવાસીઓને હૉસ્પીટલ ચાલુ રાખવાનો તાર આવી પહોંચેલો. આથી સર્વ કોઇનાં દીલમાં શ્રદ્ધા અને આનંદ ફેલાઈ ગયા. આ સભામાં ચારૂપ કેસથી વિખવાદ પડેલા બન્ને પક્ષોનાં માણસો હાજર હતા. પરંતુ મહારાજશ્રીનું સમભાવી બોલવું સાંભળી બન્ને પક્ષોનાં દીલો એક થયાં હતાં. છઠ્ઠે દિવસે મહારાજશ્રી વિહાર માટે તૈયાર થઇ ગયા. પાટણ નિવાસીઓ પોતાનાં અન્યદર્શની અમલદારો તથા આગેવાનો સાથે બે દિવસ વધુ રોકવાનો આગ્રહ કરવા આવી પહોંચ્યા. તેમના અત્યંત આગ્રહથી બે દિવસ વધુ રોકાવાનું નક્કી થતાં બે જાહેર વ્યાખ્યાનો કર્યા. દરેક નાના મોટા અમલદારો હાજર હતા. મહારાજશ્રીના ભાષણને જ્યારે ત્યાંના નાયક સુબા ગુજરાતીમાં સમજાવતા હતા. ત્યારે અનુવાદક જૈની ન હોવા છતાં એ પણ માલુમ નહોતું પડતું કે આ જૈની છે યા નહી. આ સભામાં એક દુષ્કાલ ફંડની શરૂઆત થઈ હતી અને તેજ સમયે દશેક હજાર રૂપીયા થવા પામ્યા હતા. આ ફંડને મુંબઈના પટણીઓની સહાયએ એક લાખ રૂપીયાનુ ફંડ સુધી લઈ જવા નિશ્ચીત થયું હતું. મહારાજશ્રી ત્યાંથી પાલણપુર પધારેલા. અગાઉ પાલણપુરનાં સંઘે મહારાજશ્રી પોતાનાં ગામમાં પધારે તો "જૈન વિદ્યાલય" સ્થાપવાની તીવ્ર ઇચ્છા બતાવી હતી. અને તેજ સમયે આ સંસ્થાના ઉંડા મૂળો મહારાજશ્રીના ઉપદેશથી રોપાઈ ગયાં હતાં જેના ફલ તરીકે અલ્પ સમયમાંજ આ સંસ્થાની સારી આશા આપનારી શરૂઆત થનાર છે. વળી તેજ અરસામાં શ્રીમદ્ સોમસુંદરસૂરિ વિજયહીરસૂરિ તથા વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા બહુજ ધામધુમથી કરવામાં આવી હતી.

પોતાના વિહાર દરમ્યાન મહારાજશ્રી કાઠીયાવાડને ભૂલેલા નહીં. તેઓશ્રી જુનાગઢ પધારેલા. સૌરષ્ટ્રનાં અગ્રગણ્ય શેઠ દેવકરણભાઈને તે વખતે ચાલતી "વીસા જૈન બોર્ડીંગ" માં એક લાખ રૂપીયા આપવાને ઉશ્કેર્યા હતા. વળી વેરાવળમાં શ્રી શિક્ષણ શાળા તથા આત્માનંદ ઔષધાલયની સ્થાપના કરાવી જૈન માટે રૂપીયા સાઠેક હજારનું ફંડ થયું હતું. આ પ્રમાણે વિહાર કરતાં મારવાડમાં વીજાપુર, લુણાવા, સેવાડી વિગેરે સ્થલોએ ઘણાં જુનાં વખતનાં ઉંડામૂળો ઘાલેલા કંકાસોને દૂર કરાવતાં અને સંપના સુદૃઢ પાયા આરોપતાં પંજાબ તરફનો વિહાર શરૂ કર્યો. અને વિચાર્યું કે રસ્તે જતાં મારવાડમાં કાંઈક ઉપકાર થાયતો વધુ સારૂં તેથી જ આ પ્રદેશની અડચણોને નહિ ગણકારતાં કેળવણીનાં મીઠાં ફલો મારવાડની પ્રજાને ચખાડવાને અથાગ પ્રયત્ન સેવી રહ્યા છે.

મારવાડ શુષ્ક પ્રદેશ છે, વિદ્યાથી પણ વિહીન છે.એટલે વધુ ભાગ કેળવણીમાં પછાત છે. પરંતુ પૈસાપાત્ર છે. યોગ્ય માર્ગે દોરવી પૈસાનો સદ્વ્યય કરવાની સૂચના અને ઉપદેશની ખામીને લઇને અહિંનો વર્ગ નાતવરા વિગેરે ખોટા ખર્ચામાં અઢળક નાણું ખર્ચનારો થઇ ગયો છે. સર્વ કોઇને વિદિત છે કે બીન કેળવાયેલ મારવાડીને, પૂજાઓનાં ઘી ચઢાવવામાં અને નાતવરા આદિનાં ખર્ચામાં અઢળક નાણું ખર્ચી જતો જોઇ આપણને આશ્ચર્યમાં ગરકાવ થઇ જવું પડે છે. આપણો મારવાડી સમૂહ પોતાના અંગને માટે ખર્ચ નહિ કરતાં ધર્મને નામે ખર્ચ કરવાને પછાત પડે તેવો નથી. અને તેથી જ કહેવું પડે છે કે જો તેને ચાલુ જમાનાને ઓળખાવીને જરૂરતો સમજાવી શકાય અને તે જરૂરતોનાં માર્ગે પૈસા ખર્ચવાને દોરવવામાં આવે તો આ પ્રદેશ કોઇ રીતે બીજા દેશો કરતાં પછાત પડે તેવો નથી. એવું મહારાજશ્રીનાં મારવાડમાં ચાલતા પ્રયત્નથી સાફ જોવાયું છે.

મારવાડમાં સાધુઓનો વિહાર બહુજ ઓછો છે. જો કે મારવાડી સમાજ રૂપી જમીન ફલદ્રૂપ છે, છતાં પણ સાધુ મુનિરાજ રૂપી યોગ્ય કૃષ્ટીકારોના પદાર્પણથી ખેડાયા વિના તેમાં ધર્મના યોગ્ય બીજો વવાયા વિના અને ઉપદેશ રૂપી વારિસિંચન વિના ધાર્મિક દૃષ્ટીએ વેરાન સ્થિતિમાં પડયો છે અને હાલમાં સાબીત કરી દેવાયું છે કે આવા પ્રદેશમાં આહાર–પાણી–વિહાર વિગેરેની અડચણોને પણ સહન કરીને મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજે થોડા મહિના માત્રનાં ઉપદેશ વારિસિંચનથી કેટલું એક ફલ ઉપાર્જન કરાવ્યું છે. એ એક સદ્ભાગ્યની વાત છે કે આ પણા મુનિરાજોનું લક્ષ કેળવણી પ્રચારની પ્રવૃત્તિની આવશ્યકતા તરફ દોરવાયું છે. આ દિશા તરફ વલણ કરવાનું પહેલું માન પણ ઉક્ત મુનિરાજ અને તેમના વિદ્વાન શિષ્યવર્ગનેજ ઘટે છે; કારણ કે આજ સુધીમાં તેમનાં વિદ્યાપ્રચારમાટેનાં ઘણાં પ્રયાસો જાહેર છે.

મુનિરાજ શ્રીવલ્લભવિજયજીનું પંજાબ તરફનાં પ્રવાસ દરમ્યાન મારવાડમાં પધારવું થયું. સાદડીના સંઘની બે દિવસ માટે વિનંતી થવાથી સાદડીમાં પધાર્યા. તેમનું ચોમાસું બિકાનેર થવાં વકી હતી; કારણકે બીકાનેરનાં સંઘની વિનંતી છેવટનાં ચાર પાંચ વર્ષથી ચાલુ હતી. અને સહુ કોઇ ધારતું હતું કે આવા શુષ્ક, અજ્ઞાન અને સાધુઓને યોગ્ય આહાર વિહારની અડચણવાળા પ્રદેશમાં આવા મહાત્માનું ચોમાસું યા સ્થિરતા કયા સદ્ભાગ્યથી સંભવી શકે, તેમાં પણ બીકાનેરના શ્રાવકો અને અગ્રગણ્ય શેઠીયાઓની તીવ્ર ઈચ્છા હતી કે મહારાજ સાહેબ ચાતુર્માસ બીકાનેર કરે તો એક એવું ચિરસ્થાયી કામ કરી બતાવવું કે જે આખી જૈન આલમને નમુના રૂપ થઇ પડે. આટલા ખાતર કેટલાએક તો કલકતા વિગેરેથી પોતાનાં કામથી ફારેગ થઇ બીકાનેર આવી ગયા હતા. પરંતુ સાદડીના સંઘની દીનતા પૂર્વક વિનંતી, મહારાજ સાહેબની આવા અજ્ઞાનમય પ્રદેશમાં ગમે તે ભોગે

૫ હુન્નર ઉદ્યોગનાં જ્ઞાનની પણ જરૂર છે તો સંગીત આદિ વિષયો પણ રાખવા વિનંતી છે.

અંતમાં મહારાજશ્રીને આ પ્રયત્નમાં વિજયી થવામાં શાસનદેવતા સહાયભૂત થાઓ અને અન્ય શ્રીમંતો આ તરફ ઉદાર હાથ લંબાવો, એવું ઇચ્છી અત્રે વિરમીશું.

ઇતિશમ્.

સેવાભિલાષી.

"ગુલકાન્ત" સંઘવી.

પૂજ્યપાદ સ્વર્ગવાસી શ્રીમાન્ વિજયાનંદસૂરિ મહારાજની જયંતી.

ઉપરોક્ત મહાત્માની જયંતી આ સભા તરફથી શ્રી સિદ્ધક્ષેત્રમાં દર વર્ષ મુજબ જેઠ શુદ ૮ ના રોજ ઉજવવામાં આવી હતી, જેનો કુલ ખર્ચ શેઠ મોતીચંદ દલીચંદ શ્રી સીસોદરાવાળાએ આપી પોતાની ગુરૂભક્તિ દર્શાવી છે, જેથી તેઓને ધન્યવાદ ઘટે છે.

* * * * *

શ્રીમાન્ મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી લલીતવિજયજી મહારાજાદિ ત્રણ મુનિરાજોના શ્રી ભગવતીજીના જોગ પન્યાસજી શ્રીમદ્ સોહનવિજયજી મહારાજ પાસે બાલી—મારવાડમાં ચાલે છે.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડે આપેલી સ્કૉલરશીપો.

ઉપરોક્ત બોર્ડની એક મીટીંગ તા. ૧૩-૬-૧૯ ની રાત્રે ફ્રાન્કફર્ન્સ ઑફીસમાં મળી હતી જે વખતે જૈન વિદ્યાર્થીઓને નીચે મુજબ સ્કૉલરશીપ આપવામાં આવી હતી.

મુંબઈ, ગુજરાત, કાઠીઆવાડ અને દખણ ના ૧૬ સ્થળોના વતની અને ઇબ્રાકાની જુદી જુદી ૮ કૉલેજોમાં ભણતા ૧૫ વિદ્યાર્થીઓને દરમાસે રૂ ૫) થી ૧૦) સુધીની કુલ રૂ. ૯૦) ની કીમતની સ્કૉલરશીપ આપવામાં આવી છે, વળી સેકન્ડરી અને પ્રાયમરી સ્કુલોમાં ભણતા મુંબઇ ગુજરાત-ઉપરાંત મોળવા પ્રાંતમાં આવેલી જુદી જુદી ૨૫ જગ્યાના વતની અને જુદી જુદી ૨૨ સ્કુલોમાં શિક્ષણ લેતાં આશરે ત્રીશ સ્ત્રી અને પુરૂષ વિદ્યાર્થીઓને માસિક રૂ. ૨) થી ૫) સુધીની કુલ રૂ ૮૦) ની સ્કૉલરશીપ આપવામાં આવી છે, આ પ્રમાણે આશરે રૂા. ૨૧૦૦) દર વર્ષે સ્કૉલરશીપ રૂપે આપવામાં આવ્યા છે.

સુધારો.

ગયા અંકમાં બાલી-મારવાડ ગામમાં ચાર મુનિરાજો ચાતુર્માસ રહેલા છે તેને બદલે મુનિરાજ શ્રી સાગરવિજયજી મળી પાંચ મુનિરાજોના ચાતુર્માસ સમજવા.

પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજના પરિવારના મુનિરાજોના ચાતુર્માસ-મુનિ૦ શ્રી રાકરવિજયજી વગેરે—બદનાવર-માળવા.

श्री

આત્માનન્દ પ્રકાશ.

इह रागद्वेषमोहाद्यजिह्मूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १७] वीर संवत् २४४५, भाद्रपद, आत्म संवत् २४. [अंक २ जो.

પર્યુષણપર્વનિમિત્ત પ્રભુસ્તુતિ.

૭૯૫૮

વસંતતિલકા

નિર્દોષ સદ્ગુણી જનતા લયને હરીને,
નિષ્કામ જે જીનવરા કરતા ભવિને;
સંસારી માનવ તણાં ચરિતો સુધારે,
સંસાર સાગર અખિલ તરે જ ચોતે. ૧

ચોતે સદાય સ્થિરભાવ વિષે રહેતા,
અસ્થૈર્ય ધારણ કરે જ વિહાર કાળે;
તેવા વિરાગી પ્રભુના પદકંજમાંહે,
પર્યુષણે પ્રણમતા ભવિકો સુભાવે. ૨

વિ.

मिच्छामि दुक्कडम्.

ત્રોટક.

મન વાણી અને કદિ કાય થકી, કંઇ જીવ વિરાધન હોય કર્યું;
રતિ દ્વેષ ધરી કપટી હૃદયે, કદિ આચર્યું કુરપણું જ હશે. ૧
અવિનીત બની અપમાન કીધું, શુશ્રૂષા ન કરી ગુરૂની મનથી;
શુભ ભાવ વડે જ ખમાવું સહુ, અપકૃત્ય પવિત્ર સુપર્વ મહિં. ૨

વિ.

કેટલાક પારમાર્થિક શ્લોકો.

પદ્યાત્મક ભાષાંતર સહિત.

રચનાર—શ્રીયુત કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી.

(ગતાંક પૃષ્ઠ ૧૦ થી શરૂ)

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुंक्ते तस्य तृतीया गतिर्भवति ॥

(દોહરો)

વિત્ત.તણી છે ત્રણ ગતિ, દાન, ભોગ ને નાશ;
ન કરે દાન, ન ભોગવે, તો તે થાય વિનાશ.

पृथिव्यां त्रीणि रत्नानि जलमन्नं सुभाषितम् ।
मूढैः पाषाणखंडेषु रत्नसंज्ञा विधीयते ॥

(અનુષ્ટુપ)

સુવાણી, અન્ન ને પાણી, રત્ન એ પૃથિવીપરે;
પાષાણખંડને રત્નો, કેનાશ મુરખા ખરે.

मूर्खो वर्षाप्रवासी सति पितरि गृहे नार्जिता येन विद्या
नाना धान्योपधीनां सति निजविभवे संग्रहं यो न कुर्यात्

हित्वा भार्यां सुशीलां रतिमिह कुरुते भर्तृमृत्यां च दास्यां
वाण्या वैराभिलाषी समयमतिजडो वक्ति राजन् खगोऽयं ॥

(છપ્પો)

માથે બેઠો બાપ છતાં જે વિદ્યા ન ભણે,
કરી વાણીથી વેર સંપને જે નર ન ગણે;
સ્વસ્ત્રી તજી સુશીલ કરે દાસીને પ્યારી,
વિભવ છતાં નિજ કરે ન જે કણ સંગ્રહ ભારી;
વળી વર્ષારૂતુમાં જે નર સદા વિદેશ જવા નિસરે,
વળી પ્રસંગમાં જે જડમતિ તે મોટો મુરખ ખરે.

अज्ञः सुखमाराध्यः सुखतर माराध्यते विशेषज्ञः ।
ज्ञानालवदुर्विदग्धं ब्रह्मापि नरं न रञ्जयति ॥

(દોહરા)

રહેલો છે સમજાવવો, મહા મુરખ જગમાંહ્ય;
એથી પણ રહેલી રીતે, સમજુ સમજાવાય.
પણ અલ્પજ્ઞાની અને, અર્ધદગ્ધ જે કોય;
બ્રહ્માથી પણ તેમનું, સમાધાન નવ હોય.

स्वदेशजातस्य नरस्य नूनम्
गुणाधिकस्यापि भवेदवज्ञा ।
निजांगना यद्यपि रूपराशि
स्तथापि लोकः परदारसक्तः ॥

(પુષ્પિતાગ્રા)

બહુ ગુણથી ભરેલ હોય ભાઇ,
પણ ન મળે નિજ દેશમાં વડાઇ;
અતિ સ્વરૂપવતી છતાં સ્વદારા,
નર પરસ્ત્રીપર પ્રેમ જોડનારા.

(ચાલુ)

ધર્મની ભાવના જાગૃત કરવાની જરૂર.

" યતો ધર્મસ્ત્તતો જયઃ "

ગમે તેવો આકરો પ્રસંગ ઉભો થયો હોય તો પણ પંડિત પુરૂષો સ્વકર્તવ્ય-ધર્મનો ત્યાગ કરતા નથી; કેમકે જ્ઞાની પુરૂષો કહે છે કે ' જે ધર્મનું રક્ષણ કરે છે તેનોજ જય થાય છે. ' એ ઉત્તમ શિષ્ટ વચનને અનુસરી આપણે સહુએ અવશ્ય સ્વકર્તવ્યપરાયણ થવું જોઇએ. ધીરજ રાખી ખરી ખંતથી સ્વકર્તવ્ય-ધર્મમાં મચી રહેવાથી જરૂર આપણો જય (ઉદય) થવા પામશે. આજકાલ જ્યાં જ્યાં દૃષ્ટિ નાંખી જોઇએ ત્યાં ત્યાં સ્વકર્તવ્યધર્મનું યથાવિધિ પાલન કરવામાં બહુધા ઉપેક્ષા, કહો કે બેદરકારી જોવામાં આવે છે, અને એથી ઉલટી દિશામાં પ્રયાણ થતું જોવામાં આવે છે એ હકીકતજ મૂળથી આપણી અજ્ઞાનતા સૂચવે છે. તે સૂચવે છે કે સ્વકર્તવ્ય-ધર્મનું આપણને બરાબર ભાન જ થયું નથી અથવા તો આપણે તેને વિસારી દીધું છે. જ્ઞાની મહાત્માઓ તો કહે છે કે સ્વકર્તવ્યધર્મનું યથાવિધિ પાલન કર્યા વગર તમારો જય કે ઉદય જ થવાનો નથી. તેથી જો તમે તમારો જય કે ઉદય કરવા ઇચ્છતા જ હો તો પ્રથમ તમે સ્વકર્તવ્યધર્મને સારી રીતે સમજવાનો ખપ કરો. સ્વકર્તવ્યધર્મને જે સારી રીતે જાણતા-સમજતા હોય, તથા તે કર્તવ્યધર્મનું યથાવિધિ પાલન કરવાથીજ આપણો જય કે ઉદય થવાનો છે એવી જેમની દૃઢ શ્રદ્ધા કે માન્યતા હોય અને એવી ઉંડી શ્રદ્ધા સહિતજ જે પ્રમાદ તજી સ્વકર્તવ્યધર્મનું યથાર્થ પાલન કરવામાં ઉજમાળ રહેતા હોય એવા પ્રમાણિક પુરૂષો પાસે વિનય બહુ માનપૂર્વક સ્વકર્તવ્ય-ધર્મને તમે બરાબર સમજો તથા તેથી જ તમારો જય કે ઉદય સધાશે એવી શ્રદ્ધા યા માન્યતાને દૃઢ કરો અને એવી દૃઢ શ્રદ્ધા પ્રતીતિ સાથેજ સ્વકર્તવ્ય-ધર્મનું યથાવિધિ પાલન કરવા સકળ પ્રમાદ પરિહરી સદાકાળ સાવધાન રહો. સહુને પોતપોતાના અધિકાર પ્રમાણે કર્તવ્ય ધર્મ પાળવાનો હોય છે. એવી શાસ્ત્રમર્યાદા પરાપૂર્વની ચાલી આવે છે. પરંતુ સંયોગોની વિચિત્રતાથી તેમાં ઘણો બીગાડો થયેલો જોવાય છે-સમજમાં, શ્રદ્ધામા તેમજ વર્તનમાં ફેરફાર થયેલો છે. મજબુત મનના, ઉદાર દીલના અને સમયજ્ઞ સુજ્ઞ-ચકોર ભાઈ બ્હેનો ધારે તો ખરા ખંત ભર્યા પ્રયાસથી તેમાં ઠીક સુધારો થઇ શકે એમ છે. પરંતુ બેપરવાઇ કે ઉપેક્ષા કરવાથીજ ઘણું કામ બગડે છે. જો સ્વપરહિતકારી કાર્ય જરૂર કરવુંજ હોય તો તેવી બેપરવાઇ કે ઉપેક્ષા કરી શકાય નહી. શાસનપ્રેમી, દયાળુ અને સત્યવાદી ખરા ત્યાગી વૈરાગી સાધુ સાધ્વીઓ જો આ અગત્યની વાત દીલ ઉપર લે તો સદુપદેશવડે તેઓ ઘણું શાસનહિત

કરી શકે. ખરા શાસનરાગી અને સદ્ગુણપ્રેમી શ્રાવકશ્રાવિકાઓએ પણ સમય ઓળખીને એવા ઉત્તમ સાધુ સાધ્વીઓ તેમજ નિર્મળ આચારવિચારવાળા શાણા શ્રાવક શ્રાવિકાઓનાં હિતવચન આદરથી સાંભળી પોતાનું આચરણ સુધારવા જરૂર લક્ષ રાખવું જોઇએ. ઉત્તમ યોગ્યતાવાળા સાધુસાધ્વી કે શ્રાવકશ્રાવિકાનો યથોચિત વિનય–સત્કાર કરવાથી આપણામાં રૂડી યોગ્યતા આવે છે. આપણું દુઃખદાયી અજ્ઞાન, મિથ્યાત્વ અને દુરાચરણ ટળે છે–દૂર થાય છે અને આપણામાં ખરેખર સુખદાયક તત્ત્વજ્ઞાન, તત્ત્વશ્રદ્ધા અને તત્ત્વરમણતા જાગે છે–પ્રગટે છે. એ જ આ દુર્લભ માનવભવાદિક ઉત્તમ સામગ્રી પામવાનું સાર્થક્ય છે. તે વગરનું એ બધું નકામું છે. જો કે અજ્ઞાન, અશ્રદ્ધા, મિથ્યાત્વ અને સ્વચ્છંદાચરણથી આપણી પારાવાર ખરાબી (પડતી) થઇ છે પરંતુ હજી સમય ઓળખી સાવધાન થઇ જશું તો પાછી ઉન્નતિ સાધી શકાશે. ઇતિશમ.

લે૦–મુનિમહારાજશ્રી કપૂરવિજયજી મહારાજ.

માન–અભિમાનની પણ કંઇ હદ હોય ખરી કે ?

" વીરા મોરા ગજ થકી ઉતરો, ગજ ચડયાં કેવળ ન હોય રે—વીરા મોરા૦ "

વ્હાલા બંધુઓ અને બ્હેનો !

એકદા ભરત અને બાહુબલી વચ્ચે દૈવયોગે ભારે યુદ્ધ થયેલું. તેમાં કરોડો મનુષ્ય અને પશુઓનો સંહાર થતો જોઇ, કરૂણાથી જેમનું હૃદય ચીરાય છે એવા ઉત્તમ દેવોએ બંને બંધુઓને એ ઘોર યુદ્ધથી ઉપરામ (વિરામ) પામીને, એક બીજાની હારજીતની ખાત્રી કરવા દ્વંદ્વયુદ્ધની જ ભલામણ કરી. તેમાં પણ જ્યારે બાહુબલીની જ જીત અને ભરતની હાર થઇ ત્યારે દિઢમૂઢ જેવા બનેલા ભરતે બાહુબલી ઉપર પોતે કરેલી પ્રતિજ્ઞા વિસારી ચક્રરત્ન મૂક્યું. તે પણ તેને ત્રણ વખત પ્રદક્ષિણા દઇ પાછું ફર્યું ત્યારે ભરત વિલખો થયો અને બાહુબલીએ ચક્ર સહિત તેને ચુરી નાંખવા પોતાની વજ્ર જેવી કઠણ મુષ્ટિ (મુઠી) ઉપાડી. એજ વખતે વળી વિચાર આવ્યો કે આ અમોઘ મુષ્ટિપ્રહારથી એ ચક્રવર્તી રૂપ મારા વડીલ બંધુનું અવશ્ય મૃત્યુ થશે અને તેના પાપ અને અપયશથી હું કલંકિત થઇશ. તેથી એ ઉપાડેલી મૂઠી વડે પંચમુષ્ટિ લોચ કરી, વિરાગ જાગવાથી પોતે સાધુ–અણગાર બન્યા: પૂર્વે પોતાના ૯૮ અનુજો (લઘુ બંધુઓ) એ જેનું શરણ ગ્રહેલું છે એવા આદીશ્વર પ્રભુની જ સેવા કરી સ્વમાનવભવ સફળ કરવા ભાવ થયો.

પરંતુ તેમ કરવા જતાં પ્રથમના દીક્ષિત થયેલ લઘુ બંધુઓ કે જે અત્યારે સાધુ સ્થિતિમાં વર્તે છે તેમને મારે જરૂર નમન-વંદન કરવું પડશે એ વિચારે તે બાહુબલી મુનિને ઘેર્યો. છેવટે મનમાં નિશ્ચય કર્યો કે અહીં જ કાઉસગ્ગ ધ્યાને સ્થિત થઇ કેવળજ્ઞાન ઉપાર્જન કર્યા પછીજ પ્રભુ પાસે જઇશ તો પછી વાંધો આવશે નહિ. એમ મનથી જ નક્કી કરી ત્યાં જ પોતે સ્થિરાળ થઇને કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિત થયાં. ત્યાં જ એક વર્ષ વીતી ગયું છતાં અભિમાનવશ થયેલા તે મુનિને કેવળજ્ઞાન પ્રગટ ન થયું. આ બધી હકીકત કેવળજ્ઞાનદિવાકર આદીશ્વર પ્રભુ જાણતા જ હતા. પૂર્વે બ્રાહ્મી બ્હેને પ્રભુ પાસે દીક્ષા લીધી હતી ત્યારપછી ભરતની આજ્ઞા--અનુમતિ મેળવી સુંદરીએ પણ દીક્ષા પ્રભુ પાસે ગ્રહણ કરી. તે બંને સાધ્વીઓને અવસર પામી યથાયોગ્ય સમજાવી જ્યાં બાહુબલી મુનિ કાઉસગ્ગ ધ્યાને સ્થિર ઉભા રહ્યા છે ત્યાં તેને પ્રતિબોધવા નિમિત્તે મોકલી. ત્યાં આવીને તપાસ કરતાં મુનિશ્રી ચોતરફ વેલડીઓવડે વિંટાયેલા હોવાથી મુશ્કેલીથી નજરે પડયા. પછી બંને સાધ્વીઓએ પ્રભુની હિતશિક્ષાના પ્રતિધ્વનિ જેવાં, 'વીરા મારા ગજ થકી ઉતરો, ગજ ચઢયાં કેવળ ન હોય રે' ઇત્યાદિ હિત વચનો કહ્યાં. તે વચનો કર્ણગોચર થતાં બાહુબળી મુનિ વિચારમાં પડયાં કે આ વચનો મનેજ સંબોધીને કહેવાયાં છે ખરા, પરંતુ કાઉસગ્ગ ધ્યાને સ્થિત થયેલા એવા મારે ગજ-હાથી સાથે શો સંબંધ છે? એકાગ્રપણે તેના ઉપર ઉંડા આલોચ કરતાં તે મહામુનિને ખરૂં તત્વ-સત્ય સમજાયું કે હું પોતે જ અભિમાન રૂપી ગજ-હાથી ઉપર આરૂઢ થયેલો છું. વયથી લઘુ એવા સાધુરૂપ બંધુઓને હું કેમ નમું? કેમ વંદું? આ જ ઉત્તુંગ માન-અભિમાનરૂપી ગજ-હાથી. તેના ઉપર ચઢેલો છું ત્યાંસુધી મને કદાપિ કેવળજ્ઞાન પ્રગટવાનું નથી. એથી જ એ અભિમાનરૂપી હાથી ઉપરથી નીચે ઉતરી, નમ્રતા ધારી એ મહાનુભાવ મુનિવરોને સદ્ભાવથી નમન-વંદન કરવું મને હિતકારી-કલ્યાણકારી જ છે. એમ નિશ્ચય કરી કાઉસગ્ગ પારી, પગ ઉપાડી પ્રભુ પાસેજ જતાં તે મહામુનિને કેવળજ્ઞાન ત્યાંજ પ્રગટ થયું. તેવા કોઈ ઉત્તમ ગુણવગર મિથ્યાભિમાન કરી દુઃખી થનારા જીવને આના કરતાં બીજા દૃષ્ટાંતની ભાગ્યેજ જરૂર પડશે. લઘુતા ત્યાંજ પ્રભુતા વસે છે. ઇતિશમ્.

લે૦-મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

શ્રાવક કોને કહેવા ?

શ્રાવક ભાઈ તો તેને કહીએ જે પીડ પરાઇ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે પણ, મન અભિમાન ન આણે રે. શ્રાવક૦ ૧
સકલ લોકમાં વંદે સહુને, નિંદા ન કરે કેની રે,
વાચ કાય મન નિશ્ચળ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે. શ્રાવક૦ ૨
સમદૃષ્ટિને તૃષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માત રે,
જીવ્યા થકી અસત્ય ન બોલે, પરધન નવ ગૃહે હાથ રે. શ્રાવક૦ ૩
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેનાં મનમાં રે,
અરિહંત નામ શું તાળી લાગી, સકલ તીરથ તેનાં મનમાં રે. શ્રાવક૦ ૪
પણ ઢોલીને કપટ રહિત જે, કામ ક્રોધ નીવાર્યા રે,
ભણે નરસૈંયો તેનું દરશન, કરતાં કુલ અજવાળા રે. શ્રાવક૦ ૫

આભ્યંતર શાંતિ.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ

મનુષ્યના જીવનમાં શાંતિ એક અમૂલ્ય વસ્તુ છે. શાંતિ એ સ્થાનમાં દૃષ્ટિગત થાય છે કે જ્યાં સ્વાધીન, સ્વાવલમ્બશીલ અને સચ્ચારિત્ર્ય મનુષ્યોનો નિવાસ હોય છે. દૃઢ પ્રતિજ્ઞા, ઉદ્દેશની સ્થિરતા, આત્મનિર્ભરતા અને આત્મબલને શાંતિ કહેવામાં આવે છે. શાંતિનો એ અર્થ નથી કે મનુષ્યે કેવળ આળસુ, નિરૂદ્યોગી અને સાહસહીન સ્થિતિમાં બેસી રહેવું. એ તો મૃત્યુની નિશાની છે; કારણ કે એ અવસ્થામાં તમામ શક્તિઓ નિષ્ક્રિય બની જાય છે અને જીવન તદ્દન નિરસ બની જાય છે. જેને શાંતિ પ્રાપ્ત થયેલી હોય છે તેનું જીવન તો સદા સરસ અને આનંદ-મય હોય છે.

જે મનુષ્ય માત્ર દૈવ પર વિશ્વાસ રાખી બેસી રહે છે તેને કદાપિ શાંતિ મળી શકતી નથી. આવો મનુષ્ય પોતાની વર્તમાનસ્થિતિથી સ્હેજ પણ આગળ વધતો નથી અને ભવિષ્યની કોઇ પ્રકારની ચિંતા કરતો નથી. આવો મનુષ્ય કાયર અને પુરૂષાર્થહીન બની જાય છે. એના મુખમાં કોઇ ખાદ્યપદાર્થો નાંખી જાય છે તો તે ભોજન કરે છે, નહિ તો એજ આળસુ સ્થિતિમાં પડ્યો રહે છે. તે પોતે કશું કામ કરવા શ્રમ લેતો નથી. આવા માણસની દશા નાવિક વિનાના વ્હાણ જેવી છે

કે જેને વ્યવસ્થા વગર સમુદ્રમાં તજી દેવામાં આવ્યું હોય. કયી દિશામાં અને ક્યાં જવાનું છે તે તેને માલૂમ નથી હોતું. જે દિશા તરફ પવન લઇ જાય તે દિશા તરફ તે ઘસડાય છે. એ જ પ્રમાણે આળસુ મનુષ્યનું જીવન અત્યંત અનિયમિત હોય છે. તેનો કોઇ જાતનો સંકલ્પ હોતો નથી, કોઇ ઉદ્દેશ હોતો નથી તેમજ તેની કોઇ જાતની કાર્યપ્રણાલિકા પણ હોતી નથી; આ પ્રકારના મનુષ્યોને કદાપિ શાંતિ મળી શકતી નથી. આ સ્થિતિને કદિ પણ શાંતિનું નામ આપી શકાય નહિ.

આથી ઉલ્ટું જે માણસ પુરૂષાર્થપર વિશ્વાસ રાખે છે તેનું જીવન તપાસીયે તો આપણને ઘણુંજ નિયમસર લાગશે. તેના જીવનનો ઉદ્દેશ પ્રથમથી જ નિર્દિષ્ટ કરેલો હોય છે અને તે સદા નિશ્ચિતમાર્ગપર ગમન કરનાર હોય છે. એ માર્ગે ગમન કરવામાં ગમે તેટલી આપત્તિઓ અથવા મુશ્કેલીઓ આવે, ગમે તેટલું નુકશાન સહન કરવું પડે તો પણ એ ધીર-વીર પુરૂષ પોતાના નિર્દિષ્ટ ઉદ્દેશથી કિંચિત પણ ચલિત થતો નથી અને પોતાના માર્ગથી કદિ પણ પાછો હઠતો નથી; એ તો નિર્ભય બનીને આગળ વધ્યો જાય છે; કેમકે એ તો જાણતો જ હોય છે કે માર્ગમાં અનેક વિઘ્નો આવ્યા કરે તો પણ તેનાથી ગભરાવું જોઇએ નહિ. વિકટ સમયમાં ધૈર્ય અને સાહસ ધારણ કરવા જોઇએ. એ સમજે છે કે મારે કાંઇ બીજું કરવાનું જ નથી, પરંતુ જે કાંઇ કરવાનું છે તે યથાશક્તિ સારૂં કરવું જોઇએ. સંભવિત છે કે તેને કોઇ કારણવશાત્ પોતાના માર્ગથી સ્હેજસાજ પાછા હઠવું પડે, પરંતુ તે શીઘ્રતાથી પોતાના સ્થાનપર પહોંચી જાય છે. એવું નહિં કે જ્યાં પવન લઇ જાય ત્યાં ચાલ્યો જાય. 'હું મારા નિયત સ્થાનપર ક્યારે પહોંચીશ, કેવી રીતે પહોંચીશ, અથવા મારા ઉદ્યમમાં ક્યારે સફલતા મેળવીશ,' એ સર્વ વાતની તે પરવા અથવા ચિંતા કરતો નથી. તે તો પોતાનું કાર્ય કર્યે જાય છે. આટલું બધું કરવા છતાં કદાચ તેને સફલતા નથી મળતી, તેનું કાર્ય સિદ્ધ નથી થતું તો તેથી તે નિરાશ અને અધીર બની જતો નથી.

શાંત મનુષ્ય પોતાનાં સર્વ કાર્યો મહા ધીરતાપૂર્વક કરે છે. કોઇને ખ્યાલ પણ નથી આવી શકતો કે ભવિષ્યમાં તેની કેવી સ્થિતિ થશે અને તેનાં કાર્યનું શું પરિણામ આવશે. મનુષ્યને હમેશાં નવા નવા પ્રસંગો અને નવી નવી બુદ્ધિઓની સંપ્રાપ્તિ થયા કરે છે, અને તેથી મનુષ્યનું કર્ત્તવ્ય છે કે તેણે એ સર્વનો યથાશક્તિ સદુપયોગ કરવો જોઇએ.

શાન્તિ એ મનુષ્યની આંતરિક સ્થિતિ છે. તેનો સંબંધ હૃદયની સાથે રહેલો છે. હૃદયમાં શાંતિ હોવી જોઇએ. બાહ્ય શાંતિને શાંતિ કહી શકાતી નથી. અભ્યંતર શાંતિની પ્રાપ્તિ થાય છે ત્યારે બહાર ગમે તે હોય તો પણ બહારની ગડબડથી

આભ્યંતર શાંતિ ઉપર લેશ પણ અસર થતી નથી. જેવી રીતે પવનની અસર માત્ર સમુદ્રની સપાટી ઉપર, અથવા વધારેમાં વધારે બસો ત્રણસો ફીટ નીચે થાય છે અને તેની નીચે કોઇ પણ પ્રકારની અસર થતી નથી અને એક જ સ્થિતિ રહે છે એવી રીતે આભ્યંતર શાંતિની સ્થિતિ હોય છે. આપણે જીવનના મહાન પ્રશ્નો ઉકેલના હોઇએ છતાં પણ આપણા નિત્યના ન્હાનાં કાર્યોમાં અત્યંત શાંતિ ધારણ કરવી જોઇએ. જે મનુષ્ય પોતાની જાતપર અંકુશ રાખી શકે છે, પોતાની ઇંદ્રિયોનું દમન કરી શકે છે અને મનઃ સંયમ રાખી શકે છે તે જ મનુષ્યને આભ્યંતર શાંતિની પ્રાપ્તિ સુલભ છે. ઇંદ્રિયદમનનું બીજું નામ જ આભ્યંતર શાંતિ છે.

જ્યારે તમને સાંસારિક ચિંતાઓ સતાવે અને તમે આપત્તિઓથી આવૃત્ત થઇ જાઓ ત્યારે શાંતિના પવિત્ર મંદિરમાં પ્રવેશ કરો અને અલ્પ સમય સુધી સઘળું ભૂલી જઇ શાંતિદેવીની આરાધના કરવાનો ઉપક્રમ કરો. આ સમયે પણ જો સાંસારિક ચિંતાઓ અને પીડાઓ તમને દબાવી દે અને તમે એ-નાથી દબાઇ જાઓ તો સમજવું કે તમારાથી કાંઇ પણ કાર્ય થઇ શકશે નહિ. તમે હમેશાં એનાથી દબાયલા રહેશો અને એનાપર કદિ પણ આધિપત્ય મેળવી શકશો નહિ. ચિંતા અને આપત્તિના સમયમાં શાંતિ પ્રાપ્ત કરવાનો અમોઘ ઉપાય એ છે કે જે જે વાતોથી તમને ગભરાટ ઉત્પન્ન થાય છે તે પ્રત્યેકને પૃથક્ પૃથક્ સમજવા યત્ન કરો અને તમારી સંપૂર્ણ સકલશક્તિ એના પર લગાવી દો. આમ કરવાથી તમને પ્રતીતિ થશે કે જેવી રીતે સૂર્યનો ઉદય થવાથી સર્વ અંધકાર દૂર થઇ જાય છે તેવી રીતે તમારી સર્વ પ્રકારની મુંઝવણનો શિઘ્ર અંત આવી જશે. તે પછી જો તમારા હૃદયમંદિરમાં શાંતિનો ચમત્કાર પ્રકાશિત થશે અને તમને નવીન શક્તિનું ભાન થવા લાગશે તો તમને સંપૂર્ણ આભ્યંતર શાંતિની પ્રાપ્તિ થવા લાગશે, અને ત્યારે જ તમે મોટી મોટી આપત્તિઓ અને કઠિન પ્રસંગોની સામે વીરતા અને નિર્ભયતાથી થઇ શકશો. કદાચ તમારી સર્વ આશાઓ અને સર્વ ઉદ્યોગો નિષ્ફળ જાય તો પણ તમને લેશ પણ ગભરાટ કે મુંઝવણ થશે નહિ અને તમે એમ કહેશો કે 'કાંઇ હરકત નહિ, હમણાં સફલતા ન મળી તો ભવિષ્યમાં કોઇ દિવસ પણ મળશે.'

જ્યારે તમને જણાય કે અન્ય લોકો ઇર્ષા વા દ્વેષભાવથી તમારી નિંદા કરે છે, તમારા પર આક્ષેપો કરે છે, અને તમને કોઇ પણ પ્રકારનું નુકશાન કરવા તત્પર બને છે અને એ વખતે તમને ક્રોધ વ્યાપી જાય છે તથા તમારા મનમાં તેનું વેર લેવાની ઇચ્છા ઉત્પન્ન થઇ જાય છે ત્યારે તમારે શાંતિને કામમાં લેવી જોઇએ. તે સમયે તમારે સ્મરણમાં રાખવું જોઇએ કે જે માણસ બીજાને માટે ખાડા ખોદવા તત્પરતા બતાવે છે તેના પતનને માટે સ્વયં કુવો તૈયાર થાય છે.

બીજા લોકોની સાથે નિષ્પ્રયોજન બુરાઇ કરવાવાળા મનુષ્યો પોતે જ તેનાં માઠાં ફળ ભોગવે છે. આવો કુદરતનો નિયમ હોવાથી વૈર અથવા બદલો લેવાની કરી પણ આવશ્યકતા રહેતી નથી. અદ્યાપિપર્યંત જગત્માં કોઇ પણ મનુષ્યએવો નથી થયો કે જેણે અન્ય માણસોની સાથે બુરાઇ કરી અને કોઇ પણ રીતે, કોઇ પણ વખતે, તેને તેની બુરાઇનાં માઠાં ફળ ન ચાખવા પડયા હોય.

કોઇ માણસ એમ સમજતો હોય કે મેં કોઇની સાથે બુરાઈ કરી અને તે મને શું કરવાનો છે તો તે તેની મોટી ભૂલ છે. પ્રકૃતિમાં ઝીણામાં ઝીણી બાબતો પણ નિયમસર અને ધોરણસર ચાલે છે. દરેક વસ્તુનો જમા–ખર્ચ થાય છે અને છેવટે સર્વનો હિસાબ થઇ જાય છે. પ્રકૃતિ પોતાના હિસાબદારોના નામ દરમહિને કાઢી નાંખતી નથી. જે મનુષ્ય શાંત હોય છે તેને બદલો લેવાનું કર્મ એટલું બધું અધમ લાગે છે કે તે સ્વપ્નમાં પણ વૈર લેવાનો વિચાર કરતો નથી. જો કોઇ તેને સતાવે છે તો પણ તે શાંતિનોજ આશ્રય લે છે, નહિ કે બુરાઇનો બદલો બુરાઈથી લેવાનો વિચાર કરે છે.

જ્યારે મનુષ્ય ન્હાની ન્હાની બાબતોમાં શાંતિનો આશ્રય લેતા શીખે છે ત્યારે જ તે મોટા મોટા પ્રસંગોપર શાંતિ ધારણ કરી શકે છે. આવા માણસનું કોઇ વ્હાલામાં વ્હાલું સ્વજન મૃત્યુવશ થાય અને તેના મૃત્યુથી પોતાનું જીવન સર્વથા નિષ્ફળ થઈ ગયેલું જણાય તો પણ શાંતિ એ એક એવી વસ્તુ છે કે જેના આશ્રયથી તે સર્વ આપત્તિઓ ધીરભાવે સહન કરી શકે છે.

સ્થૂલ દૃષ્ટિએ જોતાં પ્રાયઃ દુષ્ટ અને નીચ મનુષ્યોનો આ સંસારમાં વિજય થતો જણાય છે. જે લોકો અપરાધી, માયાચારી અથવા દુરાચારી હોય છે તેઓ આબાદ અને સાધનસંપન્ન દશા ભોગવતા દૃષ્ટિગોચર થાય છે. આ પ્રકારનું દૃશ્ય લોકોને અવનત કરે છે અને સત્ય માર્ગથી ચલિત કરી અનીતિના માર્ગપર ઘસડી જાય છે; પરંતુ આભ્યંતર શાંતિનો અનુભવ કરનાર મનુષ્ય પર એનો લેશ પણ પ્રભાવ પડતો નથી. જો કે તે પણ જુએ છે કે સત્યનિષ્ઠ લોકો મુશ્કેલીમાં છે અને અસત્યપરાયણ મનુષ્યો એશઆરામ ભોગવે છે, અનીતિમય જીવન વહન કરનાર લોકો નીતિવાન મનુષ્યથી આગળ વધી જાય છે, કપટ અને માયાચારથી દ્રવ્યપ્રાપ્તિ થાય છે, મૂર્ખ લોકો વિદ્વાનો કરતાં અધિક લાભ મેળવે છે તો પણ તે પોતાના માર્ગથી કદિ ચ્યુત થતો નથી. આવા પ્રકારની વાતોની તેના પર બિલકુલ અસર થતી નથી, તે તો પોતાનું કર્તવ્ય ઉત્તમ રીતિથી કર્યે જાય છે અને બીજા લોકો શું કરે છે અને તેઓને તેનું શું ફળ મળ્યું છે તેની તે લેશ પણ દરકાર કરતો નથી. એવી સર્વ વાતોને તે દૈવાધીન છોડી દે છે.

જ્યારે મનુષ્યને એટલે બધે દરજ્જે શાંતિ પ્રાપ્ત થાય છે કે શાંતિ તેના એક અંગ રૂપ બની જાય છે, તે પોતે શાંતિમય બની જાય છે અર્થાત્ તે જ્યાં જાય છે ત્યાં સર્વત્ર શાંતિનાં જ તેજસ્વી કિરણો પ્રસારે છે ત્યારે એટલું કહેવું જોઇએ કે તે મનુષ્યે પોતાના જીવનમાં સફલતા પ્રાપ્ત કરી લીધી છે. આભ્યંતર શાંતિ એવી વસ્તુ નથી કે જે સ્વતઃ મળી જાય અથવા એકદમ પ્રાપ્ત થઈ જાય. એ પ્રાપ્ત કરવા માટે અનેક ગુણોની આવશ્યકતા છે; પ્રથમ તો આભ્યંતર શાંતિ શું વસ્તુ છે એ સમજવું જોઇએ.

જીવનનું તાત્પર્ય એ નથી કે ગમે તેવી રીતે જીવન વ્યતીત કરી દેવું. વસ્તુતઃ જીવન એક અતિ મહત્વની વસ્તુ છે. તેનો યોગ્ય આદર કરવો એ જીવનનું મુખ્ય કર્તવ્ય છે. આપણું જીવન આપણા માટે તથા બીજાની ખાતર કેવી રીતે ઉપયોગી બનાવી શકાય તે જાણવાની તેમજ શીખવાની ખાસ જરૂરીયાત છે. જ્યારે મનુષ્યમાં શાંતિનો સંચાર થઈ જાય છે ત્યારે તે દુનિયાના કલહથી દૂર થઈ સ્વકાર્યમાં મગ્ન બની જાય છે. દુનિયાના અવનવા પરિવર્તનોની અસર તેના પર બિલકુલ થતી નથી. આ ઉપરથી એમ સમજવાનું નથી કે તે મનુષ્ય પોતાના સ્વાર્થની ખાતર દુનિયાથી દૂર રહેતા મથે છે. આવા શાંતિપ્રિય મનુષ્યો તો અખિલ વિશ્વના પ્રાણીઓના આનંદ અને સુખમાં પોતાનો આનંદ સમજે છે. તેની શાંતિ પરમ પવિત્ર હોય છે. તે કોટિના મનુષ્યો પોતાને સંસારમાં જીવન વહન કરવાની શક્તિની સંપ્રાપ્તિ થાય એટલા માટે જ સંસારથી અલગ રહેવા મથન કરે છે. આવા શાંત સ્વભાવી મનુષ્યો જગતમાં સર્વત્ર પ્રસરી રહેલ અશાંતિરૂપ અંધકારનો વિલય કરી શાંતિનો તેજસ્વી પ્રકાશ વિસ્તારે અને શાંતિ દેવીનું ચિરસ્થાયી સામ્રાજ્ય સ્થાપે એ શુભેચ્છા સહિત અત્ર વિરમવામાં આવે છે. ઇતિશમ્.

જૈન સમાજની આધુનિક સ્થિતિ—સડો ક્યા ભાગમાં છે?

(ગતાંક પૃષ્ટ ૨૬ થી શરૂ)

લેખક—રા. ભાવજી દામજી શાહ.

વ્યાપાર વિષયક ક્ષેત્ર. ના વિષયમાં કહેવામાં આવે તો દેશનો સમગ્ર વ્યાપાર મોટે ભાગે જૈનોએ હાથ કરેલ છે. એમ જૈન કોમના વર્તમાન અને ભૂતકાળના ઇતિહાસ પરથી સિદ્ધ થાય તેમ છે, તેમ છતાં વ્યાપારપરાયણ જૈન કોમનો ઉદય દૃષ્ટિગોચર થતો નથી તેનાં કારણો એક નવીન પ્રકરણદ્વારા જણાવવાં યોગ્ય થઇ પડશે. આમાં તો તેની વ્યાપાર ધંધાની સ્થિતિ કેવી છે? તે દર્શાવવા

યત્ન કરવામાં આવેલ છે. જૈનોનો મ્હોટો ભાગ વણિક વર્ગનો છે. તેમાં જાતો પણ અનેક છે. તે સમગ્ર જાતિના હાથમાં મોટે ભાગે અન્ય કોમોની અપેક્ષાએ આજ-વધિ સારા પ્રમાણમાં ટકી રહેલો જણાય છે. છતાં વ્યાપારપરાયણ જૈન કોમે એટલું તો અવશ્ય લક્ષમાં રાખવું ઉચિત છે કે પોતાના જાતિબંધુઓને જેમ બને તેમ પોતાના ચાલુ વ્યાપારમાં ઘટિત સ્થાન પર ગોઠવવા પ્રયત્ન કરવો જોઇએ. મનુષ્ય ગમે તેવો સ્વાશ્રયી હોય પરંતુ કોઇ પ્રસંગે અમુક પ્રકારની સહાય વિના અટકી પડે છે પણ ખરો; તેથી યોગ્ય માર્ગપર નહિ ચડવા પામેલ પોતાના જ્ઞાતિબંધુને ઘટતી સહાયની અપેક્ષા હોય તો તે આપીને ચાલતો બનાવવો, અને આગળ પર તેની યોગ્યતા મુજબ પોતાના વ્યાપારમાં અમુક હિસ્સો આપવો. આ વિષયમાં વ્યાપારી વર્ગને વિશેષ કહેવુંજ ઉચિત સમજાતું નથી; છતાં એટલી પ્રસંગાનુસાર સૂચના તો અવશ્ય કરવીજ પડશે કે જેમ વોરા અને મુસલમાન કોમમાં તેમજ પારસી અને દક્ષણી કોમમાં એવો એક પ્રકારનો સંબંધ જળવાઈ રહ્યો જોવામાં આવે છે. એક ખાતામાં ઉપરોક્ત કોમનો બંધુ વ્યાપાર કિંવા નોકરી કરતો હોય અને તેના જાતિભાઈને તેમાં જોડાવા ઈચ્છા હોય તો કિંવા તેનો જાતિભાઇ ધંધારહિત દૃષ્ટિએ પડતો હોય તો તે તેને સાથે તુરતજ જોડે છે; અને પોતાના જેવો બનાવવા યત્ન કરે છે. આ બંધુઓનું અનુકરણ જૈન શ્રીમંત વ્યાપારી જનોને કરવું ઉચિત જણાતું નથી ? શા માટે મ્હોટે ભાગે તેઓ આ પ્રમાણે કરતા નહિ હોય ? ખરેખર, અવનતિનાં કારણો આપણને ડગલે ડગલે નજરે પડે છે.

પરદેશગમનના પ્રશ્નના સંબંધમાં જૈનસમાજમાં સુલાગ્યે એવું હવે રહેવા પામ્યું નથી કે 'અન્ય સમાજમાં આજે જેવું છે અર્થાત્ પરદેશ ગમન કરી આવ્યા બાદ પ્રાયશ્ચિત્ત લેવાં પડે, જ્ઞાતિબહાર મૂકવામાં આવે વગેરે વગેરે અનેક વિડંબનાઓ જૈનેતર સમાજમાં દૃષ્ટિગત થાય છે તેવું જૈનસમાજમાં હાલ કશું જોવામાં આવતું નથી. એ હર્ષ પામવાની બીના છે. વસ્તુતઃ પરદેશગમન કર્યા વિના—દેશ વિદેશમાં વ્યાપાર ખેડવાની પદ્ધતિઓનો પદ્ધતિસર અભ્યાસ કરી આવ્યા વિના દેશના વ્યાપારની પ્રગતિ કદિ થઈ શકવાની નથી, અને વ્યાપારવિષયક પ્રગતિ જ્યાં જોવામાં આવતી નથી ત્યાં પ્રજા પ્રાયઃ ભૂખમરો જ સહન કરતી હોય છે.

આપણા આર્યાવર્તના પૂર્વના ઇતિહાસ તરફ લક્ષ આપશો તો જણાશે કે પરદેશગમનનાં દ્વારો બંધ નહોતાં, વ્યાપાર, હુન્નર, કળા, કૌશલ્યાદિ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતું પરદેશગમન કોઇ પ્રકારે તિરસ્કરણીય ગણાય જ નહિં, પરંતુ કેટલાક સંપ્રદાયો અમુક વ્યક્તિને પરદેશગમન કરી આવ્યા બાદ પોતાના સંપ્રદાયમાં લેવાની—લોજનાદિક વ્યવહારમાં સાથે રાખવામાં પોતાના સંપ્રદાયનો વિશેષ

દર્શાવે છે. તેનાં કારણો સ્પષ્ટ છે. કારણકે વિરોધ દર્શાવનાર સંપ્રદાય એમ માનતો હોય છે કે—"પરદેશગમન કરનાર વ્યક્તિએ પરદેશમાં નિર્દોષ વનસ્પત્યાદિક આહાર નહિં મળી શકતો હોવાથી મદ્યમાંસાદિક વસ્તુઓનો ઉપયોગ કર્યો હશે, એટલું જ નહિ પરંતુ કોઇ પણ પ્રકારે આહારાદિકમાં શુદ્ધતા જાળવી નહિ હોય."

એવી માન્યતા હોવાના સબબે પરદેશમાં પોતાનો અભ્યાસ વગેરે સમાપ્ત થઇ રહ્યા બાદ આ દેશમાં આવનાર વ્યક્તિને પ્રાયશ્ચિત્તાદિક આપી પાવન કરે છે, પરંતુ પરદેશમાં ગયા પછી અને ત્યાં રહ્યા પછી પણ જેઓ આહારાદિકમાં મક્કમપણે શુદ્ધતા જાળવી શક્યા હોય તેઓને માટે પ્રાયશ્ચિત આવશ્યક નથી. સારાંશમાં, પરદેશગમન આજે સીવીલીયન, સીવીલ સર્જન, બારીસ્ટર, એમ. ડી, આદિ માત્ર થવા માટે વર્તમાન યુગમાં ન હોવું જોઇએ. કિંતુ વ્યાપારમાં વધારો કરવાના હેતુપૂર્વક થવું જોઇએ.

રૂઢિનાં કેટલાંએક અયોગ્ય બંધનો તરફ ખ્યાલ કરતાં જણાશે કે તે પણ આપણી પ્રગતિમાં આડખીલ સમાન ભાગ ભજવે છે. વસ્તુતઃ રૂઢિ એટલે રીવાજ. કોઇ પણ રીવાજનો મ્હોટો ભાગે પ્રસાર થાય છે ત્યારે તેના પ્રસારમાં કંઇક શુભ ઉદ્દેશ અવશ્ય સમાયલો હોય છે. પરંતુ દેશ, કાળ, ભાવ અને ક્ષેત્રમાં યથાસંભવ પરિવર્તન થતાં એટલો વિવેક પ્રત્યેક પ્રસંગે કરવો જોઇએ કે પરંપરાથી ચાલી આવતી અગર નવીન દાખલ થયેલી અમુક રૂઢિ સમાજની પ્રગતિસાધક છે કે બાધકારક છે? આ પ્રશ્નનું નિરાકરણ કર્યા વગરજ અંધશ્રદ્ધાથી જો અમુક રૂઢિનું અવલંબન લેવામાં આવે છે તો પરિણામ ઘણું વિપરીત આવતું જોવામાં આવે છે. સુજ્ઞ અને પ્રથક્કરણ કરનારા જનો એવી રૂઢિના ભોગ થઇ પડતા નથી. ગાડરીયા પ્રવાહરૂપ ચાલતા જમાનામાં જો કે રૂઢિબંધનો અનેક છે તોપણ તેમાંના એકાદનું પરિણામ આપણે તપાસી જોઇએ. દાખલા તરીકે, હિંદુ સમાજમાં કન્યા કેળવણી પ્રાયઃ બાર તેર વર્ષની વય સુધી લઇ શકાય છે. ત્યારપછી પણ કેળવણી ચાલુ રહી હોય તો તુરત અજ્ઞાન કુટુંબજનો ટીકા કરવી શરૂ કરે છે. ખરેખર, આ ટીકા તદ્દન અનુચિત છે, નિરર્થક છે અને કન્યા કેળવણી આગળ ન વધવા દેવાનો પ્રયત્ન છે. પરિણામે આજની કન્યા ભવિષ્યમાં માતૃપદ ધારણ કરે છે ત્યારે પોતાની સંતતિનું સત્યાનાશ વાળે છે. પોતે કેળવાયલી નહિ હોવાથી બાળબચ્ચાંઓમાં ઉચ્ચ સંસ્કારારોપણ બીલકુલ સ્થાપી શકતી નથી. અને તેથી બાળકોમાં મહત્વાકાંક્ષા શી રીતે પ્રકટે? આવી અનેક રૂઢિઓની બેડીમાં ભારતીય સમાજ જકડાઇ પડ્યો હોવાથી પોતે હાલ તો ઉંચું માથું કરી શકતો નથી, પરંતુ જેમ જેમ રાષ્ટ્રિય કેળવણીનો પ્રસાર થશે તેમ તેમ ઉદય થતો જશે.

સમાજમાં ધર્મીય વિચારોએ કરેલું સ્થાન પણ કંઇ જેવું તેવું

નથી. ધર્મનું-નીતિનું (પ્રમાણિકતા-ધૈર્ય-દયા-વિનય-વિવેક-સભ્યતા આદિનું) અસ્તિત્વ કોઇપણ પ્રજામાં આવકારદાયક જ ગણી શકાશે. પરંતુ તેની સાથે જ્યારે બગવૃત્તિ જોવામાં આવે છે, ત્યારે તેની કોડી જેટલી પણ કિંમત અંકાતી નથી. આજે ધર્મનાં અત્યુચ્ચ સિદ્ધાંતોનું ઘણેખરે ઠેકાણે કશું ઠેકાણું નથી. પરંતુ માત્ર એકલીજ બાહ્ય ક્રિયાઓને જ પ્રધાનપદ અપાતું હોય તો એ તો ધર્માંધતાનો એક નમુનો કહી શકાય.

આ વૃત્તિ જ્યાં પ્રવેશ કરતી જોવામાં આવે ત્યાં સાવધાનતા ધારણ કરી તેનો સુધારો કરવા યત્ન કરવો જોઇએ. આવા વિચારો જ્યાં જ્યાં પ્રવર્તતા હોય છે ત્યાં ત્યાં કદિ સ્વપ્ને પણ ઉન્નતિનાં દર્શન થતાં નથી. ઉપરના કથનનો ફલિતાર્થ એવો છે કે નીતિના ઉચ્ચ સિદ્ધાંતો જેવાં કે, પ્રમાણિકતા, દયા, ધૈર્ય, ઔદાર્ય, શૌર્ય, કર્મનિષ્ઠતા આદિ ચુસ્તપણે પોતાનામાં સ્થાપિત કરવાં જોઇએ અને સાથે સામાયિકાદિ આવશ્યક નિત્ય કર્મો કરવામાં આવે તે ફળદાયક ગણાય. પરંતુ નૈતિક સદ્ગુણોનું કશું ઠેકાણું પણ હોય નહિ, અને કેવળ બાહ્ય ક્રિયાઓ કરવામાં આવે તો તેનો કશો અર્થ નથી. ધાર્મિક યા નૈતિક પ્રત્યેક પ્રવૃતિ વિચારપૂર્વક, સમજપૂર્વક અને વિવેકપૂર્વક કરવામાં આવે તોજ ફળસાધક થઇ પડે છે. અન્યથા તો તે ધર્માંધતામાં જ ખપે છે. (અપૂર્ણ.)

કાળ અને આત્માનું બળાબળ.

આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર જેને પાશ્ચાત્ય લોકો બુદ્ધિવાદની પરાકાષ્ઠા કહે છે તેના અને જૈન દર્શનના પરમાણુવાદ (materialism) ના સિદ્ધાંતો લગભગ એકજ દૃષ્ટિબિંદુ (point of view) માં સમાય છે એમ કહેવું જરા પણ અતિશયોક્તિ ભરેલું નથી. વિજ્ઞાને એમ સાબીત કરી આપેલું છે કે જ્યાં હાલમાં મોટા પહાડો દૃશ્યમાન થાય છે ત્યાં એક વખતે સમુદ્ર ગંભીર ગર્જના કરી રહ્યો હતો તેમજ જ્યાં હાલમાં મહાસાગર વિદ્યમાન છે ત્યાં એક વખતે પર્વતો ઉભા હતા. અગ્નિ પાણી વડે સોસાઇ જાય અથવા પાણી અગ્નિને બુઝાવી નાંખે છતાં વિજ્ઞાને સિદ્ધ કરેલું છે કે પાણી અને અગ્નિના એક પણ કારણનો વિનાશ થયેલો નથી. સમુદ્ર અને પર્વતોનું રૂપાંતર થવા છતાં તેના કારણો-પરમાણુઓ કાયમ રહેલાં છે. ફુલો ખરી પડે, ફળો પાકી જાય, અસંખ્ય વૃક્ષો દાવાનળથી ભસ્મ થઇ જાય અને અમૂલ્ય હીરાઓના કોલસા થઇ જાય તો પણ વિજ્ઞાન ફુલ, ફળ ઝાડ અથવા હીરાઓનું રૂપાંતર થયું છે તેમજ કહે છે; કારણ કે જે પરમાણુઓ ફુલ-ફળ, ઝાડ

અથવા હીરાઓનાં ઔદારિક દેહમાં ગુંથાઇ સૌંદર્ય રૂપે ખીલી નીકળ્યા હતા તેમાંના એક પણ પરમાણુનો નાશ થયો નથી. માત્ર આકૃતિઓ વિવિધ રૂપે બદલાતી ચાલે છે. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યયુક્ત સત્ એ સિદ્ધાંતથી રચાયલું જૈન દર્શન પણ પ્રત્યેક પદે એજ હકીકત પ્રકાશમાં મુકે છે અને તેથી જ જગત્ અને પદાર્થોને જૈન દર્શન અનાદિસિદ્ધ માને છે.

આ અનાદિપણું પરમાણુથી માંડીને મહાસ્કંધો પર્યંત મુખ્યત્વે કરીને પાંચ સમવાય-કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મ-ઉપર રચાયલું છે. પદાર્થોનું સંઘટ્ટન વિઘટ્ટન કાળના નિયમને અનુસાર-પર્યાયોના ફેરફાર અનુસાર-થયા કરે છે. કાળનું પરિવર્તન અનેક ફેરફારો કરી નાંખવા છતાં પદાર્થોનું મૂળ સ્વરૂપ કાયમ રહે છે. જેમ કાળની અસર જડ વસ્તુઓ ઉપર થાય છે તેમજ ચૈતન્ય-આત્મા ઉપર પણ તે તેવીજ અસરો પ્રકટાવે છે. પરંતુ જડ અને ચૈતન્યની કોટિઓ જુદા જુદા સ્વભાવવાળી હોવાથી આત્મા ઉપર જ્યારે કાળની અસર પોતાનું કાર્ય બજાવ્યે જાય છે ત્યારે તે આત્માની સળળતા તે કાળની સામે પોતાના સામર્થ્યનું વાતાવરણ ઉત્પન્ન કરી શકે છે.

મનુષ્યપ્રાણીના સંબંધમાં તેમજ તેથી નીચી કોટિના આત્માઓના સંબંધમાં કાળથી પ્રત્યેક ક્ષણે આયુષ્ય ઘટવા છતાં-એક શરીરમાંથી અન્ય શરીરમાં પ્રવેશ થવારૂપ-રૂપાંતર પામવારૂપ-આયુષ્યનો ક્ષય થતાં-કાળનું સામર્થ્ય વ્યક્ત સ્વરૂપમાં દૃષ્ટિગોચર થાય છે. આ જગતમાં મુખ્યત્વે કરીને દરેક મનુષ્યના હૃદયમાં હર્ષ અને શોકરૂપ બે પરસ્પર વિરોધી દ્વંદ્વો પ્રકટ અથવા અપ્રકટપણે રહેલા છે. આ બંને દ્વંદ્વોની ઉત્પત્તિનું સ્થાન જન્મગૃહ અને સ્મશાનના દૃશ્યોથી સમજી શકાય છે. જે કાળે જન્મગૃહ તરફ મનુષ્યોની નજર જાય છે તે કાળે આનંદમાં ઉન્મત્ત બની જાય છે, પરંતુ સ્મશાન ભણી જેમની નજર પહોંચેલી છે અને સ્મશાનને જેઓ છેવટનું સ્થાન માને છે તેઓ મૃત્યુના સંબંધમાં ઉપેક્ષા રાખવાનું કેમ પસંદ કરે? આ સંસારમાં એવો કોઇ પણ પ્રાણી નથી જેને અહીંથી જવું નજ પડયું હોય? આખા જીવનમાં ખાવું, પીવું અને એશઆરામ સિવાય બીજું કાંઇ પણ નહીં કરનારાઓ, અનેક પ્રકારની ધડમથલ અને ભાંજગડ કરનારાઓ તેમજ પારમાર્થિક જીવન ગાળનારાઓ-સર્વેની છેવટની શય્યા સ્મશાન જ છે.

ત્યારે આ સ્મશાનની પેલી પાર કોઇ આધ્યાત્મિક વિચારણા રહેલી છે? જો બીજી કોઇ વિચારણા ન રહેલી હોય તો પાશ્ચાત્ય જડવાદથી જૈનદર્શન અધ્યાત્મવાદમાં જુદું નજ પડી શકે અને જડવાદનો જ વાવટો વિજયવંત થાય. પરંતુ પુનર્જન્મ છે, આત્માને કૃતકર્મનું અવશ્ય ફળ ભોગવવું પડે તેમ છે, સદાચાર

અને દુરાચાર વડે મુક્તિ અને નરકના અધિકારી થવાય છે વિગેરે ગૂઢ આધ્યાત્મિક તત્ત્વો જ્યારે મનુષ્ય સમજવા લાગે છે ત્યારે તે મૃત્યુ કે જે કાળનું વ્યક્ત સ્વરૂપ છે તેથી હાયવિલાપ નહિ કરતાં તેના આંતર સત્યની તપાસ કરવા લલચાય છે અને તે સત્ય સમજાવવાની ખાતર જ્ઞાની પુરૂષોએ સત્શાસ્ત્ર રચેલાં છે.

કાળની અસર જડ અને આધ્યાત્મિક બંને તત્ત્વો ઉપર વ્યાપક હોય છે; કેમકે કાળધર્મ હમેશાં નવું જુનું કરવાનો હોય છે. પરંતુ દુર્જન અને સજ્જન બંનેનો હિસાબ સંગ્રહી રાખવાનો તેનો સ્વભાવ છે અને આ બન્નેના ઇતિહાસથી મનુષ્યપ્રાણીઓને હેયોપાદેયતાનો વિવેક પ્રકટ થાય છે. સજ્જનોના વર્તનની શુભ અસર જ્યારે કાળનો ઈતિહાસ નોંધી રાખે છે ત્યારે મનુષ્યોને તે સુંદર ક્ષણે કાળ અને આત્માનું બળાબળ સમજવાનું પ્રાપ્ત થાય છે. પરમાત્મા મહાવીરનું નામ લગભગ ચોવીશ સૈકાઓ વીતવા છતાં અમર રહી ઉત્સાહી મનુષ્યોને સ્વાર્થત્યાગ અને સુખ દુઃખના સંયમનનું કેવું અપૂર્વ શિક્ષણ આપી રહ્યું છે? કાળ ઉપર સ્વામિત્વ મેળવી અમર થવા ઇચ્છનાર એ મહાત્માની ઓળખાણ થવા માટે કેવા ઉન્નત હૃદયની જરૂર છે? જેમની દેશનામાં મૃગ અને સિંહાદિ પરસ્પર જન્મવિરોધી પ્રાણીઓ ચિત્રની મૂર્તિની જેવા સહયોગી બની તેમનું વાક્યામૃત ઝીલવા બેઠા હશે તે વખતે તે કાળના મનુષ્યોને તેમની અપૂર્વ સમતાનું ભાન કેવું થયું હશે? આપણે તેની કલ્પના કરી શકીએ તેમ નથી. તે વખતનો કાળ જ તે તે મનુષ્યોના મન ઉપર અસર કરી શકે છે.

ત્રણે જગતના પ્રાણીપદાર્થોની વ્યવસ્થા સમજવાને માટે કાળની કલ્પના થયેલી છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનું જેમ અસ્તિત્વ પ્રતીત થાય છે તેમ વસ્તુસ્વરૂપે અણુ અથવા સ્કંધરૂપે કાળ વિદ્યમાન નથી, પરંતુ તેની સત્તા સર્વ પ્રાણીપદાર્થોમાં વ્યાપક રૂપે છે.

નિર્બળ આત્માઓ—જેમને કાળની કશી કિંમત નથી છતાં કાળ તો પોતાનું સામર્થ્ય તેમના ઉપર ચલાવતો જ હોય છે—આલસ્યમાં અથવા ભોગતૃષ્ણાને છવનપર્યંત તૃપ્ત કરવામાં પોતાનું જીવન સમાપ્ત કરી દે છે. અમૂલ્ય માનવજન્મની—કાળે માર્ગ કરીને પ્રાપ્ત કરાવેલા મનુષ્યપણાની—કિંમત તેમને હોતી નથી. તેઓ નિરંતર ઢિંઢિંમ વગાડીને કાળનો જ દોષ કાઢતા હોય છે. "ભાઇ! શું કરીએ? હજી વખત આવ્યો નથી." આ અને આવા જ અર્થસૂચક શબ્દો હમેશાં તેમનાં મુખમાંથી નીકળતા હોય છે.

'સમય સમય બળવાન છે, નહિ પુરૂષ બળવાન' એ વાક્ય કાળની મહત્વતા દર્શાવનાર છે. એક ગરીબ અમીર મનુષ્યને એકદમ પૂર્વકર્મ યોગે નિર્ધન થતો

જોઇને આવું વાકય ઉચ્ચારાય છે, પરંતુ વસ્તુતઃ તેની રૂપાંતર પામેલી પરિસ્થિતિ પૂર્વકૃત કર્મ અને તદનુસાર થયેલી તેની બુદ્ધિને આભારી છે.

વિવેકશક્તિસંપન્ન સબળ આત્માઓ કાળ ઉપર દોષારોપ મુકી ઉદ્યમને તજી દેતા નથી. તેઓ આમ કરવાને ઉત્સાહી હોવાથી અમુક અંશે કાળ ઉપર પોતાના આત્માનું સામર્થ્ય ચલાવે છે એમ કહેવામાં જરાપણ ખોટું નથી. શાસ્ત્રમાં સ્થળે સ્થળે આશ્ચર્યજનક રીતે જોવામાં આવે છે કે મહાત્માઓએ બહુ કાળે ભોગવવા યોગ્ય કર્મને અલ્પ કાળ ભોગ્ય બનાવી દીધું. કર્મની અપવર્તનાઓ આત્માના પ્રબળ ઉત્સાહ અને વેગને આભારી હોય છે. છેવટે આયુષ્યકર્મને જીતી અમર થનાર મહાત્માઓએ કાળ ઉપર વિજય મેળવ્યો છે એમ કહી શકાય છે, પરંતુ કાળનું અવ્યક્ત સ્વરૂપ સિદ્ધના જીવો સાથેનો સંબંધ કદાપિ મુકી શકતું નથી અને તે આપણી ગણત્રીને હીસાબે-આપણી અપેક્ષાએ-સંબંધ ગણાય છે. તેથીજ સમગ્ર પ્રાણી પદાર્થ સાથે સંબંધ ધરાવતા કાળના સ્વરૂપને દેખાડતા શ્રીમદ્ દેવચંદ્રજી વદેછે કેઃ-

> દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવગુણ રાજનીતિ એ ચારજી;
> ત્રાસ વિના જડ ચેતન પ્રભુની કોઇ ન લોપે કારજી.

અર્થાત્:—કાળના નિયમને સર્વ પ્રાણીપદાર્થોને આધીન રહેવું પડે છે. કાળ-દ્રવ્યની સત્તા ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં છુપાયલી છે. કાર્યકારણના નિયમને આધીન રહેલા જગતની પ્રત્યેક ગણત્રી કાળથી જ મપાય છે.

કાળના નિયમને અનુસરીને વિચાર, અને કર્તવ્યભાવનાના સ્વરૂપમાં અનેક ફેરફાર થતા જાય છે. કેટલાક જૂના વિચારોનું સ્થાન નવા વિચારો લે છે. આવી સ્થિતિમાં જનાનાને ઉપયોગી જીવનવિકાસમાં જલ્દી સહાય થાય અને પૂર્વકાળનું લક્ષ્યસ્થાન ચેમને એમ રાખી યોગ્ય પ્રતિબિંબ ઝીલે એવું વિચારવાતાવરણ ઉત્પન્ન કરવાની ખાસ જરૂર છે. પૂર્વકાળના દૃષ્ટિબિંદુને હાનિ ન પહોંચવી જોઇએ એ હકીકતને લક્ષમાં રાખીને પણ આચારનાં બાહ્ય સ્વરૂપો જે કાળક્રમે રૂપાંતર પામ્યે જાય છે તેને અનુકૂળ શુદ્ધ સ્વરૂપમાં મુકવાની આવશ્યકતા આવી પહોંચી છે. એ પ્રત્યેક અનુભવી મનુષ્ય સમજી શકે તેમ છે, નહિ તો પૂર્વ અને પશ્ચિમના બુદ્ધિ અને હૃદયનાં આન્તર (Subjective) અને બાહ્ય (Objective) સ્વરૂપોના સંઘર્ષણથી કાળક્રમે કયાં કયાં નવીન બળો ઉત્પન્ન કરશે તે ભવિષ્યકાળને જ સોંપવું પડશે.

ફત્તેહચંદ ઝવેરભાઇ.

माध्यस्थ्यं धर्म भूषणम् ।

અનાદિ સંસારચક્રમાં પરિભ્રમણ કરવાવાળા અનંતાનંત જીવોમાં માધ્યસ્થ્ય ગુણ યુક્ત કતિપય જીવ જ હોઇ શકે છે. તેમાં પણ માધ્યસ્થ્ય ગુણની પરાકાષ્ટાએ પહોંચેલા એવા સર્વોત્તમ વીતરાગ જીવોની તો આ હડહડતા કલિયુગમાં આ ભારતવર્ષમાં કિંવદન્તી પણ નથી. તથાપિ " **शुभे यथाशक्ति यतनीयम्** " વાક્યની સાર્થકતા કરતા કેટલાક જીવો વીતરાગદશાની માધ્યસ્થ્ય ગુણની યત્કિંચિત્ તુલના કરતા જોવામાં આવે છે. એ ખુશી થવા જેવું છે. દરેક વસ્તુ શનૈઃ શનૈઃ પોતાના અસલ સ્વરૂપને પ્રાપ્ત થાય છે અથવા એમ કહીએ કે પરિસમાપ્તિને પહોંચે છે. અનાદિકાળથી કર્મોના આવરણોમાં અવરાયલો જીવ એકદમ કર્મ રહિત–કર્મથી મુક્ત સિદ્ધ પરમાત્મ સ્વરૂપ થતો નથી. પણ માટીના લેપથી ભારે થએલું તુંબડું જેમ જેમ માટી ખરતી જાય છે તેમ હલકું થતું થતું આખરે પાણીની ઉપર આવી તરે છે એવીજ રીતે જીવ પણ કર્મભારથી હલકો થતો થતો આખરે કર્મ રહિત થયો થકો લોકાગ્ર–સિદ્ધસ્થાન–ચિદાકાશ અપુનરાવૃતિ ગતિને પ્રાપ્ત થાય છે. કર્મરહિત થવાનું મુખ્ય સાધન કર્મબંધના સાધનને અટકાવવાનું છે. એટલે " **कारणाभावे कार्याभावः** " સિદ્ધજ છે. કર્મબંધનનું મુખ્ય કારણ રાગ દ્વેષ છે. રાગ દ્વેષ ટળે તો કર્મ બંધ ટળે. રાગદ્વેષ ત્યારે ટળે જ્યારે માધ્યસ્થ્ય ગુણ મળે. જેટલો જેટલો માધ્યસ્થ્ય ગુણ મળતો જાય તેટલો તેટલો રાગદ્વેષ ટળતો જાય છે અથવા તો એમ કહો કે જેટલો જેટલો રાગદ્વેષ ટળતો જાય છે તેટલો તેટલો માધ્યસ્થ્ય ગુણ મળતો જાય છે. જેમ જેમ માધ્યસ્થ્યગુણ મળતો જાય છે તેમ તેમ વીતરાગદશાની પ્રગતિ થતી જાય છે. યાવત્ પરિસમાપ્તિ વીતરાગ શુદ્ધ સચ્ચિદાનંદ પરમાત્મ સ્વરૂપ જીવ પોતાની અસલીયત–પોતાના સ્વભાવધર્મને પ્રાપ્ત થાય છે. " **वत्थुसहावो धम्मो** " સ્વભાવ એજ વસ્તુનો ધર્મ છે. એટલે જ્યાં સુધી પૂર્ણ ધર્મસ્વભાવ પ્રગટ ન થાય ત્યાં સુધી ધર્મી વસ્તુ પૂર્ણતયા માની નથી જાતી. માટે આત્મસ્વરૂપની પ્રાપ્તિ પરિસમાપ્ત કરવામાં માધ્યસ્થ્ય ગુણનું આલંબન લેવું ઉચિત છે. યદ્યપિ " **स्वधर्मे निधनं श्रेयः, परधर्मो भयावहः** " કહેવાવાળા ઘણા છે. પણ માધ્યસ્થ્ય ગુણના ધણી બની પરમાર્થ બતાવવા વાળા વિરલા હોય છે. પોતપોતાનું તો બધાય ગાય છે. પણ માધ્યસ્થ્ય અવલંબી તટસ્થ તરીકે બીજાનું ગાણું ગાવાવાળા વિરલા પુરૂષો નજરે પડે છે. માધ્યસ્થ્ય અવલંબવા વાળા પોતાના આત્માને દુનિયામાં વિશ્વાસુ બતાવતા યાવત્ ઉત્ક્રાન્તિ–ઉન્નતિ દશાને પ્રાપ્ત થાય છે અને એજ માટે તેઓ માધ્યસ્થ્યનું અવલંબન લે છે, અને એજ ધર્મનું ભૂષણ છે, એજ આત્માનું ભૂષણ છે, અને એજ આત્માનું સ્વરૂપ છે.

આજ અમારી પાસે એક પુસ્તક આવેલ છે. જેણે અમારા વિચારને ઉતેજીત કરેલ છે. પુસ્તકનું નામ છે. " જૈનધર્મપર એક મહાશયકી કૃપા " પુસ્તક હિંદી ભાષામાં સભ્યતાથી ભરપૂર પંડિત હંસરાજ શર્માનું લખેલ છે. અને પંડિત ભાગમલ્લ જલંધર પંજાબ નિવાસીએ પ્રગટ કરેલ છે. જેની કીમત ચાર આના છે. મળવાનું ઠેકાણું—" શ્રી જૈન આત્માનંદ સભા " અંબાલા શહેર (પંજાબ) અને શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, રોશન મુહલ્લા, આગરા (યુ પી.) છે. પુસ્તકનો વિષય આગ્રા નિવાસી મુનશી મગન વિહાર મુહકકીકે " मांसाहारका आदि प्रचारक कौन " આ નામનું એક પુસ્તક લખી એ જાહેર કર્યું છે કે દુનિયામાં માંસાહારનો ફેલાવો કરનાર જૈનો છે. જૈનોના પૂર્વજો સઘળા માંસાહારી હતા, વિગેરે. તેનો સપ્રમાણ ઉત્તર આપવામાં આવેલો છે. જૈનોએ પોતે જે કામ કરવાનું તે એક બ્રાહ્મણ પંડિતે મધ્યસ્થ રીતે કર્યું છે. તેથી જૈન તેમજ જૈનેતર સર્વને લાભપ્રદ નીવડવામાં જરા પણ શક રહેતો નથી.

પંડિતજીની કલમ કેવું કામ કરે છે તે " स्वामी दयानंद और जैनधर्म " નામનું પુસ્તક જેણે જોયું હશે તેને બરાબર અનુભવ છે. એટલે તેની વધારે ઓળખાણ કરાવવાની જરૂર નથી. સ્વામી દયાનંદ અને જૈનધર્મ નામનું પુસ્તક કે જે " શ્રીઆત્માનંદ પુસ્તક પ્રચારક મંડળ, રોશન મુહલ્લા, આગરા (યુ. પી.) થી આઠ આનામાં મળે છે. તેમાં " સત્યાર્થ પ્રકાશ " માં સ્વામી દયાનંદ સરસ્વતીજીએ જૈનોપર જે જે અસત્ય આક્ષેપો કરેલા છે તેનો પ્રત્યુત્તર મધ્યસ્થ દૃષ્ટિએ આપવામાં આવેલ છે. એવીજ રીતે આ પુસ્તકમાં પણ એક આર્યસમાજી તરફથી અનુચિત હુમલો કરવામાં આવ્યો છે. તેનો જવાબ સભ્યતાપૂર્વક આપવામાં આવ્યો છે.

પુસ્તક સાદોપાંત વાંચવાથી પંડિતજીનું જ્ઞાન, તેમની લેખનકળા અને સભ્યતાની સાથે મધ્યસ્થતા ઝળકી આવે છે. ગઈ સાલ આચાર્ય શ્રીસાગરાનન્દસૂરિજીનું ચોમાસું મુંબઇ ગોડીજીના ઉપાશ્રયમાં હતું તે વખતે પર્યુષણના દિવસોમાં સદરહુ આર્યસમાજીના પુસ્તકો બાબત ઘણો પ્રોટેસ્ટ ઉડાવવામાં આવ્યો હતો. જે તે વખતે હાજર રહેલા પેઢી સર્વ જૈનીઓની જાણમાં છે. આજસુધી જૈનો તરફથી એ બાબતમાં કાંઈપણ પગલાં ભરવામાં આવ્યાં હોય એમ સાંભળવામાં આવ્યું નથી. માલમ પડે છે કે જૈનો ઘરમાં ને ઘરમાંજ લડવે શૂરા છે. એક જૈન જરા કોઈ વાતે સ્ખલના પામે તો તેની પાછળ તો ચારે તરફથી ડંડુકા લઈ ઉતરી પડવા બધા ભીમસેનના ભાઈ બનવા તૈયાર થઈ જાય છે પણ એક જૈનેતર જે જૈનો પર હડહડતું અસત્ય આળ મૂકે ત્યાં ઉભા ઉભા ચોઢણો કરવા મંડી પડશે ! આવી સ્થિતિમાં એક બ્રાહ્મણ પંડિત જૈનોનું કામ કરી બતાવે—જૈનોને મદદ આપે તો તેને

જૈનો તરફથી બીજું કાંઇ નહિ તો ધન્યવાદ તો મળવો જ જોઇએ. માટે અમે એક જૈન તરીકે પંડિતજીની કૃતિને માન આપી પંડિતજીને ધન્યવાદ આપીએ છીએ. સાથે વિચારશીલ પુરૂષોને પ્રાર્થના કરીએ છીએ કે આપ સદરહુ પુસ્તક મંગાવી ધન્યવાદ આપવા લાયક હોય તો અમારા ધન્યવાદનું અનુમોદન કરશો.

શેઠ મણિલાલ સૂરજમલ. મુંબઈ.

હિત વચન માળા.

(લે૦ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ)

૧ એક વખત પોતાની ઉપર કરેલા ઉપગારના સ્મરણથી કૃતજ્ઞતા વડે સજ્જન હોય તે સામાં (ઉપગારી) એ કરેલા સેંકડો અપરાધને સહે છે-દરગુજર કરે છે, જ્યારે નીચ-દુર્જન, સેંકડો ઉપગાર કરનારનો પણ રૂડો બદલો વાળવો તો દુર રહે પણ ઉલટો અપકાર કરવા ચુકતો નથી. ઉપગારીનું પણ અહિતજ કરે છે.

૨ જે રાજાના વૈદ્ય, ગુરૂ અને મંત્રી મીઠા બોલા-ખુશામતીઆ હોય છે તેના શરીર ધર્મ અને ભંડારનો તરત નાશ થાય છે.

૩ જે જેમાં રકત હોય તેમાં તે ગુણજ દેખે છે અને જેથી વિરકત હોય તેમાં દોષજ દેખે છે. જે નિર્પક્ષ-મધ્યસ્થ હોય તેજ યથાશસ્થિત ગુણ તથા દોષ દેખી જાણી શકે છે.

૪ અતિ ઉગ્ર પુન્ય અને પાપનું ફળ જીવને અહિંજ પ્રાપ્ત થાય છે. જે જેવું કર્મ કરે છે તે તેવું તેનું શુભાશુભ ફળ પામે છે.

૫ જેણે પરમાનંદ (સ્વાભાવિક આનંદ) જાણ્યો નથી તેવો અજ્ઞ જીવજ ક્ષણિક અને અસાર વિષય સુખને સારભૂત અને રમણિક લેખે છે જેણે કયાંય પણ ઘી જોયું આસ્વાદ્યું નથી હોતુ તેજ બાપડા તેલને પ્રિય લેખે છે-ઘીને બદલે તેલ ખાય છે.

૬ જેમણે નિર્મળ જળવાળાં માનસ સરોવરમાં લાંબો વખત ક્રીડા કરી હોય તે હંસો જેમ સેવાળથી ભરેલા ખાઇના જળમાં નજ રાચે, તેમ પરમાનંદનો અનુભવ કરનારા ઉત્તમ વિવેકી જનોને ક્ષણિક અને અશુચિમય વિષય સુખમાં રતિ-પ્રીતિ નજ થાય.

૭ શિષ્ય, મિત્ર, ચાકર પુત્ર અને સ્ત્રી પ્રત્યે અતિ આક્રોશ-તર્જના-તાડનાદિકનો પ્રયોગ કરવો નહિ. 'કેમકે તેમ કરવાથી, જેમ દહીંને અતિ ઘણું મથવાથી (વલોવવાથી) માંખણ જુદું પડે છે તેમ તેમના અંતરમાં રહેલો સ્નેહ દુર થઇ અલોપ થઈ જવા પામે છે.

૮ ક્ષીણમોહ-નિર્મોહી મહાત્માઓ રોષ તોષને વશ થતાં નથી. મોહ ઘેલા વિકળ જનોજ ક્ષણમાં રૂષ્ટ અને ક્ષણમાં તુષ્ટ થતાં હાંસી પાત્ર બને છે.

૯ સમ સર્વત્ર સમભાવ રાખનારા મહામુનિઓ શત્રુ કે મિત્ર, તૃણ કે સ્ત્રી વર્ગ, સુવર્ણ કે પથ્થર, મણિ કે માટી અને મોક્ષ કે સંસારમાં ભેદ-વિશેષ લેખતા નથી.

૧૦ એવા નિસ્પૃહી મહાત્માઓને માન અપમાન કે નિંદા સ્તુતિમાં વ્યગ્રતા વિષમતા થતી નથી- તેમનું મન ઉચું નીચું થતું નથી પણ સમતોલ રહી શકે છે.

૧૧ તેવા સંત પુરૂષો ચંદ્ર જેવી શીતળતા વર્ષાવનારા, સાગર જેવી ગંભીરતા રાખનારા અને ભારંડપંખીની જેમ પ્રમાદને પરિહરી સદાય સંયમ માર્ગમાં સાવધાન રહેનાર હોય છે. વળી તેઓ કમળની જેમ રાગ-દ્વેષથી નિર્લેપ રહે છે તેમાં લેપાઇ-રંગાઇ જતા નથી. આવા મુનીશ્વરો સંયમ નાવ વડે આ સંસાર સાગરને જલ્દી તરી જાય છે, એટલુંજ નહિ પણ અનેક ભવ્ય જનોને આ ભયંકર જન્મ મરણ રૂપ દુઃખથી જળથી ભરેલો ભવસાગર તરી જવામાં સહાયભૂત થાય છે.

૧૨ ઉક્ત ઉત્તમ સાધુ જનોનું અનન્ય ભાવે શરણ ગ્રહણ કરી યથાશક્તિ ઇન્દ્રિય દમન કરનારા, ક્રોધાદિક ચારે કષાયનો નિગ્રહ-નિરોધ કરનારા, હિંસાદિક પાપ સ્થાનકોને તજી દયા સત્યાદિકનું યથાવિધિ પાલન કરનારા અને મન વચન કાયાનો બને તેટલો સાવધાન પણે સદુપયોગ કરનારા ગૃહસ્થ જનો (શ્રી પુરૂષો) પણ યથા યોગ્ય સંયમના પ્રભાવે (સત્ પાત્ર હોઇ તે) ધીમે ધીમે પણ ચોક્કસ પરમાનંદ પદના અધિકારી થઇ શકે છે. ઇતિશમ.

પ્રભુ સ્તુતિ.

(આત્મનિંદા ભાવના)

કરૂં છું નતિ ભાવથી નાથ આપો, સુબુદ્ધિ અને સર્વ દુર્બુદ્ધિ કાપો;
પ્રભુ વિશ્વમાં આશરો છે તમારો, ભવાંભોધિમાં ડુબતાંને ઉગારો. ભ૦ ૧
સ્તુતિ ના કદીએ કરી આપની મેં, કરી ગોહડીઓ સદા પાપની મેં;
વિચાર્યા નહીં મેં કદી સુવિચારો. ભ૦ ૨
રચ્યા જાળ મેં તુચ્છ આશા ધરીને. ધર્યો હર્ષ મેં મુગ્ધને છેતરીને;
કર્યા છે પ્રપંચો પ્રભુ મેં હજારો.... ... . ભ૦ ૩
વિલો ! માનની જાળ માંહી ફસીને, કરી મેં અવજ્ઞા તમારી હસીને;
કર્યા લોભ ને ક્રોધના કારભારો.... .... ભ૦ ૪

જપ્યો જાપ નાહિ વિલો ! આપનો મેં, કર્યો સાથ છે શોક સંતાપનો મેં;
કર્યો પાપમાંહિ પ્રભુ મેં વધારો.... .... ભ૦ ૫
યમ ગર્જનાની ઉપેક્ષા કરી મેં, દુરાચારની સેવના આદરી મેં;
તજ્યો મેં પવિત્રાઇનો માર્ગ સારો. ભ૦ ૬
નીવાર્યું નહિ ચિત્તને ભોગથી મેં, લગાડયું નહિ ચિત્તને યોગથી મેં;
ગયો રોગ માંહી સહુ જન્મ મારો. ભ૦ ૭
વીદાર્યા ઘણા પ્રાણીઓ સ્વાર્થ સારૂ, નથી જોયું મેં કાર્ય સારૂં નઠારૂં;
કરી ચિત્ત કાઠું કર્યો મેં ઘસારો. ભ૦ ૮
રહાવ્યા ઘણા રાંકને કષ્ટ આપી, પ્રભુ આપની આણ છે મેં ઉત્થાપી;
નહીં વાંક મારો વિલો ઉર ધારો. ભ૦ ૯
પ્રભુ શીખ માની નહીં મેં તમારી, સદા રાગ ને દ્વેષની આણ ધારી;
ગ્રહ્યો માર્ગ તેથી સદા મેં નઠારો. ભ૦ ૧૦
ભુલાવી પ્રભુ ભાન પોતાતણું મેં, ગુમાવ્યુ સહુ છે પ્રભુ આપણું મેં;
વિપત્તિ તણો મેં ન જોયો કિનારો. ભ૦ ૧૧
નેત્રોએ કરી નાથને મેં ન જોયા, બધા દીવસો મેં વિલો વ્યર્થ ખોયા;
પ્રભુ ના કદી આવતો ભાવ સારો. ભ૦ ૧૨
વંધ્ય વૃક્ષની જેમ આ જન્મ જાયે, નહીં કૃત્ય સારાં પ્રભુ તોય થાયે;
મને મૃત્યુ દેખી છુટે છે ધુજારો.... .... ભ૦ ૧૩
દયા લાવીને દીનની સુખ આપો, જરા જન્મ મૃત્યુ તણાં કષ્ટ કાપો;
ગ્રહ્યો છે પ્રભુ હાથતો મેં તમારો. ભ૦ ૧૪
નાથ નામ છે આપનું વીર સ્વામી, ખરા વીર છો વિશ્વમાં આપ નામી;
જણાવ્યો હતો જે પ્રભુ ભાવ મારો. ભ૦ ૧૫

વર્તમાન સમાચાર.

મરૂ મહોદય.

શ્રીમાન્ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજના સ્તુત્ય પ્રયાસથી ગોલવાડ–મારવાડ માં કેળવણી ફંડની શરૂઆત થઇ ચુકી છે; સુમારે અઢીલાખ ઉપર રૂપૈયા ભરાઇ ગયાછે. વળી બાલી–મારવાડમાં પંન્યાસજી શ્રી સાહનવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી લલિત-વિજયજી મહારાજના ચાતુર્માસથી–ઉપદેશથી તે ગામમાં સાઢ હજાર રૂપીયાની રકમ થઇ છે

તેમજ એક શ્રી મહાવીર નવયુવક મંડળ સ્થાપન થયું છે. ઉદ્દેશ કુપોષણના સુધારા કરવાનો છે. વધુમાં જૈનોએ કન્યાવિક્રય કરવાનો તેમજ લગ્ન પ્રસંગે નાચ કરાવવો તેમજ ફટાણા ગાવાનો સર્વથા રીવાજ બંધ કર્યો છે.

ઉપરોક્ત કેળવણી ફંડ માટે થોડા વખતમાં ગોલવાડ પ્રાંતની કમીટી બોલાવવામાં આવનાર છે. જેમાં ધારેલ વિદ્યાલય ક્યે સ્થળે કરવું તે તેમજ કયા ધોરણે કામ લેવું વગેરેનો નિર્ણય કરવામાં આવશે.

ગુજરાતમાં આવેલું શ્રી ઝવેરીવાડજીતીર્થ જેમ ત્યાની હવા પાણી માટે યોગ્ય સ્થળ ગણાય છે તેમ જૈનોના તીર્થસ્થળ માટે પણ ઉત્તમ સ્થાન ગણાય છે ત્યાં અને આસપાસના ગામોમાં કે જ્યાં જૈનોની વસ્તી છે તેઓને ચાતુર્માસમાં મુનિ મહારાજની ઘણી જરૂરીયાત જણાય છે, પરંતુ તેઓ શું કરે ? એક સ્થળે ઘણા મુનિરાજો બીરાજમાન હોય અને તેઓશ્રીની જરૂરીયાતવાળા દિંદના બીજા ઘણા સ્થળો ખાલીજ રહી જાય છે, જેથી ઉપકાર થતો પણ અટકે, બેર ગમ તેમ હો ! પણ આ વખતે આ તીર્થસ્થળમાં મુનિશ્રી જ્ઞાનસુંદરજી મહારાજ ચાતુર્માસ રહેવાં હોવાથી તે તીર્થસ્થળની આસપાસ ૨૦ ગામના જૈન બંધુઓ પર્યુષણ પર્વ માં ધર્મારાધન માટે ત્યાં આવ્યા હતા. જેથી યથાશક્તિ લાભ મેળવ્યો હતો. આ સબંધમાં ઉક્ત તીર્થસ્થળના શ્રી સંઘ તરફથી શેઠ દીપચંદ કેસરચંદ તથા શેઠ માણેકચંદ વમળચંદ અમારી મારફત દરેક મુનિરાજોને વિનતિ કરી જણાવવા માગે છે કે અત્રે દરસાલ જો કોઇને કોઈ મહાત્માનું ચોમાસું થાય તો પચાશ ગામના જૈનબંધુઓ ઉપર ઉપકાર થાય તેવું છે, અને તેમ નહીં બનતું હોવાથી આ પચાસ ગામવાળા જૈનબંધુઓ પોતાનો ધર્મ કે આચાર શું છે તે પણ જાણતા નથી.

આવી રીતે આની દક્ષિકત હોવાથી મુનિમહારાજાઓને નમ્ર વિનંતિ કરીએ છીએ કે એક સ્થળે જો વિશેષ સંખ્યામાં મુનિરાજો બીરાજમાન થતા હોય તેને બદલે આવા આવા ગામોમાં કે જ્યાં વિચરવાથી ઉપદેશ દેવાથી માત્ર જૈનો ઉપર ઉપકાર થાય તેટલું જ નહીં પરંતુ વખતે તેવા ગામોમાં જૈનેતર ઉપર પણ ઉપકાર થઇ શકે, આવી બાબત માટે ઘણી વખત બોલાય છે, લખાય છે, પરંતુ લક્ષ આપવું તે અમારા પૂજ્ય મુનિમહારાજાઓની ઇચ્છા ઉપર છે.

(મળેલું.)

દીક્ષા મહોત્સવ.

જયા અષાઢ શુદ ૨ ના રોજ હુશીયારપુર-પંજાબમાં શ્રીમાન્ વિજયાનંદ સૂરીશ્વરજીના પ્રશિષ્ય પંન્યાસજી **શ્રી સુંદરવિજયજી મહારાજે** એક બંધુને દીક્ષા આપી છે, જેનું નામ મુનિ શ્રી લક્ષ્મવિજયજી રાખવામાં આવ્યું છે. આ દીક્ષા મહોત્સવમાં હુશીયારપુરના શ્રીસંઘનો ઉત્સાહ ભારે હતો. પંજાબના મોટા મોટા શહેરોમાંથી જૈન બંધુઓ તે પ્રસંગે આની લાભ લીધો હતો. દીક્ષાનો સર્વ ખર્ચ બંધુ લાલા દોલતરાયજીએ કર્યો છે. તે સાથે તે ઉદાર નરરત્ન પુરૂષે પાઠશાળા વગેરેમાં પણ રકમ આપી છે.

(મળેલું.)

શ્રીમાન્ વિજયાનંદ સૂરીશ્વરજીના પરિવાર મંડળના ચાતુર્માસ.

૧ મુનિરાજ શ્રી જિનવિજયજી મહારાજ પુના-ફરગ્યુસન કોલેજ. શ્રી ભારત જૈન વિદ્યાલય
૨ પંન્યાસજી શ્રી સુંદરવિજયજી વગેરે હુશીયારપુર-પંજાબ.

ગ્રંથાવલોકન.

૧ શેઠ દેવચંદ લાલભાઇ જૈન ગ્રંથોદ્ધાર ફંડનો રિપોર્ટ.

ઉક્ત સંસ્થાનો સં. ૧૯૭૪ ની સાલનો રિપોર્ટ અમોને મળ્યો છે. એક સારી રકમથી અને વ્યવસ્થાપૂર્વક કાર્ય કરનાર આ સંસ્થા તરફથી અનેક જૈન ધર્મના સારા ગ્રંથો બહાર પડી ચુકયા છે અને ધારા પ્રમાણે તેનો લાભ જૈન સમાજને મળે છે. અત્યાર સુધીમાં ૪૭ ગ્રંથો છપાયા છે. અને હજી પ્રયાસ શરૂજ છે કાર્યવાહક કમીટી અને તેમાં ખાસ કાર્ય કરનાર ઝવેરી જીવણચંદભાઇ સાકરચંદને અમો તે માટે ધન્યવાદ આપીયે છીયે. તેમનો આ રિપોર્ટ વાંચવાથી આવા ખાતાના રિપોર્ટ પ્રસિદ્ધ કરવાથી તે કયા રીતે પદ્ધતિસર કાર્ય કરે છે તે માલુમ પડે છે. અમો તેની અભિવૃદ્ધિ ઇચ્છીયે છીયે.

૨ શ્રી મહુવા જૈન મંડળનો સં. ૧૯૭૩ ના ફાગણ માસથી સં. ૧૯૭૫ ના માહા માસ સુધી વર્ષ બેનો રિપોર્ટ અમોને તે ખાતાના શ્રીયુત સેક્રેટરી તરફથી મળ્યો છે, વર્તમાન સમયને જેની જરૂરીયાત છે તેવી કેળવણીની વૃદ્ધિ મહુવા જૈન સમાજમાં કરવા માટેનો આ પ્રયાસ છે. કમીટીના ધંધારણ અને ધારા ધોરણ સાથે આવતી ઉપજનો વ્યય પણ યોગ્ય રીતે આ મંડળ કરે છે તેમ રિપોર્ટ ઉપરથી માલુમ પડે છે. આ સંસ્થા મહુવા નિવાસી જૈન બંધુઓની દરેક રીતે મદદને પાત્ર છે, અમે તેની અભિવૃદ્ધિ ઇચ્છીયે છીયે.

૩ ધી જૈન એસોસીએશન ઓફ ઇંડીયા તરફથી ધી જૈન આરોગ્યભુવન સભા કમીટીનો રિપોર્ટ અમોને મળ્યો છે, મુંબઇમાં જૈનોનું મરણ પ્રમાણ બીજી કોમ કરતાં વધારે આવે છે તે શોચનીય સ્થિતિ જાહેર-પેપર દ્વારા આંકડાઓ આપી નરોત્તમદાસ બી, શાહે તેમજ આ કમીટીના શ્રીયુત સભ્યોએ આ રિપોર્ટ બહાર પાડી બતાવી આપી છે, તે સાથે જરૂરીયાત સ્થળ, પ્લાન, અડસટ્ટા બીજા તેવા સ્થળો તપાસી વગેરે તમામ યોજના પણ ઉપરોકત સંસ્થા પાસે રજુ કરેલ છે જે ખાસ જાણવા જેવુ છે હવે માત્ર ઉદાર જૈન બંધુઓની ઉદારતા ઉપરજ અવલંબી રહેલુ આ કાર્ય જલદીથી વિશાળતાથી કરવાનીજ જરૂર છે ખરેખર પુણ્ય અને અનુકંપાવાળું આ કાર્ય જલદીથી પાર પડે તેમ અમે ઇચ્છીયે તેમજ દરેક જૈન બંધુઓએ આ કાર્યમાં તનમન અને ધનથી મદદ આપવાની જરૂર છે.

અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.
૨ સત્તરિય ઠાણ સટીક–શાહ ચુનીલાલ ખુમચંદ પાટણવાળા તરફથી.
૩ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા–શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૪ ચૈત્યવંદન મહાભાષ્ય. ૫ જૈન મેઘદૂત સટીક.
૬ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ. ૭ જૈન ઐતિહાસિક ગુર્જરરાસ સંગ્રહ.
૮ અંતગડદશાંગ સૂત્ર સટીક–મરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી.
૯ શ્રી કલ્પસૂત્ર–કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્ર રત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાં ધર્મપત્નિ બાઇ ચુનીબાઇ માણસાવાળાની દ્રવ્ય સહાયથી.
૧૦ શ્રી અનુત્તરોવાઈસૂત્ર સટીક શા. કચરામાઇ નેમચંદ ખંભાતવાળા તરફથી.
૧૧ શ્રીનંદીસૂત્ર શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકા સાથે. બુહારીવાળા શેઠ મોતીચંદ મુરચંદ તરફથી.
૧૨ શ્રી ઉપાસક દશાંગ બુહારીવાળા શેઠ પીતાંબરદાસ પન્નાળ.
૧૩ શ્રી નિર્યાવલી સૂત્ર શ્રી શીહોરના સંઘ તરફથી.

છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક.
૨ ષટસ્થાનક સટીક.
૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.
૫ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૬ વિંશતિ સંગ્રહ.
૭ વિજયદેવસૂરિ માહાત્મ્ય.
૮ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૯ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ.
૧૦ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.
૧૧ ધાતુપારાયણ.

નીચેના ગ્રંથો છપાવવા માટે (ભાષાંતર) તૈયાર થાય છે.

(પ્રસિદ્ધ કરવા માટે—જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે).

૧. શ્રી દાનપ્રદીપ (મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત) દાનગુણનુ સ્વરૂપ (અનેક કથાઓ સહિત) જણાવનાર.

૨. શ્રી મહાવીરચરિત્ર (શ્રી નેમીચંદ્ર સૂરિકૃત) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલછે . પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્ણ ચરિત્ર છે.

૩. શ્રી વિમલનાથ ચરિત્ર (શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત) અપૂર્ણ ચરિત્ર.

૪. શ્રી ઉપદેશ સપ્તતિકા (શ્રી સોમધર્મગણિ વિરચિત).

૫. શ્રી ધર્મપરિક્ષા (અપૂર્ણ કથાનક ગ્રંથ).

૬. શ્રી સંબોધ સપ્તતિ—શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની દૃષ્ટિકોણ જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક, બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તેટલુંજ અને વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે, વર્ત્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી–કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં તેના ખપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને (વગર કિંમતે) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનાવલી.

પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થની યાત્રા અને ભક્તિ કરવાના એક સાધન નિમિતે અગોએ આ બુક પ્રસિદ્ધ કરી છે. જેમાં પ્રચલીત અને નવીન અનેક ચૈત્યવંદન, સ્તુતિ, નામ વર્ણન, સ્તવનો વગેરેનો સંગ્રહ કરવામાં આવેલો છે. સાથે નવાણું પ્રકારી પૂજા બે દાખવ કરવામાં આવેલ છે. પોકેટમાં રહી શકે માટે કદ લઘુ કરવામાં આવેલ છે, ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં શુદ્ધ રીતે છપાવવામાં આવેલ છે. ટાઇટલ (પુઠુ) પણ રંગ બે રંગી સુંદર બનાવવામાં આવેલ છે. પરમ પવિત્ર આ તીર્થની યાત્રા અને ભક્તિ કરનારા બંધુઓ માટે એક ઉત્તમ સાધન અને ગોજના કરવામાં આવેલ છે. મુદ્દલથી પણ કિંમત ઓછી રાખવામાં આવેલ છે. કિં૦ ચાર આના પો૦ જુદું. અમારે ત્યાંથી મળી શકશે.

श्री

આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यन्निमूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

પુસ્તક ૧૭] વીર સંવત્ ૨૪૪૫, આશ્વિન. આત્મ સંવત્ ૨૪. [અંક ૩ જો.

શ્રી પ્રભુસ્તુતિ.

શ્રી ગુજરાતી પ્રેસ ૧૯૫૮

માલિની.

ચલકિત કરતા જે અંતરાત્માની જ્યોતિ
પ્રકટ કરી પ્રદીપ કેવલજ્ઞાન રૂપી,
રમણ નિત કરે છે આત્મ આનંદ માંહે,
પરમ પુરૂષ તે તો ચિદ્ઘનાનંદ રીતે.
પ્રકટ કરી અલેટે ભાવના પૂર્ણ હર્ષે,
જીનવર જયકારી આત્મ ઉત્કર્ષ સાધે;
પ્રભુ અતિ ઉપકારી નિત્ય હૃદયે વસીને,
સકલ ભવિ જનોના કર્મના બંધ છેદે.

વિદ્યાનું દેવંત.

સવૈયા. (લાવણી)

(રચનાર—રા. રા. શ્યામજી લવજી ભટ્ટ-વરલ નિવાસી)

અહા ! પ્રભાકર થકી અધિકી પ્રકાશમય પૂરણ વિદ્યા,
ફક્ત સૂર્ય તો બાહ્ય પ્રકાશક અંતર બાહ્ય બધે વિદ્યા;
અમૃતમય કિરણોથી ઈન્દુ બાહ્ય તાપ શામક સુખદા,
બાહ્યાભ્યંતર તણા બહુધા તાપ ત્રિવિધ ટાળક વિદ્યા.
સર્વભક્ષી છે પાવક તદપિ અન્યને નહિ પ્રજાળે કદા,
અમિત જન્મના સંચિત પાતક ભસ્મીભૂત કરે વિદ્યા;
કલિમલહારક અધમોદ્ધારક નદીઓ છે સુરસરિતાદા,
પાવનને પાવન કરનારી પવિત્રતામય છે વિદ્યા
ખર્ચે ખૂટે કાં કોઇ લૂંટે અનેક ભયપ્રદ દ્રવ્ય સદા,
પણ ખર્ચે પ્રતિદિવસ વધે છે ભય રહીત તે ધનવિદ્યા;
અન્ન તૃપ્તિકર ગણાય તદપિ ક્ષણિક ફરજ નિજ કરે અદા,
પણ જીવન પર્યંત લગી છે અખંડ તૃપ્તિકર વિદ્યા.
અમર નાશ પામે કલ્પાન્તે સુધાપાન કરનાર સદા,
'શ્યામ' સંસૃતિ નાશક નિશ્ચય અમૃતમય રસમય વિદ્યા.

કેટલાક પારમાર્થિક શ્લોકો.

પદ્યાત્મક ભાષાંતર સહિત.

રચનાર—શ્રીયુત કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી.

(ગતાંક પૃષ્ઠ ૩૫ થી શરૂ)

पीतोऽगस्त्येन तातश्चरणतलहतो वल्लभोऽन्येन रोषा
दावाल्याद्विमवर्यैः स्ववदनविवरे धारिता वैरिणी मे ।
गेहं मे छेदयन्ति प्रतिदिनमुमाकान्तपूजानिमित्तं
तस्मात्खिन्ना सदाहं द्विजकुलसदनं नाथ नित्यं त्यजामि ॥

(મનહર).

અંજલી કરી અગસ્ત્ય પી ગયા પિતાને મારા,
ભૃગુએ પ્રહાર કીધો પાટુતણો પ્યારાને;
ઉમાપતિતણી સેવા કરવા વિષે જ રોજ,
બ્રાહ્મણો બધાય મળી છેટે ઘર મારાને;
બાળકથી માંડી વૃદ્ધ સુધી સહુ વિપ્રવરો,
મારી વેરી શારદાને મુખ માંહિ ધારે છે,
એથી અતિ ખેદ પામી અંતર સદાય મારૂં,
દ્વિજ ઘેર જતાં, નાથ! નિત્ય મને વારે છે.

इभतुरगरथैः प्रयान्ति मूर्खा धनरहिता विबुधाः प्रयान्ति पद्भ्याम् ।
गिरिशिखरगताऽपि काकपङ्क्तिः पुलिनगतैर्न समत्वमेति हंसैः ॥

(રૂચિરા.)

હાથી, હય કે રથ ગ્યાનામાં બેસી મૂર્ખો જાતે રે,
વિત્તવિના વિદ્વાન પુરૂષો સદૈવ ચરણે ચાલે રે;
ગિરિશિખરપર ભલે બેસતી હોય કાગની હારો રે,
રેતીમાં ફરતા હંસોની સમાન એ નવ થારો રે.

ताम्बूलस्य गुणाः सन्ति सखे शतसहस्रशः ।
एकोऽपि च महादोषो यस्य दानाद्विसर्जनम् ॥

(દોહરો.)

અસંખ્ય ગુણ તાંબૂલમાં, પણ મોટો એક દોષ;
જનને જેના દાનથી, કરાય છે એહોશ.

भवन्ति नम्रास्तरवः फलोद्गमै
र्नवाम्बुभिर्भूरि विलंबिनो घनाः ।
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः
स्वभाव एवैष परोपकारिणाम्

(પુષ્પિતાગ્રા)

તરવર ફળથી નમે વધારે, સુજન સમૃદ્ધિ સમે ન ગર્વ ધારે;
જલથી જલતનો થતો નમાવ, પર ઉપકારી તણો જ એ સ્વભાવ.

क्षमाशस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥

(અનુષ્ટુપ્)

ક્ષમાશસ્ત્ર કરે જેને, તેને દુર્જન શું કરે ?
રણમાં જે પડ્યો વહ્નિ, એની મેળે જ તે ઠરે.

शिशुरपि निपुणो गुरोर्गरीयान्
न तु वपुषैव महान् महत्प्रतिष्ठः ।
मणिरणुरपि भूषणाय पुंसां
न तु पृथुलाऽपि शिला विलासहेतुः ॥

(સોરઠા)

મોટા તે નર જાણ, જેનામાં ગુણ છે ઘણા;
મોટા તો છે પાણ, પણ પે'શય ન કોટમાં.
છે મણિ અણુ સમાન, પણ જન ભૂષણમાં ધરે,
ણાળક પણ ગુણવાન, એમજ મોટપ માણસે.

—આલુ.

મનુષ્યની પ્રભાવશીલતા.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

મનુષ્યને આ વાતનું જ્ઞાન હોય વા ન હોય, તો પણ તેનો પ્રભાવ અન્ય મનુષ્યોપર હમેશાં પડે છે જ. આ વાત સ્વાભાવિક રીતે જ બને છે. સ્વભાવતઃ એક માણસનો પ્રભાવ બીજા માણસપર પડે છે. આમાંથી કોઈ બચી શકતું નથી; પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે મનુષ્ય કદિ વિચાર સરખો પણ નથી કરતો કે બીજા મનુષ્યોપર પોતાનો શું પ્રભાવ પડી રહ્યો છે-મારા સ્વભાવથી, મારા શબ્દોથી, મારી શારીરિક સ્થિતિથી, મારા હાસ્યથી, વા મારા રૂદનથી અન્ય લોકોના જીવનમાં શું પરિવર્તન થાય છે? આ પ્રભાવ હમેશાં ધીમે ધીમે અવ્યક્તપણે પડ્યા કરે છે, જેનો મનુષ્યને કદાપિ ખ્યાલ પણ હોતો નથી. આપણા પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક ક્રિયામાં કશુંક કોઈ પ્રભાવશીલતા રહેલી જ છે. જે શબ્દો આપણે ઉચ્ચારીએ છીએ અને આપણી ઇચ્છા અથવા સંકલ્પ વગર જે શારીરિક પ્રવૃત્તિઓ

ચાલી રહી હોય છે તેમાં વિલક્ષણ પ્રકારની પ્રભાવશીલતા રહેલી છે. આટલો પ્રભાવ ઇચ્છા અથવા સંકલ્પ કર્યાથી પણ આપણે આપણી પ્રવૃત્તિઓથી પાછી શકતા નથી. આખા દિવસમાં એક ક્ષણ પણ એવી નથી જતી કે જેમાં મનુષ્યો પોતાની પ્રભાવશીલતાથી સંસારમાં કાંઇને કાંઇ પરિવર્તન નથી કરતા, પરંતુ એ પરિવર્તન એટલું બધું ધીમે ધીમે થાય છે કે મનુષ્યને એનું પૂરેપૂરું જ્ઞાન પણ હોતું નથી.

તેજ, પ્રકાશ, વિદ્યુત્, આકર્ષણ આદિ પ્રકૃતિની સમસ્ત શક્તિઓ હમેશાં અવ્યક્તપણે અને મૌનભાવે પોતાનું કાર્ય બજાવ્યા કરે છે આપણા દૃષ્ટિપથમાં તે કદિ આવતું નથી. તેની સ્થિતિનું જ્ઞાન આપણને તેનાં કાર્યો અને પરિણામોથી થાય છે. પ્રકૃતિમાં દૃશ્યમાન થતા પદાર્થોનું પરિણામ અદૃશ્ય પદાર્થોના વૈભવની સાથે સરખાવતાં તદ્દન તુચ્છ લાગે છે. દેખાવમા સૂર્ય ઘણો મોટો છે, તેનો પ્રકાશ પણ ઘણો જ વધારે છે; પરંતુ પૃથ્વીના જીવ જંતુઓ તથા વનસ્પતિ વિગેરેના સંપૂર્ણ પોષણ અર્થે સૂર્યનું તેજ પુરતું નહિ હોવાથી વિશેષ પ્રકાશ માટે આપણને તારાઓનો આશ્રય લેવાની જરૂર પડે છે, જે તારાઓ પૃથ્વીથી અતિશય દૂર છે અને તેથી જ જે સંપૂર્ણતઃ જોઇ શકાતા નથી. આમ હજારો રીતે પ્રકૃતિ હમેશાં આપણને બતાવે છે કે અદૃશ્ય પદાર્થોની શક્તિ દૃશ્યમાન પદાર્થોની શકિતથી અનેક ગુણ વધારે છે.

પ્રત્યેક મનુષ્યના હાથમાં ભલું અથવા બુરૂં કરવાની અદ્ભુત શક્તિ રહેલી છે. આ શક્તિ તેના જીવનનો પ્રભાવ છે. અમુક મનુષ્ય વાસ્તવિક રીતે કેવો છે, તેના અંતરંગ ભાવ અને વાસ્તવિક વિચારો કેવા છે એ સર્વનાં પ્રતિબિંબરૂપ એ શક્તિ છે. કોઇ મનુષ્ય કંઈ પણ કાર્ય ન કરતો હોય, તોપણ તે પોતાના જીવનથી સંસારમાં હર્ષ વા શોક, આશા વા નિરાશા, ઔદાર્ય વા કાર્પણ્ય, સુખ વા દુઃખ આદિ ગુણ અવગુણ સર્વત્ર પ્રસારે છે. આપણા જીવનમા બે કાર્યો હમેશાં બન્યાં કરે છે— એક તો એ કે બીજા લોકો ઉપર આપણો પ્રભાવ પાડવો તે અને બીજું આપણા ઉપર બીજાનો પ્રભાવ પડવો તે; કેમકે આપણો બીજા લોકો ઉપર અને બીજા લોકોનો આપણા ઉપર પ્રભાવ નિરંતર પડયાજ કરે છે.

સંસારમાં અનેક સ્ત્રી પુરૂષો એવા હોય છે કે તેઓની ઉપસ્થિતિ માત્ર હર્ષ અને આનંદનું કારણ થઇ પડે છે. તેઓનાં દર્શનમાત્રથી આનંદ અને પ્રમોદ ફેલાઇ રહે છે, વાતાવરણ શાંતિમય જણાવા લાગે છે અને ક્ષણભર તો એવું ભાન થાય છે કે જગત્ આનંદ અને આશાનું જ સ્થાન છે; પરંતુ કેટલાક એવા મનુષ્યો પણ હોય છે કે જેઓની માત્ર આકૃતિ જોવાથી અશાંતિનો અનુભવ થવા લાગે છે, વિનાકારણ આપણા હૃદયમાં ચિંતા અને ગભરાટ ઉત્પન્ન થાય છે, સર્વત્ર નિરાશા

અને નિરાશા જ માલુમ પડે છે, રમણીય સંસાર નિર્જન જંગલ સમાન ભાસે છે, એક કલાક મોટા પર્વત સમાન જણાય છે, કોઇ પણ વસ્તુ સારી લાગતી નથી અને કોઇ કાર્ય કરવાની પણ ઇચ્છા થતી નથી.

વળી કેટલાક મનુષ્યો એવા પણ છે કે જેઓ જીવન-સમુદ્રમાં બરફના પર્વતોની માફક તરતા ફરે છે. કોઇને તેઓની સહાનુભૂતિ હોતી નથી અને તેઓની પાસે કોઇ જઇ શકતું નથી. આવા માણસો સૌથી અલગ રહે છે. કદાચિત્ દૈવયોગે કોઇ તેની પાસે જઇ ચડે છે તો તે પાછળથી બહુ પસ્તાય છે કે હું અહિં ક્યાંથી આવી ચડયો ? તેમજ તે કોઇની પાસેથી નીકળે છે તો શોચ થાય છે કે તે માણસ અહિંઆ ક્યાંથી આવી ચડયો ? આ પ્રકારના મનુષ્યોનો કેવો ભયંકર પ્રભાવ પડતો હશે તે સહજ સમજી શકાય તેવું છે, તેથી તેના વિશેષ વિવેચનની આવશ્યકતા નથી; પરંતુ આટલુંજ કહેવું બસ છે કે જે દુર્ભાગી મનુષ્ય તેની પાસે રહે છે તેનું જીવન અત્યંત દુઃખમય અને કટુતામય હોય છે અને તે જીવંત છતાં મૃતદશા ભોગવે છે એમ કહેવામાં લેશપણ અત્યોકિત નથી. આથી ઉલ્ટું કેટલાક મનુષ્ય એવા પણ હોય છે કે જેઓ ઘણા હસમુખા, પ્રસન્નચિત્ત, ઉદારાત્મા, અને શાંતસ્વભાવી હોય છે. તેઓના ચહેરા ઉપર વીરતા અને સહનશીલતા ઝળકતી હોય છે. તેઓ પોતાના નિયત માર્ગપર નિર્ભયપણે વિચર્યા જ કરે છે. કઠિનતાઓ આવે તોપણ તેઓ સંપૂર્ણ પ્રસન્નતાપૂર્વક તેની સામે ટક્કર ઝીલે છે. આવા લોકોના પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક કાર્યમાંથી આશા અને આનંદનો પ્રવાહ વહે છે. જેવીરીતે સૂર્યના ઉદયથી અંધકાર ચાલ્યો જાય છે અને પ્રકાશ પ્રસરી રહે છે તેવી જ રીતે તેઓની દિવ્ય મૂર્તિના દર્શનથી નિરાશા પલાયન કરી જાય છે અને નિકૃષ્ટ કોટિના મનુષ્યોમાં પણ આશા અને ઉત્સાહનો સંચાર થાય છે.

કેટલાક લોકો મેલેરીયા તાવથી ગ્રસિત થયેલા સ્થાનની જેવા હોય છે. જેવી રીતે મેલેરીયાની હવાવાળા સ્થાનના સંસર્ગથી મેલેરીયાનો રોગ ઉત્પન્ન થાય છે. અથવા જે સ્થાનમાં પ્લેગ, કૉલેરા આદિ ચેપી રોગો પ્રવર્તમાન હોય છે તેવા સ્થાનમાં રહેવાથી ઉક્ત વ્યાધિઓ થવાનો ભય રહે છે તેવી રીતે આવા મનુષ્યોની નિકટ રહેવાથી અને તેઓના સંસર્ગથી ભયાનક, મલીન અને વિષમય પ્રભાવ પડે છે. આવા મનુષ્યો પોતાના ઘરની અંદર પણ રોગચોકથી ભરપૂર વિષમય વાતાવરણ ફેલાવે છે. તે ગૃહમાં પ્રવેશ કરે છે કે તરતજ ત્હાનાં બાળકો રમત ગમત તજી દે છે, આનંદ વિનોદ ચાલ્યો જાય છે અને સર્વના ચહેરા ઉપર શોકની છાયા પ્રસરી રહે છે. આવા મનુષ્યો દુનિયામાં એવા પ્રકારનું જીવન નિર્વહન કરે છે કે જાણે કે તેઓના ઘરમાં હમેશાં કોઇ મરી જતું હોય અને તેથી તેઓને ભારે શોક

રહેતો હોય. આપણે આવા લોકોના મુખ ઉપર કદિ પણ હાસ્યની છટા જોતા નથી; જ્યારે જ્યારે એને જોઇએ છીએ ત્યારે ત્યારે તેઓનુ મોઢું ચઢેલુંજ રોય છે અને આખો લાલ હોય છે, પરતુ દુનિયામાં આનાથી પ્રતિકૂળ પ્રકૃતિના મનુષ્યો પણ જોવામાં આવે છે કે,જેઓ નિરંતર પ્રસન્નચિત્ત રહે છે અને બીજાઓને પણ પ્રસન્ન બનાવે છે. કોઇ માણસ ગમે તેટલો ઉદાસ હોય તોપણ તે તેને જોઇને પ્રફુલ્લ બને છે.

કેટલાક મનુષ્યો કપટી અને માયાચારી હોય છે, અર્થાત્ તેઓની અંદર કાંઇક હોય છે અને બહાર કાંઇક બતાવે છે. તેઓનાં વચન અને વર્તનમાં એકતા હોતી નથી. આ પ્રકારના લોકોમાં એક મહાન અવગુણ એ હોય છે કે જ્યારે કોઈ કાર્ય માટે તેને તમારી જરૂર હોય છે ત્યારે તમારી સાથે મળી જાય છે અને તમારા તરફ પ્રીતિ અને સહાનુભૂતિ દર્શાવે છે. પોતાના સ્વાર્થ ખાતર તે તમારી સાથે રડવાને અથવા હસવાને તૈયાર બની જાય છે. એની વાણીમાં એટલું બધું માધુર્ય આવી જાય છે કે તમને ઘડીભર એમ જ થાય કે સર્વ વાતો એનાં હૃદયનાં ઉંડાણમાંથી નીકળે છે; પરંતુ આ પ્રકારના વ્યવહારથી હમેશાં કાર્ય ચાલતું નથી. બાહ્ય ઢોંગ લાંબા સમય સુધી નભી શકતો નથી. સમય જતાં આખરે સત્ય પ્રકટ થાય છે જ. કોઇ ભોળા મનુષ્યો એની જાળમાં કદાચ સપડાઇ જાય, પરંતુ સવને પોતાની જાળમાં તેઓ ફસાવી શકતા નથી; કેમકે દરેક મનુષ્યમાં એક અંતરંગ ગુપ્ત શક્તિ એવી રહેલી છે કે જે કહી દે છે કે એ મનુષ્ય ધૂર્ત અને માયાચારી છે. પોતાનો સ્વાર્થ સાધવા ખાતર તે સર્વ વાતો મીઠાશથી કરે છે, પરંતુ તેનો સ્વાર્થ સધાઇ રહે છે એટલે પછી તે તમારી સાથે વાત પણ કરતા નથી.

જ્યારે એ વાત નિશ્ચિત છે કે સારો અથવા ખરાબ પ્રભાવ હમેશાં પડયા કરે છે ત્યારે આપણું કર્તવ્ય છે કે આપણે આપણી અંદર, એવા ગુણો ઉત્પન્ન કરવા જોઇએ કે જેનાથી જન સમાજનું હિત સાધી શકાય. આપણા ચરિત્રમાં પ્રેમ, શીલ, શાંતિ, દયા, સ્નેહ, સત્ય, ધર્મ, ન્યાય આદિ સદ્ગુણો ઉત્પન્ન થવા જોઇએ; કેમકે આ સદ્ગુણોનો સંસારમાં સારો પ્રભાવ પડે છે અને તેનાથી સમાજનું હિત સાધી શકાય છે.

જે મનુષ્ય ઉત્તમ રીતિથી પોતાનું જીવન વ્યતીત કરતો હોય છે તેને પ્રાયઃ એ વિચાર હતોત્સાહ કરી મુકે છે કે મ્હારાથી જગતનું કાંઈ પણ ભલું થઈ શકતું નથી; પરંતુ આમ હતોત્સાહ થવું એ ઉચિત નથી. કારણ કે જે રીતિથી તે પોતાનું જીવન વ્યતીત કરે છે તેનાથી પણ જગતને મહાન લાભ થાય છે. તે કોઇ અદ્ભુત અને આશ્ચર્યજનક કાર્ય ભલે ન કરતો હોય, પરંતુ તેના જીવનથી અને તેની સ્થિતિથી સંસારમાં અવ્યક્ત પણે ઘણી ઉંડી અસર થાય છે. કેટલીક વખત જ્ઞાનના

ન્હાનાં કાર્યોનું પરિણામ ઘણુંજ મોટું આવે છે. જેને આપણે ન્હાની ન્હાની વસ્તુઓ સમજીએ છીએ તે મહાન કાર્યોની કારણભૂત બને છે. ઉદાહરણ તરીકે વિલ્યમ ગૉડવીન નામના માણસે ઇ. ૧૭૯૭ માં કેટલાક નિબંધોનો સંગ્રહ કરી એક પુસ્તક લખ્યું હતું. ત સમયે તે પુસ્તકની કંઈ પણ કદર થઇ ન હતી; પરંતુ તે નિબંધોનો અભ્યાસ કરીને થૉમસ માલ્થસે ઇ. ૧૭૯૮ માં એક નવિન નિબંધ લખ્યો. આ નિબંધનો ચાર્લ્સ ડાર્વિને અભ્યાસ કર્યો અને તેનું ચિત્ત એ વિષય તરફ એટલું બધું આકર્ષાયું કે તેના જીવનનો અધિકાંશ ભાગ એ વિષયના અધ્યયનમાં વ્યતીત થઇ ગયો અને છેવટે ઇ. ૧૮૫૯ માં 'જીવોત્પતિ' Origin of Species) નામનું એક નવીન પુસ્તક પ્રકાશિત કર્યું. ઉક્ત પુસ્તકે ઓગણીસમી સદીમાં મહાન પ્રભાવ પાડયો અને વિજ્ઞાનમાં ભારે પરિવર્તન કરી મુકયું. આ ઉપરથી સમજી શકાશે કે માલ્થસના નિબંધો ગૉડવીનના પુસ્તકના પરિણામ રૂપ છે અને ડાર્વિનનું પુસ્તક માલ્થસના નિબંધના પરિણામ રૂપ છે. આ પ્રભાવ પરંપરાથી ચાલ્યો આવે છે. ગૉડવીનનું પુસ્તક પણ કોઇના શબ્દો અથવા વિચારોના પરિણામરૂપ હશે. આ રીતે વિચાર કરતાં માલુમ પડશે કે શરૂઆતમાં એ શબ્દો કોઇ સાધારણ વ્યક્તિના હોંમાંથી નિકળ્યા હશે જેનું પરિણામ એ આવ્યું કે ડાર્વિને એક મહત્વની શોધ કરી. ઉક્ત શબ્દો પ્રથમ બોલનારને સ્વપ્ને પણ નહિ ખ્યાલ હોય કે પોતાના શબ્દોનું આવું મોટું પરિણામ આવશે. તે તો એમજ ધારતો હશે કે હું જગતને વાસ્તે કંઈ પણ કરી શકયો નથી.

સંસારમાં આપણે માટે અનેક કાર્યો નિયત થયા હોય છે. અન્ય મનુષ્યો પ્રતિ તેમજ આપણા પોતાના પ્રતિ અનેક કર્ત્તવ્યોનું યથાસ્થિત પાલન કરવું એ અત્યંત જરૂરનું છે. સહુથી પ્રથમ કર્તવ્ય એ છે કે જે સ્થાનમાં આપણે ઉત્તમ રીતિથી જીવન વહન ન કરી શકીએ અને જ્યાં શાંતિથી રહેવામાં અનેક વિઘ્નો તથા બાધાઓ નડે એમ હોય ત્યાં આપણે કદાપિ રહેવું જોઇએ નહિ. એમાં જો આપણો પોતાનો દોષ હોય તો તેનો શિઘ્ર ઉપાય કરવો જોઈએ. જો બીજાના પ્રભાવનો દોષ હોય અને એ પ્રભાવ વિષમય વાતાવરણની માફક આપણા ઉત્તમ વિચારો તથા ઉત્સાહને છિન્નભિન્ન કરી મુકે એમ હોય તો આપણે આપણી જાતને તેમાંથી બચાવવા પ્રયત્નશીલ બનવું જોઇએ, પરંતુ તેમ કરવામાં આપણે આપણા કર્ત્તવ્યમાર્ગથી ચલિત થતા નથી તે ખાસ લક્ષમાં રાખવું જોઇએ. એ પ્રભાવથી પોતાની જાતને બચાવવા જતાં કર્ત્તવ્યપાલનમાં બાધા આવે એમ હોય તો એવી દશામાં આપણે એ પ્રભાવનો ઉચ્છેદ કરવાનો પણ પ્રયત્ન કરવો જોઇએ; અર્થાત્ બીજા શબ્દોમાં કહીએ તો એ પ્રભાવરૂપી જ્વરનો નાશ કરવા માટે સચ્ચરિત્ર અને સદાચાર રૂપી ઔષ-

ધિનું નિરંતર સેવન કરવું જોઇએ. આપણે જે લોકોની વચમાં રહીને જીવન ગાળવાનું હોય છે તેઓના ગુણોની જેટલી અસર થાય છે તેટલી તેઓનાં કાર્યોની થતી નથી. તેથી એ આવશ્યક છે.કે આપણે આપણી જાતને સારા પ્રભાવમાં રાખવી જોઇએ અને ખરાબ પ્રભાવથી બચાવવી જોઇએ.

આપણો પ્રભાવ બીજા ઉપર પાડવા માટે પ્રથમ તો એ જરૂરનું છે કે આપણને આપણી પોતાની વાતોમાં શ્રદ્ધા હોવી જોઇએ અને જે વાતોમાં શ્રદ્ધા હોય છે તેને વ્યવહારમાં મુકવી જોઇએ, અર્થાત્ જેવી વાણી તેવું વર્તન હોવું જોઇએ. જ્યાંસુધી આ પ્રમાણે નહિ અને ત્યાંસુધી બીજા લોકો ઉપર આપણો પ્રભાવ પડી શકશે નહિ. આપણે ગમે તેટલું કહેશું તોપણ તેઓ આપણી વાત કદિ પણ માનશે નહિ, અને આપણી વાતમાં તેઓને વિશ્વાસ પણ બેસશે નહિ. જે પ્રમાણે કરવાનું આપણે બીજાને કહીએ છીએ તે પ્રમાણે જો આપણે પોતે કરીએ છીએ તો આપણા કહ્યાવગર લોકો આપણું અનુકરણ કરવા લાગે છે. અંગ્રેજીમાં કહેવત છે કે ' Example is better than precept ' એટલે કે કહેવા કરતાં કરી બતાવવું વધારે સારૂં છે. લોહચુમ્બક લોહને પોતાના તરફ ખેંચી લે છે તેનું રહસ્ય એ છે કે તે લોહના કટકાને ચુંબક બનાવે છે અને પછી જ ખેંચી શકે છે. લોહમાં લોહત્વનો જ ગુણ રહ્યો હોય તો તે કદાપિ ખેંચી શકતું નથી. આ વાત આપણી બાબતમાં પણ ઘટાવી શકાય છે. જે માબાપો પોતે સુશીલ નથી હોતા તેઓ પોતાનાં બાળકોને કદાપિ સુશીલ બનાવી શકતા નથી. મદિરા પીનાર માણસ કોઇ દિવસ પણ બીજાને મદિરા પીવાની ટેવથી મુક્ત કરી શકતો નથી. જે માતા પોતે અસત્યવાદી હોય છે તે પોતાના પુત્રને સત્યવાદી થવાનો ગમે તેટલો ઉપદેશ આપ્યા કરે, તોપણ પુત્ર અસત્ય બોલવાનું છોડી શકતો નથી. માતા વાણીદ્વારા કહે છે કે અસત્ય ન બોલો; પરંતુ તેનો પ્રભાવ કહેતો હોય છે કે અસત્ય બોલો. તેથી જ જે માતા પિતા ઇચ્છતા હોય છે કે પોતાનાં બાળકો અસત્ય બોલતાં અથવા બીજા કોઇ અવગુણો ન શીખે અને ઉત્તમ ગુણો જ ગ્રહણ કરે તેઓએ પોતે ઉક્ત સદ્ગુણો પોતામાં ઉત્પન્ન કરવા જોઇએ અને તેને અનુરૂપ પ્રવૃત્તિ કરવી જોઇએ. આમ થશે તો પછી બાળકોને કહેવાની પણ જરૂર નહિ પડે. તેઓ સ્વયં સદ્ગુણી બની જશે. બાળકો આપણી માનસિક, વાચિક અને કાયિક સર્વ પ્રવૃત્તિઓને સ્વભાવતઃ અવલોકયા કરે છે અને તદનુસાર તેઓનું જીવન ઘડાય છે. આમ હોવાથી આપણે આપણાં બાળકોને જેવા બનાવવા ઇચ્છતા હોઇએ તેવા આપણે પોતે બનવું જોઇએ.

પ્રભાવની શક્તિ અદ્ભુત છે. કોઇ પણ એનાથી બચી શકતું નથી. આ સંસારમાં એવો કોઇ પણ મનુષ્ય નથી કે જેનો પ્રભાવ બીજા મનુષ્યો ઉપર ન પડતો

હોય, અને બીજાનો પ્રભાવ તેના ઉપર ન પડતો હોય. આવો કોઇ હોય તો તે મનુષ્યત્વને લાયક નથી. આપણા પ્રત્યેક ભાવ, વિચાર, શબ્દ અને કાર્યથી અન્ય મનુષ્યોના જીવનમાં કંઇને કંઇ પ્રકારનું પરિવર્તન થાય છે, અને તેથી જ આપણે આપણાં જીવનને આદર્શજીવન બનાવવા સતત યત્નશીલ રહેવું જોઇએ, અને લક્ષમાં રાખવું જોઇએ કે આપણો પ્રભાવ એ કેવળ પ્રભાવ જ નહિ, પરંતુ સર્વોત્તમ પ્રભાવ બનવો જોઇએ. આપણે એવા ગુણોથી સમન્વિત થવું જોઇએ કે જેથી આપણા સંસર્ગથી બીજા લોકો ગુણવાન બને. આપણા વિચારો ઉદાર હોવા જોઇએ, આપણી વાણીમાં માધુર્ય હોવું જોઇએ, અને આપણાં કાર્યો જનસમૂહને હિતકારક નીવડે એવાં હોવા જોઇએ. આપણામાં એવી પ્રભાવશીલતા હોવી જોઇએ કે આપણી ઉપસ્થિતિથી લોકોની પીડાઓ અને મુશ્કેલીઓ દૂર થઇ જાય અને આપણા સ્મરણ માત્રથી લોકોને સુખ અને શાંતિની પ્રાપ્તિ થાય. આ પ્રકારની પ્રભાવશીલતા પરમાત્મા સર્વમાં પ્રેરે એજ શુભેચ્છા !

सत्शास्त्रनुं अन्तरात्माप्रति प्रोत्साहन.

હરિગીત.

નિઃસ્તબ્ધ[1] યામિની[2] વિષે બંસી[3] મધુર જેમ લાગતી,
મોહન[4] સ્વરે સત્શાસ્ત્રવાણી આત્મ અંતર વાગતી;
હે વ્યક્તિ માનવ ! કોણ તું ? તે તો તપાસી લે જરી,
ના દેહ ! ના તું અવયવી ! ચૈતન્ય મૂર્તિ છે ખરી.

૨

ભીરૂ કાયર ના બને તું ના નિરાશી થા હવે,
શ્રદ્ધા કરી પરમાત્મવચને સબળ બનજે આ ભવે;
પુરૂષાર્થથી મહાવીર જિનવર વંદનીય ત્રિભુવને,
પુરૂષાર્થહીન તું આ રહ્યો જો તુચ્છ ભાવે ભવવને.

૩

'કાલે કરીશું' વૃત્તિ જેવી જીવને રચતાવતી,
ત્યાગી પ્રમાદ પ્રયત્નથી સત્સંગ સાધન લાવતી;
સંસારના કુરૂક્ષેત્રમાં[5] સમભાવ વૃત્તિ સંગ્રહી,

---

૧ શાંત, ૨ રાત્રી, ૩ વાંસળી, ૪ સુંદર સ્વરથી, ૫ જીવન કુરૂક્ષેત્રમાં.

જીવનતણો સુંદર થયો આનંદમાં જાઓ વહી.

૪

પ્રિયતમ ! સદા તું જાણજે છે કિરીટરૂપજ[૬] સૃષ્ટિનું,
માનુષ્ય જીવન જ્યાં રહેલું ભાવિ[૭] ઉજ્જવળ દૃષ્ટિનું;
ક્રમશઃ વટાવ્યાં સમરાજો[૮] અર્ધવાટ રહી હવે,
જો ! જો ! દીધું આગળ નિડાળો મુક્ત બનવા પરભવે.

૫

છે સાધનો સમજણ વળો સદસદ્વિવેક વિષે રહી,
તત્ત્વોતણી છે સુલભતા આ જૈન સૃષ્ટિમાં લહી;
છે શાંતિનાં આ ધર્મચક્રો[૯] આપણું રક્ષણ કરે,
જ્ઞાતવ્ય ને કર્ત્તવ્ય ને પ્રાપ્તવ્યથી શુભ સંચરે.

૬

કાળે[૧૦] હતી તારા વિષે એ ચેતના જો કર્મની,
વળો કર્મફળની ચેતના લોગો વિષે ના ધર્મની;
પણ હા ! હવે એ ચેતના સુવિશુદ્ધ જ્ઞાનતણી[૧૧] થઇ,
સંસ્કારથી સમૃદ્ધ બનતાં—શક્તિ અલ્પ હવે ગઇ.

૭

વાયુ ઝપાટે જેમ તરણાં ચક્રવત ભમતાં રહે,
તું તેમ આશા વાસનાથી દીનતાને સંગ્રહે;
નિર્વાત સ્થળ[૧૨] સ્થિત દીપ પેઠે હૃદય અંચળતા તજી,
સામર્થ્ય અદ્ભુત પ્રેરજે તું મુક્તિ વધૂ ગાઠે સજી.

૮

સાચી કુંચી સામ્રાજ્યની તારી કને જો આ રહી,
ઉપયોગ કરતાં શીખવું એ ભુલ ના જાઓ વહી;
આત્મિક સ્વભાવ-વિભાવપરિણતિ બે તણીજ પસંદગી,
કર યત્નથી જલ્દી હવે અવશેષ છે આ જીંદગી.

કૃતેહચંદ ઝવેરભાઇ.

---

૬ મુકુટરૂપ ૭ ઉચ્ચતર ગુણસ્થાનકની ભવિષ્યમાં પ્રાપ્તિ, ૮ સાત રાજલોક ૯ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ, ૧૦ એક વખતે, ૧૧ વિશુદ્ધ જ્ઞાન ચેતના, ૧૨ પવન વગરના સ્થળમાં રહેના દીવાની પેઠે.

સંત–સાધુ જનોની સેવાથી લાભ શી રીતે લઈ શકાય?

(૧)

લેખક—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

જેમ મિષ્ટ અને નિર્મળ જળનું સેવન કરવાથી દાહની શાન્તિ, તૃષાનો ઉચ્છેદ અને મળની શુદ્ધિ થાય છે તેમ જગમાં તીર્થરૂપ સંત–સાધુનું સેવન કરવાથી કષાય દાહ ઉપશાન્ત થાય છે–ક્રોધાદિક કષાયતાપ ટળે છે, વિષયાદિક તૃષ્ણા શાંત થાય છે–સંતોષ વળે છે તથા રાગ, દ્વેષ અને મોહાદિક મહાદોષ–મેલ દુર થાય છે. સંતસેવા કલ્પવૃક્ષની જેવી સુખદાયી છે, શુદ્ધ નિષ્ઠાથી સંત–સુરપાદપની સેવા કરનારને અમૃત ફળની પ્રાપ્તિ થાય છે. તેમની છાયા પણ શીતળતા ઉપજાવનારી અને પાપ–તાપને નિવારનારી હોય છે. એવા ઉત્તમ વિરલ સંત મહાત્માઓની સેવા કોઈ વિરલ ભાગ્યશાળી જનો પામી શકે છે.

એવા ઉત્તમ સંત–સાધુ–મહાત્માની સેવા પામીને જો તેમનામાં પ્રગટેલા ઉત્તમ ગુણો ક્ષમા, મૃદુતા, સરલતા, સંતોષાદિક આપણે આદરીએ અને ક્રોધાદિક દોષો નિવારીએ તોજ તેમની પવિત્ર સેવાની સાર્થકતા. તેમ ન થાય અને આપણે જેવા ને તેવા દોષિત જ રહીએ છીએ તો તેમનામાં સંતપણાની ખામી હોય કે આપણામાં તેવી યોગ્યતાની જ ખામી હોય. પ્રથમ પક્ષ કરતાં એટલે સંતની ખામી લેખવા કરતાં આપણી જ ખામી શોધી લેવી વધારે સારી છે. જો આપણે ક્ષુદ્રતાદિક દોષ-દૃષ્ટિ તજી હંસની જેવી ઉમદા ગુણદૃષ્ટિને જ આદરીએ તો જ આપણી ઉન્નતિ થતાં થોડી વાર લાગે. પણ દુર્ભાગ્યે આપણે જ્યાં ત્યાં દોષજ જોવા વધારે ટેવાયલા હોવાથી જ્યાંથી અનેક ગુણ મળવાનો સંભવ હોય ત્યાંથી પણ આપણે દોષને જ લહીએ અને દૂધમાં પણ પોરા જોવા જેવું કરીએ એ બહુ શરમાવા જેવી નાદાની ભરેલી વાત લેખી શકાય. જોકે ઉત્તમ જાતિકુલાદિક સામગ્રી આપણે મોટાં પુન્યે પામ્યા છીએ, પરંતુ જો તેનો તેવો જ સદુપયોગ કરી લેવાય તો જ તેની સાર્થકતા છે. બીજાનાં નિંદ્ય કામ જોઇ જેમ આપણે એમનાં એવાં નિંદ્ય કામ તરફ અભાવો–તિરસ્કાર જણાવીએ છીએ તેમ આપણો તેવાજ કામ ભણી અભાવો કે તિરસ્કાર શા માટે ન થવો જોઇએ ? અવશ્ય થવોજ જોઇએ. તેમ છતાં તે થતો ન હોય તો તે આપણા હૃદયની શૂન્યતા કે કઠોરતા કહેવાય. આપણી આટલી બધી અયોગ્યતા જાણી જ્ઞાની ગુરૂ કેવળ અનુકંપા બુદ્ધિથી આપણો ઉપયોગ જગાડવા અને કોમળતા, નમ્રતા, સરલતા અને સંતોષાદિક ગુણ આદરી અનાદિ ક્રોધ, માન, માયા અને લોભાદિક દુર્ગુણ નિવારવા અમૃત જેવાં હિત વચન કહેતા રહે છે. જેનું ભલુ થવાનું હોય, જેનો ઉદય જાગવાનો હોય, જેનું ભવિષ્ય સુધરવાનું હોય એવા ભવ્ય જનોજ નિઃસ્વાર્થી ગુરૂના હિત વચન સાંભળી હૈયે ધરે છે. ગુરૂ મહારાજનાં અમૃત જેવાં શીતળ

વચનથી તેમના સઘળાં પાપ-તાપ દૂર થવા પામે છે. પૂર્વકૃત કર્મ અનુસારે પ્રાપ્તમાં સંતોષ રાખી પોતાનું ભવિષ્ય સુધારવા, સ્વકલ્યાણ સાધવા તે સાવધાનપણે પ્રયત્ન કરેછે. ઉત્તમ પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરવા મન વચન કાયા સંબંધી દોષોનું નિવારણ કરી, ન્યાય નીતિનો પાયો મજબુત કરી, શ્રેષ્ટ દેવ ગુરૂ ધર્મમાં અનન્ય શ્રદ્ધા રાખી પવિત્ર વિચાર, વાણી અને આચારનું પાલન કરનાર અંતે અવશ્ય આત્મહિત કરી શકે છે.

સ્વકર્તવ્ય પ્રેરક સૂક્ત વચન

(૨)

---

૧ પ્રથમ વયમાં (બાળપણમાં) જેણે વિદ્યા મેળવી નહિ, બીજી વયમાં (જુવાનીમાં) જેણે ધન પેદા કર્યું નહિ અને ત્રીજી વયમાં જેણે ધર્મનું સેવન-આરાધન કર્યું નહિ તે ચોથી વૃદ્ધ વયમાં શું કરી શકવાનો ? તેની જીંદગી વૃથા-નકામી જવાની.

૨ અનુદ્યમી, આળસુ, નશીબ ઉપર જ આધાર રાખી રહેનાર અને પુરૂષાર્થ હીનને લક્ષ્મી વરતી નથી. જેમ વૃદ્ધ પતિને સેવતા પ્રમદા-જુવાન સ્ત્રી ચાહતી નથી તેમ યોગ્યતા વગરના-નાલાયક નરને લક્ષ્મી પ્રાપ્ત થતી નથી. ઉદ્યમી, ચંચળ-કાર્યદક્ષ, ઉત્સાહી અને ખંતીલા વિરલ નરોને જ તે વરે છે.

૩ કેસરી સિંહ જેવો પરાક્રમી પુરૂષ કદાચ દૈવયોગે કંઈક સ્ખલના પામ્યો હોય તો તેથી તે નિરાશ બની જતો નથી તેમજ પુરૂષાર્થ હારી જતો નથી; પરંતુ ધૈર્ય અને હિંમત રાખી અંતથી યોગ્ય પુરૂષાર્થ સેવી સાવધાનપણે ઇચ્છિત કાર્ય સાધી લે છે. નાહિંમત થઇ પાછી પાની કરતો નથી.

૪ તથા પ્રકારની સામગ્રી વિદ્યમાન નહિ છતાં, સુખમાં કે દુઃખમાં અને હીણી સોબતમાં પણ જે સત્ય ધર્મનો અનાદર કરતો નથી-તેનું યથાર્થ પાલન કરે છે તેનેજ ખરેખર દ્રઢધર્મી અને પ્રિયધર્મી સમજવો જોઇએ.

૫ વખતની કિંમત જે બરાબર સમજી શકે છે તે પોતાનો અમૂલ્ય સમય અસેખે કેમ જવા દેશે ?

૬ પ્રમાદ સમાન કોઇ દુશ્મન નથી અને સદુદ્યમ સમાન કોઇ હિત મિત્ર નથી. પ્રમાદ પણ ઘણા પ્રકારનો છે.

મદ—માદક પદાર્થનું સેવન કરવું, વિષય સુખમાં આસકત બની રહેવું, દોષાધિક કષાયને વશ થવું, નિદ્રા-આળસ વધારવા, નકામી કુથલીઓ કરવી, મોહ મિથ્યાત્વ અને અજ્ઞાન વશ થઇ રહેવું. દુઃકાવુમાં પરમ કરૂણાળુ સર્વજ્ઞ પ્રભુનાં

હિતવચનને અવગણી સ્વચ્છંદ વર્તન કરવું. તેનું નામ પ્રમાદ. એજ જીવનો પરમ અહિત-શત્રુ છે.

૭ પ્રબળ પુરૂષાર્થ વગર પ્રમાદશત્રુનો પરાભવ થઇ શકે નહિ. પ્રમાદનો પરાજય કરવા ઈચ્છનારે તેવા નિઃસ્વાર્થી જ્ઞાની ગુરૂનુ શરણ લઈ, અનન્ય શ્રદ્ધા, -વિશ્વાસ રાખી વિનય બહુમાન પૂર્વક તેમની સેવા ભક્તિ કરી સ્વહિતાહિત સારી રીતે સમજી લેવાં. પછી અહિતને તજી કાળજીથી હિતાચરણ સેવવું.

૮ ગૃહસ્થ શ્રાવકોએ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગને પૂર્વાપર વિરોધ રહિત સેવવા જોઇએ. એટલે કે ધર્મનું રક્ષણ થાય તેમ અર્થ અને કામનું સેવન કરવું. પણ ધર્મની ઉપેક્ષા કરીને અર્થ કામની સેવના કરવી નહિ. તેમજ અર્થને હાનિ ન પહોંચે, તેની રક્ષા થાય તેવી રીતે જ વિવેકથી કામનું સેવન કરવું; પણ અર્થની ઉપેક્ષા કરીને કે તેને હાનિ પહોંચે તેમ અવિચારીપણે વિવેક રહિત વિષયાંધ બનવું નહિ.

૯ મુનિ જનો તો મોક્ષનું જ નિશાન રાખી સકળ સંયમ કરણી કરે. સર્વ જીવને નિજ આત્મ સમાન સમજી તન મન વચનથી તેમની રક્ષા કરે, તેમને યથા-યોગ્ય હિતમાર્ગ બતાવી તેમને હિતમાર્ગમાં જોડે-સ્થાપે, તેમજ સદાકાળ તપ સંયમમાં સાવધાનપણે રહે. ગૃહસ્થ તેવી રૂડી ભાવના રાખે. ઇતિશમ્

લેખક—મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

કામદેવ (Cupid)—વિષય વાસનાનુ જોર.

(૩)

કામદેવ કળાકુશળ-કળાબાજને પણ વિકળ-વિહ્વળ કરી દે છે. શોચ-ચોખ્ખાઇ મનારની પણ હાંસી-મશ્કરી કરે છે. વિદ્વાન-પંડિતને પણ વિટ બના કરે છે અને વીર (બુદ્ધિશાળી અથવા શૂરવીર બળવાન) પુરૂષને પણ એક ક્ષણવારમાં હેઠો પાડે છે-તેનો પરાભવ કરે છે. પોતે અનંગ (અંગ રહિત) છતાં અંગી-સંસારી પ્રાણી-ઓનુ સત્ત્વ ચૂસી જાય છે અને તેમને નિઃસત્ત્વ બનાવી દે છે, એનાથી ભાગ્યેજ કોઇ બચવા પામે છે, કામને વશ થયેલા પ્રાણીઓ છતી આંખે અંધ બને છે, પછી તે કૃત્યાકૃત્ય, હિતાહિત, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય કે ગમ્યાગમ્યનો કશો વિચાર કરી શકતા નથી.

કામાન્ધ જીવની અનુક્રમે દશ દશા નીચેમુજબ કહી છે.

ચિન્તાથી જીવ બળે છે. સંગમેચ્છા (ભોગ-વિલાસની અભિલાષા) થયા કરે છે. નિઃશ્વાસ (ઇચ્છા પૂર્તિ કે ધારેલી આશા ફલીભૂત નહિ થવાથી) નીસાસા

મૂકે છે. કામાગ્નિથી જ્વર-તાવ આવે છે, શરીરમાં દાહ થાય છે. અન્ન-જળ (ખાન-પાન) ઉપર અરૂચિ થાય છે, મૂર્છિત-બેભાન થઇ જાય છે. ઉન્માદ-ગાંડપણ-ઘેલછા થાય છે (ડગડી ખસી જાય છે). મૃતપ્રાય-નિઃસત્ત્વ-શક્તિહીન થઇ જાય છે-ક્ષય રોગાદિક ભયંકર વ્યાધિને લોગ થઇ પડવાથી બધુ-શરીર ન ખાઇ જાય છે, નિચોવાઇ જાય છે અને ક્ષીણ થઇ જાય છે. છેવટે (આવી આવી દુર્દશા ભોગવી) મરણને શરણ થાય છે. ખરેખર, એક કુતરીને અનુસરનાર કામાન્ધ કુતરા જેવી તે બાપડાની દુર્દશા થવા પામે છે. ગમે તેટલુ અપમાન પામતા છતાં કામી કુતરાની જેમ તે મૂઢાત્મા મધલાળ મૂકતો નથી. આશામાં ને આશામાં વખત ગુમાવે છે. ચોરની જેમ શંકાતો ફરે છે. દિશા શૂન્યની જેમ તે રખડતો રહે છે. પોતાની કુચેષ્ટા (વિપરીત ચાલ-વર્તન) થી તે અનેકની આંખે ચઢે છે. તેની ચોતરફ ભય વ્યાપી રહે છે, અને પોતે મરણીયો થઇ કુકૃત્ય કરવા જતા કોઇ વખતે તે કામાન્ધ પોતાનું જ માથું કપાવી બેસે છે-કમોતે મરે છે, દુનીયામાં ધીટકાર પામે છે. તેમજ મહા માઠી લેશ્યા-અધ્યવસાયથી મરી નરકાદિક નીચી અધમ ગતિમાં જાય છે. ત્યાં તેને અનેક પ્રકારનાં અતિઆકરાં દુઃખ પરાધીનપણે સહન કરવાં પડે છે. નરકમાં પરમાધામીઓ તેને બહુ બહુ પ્રકારે વિટંબના કરે છે, ધગધગતી લાલચોળ લોઢાની પુતળી સાથે તે કામાન્ધ જીવને પરાણે આલિંગન કરાવે છે અને વ્યભિચારિણી કુલટા સ્ત્રીના જીવને તેવાજ ધગધગતા લોહ પુરૂષ સંગાતે આલિંગન કરાવે છે, એટલુંજ નહિ પણ 'ક્ષત ઉપર ક્ષાર'-દાઝયા ઉપર લુણ છાંટવાની જેમ તેમનાં પૂર્વલાં ઉન્મત્તતાવાળાં કુકૃત્યોને યાદ કરી આપી સાંભળતા પણ કંપારી છૂટે એવી કઇ પ્રકારની યાતના-પીડાઓ નિર્દયપણે ઉપજાવે છે. આ બધું અસહ્ય દુઃખ તે બિચારા અનિચ્છાએ સહન કરેછે. ત્યાં તેમને કોઇ ત્રાણ શરણ કે આધારરૂપ થઇ શકતું નથી. જીવડો પ્રથમ ભાતેલા સાંઢની પેઠે સ્વેચ્છાચાર ચલાવે છે-મોજ માણે છે, કામાંધ બની નિર્લજ્જપણે ન કરવાના કામ કરે છે. તેનાં કડવા ફળ નરકાદિક નીચી ગતિમાં જઇ લાંબો વખત પોતાને જ ભોગવવાં પડે છે એમ જાણી ચેતીને પ્રથમથી જ વિવેક વાપરવો.

ઇતિશમ્.

આચાર્યાદિક ઉત્તમ પદ્વી પાત્રમાં જ શોભે છે.

ઉપદેશમાળાદિક પ્રમાણિક ગ્રંથોમાં પ્રતિરૂપાદિક ચોદ ગુણથી અલંકૃત હોય તેમજ પ્રસિદ્ધ એવા ૩૬-૩૬=૧૨૯૬ ગુણથી વિભૂષિત હોય એટલે સામાન્ય સાધુ-નિર્ગ્રંથ-અણગાર કરતાં ઘણાં ઘણાં ઉંચા ગુણો વડે સુશોભિત હોય તેજ જૈન શાસનમાં સૂરિ યા આચાર્ય પદ્વીને યોગ્ય કહ્યા છે. તથા પ્રકારના ગુણ વગર યોગ્યતા-પાત્રતા રહિતમાં ઉત્તમ આચાર્યાદિક પદ્વી આરોપવી એ કાગડાની કોટમાં રત્નની માળા આરોપવા જેવું થાય છે. તેથી લાભને બદલે નુકશાન વધારે થાય છે, અને એવી ઉત્તમ પદ્વીને જનસમાજમાં ઉતારી પાડવા જેવું અથવા તેની હાંસી-મશ્કરી કરાવવા જેવું થાય છે. તેથીજ એવી ઉત્તમ પદ્વી લેનાર અને દેનારની જવાબદારી જૈન શાસનમાં જેવી તેવી નહિ પણ ઘણીજ મોટી જણાવવામાં આવી છે. પાત્રતા-લાયકાત મેળવ્યા વગર આવી ઉત્તમ પદ્વી ધારણ કરી ધર્મ-શાસનની લઘુતા કરનાર તો નીચી ગતિનો અધિકારી થાય છેજ; પરંતુ તેવી પદ્વી પરીક્ષા કર્યા વગર જેવા તેવાને સ્વેચ્છાએ આપનાર પણ અધોગતિના ભાગી થાય છે. આચાર્યાદિક સંપદાને પામેલા યોગ્યતાવંત તો આંબા જેવા ઉત્તમ વૃક્ષની પેઠે નમ્રતા ધારણ કરીને અનેક જીવોને ઉપકારી થઇ પવિત્ર શાસનને શોભાકારી થાય છેજ. જ્યારે અંગાર મર્દકાદિક જેવા યોગ્યતા વગરના ઉલટા શાસનને વગોવનારા નીવડે છે. મર્કટે મદિરા પીધી હોય અને વળી તેને વીંછી કરડ્યો હોય તે વખતની તેની મસ્તીનો જેમ પાર રહેતો નથી તેમ એક તો ઓછું પાત્ર ને અધિકું ભણ્યો તે સાથે આચાર્યાદિક પદ્વીનો યોગ થયો પછી જોઇ લેવા તેની ખુમારી. ગોતમસ્વામી જેવા સુયોગ્ય સમર્થ પુરૂષોએ ઉત્તમ ગુણ યોગે ધારણ કરેલી પદ્વી તથા પ્રકારની લાયકાત વગર જેવા તેવા જીવથી શકે શું? કાચો પારો ખાવાથી ખાનારને જેમ નુકશાન કરેછે તેમ પાત્રતાહીનને પદ્વી લાભને બદલે નુકશાનકારી જ થાય છે. આગલા વખતમાં સુયોગ્ય જીવનેજ અનુક્રમે આચાર્યાદિક પદ્વી આપવાની સંભાળ સારી રીતે રાખવામાં આવતી હતી, તેથી તે સ્વપરને લાભકારી જ થતી હતી; પરંતુ અત્યારે આચાર્યાદિક પદ્વી પ્રદાનતથા પ્રકારની યોગ્યતા કે અનુક્રમ વગર ગમે ત્યારે સ્વેચ્છાપૂર્વક કરવામાં આવે છે તે બહુ વિચારણીય છે. ઇતિશમ્.

મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

જૈન સમાજની આધુનિક સ્થિતિ

(ગતાંક પૃષ્ટ ૪૬ થી શરૂ.)

લેખક—રા. માવજી દામજી શાહ.

આપણી સાથે શો સંબંધ છે એમો અહિં કોઈ પ્રશ્ન કરે એ સ્વાભાવિક છે. પરંતુ વિચારી જોતાં એમ જણાય છે કે સમાજ સાથે

સાધુ અને સાધ્વી મહારાજનું કાર્ય ક્ષેત્ર અને તેમની ફરજનો

એમનો સંબંધ કંઈ નાનો સુનો નથી, પરંતુ વિસ્તીર્ણ છે. એ તો નિશ્ચિત છે કે આપણથી તેઓ, અને તેઓથી આપણે અને ઉપસ્થિત થતી એમ પરસ્પર કેટલેક અંશે સંબંધ છે. આપણી અધોગતિ માં તેઓ જવાબદાર છે. આમ સંબંધ હોવાથી એકબીજાના તરફથી ફરજ ઉપસ્થિત થાય છે. આ ફરજ પવિત્ર છે. સ્વાર્થ વગરની છે. કિંચિદંશે પણ સ્વાર્થ હોય તો તે ધર્મમય છે

હાલમાં કેટલાંક કાર્યો જે વિચારરહિતપણે કરવામાં આવે છે. તેનું પરિણામ ભવિષ્યની દૃષ્ટિએ ઘણું વિષમ આવવા સંભવ છે. આ વિષમ તાનો ખ્યાલ જરા ઉંડા ઉતરતાં તેઓ જેમ કરી શકે તેમ આપણે પણ કરી શકીએ તેમાં શક જેવું નથી. દેશ, કાળ, ભાવ અને ક્ષેત્રની પરિસ્થિતિમાં ફેરફાર થતાં અગ મચેતીનો ઉપયોગ કરી સમાજમાં પ્રવર્તતી કેટલીક ધાર્મિક ક્રિયામાં શાસ્ત્રદૃષ્ટિએ પરિવર્તન કરવું જોઇએ. સમાજનો દ્રવ્ય વ્યય જો નકામો થતો હોય કે યોગ્ય સ્થળે થતો ન જણાય-તો તુરત જાગૃત થઈ, જાગૃત કરી સાવધાન થઇ તેનો સદુપયોગ કરાવવા સમાજને સન્માર્ગ દર્શાવવો—સલાહ આપવી અને લાભાલાભ સમજાવવા, આ પ્રકારની ફરજ સાધુ વર્ગને બજાવવાની હોય છે. પૂજ્ય મુનિવરોનાં કાર્ય ક્ષેત્રમાં ઉતરતાં તેમણે આમ કરવું જોઇએ અને તેમ કરવું જોઇએ, ઇત્યાદિ પ્રકારનાં વચનો ઉચ્ચારવા એ યદ્યપિ ઠીક લાગતું નથી. પરંતુ જ્યારે ઐતિહાસિક દૃષ્ટિએ " જૈન ધર્મ અને તેનું ભવિષ્ય " એ વિષયમાં ઉંડા ઉતરતાં ધર્મના સ્તંભીભૂત ગણાતા એ પૂજ્યજનોના વિષયમાં અનિચ્છાએ પણ કંઇક કહેવા હૃદય તલ્યે છે. દાખલા તરીકે—આર્ય સમાજ નામક સંસ્થાએ જન્મ લીધો ન હોત તો આજના પાશ્ચાત્ય કેળવણી લેનારા હિંદુ યુવકો અવશ્ય પોતાનો ધર્મ ત્યજી દેત એમાં લગાર પણ શક નથી. પરંતુ આર્યસમાજ ઉત્પન્ન થતાં તે ભય કંઇક અંશે દુર થયો ગણાય છે. આમ છતાં શોકની વાત છે કે પ્રતિ દિન ખ્રીસ્તી ધર્મમાં ભળતારા ભારતીય હિંદુ યુવકોની સંખ્યા કંઈ નાની સુની નથી. કિંતુ દરરોજ સરાસરી ૮૦૦ ની ધવા જાય છે. અને સંપૂર્ણ ભય રહે છે કે હજુ જો હિંદુ સંત પુરૂષો હિંદુ ધર્મનું તત્વ નિશાળ દૃષ્ટિથી યુવકો સમક્ષ નવીન પદ્ધતિપૂર્વક

રજુ કરવામાં જેટલો વિલંબ કરશે તેટલો ગેરફાલ તે તે સમાજને જ સહન કરવો પડશે. આ સ્થિતિ જ જૈનધર્મની સમજી લેશે. કારણ કે આજે દેશ, કાળ ભાવ અને પરિસ્થિતિમાં ફેરફાર થયેલો જોવામાં આવતાં છતાં સમયાનુસાર દ્રવ્ય, ક્ષેત્ર કાળ ભાવ પ્રમાણે ફેરફાર કરવાનું સામર્થ્ય :જૈનાચાર્યો અગર જૈન વિદ્વાન્ ગૃહસ્થવર્ગ પણ બતાવવા શક્તિમાન્ થવું જોઇએ, પરિણામ એ આવવા સંભવ છે કે કૉલેજોમાં અભ્યાસ કરતા પાશ્ચાત્ય સંસ્કારોથી મગજ ભરતા આજના જૈન યુવકો આવતી કાલે ધર્મના સિદ્ધાંતોનું નામ સુદ્ધાં વિસરી જશે. જ્યારે આવી પતિત દશાનો ચિતાર વિચાર સૃષ્ટિમાં રજુ થાય છે, ત્યારે કોઇ પણ લાગણીવાળા જૈનનું અંતઃકરણ ખિન્ન થયા વગર રહેશે નહિ એ નિઃસંશય છે. આથી હજુએ "અહંતા, મમતા, નાનામોટાપણું, વિવાદ અને મારાતારા" ઇત્યદિ ગચ્છના ભેદો થોડા સમય માટે દરેક ગચ્છના પૂજ્ય મુનિવરોએ પણ દૂર કરી ઉન્નતિનો વિચાર કરવા તત્પર થશે તો અવશ્ય માર્ગ મળશે.

દેશકાળ ફર્યા છતાં દ્રવ્ય વ્યયનાં પકડી રાખેલાં માર્ગો.

વિષયમાં વિચારી જોતાં જણાય છે કે આપણી અધોગતિનું કારણ કેટલેક અંશે આ માર્ગ છે, એકાએક જ્યારે આમ બોલેવામાં આવે છે ત્યારે કેટલાએક તુરત એમ પૂછવા તત્પરતા બતાવશે કે, ભાઇ! આવો અનુચિત માર્ગ તે વળી કયો પકડી રાખેલો છે કે જેનાથી અધોગતિ થવાનો સંભવ રહે છે? ઉત્તરમાં સ્પષ્ટપણે કહેવું જ પડશે કે જૈન વર્ગ મોટે ભાગે વ્યાપાર પરાયણ હતો, છે, અને પ્રાયઃ રહેશે. આજે આમ હોવાથી તેની આર્થિક સ્થિતિ–દ્રવ્યબળ એટલું તો સંગીન પ્રકારે રહેવું જોઇએ કે જેની સહાયતાથી જૈન કોમ ઉન્નતિની ટોચપર પહોંચવા શક્તિમાન્ થયેલી હોવી જોઇએ. પરંતુ સબેદ જણાવવું જોઇએ કે, "તેવું કશુંએ નથી. દૃષ્ટાંત તરીકે લઇએ, આપણામાં હાલમાં થતાં સ્વામિવાત્સલ્યો. અને તે નિમિત્તે પરંપરાથી દ્રવ્ય વાવરતાં આવેલાં જૈન શ્રીમંતોને વાપરવાના નાણાનો ઉપયોગ કરવાનું કોમના વિદ્વાન્ અગ્રેસર આચાર્યોએ હાલના સમયને અનુસરતો એવો ઉચિત માર્ગ બતાવવો જોઇએ કે, જે ક્ષેત્રમાં વાપરવાથી ગમણું અથવા ચારગણું પુણ્ય વાપરનાર વ્યક્તિ સંપાદન કરી શકે. પરાપૂર્વથી ચાલતી આવેલી પદ્ધતિ અનુસાર કરવામાં આવતાં સ્વામિવત્સલ્યો આ સદીમાં ચલાવી લેવાં યોગ્ય નથી. એટલુંજ નહિ પરંતુ આજના સ્વામિવાત્સલ્ય કરનારના હેતુ કેટલેક અંશે પ્રશંસનીય હોય છે, પરંતુ વ્યવસ્થાની સંપૂર્ણ ખામીથી ઘણો બગાડ થવા પામે છે, અને તેથી અનેકવિધ ત્રસજીવો વિનાશ પામે છે, અનેક પ્રકારના રોગાદિક પણ વધવા પામે છે. આથી એમ સમજવાનું નથી કે સ્વામિવાત્સલ્યથી લખનાર વિરૂદ્ધ છે. તે સ્વામિવાત્સલ્યના પવિત્ર ઉદ્દેશને સંપૂર્ણ ભાવથી અનુ-

માટે છે, પરંતુ હાલમાં પ્રવર્તતી ગેરવ્યવસ્થાને માટે તેને ઘણું લાગી આવે છે, અને તેથી તેના અંતરાત્મામાંથી એવા ઉદ્ગાર પ્રસંગોપાત્ત નીકળી આવે છે કે આના કરતાં તન્નિમિત્તે વાપરવા ધારેલું દ્રવ્ય ધાર્મિક શિક્ષણ આદિ શુભ કાર્ય-અગર કેળવણીના પ્રસાર અર્થે વાપરવામાં આવે તો મહાન લાભ થાય, એ વિચારવા યોગ્ય છે.

"દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ" વિચારો. આજે જ્ઞાનયુગમાં આ પ્રાચીન પણ હાલમાં બીન ઉપયોગી જેવી જણાતી-કહેવાની કેટલીક સમયને પ્રતિકુળ પ્રણાલિકા, રૂઢી, રિવાજોને વૃથા માન ન આપો. આજે માત્ર અને મુખ્ય તમારા દેશને ઉપયોગી થઇ પડે તેવું વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણ આપો જેથી જગત્‌મા તમે પણ અન્ય પ્રજાઓની માફક માનવંતુ સ્થાન ધરાવી શકો."

ઉપરની હકીકત માત્ર એક દૃષ્ટાંત રૂપે છે. આવી અનેક ધાર્મિક—સામાજિક અને વ્યવહારિક પૃથાઓ હજુપણ આપણા દ્રવ્યનો વ્યય સમયને પ્રતિકુળ છતાં કરાવે છે, એ વિષે જૈનપ્રજાએ સંપૂર્ણ લક્ષ આપી પોતાની કોમમાં કયા કયા ગેરવ્યાજબી ખર્ચો આજે પણ ચાલુ રહેલા જોવામાં અવે છે તે તપાસી તે વિષે ઘટતાં પગલાં લઇ અગર તો તેમાં ઘટતો સુધારો વધારો યા ફેરફાર કરી વિવેક પૂર્વક કાર્ય કરવામા આવે તો ઘણું શ્રેયસ્કર થાય અને તેમ કરી પોતાનો માર્ગ પોતેજ કરી લેવાનો છે.

જૈન સમાજના નેતાઓએ મળીને એવા પ્રશ્નો ચર્ચવા જોઇએ-વારવાર ચર્ચવા જોઇએ કે જેથી કોમ ધાર્મિક, આર્થિક, વ્યવહારિક, સામાજિક વગેરે સ્થિતિમાં ઉંચું પદ ધરાવવા શક્તિમાન થાય. સમાજનો મૂળરોગ દૂર કરવામાં ન આવે, જ્ઞાની પ્રતિભાશાળી સમર્થ નેતારૂપ વૈદ્યની દવાનો સીધી પ્રથમ ઉપયોગ કરી સમાજનો કોઠો સાફ ન થાય ત્યાં સુધી આપવામાં આવેલાં ઉપદેશામૃતો-વચનામૃતો વગેરે વ્યર્થ થઇ કશી અસર કરી શકતા નથી. આ વાત વારવાર વિચારવા જેવી છે અને તેમાં પ્રમાદ દૂર કરવાની જરૂર છે. (ચાલુ).

દેવદ્રવ્ય સંબંધી ચાલતી ચર્ચા.

દેવદ્રવ્ય સંબંધી કરેલ પંડિત બેચરદાસના ભાષણ માટે આ લેખકે આ માસિકના ગયા વૈશાક, જેઠ માસના અંકમાં લેખ લખી પંડિત બેચરદાસને શાસ્ત્રપ્રમાણ પુરાવા આપવા માટે સુચના કરી હતી. કે જેથી સત્યાસત્યનો નિર્ણય થાય. પરંતુ અત્યાર સુધી બેચરદાસે પોતાના પુરાવા બહાર મુકયા નહિ તેથીજ તેમની હકીકત શાસ્ત્રવિરૂદ્ધ છે એમ વધારે મનુષ્યોના માનવામાં આવે તે સ્વભાવિક છે, અને જ્યારે તેને માટે તેઓ મુંબઇના રહેનાર શેઠશ્રી જે કામ મુંબઇના કી મગે પ્રથમ કરવુ જોઇએ તે કામ તેમણે ન કર્યું.ત્યારે અમદાવાદ શીસંઘે બેચરદાસને પુરાવા પુછતા

માટે ને ઉપાડી લીધું અને તેના ખુલાસા આપવા માટે તા. ૧૪ મીએ અમદાવાદ આવવા બેચરદાસને પત્ર દ્વારા ખબર આપ્યા. સાંભળવા પ્રમાણે જેમ બહેચરદાસને પત્ર આપ્યો તેમ તે મીટીંગના પ્રમુખ રા૦ મોતીચંદ કાપડીઆને પણ કેટલાક ખુલાસા પુછવા અમદાવાદના શ્રીસંઘે પત્ર આપ્યો હતો, જેનો જવાબ સાંભળવા પ્રમાણે રા૦ મોતીચંદે શ્રી અમદાવાદના સંઘને લેખીત આપ્યો અને પંડિત બેચરદાસ તો ગયા નહિ, અને કંઇ પણ જવાબ આપ્યો નહીં પરંતુ દરમ્યાન મુંબઇના શ્રીસંઘ સમસ્ત શ્રીમાન્ વિજયધર્મસૂરિ આચાર્ય મહારાજના વ્યાખ્યાનમાં તેમની રૂબરૂ એક માફીપત્ર લખી તે ભાષણ, તથા તત્ત્વમરણનો લેખ (કે જે લેખ, આ લેખક તો અયોગ્ય માને છે,) તે બંને ખેંચી લીધા. અને માફી માગી. આ સમાચાર કે કાંઇપણ જવાબ શ્રીઅમદાવાદના શ્રીસંઘે લખેલ પં૦ બેહેચરદાસ ઉપરના પત્રના જવાબરૂપે અમદાવાદના શ્રીસંઘને પંડિતે બીલકુલ આપ્યા નહિ જો તેમ કર્યું હોય તો તેમણે અયોગ્ય કર્યું છે. સાંભળવા પ્રમાણે ત્યારબાદ તેટલાજ માટે અમદાવાદ શ્રીસંઘ એવા ઠરાવ ઉપર આવ્યા કે પં. બહેચરદાસે મુંબઈમાં માગેલ માફી અપૂર્ણ છે અને તેટલા માટે તા. ૨૮મી સુધીમાં જો તેઓ અમદાવાદ આવી અમોએ જણાવ્યા પ્રમાણે માફી ન લખી આપે કે ખુલાસા કરવા ન આવે તો તે પછી બેચરદાસને સંઘ બ્હાર ગણવામાં આવશે. સાંભળવા પ્રમાણે બેહેચરદાસે એક પત્ર હાલમાં લખ્યો છે. અલબત બહેચરદાસે અમદાવાદના શ્રીસંઘના બે પત્રોનો કાંઇ પણ જવાબ વિનયપૂર્વક ન આપ્યા હોયતો વ્યાજબી કર્યું નથી છતાં અત્રે એક સ્વાલ ઉપસ્થિત થાય છે કે કેટલાકો એમ બોલે છે અમદાવાદના શ્રીસંઘને પુછવાનો કે નિર્ણય લાવવાનો શું હક છે? કારણ કે તેવી રીતે તો દરેક ગામના સંઘ પુછે. અને બધાને જવાબ કેમ અપાય. ! આ વાત તદન અયોગ્ય છે ધર્મની બાબત માટે પુછવાનો, ખુલાસો કરવા વગેરેનો દરેક ગામના સંઘને તો હક છે, પરંતુ દરેક જૈન વ્યક્તિને પણ છે, પરંતુ તેનો નિર્ણય કે ફેસલો તેવો મનુષ્ય જે ગામનો રહીશ હોય તે ગામના શ્રી સંઘ કરે અને બીજા સર્વ માન્ય રાખે તેમ ધોરણ હોવું જોઇએ અને ન્યાયયુક્ત પણ તે છે; કારણકે દરેકે દરેકને જવાબ આપવાનું બની શકે નહિ. અને તેને લઇનેજ જ્યારે મુંબઇનો શ્રીસંઘ આ ચર્ચાથી શાંત હતો અને તેમણે કાંઇ પણ હીલચાલ કરી નહિ ત્યારે પ્રથમ તે દરમ્યાન અમદાવાદના શ્રીસંઘે તે વાત ઉપાડી તે અયોગ્ય નહોતું, પરંતુ જ્યારે સાંભળવા પ્રમાણે મુંબઇના શ્રીસંઘ તથા શ્રીમાન આચાર્યમહારાજ શ્રી વિજયધર્મસૂરિ મહારાજે આ વાત હાથમાં લીધી, માફી મંગાવી, ભાષણ અને લેખ ખેંચી લેવામાં આવ્યા, ત્યારે બેચરદાસનું આ પ્રકરણ હવે ખલાસ થયું છે. (કારણ કે મૂળની નાસ્તિ થઇ છે) અને જ્યારે ભાષણ વગેરે ખેંચી લેવામાં

આવે છે ત્યારે પંડિત બેચરદાસને તે વિષયમાં કાંઇ પણ કહેવાનું કે ચર્ચા કરવાનું કે સત્યાસત્યનો નિર્ણય કરવાનું સામાન્ય રીતે જોતાં લાગતું નથી. કારણ કે પંડિત બેચરદાસે તેમાં તેવું જણાવતા નથી છતાં દેવદ્રવ્ય-શાસ્ત્રપ્રમાણ, અને સશાસ્ત્ર છે, તેનો છેવટનો નિર્ણય આ લેખકના પોતાના મત મુજબ શાંતિથી થવો જોઇએ. અથવા તે સિવાય બીજી રીતે કાંતો બેચરદાસ પોતાની હકીકતનો શાસ્ત્રાર્થ કરવા માગતા હોય તો અથવા મુંબઇના શ્રીસંઘને લખી આપેલી માફી અપૂર્ણ છે એમ શ્રી અમદાવાદનો શ્રીસંઘ જેમ માને છે, તેમ બીજા ગામના શ્રીસંઘો માનતા હોય તો પછી તે માટે જૈન ધર્મના વિદ્વાન્ મહાશયો કે જેઓશ્રી આગમો વગેરેનું સારૂં જ્ઞાન ધરાવતા હોય તેવા બે મહાશયો અને સામી બાજુની માંગણી હોય તો એક અથવા બે જૈનેતર વિદ્વાન મહાશયોની મળી કમીટી કરી શાસ્ત્રાર્થ કરી, છેવટનો નિર્ણય લાવવો જોઇએ. તે નિર્ણય આવતાં પંડિત બેચરદાસનું ભાષણ શાસ્ત્ર વિરૂદ્ધ ઠરે કે અયોગ્ય ઠરે તો બેચરદાસે કોઇ પણ જાતના કદાગ્રહ સિવાય તરતજ શ્રીસંઘની માફી માગવીજ જોઇએ, અને તે પ્રમાણે પંડિતબેચરદાસ કરવાની આનાકાની કરે તો તેના માટે તમામ શહેરોના શ્રીસંઘે ગમે તે ધાર્મિક શિક્ષા ફરમાવવી જોઇએ. આવી રીતે કમીટીદ્વારા નિર્ણય થયા સિવાય અમદાવાદના શ્રીસંઘે જે ઠરાવ બ્હાર મુકયો છે કે તા૦ ૨૮ મીની અંદર બેચરદાસ અમદાવાદ આવી ખુલાસો ન કરી જાય-તેઓશ્રીના જણાવ્યા પ્રમાણે માફી ન લખી આપે તો સંઘ બ્હાર ગણવામાં આવશે તે યોગ્ય નથી.

આવા પ્રશ્નનો કમીટી દ્વારા શાસ્ત્રાર્થ કરી નિર્ણય થયા સિવાય આવી રીતે આખરી ફેસલો કોઇ શ્રીસંઘ તરફથી અપાય તે જરા ઉતાવલ કરી એમ દેખાય છે અથવા ન્યાય પુરસ્સર ન થયું કહેવાય, અને તેથીજ બીજા જુદા જુદા લેખકોએ બીજા પેપરો વગેરે દ્વારા ઘણે ભાગે આ હકીકતને વળગીને લખે છે; તેમજ તે સાથે તેવા કેટલાક લેખકોએ આવી રીતે ફેસલો અપાય તેને માટે જે વિચાર સ્વાતંત્રતા અને વ્યક્તિ સ્વાતંત્રતાનો નાશ થતો જણાવ્યો છે પરંતુ તે આવી ચર્ચાઓના-વિચાર સ્વાતંત્રતાના મૂળમાં શ્રદ્ધા હોય તો લાંબો નથી. પરંતુ શ્રદ્ધા વગરની તેવી સ્વતંત્રતા હોય તે તો માત્ર સ્વચ્છંદતાજ છે. જૈનદર્શન આખું શ્રદ્ધા ઉપરજ આધાર રાખે છે. વિચાર સ્વચ્છંદતા તો ત્યારે કહી શકાય કે-પૂર્વાચાર્યો શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજ જેવા અપરિમિત અને અતુલ જ્ઞાની મહાત્માઓ જે જે વિષયો માટે લખી ગયા છે-કથન કરી ગયા છે તેમાં કોઇ પણ વ્યક્તિને અલ્પબુદ્ધિને લઇને કાંઇ શંકાનું સ્થાન હોય કે ઓછું સમજાય કે ન સમજાય તે બનવાજોગ છે, પરંતુ શ્રદ્ધા તો સાથેજ રાખી લેઇએ, પરંતુ તેવા મહાન પુરૂષો લખી ગયા-કહી ગયા તે યોગ્ય નથી અને આ કાળના બ્હોળા જ્ઞાન અને અનુભવથી કે ઐતિહાસિક

દૃષ્ટિથી પોતાનું જોવાયેલું તેવી વ્યક્તિ કાંઇ બહાર મૂકે તેજ સાચું છે એમ શાસ્ત્રાધારે નિર્ણય કર્યા સિવાય કે જાણ્યા–સમજ્યા વગર એમ છાતી ઠોકીને કોઇ કહે અને તેવા કહેનારનોજ માત્ર એકલોજ પક્ષ કરવો અને કથન કરેલ મહાન આચાર્યો શું કહે છે તે તરફ લક્ષ પણ ન આપે તે કોઇ પણ રીતે નિષ્પક્ષપાતપણું ન કહેવાય. તેવા ધુરંધર મહાન વિદ્વાન આચાર્ય મહારાજ કરતાં વધારે વિદ્વતા દેખાડવા જેવું જો થતું હોય તો તે તો અશ્રદ્ધાયુક્ત છે. એમજ ચોક્કસ ગણી શકાય. આટલી હકીકત જણાવ્યા પછી મૂળ હકીકત ઉપર હવે લેખક આવે છે આ દેવદ્રવ્યની ચર્ચામાં પણ તે સાબીત કરવાને હજુ સુધી કોઇ જાતની પણ તૈયારી તો પં. બહેચરદાસે કરી નથી. ખુલાસા પણ બહાર મૂકયા નથી એટલે સમાજમાં અશાંતિ-કોલાહલ ચાલ્યા કરે છે. દરેક મનુષ્યને શંકા ઉત્પન્ન થાય અને તે પ્રમાણે તેની સમાધાની થવી એ સહજ છે, જેથી કોઇ વ્યક્તિ પોતાની હકીકત શંકા તરીકે રજુ કરી જિજ્ઞાસુ થઇ તેની સમાધાની માટે પ્રશ્નો પૂછે, પોતાનો અભિપ્રાય જણાવે, પ્રયત્નો કરી શકે પરંતુ પોતાનો સિદ્ધાંત નિર્ણય તરીકે મુકી શકે નહીં, તેમજ માર્ગ સાચું છે એમ કહી શકે નહીં તે પણ લક્ષમાં લેવા જેવું છે. જૈન ધર્મ પ્રકાશના આશ્વીન માસના અંકમાં સ્ફુટ નોંધમાં પા૦ ૨૩૦ મે તેના તંત્રી સાહેબ જણાવે છે કે પં. બહેચરદાસનું પ્રકરણ હવે સમાપ્ત થયું છે અને પા૦ ૨૩૪ મે આ પ્રશ્નનો નિર્ણય કમીટી દ્વારા લાવવાની ચોક્કેજ કરે છે, તો તે લખાણથી તેમનો વિચાર પણ આ લેખકે ઉપર જણાવ્યા પ્રમાણે કમીટી દ્વારા કરવો અને પછી ફેસલો આપવો એમ દેખાય છે, અને જો એમ છે તો અમદાવાદના શ્રીસંઘે કમીટી દ્વારા નિર્ણય થયા સિવાય ભરેલું પગલું (કરેલી શીક્ષા) ઉતાવળું પગલું છે એમ તેઓ સ્પષ્ટ લખતા નથી પરંતુ ગર્ભિત જણાય છે. હવે પછી પણ કોઇ પણ વ્યક્તિ આવી ચર્ચા ભાષણ-લેખ કે ઉપદેશ આપે અને તે શાસ્ત્ર વિરૂદ્ધ હોય કે ઠરે તો તેનો કમીટી દ્વારા સત્યાસત્યનો નિર્ણય કરી તેની ભુલ માટે કાંતો તે માફી માગે અથવા તેમ ન કરે તો યોગ્ય શિક્ષા કરવામાં આવે તો સમગ્ર રીતે યોગ્ય કર્યું કહેવાશે અને જે કેટલીક સાચી, ન્યાયયુક્ત, શાસ્ત્રયુક્ત, અને કેટલીક તેનાથી વિરૂદ્ધ કે પક્ષાપક્ષી થઇ અનેક હકીકતો, હેન્ડબીલો, પેમ્ફલેટો દ્વારા બહાર પડી. બંડનમંડન થાય છે અને ખેદ ઉપજે તેવા ગમે તેવા લખાણો થાય છે તે ન થતાં શાંતિથી સત્ય બહાર આવશે અને શાસ્ત્ર કે ધર્મ વિરૂદ્ધ બોલનાર, લખનાર કે ચર્ચા કરનાર પોતે પોતાની ભૂલ સુધારશે અથવ યોગ્ય શિક્ષાને પાત્ર થશે; પરંતુ ઘોરણ સિવાય કરવા જતાં જેમ એક શહેર એક ઠરાવ કરે, બીજો જુદો કરે અને ત્રીજો મૌન રહે તેને બદલે આવી રીતે જે ગામનો આવી ચર્ચા કરનાર શખ્સ હોય તે ગામના શ્રીસંઘ મારફત કમીટી દ્વારા નિર્ણય થાય તો તે વાતને હિંદુસ્તાનના તમામ શ્રી સંઘો કબુલ કરશે,

યોગ્ય અમલ કરશે અને તે રીતે સૌ સત્યને વળગી રહેશે આમ કરવાથી કોઈ પણ તેનો પક્ષ કરશે નહીં, છતાં પણ કોઇ કોરડુ મગની જેમ રહી પક્ષપાત કરી અસત્યને વળગી રહેશે તો તેના દુર્ભાગ્યની વાત છે.

આટલી હકીકત આ લેખક રજુ કરી મૂળ વાત ઉપર હવે આવે છે. તા. ૧૪ પછી કેટલાક દિવસ પછી અમદાવાદનો શ્રીસંઘ તા. ૨૮ મી નોટીશ ફરી પં. બહેચરદાસને જ્યારે આપે છે, દરમ્યાન જાણવામાં આવ્યું છે કે પં. બહેચરદાસ પોતાના ભાષણના ખુલાસા અને પોતે જે બોલેલ છે તેના પ્રમાણો આપવા બહાર પડયા છે, અને તેમની સહીથી જૈન પેપર વગેરેમાં લેખ પણ આવેલ છે. આ લેખકને તે વાંચી અજાયબી ઉત્પન્ન થઇ છે. એક વખત પોતાના ભાષણ પછી આઠ માસ જેટલો વખત નીકળી ગયા છતાં કાંઈપણ ખુલાસા આપતા નથી, જ્યારે અમદાવાદનો શ્રીસંઘ પૂછે છે ત્યારે પણ ખુલાસા મૂકતા નથી, જવાબ આપતા નથી, અને મુંબઇનો શ્રીસંઘ માફી પત્ર લે છે તે દરમ્યાન પણ ખુલાસા મુકતા નથી, માફીપત્રમાં પણ અમારે ખુલાસા કરવા બાકી છે એમ પણ ઉકત પંડિત જણાવતાં નથી, માફી સાથે પણ ખુલાસા મુકતા નથી, એટલા વખત પહેલાં કે દરમ્યાન ખુલાસા કમીટી દ્વારા હું કરીશ તેમ પણ જણાવતા નથી અને જ્યારે માફી માંગી લેખ તથા ભાષણ ખેંચી લીધા ત્યારે તો જૈન સમાજે માન્યુ કે આ પ્રકરણ–ચર્ચા બંધ થઇ, શાંતિ થઇ; પરંતુ વળી પાછું પં. બહેચરદાસે ખુલાસા કરવા માટે પોતાની સહીથી લેખ બહાર મુકયો, આનો અર્થ શું તે આ લેખક સમજી શકતો નથી. જો કે પં. બહેચરદાસની સહીથી જૈનમાં તેવી નોટ આવ્યા પછી મુંબઇમાં બીરાજતા આચાર્ય શ્રીવિજયધર્મસૂરિ મહારાજે સાંભળવા પ્રમાણે જે માફીપત્ર લીધું હતું તેના ઉપરથી પોતાનો હાથ ઉઠાવ્યો છે અને સંઘોએ જે કરવું હોય તે કરો એમ પોતાના શિષ્ય મહાશય દ્વારા જણાવ્યું છે અને સાથે પં. બહેચરદાસને શાસ્ત્રાર્થ કરવો હોય તો તે તેઓ શ્રીમાન્ તૈયાર છે એમ પણ કહેલ છે આમ બન્યું છે, હવે તે બાબતમાં અમદાવાદના શ્રીસંઘને વિનંતિ છે કે કંઇ પણ ફેસલો તેઓશ્રીએ ન આપવો અને આપ્યો હોય તો તેનો ખુલાસા આવતા કે કમીટીદ્વારા નિર્ણય આવતાં સુધી મુલતવી રાખવા નમ્ર સુચના છે. અને તે કામ પંડિત મુંબઇના શ્રી સંઘનું છે; તો પં. બહેચરદાસે મુંબઇના શ્રી સંઘને વિનંતિ કરવી કે કમીટી દ્વારા હું મારા ભાષણનો સત્યાસત્યનો નિર્ણય કરાવવા માગું છું અને મારી હકીકત શાસ્ત્રની વિરૂદ્ધ ઠરશે તો હું માફી માગવા તૈયાર છું, એવી માંગણી મુંબઇના શ્રી સંઘ પાસે મુકી કમીટી નીમાવવી નિર્ણય કરાવવો. માત્ર પોતાના ખુલાસા માત્ર લેખદ્વારા આપવાથી નિર્ણય થઇ શકે જ નહીં. મુંબઇના સંઘ કે તેઓ મૂળ જ્યાં બીજે સ્થળે રહેતા હોય તો ત્યાંના શ્રીસંઘની પાસે તે માગણી કરી શકે છે જેથી

તેમ જલદીથી તેમણે કરવું અને જો પંડિત બહેચરદાસ કોઇ ગામના સંઘને તેવી વિનંતિ ન કરે તો પછી અમદાવાદના શ્રીસંઘે બીજા મોટા શહેરોના સંઘને જણાવી સલાહ પ્રમાણે કમીટી નીમી મુંબઇ, પાલીતાણા કે કોઇ બીજું કોઇપણ એક સ્થળ મુકરર કરવું, તારીખ નક્કી કરી બહેચરદાસને ખબર આપવા અને તે રીતે કમીટી દ્વારા આ પ્રશ્નનો નિર્ણય લાવવો. પં. બહેચરદાસની હકીકત કમીટી અસત્ય અને શાસ્ત્ર વિરૂદ્ધ ઠરાવે છતાં પં. બેહેચરદાસ માફી ન માંગે અથવા કમીટી નીમવાની તે વિનંતિ ન કરે, જ્યારે કમીટી મુંબઇનો સંઘ કમીટી નીમી નિર્ણય લાવવા પ્રયત્ન ન કરે તો અમદાવાદ કે બીજા ગામનો સંઘ સલાહ મુજબ નક્કી કરે; તેના ખબર આપ્યા છતાં બહેચરદાસ આવવાની, કે નિર્ણય કરવાની, કે સલો લેવાની આનાકાની કરે કે અખાડા કરે કે જવાબ ન આપે તો પછી તે કમીટી જે કેસલો આપે તે હિંદુસ્તાનના તમામ ગામના સંઘોએ કબુલ જ કરવાનો છે, જેથી તેમાં જે નક્કી થાય તે પ્રમાણે સર્વેએ અમલ કરવો. આ રીતે કર્યા પહેલાં સંઘબહારની શિક્ષા કોઇપણ સંઘે કરવી તે આ લેખકને ન્યાયથી જુદું અને ઉતાવળીઉં પગલું લાગે છે; તો અમદાવાદના શ્રી સંઘને અમારી નમ્ર વિનંતિ છે કે આ રીતે ધોરણસર મુંબઇનો સંઘ કરે અને તે ન કરે તો આપ (અમદાવાદનો શ્રીસંઘ) કરો તે યોગ્ય લાગે છે. આમ કરવાથી પં. બહેચરદાસની ભૂલ હશે તો બચી જતા નથી અને તે સંબંધમાં બીજા લખનારા કે બોલનારાઓને પણ અવકાશ રહેશે નહિ તેટલું જ નહિ પરંતુ બહેચરદાસને જૈનધર્મની ખરી શ્રદ્ધા અને પ્રેમ હશે તો કમીટી જે કેસલો આપશે તેનાથી પોતાની ભુલ જોઇ પશ્ચાતાપ કરી તે સુધરશે. જૈન સમાજ પણ તે હકીકત બહાર આવતાં દ્રવ્ય સશાસ્ત્ર અને શાસ્ત્રપ્રમાણ જ છે; તેને માટે વધારે શ્રદ્ધાવાન બનશે અને પંડિત બેચરદાસ છતાં આગ્રહ કરશે તો સમાજની દૃષ્ટિએ યોગ્ય શિક્ષા થશે, તેટલું જ નહિ પરંતુ સમાજના તિરસ્કારને પાત્ર કાયમના માટે થશે. આ પ્રમાણે કરવા આ લેખક નમ્ર વિનંતિ કરે છે. I. A.

શ્રી દીવાળીનું સ્તવન.

ધીરાની કારીનો રાગ.—

દીવાળીને ભાળી રે આજે મને આનન્દ અતિ,
વિલોકું જયશાળીરે પૂરણ મ્હારા પ્રાણ પતિ,
જીનવરજીના નામ સ્મરણની પ્રગટાવું દીપમાળ;
અંધકાર સહુ અળગો કરીને દેખું દીનદયાળ;
પૂજું પ્રેમના પુષ્પેરે રહે નહીં ખામી રતિ—દિવાળીને૦

પંડી પૂજું હું માતુ શારદા ધો સાચી વિદ્યાય,
સાચી વિદ્યામાં સુખ સાચું હેડું જ્યાં હરખાય;
ઠાચીમાં સુખ કાચું રે મેળવવા નથી મારી મતિ—દિવાલીને૦ ૨
પ્રેમે ક્ષેમ લખું હૃદ્‌પટ પર નમી પ્રથમ [1]ગણરાય,
પ્રભુ ભક્તિના ભાવો પેખી દિલમાં સુખ દેખાય;
અમુલ્ય લાભ આ લેશે રે હોશે જે કોઈ જોગી જતી—દિવાલીને૦ ૩
વિધવિધ પ્રાણાયામ કરી કરૂં નાદાદું સંધાન,
ફુટ ફુટાકા ઠેશ ઠામે ગાઉં અનહદ ગાન;
ગમ જાણે આ જ્ઞાની રે ગમારની પહોંચે ન મતિ—દિવાલીને૦ ૪
ભાતભાતનાં કરૂં ભોજનીમાં સાધન રૂપ સુખ ધામ,
પીરસું ગ્હારા પ્રેમી જનોને એસે નહિ બદામ;
સાધન તો છે રહેલું રે ક્ષેમ સદા—નથી સ્વરૂપ ક્ષતિ—દિવાલીને૦ ૫
જે દિન થાય ભજન ભગવતનું દિવાળીનો એ દિન,
જે દિન થાય નહિ જીત સ્મરણ છે દિન તો છિન્નભિન્ન;
અજીત પ્રભુની નૌતમતા રે ઘ્હલીઆવી નિહાલિનતી—દિવાલીને૦ ૬

લેખક—પં. અજીતસાગર.



પ્રાચીન અને નવીન ભાવનાનું સંઘર્ષણ.

શ્રદ્ધા અને વિચારસ્વતંત્રતા એ પ્રાચીન અને અર્વાચીન ભાવનાના બે જુદાં સ્વરૂપો છે. પ્રાચીન કાળમાં શ્રદ્ધાનેજ આગળ કરી દરેક કાર્યો આટોપવામાં આવતા હતા અને વિચાર સ્વતંત્રતાને ગૌણપદ અપાતું હતું; કેમકે તે વખતે તે કાળના મનુષ્યો પશ્ચિમના સંઘટ્ટનમાં આવ્યા નહોતા. હાલમાં વિચારસ્વતંત્રતાનું સૂત્ર નવયુવકોના અંતઃકરણના ધ્વજપટ ઉપર પ્રત્યેક સ્થળે આલેખાયું દૃષ્ટિગોચર થાય છે. પરંતુ વિચારસ્વતંત્રતા અને વિચારસ્વચ્છંદતાનો ભેદ કળી શકવાની ખામીને લીધે ચોક્કસ પ્રકારનું ક્લેશમય વાતાવરણ ઉત્પન્ન થયેલું જોવાય છે. વિચારસ્વતંત્રતા શ્રદ્ધા મૂલક હોય તોજ તે પ્રશસ્ય ગણાય છે. એ તો સિદ્ધ છે કે મનુષ્યને શ્રદ્ધા ન હોય તો એની પ્રવૃત્તિ સંભવી શકેજ નહિ. અમુક પદાર્થ અમુક પ્રકારનો વસ્તુતઃ છે એમ માનીનેજ—અર્થાત્ શ્રદ્ધા પૂર્વકજ—મનુષ્ય સર્વ વ્યવહારમાં ઉતરે છે અને

[1] ઇન્દ્રિયોના ગણનો અધિપતિ આત્મા.

મનુષ્ય ક્ષણવાર પણ વ્યવહારશૂન્ય ટકી શકતો નથી. 'સાયન્સ' જે શંકાનું ઉત્પત્તિ સ્થાન છે તે પણ ખરૂં જોતાં કાર્યકારણની સંકલના ઉપર શ્રદ્ધા રાખીનેજ પ્રવર્તે છે; અમુક કાર્ય કારણના નિયમનો જ્યાં ભંગ થતો હોય ત્યાં સાયન્સ એ નિયમ માટે શંકા ન ધરાવતાં ભવિષ્યમાં જુદો ખુલાસો થશે એમ શ્રદ્ધા રાખે છે.

બુદ્ધિવાદ અને તર્કવાદ શંકાને જન્મ આપે છે. એક વિદ્વાને કહ્યું છે કે:— "Doubt is the disease of privileged souls" શંકા એ આત્માનો રોગ છે પણ એ રોગ હોવો એ પણ એક અસાધારણ અધિકાર છે-આવાં વચનમાં શંકાપ્રધાન ઉચ્ચતાને પશ્ચિમાત્યોએ સાબીત કરેલી છે.

નવીન ભાવના વિચારસ્વતંત્રતા-બુદ્ધિવાદ-ખાસ કરીને પૂર્વ અને પશ્ચિમના સંક્રાંતિ કાળના પ્રવાહે આધુનિક યુવકોમાં પલ્લવિત કરેલી છે. કેમકે પ્રત્યેક યુવક પોતાની માનસિક, વાચિક તથા કાયિક પ્રવૃત્તિનું સૂક્ષ્મ અવલોકન કરશે તો તુરત જણાઈ આવશે કે દરેક ક્ષણે તે માત્ર લાગણીના બળથીજ દોરાય છે પોતાના દૃઢ થયેલા સંસ્કારોને લીધે જે મનના પ્રવર્તન બળ (impuse) નો વેગ હોય છે તે સાથે પક્ષપાત બંધાઈ જાય છે તે જોઈ શકતો નથી-પણ અમુક લેખક પોતાના લખેલા ગ્રંથની ખામી જોઇ શકતો નથી-પણ અમુક કાળ ગયા પછી-મેં આ ગ્રંથ લખ્યો છે તેવી વિસ્મૃતિ થયા પછી જો તે એ ગ્રંથને તટસ્થ વૃત્તિથી-વિચારસ્વચ્છંદતા વગર-અવલોકે તો ત્યાં તેની અપૂર્ણતાનું ભાન થયા વગર રહેતુ નથી. જે ભાવનાઓ અમુક વખતે સંપૂર્ણતાવાળી લાગે છે તે કાળે કરીને નિષ્પક્ષપાતપણે વિચારતાં ત્યાં તે અપૂર્ણતા જુએ છે.

જ્યારે મનુષ્ય પ્રવૃત્તિના આવેગમાં હોય છે ત્યારે તેના અંતિમ ફળ-પરિણામનો વિવેક કરી શકતો નથી. વિચારસ્વતંત્રતાની હદમાં वादे वादे जायते तत्त्वबोधः એ સૂત્ર સમાય છે. પરંતુ પ્રવૃત્તિના આવેગમાં જ્યારે તે હદ ઓળંગી જવાય છે ત્યારે જિજ્ઞાસુપણું જતું રહેતાં-શંકાનું શ્રદ્ધામૂલકપણું નષ્ટ થાય છે. વિચારસ્વતંત્રતાના જમાનામાં શંકા ઉત્પન્ન કરવી એ સત્યસ્વરૂપને જોવા માટે જાડું આવરણ પાતળું કરવાતુલ્ય છે: કેમકે શંકાની ઉત્પત્તિ બુદ્ધિના પ્રદેશમાંથી છે. જ્યારે આત્મા તેની ક્ષયોપશમજન્ય બુદ્ધિને અજમાવે છે ત્યારે બુદ્ધિ સૂક્ષ્મ અને અને સમર્થ થતી જાય છે અને શ્રીમદ્ હરિભદ્રસૂરિએ પ્રબોધેલા ધર્મવાદની કોટિઓથી રહસ્ય પ્રકટ થાય છે. શંકા થવી અને તેની નિવૃત્તિ થવી એ સત્યસ્વરૂપ પ્રાપ્ત કરવામાં એક પગથીયું આગળ વધવા બરાબર છે. પરંતુ શ્રદ્ધા વગરની શંકા નિઃસાર નીવડે છે.

જે વખતે શ્રદ્ધાપ્રધાન જમાનો હતો તે વખતે પણ મહાન્ આચાર્ય શ્રીમદ્ હારિભદ્રસૂરિએ દરેક પ્રમાણોની કોટિઓને યુક્તિથી ઝડપણ કરવા માટેજ જાહેર કરેલું છે. તેથીજ અન્યદર્શનના નીચેના શ્લોક ઉપર બુદ્ધિને ઘરાણે મુકીને અંધશ્રદ્ધા વડેની માન્યતા તરફ કટાક્ષ કરેલો છે:– તે શ્લોક આ છે:—

પુરાણં માનવો ધર્મઃ સાંગો વેદશ્ચિકિત્સિતં ।
આજ્ઞાસિદ્ધાનિ ચત્વારિ નહંતવ્યાનિ હેતુભિઃ ॥

મતલબ કે વિશ્વનું (universal) વિશાળદર્શન વિચાર સ્વતંત્રતાનેજ પૂર્વકાળમાં પણ પ્રધાનપદ આપી રહ્યું છે.

પ્રસ્તુત પ્રસંગમાં સાંગરોળ સભાના હોલમાં શ્રીયુત્ બહેચરદાસે રા. મોતીચંદ ગીરધરલાલ સોલિસિટરના પ્રમુખપણા નીચે 'જૈન સાહિત્યમાં થયેલા વિકારો' સંબંધી લગભગ નવ માસ પહેલા ભાષણ આપ્યું હતું તેમાં 'દેવદ્રવ્ય.' જૈનાગમમાં નથી; 'સેકડે પચાણ ટકા કથાઓ કાલ્પનિક છે' 'તમસ્તરણ' થયું હતું; વિગેરે વિગેરે નિર્ભયાત્મકપણે ભાષણ અને લેખ દ્વારા દર્શાવ્યું હતું; જેથી જૈનસમાજ સાગરમાં મોટો ખળભળાટ ઉત્પન્ન થયો છે.

શ્રીયુત્ બહેચરદાસે અમારી માન્યતા પ્રમાણે જે શબ્દો ભાષણના પ્રસંગે વાપરેલા છે તે શબ્દો વિચાર સ્વાતંત્ર્ય જે નવીન ભાવનાનું લક્ષણ કહેવામાં આવે છે, તેની હદ ઓળંગી ગયેલા છે. અને જૈનાગમમાં પંચાંગી વિગેરે નહીં માનવા તરફ જાણે ન હોય તેમ દેખાય તેવું છે; તર્કવાદ ચલાવનાર કોઇ પણ મનુષ્ય પોતાનો સિદ્ધાંત નિર્ભય વરીકે જાહેરમાં મુકી શકેજ નહિ. માત્ર શંકાઓ રજુ કરી જિજ્ઞાસુ થઇ સમાધાનની આશા નિરભિમાનપણે રાખી શકે.

વિચારભેદની જે અથડામણી ઉત્પન્ન થવા પામી છે તેનું મૂળ કારણ નવા જમાનાના યુવકો વિચારસ્વતંત્રતાનું ખુન થયેલું માને છે તે છે; પરંતુ બુદ્ધિ-વિવેક પૂર્વક જો વિચાર કરશે તો તુરત જણાઇ આવશે કે મી. બેચરદાસનું ભાષણ શંકા અથવા જિજ્ઞાસુપણાને પ્રધાનપદ નહીં આપવા જેવું ગણાર આપ્યું છે. આશ્ચર્ય છે કે રા. મોતીચંદ કાપડીયા જૈનદર્શનના તત્ત્વજ્ઞાનના અભ્યાસી હોવા છતાં તેમણે સભામાં આ ભાષણ આગળ ચાલવા દઇ "આવી વિચાર સ્વતંત્રતાને" કેમ ઉત્તેજન આપ્યું હશે!

હવે અમો જે કહેવા માગીએ તે એ મુદ્દો છે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસારે-જૈનાગમની રાજનીતિ અનુસારે દરેક સમાજે સહનશીળ થવાની જરૂર છે.

હૃદય-ઔદાર્ય દેખાડવાની જરૂર છે. ગાલિપ્રદાન અથવા કડક ભાષાથી જ બોલી, લેખો લખી અમુક મનુષ્યને સુધારી શકાય તે કરતાં તેના તરફ સહનશીળ વર્તનથી સુધારી શકાય, તો ક્લેશમય વાતાવરણ નહિ વધતાં પરિણામ સારૂં લાવી શકાય. વસ્તુસ્થિતિ આમ હોઇ શી. બેચરદાસના ભાષણના રદીઆ આપવા માટે અમુક વિદ્વાન્ સાધુઓ અથવા અમુક વિદ્વાન્ ગૃહસ્થોનું 'કમીશન' તટસ્થ સ્થાને; બેસાડવાની આવશ્યકતા હતી; જે શી. બહેચરદાસને રૂબરૂમાં જ બોલાવી સમસ્ત સંઘના એકત્રિત બળથી વસ્તુસ્થિતિ અને તેમની ભૂલો જાહેરમાં લાવી-અથવા ખાનગીમાં તેમને સમજાવી-તે પછી ખેંચી લઇ મરી માગવા ગેરણા થઇ હોત તો જૈનસમાજના યુવકો જૈનાગમનું રહસ્ય સમજવા પામત અને શી. બહેચરદાસને જલદી પોતાની ભૂલ જોવાનો પ્રસંગ પ્રાપ્ત થાત.

પરંતુ હવે જ્યારે અમદાવાદના શ્રીસંઘે શી બહેચરદાસને 'સંઘ બહાર' ઠરાવ્યા છે ત્યારે અમારા આ વિચારો અરણ્યમાં રૂદન કરવા જેવા અમોને લાગે છે શ્રી સંઘે ઉપરનો પ્રસંગ ધ્યાનમાં લઇ શી બહેચરદાસને સમસ્ત સંઘના કમીશન દ્વારા સુધરવાનો અવકાશ આપી સહનશીળતા દાખવી હોત તો તેમનું ઔદાર્ય ગણાત અને ક્લેશમય વાતાવરણ દૂર થતાં પરિણામ સુંદર આવત એમ અમારી આધીન માન્યતા છે.

સમસ્ત સંઘની વિદ્વાન વ્યક્તિઓના કમીશન દ્વારા શી બહેચરદાસ પરત્વે કામ લીધું હોત તો કોર્ટના નિયમાનુસાર વાદી પ્રતિવાદી તરીકે તત્ત્વવાદના રહસ્યરૂપ જજમેંટ મળ્યાથી ખરેખરી વિચાર સ્વતંત્રતા કોને કહેવાય તે પ્રકટ થાત. છતાં શી. બહેચરદાસ પોતાનો કદાગ્રહ ચાલુ રાખત તો સમસ્ત સંઘનું કમીશન તેને જે શાસન ફરમાવે તે સહન કરવા તૈયાર રહેવું પડત.

ટુંકામાં શાસન સંરક્ષકોનું કર્તવ્ય એ છે કે પરિણામ માટે બહુ વિચાર કર્ર કેટલુંક કાર્ય ભવિષ્યકાળને સોંપી રાહ જોવી જરા જમાનાના પ્રવાહનો વિચાર કરી દૃષ્ટિબિંદુને ફેરવી જોવાથી-સાહસ ન કરવાથી ઇચ્છિત ફળની પ્રાપ્તિ કરાવી શકાય છે. શુષ્ક તર્કવાદનો શ્રદ્ધાપ્રધાન તર્કથી નિર્બળ કરી ક્લેશમય વાતાવરણને અટકાવવા ઉપર લક્ષ્યસ્થાન રાખવાથી શાસનનું રક્ષણ બળથી જ નહિ કરતાં ન્યાયપુરઃસર કરવા અમારો નમ્ર પણ દૃઢ અભિપ્રાય પુનઃ જાહેર કરીએ છીએ.

લે૦ ન્યાય અન્વેષક.

શ્રી આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यनिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

પુસ્તક ૧૭] વીર સંવત્ ૨૪૪૧, પોષ. આત્મ સંવત્ ૨૪. [અંક ૬ ઠો.

શ્રી વીર સ્તુતિ.

ગુજરાતી શાળા
૧૭૬૬

હરિગીત.

જે વીરના ઉપદેશની અમૃતમથી વૃષ્ટિવડે,
આ જગતમાં લોકો ઘણા પામ્યા છ બોધી બિજને;
ચારિત્ર ઉચું જેહનું નિરખી અને હૃદયે ધરી,
સંસારમાં લોકો ઘણાએ ચારિત્રને ધારણ કર્યું;
સંસાર સાગરથી કર્યો ઉદ્ધાર કઇક જનો તણો,
તે ધર્મસ્તંભરૂપી પ્રભુજી વિજય પામો સર્વદા.

કેટલાક પારમાર્થિક શ્લોકો.

પદ્યાત્મક ભાષાંતર સહિત.

લે૦ રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી—ભાવનગર.

ગતાંક પૃષ્ટ ૧૧૯ થી શરૂ.

आकाशमुत्पततु गच्छतु वा दिगन्त
मम्भोनिधिं विशतु तिष्ठतु वा यथेच्छम् ।
जन्मान्तरार्जितशुभाशुभकृन्नराणाम्
छायेव न त्यजति कर्मफलानुबन्धः ॥

(वसंततिलका.)

ઉડી ભલે ગગનમાં કદિ ભાઇ જાઓ,
યત્ને કરી ફરી વળો સઘળી દિશાઓ;
પેસો સમુદ્રમહિં કે વરતો સ્વચ્છંદ,
છોડે ન છાંયસમ કર્મફલાનુબંધ.

कैवर्तकर्कशकरग्रहणच्युतोऽपि
जालान्तरे निपतितः शफरो वराकः ॥
दैवात्ततो विगलितो गिलितो बकेन
वक्रे विधौ वद कथं व्यवसायसिद्धिः ॥

(वसंततिलका.)

માછીતણા કર થકી છટકયું જ ફાળે,
ત્યાં તો પડયું કમનશીબથી અન્ય જાળે;
ત્યાંથી છુટયું મછ અરે બગથી ગળાણું,
વાંકું વિધિ જવ પ્રયત્ન ન સિદ્ધ જાણું.

बन्धनस्थोऽपि मातङ्गः सहस्रभरणक्षमः ।
अपि स्वच्छंदचारी श्वा स्वोदरेणापि दुःखितः ॥

(દોહરો.)

હાથી બાંધેલો છતાં, પોષે સહસ્ર જન;
યથેચ્છ ભટકે સ્થાન પણ, ચિંતા પેટની મન.

अमितगुणोऽपि पदार्थो दोषेणैकेन निन्दितो भवति ।
निखिलरसायनमहितो गन्धेनोग्रेण लशुन इव ॥

(દોહરો.)

અવગુણ એક થકી ખરે, અગણિત ગુણ ઢંકાય;
લસણ રસાયણમાં વડું, ગંધ થકી નિંદાય.

परिहरतु परान्नानुसङ्ग
मिदमति जीवितमस्ति वल्लभं चेत् ।
हरि हरि हरिणीदृशो निमित्तम्
दशदशकंधरमौलयो लुठन्ति ॥

(ઉપજાતિ.)

જો જીવ ભાઈ! કદિ હોય વ્હાલો, પરસ્ત્રી સંગે ન કદાપિ મ્હાલો;
હરી ગયો રાવણ રામ રાણી, થયાં દશે મસ્તક ધૂળધાણી.

भोज्यं भोजनशक्तिश्चरति शक्तिर्वरस्त्रियः ।
विभवो दानशक्तिश्च नाल्पस्य तपसः फलम् ॥

(દોહરા.)

વિવિધ જાતનાં ભોજનો, ભોજન શક્તિ સાથ;
ઉત્તમ યુવતિઓ ઘરે, ભોગશક્તિ સંગાથ.
દાનશક્તિની સાથ છે, લક્ષ્મી પાસ અપાર;
અલ્પ તપતણું ફળ ન એ, જાણો જગ મોઝાર.

સંપૂર્ણ.

સ્વ જીવનશક્તિ (Vitality) નો વ્યર્થ વ્યય કરતાં અટકો.

"કરકસર એ બીજો ભાઈ છે" ઉડાઉ ફાટફાવેડા ન કરવા વિગેરે શાણી શિખામણોનો અર્થ–શાસ્ત્રમાં જેમ ઉપયોગ કરીને લક્ષ્મીનો નાહક વ્યય થતો અટકાવવામાં આવે છે તેમ જેના વડે આપણે આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મરમણતા પ્રમુખ સહજ સ્વાભાવિક આત્મસમૃદ્ધિ પ્રાપ્ત કરી તેની રક્ષા તથા પુષ્ટિ કરી શકીએ અને અનેક અજ્ઞાન જીવોને ઉન્માર્ગે જતાં જે જે અનર્થ (દુઃખ) થાય છે તે સારી રીતે નિઃસ્વાર્થપણે સમજાવી, તેમને અસત્ય માર્ગે પાછા વાળી, સન્માર્ગે જોડી શકીએ તે જીવનશક્તિનું સંરક્ષણ કરવાની આપણે સૌથી અગત્યની ફરજ છે. જેમ અનુકૂળ ખોરાક (ખાનપાનાદિક) વડે શરીરનું આરોગ્ય સચવાય છે અને પ્રતિકૂળ ખોરાકથી શરીરનું આરોગ્ય બગડે છે, જેમ ન્યાય નીતિ–પ્રમાણિકતાભર્યા વ્યાપાર–વ્યવસાય વડે લક્ષ્મીની પ્રાપ્તિ, રક્ષા અને વૃદ્ધિ થઇ શકે છે અને અન્યાય–અનીતિ–અપ્રમાણિક આચરણથી તેનો વિનાશ જ થાય છે તેમ સદ્ભાવનાવાળા પવિત્ર વિચાર, ઉચ્ચાર અને આચાર વડે આપણી જીવનશક્તિનું રક્ષણ અને પોષણ થવા પામે છે, અને તેવીજ રીતે વિરોધી ભાવનાયુક્ત મલીન વિચાર, વાણી અને આચાર વડે તેનો નાશ પણ થાય છે એમ સમજી સુજ્ઞ જનોએ સદાય મૈત્રી, કરૂણા, પ્રમોદ અને માધ્યસ્થ જેવી ઉત્તમ ભાવનાઓ વડે પોતાનાં અંતઃકરણને ભાવિત કરી રાખવું જોઇએ તથા પોતાનાં વિચાર, ઉચ્ચાર અને આચારને પણ જેમ બને તેમ અધિક ઉત્તમ બનાવવા પ્રયત્ન ચાલુ રાખવો જોઇએ. જીવનશક્તિને ખીલવવાનો અને તેને સાર્થક [illegible] ગ્યેજ હોઇ શકે. જેમ જેમ જીવન

(વસંતતિલકા.)

તેમ તેમ છુપાઇ–ઢંકાઇ–અવરાઇ
માંડીતણા કર થકી છટકયું જ કોય છે. જીવનશક્તિ એ સ્વા
ત્યાં તો પડયું કમનશીબથી અન્ય જાલવાની ધર્મ–કળા બરાબર
ત્યાંથી છુટયું મછ અરે બગથી ,ગળાણું, સમ્યગ્જ્ઞાન–વિજ્ઞાનકળા,
વાંકું વિધિ જવ પ્રયત્ન ન સિદ્ધ જાણું. એવી સદ્ધર્મકળા પ્રાપ્ત
! એ ઉત્તમ કળા પ્રાપ્ત

बन्धनस्योऽपि मातङ्गः सहस्रभरणक्षमः । અનેક પ્રાણીવર્ગને ઉપ-
अपि स्वच्छंदचारी श्वा स्वोदरेणापि दुःखितः યથાર્થ રક્ષા કાળજીપૂર્વક

કરી, તેનો જેમ બને તેમ અધિક વિકાસ કરવા પ્રયત્ન સેવવો જોઇએ. સમ્યગ્ જ્ઞાનાદિક કળાવડે આત્મબળ વધતું જ જાય છે અને પુષ્ટિ પામેલાં આત્મબળ (પુરૂષાર્થ) વડે ઉક્ત કળા અધિક ખીલતી જાય છે. એ રીતે અન્યોન્યાશ્રય વડે ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થયા જ કરે છે અને છેવટે તે અનંતતાને પામે છે, એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર (સ્થિરતા), અને અનંત વીર્યરૂપ બને છે. સત્ ચિદ્ આનંદ સ્વરૂપી આત્મા એ રીતે સાક્ષાત્ અનંત જ્ઞાન અને સુખનો સ્વામી પોતે બને છે અને પોતાના અમૃતમય ઉપદેશ વડે અનેક ભવ્યાત્માઓને પણ સનાથ કરે છે-કરી શકે છે. એ રીતે સ્વપરને ખરી સ્વાભાવિક સુખશાન્તિ પમાડવાની કળા કેળવવાની આપણને મળેલી અનુપમ અનુકૂળ તક બરાબર સાધી સાર્થક કરી લેવી કેટલી બધી જરૂરની છે તે હવે તમને સહેજે સમજી શકાશે. હીણા-નબળા-મલીન વિચારો, અણછાજતા અસભ્ય શેખાદિકભર્યાં મલીન વચનો અને વગરવિચાર્યા સ્વપર પ્રાણઘાતક આચરણો વડે મુગ્ધ-અજ્ઞાન જીવો બાપડા પોતાને મળેલી અમૂલ્ય તકને કહો કે સ્વજીવનશક્તિને વ્યર્થ ગુમાવી ઉલ્ટા અધિક દુઃખી બને છે. માટે માદક પદાર્થોનું સેવન (મદ), વિષયાસક્તિ, ક્રોધાદિક કષાય, આલસ્ય અને વિકથાદિકને દૂર તજી, સદ્ધર્મ કળા વડે આપણે સ્વજીવનશક્તિને ખીલવવી ઘટે છે જેથી અંતે અનંત સુખશાન્તિ પ્રસરે. ઇતિશમ્.

લે૦ મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

સંયમ એજ સુખ-શાન્તિની ખરી ચાવી છે.

કઇક ભોળા લોકો સંયમના નામથીજ ભડકે છે. તેમને સંયમનો ખરો અર્થ સમજાયો હોતો નથી. અથવા સંયમનો મિથ્યી કઇક વખત બગભકતોના દંભ જોઇ તેઓ તેથી ઉભગી ગયા હોય છે અથવા તો તેમનો તે તરફ અભાવ પેદા થયેલ હોય છે. પરંતુ જો સંયમનો ખરો અર્થ-પરમાર્થ ઠીક સમજાય અને તેવાજ સાચા સંયમનું યથાર્થ રીતે પાલન કરાતું સાક્ષાત્ જોવાય તો તે સાચા સંયમ પ્રત્યે તેમજ સંયમવંત વ્યક્તિ પ્રત્યે પ્રેમ પ્રગટયા વગર રહે નહીં. તેથીજ સંયમનો અર્થ-પરમાર્થ કહેવા પ્રયત્ન કરશું.

ઉક્ત સંયમમાં સં અને યમ બે પદ છે. સમ્=સમ્યક્-સારી રીતે યમ=નિયમનું પાલન કરવું-હિંસા, અસત્ય, ચોરી, જારી પ્રમુખ પાપકાર્યોનો બને તેટલો પરિહાર (ત્યાગ) કરવો, મન તથા ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો (તેમને ઉન્માર્ગે

જવા ન દેવા-જતાં અટકાવવા), ક્રોધ-રોષ, માન-અહંકાર, માયા-કપટ અને લોભ (અથવા રાગ અને દ્વેષ) રૂપ ચંડાળોથી ચેતતા રહેવું (તેમનો સંગ ન કરવો), તથા મન, વચન અને કાયાને કબજામાં (અંકુશમાં) રાખવા પ્રયત્ન કરવો તેનું નામ સંયમ. શુદ્ધ પ્રેમ-દયા, સત્ય, પ્રમાણિકતા અને શીલ-સંતોષાદિકનું સતત સેવન કરવાથી, ક્ષણિક અને અશુચિ ભરેલા જડ વસ્તુ સંબંધી વિષયલોગની અસારતા સમજી અને તેની ઉપેક્ષા કરી આત્માના સહજ સ્વાભાવિક સત્ ચિદ્ આનંદ મેળવવા અર્થે નિસ્પૃહી જ્ઞાની ગુરુની ખરા દીલથી સેવા-ઉપાસના કરવાથી, ક્ષમા-સમતા, મૃદુતા-નમ્રતા, ઋજુતા-સરલતા અને સંતોષાદિક સદ્ગુણો સારી રીતે આદરવાથી તથા વિચાર, વાણી અને આચારમાંની મલીનતા ટાળી શુદ્ધિ કરવાથી સંયમની પ્રાપ્તિ, રક્ષા અને અભ્યાસ બળથી વૃદ્ધિ થાય છે. એજ સુખ-શાન્તિ પ્રાપ્ત કરવાની, તેને ટકાવી રાખવાની તેમજ તેની અભિવૃદ્ધિ કરવાની ખરી ચાવી છે અને તેથીજ તે દરેક ભવ્ય આત્માએ અવશ્ય આદરવા યોગ્ય છે.

પૂર્વોક્ત હિતકારક-સુખદાયક સંયમમાર્ગનો અનાદર કરી જીવ જો સ્વચ્છંદપણે હિંસા, અસત્ય, ચોરી, જારી પ્રમુખ પાપ માર્ગમાંજ રચ્યોપચ્યો રહે, મનગમતા શબ્દાદિક વિષયમાં રાગ-આસક્તિ અને અણગમતા વિષયો પ્રત્યે દ્વેષ-અરૂચિ કરતો રહે, ક્રોધાદિક કષાય અગ્નિને ઠારવા-શાન્ત કરવાને બદલે તે પ્રબળ થાય તેવાં આચરણ કર્યા કરે અને મન, વચન તથા કાયાને કહો કે વિચાર, વાણી અને આચારને શુદ્ધ-પવિત્ર બનાવવાને બદલે મલીન બનાવતો રહે તો તે અસંયમવડે પરિણામે દુઃખ અને અવનતિમાં જ આવી પડે. સર્વે જીવનું હિતચિન્તવન કરવું, દુઃખી જનનાં દુઃખ દૂર કરવા આપણાથી બનતું કરવું, સુખી કે સદ્ગુણીને દેખી કે સાંભળીને રાજી ખુશી થવું અને પાપી પ્રાણી ઉપર પણ દ્વેષ નહીં કરતાં બની શકે તો તેને સુધારવા (નિષ્પાપી બનાવવા) પ્રયત્ન કરવો એ આપણી પવિત્ર ફરજ સમજવી જોઇએ. તેને બદલે અન્યનું અનિષ્ટ-અહિત ચિન્તવીએ, દુઃખીની ઉપેક્ષા કરીએ અથવા તો તેના તરફ દ્વેષ-અરૂચિ-ખેદ-તિરસ્કાર બતાવી દુઃખમાં ઉમેરો જ કરીએ, સુખી કે સદ્ગુણીની ઇર્ષ્યા-અદેખાઈ-અવજ્ઞા કરીએ અને પાપી નીચ નિન્દ્ય કામ કરનાર સાથે પ્રીતિ બાંધી પાપાચરણને પુષ્ટિ આપીએ એ બધાં અસંયમવડે સુખ-શાન્તિ પામી ન જ શકીએ, એ સ્પષ્ટ સમજી સંયમ સેવવો.

લે૦ મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

સત્સંગ કરવાથી થતા અનેક ઉત્તમ લાભ.

સંત-સુસાધુ જનોની સંગતિ કલ્પવેલીની પેરે કયા કયા ગુણ-લાભની પ્રાપ્તિ નથી કરાવતી ? કલ્પવેલી કેવળ ઐહિક-આ લોક સંબંધી સુખલાભની પ્રાપ્તિ કરાવે છે, ત્યારે સંતસેવા-ભક્તિરૂપ અપૂર્વ કલ્પવેલી અલૌકિક અગણિત સુખ સંપદાની પ્રાપ્તિ અને વૃદ્ધિ માટે થાય છે. તે કઈક કાળના પુરાણા પાપ સમૂહનો નાશ કરે છે, જેથી આત્માની કઈક પ્રકારની મલીન વાસનાઓ વિલય પામે છે અને શુભ વાસનાઓ જાગૃત થાય છે; સુકૃત્યની વૃદ્ધિ કરે છે-કલ્યાણ પરંપરાનો જમાવ કરે છે; જેથી જીવને સર્વત્ર સુખશાન્તિનો જ અનુભવ થાય છે; સુબુદ્ધિ જગાડે છે અને કુબુદ્ધિ ટાળે છે, જેથી જડતા (ભ્રમ-વિભ્રમાદિક) દૂર થતાં ગમે તેવા પ્રસંગમાં લગારે મુંઝાયા વગર સત્ય દિશાનું શીઘ્ર ભાન થાય છે અને તેમાં અસ્ખલિત પ્રયાણ થઈ શકે છે; વળી તે નવી નવી રૂડી વિજ્ઞાન-કલા પ્રગટાવે છે, જેથી કોઈ પણ સ્થળે પરાભવ નહીં પામતાં સર્વત્ર જયલક્ષ્મી પ્રાપ્ત થાય છે; અજ્ઞાન-મિથ્યાત્વ અંધકાર દૂર કરી જ્ઞાન-પ્રકાશ પ્રસારે છે, જેથી સ્વાત્મગત અનંતવીર્ય-શક્તિનું યથાર્થ ભાન-શ્રદ્ધા પ્રગટ થતાં, સ્વવીર્યશક્તિનો ઉપયોગ ઉત્તમ પ્રકારના સંયમ-યોગનું યથાર્થ પાલન કરવા વડે અનંતી આત્મઋદ્ધિ સંપાદન અર્થે કરી લેવામાં આવે છે. આ રીતે સંત-સુસાધુ જનોની સેવા-ભક્તિ-ઉપાસના અકૃત્રિમ (સાચા-સ્વાભાવિક) સુખના અર્થી મુમુક્ષુ જનોને છેવટે અક્ષય અનંત અવિનાશી સુખ-શાન્તિ આપવા સમર્થ બને છે. ઇતિશમ્.

લે—મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

દ્રવ્ય-ભાવ તીર્થસેવાનું અનુપમ ફળ.

શત્રુંજય, ગિરનાર, અર્બુદાચળ, અષ્ટાપદ અને સમેતશિખરાદિક સ્થાવર તીર્થો લેખાય છે, જ્યારે ક્ષમા-દયાદિક અનેક ગુણોથી અલંકૃત થયેલા ઉત્તમ ગણધરાદિક સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ જંગમતીર્થરૂપ કહેવાય છે ઉક્ત ઉભય તીર્થને સ્થાપનારા (પ્રવર્તાવનારા) અસાધારણ ગુણ-શક્તિને ધારણ કરનારા તીર્થંકરો હોય છે. ઉક્ત ઉભય તીર્થનું તેમજ તીર્થંકર ભગવાનનું યથાર્થભાવે સેવન કરનારા ભવ્ય જનો અનુક્રમે ઉત્તમ પ્રકારના જ્ઞાન વૈરાગ્ય (સંયમ-યોગ) ને પામી સહજમાં આ ભવસાગરને તરી જાય છે.

તીર્થભૂમિમાં ઉત્તમ પ્રકારનું વાતાવરણ બંધાયલું રહે છે, તેના સંગથી મલીનતા દૂર થાય છે અને અંતઃકરણ પવિત્ર બને છે. અઘોર પાપ કરનારા પણ

પવિત્ર તીર્થસેવનથી સકળ પાપથી મુકત થઈ અંતે પરમાનંદ પદ પામી શકે છે. શ્રી શત્રુંજય તીર્થની સેવાથી કંડુ રાજા જેવા (પાગી-નિર્દયી) જીવો પણ તરી ગયા છે. તીર્થસેવાથી મહીપાલ કુમારની પેરે દ્રવ્યભાવ રોગથી મુકત થઇ શકાય છે.

"શ્રી તીર્થરાજની યાત્રા કરનારા યાત્રિક જનોની રજનાસ્પર્શથી પવિત્ર થવાય છે, તીર્થઅટન કરવાથી ભવભ્રમણ કરવું પડતું નથી. તીર્થભૂમિમાં ઉદાર દીલથી દાન દેવાથી લક્ષ્મી સ્થિર થાય છે અને જિનેશ્વર દેવની પૂજા-અર્ચા કરવાથી પોતે પૂજનિક થાય છે."

'અન્ય સ્થાને કરેલાં પાપ તીર્થસ્થાને (તપ જપ વ્રત નિયમ કરવાથી) છુટી શકે છે, પરંતુ તીર્થસ્થાને (સ્વેચ્છાચારથી) કરેલાં પાપ વજ્રલેપ થાય છે' એમ સમજી સર્વ આશાતના તજી વિધિપૂર્વક તીર્થસેવા કરવી ઘટે છે. ઇતિશમ્.

લે—મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

મિથ્યાત્વના ચાર ભેદ.

૧ પ્રવર્તન મિથ્યાત્વ—લૌકિક તેમજ લોકોત્તર મિથ્યાત્વ સંબંધી કરણી કરે-રાગ દ્વેષાદિકથી અભિભૂત (વ્યાપ્ત) લૌકિક દેવ ગુરૂની સેવા કરે તે લૌકિક તેમજ વીતરાગ દેવ ગુરૂ ધર્મની તુચ્છ આશંસા રાખીને સેવન કરે તે લોકોત્તર મિથ્યાત્વ તજવા યોગ્ય છે. વ્યવહાર સમકિતના સેવનથી તે સુખે તજી શકાય છે.

૨ પ્રરૂપણા મિથ્યાત્વ—સત્યથી વિપરીત અસત્ય માર્ગ અન્ય મુગ્ધ જનોને સમજાવી તેમને ઉન્માર્ગે દોરવી જવા રૂપ પ્રરૂપણા મિથ્યાત્વ પણ વ્યવહાર સમકિતની પ્રાપ્તિ થતાં દૂર થઇ શકે છે-દૂર થાય છે.

૩ પરિણામ મિથ્યાત્વ—સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગકથિત તત્ત્વ વચનોને યથાર્થ નહીં માનવા રૂપ મિથ્યાત્વ-વિપરિત બુદ્ધિ (વાસના) અવશ્ય તજવા યોગ્ય છે. વીતરાગ કથિત તત્ત્વને યથાર્થ જાણી તેના ઉપર દૃઢ પ્રતીતિ (આસ્થા) રાખવાથી તે દૂર થઈ શકે છે. સદ્વિવેક રૂપ રત્નદીપક હૃદયમંદિરમાં પ્રગટવાથી અજ્ઞાન-મિથ્યાત્વ રૂપ અંધકાર સહેજે નાશી જાય છે.

૪ પ્રદેશ મિથ્યાત્વ—અનંતાનુબંધી કષાયાદિક મોહનીય કર્મની સાત પ્રકૃતિ સત્તામાં રહેલી હોય તે પ્રદેશ મિથ્યાત્વ તો ક્ષાયક સમકિત આત્મામાં પ્રગટ થયાથી દૂર થઇ શકે છે. મિથ્યાત્વ રૂપી મહાશલ્ય, મહા વિષ, મહાવ્યાધિ અને મહા આપદા દૂર કરવા સિદ્ધ ઔષધી રૂપ સમ્યકત્વ (સમકિત) સંજીવની સદ્ગુરૂ પાસેથી પ્રાપ્ત કરી કૃતાર્થ થવું. ઇતિશમ્.

લે—મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

સદ્ગુરૂ—સત્સંગમહિમા

૧ સદ્ગુરૂની કૃપાથી જડ જેવો શિષ્ય જ્ઞાની-પંડીત બનીને પોતે કલ્યાણ-ભાગીથાય છે અને અન્યને પણ સદ્ભાગી કરે છે.

૨ મલયની સુવાસથી અન્ય રૂખડાં (વૃક્ષો) પણ ચંદન રૂપ બની જાય છે તેમ શુદ્ધચારિત્રસંપન્ન સદ્ગુરૂના સંગથી મલીન વાસનાવાળા જીવો પણ સુધરી સુવાસિત થાય છે.

૩ પારસમણિના સંગથી જેમ લોહ સુવર્ણ થઇ જાય છે તેમ સંત-મહાત્માના સમાગમથી (તેમના પ્રસાદથી) જીવનું કલ્યાણ થઇ જાય છે.

૪ વેધક રસના સ્પર્શથી જેમ તાંબુ સુવર્ણ રૂપ થાય છે તેમ સંત-સુસાધુ જનની સેવા-ભક્તિથી ભક્તોનું કલ્યાણ થાય છે.

૫ મેરૂ (સુવર્ણગિરિ) ઉપર ઉગેલું તૃણ પણ સુવર્ણતાને પામે છે તેમ સત્સંગના પ્રભાવથી જીવનું સદ્ભાગ્ય જાગે છે.

૬ ગમે તેવાં મલીન (મેલાં) પાણી પણ ગંગા નદીમાં ભળવાથી ગંગાજળ તરીકે મનાય છે-સેવાય છે તેમ સત્સંગના પ્રભાવથી ગમે તેવા હીનાચારી પણ સુધરી સદાચારી બને છે.

૭ જળગિંડુ સમુદ્રમાં ભળવાથી જેમ અક્ષય થાય છે તેમ સંતચરણમાં આત્માર્પણ કરવાથી તદ્રુપ થવાય છે.

૮ જેમ ભમરીના ચટકાથી એળ ઈટીને ભમરી રૂપ બની જાય છે તેમ સંત પ્રત્યેના નિઃસ્વાર્થ પ્રેમથી સંતરૂપ બનાય છે.

૯ સ્વાતિનું જળ છીપલીના સંગથી સાચા મોતી રૂપ થાય છે તેમ સંત પ્રત્યે સાચા હૃદયની પ્રીતિ-ભક્તિથી જડતા દૂર થઈ જાય છે અને આત્મા સદ્ગુણમય અમર બની જાય છે.

૧૦ જેમ જાંગુલી મંત્રથી વિષધરાદિકનું વિષ ઉતરી જાય છે તેમ સંત-સાધુ જનોની ધર્મ-આશિષવડે દારિદ્ર-દુઃખ દૂર થઈ જાય છે અને નવજીવન પ્રગટે છે.

૧૧ સંત-મહાત્મા ધર્મ-દેવ હોઇ સદાય સેવવા યોગ્ય છે.

લે-મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

ઉદ્યોગપરાયણતા.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ.

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मीः दैवेन देयमिति कापुरुषा वदन्ति ।
दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः ॥

આ જીવન એક વિચિત્ર અને ગહન વસ્તુ છે. એને સંપૂર્ણતઃ જાણવાનું અથવા સમજવાનું કાર્ય અત્યંત કઠિન છે. જીવનમાં કયી કયી વસ્તુઓ ઉચિત છે, કયી વસ્તુઓ અનુચિત છે, એનો શું આદિ છે અને શુ અંત છે વિગેરે મહત્વના પ્રશ્નોનું નિરાકરણ મહાન્ ધુરંધર જ્ઞાની પુરૂષો પણ એક રૂપથી કરી શકયા નથી. અનેક વિદ્વાન્ પુરૂષો ભ્રમણામાં પડીને નાસ્તિક બની ગયા છે. જો કે અનેક વિદ્વાન્ પુરૂષોએ ઉક્ત વિષયોનો વિચારપૂર્વક અભ્યાસ કરવામાં વર્ષોનાં વર્ષો વ્યતીત કર્યા છે તથાપિ ઘણી બાબતો એવી હોય છે કે જેનો પત્તો પણ લાગતો નથી. સત્યનું શોધન કરવામાં લોકો અત્યંત પરિશ્રમ વેઠે છે, પરંતુ એ શોધનું છેવટ એટલુંજ આવે છે કે વસ્તુતઃ શું હકીકત છે તેનું ખરૂં સ્વરૂપ સમજવામાં આવી શકતું નથી.

કોઇ કોઇ વખત મનુષ્યને એટલી બધી નિરાશા ઉપજે છે કે તે ચારે તરફ અંધકાર જ જુએ છે. કોઇ વખત સંદેહનું વાદળું એટલું બધું છવાઇ રહે છે છે કે તેને પદાર્થોનાં સ્વરૂપમાં પણ વિશ્વાસ નથી રહેતો અને તેના મનમાં નાના પ્રશ્નની પ્રશ્નપરંપરા ઉઠવા લાગે છે. તે કહેવા લાગે છે કે "આ સઘળી માયાજાળ છે. કોઇ જીવાત્મા નથી વા કોઇ પરમાત્મા નથી. સ્વર્ગ નથી તેમજ નરક નથી. લોક પરલોક આદિ શબ્દમાત્ર છે. દયા અને ન્યાય જેવી વસ્તુ વાસ્તવિક રીતે છે જ નહિ આખો સંસાર માયાથી પૂર્ણ છે. કોઇ સુખી છે, તો કોઇ દુઃખી છે; કોઇ રાજા છે, તો કોઇ રંક છે. કોઇ જુઠું બોલે છે, ચોરી કરે છે છતાં સુખી જીવન ગાળતા માલુમ પડે છે. કોઇ સત્યવાદી છે, નીતિમય જીવન ગુજારે છે છતાં દુઃખપીડિત દયા અનુભવે છે સત્પુરૂષો યૌવનકાળમાં જ કાળના કોળીયા બની જાય છે અને દુર્જનો દીર્ઘાયુષ્ય ભોગવતા જોવામાં આવે છે. આમ હોવાથી સંસારમાં રહીને કંઇ કાર્ય કરવું વ્યર્થ છે."

ખરેખરી રીતે જોતાં આ સર્વ એવી બાબતો છે કે જેનો તાત્કાલિક ઉત્તર આપવો કઠિન છે. સંસારમાં જેટલા મતમતાંતરો છે તે સર્વ આ પ્રશ્નોના ભિન્ન ભિન્ન પ્રકારના ઉત્તરો આપે છે અને એ કારણથી જ અનેકાનેક મતમતાંતરો ઉત્પન્ન થયાછે જે જે તત્વવેત્તાઓએ એ સર્વ પ્રશ્નોપર વિચારો કર્યા છે તે સહુએ પૃથક્ પૃથક્ રૂ-

પથી એના ઉત્તર આપ્યા છે અને પોતાના ઉત્તરને યથાસંભવ યુક્તિઓથી સિદ્ધ કર્યા છે. હવે આ સ્થળે આપણું કાર્ય તેઓના સિદ્ધાંતો ઉપર વિચાર કરવાનું છે. જે જે બાબતોનો આપણો અંતરાત્મા સ્વીકાર કરે અને જે આપણને યુક્તિપુરઃસર જણાય તે સઘળી બાબતો પર વિશ્વાસ રાખી આપણે જીવનનાં કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરવો જોઇએ. જીવન નિઃસાર વસ્તુ નથી. મહા મુશીબતે માનવજીવનની પ્રાપ્તિ થાય છે. તેથી આવું અમૂલ્ય માનવજીવન નિરાશામાં ગુમાવી દેવું જોઇએ નહિ. આપણે હમેશાં યથાશક્તિ ઉદ્યોગ કરતા રહેવું એ આપણું પ્રથમ કર્તવ્ય છે. પ્રત્યેક મનુષ્યે આવો નિશ્ચયાત્મક સંકલ્પ કરી લેવો જોઇએ કે–' હું ઉત્તમ કાર્યોની ખાતર યથાશક્તિ નિરંતર ઉદ્યોગ કરીશ અને મારા પોતાના હૃદયના પ્રકાશને હમેશાં વધારતો રહીશ. કદાચ મને સ્વીકૃત કાર્યમાં નિષ્ફળતા મળે તો પણ હું મારા કર્તવ્ય કર્મથી લેશમાત્ર ચ્યુત થઇશ નહિ અને अङ्गीकृतं सुकृतिनः परिपालयन्ति॥ એ સુકૃતને યથાર્થ રીતે અનુસરીશ. કદાપિ મારા માર્ગમાં ભય, દુઃખ અને શોકના પ્રસંગો ઉપસ્થિત થાય તો પણ હું અધીરો બની જરા પણ ગભરાઇ જઇશ નહિ.' જે મનુષ્યો આપત્તિના કઠિન પ્રસંગોની સામે થઇને યથાશક્તિ હમેશાં પોતાનું કાર્ય કર્યે જાય છે, ભૂત ભવિષ્યની ચિંતા કરતા નથી, કાર્યોના સારા વા નરસા પરિણામને લઇને પોતાના માર્ગથી વિચલિત થતા નથી તે જ મનુષ્યોને શાંતિદેવીનો સંપૂર્ણ સાક્ષાત્કાર થાય છે. અર્થાત્ તેઓ જ પૂર્ણરૂપથી શાંતિ અનુભવી શકે છે. આવા મનુષ્યો તો ચિત્તમાં શાંતિ રાખી એમજ વિચાર કરે છે કે–' હું મારી પોતાની શક્તિ અનુસાર કાર્ય કરૂં છું; પછી પરિણામ જે આવવું હોય તે આવે.

' મારે યથાશક્તિ પ્રયત્ન સદા કરવો જોઇએ ' એ સંકલ્પને પોતાનાં જીવનનો આધાર બનાવીને એના ઉપર મનુષ્ય પોતાના મત યા દર્શનનો પ્રબંધ રચે છે. કૂકત એટલીજ જરૂર છે કે આ જીવનને વાસ્તે જે જે સામગ્રી એકત્રિત કરી શકાય તેમાં પોતાની શક્તિ અને અનુભવને સંપૂર્ણતઃ લગાવી દેવા જોઇએ. આમ કરવું એ કોઇ મતથી પ્રતિકૂળ નથી, તેમજ કોઇ ધર્મમા બાધક ગણાતું નથી; પરંતુ જે સમયે જીવનસંગ્રામમાં કઠિનતાઓ ઉપસ્થિત થાય છે તે સમય અત્યંત પરયોગી તેમજ લાભદાયી ગણાય છે.

અત્ર એક વાત ખાસ લક્ષમાં રાખવા લાયક છે. તે એ છે કે કેવળ વિચારથી કામ ચાલી શકતું નથી. જ્યાં સુધી વિચારોને કાર્યનું રૂપ આપવામાં આવતું નથી ત્યાં સુધી એકલા વિચારો નિરર્થક છે જ્યાં સુધી મનુષ્ય અમુક નિયમને પોતાનો બનાવી લેતો નથી અથવા પ્રતિદિન વ્યવહારમાં યોજતો નથી ત્યાં સુધી ઉક્ત નિયમ ઉપયોગી થઇ શકતો નથી. જ્યાંસુધી વિચારરૂપી બીજમાંથી કાર્યરૂપી ફળફુલની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી વિચાર વ્યર્થ છે. આ એક સર્વતા અનુભવની વાત છે કે તે આપણે બેઠાં બેઠાં વિચારો કર્યા કરીએ કે શસ્ત્રનો ઉપયોગ આમ કરવો જો-

ઇએ અને તેમ કરવો જોઇએ, પરન્તુ શસ્ત્રને હાથમાં કદિ પણ ન લઇએ, તો રણસંગ્રામમાં કદાપિ સફલતા મળી શકતી નથી.

જે મનુષ્ય શુદ્ધ હૃદયથી પ્રત્યેક કાર્ય યથાશક્તિ ઉદ્યોગપૂર્વક કરવાની ઈચ્છા રાખે છે તેનાં જીવનમાં આ વાત પ્રતિપલ પ્રકટ થયા કરે છે. તુચ્છમાં તુચ્છ કાર્યમાં પણ પૂર્ણ ઉદ્યોગની આવશ્યકતા છે. સહુ કોઇ જાણે છે કે સૂર્ય કેવળ મોટી વસ્તુઓ પર પ્રકાશતો નથી; પરંતુ જમીન ઉપર પડેલી નજીવી વસ્તુઓ ઉપર તેમજ મોટા પર્વતોના શિખરો ઉપર સરખી રીતે તેનો તેજસ્વી પ્રકાશ પડે છે. જે રાસાયણિક ગુણ સમુદ્રનાં સંપૂર્ણ પાણીમાં રહેલો છે તે પાણીનાં એક બિંદુમાં પણ રહેલો છે. એ સુજ્ઞ કાર્ય કરતી વખતે આપણે એમ વિચાર ન કરવો જોઇએ કે આ કામ નજીવું છે, તેથી તેમાં વધારે ધ્યાન આપવાની જરૂરીયાત નથી. ન્હાનાં મોટાં સર્વ કાર્યો યથાશક્તિ ઉત્તમ રીતિથી કરવાં જોઇએ. કોઇ પણ કાર્ય ગમે તેટલું ન્હાનું હોય તો પણ તે હમેશાં ઉત્તમ રીતે કરવું જોઈએ. કદાચ કોઈ કાર્ય હલકું હોય તો પણ આપણું હૃદય તેમાં પુરેપુરું લગાવીને તેને ઉચ્ચ કોટિનું બનાવવા પ્રયત્નો કરવા જોઇએ.

નજીવી વાતો તરફ બેદરકારીથી દુર્લક્ષ રહેવું તે કદી પણ યોગ્ય નથી. ન્હાનાં ન્હાનાં કાર્યો તરફ આપણે બેદરકાર રહેશું તો મોટાં મોટાં કાર્યોમાં કદિ સફળતા મળી શકશે નહિ. મોટાં કાર્યો સારી રીતે કરવા માટે એ જરૂરનું છે કે આપણે ન્હાનાં કાર્યો સારી રીતે કરવા જોઇએ. કોઇ પણ કાર્ય જેવું થવું જોઇએ તેવું જ્યાં સુધી થાય નહિ ત્યાં સુધી મનુષ્યે સંતુષ્ટ થવું જોઇએ નહિ. અત્ર એટલું સ્મરણમાં રાખવાનું છે કે જે કાર્ય કરવા યોગ્ય હોય છે તે અવશ્યમેવ સારૂં કરવાને યોગ્ય હોય છે.

જે મનુષ્ય હમેશાં યથાશક્તિ ઉત્તમ રીતિથી કાર્ય કરવામાં ઉદ્યોગપરાયણ રહે છે તે તીક્ષ્ણબુદ્ધિ અને ચાલાક બંને છે. નજીવી વાતોમાં પણ તે પોતે ધ્યાન રાખતા શીખે છે. જગતના લોકો પોતાનું કાર્ય જોઇને શું કહેશે તેની તે દરકાર રાખતો નથી; પરંતુ તે તો એકજ વાત ધ્યાનમાં રાખે છે કે જે કાર્ય હું કરૂં છું તે પોતાને કરવા યોગ્ય છે કે નહિ. બીજા લોકો પોતાનાં કાર્ય વિષે કેવા વિચારો બાંધે છે તેની મુંઝવણમાં જે મનુષ્ય પડે છે તે કંઇ પણ કરી શકતો નથી અને તેને કદિ શાંતિ પણ મળી શકતી નથી. સામાન્ય જનસ્વભાવ જ એવો છે કે આપણે સારામાં સારૂં કાર્ય કરશું તો પણ લોકો તેમાં કાંઇને કાંઇ દોષ શોધી કાઢવા મથવાના. પાર્થેનાં પ્રમાણમાં બીજા લોકોનો વિરોધ હોય છે જ. જો આપણે આ વિરોધનાં

કારણથી કાર્ય કરવાનું તજી દઈએ તો કંઈ પણ કાર્ય થઇ શકતું નથી. આથી જ મનુષ્યે એટલું જ કરવું ઉચિત છે કે પોતાનું કાર્ય સારૂં, ઉપયોગી અને યોગ્ય છે કે નહિ એટલોજ તેણે વિચાર કરવો જોઇએ. આપણો અંતરાત્મા સાક્ષી પુરે કે અમુક કાર્ય સારૂં છે, કરવા યોગ્ય છે, તો પછી જગતના વિરોધની લેશ પણ પરવા કરવાની જરૂર નથી. નિઃશંક બનીને આપણે આપણાં કાર્યમાં તત્પર બનવું જોઇએ.

ન્હાની ન્હાની વાતોમાં ધ્યાન રાખવાથી જ મનુષ્ય મોટી વાતોમાં સાવધાન રહેતા શીખી શકે છે. જે મનુષ્યની હમેશની વાતચીતમાં બેદરકારી જોવામાં આવે છે, જે જરા વાત કરવામાં પણ અચકાય છે અને ભૂલો કરે છે તે મનુષ્યમાં વકતૃત્વ ખીલે એવી કદાપિ આશા રાખી શકાતી નથી. જે મનુષ્ય પ્રત્યેક વાતમાં ઉત્તમતા દર્શાવે છે તેજ મનુષ્ય પોતાનું જીવન ઉત્તમ રીતિથી વહન કરી શકે છે. કોઇ માણસના વિષે એમ કહેવામાં આવે કે તે પોતાનું કાર્ય ઉત્તમ રીતિથી કરે છે તો તેનો અર્થ એમ છે કે તે પોતાની ચિત્તવૃત્તિઓને કાર્યમાં ઘણી સારી રીતે પરોવી શકયો છે અને પોતાનાં જીવનને ઉપયોગી બનાવી શકયો છે. આવા મનુષ્યમાં કૃત્રિમતાનો લેશ પણ આભાસ હોતો નથી. માનસિક અને શારીરિક શક્તિઓનો સદુપયોગ એજ શિક્ષણનો વાસ્તવિક હેતુ છે. ઉકત મનુષ્યમાં એ બન્ને શક્તિઓ પોતાનાં કાર્યો સારી રીતે બજાવતી હોય છે. આવો માણસ કોઈ પણ વાત જાણવા માત્રથી સંતોષ માનતો નથી, પરંતુ જો તે સારી હોય છે તો તે તેનું તત્કાળ ગ્રહણ કરી લે છે.

કેટલાક મનુષ્યો દૈવપર અનુચિત વિશ્વાસ રાખીને પોતાની જાતને તુચ્છ અને અયોગ્ય બનાવી મુકે છે. તેઓ એમ સમજે છે કે અમુક મનુષ્ય સુખી છે અથવા તો આનંદમાં છે તેનું કારણ એ છે કે તેનું ભાગ્ય સારૂં છે. તે પોતે ઉદ્યોગ કરતો નથી; પરંતુ એમ જ સમજે છે કે મારૂં ભાગ્ય જ ખરાબ હોવું જોઇએ કે જેથી મને મારાં કાર્યમાં સાફલ્ય મળ્યું નહિ. તે પોતાનાં જીવનની લગામ કેવળ ભાગ્ય ઉપર જ છોડી દે છે. તેને એમ ખબર નથી હોતી અથવા તે વિચાર પણ નથી કરતો કે બીજાની સફલતાનું કારણ તેનું ભાગ્ય નહિ, પરંતુ તેની દૃઢતા, વીરતા, એકાગ્રતા અને કાર્ય તત્પરતા છે. વળી તે મસ્તદશામાં પડયો રહી સમયનો પણ કંઈ વિચાર કરતો નથી. તે તો એવા વિચારોમાં મગ્ન રહે છે કે 'જે ભાગ્યમાં લખ્યું હશે તે ઘરે બેઠા મળી રહેશે. પાતાળમાંથી નીકળીને લક્ષ્મી સ્વયં ચાલી આવશે.' આવા મનુષ્યોને સંસારમાં કદિ પણ સફલતા મળી શકતી નથી. તેઓ દિવસાનુદિવસ આળસુ, નિરૂદ્યમી અને સાહસહીન બનતા જાય છે, અને ધીમે ધીમે બીજા લોકોની ઈર્ષ્યા કરવા અને તેઓની સાથે દ્વેષથી વર્તવા લાગે છે. આવા મનુષ્યો સંસાર અને

માર્ગ કદિ પણ બંધ થતો નથી. જો મનુષ્ય આ વાત સારી રીતે સમજીને ગ્રહણ કરે, તેના પર વિશ્વાસ રાખે અને તેને પોતાનાં જીવનનો ઉદ્દેશ બનાવી લે તો પછી મનુષ્યની ઉન્નતિની કશી સીમા રહેતી નથી. મનુષ્યનું તો એજ કર્તવ્ય છે કે તેણે સર્વદા યથાશક્તિ ઉદ્યોગ કરતાં રહેવું, ચિત્તમાં અશાંતિ જરાપણ આવવા દેવી નહિ અને પોતાના ઉદ્યોગનું શું પરિણામ આવશે તેની લેશ પણ પરવા કરવી નહિ.

આત્મનિર્બળતાનું એક બીજું પણ કારણ છે. તે એ છે કે પ્રાયે કરીને મનુષ્ય એમ સંકલ્પ કરે છે કે અમુક કાર્ય જો અમુક પ્રકારે કર્યું હોત તો અમુક પરિણામ આવત. આવા સંકલ્પ વિકલ્પ કરવામાં સંમય અને શક્તિનો વ્યર્થ ઉપયોગ થાય છે. જે બનવાનું હતું તે બન્યું. એને માટે શોચ કરવો ફોકટ છે. પરંતુ જે બનવાનું છે તેના પર તો વિચાર કરવો જોઇએ. જે મનુષ્ય ભૂતકાળની બાબતોને માટે શોચ કર્યા કરે છે તે ભવિષ્યનાં કાર્યો પણ બગાડી મુકે છે; તેથી તેને કોઇ પણ કાર્યમાં સફલતા મળી શકતી નથી. જ્યારે મનુષ્ય જીવનસંગ્રામમાં લડતા લડતા થાકી જાય છે ત્યારે પ્રકૃતિદેવી તેને પ્રેમથી એમ કહેતી માલુમ પડેછે કે "પ્રિય પુત્ર ! અત્યારે જે કાંઇ કાર્ય તમે હાથમાં લીધું છે તે ઉત્તમ રીતિથી કરો, એમાં જ તમારી સઘળી બુદ્ધિ અને શકિત પૂર્ણ રૂપથી લગાવી દો કે જેથી કરીને ભવિષ્યને માટે તમે સારી તૈયારી કરી શકો અને તમે યોગ્યતા પ્રાપ્ત કરી શકો. તમારી પાસે જે કાંઇ જ્ઞાન અને બુદ્ધિનો ખજાનો હોય તે સર્વ તમે સ્વીકારેલ કાર્ય કરવામાં લગાવી દો" જ્યારે તમે આમ કરશો ત્યારે તમને કહેવામાં આવશે કે તમે યથાશકિત સારૂં કર્યું છે. '**गतं न शोचयेत्**' એ સૂત્ર મનનપૂર્વક હમેશાં લક્ષમાં રાખો. ભૂતકાળ તરફ નજર ન કરો; કેમકે થઇ ગયેલી બાબતો માટે પશ્ચાતાપ કરવો વ્યર્થ છે. જે વાત બની ગઇ તે કોટિ પ્રયત્નો કરવા છતાં અણબની થવાની નથી. એમાં કાંઇ પણ પરિવર્તન થઇ શકતું નથી, તેથીજ તેને માટે પશ્ચાતાપ અને શોક કરી હૃદય બાળવું નિરર્થક છે. બની ગયેલી બાબતો ઉપરથી વર્તમાન અને ભવિષ્યને માટે ધડો લેવો જોઇએ. એવી રીતે કાર્ય કરવું જોઇએ કે જે ભૂલો પહેલાં થઇ ગઇ હોય તે ફરીથી ન થવા પામે. આનું પરિણામ એ આવશે કે તમારો અનુભવ દિનપ્રતિદિન વધતો જશે, જ્ઞાન પણ વૃદ્ધિ પામતું જશે અને આ જીવનજીવનનું સાફલ્યબિંદુ પ્રાપ્ત કરવા તમે અવશ્ય ભાગ્યશાળી બનશો.

સાદરી–મારવાડ શહેરમાં મળેલી બારમી શ્રી જૈન શ્વતાંબર કોન્ફરન્સ.

સંવત ૧૯૭૬ ના પોશ શુદ ૨–૩–૪ બુધ–ગુરૂ–શુક્રવાર તા. ૨૪–૨૫–૨૬ ડીસેમ્બર સને ૧૯૧૯

પ્રથમ દિવસ.

ગોડવાડ–મારવાડના પ્રસિદ્ધ ગામ સાદરીમાં આ વખને મળેલી જૈન કોન્ફરન્સ વિજયવતી થઈ છે. મારવાડ ભૂમિમાં મળેલી આ કોન્ફરન્સથી મારવાડી અને પંજાબી જૈન બંધુઓમાં સામાજિક–ધાર્મિક જાગૃતિ ઉત્પન્ન થઇ છે જૈન સમાજના જીવન–વિકાસની શક્તિનું સ્વરૂપ કેટલેક અંશે તેમાં થયેલ કાર્યોથી પ્રગટ થઇ આવ્યું છે.

કોન્ફરન્સની બેઠક શ્રીરાણકપુરજી તીર્થયાત્રા કરવા જતાં રસ્તા ઉપરની જૈન ધર્મશાળામાં ઉભા કરેલા ખેંચાણકારક સુશોભિત મંડપમાં કરવામાં આવી હતી. આ વખતે ખુરશીની બેઠકને બદલે જાજમ ઉપરની બેઠક કરેલી હોવાથી અને તે ચિત્તાકર્ષક બનાવેલી હોવાથી પ્રાચીન કાળની સભાઓ–સંમેલનોની યાદ તાજી થતી હતી.

આ સંમેલનમાં ચતુર્વિધ શ્રી સંઘની હાજરી હતી.

કોન્ફરન્સ અહીં મળવાનું કારણ.

ગયા વરસમાં અત્રે શ્રી આત્મારામજીના શિષ્ય શ્રી ૧૦૦૮ શ્રી વલ્લભવિજયજી મહારાજ અત્રે ૬૦ ઠાણા સાથે પધાર્યા હતા જે વખતે સાદડીના જૈનોએ તેમને મોટું સામૈયું કરી પધરામણી કરી હતી. તેમનાં આગમનથી કેળવણીનાં ફંડમાં તેઓશ્રીના પ્રયાસથી જ રૂપિયા સવા લાખની મોટી રકમ એકઠી થઈ હતી. વળી અત્રેથી ચાર ગાઉ ઉપર આવેલા બાલી ગામમાં પણ તેમના પ્રયાસથી રૂપિયા પોણા લાખની, સાત ગાઉ ઉપર આવેલા દાણેરા ગામમાં રૂપીઆ બાવીશ હજારની રકમ, લોઢારા ગામમાં આઠ હજારની રકમ, કોટ ગામમાં રૂપીઆ પાંચ હજારની રકમ અને બીજા ગામોમાં મળી કેળવણી ફંડમાં રૂપીઆ અઢી લાખની મોટી રકમ એકઠી થઇ છે અને હજુ પણ એકાદ લાખ રૂપીઆની રકમ એકઠી થવાની વકી છે. તેઓશ્રીના ઉપદેશથી અત્રેના જૈનોએ બારમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું અધિવેશન કરવા વિચાર કર્યો હતો અને લગભગ બે મહીના પરજ તે માટેનો પાકો વિચાર થવા છતાં અત્રેના રહીશોએ ઘણા ઉમંગથી તે માટેની તૈયારીઓ કરીને

કોન્ફરન્સ ભરવામાં બહુ ખંત દેખાડી છે. તેઓએ જુદી જુદી કમિટિઓ નીમીને તે માટેની તૈયારીઓ કરી હતી અને આખા હિંદુસ્તાનના જૈનોને આમંત્રણ મોકલ્યું હતું.

કોન્ફરન્સથી તેમજ કેળવણીના કાર્યથી આ મુલક ઘણે ભાગે અજાણ હોવાથી તેમજ કોન્ફરન્સ મળે તો કેળવણી જેવો મહાન સવાલ મારવાડી બંધુઓના લક્ષમાં આવે તો ઉક્ત મહારાજશ્રીએ અહીં પ્રયાસ કરી જે ફંડ શરૂ કર્યું છે તેને વધારે મદદ મળે, ઉદ્દેશો જલ્દી પાર પડે અને મારવાડમાં કેળવણીની પ્રગતી થવા સાથે મારવાડી બંધુઓ કેળવણી પ્રાપ્ત કરે તેવા અનેક ઉદ્દેશથી આ કોન્ફરન્સ ત્યાં ભરવા માટે પ્રયાસ થયો હતો જે યોગ્યજ હતો. કોન્ફરન્સના મંડપમાં આશરે ચારથી પાંચ હજાર મનુષ્યોની હાજરી હતી. પંજાબના આશરે પોણોસો ડેલીગેટો હતા અને જાણીતા બહારગામના ડેલીગેટોમાં શેઠ દેવકરણ મુળજી, શેઠ મોતીલાલ મુળજી, કાપડીયા મોતીચંદ ગીરધરલાલ, મકનજી જુહાભાઇ બેરીસ્ટર એટલો, નરોતમદાસ ભાણજી, ઝવેરી મણીલાલ સુરજમલ, રા. ગુલાબચંદજી ઢઢ્ઢા. શેઠ પ્રતાપચંદજી ઘીયા, ગાંધી અમરચંદ ઘેલાભાઇ, શેઠ ગોપીચંદજી ઘડીયાળી, શેઠ ભભુતમલજી સોંધી, શેઠ દેવચંદ દામજી, ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ, ઝવેરી મુળચંદ આશારામ, વૈરાટી શેઠ સમરથમલજી, શેઠ ન્યાલચંદજી, શેઠ મહાસુખભાઇ વીસનગરવાળા વગેરે જુદા જુદા ગામોના ડેલીગેટો કોન્ફરન્સમાં ભાગ લેવા પધાર્યા હતા.

પાલીતાણા અને ત્રાપજથી પ્રવર્ત્તકશ્રી કાન્તિવિજયજી મહારાજ અને મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજના કોન્ફરન્સની ફતેહ ઇચ્છવા માટેના પત્રો આવ્યા હતા.

બપોરના બરાબર એક વાગે પ્રથમ દિવસની બેઠકનું કાર્ય શરૂ થયું હતું શરૂઆતમાં મંગળાચરણ કર્યા બાદ આવકાર દેનાર કમીટીના પ્રમુખ શેઠ નથમલજીએ પોતાનું ભાષણ શરૂ કર્યું હતું જે હિંદીમાં હતું. તેમાં મુખ્ય હકીકત તે દેશમાં બીલકુલ શિક્ષણપ્રચાર નહીં હોવાથી ઉચ્ચ શિક્ષણની જરૂરીયાત સ્વીકારી બાળલગ્ન, કન્યા વિક્રય વિગેરે હાનિકારક રીવાજો પોતાના દેશમાંથી દૂર થવાની જરૂરીયાત સ્વીકારી હતી. જે ભાષણ સામાન્ય અને ઠુંકું હતું,

ત્યારબાદ પ્રમુખ સાહેબ લાલા દોલતરામજી જૈનીની પ્રમુખ તરીકે નીમણુંક કરવામાં આવી હતી. તેમણે પ્રમુખસ્થાન લીધા બાદ તેઓશ્રીનું ભાષણ વાંચવામાં આવ્યું હતું. આ ભાષણ જમાનાને અનુસરતા વિચારોવાળું, દરેક વિષયને ઠુંકામાં સ્ફુટ કરનારૂં, વિચારણીય મુદ્દાવાળું તેમજ અસરકારક હતું. આ વખતના પ્રમુખનું ભાષણ મુદ્દાસર અને યોગ્ય હતું કે તે પ્રમાણે જો વિચારી અમલ કરવામાં

આવે અને ગર્ભિત જણાવેલી હકીકતોનું જો મનન કરવામાં આવે તો અમો ખાત્રીપૂર્વક કહીએ છીયે કે આપણી સમાજની ઉન્નતિ ઘણી જલ્દીથી થઈ શકે. આ ભાષણ જમાનાને જરૂરીયાતવાળું અને ઉચ્ચ આશયોથી ભરપૂર હતું. જેથી તે ભાષણ અત્ર પ્રગટ કરવામાં આવે છે.

બારમી જૈનશ્વેતામ્બર કોન્ફરન્સના સભાપતિ લાલા દૌલતરામજી જૈનીનું વ્યાખ્યાન

ૐ

॥ वन्देवीरम् ॥

नमः सत्योपदेशाय, सर्वभूतहितैषिणे ।
वीतदोषाय वीराय, विजयानन्दसूरये ॥

પ્રાસ્તાવિક નિવેદન ।

પરમ પૂજ્ય ગુરૂવર્ય વલ્લભવિજયજી મહારાજ, અન્ય મુનિ મંડળ, બન્ધુઓ ઔર બહેનો !

અપને સમાજ મેં, મેરે સે અધિક ધનાઢ્ય, પ્રતિષ્ઠિત ઔર વિદ્વાન ગૃહસ્થો કે હોતે હુએ ભી મેરે કો જો આપ લોકોંને યહ અસાધારણ સન્માન દિયા હૈ તદર્થ મૈં આપકા અત્યન્ત આભારી હૂં. તથા ઈસ કે સાથ હી મેં શાસન નાયક વીર પ્રભુ ઔર અપને આસન્નોપકારી સ્વર્ગવાસી ગુરૂમહારાજ-વિજયાનન્દસૂરિ-આત્મારામજી કો ભી ધન્યવાદ દેતા હૂં કિ જિનકી અસીમ કૃપાસે મુઝે ઈસ ગુરૂતર સન્માન [કોન્ફરન્સ કી અધ્યક્ષતા] કે પ્રાપ્ત હોને કા શુભ અવસર મિલા હૈ !

બન્ધુઓ ! જિસ વક્ત મુઝ સે સભાપતિ કા આસન ગ્રહણ કરને કે લિયે અનુરોધ કિયા ગયા ઉસ વક્ત મેરે દિલમેં અનેક તરહ કે સંકલ્પ વિકલ્પ ઉઠને લગે; ક્યોંકિ મૈં અપને કો ઈસ પદ કે સર્વથા અયોગ્ય સમઝતા હૂં. ઈસ ગુરૂતર કાર્ય કે નિર્વાહ કે લિયે જિતની સામર્થ્ય ઔર યોગ્યતા કી આવશ્યકતા હૈ ઉતની મેરે મેં નહીં, પરન્તુ અપની શક્તિ કે મુતાબિક ઈસ જાતીય મહાસંમેલન મેં યોગ દેને કો અપના જાતીય કર્તવ્ય સમઝતે હુએ, એક મહાન્ તીર્થ કી યાત્રા, ગુરૂ મહારાજ કે દર્શન ઔર શ્રી સંઘ કી આજ્ઞાપાલન મેં હી વિશેષ લાભ સમઝકર મૈંને ઈસ પદકો સ્વીકાર કરને કા સાહસ કિયા, આશા હૈ ઈસ ગુરૂતર કાર્ય કે નિર્વાહાર્થ આપ લોગ મુઝે પુર્ણતયા સહાયતા દેંગે. આપ સજ્જનો કે ભરોસે પર હી મૈંને ઈસ મહાન કાર્ય કા ભાર ઉઠાને કા સાહસ કિયા હૈ.

કોન્ફરન્સ ઔર ઉસકી આવશ્યકતા

અપને સમાજ મેં બહુધા ઐસે લોક ભી વિદ્યમાન હૈ જો કિ કોન્ફરન્સ કો સર્વથા અનાવશ્યક ઔર બિના પ્રયોજનકી સંસ્થા સમઝ રહે હૈં, તથા ઐસે વીર પુરૂષોં કી ભી કમી નહીં જો કિ ઇસસે આન્તરિક દ્વેષ રખતે હુએ પ્રસિદ્ધરૂપ સે યહ શિકાયત કર રહે હૈં કિ કોન્ફરન્સને જૈન સમાજકા આજ તક ક્યા ઉપકાર કિયા? પરન્તુ વે મહાનુભાવ યદિ આરમ્ભ સે લેકર કોન્ફરન્સ કે ઇતિહાસ કો ધ્યાનપૂર્વક દેખેં તો ઉન્હેં કોન્ફરન્સ કે ઉપકારોં ઔર ઉસકી ઉપયોગિતા કા અચ્છી તરહસે પતા લગ જાવેગા. મેરે ખ્યાલમેં તો અપની ધાર્મિક ઔર સામાજિક ઉન્નતિ કા મુખ્ય કારણ યહ કોન્ફરન્સ હી હૈ, અગર જૈન સમાજકા અભ્યુદય હો સકતા હૈ તો ઇસ સંગઠિત શક્તિ–કોન્ફરન્સ–સે હી હો સકતા હૈ. સમાજકી વિખરી હુઇ શક્તિયોંકે સંગઠન વિશેષ કા નામ હી કોન્ફરન્સ હૈ. સંગઠનસે હી જાતીય જીવન ઔર જાતીય બલ મેં પ્રગતિ હો સકતી હૈ. અતઃ જૈન ધર્મ કે પ્રચાર ઔર જૈન સમાજ કે ઉદ્ધાર એવં સંસાર કે ઉપકાર કી ઇચ્છા રખને વાલોં કો ઇસ જાતીય મહા સંમેલન કો વિશેષ રૂપસે અપનાના ચાહિયે. ઇસલિયે ઇસ જાતીય મહા પરિષદ્–કોન્ફરન્સ–સે ઈર્ષ્યા અથવા અન્તરંગ દ્વેષ રખને વાલે જૈન સમાજ ઔર ધર્મ કે હિતૈષી તો નહીં સમઝે જા સકતે?

સમાજ ઔર ધર્મ

સમાજ ઔર ધર્મકા આપસ મેં શરીર ઔર પ્રાણ કાસા સમ્બન્ધ હૈ એક કે બિના દુસરે કા જીવન નહીં! જિસ તરહ પ્રાણ કે બિના શરીર નિરર્થક હૈ ઈસી તરહ ધર્મ સે શુન્ય સમાજ ભી મૃતક કે સમાન હૈ. સમાજ કે નૈતિક જીવન કો સુદૃઢ ઔર સંગઠિત બનાને કે લિયે જૈસે ધર્મ કી જરૂરત હૈવૈસે હી ધાર્મિક જીવન કી પ્રગતિ કે લિયે સામાજિક બલ કી ભી બડી ભારી આવશ્યકતા હૈ; અગર સામાજિક જીવન ધર્મ કે બિના નીરસ હૈ તો ધાર્મિક જીવન ભી સમાજ બલ કે બિના પાંગુલા હૈ. તાત્પર્ય કિ સમાજ ઔર ધર્મ કી પ્રગતિ એક દુસરે પર અવલમ્બિત હૈ. ઇસલિયે દોનોં કી બલ વૃદ્ધિ કે નિમિત્ત સમુચિત ઉપાયોં કે આયોજન કી આવશ્યકતા હૈ; પરન્તુ સમાજ કે સુદૃઢ ઔર સુવ્યવસ્થિત હોને સે ધર્મ કી ઉન્નતિ કા હોના સુકર હોગા અતઃ અપને સામાજિક જીવન કો સુવ્યવસ્થિત બનાને કી ઇસ સમય અધિક જરૂરત હૈ.

સંશોધન કી આવશ્યકતા

ઇસમેં કોઇ શક નહીં કિ કિસી સમય જૈન સમાજ ઉન્નતિ કે ઉચ્ચ શિખર પર વિરાજમાન થા; મગર ઇસમેં ભી સન્દેહ કરના વ્યર્થ હૈ કિ ઇસ વક્ત વહ અવનતિ

કે ગહરે ખડ્ડે મેં પડા હુઆ અહર્નિશ દીનતા કા હી મુખ દેખ રહા હૈ. જૈન સમાજ ઉન્નતિ કે માર્ગ સે આજ બહુત દૂર પિછુડા હુઆ હૈ ઈસ કી વર્તમાન દશા બડી હી ભયાવહ હૈ. ઇસ લિયે ઇસમેં સંશોધન કી બહુત જરૂરત હૈ. સમય સમય પર એસા હોતા આયા હૈ-ઈતિહાસ ઈસ બાત કા ગવાહ હૈ. જો નિયમ કિસી સમય મેં જાતિ કે લિયે અનુકૂલ હોતે હૈ વે હી સમયાન્તર મે ઉસકે લિયે પ્રતિકૂલ હો જાતે હૈ ઈસી હેતુ સે હમારે જૈન શાસ્ત્રકારોં ને સ્થાન સ્થાન પર દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ કા વર્ણન કિયા હૈ. અતઃ સમાજ મેં ઉચિત સંશોધન કી અત્યન્ત આવશ્યકતા હૈ.

જૈન કા પ્રશ્નઆને પરગચ્છાદિ ભેદ કો ભૂલ જાઓ

ઇસ વક્ત અપના સમાજ અનેક ગચ્છોં કે નામ સે વિભકત હો રહા હૈ ! યે ભેદ યદ્યપિ બિલકુલ મામૂલી ઔર ધર્મ મે કોઈ વિશેષ વિરોધ ઉત્પન્ન કરને વાલે નહીં, તથાપિ કિસી સમય યહ ભેદ ઐસે વિકરાલ રૂપ કો ધારણ કર લેતા હૈ કિ ઉસસે ધર્મ કે અચ્છે સે અચ્છે કામ કો ભી બડા ભારી આઘાત પહુંચતા હૈ ગચ્છાદિ કે વ્યામોહ કે કારણ હમારી સંઘ શક્તિ જિસ તરહ સે પદદલિત હો રહી હૈ ઉસકી કલ્પના કરતે હુએ ભી હૃદય મે થર થરાહટ પૈદા હોને લગતી હૈ. ઇસ લિયે યદિ આપ કો જૈન સમાજ કી પ્રગતિ સે પ્રેમ હૈ તો જહાં પર જૈન કા પ્રશ્ન ઉપસ્થિત હો વહાં પર ગચ્છાદિ ભેદ કો ભૂલ કર એક હો જાઓ ? ઇસી મેં આપ કી ઔર જનતા કી ભલાઈ હૈ.

કલ્પિત જાતિબન્ધન કો તોડ દો

જૈન સમાજ મેં ઇસ વક્ત શ્રીમાલ ઓસવાલ પોરવાલ આદિ અનેક નામ કી વૈશ્ય જાતિયેં દેખને મેં આતી હૈ ઇનકા જન્મ અમુક અમુક આચાર્ય કે સમય મેં હુઆ હૈ. યે સબ વિક્રમ કી તીસરી શતાબ્દિ સે પહલે કી નહીં. અમુક નામ કે કિસી પ્રાભાવિક આચાર્ય ને બહુત સી જાતિયોં કો ઇકટ્ઠા કરકે જૈન ધર્માનુગામિની અમુક નામ કી એક જાતિ બનાદી. જૈસે શ્રીરત્નપ્રભસૂરિને ઓસવાલ ઔર હરિભદ્રસૂરિને પોરવાલ વંશ કી સ્થાપના કી હૈ; પરન્તુ આજ કલ તો ઉન કલ્પિત જાતિયો મેં ઇતના મમત્વ હોગયા હૈ કિ એક જાતિ વાલા દૂસરી જાતિ કે પુરૂષ કો અપને સે હીન સમઝ રહા હૈ જો કિ કિસી તરહ પર ભી વાંછનીય નહીં. વિચાર પૂર્વક દેખા જાય તો ઇનમેં કોઇ ભી જાતિ છોટી યા બડી નહીં સભી જૈન ધર્મ કે માનને વાલી હૈ. ઇનમેં જિન જાતિયો કા આપસ મેં ખાન પાન ઇકટ્ઠા હૈ. ઉનકા પરસ્પર મેં વિવાહ સમ્બન્ધ ન હોના મેરે ખ્યાલ મેં અચ્છા નહીં. સામાજિક શાસ્ત્ર કી દૃષ્ટિ મેં તો ઇન કા પરસ્પર મેં સમ્બન્ધ હોના લાભપ્રદ હૈ હી;

પરન્તુ જૈનશાસ્ત્ર ભી ઇસ સમુચિત વ્યવહાર મેં કિસી તરહ પર બાધક નહીં. યહ બન્ધન કિસી સમય મેં અચ્છા હોગા, મગર ઇસ સમય તો ઇસકા ટુટ જાના હી જૈન સમાજ કી ઉન્નતિ કા હેતુ હૈ. જૈન સમાજ કે હ્રાસ કે જો કારણ હૈ ઉન મેં યહ-બન્ધન-ભી એક મુખ્ય હૈ. સ્વર્ગવાસી આચાર્ય-પ્રવર શ્રીમદ્વિજયાનન્દ સૂરિ-આત્મારામજી મહારાજ ને ઇસ વિષય મેં જો પ્રકાશ ડાલા હૈ વહ અત્યન્ત મનન કરને લાયક હૈ. ઉદાહરણાર્થ આપ કે બનાયે હુએ "જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તર" નામા ગ્રન્થ કે થોડે સે પાઠકો સુનેં? "જૈન ધર્મ પાલનેવાલી જાતિયેં શાસ્ત્રાનુસાર નહી બની, પરન્તુ કિસી ગામ, નગર, પુરૂષ, ધન્ધેકે અનુસાર પ્રચલિ હુઇ માલૂમ પડતી હૈ. શ્રીમાલ ઓસવાલ કા તો સમ્બત્ ઉપર લિખ આયે હૈ ઔર પોરવાડ વંશ શ્રી હરિભદ્રસૂરિજી ને મેવાડદેશ મેં સ્થાપન કિયા." પૃ૦ ૧૫

"પ્રશ્ન ૨—સબ જૈન ધર્મ પાલને વાલી વૈશ્ય જાતિયાં ઇકટ્ઠી મિલ જાવેં ઔર જાત ન્યાત કા નામ નિકલ જાવે તો ઇસ કામ મેં જૈન શાસ્ત્ર કી કુછ મનાહી હૈ વા નહીં?

"ઉત્તર-જૈન શાસ્ત્રો મેં તો જિસ કામ કે કરને સે ધર્મમેં દૂષણ લગે ઉસ વાત કી મનાહી હૈ શેષ તો લોંગોને અપની અપની રૂઢિયેં માન રખી હૈં જબ ઓસવાલ બનાયે થે તબ અનેક જાતિયોકી એકજાતિ બનાઇથી; ઇસ વાસ્તે અબ ભી કોઇ સમર્થ પુરૂષ સબ જાતિયોં કો ઇકટ્ઠા કરે તો કયા વિરોધ હૈ?" પૃષ્ટ ૧૬. બસ અગર આપ કો જૈન સમાજ કી ઉન્નતિસે પ્યાર હૈ તો આપ ઇસ કલ્પિત જાતિ બન્ધનકો તોડ દો ઇસીમે સમાજકા હિત હૈ.

જીનાલય નહીં વિદ્યાલય.

જીસ સ્થાનમેં ભગવાનકા કોઇ મન્દિર ન હો, સેવાભક્તિ કરને વાલે લોગોં કી સંખ્યા અધિક હો, ઔર ઉનમે સ્વયં મંદિર બનાનેકા સામર્થ્ય ન હો વહાં પર મંદિર કા બનવાના અત્યંન્ત આવશ્યક ઔર બડે પુણ્ય કા કામ હૈ, પરન્તુ જહાં પર એક સે અધિક મંદિર બને હુએ હોં વહાં પર અપની નામાવરી કે લીયે ઔર એક મંદીર બનાકર ખડા કર દેના કિસી તરહ ભી ઉચીત નહીં સમઝા જાતા. અબ સમય મંદિરોંકી વૃદ્ધિ કરનેકા નહીં, અબ તો બને હુએ દેવ મંદિરો કા સંરક્ષણ ઔર સેવા ભક્તિ કરને વાલોં કી વૃદ્ધિ કરનેકા હૈ, જૈન સમાજ કે ધનિકો કો અબ જીનાલયોં કે સ્થાન મેં બડે બડે વિદ્યાલયોં કે બનાને કે લીયે કટિબદ્ધ હોના ચાહિયે! જીન મંદિર તભી સાર્થક હોંગે જબ કિ ઉન કે મહત્વકો સમઝાને વાલે સરસ્વતી મન્દિર ભી સાથ મેં મૌજૂદ હોં.

સચ્ચા જીર્ણોદ્ધાર.

કિસી પુરાતન મન્દિર કો ફિરસે નયા બના દેને કા નામ હી જીર્ણોદ્ધાર નહીં.

કરને સે સમાજ સુધારા કી યોજના સુસંગત ઔર સુવ્યવસ્થિત હોગી ઐસા મેરા ખ્યાલ હૈ.

(ગ) નેતાપન કા અભિમાન—સંસ્કૃત કે કચ્ચે કવિને કહા હૈ કિ "સર્વે યત્ર નેતારઃ સર્વે પંડિત માનિનઃ, સર્વેમહત્વ મિચ્છન્તિ તદ્ વૃન્દમવસીદતિ" અર્થાત્ યહાં સભી અપને કો નેતા માનેં, સભી પંડિત સમજેં, સભી અપને કો એક દુસરેસે બડા સમજે વહ સમુદાય બિનષ્ટ હો જાતા હૈ! બસ યહી દશા અપને સમાજ કી હૈ. ઇસ નેતાપન કી ગડબડ સે હમારે સમાજ કી નોકા ઇસ સમય બહુત હી ડાવાંડોલ હો રહી હૈ! મેરે ખ્યાલ મેં તો સમાજ કા નેતા વહી પુરૂષ હો સકતા હૈ જિસમેં નેતાપન કે અનુરૂપ ગુણ હોં ફિર વહ ચાહે સાધુ હો યા શ્રાવક, ધની હો નિર્ધન; ઇસી મેં સમાજકા ક્ષેમ હૈ.

(ઘ) દૃષ્ટિરાગ—ઇન સામાજિક દુર્વ્યવસ્થાઓં કા કારણ યદિ સોચા જાય તો દૃષ્ટિરાગ હૈ. દૃષ્ટિરાગ મેં મતવાલા હુઆ હુઆ જૈન સમાજ કર્તવ્યાકર્તવ્ય કે ભાન સે બિલકુલ શૂન્ય હો રહા હૈ! ગુણપ્રસ્ત જૈન સમાજ કા રાગપ્રસ્ત હોના બહુત હી શોચનીય હૈ! આજ સમાજ મેં જો ભયંકર ફૂટ પડ રહી હૈ ઉસકા કારણ ભી દૃષ્ટિરાગ હી હૈ. અતઃ યદિ આપ લોગ અપના કલ્યાણ ચાહતે હૈ તો આપ ગુણાનુરાગી બનેં, દૃષ્ટિરાગ મેં હાની કે સિવાય લાભ કુછ નહીં.

કુરીતિયેં.

(ક) ફ્રજૂલ ખર્ચી—જૈન સમાજ કે વિશુદ્ધાદર્શ કો ઉસમેં ઘુસી હુઇ કુરીતિયોંને બહુત ભ્રષ્ટ કર રખા હૈ! ઇસમેં ફ્રજૂલ ખર્ચી તો ઇતની બઢ ગઇ હૈ કિ સમયોચિત ધર્મકાર્યો મેં વ્યય કરને કે લિયે ઇસકે પાસ બાકી હી કુછ નહીં રહતા! ફ્રજૂલ ખર્ચી સે સમાજ મેં નિર્ધનતા પ્રતિદિન બઢ રહી હૈ ઔર બઢતી જાવેગી! ઇસકો રોકને કે લિયે સમાજ કે મુખિયોં કો ભરસક મહેનત કરની ચાહિયે?

(ખ) બાલવિવાહ—બાલવિવાહ કી જો પ્રથા અપને સમાજ મેં કહીં કહીં દેખને મેં આતી હૈ વહ અચ્છી નહીં. બાલ વિવાહ કે અનિષ્ટ પરિણામોં કી સંખ્યા બહુત બડી હૈ, ઇસલિયે ઇસ પ્રથા કો જિતની જલ્દી રોકા જાય ઉતના હી અચ્છા હૈ, ઔર સાથ મેં યદિ છોટી ઉમર કી સગાઇ કા રિવાજ ભી રોક દિયા જાય તો બહુત અચ્છા હો. ઇસસે ભી સામાજિક પ્રગતિ કો બહુત ધક્કા પહુંચતા હૈ.

(ગ) વૃદ્ધવિવાહ—સમાજ કે લિયે વૃદ્ધવિવાહ એક પ્રકાર કા ક્ષય રોગ હૈ! અગર ઇસકી જલ્દી ચિકિત્સા ન હુઇ તો સમાજ કા જીવિત રહના કઠિન હો જાયગા! અપને સમાજ મેં યહ રોગ પ્રાયઃ ધનિકોં કી કૃપા સે પ્રવિષ્ટ હુઆ હૈ, ઇસ રોગ કો સમાજ મેં સે દૂર કરને કે લિયે કોઇ પ્રયત્ન બાકી ઉઠા ન રખના

અંગત દ્વેષકે કારણ બડે સે બડે કામકો ભી ભિગાડનેકે લિયે ભર સક પ્રયત્ન કિયા જાતા હૈ. જાતીયદ્વેષકા બદલા ચુકાનેકે લિયે ધર્મકી ઓટમેં બૈઠ કર અનેક તરહ કે વિષૈલે વાણ ચલાયે જાતે હૈ ! ભયાનક જંગલકો હી મંગલમય માન બૈઠનેકી બાદી હુઈ લાલસાકો તૃપ્ત રખનેકે નિમિત્ત હોનહાર પૌદોંકે સમૂલ ઘાતકે લિયે બિચારે ભોલે ભોલે માલિયોંકો રાતદિન સાવચેત કિયા જાતા હૈ. યહ બડે દુઃખકી બાત હૈ. ઉસ વ્યક્તિગત દ્વેષ દાવાનલને જૈન સમાજકી જો દુર્ગતિ કર રખી હૈ ઉસકા વર્ણન કરના મેરી સામર્થ્ય સે બાહિર હૈ.

(ખ) **શિક્ષિત ઔર અશિક્ષિત વર્ગમેં મુડ ભેડ**—અપને સમાજમેં ઈસ વક્ત બડી ભારી ગડબડ મચ રહી હૈ. શિક્ષિત ઔર અશિક્ષિત વર્ગકી આપસ મેં ખુબ મુડભેડ હો રહી હૈ અશિક્ષિત વર્ગ–જો કિ બડોંકી કૃપાસે કુછ સમયસે સ્વતંત્ર સત્તા ભોગ રહા હૈ, ઔર જિસકે વિચારોંકો કિસી ખાસ ખાસ વ્યક્તિકી ઇચ્છાને ખરીદ રખા હૈ–કા કથન હૈ કિ જો કુછ હમ કહેં ઉસીકા સમકો સન્માન કરના હોગા, ઉસીકો સબને આદરકી દૃષ્ટિસે દેખના હોગા, વહ ચાહે ધર્માનુકૂલ હો યા ધર્મવિરૂદ્ધ ઇસમેં કિસીકો ચૂંચરાં કરનેકા અધિકાર નહીં. હમ જીસે દણ્ડ દેં વહ દણ્ડિત હી માના જાયગા ચાહે ઉસને કોઈ ભી અપરાધ ન કિયા હો, ઔર જિસે હમ ક્ષમા કરેં (ચાહે ઉસકા કુછ ભી અપરાધ હો) વહ ક્ષમા કા હી પાત્ર સમઝા જાવેગા, પરન્તુ શિક્ષિત વર્ગ–જો કિ નવીન વિચારોં કો લિયે હુએ નવીન વાતાવરણ મેં ઉછરા હૈ–ઈસ કે સર્વથા વિરૂદ્ધ હૈ, ઉસકા કહના હૈ કિ આપ કા યહ નાદિરશાહી હુકમ હમેં કિસી પ્રકાર ભી માનનીય નહીં, આપ જો કુછ કહેં સો કરના ઉસકે સ્થાનમેં જમાના જો કુછ કહે સો કરના હમેં ઉચિત ઔર યુક્તિ સંગત પ્રતીત હોતા હૈ, આપકે નાદિરશાહી હુકમ સે સમાજ કી બહુત દુર્દશા હો ચુકી હૈ, આપ ઉચિતાનુચિત જો ચાહેં સો કરેં ઇસ આપકો કોઇ હક નહીં ? બન્ધુઓ ! ઇસ મુડ ભેડ સે ભી ધર્મ કી બહુત કુછ અવહેલના હો ચુકી હૈ ઈસી હેતુ સે સમયોપયોગી કોઈ ભી શુભ કામ પૂર્ણ હોને નહીં પાતા ! ઇસ લિયે સમાજ કે અગ્રેસરોં કો ઇસ દ્વન્દ્વ યુદ્ધ કે નિવારણાર્થ અવશ્ય કોઇ પ્રયત્ન કરના ચાહિયે.

વિચાર કિયા જાય તો શિક્ષિત ઔર અશિક્ષિત શબ્દ કાલ્પનિક હૈં જો શિક્ષિત હૈ વહ ભી કિસી દૃષ્ટિ સે અશિક્ષિત માના જા સકતા હૈ, ઔર જો અશિક્ષિત હૈ ઉસે ભી કિસી અપેક્ષા સે શિક્ષિત કહ સકતે હૈં, સિર્ફ અપને કક્કે કો હી ખરા ઠહરાના અન્યાયપૂર્ણ હૈ ઔર જમાને કો હી સબ કુછ માન લેના ભી ઉચિત નહીં; કિન્તુ ધર્માવિરૂદ્ધ ઔર સમયાનુકૂલ જો વિચાર હોં ઉન્હીં કો કાર્ય મેં પરિણત

હોને પર ફિર સાધુ બનનેકે ભાવ હૃદય સે બિલકુલ જાતે રહતે હય. અબ વહ જમાના નહીં રહા જબ કિ બડે બડે ધનાઢ્ય ઔર વિદ્વાન સાધુ હુઆ કરતે થે. આજ કલકે ધનિક ઔર શિક્ષિત તો સાધુ બનને કા કભી સંકલ્પ તક ભી મન મેં નહીં લાતે. ફિર આજકલ કે સાધુવર્ગ પર આક્ષેપ કરના કહાં તક ઠીક હય ઇસકા વિચાર આપ લોગ ખુદ કરે. સાધુ કહીં આકાશ સે તો નહીં ઉતરેંગે. હમ મેં સે હી ઉન કા આગમન હોગા, વે યહાં સે જો વિચાર લેકર જાવેંગે ઉન્હો કો હી અધિકાંશ ઉન્હોંને ઉપયોગ મેં લાના હય, ઇસ લિયે વસ્તુસ્થિતિ કો ધ્યાન મેં રખ કર હી કુછ સંશોધન કરના ચાહિયે.

હમારે તીર્થસ્થાન

યદ્યપિ અન્ય ધર્માનુયાયિ સજ્જનો કે તીર્થસ્થાનોં કી અપેક્ષા અપને તીર્થસ્થાનોં કી દશા બહુત અચ્છી હય! પરન્તુ અબ કહીં કહીં પર યાત્રિયોં કો કુછ કષ્ટ ઔર સેવા પૂજા મે કુછ ગડબડ હોને ભી લગી હય! ઇસ ત્રુટિ કો દૂર કરને કે લિયે તથા તીર્થસ્થાનોં કે પ્રબન્ધ કો સુવ્યવસ્થિત રખને કે લિયે તીર્થ કમિટી કી તર્ફ સે એક યોગ્ય આદમી કો નિયત કરના ચાહિયે જો કિ સબ તીર્થ સ્થાનોં પર દોરા કરતા રહે ઔર જહાં પર ભી કીસી પ્રકાર કી અવ્યવસ્થા હો ઉસકી સૂચના સમય સમય પર દેતા રહે.

કાંગડા—કાંગડે-પંજાબ-કે તીર્થસ્થાન કે ઉદ્ધાર બડી ભારી જરૂરત હય. વહાં પર કિલ્લે કે અન્દર, ભગવાન ઋષભદેવકી બડી વિશાળ ઔર પ્રાચીન મૂર્તિ હય. આશ્ચર્યકી બાત હય કિ ગત વર્ષો મે જો ભૂકમ્પ હુઆ થા ઉસસે કિલ્લા નો ફૂટ કર સર્વ નષ્ટ હો ગયા હય, મગર વહ મૂર્તિ જ્યું કી ત્યું હી સ્થિર હય. જૈન ધર્મ કી પ્રાચીનતા ઔર વ્યાપકતા કી સાક્ષી યહ સ્થલ ભી પૂર્ણ રૂપ સે દે રહા હય. અતઃ જૈનસમાજ કો ઇસ તીર્થસ્થલ કે ઉદ્ધારાર્થ અવશ્ય પ્રયત્ન કરના ચાહિયે.

શિક્ષા, સાહિત્ય ઔર પ્રાચીન શોધ.

શિક્ષા, સાહિત્ય ઔર પ્રાચીન શોધ કે સમ્બન્ધ મેં પહલે કે અધ્યક્ષોને બહુત કુછ કહા હય. ઇસ વિષય મેં ઇતના હી કહ દેના પર્યાપ્ત સમઝતા હું કિ મૈં ઉનકે વિચારોસે પૂર્ણતયા સહમત હું.

ઉપસંહાર.

સદ્ગૃહસ્થો! મૈંને આપકા બહુત સા સમય લિયા હય, પરન્તુ એક બાત કે કહે વિના મુઝ સે નહિ રહા જાતા. મેરે શ્રદ્ધાસ્પદ ગુરૂવર્ય વલ્લભવિજયજી મહારાજ યદિ ઇસ સમય શિક્ષા સમ્બધન્ધી શુભકાર્યકે લિયે ઇસ પ્રાન્તમેં રૂકે ન હોતે

ચાહિયે ! આજ જૈન સમાજ મેં જિતની વિધવાયે હૈં ઉનકી સંખ્યા કો ધ્યાન મેં લેતે હી હૃદય કાંપ ઉઠતા હૈ ! પરન્તુ ઈસ અનર્થ કા કારણ ભી અધિકાંશ બાલ ઔર વૃદ્ધવિવાહ હી હૈ ! વિધવા વિવાહ જૈસે અધર્મ કૃત્ય કે વિરોધિયોં કો ઈસ સમય સજગ હો જાના ચાહિયે ! અપને સમાજ મેં સે બાલ ઔર વૃદ્ધવિવાહ જૈસી ભયંકર પ્રથા કો સમુદ્ધાર પહુંચા દેને કે લિયે ઉન્હેં કોઈ ઉપાય બાકી ન રખના ચાહિયે, નહીં તો ઉનકે લાખ યત્ન કરને પર ભી વિધવા વિવાહ જૈસે અનર્થ કી બાઢ નહીં રૂક સકેગી !

(ઘ) કન્યા વિક્રય—જૈન સમાજ કી પવિત્રતા કો કલંકિત કરને વાલા કન્યા વિક્રય સે બઢ કર અન્ય કોઈ કાર્ય નહીં ! વિધવાઓં કી સંખ્યાવૃદ્ધિ કા દ્વાર ભી યહી હૈ, પરન્તુ ઈસ અનર્થ કા કારણ ભી અધિકાંશ વિષયલોલુપી ધનાઢ્ય હૈં, અગર ધનિક લોગ થૈલિયોં કા લાલચ ન દિખાવેં તો દ્રવ્ય કે ભૂખે બિચારે ગરીબ લોગ ઈસ અધર્મ મેં પ્રવૃત્ત ન હોં. મેરે વિચાર મેં તો ઈસ મહતી કુપ્રથા કો રોકને કે લિયે બેચને ઔર ખરીદને વાલે દોનોં કા હી કુછ પ્રબન્ધ હોના ચાહિયે; પરન્તુ ઈસકા પ્રબન્ધ યદિ ધર્માચાર્ય ઔર સમાજ કે અગુઆ મિલ કર કરેં તભી ઠીક હોગા.

મુનિમણ્ડલ.

મુનિમણ્ડલ કી સમાજ કો ઉતની હી આવશ્યકતા હૈ જિતની કિ પ્રકાશ કે લિયે સૂર્ય કી. ઈસકા સમાજ કે સાથ શરીર ઔર આત્માકા સા સમ્બન્ધ હય. પરન્તુ સમય કે પ્રભાવ ને ઉનકે જીવન પર ભી કુછ ન કુછ અપના અસર ડાલ હી દિયા હય ! ઈર્ષા, વ્યક્તિગત દ્વેષ ઔર સ્વાર્થપરાયણતા કી ઝલક વહાં પર ભી નજર આ રહી હય જો કિ સર્વથા અભીષ્ટ નહીં. દુર્ભાગ્યવશાત્ સાધુસમુદાય મેં એક તો શિક્ષિત વર્ગકી હી સંખ્યા બહુત કમ હય ઔર ઉન મેં ભી ઉન મહાત્માઓં કી સંખ્યા તો બહુત હી ન્યુન હય. જિન્હોંને સમાજ કી દશા કો અચ્છી તરહ સે સમઝ કર ઉસકે અનુરૂપ ઉદ્ધાર કે લિયે દૃઢતાપૂર્વક કમર બાંધી હો તાકિ જૈન સમાજ ઉસે અપના પથપ્રદર્શક સમઝ કર ઉસકા અનુગામી બને. ઈસ કે સિવા આજ કલ જો નયે સાધુ હોતે હય વે ભી પ્રાયઃ લૌકિક અનુભવ ઔર શિક્ષા સે બિલકુલ શૂન્ય હોતે હય. અતઃ ઉન સે ભી સમાજ કો અધિક આશા રખની વ્યર્થ હય. ઈસ લિયે મેરી સમ્મતિ મેં તો યહ આતા હય કિ અગર કોઈ સાધુ બનને કી ઇચ્છા પ્રકટ કરે તો પ્રથમ ઉસકો કિસી યોગ્ય સ્થાન મેં કુછ સમય તક રખ કર શિક્ષા દી જાય ઔર શિક્ષિત હોને કે બાદ હી ઉસે સાધુકા વેશ દિયા જાવે. ઈસ સે સંમાજ કા બહુત કુછ હિત હો સકેગા; પરન્તુ ઐસા હોના ભી બહુત કઠિન હય; કયોંકિ શિક્ષિત

હોને પર ફિર સાધુ બનનેકે ભાવ હૃદય સે બિલકુલ જાતે રહતે હય. અબ વહ જમાના નહીં રહા જબ કિ બડે બડે ધનાઢ્ય ઔર વિદ્વાન સાધુ હુઆ કરતે થે. આજ કલકે ધનિક ઔર શિક્ષિત તો સાધુ બનને કા કભી સંકલ્પ તક ભી મન મેં નહીં લાતે. ફિર આજકલ કે સાધુવર્ગ પર આક્ષેપ કરના કહાં તક ઠીક હય ઇસકા વિચાર આપ લોગ ખુદ કરે. સાધુ કહીં આકાશ સે તો નહીં ઉતરેંગે. હમ મેં સે હી ઉન કા આગમન હોગા, વે યહાં સે જો વિચાર લેકર જાવેંગે ઉન્હીં કો હી અધિકાંશ ઉન્હોંને ઉપયોગ મેં લાના હય, ઇસ લિયે વસ્તુસ્થિતિ કો ધ્યાન મેં રખ કર હી કુછ સંશોધન કરના ચાહિયે.

હમારે તીર્થસ્થાન

યદ્યપિ અન્ય ધર્માનુયાયિ સજ્જનોં કે તીર્થસ્થાનોં કી અપેક્ષા અપને તીર્થસ્થાનોં કી દશા બહુત અચ્છી હય! પરન્તુ અબ કહીં કહીં પર યાત્રિયોં કો કુછ કષ્ટ ઔર સેવા પૂજા મે કુછ ગડબડ હોને ભી લગી હય! ઇસ ત્રુટિ કો દૂર કરને કે લિયે તથા તીર્થસ્થાનોં કે પ્રબન્ધ કો સુવ્યવસ્થિત રખને કે લિયે તીર્થ કમિટી કી તર્ફ સે એક યોગ્ય આદમી કો નિયત કરના ચાહિયે જો કિ સબ તીર્થ સ્થાનોં પર દોરા કરતા રહે ઔર જહાં પર ભી કીસી પ્રકાર કી અવ્યવસ્થા હો ઉસકી સૂચના સમય સમય પર દેતા રહે.

કાંગડા—કાંગડે-પંજાબ-કે તીર્થસ્થાન કે ઉદ્ધાર બડી ભારી જરૂરત હય. વહાં પર કિલ્લે કે અન્દર, ભગવાન રૂષભદેવકી બડી વિશાળ ઔર પ્રાચીન મૂર્તિ હય. આશ્ચર્યકી બાત હય કિ ગત વર્ષો મે જો ભૂકમ્પ હુઆ થા ઉસસે કિલ્લા નો ફૂટ કર સર્વ નષ્ટ હો ગયા હય, મગર વહ મૂર્તિ જયું કી ત્યું હી સ્થિર હય. જૈન ધર્મ કી પ્રાચીનતા ઔર વ્યાપકતા કી સાક્ષી યહ સ્થલ ભી પૂર્ણ રૂપ સે દે રહા હય. અતઃ જૈનસમાજ કો ઇસ તીર્થસ્થલ કે ઉદ્ધારાર્થે અવશ્ય પ્રયત્ન કરના ચાહિયે.

શિક્ષા, સાહિત્ય ઔર પ્રાચીન શોધ.

શિક્ષા, સાહિત્ય ઔર પ્રાચીન શોધ કે સમ્બન્ધ મેં પહલે કે અધ્યક્ષોને બહુત કુછ કહા હય. ઇસ વિષય મેં ઇતના હી કહ દેના પર્યાપ્ત સમઝતા હું કિ મૈં ઉનકે વિચારોંસે પૂર્ણતયા સહમત હું.

ઉપસંહાર.

સદ્ગૃહસ્થો! મૈંને આપકા બહુત સા સમય લિયા હય, પરન્તુ એક બાત કે કહે વિના મુઝ સે નહિ રહા જાતા. મેરે શ્રદ્ધાસ્પદ ગુરૂવર્ય વલ્લભવિજયજી મહારાજ યદિ ઇસ સમય શિક્ષા સમ્બન્ધકી શુભકાર્યકે લિયે ઇસ પ્રાન્તમેં રૂકે ન હોતે

તો યહ મંડલ આજ કે દિન પંજાબ કે કીસી નગરકા સુશોભિત કરતા હુઆ નજર આતા ! પંજાબકો ઈસ વકત યદિ કોઇ આલમ્બન હય તો ઇન્હી કા હી હયં. સ્વર્ગવાસી ગુરૂ મહારાજ (આત્મારામજી) ને પંજાબ પર જો જો ઉપકાર કિયે હય ઉન સબ કા બદલા ચુકાના પંજાબ કે સામર્થ્ય સે સર્વથા બાહિર હય. અપને મંગલમય જીવન કા સંવરણ કરને સે કુછ સમય પહલે આપકે 'મેરે પીછે પંજાબકા સંરક્ષણ વલ્લભ કરેગા' ઇન વાકયોં ને તો પંજાબકો સદા કે લિયે ખરીદ લિયા. પંજાબકી નસ નસમેં ઉનકા ઋણ સમાયા હુઆ હય ! ઉસસે અધિક નહી તો થોડે બહુત અંશ મેં મુકત હોનેકા હમ કો અવશ્ય પ્રયત્ન કરના ચાહિયે. મેરે ખ્યાલ મેં તો ગુરૂ મહારાજ કે ઋણ સે થોડે બહુત અંશ મેં મુકત હુએ હમ અપને આપ કો ઉસી રોજ સમઝેંગે જીસ રોજ પંજાબ કે કિસી નગર મેં " શ્રી આત્માનંદ જૈન કૉલેજ " કા ઝંડા લહરાતા હુઆ નજર આવેગા ! મેરા અપને પંજાબી ભાઇયોં સે સવિનય નિવેદન હય કિ આપ સબ મિલ કર ગુરૂ મહારાજ સે પંજાબ કો વિહાર કરને કે લિયે પ્રાર્થના કરેં જિસ સે હમકો ઇસ કાર્યમેં શીઘ્ર હી સફલતા પ્રાપ્ત હો ઔર મેરી ભી આપસે યહી નમ્ર પ્રાર્થના હય કિ આપ ગુરૂ મહારાજ કી લગાઈ હુઈ વાટીકાકી અબ જલ્દી હી ચલકર સુધ લેનેકી કૃપા કરેં. ઉસ કો ઇસ સમય જલ દેનેકી બડી ભારી આવશ્યકતા હય !

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

બીજા દીવસની બેઠકમાં થયેલું કામકાજ.

જૈનોને જોઇતો હક.

બીજે દિવસે બપોરે બાર વાગે કોન્ફરન્સની બીજા દીવસની બેઠક શરૂ થઇ હતી જે વખતે શ્રી વલ્લભવિજયજી મહારાજ પોતાના શિષ્ય મંડળ સાથે તેમજ પ્રમુખ સાહેબ પોતાના રસાલા સાથે આવી પહોંચતાં સભાએ ઉભા થઇને તેમને આવકાર આપ્યો હતો. આજની બેઠકમાં પણ સાધ્વીજીઓ, બાનુઓ, ડેલીગેટો, પ્રેક્ષકો વીગેરેની મોટી સંખ્યામાં હાજરી હતી.

શરૂઆતમાં ગાયકોએ મંગલાચરણ કર્યું હતું. જે બાદ મુનિરાજશ્રી વલ્લભવિજયજીની સ્તુતિમાં એક ગાયન થયું હતું. જે બાદ કોન્ફરન્સનું રીતસરનું કામ શરૂ કરવામાં આવ્યું હતું અને મી૦ ઢઢ્ઢાએ ગયા ત્રણ વરસનો કોન્ફરન્સનો અહેવાલ રજુ કર્યો હતો.

રાજ્યભક્તિ.

પ્રમુખ સાહેબે નીચલો ઠરાવ રજુ કર્યો હતો.

શ્રી ૧૨ મી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ભારતના નામદાર શહેનશાહ પાંચમા જ્યૉર્જ તરફ પોતાની હૃદયપૂર્વક વફાદારી જાહેર કરે છે અને ગયા મોટા યુદ્ધમાં જીત મેળવવા માટે સર્વે મિત્ર રાજ્યોને વધાઇ આપે છે અને પ્રાર્થના કરે છે કે સંસારના સર્વે રાજ્યો સ્વાર્થ છોડી સંસારની શાંતિ પર દૃષ્ટિ રાખી વર્તન કરે.

આ ઠરાવની નકલ રાજપુતાના ખાતેના ગવર્નર જનરલના એજંટ પર મોકલવાની સત્તા પ્રમુખને આપવામાં આવે છે.

એ ઠરાવ સભાએ હર્ષ સાથે પસાર કર્યો હતો.

જોધપુર રાજ્યનો આભાર.

બાદ પ્રમુખે નીચલો ઠરાવ રજુ કર્યો હતો. કોન્ફરન્સનું આ અધિવેશન જોધપુર રાજ્યમાં થયું હોવાથી રાજ્ય તરફથી જે મદદ તેના કાર્યોને પાર પાડવા માટે આપવામાં આવી છે તે માટે જોધપુરના મહારાજા સાહેબ તેમજ કાઉન્સિલ ઑફ રિજન્સીનો આ સભા આભાર માને છે અને ધન્યવાદ આપે છે.

આ ઠરાવની નકલ યોગ્ય સ્થળે મોકલવા માટે પ્રમુખને સત્તા આપવામાં આવે છે.

આ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

બાદ કોન્ફરન્સના સ્વર્ગવાસી રેસિડંટ જનરલ સેક્રેટરી શેઠ કટ્યાણચંદ સૌભાગ્યચંદ, કલકત્તા કોન્ફરન્સની રીસેપ્શન કમીટીના પ્રમુખ શેઠ રામચંદ ઠેઠાભાઈ અને કોન્ફરન્સના ઑડીટર શેઠ ચુનીલાલ ન્હાનચંદના તેમજ સાદડીની રીસેપ્શન કમીટીના પ્રમુખ નગરશેઠ હંસરાજભાઇના મૃત્યુ માટે શોક દર્શાવનારો ઠરાવ પ્રમુખે રજુ કર્યો હતો, જે સભાએ પસાર કર્યો હતો.

રિફોર્મ બીલ અને જૈનોને જોઇતો હક.

બાદ પ્રમુખ સાહેબે નીચલો ઠરાવ રજુ કર્યો હતો.

હાલમાં પસાર થયેલા રિફોર્મ બીલથી કોમવાર દરેક કાઉન્સિલમાં પ્રતિનિધી નીમવાની જે સત્તા ઇમ્પીરિયલ અને પ્રૉવિન્સલ સરકારોને સોંપવામાં આવી છે. તે સંબંધમાં આ કોન્ફરન્સ શ્રી ભારત સરકારને પ્રાર્થના કરે છે કે જૈન કોમની વીશાલ સંખ્યાને ધ્યાનમાં લઇ સમસ્ત દેશના પ્રાયઃ પ્રત્યેક સ્થલોમાં પોતાના પવિત્ર તીર્થોની રક્ષા, સમાજ હિત આદિ કાર્યોને માટે તેને કાઉન્સિલમાં જૈન શ્વેતાંબર કોમનો ઓછામાં ઓછો એક પ્રતિનિધી મોકલવાનો હક્ક આપવો.

આ ઠરાવની એક એક નકલ જુદી જુદી સરકારપર મોકલવાની પ્રમુખ સાહેબને સત્તા આપવામાં આવે છે.

આ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. બાદ કોન્ફરન્સની છબી લેવામાં આવી હતી.

જૈન કેળવણી બૉર્ડ.

બાદ મી૦ મોહનલાલ દલીચંદ દેશાઈએ નીચલો ઠરાવ રજુ કર્યો હતો:- જૈન એજ્યુકેશન બૉર્ડે જે કાર્ય કર્યું છે તે માટે આ કોન્ફરન્સ પોતાનો હર્ષ પ્રદર્શિત કરે છે; અને એવી આશા દર્શાવે છે કે તેને સુપ્રત કરેલા કાર્યને તે જલ્દી પૂર્ણ કરે અને જૈન સમાજની પ્રત્યેક જાતિમાં કેળવણીનો પ્રચાર વિસ્તીર્ણ રીતે થાય તે માટે બધી રીતનો પ્રયાસ કરે. આ કાર્યને માટે બૉર્ડને દર વર્ષ સાધનો પુરા પાડવા માટે સમગ્ર જૈન સંઘના દરેક શ્રીમંત વિદ્વાન અને ઉત્સાહી ભાઇ બહેનોને વિનંતિ કરવામાં આવે છે તેમજ દરેકને વાર્ષીક માત્ર પાંચ રૂપીયાનું લવાજમ આપી સભાસદ થવા અથવા એકી વખતે સો રૂપીયા આપી જીવનપર્યંતના કાયમના સભાસદ થવાની ભલામણ કરવામાં આવે છે.

ઉપરની દરખાસ્તને મી૦ ગોપીચંદજી ઘાડીવાલ અને ગાંધી અમરચંદ ઘેલાભાઈના અનુમોદન સાથે તે પસાર કરવામાં આવી હતી.

વિદ્યાલયોના સ્થાપકોનો આભાર.

મી૦ મોતીચંદ ગીરધર કાપડીઆએ દરખાસ્ત કરી કે વિદ્યાલયો, ગુરૂકુળ, બૉર્ડીંગો વીગેરે સંસ્થાઓ નીકળવાથી કેળવણીના વીચારને પુષ્ટી મળી છે; તેથી તે સંસ્થાના ઉત્પાદકો અને સહાયકોનો આભાર માનવામાં આવે છે અને સમસ્ત ભારતમાં જૈન વસ્તીવાલા પ્રદેશોમાં અને ખાસ કરી રાજપુતાના કે જ્યાં કેળવણીનો અભાવ અતિશય છે ત્યાં તેવી સંસ્થાઓ ખોલવા ખોલાવવાની અગત્ય આ કોન્ફરન્સ સ્વીકારે છે.

આ દરખાસ્તને રા. ચંદનમલજી બાબુ અંબાલાવાળા અને વીસનગરવાળા શેઠ મહાસુખભાઇ ચુનીલાલ તથા દોશી ફૂલચંદ હરીચંદના વિશેષ અનુમોદન સાથે તે પસાર કરવામાં આવી હતી.

જૈન સાહિત્યપ્રચાર.

પંડિત હંસરાજજીએ દરખાસ્ત કરી કે (૧) છેલ્લા કેટલાંક વરસોથી જૈન સાહિત્ય અને હમણા આગમો પ્રગટ થવાથી જૈન ધર્મનું ગૌરવ વિશેષ પ્રકાશમાં આવ્યું છે; તેથી તે તેના પ્રકાશકોને ધન્યવાદ આપે છે અને ઈચ્છે છે કે તેઓ વધુ વધુ સાહિત્ય પ્રકાશ કરતા રહે અને વિશેષમાં એ અભિપ્રાય જણાવે છે કે મૂળ, જીર્ણ અને અલભ્ય ગ્રંથોનાં પ્રકાશન સાથે તેનાં ભાષાંતરો દેશી ભાષામાં અને ખાસ કરીને હીંદી ભાષા કે જેમાં બહુજ અલ્પ ભાગે સાહિત્ય પ્રકટ થયું છે તેમાં તે રૂપ વિશેષ પ્રગટ થાય. (૨) પ્રાકૃત-માગધી ભાષાના પુનરૂદ્ધારની અતિ આવશ્યકતા આ

કોન્ફરન્સ સ્વીકારે છે. (૩) જૈન સાહિત્ય અને પ્રાકૃત સાહિત્ય હિંદની દરેક યુનિવર્સિટીમાં દાખલ કરે એમ તેમને આ કોન્ફરન્સ ભલામણ કરે છે. (૪) પ્રાકૃત–વ્યાકરણ–કોશાદિ સાધનોમાંથી તેમજ જૈન સાહિત્યમાંથી નીકળતો ઇતિહાસ પુરો પાડવાની અને તેમાં શોધખોળ કરવાની અગત્ય છે. તો તે કાર્ય કરવાનું કોઇ સંસ્થા ઉપાડી લેશે, અને જૈનશાસનપ્રભાવના સારી રીતે કરશે એવી આ કોન્ફરન્સ ઇચ્છા રાખે છે. (૫) જેશળમીર, પાટણ, તેતા, ખંભાત વીગેરે સ્થળોએ જ્યાં જ્યાં પુસ્તક ભંડારો છે તેમાંથી જીર્ણ અલભ્ય પુસ્તકોનું પ્રકાશન કરવું યોગ્ય ધારે છે.

ઉપરના ઠરાવને મી. ભણુતમલજી સીંધીના અનુમોદન સાથે તે પસાર કરવામાં આવ્યો હતો.

—o—o—o—

ત્રીજા દીવસની બેઠક.

પંચાયત ફંડમાં અને વિદ્યાલય ફંડમાં ભરાયલી રકમો.

શરૂઆતમાં મંગળાચરણ થયા બાદ શુરૂ સ્તુતિ થઇ હતી જે પછી તાળીઓના અવાજે વચ્ચે સભાનું કામકાજ શરૂ થયું હતું.

બાદ શેઠ કુશળરાજજીએ જ્ઞાતિ સુધારા, લગ્ન ખર્ચો, મૃત્યુ પાછળના ખર્ચો, પાથરણાની મુદત, કન્યા વિક્રય વિગેરે સંબંધમાં ગઇ રાત્રે મારવાડ–ગોલવાડ સભાએ પસાર કરેલા ઠરાવોની વીગત વાંચી સંભળાવી હતી અને તે બાબત ચોપમાં લખાયલી સહીઓ સાથેની નોંધ રજુ કરી હતી.

રાત્રે મારવાડ–ગોલવાડના જૈનોમાં પ્રચલીત કુરીવાજો સુધારવા અને કેળવણી ફંડના ઉપયોગ માટે યોજના કરવા એક ગંજવર સભા મંડપમાં મળી હતી જે વખતે આખી મારવાડી કોમને સુધારવા માટેના અને ઘણાં કુરિવાજો દૂર કરવાના ઠરાવ મહારાજશ્રી વલ્લભવિજયજીના ઉપદેશ અનુસાર કરવામાં આવ્યા હતા.

સણજેઠટ દમિટી રાત્રે એક વાગ્યા સુધી બેઠી હતી.

પ્રાચીન શિલાલેખો.

બાદ પ્રમુખ સાહેબે નીચલો ઠરાવ રજુ કર્યો હતો. જૈન પ્રાચીન દેવાલયો–તીર્થો, તેના શિલાલેખો વિગેરે સુવ્યવસ્થિત રીતે મરામત કરાવી, જાળવી રાખવાની આ કોન્ફરન્સ ભલામણ કરે છે. અને તેનો નાશ અજ્ઞાનથી, ઇર્ષાથી કે નામના મહત્વથી થયેલ છે અને થતો જાય છે તે માટે દિલગીરી જાહેર કરે છે. વળી તેને પ્રકાશમાં લાવવાનો જે જે વ્યક્તિએ પ્રયત્ન કરેલ છે તેને ધન્યવાદ આપે છે. ખાસ કરીને રજપુતાનામાં અસંખ્ય મંદિરો અને શિલાલેખો જે હજુ વિદ્યમાન છે તેની

સુવ્યવસ્થા રાખવાની તથા તેનો સંગ્રહ કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે.

સભાએ એ ઠરાવ પસાર કર્યો હતો.

સુકૃત ભંડાર.

દરેક શ્રાવક શ્રાવિકાએ ઓછામાં ઓછી ચાર આનાની રકમ દરવરસે કોન્ફરન્સ ઑફિસમાં સંઘદ્વારા અથવા પરબારા મોકલી આપવી એમ આ કોન્ફરન્સ દૃઢતાથી આગ્રહ કરે છે કે જેથી તેના અરધા ફંડમાંથી કોન્ફરન્સનો નિભાવ થાય અને બીજા અરધા ફંડમાંથી કેળવણીનો પ્રચાર થઈ શકે.

પ્રમુખ સાહેબે ઉપલો ઠરાવ રજુ કરતાં તે સર્વાનુમતે પસાર થયો હતો.

અત્રે મહારાજશ્રી વલ્લભવિજયજીએ જણાવ્યું હતું કે આ બાબતનો અમલ તરતજ થવો જોઇએ અને વારે વારે ભીખ માગવાની જરૂર ન રહે તે રીતે કાર્ય થવું જોઇએ.

મી. દલ્લાએ તે પરથી જાહેર કર્યું કે આપણા જૈનોના દરેક ઘર તરફથી જો એક એક રૂપિયો આપવામાં આવે, અને દરેક પોતાની ફરજ સમજી તેમ કરે તો કાંઇ કહેવાનું રહે નહીં.

અત્રે મહારાજશ્રીએ જણાવ્યું હતું કે અત્યારસુધી કોઇપણ સેક્રેટરીએ એ ફંડ ભરાવવા પ્રયત્ન કર્યો નથી, પણ જેવો એ પ્રયત્ન થશે કે તરત લાખો રૂપિયા એકઠા થશે.

જૈન પંચાયત ફંડ.

અત્રે મી. દલ્લાએ ઉપલા ઠરાવમાં ફેરફાર કરી તે નીચે પ્રમાણે રજુ કર્યો હતો. પ્રત્યેક આદમીને બદલે ઘરદીઠ એકી વખતે રૂપીઆ એકથી સો સુધીની હવે પછી દરજ્જા મુકરર કરવામાં આવે તે રકમ આપી એક પંચાયત ફંડ કાયમ કરવાની ભલામણ કરવામાં આવે છે. હેડ ઑફિસ આ સંબંધી સ્કીમ હવે પછી બહાર પાડશે તેમાં ફંડ એકઠું કરનાર સ્વયંસેવકો તેમજ વ્યવસ્થા વિગેરેની ગોઠવણ રજુ કરવામાં આવશે. અને એકસોથી વધારે રકમ આપનારની રકમ ધન્યવાદ સાથે સ્વીકારવામાં આવશે.

પંડિત હંસરાજજીએ કહ્યું કે પંજાબવાળાઓ જણાવે છે કે આ સંબંધમાં એક ડેપ્યુટેશન નીકળવું જોઇએ અને તેમાં મી. દલ્લાએ ભાગ લેવો જોઇએ.

મી. દલ્લાએ તેમ કરવા હા પાડી હતી.

મી. લક્ષ્મીચંદજી ઘીઆએ એ ઠરાવને ટેકો આપ્યો હતો.

એ ઠરાવને મી. મુળચંદ આશારામ વેરાટીએ વધુ ટેકો આપ્યો હતો અને પોતાની તરફથી રૂ. ૫૦ ની રકમ આપી હતી.

પંડિત હંસરાજજીએ એ ઠરાવને વધુ અનુમોદન આપ્યું હતું, જેમ કરતા જણાવ્યું હતું કે–કહેવામાં અને કરવામાં હમેશાં અંતર રહે છે, અને ઘણી વખત જે બહુ બોલે છે તે કરતા નથી. પણ સંસારમાં દરેક પ્રકારના માણસો બધા નથી હોતા ઘણાઓ તો કહ્યા વગર કરે છે અને તે ઉત્તમ દરજજાના છે. આપણો આત્મા અજરઅમર છે તે છતાં આપણા દેહને મૃત્યુ ક્યારે આવશે તે આપણે જાણતા નથી. માટે જે કાંઈ સુકૃત કરવું હોય તે આપણે આ ક્ષણેજ કરવુ જોઇએ. વિધર્મીઓ તમારા બંધુઓને વટલાવી બીજા ધર્મમાં લઇ જાય છે, તે જોતાં તમારી ધનદોલત અને આખી દુનિયા સુધારવાનો ફાંફો રાખવો એ કેવું ગણાય? (શરમ શરમના પોકારો!) તમારો ધર્મ કેવો છે? આપણા દેશની વિધવાઓ પોતાના ચારિત્ર રત્નને બચાવવા પ્રાણ આપે છે, છતાં ભૂખ આગળ તેઓ લાચાર બને છે. તમે તેઓ માટે કેવી દયા ધરાવો છો? તમે તમારી શક્તિને સ્ફુરવો. તમારા સામાજિક બળને વધારો. તોજ તમે જૈન દર્શનનો પ્રચાર કરી શકશો. તમારી પાસે પુરતા-પુષ્કળ પૈસા છે, પણ તેનો ઉપયોગ કરતા નથી આવડતું. આમ સર્વે કોન્ફરન્સના આ કાર્યને ટેકો આપવા તૈયાર થાઓ. કેટલાકો એવી વાતો ફેલાવે છે કે જૈનોએ જ માંસભક્ષણનો ફેલાવો કર્યો છે. એનું નામ સહનશીલતા નથી. એવી બાબત સહન કરવી ન જોઇએ. ખરી સ્થિતિ જાહેર કરી તમારી પરના આક્ષેપો દૂર કરવા જ જોઇએ. દ્રવ્ય તો હમેશાં હોય છે જ, પણ તેના ઉપયોગમાં તેની હસ્તીનો લાભ સચવાશે. જૈનો પાસે પૈસા, હિમ્મત બધું છે, પણ સ્વાર્થને લીધે તે એવા ભાવને સમજી શક્યા નથી. જ્યારે તે એ ભાવ સમજશે ત્યારે જ તેનો ઉદ્ધાર થશે. (તાળીઓ).

અત્રે મી. દઢ્ઢાએ જાહેર કર્યું હતું કે આ ફંડ આખા હિંદુસ્તાનના જૈનોના લાભ માટે છે, અને એકલી કોન્ફરન્સ ઑફિસને તે સાથે સંબંધ નહીં રહેશે. એ માટે એક યોજના હવે પછી તૈયાર થશે અને તે જાહેર કરવામાં આવશે (તાળીઓ).

રાત્રિની બેઠક.

રાત્રે આઠ વાગે કોન્ફરન્સનું અધુરૂં કામ શરૂ કરવામાં આવ્યું હતું. જે વખતે પ્રમુખસાહેબ તબિયત બરાબર ન હોવાથી વખતસર આવી ન શક્યાથી શેઠ નથમલજી પ્રમુખસ્થાને બીરાજ્યા હતા, અને શેઠ દોલતરામજી પાછળથી આવતાં તેમણે પ્રમુખપદ લીધું હતું.

સ્ત્રી શિક્ષણ.

જૈન પત્રના અધિપતિ મી. દેવચંદ હામજી કુંડલાકરે દરખાસ્ત કરી કે સ્ત્રીઓમાં શિક્ષણનો પ્રસાર જેમ વધે તેમ કરવાની જરૂર છે, અને તે માટે તે

બાધક રીવાજો જેવા કે બાળલગ્ન, કન્યાવિક્રય અને વૃદ્ધવિવાહ સામે સખ્ત વિરોધ આ કોન્ફરન્સ જાહેર કરે છે.

મી૦ કુંડલાકરે એ બાબતમાં એક લાંબું ભાષણ કરી શ્રી શિક્ષણની આવશ્યકતા દર્શાવી હતી.

મી૦ મુળચંદ આશારામ વૈરાટી, પંડિત હંસરાજજી, મગનમલજી કોચર બી. એ., અંબાલાવાળા મી. ગોપીચંદજી, મી. સમરથમલજી સીંધી વિગેરેએ ઉપલી દરખાસ્તને ટેકો તથા અનુમોદન આપ્યા બાદ એ ઠરાવ પસાર થયો હતો. (તાળીઓ).

બાદ ધાર્મિક શિક્ષણનો ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો. તેમાં ઠરાવ મુકનાર ગાંધી વહલભદાસ ત્રિભુવનદાસ તથા અનુમોદન આપનાર શેઠ લખમીચંદજી ઘીયા હતા. પરંતુ આ દિવસે રાત્રિનો ઘણો ટાઇમ વ્યતીત થવાથી તે ઠરાવ તથા હાનિકારક રિવાજોને લગતા ઠરાવો વગેરે પ્રમુખ તરફથી મુકવામાં આવ્યા હતા. બાદ નીચે મુજબ કાર્ય ટુંકામાં પતાવવામાં આવ્યું હતું.

ગાયકવાડને વિનંતી.

નામદાર ગાયકવાડ સરકારની મેઢશામુ ખેરાળુ રેલ્વેની લાઇનનું તારંગાહીલ સ્ટેશન તા. ૧-૧૨-૧૯ થી બંધ થવાથી જૈન જાત્રાળુઓને હાડમારીઓ ઉભી થઇ છે. તેથી તે સ્ટેશન ફરી ઉઘાડવા નામદાર ગાયકવાડ સરકારને આ કોન્ફરન્સ વિનંતી કરે છે તથા એ લાઇન આગળ વધારી હુંગરની તળેટી સુધી લઇ જવા તા. ૧૬-૧૦-૧૯ ની ધારાસભામાં જે ઠરાવ થયો છે તેને આ કોન્ફરન્સ ટેકો આપે છે, અને તે પ્રમાણે તાકીદથી કરવા આ કોન્ફરન્સ સંપૂર્ણ આગ્રહ કરે છે.

ઉપલો ઠરાવ પ્રમુખ સાહેબે રજુ કરતાં તે પસાર થયો હતો.

બાદ આગલી કોન્ફરન્સે પસાર કરેલા ઠરાવોને ચાલુ કોન્ફરન્સ ટેકો આપે છે, એવો ઠરાવ પ્રમુખસાહેબે રજુ કર્યો હતો, જે પસાર થયો હતો.

શ્રીમદ્ મુનિ મહારાજ શ્રી વલ્લભવિજયજીનો આભાર.

પરમ પૂજ્ય મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજ સાહેબ મારવાડ-ગોડવાડ પ્રાંતના ઉદ્ધાર માટે કેળવણી સંબંધી મહાન પ્રયાસ કરી રહ્યા છે. તે કાર્ય કોન્ફરન્સના મુખ્ય ઉદ્દેશને અમલમાં મુકનારૂં હોઇને તેના તરફ આ કોન્ફરન્સ સંપૂર્ણ સહાનુભૂતિ બતાવે છે અને તે માટે મહારાજશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માને છે, અને દરેક સ્થળે કેળવણીના પ્રશ્નો ઉપાડી લેવા સર્વ મુનિ મહારાજોં વિનંતી કરે છે. (તાળીઓ)

એ ઠરાવ નામદાર પ્રમુખે રજુ કર્યા બાદ પસાર થયો હતો.

સ્વદેશી વસ્તુ વાપરવા વિષે.

આપણી કોમ મુખ્યત્વે કરીને વેપારી હોવાથી દેશના હુન્નર ઉદ્યોગ અને વેપારી ખીલવણી અર્થે દેશના પ્રાચીન ઉદ્યોગોને ખીલવવા તે દરેક જૈનની ફરજ છે અને તેના હુન્નરોને સ્વીકારવાથી તથા સ્વદેશી વસ્તુજ વાપરવાનો નિશ્ચય કરવાથી સમાજની ઉન્નતિ થાય છે તેમ આ કોન્ફરન્સ માને છે, અને તેટલા માટે દેશના પ્રાચીન ઉદ્યોગો ખીલવવા અને ખાસ કરીને આપણા દેશમાં ઉત્પન્ન થતી ચીજો વાપરવાનો નિશ્ચય કરવા આ.કોન્ફરન્સ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઉપલો ઠરાવ નામદાર પ્રમુખે રજુ કર્યો હતો. જે તાળીઓના અવાજ વચ્ચે પસાર થયો હતો.

બંધારણમાં ફેરફાર.

કોન્ફરન્સનાં બંધારણમાં જે ફેરફાર કરવાની જરૂરીયાત માલુમ પડે તે આવતા અધિવેશન પહેલાં ત્રણ મહીના અગાઉ હેડ ઑફિસ પર મોકલી આપવાની વિજ્ઞપ્તિ કરવામાં આવે છે અને તેની વીગત ઑફીસ તરફથી એક માસ અગાઉ બહાર પાડી તે ઉપર આવતા અધિવેશન વખતે વિચાર કરવામાં આવશે.

ઉપલો ઠરાવ પ્રમુખ સાહેબે રજુ કરતાં તે પસાર થયો હતો.

અત્રે પંડિત હંસરાજજીએ ઉર્દુ અને હીંદી જાણનાર બાહોશ કલાર્ક કોન્ફરન્સ ઑફિસમાં રાખવા માટે પંજાબ તરફથી વિનંતી કરી હતી જે મી. મોતીલાલ મુળજીએ સ્વીકારી હતી.

અત્રે મી. ઢઢ્ઢાએ જાહેર કર્યું હતું કે આગલી કોન્ફરન્સ પંજાબમાં કોઇપણ શહેરમાં ભરવા માટે પ્રમુખ સાહેબ મારફત પંજાબના સંઘ તરફથી કરવામાં આવી છે. એવી સરતે કે તે વખતે મુનિરાજશ્રી વલ્લભવિજયજીનું ચોમાસું ત્યાં હોય અને અત્રે હાજર રહેલા ત્યાં પધારે.

પંડિત હંસરાજજીએ જણાવ્યું હતું કે અત્રે ત્રીજી સરત એ છે કે એ અધિવેશનનું પ્રમુખસ્થાન મી. ઢઢ્ઢાએ સ્વીકારવું.

અત્રે તાળીઓના અવાજો થઇ રહ્યા હતા અને એ સરતે પંજાબનું આમંત્રણ સ્વીકારવામાં આવ્યું હતું અને ૧૯૨૧ ની સાલમાં ૧૩ મી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ભરાશે.

અત્રે પ્રમુખે નીચલી ઉદારતા જાહેર કરી હતી. રૂ. ૧૦૦૦ કોન્ફરન્સ નીભાવ ફંડ, રૂ. ૧૦૦૦ કેળવણી ફંડ, રૂ. ૨૦૦ વૉલંટીયરો માટે અને જો ગોડવાડની પાઠશાળા શરૂ થાય તો તેમાં રૂ. ૧૦૦૦.

બાદ જનરલ સેક્રેટરીઓ તરીકે મી. મોતીલાલ મુળજી અને મી. મકનજી રીસ્ટરને ચુંટણી માટે નીમવામાં આવ્યા હતા અને પ્રૉવિન્શ્યલ સેક્રેટરીઓ અને

અને બીજા ઓધ્ધેદારોની નીમણુંક કરવામાં આવી હતી, અને સ્ટેન્ડીંગ કમિટિના નામો પણ વાંચી જવામાં આવ્યા હતા.

અત્રે મી. ઢઢ્ઢાએ જાહેર કર્યું હતુ કે પંજાબના શ્રી સંઘે આ કોન્ફરન્સના પ્રમુખસાહેબને એક સોનાનો ચાંદ આપવાનો ઠરાવ કર્યો છે, જે મુંબઈથી આવ્યા બાદ તેમને એનાયત કરવામાં આવશે.

ત્યારબાદ પ્રમુખ સાહેબનો, રીસેપ્શન કમિટિના કાર્યવાહકોનો, વૉલંટીયરોનો અને દરેક કમિટિના પ્રમુખ અને સેક્રેટરીઓનો આભાર માનવામાં આવ્યો હતો. જે બાદ કોન્ફરન્સનું કામકાજ રાત્રે બાર વાગે ખતમ થયું હતું.

બારમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સમાં મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજી મહારાજે આપેલું વ્યાખ્યાન.

॥ ॐ नमो वीतरागाय ॥

यस्य निखिलाश्च दोषा न सन्ति सर्वे गुणाश्च विद्यन्ते ।
ब्रह्मा वा विष्णु र्वा हरो जिनो वा नमस्तस्मै ॥

માન્યમુનિવરો! સુશીલા સાધ્વીયો! સભ્ય સદ્ગૃહસ્થો! એવં સજ્જારિયો! આપ સર્વકા યહાં પર ઉપસ્થિત હોના કુછ અન્ય હી કથન કર રહા હૈ. રંગ વિરંગી વિચિત્ર પઘડિયાં ઔર લાલ પીલે અનેક પ્રકારકે કપડે વ ગહનોંસે સુસજ્જિત દોદલકા એકત્રિત હોના તો અનેક વિવાહ (શાદી), જેમનવાર આદિ પ્રસંગોમે સંભવ હૈ, પરંતુ આપસે કયા? સારી દુનિયાસે ઉલટે રસ્તે ચલનેવાલે હમારે દલ જો આપકો દિખલાઇ દેતે હૈ ઉસસે સાફ જાહિર હોતા હૈ કિ યહ પ્રસંગ સાંસારિક નહિં હૈ, કિન્તુ ધાર્મિક હૈ. અતએવ મૈં ભી યહાં કુછ બોલનેકા અધિકાર રખતા હૂ.

મેરા વિચાર ઔર અધિકાર.

મહાશયો! યહાં જો કુછ કહૂંગા અપના નિજ વિચાર કહૂંગા. ઉસકો માન્ય રખના ન રખના, ઉસપર વિચાર કરના ન કરના આપકા અખતિયાર હૈ. મેરે પાસ કયા? જૈન સાધુ માત્રકે પાસ ઐસી કોઇ સત્તા નહીં જિસકે બલસે આપ પર કોઇ કિસમકા ફરજ યા જોર ડાલ સકે? જૈસા કિ તારીખ ૧૧ ડીસેંબરકે સાંઝવર્તમાન મેં સુલેહકે ઉત્સવમેં સામેલ નહીં હોનેકા કરવીર પીઠકે જગદ્ગુરુ શ્રી શંકરાચાર્યકા અપને અનુયાયિયોંકો ફરમાન જાહિર હૂઆ હૈ

જૈન ગુરુઓંકો ઉપદેશકા અધિકાર હૈ. આ દેશકા નહીં સજ્જનો! આપકે

પાસ ડેલીગેટ–પ્રતિનિધિત્વ સૂચક ચિન્હ ફૂલ હૈ, મેરે પાસ રજોહરણ–ધર્મધ્વજ હૈ. આપકે પાસ કાગજકા કટા હુઆ ટિકિટ હૈ, મેરે પાસ કપડેકા બના હુઆ લેપ હૈ. આપકો કોન્ફરન્સ જૈન મહાસભાકે ઇસ અધિવેશનકે તીન-દિનોકા પ્રતિનિધિત્વ મિલા હૈ, મુઝે જૈનશાસનકા હમેશકે લિએ જિન્દગી યાવજ્જીવ મિલા હુઆ હૈ.

આપકો આમંત્રણપત્રિકાદ્વારા અપને અપને ગ્રામ–નગર સંસ્થાકી તર્ફસે અધિકાર પ્રાપ્ત હુઆ હૈ, મુઝે પ્રાતઃસ્મરણીય મરહૂમ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનન્દસૂરિ શ્રી આત્મારામજી મહારાજકે હસ્તસે શ્રી જૈનસંઘકી તર્ફસે પ્રાપ્ત હૈ. પ્રાપ્ત અધિકારકો યથાશક્તિ અમલમેં લાના અપના કર્ત્તવ્ય સમઝકર હી મૈં ઇસ સમય ઉદ્યત હુઆ હૂં.

કોન્ફરન્સ (મહાસભા) કી આવશ્યકતા.

સજ્જનો! ઐસી ઐસી સભાકી આવશ્યકતા કિતની હૈ? આપ સબ જાનતે હૈ ઇસ સભાકે સ્વાગત કમિટિકે પ્રમુખને ઔર સભાધ્યક્ષને અપને અપને વક્તવ્યમેં જાહિર કર દિયા હૈ. અન્યાન્ય સ્થાનોંમે ઐસી અનેક સભાયે હો રહી હૈ. યદિ ઇસ સમાહકો સભાસમાહકા નામ દિયા જાય તો યોગ્ય હી હૈ. સભાઓંકા ઉદ્દેશ ઉન્નતિકે સિવાય અન્ય કોઈ નહીં હૈ, યહ બાત સત્ય હી માનની પડતી હૈ.

પરંતુ કહીં કહીં કિસી સમય ઉસસે વિપરીત કાર્ય હોતા સુનાઈ યા દિખાઈ દેતા હૈં. જિસસે કિતનેક લોગોંકો અરૂચિસી હો જાતી હૈ. મેરી સમઝમેં યહ ઉનકી બડી ભારી ભૂલ હૈ. ઇસ તરહ કરને સે પક્ષ પડ જાતા હૈ. એક દૂસરા એક દૂસરે પર આક્ષેપ યા કલંક ઇલજામ દે દેતા હૈ. ઇસકા અસર બુરા હો જાતા હૈ. સંપકે સ્થાન પર કુસંપ, પ્રીતિકી જગા અપ્રીતિ, સુધાર કે બદલે બિગાડ હો જાતા હૈ. ઇસ લિએ પ્રિય મહાશયો! વ્યક્તિગત કાર્ય કો આગે ખડા કર સમષ્ટિકા નાશ કરના બુદ્ધિમત્તા નહીં હૈ બડી મુશ્કેલસે અને કષ્ટ સહન કર ધનવ્યય કરકે તીન દિન કે લિએ જો સમ્મેલન હોતા હૈ ઉસમે તકરારી બાતકો સ્થાન ન દે કર જિસ મુદ્દે કી બાત કે લિએ જિસ ઉદ્દેશસે એકત્રિત હોતે હૈ ઉસકા હી નિરાકરણ હોના ઉચિત સમઝા જાતા હૈ.

શાન્તિકી યોજના.

બેશક, કોઇ અશાન્તિકા પક્ષ હો, જિસસે સમાજપર બુરી અસર હોને કા સંભવ હો, કુસંપ કા બીજ બોયા જાતા હો, ઉસકે લિએ ન્યાય કો માન દે કર સભ્યતાસે ગંભીરતાકે સાથ પરસ્પર વિચારોંકા મિલાનકર શાન્ત ચિત્તસે સમાજકે હિતકી ખાતર ચોરે હી સમયમેં યદિ નિરાકરણ હોતા દિખલાઈ દેવે કસરત રાયસે કર દેના યોગ્ય હૈ. પરન્તુ એક તુચ્છસી બાતકી ખાતર અપનાહી કક્કા ખરા કિયે.

જાના ઔર સમાજકો ધક્કા દિયે જાના. આધી આધી ઔર સારી રાત એક હી બાતકો ઉઠા લિયે જાના ચોગ્ય નહીં હૈ. મહેરબાનો ! યદિ આપકો સમાજકા, જૈન ધર્મકા, અપને સ્વામીભાઇયોંકા, અપની ધર્માત્મા બેહેનોંકા, અપની સંતાનકી, અરે અપને પિતા પ્રભુ મહાવીરકે શાસનકા કુછભી દર્દ હો, આપકી નસ ઔર રગ રગ મેં ધર્માભિમાન યા મનુષ્યત્વકા અંશભી હો તો અપને ઔર અપની સમાજકે હિત કે લિએ આપકો અશાન્તિ, કલેશ, કુસંપકો સમાજસે ધક્કા દેકર શાન્તિ, પ્રેમ ઔર સંપકા વાસ કરાનેકે લિએ જુદે જુદે ઇલાકાકે મુખ્ય મુખ્ય સમાજ કે પ્રતિષ્ટિત નેતાઓંકી એક ખાસ સભા કાયમ કરની ચાહીયે. જરૂરત કે વક્ત વો સભા જહાં ચોગ્ય સમઝા જાવે એકત્ર હો કર જો ખુલાસા અપને હસ્તાક્ષરોસે જાહિર કરે સર્વ સમાજમેં માન્ય હોઇ જાવે. મેરી સમઝમેં યહ બાત કયા ગૃહસ્થ ઔર કયા સાધુ સબકો પસંદ આયગી.

મહાશયો ! પીછે ભી એસી પ્રણાલી ચલતીથી એસા જૈન ઇતિહાસસે માલૂમ હોતા હૈ. શ્રી ધર્મઘોષસૂરિ મહારાજને જૈન ધર્મસે વિરૂદ્ધ ચલનેવાલે શ્રાવકોં કો શિક્ષા દેને વાસ્તે અઠારાં શ્રાવક કાયમ કિયે થે. જિનમેં શ્રીમાલકુલતિલક યશોધવલ નામા ખજાનચીકા પુત્ર જગદેવ મુખ્ય થા. જિસ જગદેવકો શ્રી હેમચંદ્રસૂરિને બાલકવિકા બિરૂદ કિયાથા.

વિદ્યાકી ખામી દૂર કરો.

પ્યારે જૈનભાઇયો ! આપને સમઝ લિયા હોગા પિછલે હમારે જૈન ભાઇ સુશિક્ષિત, ધનાઢ્ય, અધિકારી ઔર પ્રતિષ્ઠિત હોતે થે. જિસસે વો ધાર્મિક ઔર સામાજીક યાવત્ રાજ્યકાર્યમેં ભી પ્રવીણ હોતે થે. આજકાલ અપની કૈસી દશા હો રહી હૈ સો આપ સે છુપી હુઇ નહીં હૈ. જિસકા મુખ્ય કારણ જહાંતક મેરા ખ્યાલ પહુચતા હૈ વિદ્યાકા અભાવ નહીં તો કમી તો અવશ્ય હી હૈ.

મુઝે કહના પડતા હૈ કિ હિંદુસ્તાનમેં પ્રાયઃ કયા હિન્દુ કયા મુસલમાન, કયા ઇસાઈ કયા પારસી, કયા આર્યસમાજ કયા સિખ, સબકે કોલેજ સુનાઇ દેતે હૈ, પરન્તુ જૈનોંકા એકભી કૉલેજ–મહાવિદ્યાલય નહીં હૈ.

જિસ સમાજ મેં સબસે અધિક વિદ્યા–જ્ઞાનકા પ્રેમ કહાજાતા હય–માના જાતા હય ઉસમેં કોટીશ્વરોં કે વિદ્યમાન હોતે હુએ ભી વિદ્યાકા ક્ષેત્ર સંકુચિત હી બના રહે. યહ થોડે દુઃખકી બાત નહીં હય ! કમસેકમ હિન્દુસ્તાનમેં તીન જૈન કૉલેજ હોનેકી આવશ્યકતા હય. એક ગુજરાતમેં એસે સ્થાનપર હોવે કિ જિસકા લાભ ગુજરાત, કાઠીયાવાડ, કચ્છ ઔર દક્ષિણ સબ લે સકે. એક મારવાડમેં એસે સ્થાનપર હોવે કી જિસકા લાભ મારવાડ, મેવાડ, માલવા સબકો મીલે. એક એસે સ્થાનપર બને કી જિસકા લાભ પંજાબ, બંગાલ, સંયુક્ત પ્રાંત આદિ સબકો મિલે.

કૉલેજકી આશા.

મહાનુભાવો! બડે હર્ષકી બાત હૈ કિ પંજાબમેં જૈન કૉલેજકી સ્થાપના મહોદય સભાપતિજીને આપકે આગે પ્રકટ કર હી દિ હય તો ભી પ્રસંગ હોનેસે પંજાબી ભાઇયોકો યાદ દિલાને કે લિયે સ્વર્ગવાસી ગુરૂમહારાજકા ઉચ્ચ આશય મૈં સુના દિયા ચાહતા હૂં.

એક દિનકા જીકર હય, લુધિયાનામે કિતનેક આર્યસમાજી ભાઇયોંને શ્રી મહારાજ સાહેબસે અર્જકી કિ, આપ દેવમંદિર તો બનવાયે જાતે હય, મગર દેવ મંદિરકે રક્ષકો કે ઉત્પાદક દેવવાણી–સરસ્વતીકે મંદિરકી ભી જરૂરત હય.

શ્રીમુખને, આહા! કયા હી ઉસ વક્ત સમયસૂચકતા કા જવાબ દિયા, સુનકર સબ ખુશ હો ગએ. આપને ફરમાયા ઇસવકત ઇનકો દેવભકત બનાનેકી જરૂરત હય ઇસ લીએ દેવમંદિર બનતે હય. જબ યહ કાર્ય પૂર્ણ હો જાયગા, ખુદ બખુદ દેવવાણીકા ખ્યાલ હો જાયગા.

બેશક, મહાપુરૂષોંકી વાણીમે ભી દેવવાણીકા હી અસર હોતા હય. આપકા કહના જયોંકાત્યોં હી મેરે અનુભવ મે આ રહા હય. ધીરે ધીરે પાઠશાલા હાઇસ્કુલકે રૂપમેં પ્રવિષ્ટ હો કૉલેજ કે રૂપમેં આનેકી સંભાવના હો રહી હૈ

મહાશયો! મેરે અંદરકી ઇસ બાતકા બીજ ઉસ વક્તકા બોયા હુઆ ધીરે ધીરે અંકુર કે રૂપ મેં પ્રકટ હુઆ આપકો નજર આતા હોગા, પરંતુ વો સદ્ગુરૂકા બોયા બીજ સફલ તબ હી માના જાયગા જબ સરસ્વતીમંદિર બન કર ઉસ મે સે દેવ–દેવમંદિર–દેવવાણી કે રક્ષક સરસ્વતીપુત્ર ઉત્પન્ન હોંગે. મુઝે કહનેકા અધિકાર નહી, મગર રહા ભી નહીં જાતા, જિતના આપ લોગોંકા લક્ષ્મી પ્રતિ પ્રેમ હૈ યદિ થોડા સા ભી સરસ્વતી પ્રતિ હોવે તો આપકા ઉભય લોક મેં ભલા હોવે. પરંતુ અફસોસ! આપને એકકો જિતના માન દિયા હૈ ઉતના હી બદકે ઉસસે ભી અધિક દૂસરીકા અપમાન કર રખા હૈ, લોક મે ભી નૂતન પ્રેમપાશબદ્ધ હો કર પુરાતન સ્ત્રીકા અપમાન કરતે હૈ. પરંતુ રાજ્યભય સે, લોકાપવાદ ભયસે યા જ્ઞાતિબંધન કે ભયસે ઉસકા નિર્વાહ તો ઉસે અવશ્ય હી કરના હોતા હૈ અફસોસ! સરસ્વતીકા ઇતના ભી નિર્વાહ નજર નહીં આતા. મૈં સત્ય કહતા હૂં આપ લોકોં કી જો બિગડી હુઇ દશા દિખલાઇ યા સુનાઇ દેતી હૈ આપ કે કિયે અપમાન સે કુપિત હુઇ સતી સરસ્વતી કે શાપકા હી પ્રભાવ સમઝના ચાહીયે. ઇસ લીએ ઉસકો મનાઓંગે તબ હી આપકા સૌભાગ્ય બઢેગા.

ગુજરાતી ભાઇયોં કી આશા છોડ દો.

મહાનુભાવો! મુઝે સહર્ષ કહના પડતા હૈ આપ સબ કયા ગુજરાતી, કયા

મારવાડી, કયા પૂર્વી, કયા પંજાબી ઇસી મારવાડ ભૂમિ કે પુત્ર હૈં. સૌભાગ્યવશ આપ સબ કયા ઓસવાલ, કયા શ્રીમાલ, કયા પોરવાલ આપની માતૃભૂમિમેં ઉપસ્થિત હુએ હૈં. આપ સબકો મિલકર માતૃભૂમિકા ઉદ્ધાર કરના હોગા. જબ આપકી માતૃભૂમિકા ઉદ્ધાર હોગા યાદ રખના આપકા, આપકા, ધર્મકા, પ્રભુ વીર ભગવાન કે શાસનકા તભી ઉદ્ધાર હોગા. જીનમેં ગુજરાતી ભાઇ તો ઇસ ભૂમિસે બિલકુલ નિર્મોહી હો ચુકે હૈં, ઈન્હોંને અપના ખાનપાન, પહેરાન, બોલ ચાલ, રીતિ રીવાજ, રંગઢંગ, સબહી પ્રાયઃ બદલ લિયા હૈ. ઇસસે ઇનકી આશા પર રહના તો મુઝે ઠીક નહીં માલૂમ દેતા.

યહાંતક જિન્હોંને જવાબ દે દિયા કિ, કભી હમારે પર મારવાડી ભાઇ હક ન જમા લેવે! અપના ગોત તકભી ભૂલા દિયા! આપ યૂં ન સમઝે કિ, મહારાજ મારવાડ મેં હૈં ઇસ લિયે મારવાડીયોં કો અચ્છા લગાને કે લિએ ગુજરાતી ભાઇયોં કી તર્ફ કડી નજરસે દેખા જાતા હૈ. નહીં, નહીં, મેરા જન્મ બડૌદા–ગુજરાત મેં હૈ ઔર મેરી દીક્ષા આપકે સામને બૈઠે હુએ નવમી કોન્ફરન્સકે માન્ય પ્રમુખ શેઠ મોતીલાલ મૂલજી કે શહર રાધનપુર મેં હુઇ હૈ. મેરી દોનોં હી અવસ્થાકી માતૃભૂમિ ગુજરાત હય. મુઝે ગુજરાતકી ભૂમિકા માન હય. પરંતુ મૈં જિસ આશયસે કહ રહા હું ઉસપર લક્ષ્ય દિયા જાયગા તો મેરા કહના આપકો અવશ્ય ન્યાયસંપન્ન દિખલાઇ દેગા. જિતને પુરાણે બડે બડે ભવ્ય રાણકપુરજી સરીખે મંદિર મરૂભૂમિમેં દિખાઇ દેતે હય ગુજરાતમેં નહીં દિખાઇ દેગે. ગુજરાતમેં જાકર ઇન અપૂર્વ મંદિરોંકે લિયે ગુજરાતી ભાઇયોંને કિતના દ્રવ્ય ભેજા? હાં, ગુજરાતમેં પ્રગટ હોતે નયે નયે તીર્થોંકે લિએ મારવાડી ભાઇયોંસે દ્રવ્ય લિયા તો જરૂર હોગા. ઇસ હાલતમેં બતાઇએ ગુજરાતકી આશા પર બૈઠ રહના ઠીક હય? કદાપિ નહીં. રહા પૂર્વ ઔર પંજાબ. સો ઉધર તો ઇતની વસતી હી નહીં. વો અપના કામ હી આપ નિભા લેવે ગનીમત હય! બસ, તૈલીકે બૈલકી તરહ ઇધર ઉધર ધૂમધામ કર ફિર મારવાડી ભાઇયોં પર હી દૃષ્ટિ આ ઠહરતી હય. ઇસમેં શક નહીં મારવાડી વેપારી હય, ધનાઢ્ય હય, શ્રદ્ધાલુ હય; પરંતુ વિદ્યાકે અભાવસે વિવેકકા વિયોગ હો જાનેસે હઠીલે જ્યાદા નજર આતે હય. જિસ બાતકો પકડ લેવે છોડતે નહીં. યદ્યપિ યહ બડા ભારી અવગુણ હય, પરંતુ મેરે લિએ, નહીં, નહીં, આપ સબકે લિએ, વીરપ્રભુકે શાસનકે લિએ ગુણરૂપ હોતા નજર આતા હય. આપ સમઝ લેવે, જો ઇસ વક્ત જિસ કામકે લિએ મારવાડી ભાઇયોંને હાથ લંબાયા હય હઠ પકડ લીયા તો બસ, જયજયકાર સમાજકા ઉદ્ધાર હુ આ હી પડા હય. ઇસમેં શક નહીં.

મહાજન ડાકૂ મત બનો.

આપ સુનકર ખુશ હોંગે મારવાડી ભાઇયોંને શ્રી આત્માનંદ જૈનવિદ્યાલય, ગોડવાડ સ્થાપન કરનેકા નિશ્ચય કર લિયા હય જિસકે લિએ ચંદા-ફંડ જારી હય. કરીબ દો અઢાઇ લાખકી રકમ લિખી ગઇ હય મે ઉમીદ કરતા હું ઇસી તરહ ઇનકા ઉત્સાહ જારી રહા તો યહ રકમ દશ લાખ તક પહુંચ સકતી હય ઔર જૈન કૉલેજકા ઉદ્દેશ બહુત હી જલદી પુરા હો સકતા હય દેખા ચાહિયે અબ મારવાડી ભાઇ મુઝે કીતના સચ્ચા બનાતે હય હુંડી તો લિખી ગઇ હય સીકરનેકી દેરી હય. યદિ સીકર ગઇ તો વાહ વાહ વરના સમઝા જાવેગા! બાહિરસે હમે મીલે ડાકૂઓંને લુટે ઔર અંદરસે મહાજન-ડાકૂઓંને લૂટે! મહાશયો! સમય અધિક હોતા જાતા હય, મેરા કથન કહીં કહીં આપકો ચુભતા ભી હોગા; પરંતુ આપ જાનતે હય માતા પિતાકા દિલ જબ દુઃખતા હય તબ કટુ ઔષધ હી પુત્રકો પીલાતે હય, મેરા દિલ અંદરસે દુઃખતા હય તભી આપકી-સમાજકી દુર્દશાકે સુધારકે લિએ ઇતના કહતા હું યદિ આપ ઇસકો હિતબુદ્ધિસે, ગુરુબુદ્ધિસે નિઃસ્વાર્થ હમારે ભલેકે વાસ્તે હી કહતે હય. ઇસ આશયસે સ્વીકારોગે આપકા, આપકે બાલબચ્ચોંકા, આપકે સમાજકા હિત હોગા, ઔર યદિ ઉલટા સમઝોગે આપકા હી અહિત હય. પરંતુ મુઝે તો ઉપકાર દૃષ્ટિસે, હિતબુદ્ધિસે, અનુગ્રહ બુદ્ધિસે, કહનેમેં એકાંત હિત હી હિત હય.

વીતરાગકી દુકાનકે સચ્ચે મુનીમ.

મહાનુભાવો! તીર્થંકર ભગવાન વીતરાગ દેવકી દુકાનકે સચ્ચે મુનિમ જો સાધુ મુનિરાજ કહાતે હય. યદિ કીસી કિસમકી બેઇમાની ન કરે તો હાનીકા તો કામ હી નહીં બલ્કે, વૃદ્ધિ પાતે પાતે પરમાત્મ સ્વરૂપ ખુદ પરમાત્મા બન સકતે હય દુકાન મોજુદ હય. સૌદા મોજુદ હય મુનીમ હુશીયાર હોના ચાહીયે. યદિ મુનિમ સચ્ચાઇસે કામ કરતા રહેગા દિન દિન ચઢતી હી હોગી. યદિ કોઇ બેઇમાની કી તો કાંટેકી વાસકી તરહ જાહિર હુએ વિના ન રહેગી. આખીરમેં ઉસ બેઈમાન મુનીમકા દેવાલા નીકલ જાયગા. મુહ કાલા હો જાયગા. ઇસલિએ વીતરાગકી દુકાનમેં વીતરાગ બનને બનાનેકા હી સૌદા હોના ચાહીયે યદિ વડા વીતરાગ બનને બનાનેકે સૌદે કે સિવાય-રાગદ્વેષકી પરિણતિકી કમી-હાનીકે સિવાય અન્ય કોઇ સૌદા, રાગદ્વેષ ઇર્ષા મમતા માયા અહંકાર આદિકી વૃદ્ધિકા નજર આતા હય તો વો વીતરાગકી દુકાન નહીં. વો વીતરાગકી દુકાનકા મુનીમ નહીં, વો જ્ઞાન નહીં, વો જ્ઞાની નહી, વો સમજ નહીં, વો સમજવાલા નહીં. ભગવાન હરિભદ્રસૂરિ મહારાજ ફરમાતે હય.

" तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसः कुतोस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥ १ ॥

ભાવાર્થ ઇસકા યહ હય કિ, વો જ્ઞાન જ્ઞાન નહીં હય, જિસ જ્ઞાનકે હોનેપર રાગાદિ સમૂહ દિખાઇ દે. અંધેરેકી સૂર્યકિરણોંકે આગે ખડા રહેનેકી શક્તિ કહાં હય ?

કર્ત્તવ્ય પરાયણ હોના ચાહીયે.

મહાશયો ! જ્ઞાનકા ફલ વૈરાગ્ય હોના ચાહીયે. ઇસલિએ જ્ઞાન, પાંડિત્ય, સમજ ઇલ્મત ભી સફલ માના જાતા હય. યદિ ઉસકે સ્વામી સદાચારી, ચારિત્રપાત્ર, ગુણગ્રાહી હો. તભી વો પ્રતિષ્ઠાપાત્ર ઉચ્ચપદ સદ્ગતિકા અધિકારી હો સકતા હય. અન્યથા જગતમેં જ્ઞાની પંડિત ઇલ્મદાર ભલે કહાવે પરંતુ ઇતને માત્રસે ઉનકા પરલોક કભી ન સુધરેગા. ચતુર્દશ પૂર્વધારી ભગવાન ભદ્રબાહુ સ્વામી ફરમાતે હય.

जहाखरो चंदन भारवाही भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणो चरणेन हीणो, नाणस्स भागी न हु सोग्गईए ॥१॥

ઇસકા મતલબ યહ હય કિ, જૈસા ચંદનકા બોજા ઉઠાનેવાલા ગધા ભારકા હી ભાગી હય. ચંદનકી સુગંધ ખુશબુકા નહીં. ઐસે હી જ્ઞાની-પંડિત જ્ઞાન-પાંડિત્ય કા હી ભાગી હય, પરંતુ નિર્વિવેકી સદાચાર ચારિત્ર સે હીન રહિત હોને સે સદ્ગતિકા ભાગી નહીં હોતા. જો પઢે લિખે હય પર ચારિત્ર સદાચારમેં તત્પર નહીં, કર્ત્તવ્ય પરાયણ નહીં વે પઢે લિખે મૂર્ખ (પઢિત મૂર્ખ) હય. વે (Gramophone) ગ્રામોફોનકી ચૂડી કે સમાન હય. જૈસે ગાયનકા અસર ચૂડી પર નહીં પર જબ ગાતી હય તબ દૂસરોંપર અસર જરૂર હોતા હય. ઠીક. ઇસી તરહ વો ચેતન પરમાત્મા કે સ્વરૂપ કા દાવા કરનેવાલે હય. બેશક! આત્મામેં અનંતશક્તિ હય. યહી આત્મા પરમાત્મા હોતા હય પર વો શક્તિ પ્રગટ હોગી તબ. જબ તક ઐસા ન હોગા તબ તક વો જ્ઞાની પંડિત ઇલ્મદાર મુનીમ કહાને વાલે ભી અન્ય પ્રાણીયોં કે સમાન સંસારમેં હી ઇધર ઉધર ભટકા કરેંગે.

આત્મા હી પરમાત્મા હૈ.

હે વીરપુત્રો ! યદિ ન્યાયસે દેખા જાય કર્મયુક્ત જીવસંસારી કહાં જાતા હય. કર્મમુક્ત શિવસિદ્ધ પરમાત્મા કહા જાતા હય. બસ. સિદ્ધ હુઆ હમ હી અનંતશક્તિવાલે હય. હમ હી પરમાત્મ સ્વરૂપ હય. કેવલ કર્મ કે કારણ હી હમારી તુમારી અનંતશક્તિ ઢકી હુઇ હય. ઇતની બડી ભારી શક્તિ કે હોતે હુએ ભી ઇસ સમાજકી કયા હાલત હય ? કૈસી દુર્દશા હય ? દિલભર આતા હય. બહુત બહુત ઉપદેશ દેને પર ભી કુછ અસર ન હોને કા કારણ મેરે ખ્યાલમેં એક યહી હય.

નિર્વિવેક. વિવેકરૂપ શક્તિ કી વિકાસ હોને કે બદલે સંકોચ હો રહા હય. જિસસે કોઈ સત્યોપદેશ અવશ્ય કરણીય રૂપમે ઠહરતા નહીં હય ઔર ઇસીસે જૈન સમાજ કી દુર્દશા હો રહી હય. અપની વાર્તમાનિક દશા ઔર અપને પૂર્વજોંકી દશા કા મિલાન કરને પર માલૂમ હોગા કિ અપને પૂર્વજ કયા થે ઔર અપન કયા હો ગયે હય ? ઔર યદિ અબ ભી ન ચેતે તો કયા હો જાયેંગે ? પરંતુ યહ દશા વિદ્યારૂપ દર્પણ વિના નજર નહીં આયગી ? વિના દર્પણ કે મસ્તક કા દાગ નહીં દીખતા ઔર વિના દેખે મીટાયેંગે કયા ? ઇસી લિએ અબ તો સબસે પહેલે પહેલે વિદ્યારૂપ દર્પણ કે તૈયાર કરને મેં ઉદ્યમ કરના જરૂરી હય.

સંપ ઔર ઉદારતા કી આવશ્યકતા.

પ્યારે જૈન બંધુઓ ! ઉક્ત દર્પણ કે લિએ આપકો સંપ ઔર ઉદારતા કી જરૂરત હય. આપ ખ્યાલ કરેં. ૧ ઔર ૩ યહ દો ઐસે અંક હય એકસરીખે કિ જબ યેહ દોનો સન્મુખ એક દૂસરે કે સામને મુખ વાલે હોતે હય તબ ૧૩ હો જાતે હય ઔર વિમુખ હો જાતે હય તબ ૩૧ હી રહ જાતે હય. અર્થાત્ ઉનકી કીમત ઘટ જાતી હય.

ઇસી તરહ એક ૧ જબ અકેલા હોતા હય તબ કોરા એક હી હય. પર જબ એક ૧ ઔર આ મિલતા હય ૧૧ હો જાતે હય. ઇસસે એકતા કી બડી જરૂરત હય. ખેલમેં બાદશાહ રાની ઇત્યાદિ સબ હોતે હય. પર અકેક કે આગે સબ ઝક મારતે હય.

ઇસસે ભી અચ્છા હી બડી ચીજ હય. આપ સબ ઇકઠે હો કર આપસમેં મિલજુલ જો કુછ કરના ચાહેંગે બડી સુગમતા કે સાથ કર સકેંગે. સંપ તો કયા અમીર કયા ગરીબ સબકા ચાહીયે, પરંતુ ઉદારતા તો કેવલ અમીરોંકી હી હોની ચાહીયે.

દાતા ઔર કૃપણ યહ દો નામ ધનાઢ્ય કે લિએ હી બક્ષીસ હય. ગરીબોં કા ઇન પર કોઈ દાવા નહીં. દુનિયામેં ગરીબ કો કોઈ દાતા નહીં કહતા હય ઔર કંજુસ ભી નહીં કહતા. ધનવાન અમીર હો કર દાન કરે તો દાતા કહાતા હય. યદિ જમા હી કરતા રહે દાન કરે હી નહીં તો વો કંજુસ કહાતા હય. મતલબ યહ દોનોં પદવીમાં (Degrees) અમીરોં કે લિએ રજિસ્ટર્ડ હો ચુકી હય. અબ દોનોમેં સે આપકો જો રૂચે સો સ્વીકારો. આપકા અમીર વર્ગકા અખતીયાર હય. પરંતુ યહ યાદ રખના, દાતા કા નામ પ્રાતઃકાલ લોક ખુશીસે લેતે હય. ઔર કંજુસ કા નામ લેના તો દૂર રહા કભી ભૂલસે લીયા જાય યા સુનાઇ ભી દે તો ઉસકે નામ પર સબ થુકતે હય ! ઔર કહતે હય હાય હાય કિસ પાપી કંજુસ કા નામ લીયા બસ, અમીર બને હો તો અપને નામ પર થુકાઓ નહીં. ઉદાર બનો. લક્ષ્મી

મે ભેજકર સરસ્વતી કો બામંત્રણ દો. સરસ્વતી કે વિના ઘરમેં અજ્ઞાનાંધકાર હય અંધકાર મેં રહના લક્ષ્મી પસંદ નહીં કરતી. વહ સંદા શાપ દિયા કરતી હય કિ હાય મૈ કિસ અંધેરે કેદખાને મેં આઇ. વહ મોકા હી દેખા કરતી હય કિ મૈં કિધરસે ભાગુ. યાદ રખના ઐસી હાલતમેં યદિ વહ રૂઠ કર ભાગ ગઇ તો ફિર ઇસ ભવમેં તો કયા કઇ જન્મોંમે તુમ્હારે પાસ ફટકેગી નહીં. ઇસ લિએ યદિ લક્ષ્મી કો પ્રસન્ન રખના ચાહતે હો, જ્ઞાનરૂપ સૂર્ય કી કિરણોં કો ઘરમેં આને દો. જ્ઞાનપ્રકાશકે આતે હી લક્ષ્મી પ્રસન્ન હો આપકા ઘર કભી ન છોડેગી.

પાઠશાળા–વિદ્યાલય–સ્કુલ–કૉલેજ સે ફાયદા.

સજ્જનો ! કિતનેક થોડી સમઝવાલે પુરાણે ઢબકે મહાશયો કા યહ કહના હોતા હય કિ જિનકોં પઢના પઢાના હોગા આપ હી અપના ઉદ્યમ કર લેવેગે. સમાજ કે પૈસે સે પાઠશાળા–વિદ્યાલય–સ્કુલ–કૉલેજ બનવાને કી કયા જરૂરત હય ? અંગ્રેજી પઢ જાયેંગે ઉલટે શ્રદ્ધાહીન નાસ્તિક હો જાવેંગે.

બેશક ! મુજે કહના હોગા, કિસિ અંશમેં ઉનકા કહના યા માનના ઠીક હોગા, પરંતુ ઉસમેં ભૂલ કીસકી હૈ ? ઇસ બાતકા ખ્યાલ ઉન મહાશયોં કો નહીં આયા હૈ, યદિ અંગ્રેજી વિદ્યામેં ઐસી શક્તિ હૈ તો મેરે સામને બૈઠે હુએ શ્રી શ્વેતામ્બર જૈન કોન્ફરન્સ કે પિતા ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ. ઔર શ્રી મહાવીર જૈન વિદ્યાલય કે ઑનરરી સેક્રેટરી મોતીચંદ કાપડીયા સોલીસીટર કો ઉસકા બસર કયોં નહીં હુઆ ?

આપકો માનના ઠીક હોગા કિ ઇનકો બચપન મેં ધર્મકા શિક્ષણ મિલા હૈ. બસ. યહી ઉદ્દેશ પાઠશાળા આદિ જારી કરને કા હૈ. લોક અપને મતલબ કે લિએ સાંસારિક શિક્ષણ તો દેને ઔર લેતે હૈં પરંતુ ધાર્મિક શિક્ષણકા વહાં કોઇ પ્રબંધ નહીં ઇસ હાલત મેં અંગ્રેજી પઢે લિખોં મેં યદિ શ્રદ્ધા કા હ્રાસ (કમી) યા અભાવ હો જાય તો સંભવ હૈ, ઇસી વાસ્તે ઉનકી શ્રદ્ધા બની રહે વો અપની સમાજકી ઉન્નતિ કો ચાહે ઐસે બનાને કે લિએ હી ધાર્મિક શિક્ષણ કે પ્રબંધકી અત્યાવશ્યકતા હૈ.

રાજ્યભાષા ન સિખે ઔર અકેલા હી ધાર્મિક શિક્ષણ લેવે યહ તો હોના હી દુર્ઘટ હૈ એક સાધુ ભી યદિ રાજ્યભાષા કો જાનતા હોવે તો બહુત કામ કર સકતા હૈ તો ગૃહસ્થ જિસને વ્યાપારાદિ સે અપના નિર્વાહ કરના હૈ ઉસકે લિએ તો કહના હી કયા ? ઇસ વાસ્તે ધાર્મિક શિક્ષણ વો ખુશીસે લેવે ઇસ કારણ ઉનકો સાથ સાથ વ્યવહારિક શિક્ષણ ભી દેના જરૂરી હૈ જિસકી લાલચસે વો ધાર્મિક અભ્યાસ કરે. આપ સબકો ઇસ બાબતકા પૂરા અનુભવ હૈ

જિસ રોજ ઉપાશ્રય મે પતાસે યા શ્રીફલકી પ્રભાવના હોતી હૈ ઉહીં ઉપાશ્રય મેં જગા ભી નહીં મીલતી !

આપ કે સામને ચેડ શ્રી મહાવીર જૈન વિદ્યાલય કે વિદ્યાર્થી બૈઠે હૈં, વિદ્યાલય મેં દાખલ હુએ ઉસ વક્ત જૈન કિસ મિટિયાકા નામ હૈ ઈનના ભી ઈનકો જ્ઞાન ન હોગા. પરંતુ ઈસ વક્ત ધાર્મિક અભ્યાસસે ઔર પ્રખર પંડિત વ્રજલાલજી કે સહવાસસે ઇનમેં એક નયા હી જીવન આયા દિખાઈ દેતા હૈ કિ જિસસે ચેડ જૈન સમાજકી જાહોજલાલી દેખને કે ઉત્સુક હો રહે હૈ યહ સબ પ્રતાપ અપને સ્વતંત્ર પ્રબંધકા હૈ. ઈસ લિએ મહાશયો ! યદિ અપને સમાજકી ઉન્નતિ ચાહતા હોં તો અપની સ્વતંત્ર પાઠશાળા આદિ અવશ્ય હોની ચાહીયે જિસ મેં અપની ઈચ્છાનુસાર ધાર્મિક શિક્ષણકા પ્રબંધ હો સકે. મહાનુભાવો ! સમય અધિક હો ગયા, મૈં બોલતે થક ગયા, આપ સુનતે નહીં થકે હોંગે તો બૈઠે તો થક હી ગયે હોંગે, ઈસ લિએ આખિર મેં ગવૈયા પ્રાણસુખકા ગાયા હુઆ પદ આપકો યાદ દિલાતા હુઆ મેરે બોલને કે પ્રવાહ મે કહીં ત્રુટી રહ ગઈ હો, કહીં અસંબંધ યા અનુચિત બોલા ગયા હો ઉસકી ક્ષમા મિચ્છામિ દુક્કડ દેતા હુઆ મેં અપને વક્તવ્ય કો યહાં હી સમાપ્ત કરતા હૂં.

ગવૈયા પ્રાણસુખકા ગાયા હુઆ પદ.

(ગઝલ–કવ્વાલી. તર્જ—ચાહે તારો યા ન તારો)

કરતે હૈં પેશ અરજી, ચાહે માનો યા ન માનો—
પંચોં ન શેઠ હાકિમ, સબકો હી હૈ યહ લાજિમ;
આખિર તુમારી મરજી, ચાહે માનો યા ન માનો. ૧
આગે હમ કિસ પુકારે, બિન તુમ ન કોઈ સુધારે;
હમતો બને હૈ ગરજી, ચાહે માનો યા ન માનો. ૨
ધોબી હજામ તેલી, અંત્યજ જાતિ છેલી;
સુધરે હૈં સાથ દરજી, ચાહે માનો યા ન માનો. ૩
મહાજન તુમ કહાયેં, તો ભી ન ખ્યાલ આવે;
કર દો હુકમ અબ ફરજી, ચાહે માનો યા ન માનો. ૪

જૈન સાહિત્ય સંશોધક સમાજ

આ નામની સંસ્થા પુનામાં શ્રીમાન જિનવિજયજી મહારાજના ઉપદેશથી તેમના અધ્યક્ષ પણા નીચે કારતક શુદ ૧૫ ના રોજ સ્થપાયેલ છે. જૈન ધર્મનો પુરાતન ઈતિહાસ ભારતીય ઇતિહાસમાં એક મુખ્ય સ્થાન ધરાવે છે. અને જૈન સાહિત્ય ભારતનાં સમગ્ર સાહિત્યનું એક ઉત્તમ અંગ છે છતાં ભારતવર્ષના

વિદ્વાન સમાજમાં જૈન ધર્મનાં સ્વરૂપ માટે અનભિજ્ઞતા જણાય છે. બૌદ્ધ ધર્મના ઇતિહાસ અને સાહિત્યનું સંશોધન કરવા માટે દુનીયાના જુદા જુદા પ્રદેશોમાં જ્યારે મોટી મોટી સભા વગેરે સ્થાપિત થયેલ છે, ત્યારે જે ધર્મના અનુયાયીવર્ગ આજ પણ ભારતના રાષ્ટ્રમાં એક મુખ્ય સ્થાનપર અધિષ્ઠીત છે, જેના વિશાળ સાહિત્યસમુદ્રના સેકડો ગ્રંથરત્ન ભારતના નાના મોટા સેંકડો પ્રાચીન અર્વાચિન પુસ્તકાલયોની શોભા વધારી રહેલ છે, અને જેના અસંખ્ય કીર્તિસ્થંભ ભારતના ચારે ખુણામાં દેખનારના દીલમાં ચમત્કાર ઉત્પન્ન કરી રહેલ છે, તે જૈનધર્મના ઉજ્જવલ ઇતિહાસ અને સુંદર સાહિત્ય જે ઉત્તમ રીતે સંશોધન-પ્રકાશન કરવા વાળી એવી એકપણ સસ્થા જૈન ધર્મમાં હજી સુધી જન્મ પામી નથી જે અવસ્થા જૈન ધર્મનાં પૂર્વગૌરવનું અભિમાન ધરાવનાર તેમજ તેનું વાસ્તવિક મહત્વ સમજવા વાળા સુજ્ઞ જનોના દીલમાં ખેદ ઉત્પન્ન કરે તેવી છે.

ભારતના પુરાતન ઇતિહાસની પૂર્તિ જૈન ધર્મના તદ્વિષય સાહિત્યનું સંશોધન કર્યા વિના કોઈ રીતે નહીં થશે. જેથી તેનું વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધન અને પ્રકાશન કરવા વાળા કોઇ તૈયાર નહીં હોવાથી છુપાઈ રહી માટીમાં મળી જાય છે અને પડ્યા પડ્યા પેટીઓમાં ગલીત થાય છે.

પ્રાચીન જૈન મહાત્માઓએ સંસ્કૃત, પ્રાકૃત, કનડી, ગુજરાતી, હીન્દી વગેરે અનેક ભાષામાં અસંખ્ય શાંથોની રચના કરી ભંડારો ભરપૂર બનાવ્યા છે અને અનેક ગ્રંથરત્નો તો એવા અમૂલ્ય છે કે જેની સમાનતા કરવા વાળા ગ્રંથ બીજા ધર્મોનાં સાહિત્યમાં પણ મળી શકતા નથી.

ઉપરની સર્વ વાતોથી જણાય છે કે હજી સુધી જૈન સાહિત્યનું શાસ્ત્રીય પદ્ધતિથી બીલકુલ પણ સંશોધન થતું નથી તેમજ વિદ્વાન લોકોને જૈન સાહિત્યનો પણ બીલકુલ પરિચય થયો નથી. તેમજ જેથી સાહિત્યનું અન્વેષણ પણ કરવામાં આવ્યું નથી તેમજ જૈન સમાજની પોતાનાં સાહિત્યની સંશોધન અને પ્રકાશન કરવા તરફ દ્રષ્ટી પણ હજુ સુધી ગઇ નથી. જો કે અલ્પ પ્રમાણમાં સાહિત્ય જે રીતે પ્રગટ થયું છે એવી સ્થિતિમાં સર્વ સાધારણને ઉચિત આદર ન મળે તો તેમાં બીજા કોનો દોષ સમજવો? જેથી જૈન સમાજનું એ પરમ આવશ્યક કર્તવ્ય છે કે પોતાના ધર્મનાં પૂર્વ ગૌરવનું રક્ષણ અને પ્રકાશન કરવું જોઈએ. એ સર્વ વાત ધ્યાનમાં રાખી કેટલાક ઉત્સાહી અને સાહિત્યપ્રેમી સજ્જનની પૂર્ણ સહાનુભૂતિથી કેવળ સાહિત્યસેવામાં પોતાનું જીવન અર્પણ કરવામાં મુનિરાજશ્રી જીનવિજયજી મહારાજજી હાલમાં સુમારે બે વર્ષથી પૂના શહેરમાં આવેલ ભાંડરકર ઓરીયન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટના સંપૂર્ણ સંબંધમાં આવી તેમની દ્વારા જૈન સાહિત્યના સંશોધન અને પ્રકાશન માટે બહુજ પરિશ્રમ ઉઠાવી

રહ્યા છે તેઓશ્રીની ખાસ પ્રેરણાથી હાલમાં પૂના શહેરમાં મળેલી પ્રથમ પ્રાચ્ય વિદ્યા પરિષદ્‌ની સમાપ્તિના પ્રસંગ ઉપરજૈન ધર્મની સાથે સંબંધ રાખનાર સમગ્ર વાંઙ્મય ઇતિહાસ તથા તત્વજ્ઞાન વિષયક સાહિત્યના સંશોધન અને પ્રકાશન કરવા માટે ઉપરોકત **શ્રી જૈન સાહિત્ય સંશોધક સમાજ નામની** સંસ્થા સ્થાપન કરવામાં આવી છે જેનો ઉદ્દેશ નીચે આપવામાં આવ્યો છે. આ સંસ્થા તરફથી એક ત્રિમાસિક પત્ર પ્રગટ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે, અને જે પત્ર દ્વારા જૈન સાહિત્યનો પ્રચાર કરવાનો પ્રયાસ કરવામાં આવશે, જેમાં ઇતિહાસ અને સાહિત્ય સંબંધી તથા તાત્વિક લેખો દાખલ કરવામા આવશે, જેમાં મુખ્ય કરીને ગુજરાતી તથા હીન્દી ભાષામાં લેખો આપવામાં આવશે. આ પત્રને આદર્શ બનાવવા માટે સાહિત્યના અભ્યાસી મુનિરાજશ્રી જીતવિજયજી મહારાજ સંપાદક તરીકે કાર્ય કરશે તે સાથે લગભગ ૧૦ થી ૧૨ જૈનેતર વિદ્વાનોના લેખો આવશે; જેથી અમારા માનવા પ્રમાણે જૈન સાહિત્ય માટે એક આદર્શ રૂપ આ ત્રિમાસિક બનશે. વળી ઉકત સંસ્થાનાં બંધારણમાં સભાસદ દાખલ કરવાની પદ્ધતિ પણ જોવામાં આવે છે જેથી દરેક જૈન બંધુએ આ સંસ્થામાં દાખલ થઇ અથવા ત્રિમાસિક પત્રના ગ્રાહક થઇ અથવા તો બીજી કોઇ રીતે મદદ કરવાની જરૂર છે. એમ અમો નમ્ર સુચના કરીએ છીએ.

ઉકત સંસ્થાના નામ, સ્થાપના અને, ઉદ્દેશાદીક કાર્યનું વર્ણન.

નામ, સ્થાપના, ઉદ્દેશ અને કાર્ય.

૧ નામ—આ સંસ્થાનું નામ "જૈન સાહિત્ય સંશોધક સમાજ" Jain Literarary Research Society) રાખવામાં આવેલ છે.

૨ સ્થાપના—આ સંસ્થાની સ્થાપના સંવત ૧૯૭૬ ના કારતક શુદી ૧૫ તા ૭ મી નવેમ્બર ૧૯૧૯ ને દીવસે પુના શહેરમા મુનિરાજ શ્રી જીતવિજયજી મહારાજના અધ્યક્ષપણા નીચે કરવામાં આવી છે.

૩ ઉદ્દેશ—આ સમાજનો ઉદ્દેશ જૈન ધર્મના તત્વ સંબંધી દરેક સાહિત્યને એતિહાસીક તથા શાસ્ત્રીય પદ્ધતિથી સંશોધન કરવાનો તથા પ્રગટ કરવાનો છે.

૪ કાર્ય—સમાજના ઉદ્દેશ પુરા કરવા સારૂ નીચે લખેલાં કાર્યો કરવામાં આવશે.

૧ સમાજ તરફથી "જૈન સાહિત્ય સંશોધક" નામનું એક ત્રિમાસિક પત્ર બહાર પાડવામાં આવશે.

૨ જે જે વિદ્વાનો જૈન ધર્મનાં સાહિત્યમાં અથવા શોધખોળમાં પ્રેમ રાખતા હશે તેમને આ સમાજના સભ્ય બનાવવામાં આવશે.

૩ જૈન સાહિત્યના વિષયમાં જે કોઇ વિદ્વાનને કોઇપણ બાબત જાણવાની જરૂર હશે તેને દરેક જાતની મદદ આપવામાં આવશે.

૪ દરેક જૈનસાહિત્યપ્રેમી વિદ્વાનોની એક " જૈન સાહિત્ય પરિષદ્ " બોલાવી તેમાં જુદા જુદા વિષયો ઉપર નિબંધ વંચાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

૫ ઉંચા ધોરણના વિદ્યાર્થીઓ અથવા સ્કૉલરોને શીખવા શીખવવામાં ઉપયોગી થઈ પડે એવી રીતથી જુનું જૈન સાહિત્ય તૈયાર કરાવવામાં આવશે.

૬ જૈન તત્વજ્ઞાન, ઇતિહાસ અને સાહિત્યના વિષયમાં યોગ્ય અભ્યાસીઓની પાસે સ્વતંત્ર અથવા જુદી જુદી દ્રષ્ટીથી નિબંધ લખાવવામાં આવશે.

૭ જુના તામ્રપત્ર, શિલાલેખ, સીક્કા, ચીત્ર, ન મળી શકે તેવા તેમજ મુશ્કેલીથી મેળવી શકાય તેવા સાહિત્યનો સંગ્રહ કરવામાં આવશે.

૮ જૈન ધર્મ પાળવાવાળી જાતિઓના ઇતિહાસનો સંગ્રહ કરવામાં આવશે.

૯ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, કર્ણાટકી, તામીલ, તેલુગુ, હીન્દી, ગુજરાતી વિગેરે જે જે ભાષામાંથી જૈન સાહિત્ય મળે છે, તે દરેકના માટે જુદી જુદી સુચના કરવામાં આવશે.

૧૦ ભારત વર્ષમાં ઉત્તર-દક્ષીણ હીમાલયથી શરૂ કરી કન્યાકુમારી સુધી અને પૂર્વ પશ્ચિમ ઉડીસાથી કાઠીઆવાડ સુધીમાં જૈન ધર્મનું પ્રાચીન ગૌરવ બતાવનારા જે જે ચિન્હો છે તે દરેકનું એક સવિસ્તર સૂચીપત્ર બનાવવામાં આવશે. એ સિવાય બીજાં અનેક કાર્યો સમાજનો હેતુ પાર પાડવા માટે છે, એ માંથી જે જે કાર્યોને જ્યારે જ્યારે આર્થિક તેમજ બૌદ્ધિક સહાયતા મળશે ત્યારે ત્યારે તે અમલમાં મુકવામાં આવશે.

પરંતુ હાલ તો પ્રથમ ત્રિમાસિક પત્ર પ્રગટ કરવામાં આવશે અને તે મારફતે આ કાર્યોની થોડી ઘણી શરૂઆત કરવામાં આવશે.

સમાજના મેમ્બર વિગેરે બનવાના નિયમો.

---

૧ જે ગૃહસ્થ આ સમાજને એક હજાર રૂપીયા અથવા તેથી વધારે રૂપીયા અર્પણ કરશે તેમને ' પ્રેટન ' બનાવવામાં આવશે.

૨ રૂ. ૫૦૦) આપનાર ગૃહસ્થને 'વાઇસ પેટ્રન' ગણવામાં આવશે

૩ રૂ. ૨૫૦) આપનાર ગૃહસ્થને 'ઓનરરી પ્રેક્ટર' ગણવામાં આવશે.

૪ રૂ. ૧૦૦) આપનાર ગૃહસ્થને લાઇફ મેમ્બર કહેવામાં આવશે.

૫ દર વર્ષે રૂ. ૧૦) આપનારને સાધારણ મેમ્બર કહેવામાં આવશે.

સૂચના—સમાજના દરેક પ્રકારના મેમ્બરને સમાજ તરફથી પ્રગટ થનાર ત્રિમાસિક પત્ર ભેટ આપવામાં આવશે.

ગ્રંથાવલોકન.

શ્રી જીવદયા (માસિક)

અમોને અભિપ્રાય અર્થે ભેટ મળેલ છે. જેના પ્રકાશક ધી બોમ્બે યુમેનીટેરીયન લીગ (મુંબઇની શ્રી જીવદયા મંડળી) છે કે જે સને ૧૯૧૦ ની સાલમાં જન્મ પામેલી શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ નામની સંસ્થા આઠ વર્ષ કાર્ય કરી પરિવર્તન પામેલી અને નવા સ્વરૂપમાં બહાર આવેલી આ મુંબઇની શ્રી જીવદયા મંડળી છે. આ સંસ્થાનું બંધારણ, ઉદ્દેશ અને ધારા ધોરણ વાંચતાં તથા કમીટીના સભ્યોની નામાવળી જોતાં તે ખૂબપૂર્ણ કરતાં તે વધારે જોખમદાર, વગદાર અને વિશ્વાસપાત્ર નિવડે તેમ જણાય છે. સાથે સંસ્થાને. કાર્યભાર નિયમિત ચલાવવા લોકપ્રિયતા અને વિશ્વસનીય થવા અને સાથે પરમાર્થ વ્યવહારીક રીતે કરી બતાવવા જે કાર્યવાહક કમીટી નીમવામાં આવી છે તેથી ભવિષ્યમાં આદર્શરૂપ થશે તેમ માનવાને કારણ મળે છે. આ જીવદયામંડળીમાં ઉત્સાહપૂર્વક ભાગ ગમે તે મનુષ્ય લઇ શકે તેટલા માટે મેમ્બરો દાખલ કરવાનું ધોરણ રાખ્યું છે, જે વાસ્તવિક છે. જેથી આ સંસ્થાની સર્વ પ્રવૃત્તિઓથી જનસમાજને વાકિફ કરવા આશયો, ઉદ્દેશો અને કાર્યક્રમ યથાસ્થિત લોકોને સમજાવવા, અને વધારે પ્રમાણમાં જીવદયાનો પવિત્ર ઝુંડો આપણા દેશમાં ફરકાવવા માટેજ તેના કાર્યવાહકોએ આ માસિકને જન્મ આપ્યો છે. આ પ્રથમ અંકમાં આવેલા વિષયો વાંચતા તેમાંથી ઘણું જાણવાનું મળે છે. કોઇ પણ પ્રાણીનાં દુઃખ દરદ ઓછાં કરવા, મરણમાંથી બચાવવા, દુઃખીની ઝ્હારે ધાવું, નિર્દોષ પ્રાણીની હિંસા, ખોરાક, ફેશન રમતગમત કે શિકારાદિથી થતી અટકાવવા પ્રયાસ કરવો વગેરે જીવદયાનાં કાર્યો છે તે જનસમાજને સમજાવવા માટે આવાં માસિકો કે બુકો હેન્ડબીલો વગેરે દેશમાં ચાલતી દરેક ભાષામાં પ્રસિદ્ધ કરી તેનો ફેલાવો કરી કે ઉપદેશકો દ્વારા સમજાવવાથી જીવદયા વધારે પ્રમાણમાં ખળાય છે. આ માસિકમાં જણાવેલ હકીકત અને કમીટીનો ઉદ્દેશ જોતાં તેનો તેમનો કાર્યક્રમ અને ધોરણ જણાય છે, જેથી ખુશી થવા જેવું છે. આ જીવદયા સંસ્થાને દરેક મનુષ્યે તન મન ધનથી તેનાં કોઇ પણ કાર્યમાં મદદ આપવાની જરૂર છે અને છેવટે તેમાં સભાસદ થઇને કે આ માસિકના ગ્રાહક થઇને પણ પોતાની લાગણી બતાવવાની જરૂર છે. અમો આ સંસ્થાની અને પ્રકટ થયેલ તેના આ માસિકની ઉન્નતિ ઇચ્છીએ છીએ, અને જીવદયાનાં કાર્યમાં તેઓ દિવસાનુદિવસ વિજયવંત નીવડે તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

વર્તમાન સમાચાર.

ખંભાતમાં જયંતિ.

મહામહોપાધ્યાય શ્રીમદ્ શ્રી વીરવિજયજી મહારાજની માગશર માસની વદી ૮ રવિવારે તા. ૧૧-૧૦-૧૯ ના રોજ સ્વર્ગવાસ તિથિ હોવાથી શ્રી ખંભાતમાં જૈનશાળાના હોલમાં શ્રી

મહાવીર જૈન સભા તરફથી જયંતિ ઉજવવામાં આવી હતી. સભાના સેક્રેટરીએ ઉક્ત મહાત્માનું જીવનચરિત્ર કહી બતાવ્યું હતું અને તે વખતે વિદ્યાર્થીઓના ગાયન તથા જયાંતના હેતુ વિગેરે બાબતો ઉપર ભાષણો થયાં હતાં.

શહેર ભાવનગરમાં શ્રી જૈન આત્માનંદ સભાએ ઉજવેલી જયંતિ.

પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ મુળચંદજી મહારાજની ગયા માગશર માસની વદી ૬ ના રોજ સ્વર્ગવાસ તિથિ હોવાથી આ સભા તરફથી જયંતિ નિમિત્તે શ્રી દાદાસાહેબના દેવાલયમાં શ્રી નવાણુંપ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી તેમજ શ્રીમહાવીરસ્વામી તેમજ પૂજ્યપાદ મુળચંદજી મહારાજની પાદુકા વિગેરેની સુંદર આંગી કરાવવામાં આવી હતી સાંજના સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આ મહાત્માનો પણ આ શહેર ઉપર ઉપકાર હોવાથી તેઓની ભક્તિ નિમિતે આ સભા તરફથી ત્રણ વર્ષથી જયંતિ ઉજવવાનું શરૂ કરવામાં આવેલ છે. ઉક્ત ગુરૂભક્તિના કાર્યમાં રાણપુર નિવાસી શેઠ નાગરદાસ તથા શેઠ ઉજમશીભાઇ પુરૂષોતમદાસ તથા પરવડીવાળા શા. હાવા દેવજી તથા ભાવનગરવાળા શા. ઝવેરભાઇ ભાઇચંદ તથા દોશી મગનલાલ ઓધવજી તરફથી સારી ઉદારતા બતાવવામાં આવી હતી.

સમાચાર.

શ્રીમાન્ આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) ના શિષ્ય આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયકમલસૂરિના પ્રશિષ્ય મુનિરાજ શ્રી ગંભીરવિજયજી આ વર્ષે પ્રતાપગઢ-(રાજપુતાના) માં ચાતુર્માસ રહ્યા હતા. ત્યાં લીધાજી લખમીચંદજીના તરફથી જે પાઠશાળા ચાલે છે, તેને વિસ્તૃત કરવા માટે ઉક્ત મુનિરાજ તરફથી પ્રયત્ન થયો હતો, સાથે તેઓશ્રીના ઉપદેશથી મુંઝપુર-ગુજરાત નિવાસી શેઠ હેમચંદ પાનાચંદ કે જેઓ ત્યાં યાત્રા અર્થે આવ્યા હતા, તેઓ શ્રીમાને પોતાની ધર્મપત્નિ મંગળાબાઇના નામથી રૂપિયા સાડાપાંચ હજાર ભેટ આપી ઉદારતા બતાવી છે, જેથી આ પાઠશાળાને શ્રાવિકાશ્રમના રૂપમાં ફેરવી નાંખવામાં આવી છે, જેથી ત્યાંના શ્રી સંઘે તેઓશ્રીને સન્માનપત્ર એનાયત કર્યું હતું. તે ઉપરાંત માણસાનિવાસી શેઠ સ્વરૂપચંદ દોલતરામને દિક્ષા આપવામાં આવી હતી. તેમણે સમગ્ર કુટુંબની સંમતિ લઇ રાજીખુશીથી ચારિત્ર લીધું હતું. તેઓશ્રીનું નામ મુનિરાજ શ્રી શુભવિજયજી રાખવામાં આવ્યું છે. બીજાં અનેક ધાર્મિક કાર્યો થયાં હતાં.

આચાર્ય પદવી પ્રદાન.

દરેક કાળમાં અને દરેક સમાજમાં જે મહાન વ્યક્તિઓ પોતાની ફરજ સમજતા શીખે છે, અને તે તે સમાજની પ્રગતિ કરવાની જ્યારે શક્તિ તેમનામાં પ્રાપ્ત થાય છે એટલે કે લાયકાત જણાય છે તે તે સમાજ તે તે મહાન વ્યક્તિને તેનો મુખ્ય-લીડર નીમી તેમને કોઇ પણ પદવીથી વિભૂષિત કરી તેમના પ્રત્યે પૂજ્યભાવથી જુએ છે, અને તેવું ખાસ કરીને દરેક ધર્મમાં બને છે. આ કાળમાં જૈન દર્શનમાં અનેક ત્યાગી મહાત્માઓને આચાર્ય પદવી શ્રી સંઘે આપી પૂજ્ય બનાવી ભક્તિ કરવા સાથે આ કાળમાં ભગવાન તરીકે તેમની ગણના કરી છે, તેવા મહાત્માઓએ પણ જૈન સમાજ ઉપર પોતાનાં જ્ઞાનનો, શક્તિનો, અને પ્રભુતાનો ઉપયોગ જૈન દર્શનની ઉન્નતિમા અનેક વખત કરેલો છે એમ ઇતિહાસ આપણને બતાવે છે. કેટલાક વખતથી આ પદપ્રદાન બંધ હતું, હાલમાં કેટલાક વખતથી પદવીપ્રદાનના પ્રસંગો આપણે સાંભળીયે

છીયે. અને આપણે ખુશી થવું જોઇએ કે કોઇ પણ સમાજમાં આવી પૂજ્ય મહાન વ્યક્તિઓ વધારે ઉત્પન્ન થાય તે ઇચ્છવા યોગ્ય છે, પરંતુ ઇતિહાસથી જેમ આપણને માલુમ પડે છે કે તે તે વખતે તે મહાન પૂજ્ય આચાર્યમહારાજને જેમ પોતાની ફરજ સમજી જૈન ધર્મની ઉન્નતિ માટે અનેક કાર્યો કરતા હતા, કે જેને લઇને તે કાળમાં જૈન ધર્મ પૂર્ણ જાહોજલાલી ભોગવતો હતો તેમ આ કાળમાં વિદ્યમાન અને હવે પછી થનારા આચાર્ય મહારાજાઓ સમાજની આધુનિક સ્થિતિનો વિચાર કરી તેને કેવા ધર્મના અનુષ્ઠાનો, ક્રિયા માર્ગો, અને શુદ્ધ વ્યવહારીક, ધાર્મિક પગેલી જરૂર છે, અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ફેરફારને લઇને તેમા શું સુધારો વધારો કરવાની જરૂર છે તેનો આ કાળના પૂર્વાચાર્યો મહાત્માની જેમ આધુનિક પદવીધર મહાત્માઓ વિચાર કરી ધર્મ ઉન્નતિ માટે પ્રયત્ન કરે, પોતાની તેવી ફરજ બજાવે તો તે પદવી જેમ અમૂલ્ય ગણાય છે તેમ ફળદાયી નિવડે. આ કાળમાં આચાર્ય મહારાજની પદવી સર્વોત્તમ અને ઉચ્ચ ગણાય છે, જ્યારે આ ઉત્તમ ગુણ નિષ્પન્ન પદવી કે જેના ઉપર સમગ્ર જૈન કોમ અને જૈન ધર્મની ઉન્નતિ અવનતિનો આધાર રહેલો છે, તે જો સંખ્યા વધારવા માટે કરવામાં આવે, તે પદવીધર મહાત્મા પોતાની ફરજ શું છે તે ન સમજે ! અને જો કોઇ તેવા પ્રસંગો સમાજમાં ઉપસ્થિત થતા હોય કે કલેશ, કુસંપ, ઇર્ષ્યા વધતા જૈન સમાજ એક પગથીયું ઉન્નતિથી પાછળ હઠતો હોય તો તે જેમ બોલરૂપ છે તેમ તેને માટે થતા ખર્ચો પણ સમાજને નકામા થઇ પડે છે, અને વખતે બીજી દોમોમાં જૈન સમાજની લઘુતા થાય છે, જેથી જો જે મહાત્મામાં જે જાતની લાયકાત શ્રી સંઘે જોઇ તેઓશ્રીને પદાભિષેક કરેલ છે તે તે લાયકાતનો સમાજની ઉન્નતિમાં ઉપયોગ કરવાની અમારી નમ્ર વિનંતિ છે. તે ગમે તેમ હો પરંતુ હાલ એક ચારિત્રપાત્ર, જ્ઞાન ધ્યાન સજ્ઝાયમાં નિમગ્ન અને સતત અભ્યાસી પંન્યાસજી શ્રી નીતિવિજયજી મહારાજને હાલમાં અમદાવાદમાં આચાર્યપદ બહુજ આનંદપૂર્વક આપવામાં આવ્યું છે. આ મહાત્મા સ્વભાવે બહુ સરલ સાથે ક્રિયાનિષ્ઠ અને સારા અભ્યાસી છે. તેમને આપેલ આ ઉચ્ચ પદવી માટે અમે અમારો આનંદ જાહેર કરીયે છીયે અને સાથે તેઓશ્રીને વિનંતિ પણ કરીયે છીયે કે શ્રીસંઘે આપનામાં જે ઉચ્ચ લાયકાત જોઇ આ જવાબદારીવાળું પદપ્રદાન કર્યું છે તેને સફળ કરવા, લાયકાતનો સંપૂર્ણ ઉપયોગ કરવા અને દેશકાળને અનુસરી જૈન કોમની ઉન્નતિ માટે ફરજ બજાવવા આપ પ્રયત્નવાન બનશો, અને જૈન કોમમાં કુસંપ અને જુદાઇનો નાશ થતાં તેનો આબાદી, વૃદ્ધિ અને ઐક્યતા વધવામાં જ તેમની દરેક પ્રવૃત્તિ થાય તેમ કરવા તેઓશ્રીને નમ્ર વિનંતિ કરીયે છીયે.

એક ખુલાશો.

સભ્ય મોંઘવારીને લઇને છાપખાનામાં માણસોની પણ મુશ્કેલીના અંગે પોશ અને માહ માસના બે અંકો એક સાથે પ્રકટ કરવામાં આવેલ છે જેથી ગ્રાહકગણ ક્ષમા કરશે.

સેક્રેટરીઓ.

કળા (સમજ શક્તિ) ઉપરાંત દીર્ઘ-લાંબું આયુષ્ય, સારા જ્ઞાની અને સદાચરણી સજ્જનોનો સંગ-મેળાપ, તેમની સાથે નિર્મળ-નિઃસ્વાર્થ પ્રેમ-પ્રીતિ, તેમનાં એકાન્ત હિત વચન (ઉપદેશ) માં ઉંડી શ્રદ્ધા-(આસ્થા) અને તે મુજબ વર્તન કરવા ઉદ્યમાળતા (પુરૂષાર્થ) આ સઘળાં આપણું ભવિષ્ય સુધારી લેવાનાં રૂડાં સાધન મળેલાં છતાં એ આપણે તેનો લાભ લઈ ન શકીએ અને અનેક પ્રકારનાં અસદાચરણો સ્વેચ્છા મુજબ સેવી, મળેલો અમૂલ્ય સમય નકામો વીતાવી દઈએ, ઐહિક સુખમાં જ રચ્યા પચ્યા રહીયે. પરલોકની (પરભવની) દરકાર જ ન કરીએ, મન અને ઇન્દ્રિયોને સાવ મોકળા મૂકી દઈએ, તેમને સ્વેચ્છા મુજબ ચાલવા દઈ, બધી રીતે પાપ-અનર્થનું જ પોષણ કરીએ અને પ્રાપ્ત સામગ્રીનો કંઈ પણ સદુપયોગ નજ કરીએ તો આપણે આત્મદ્રોહી યા આત્મઘાતી જ લેખાઈએ. કેમકે તેથી સ્વ પરહિત કરવાની અમૂલ્ય તક ફોગટ ગુમાવી સ્વેચ્છાચારવડે આપણે નીચી ગતિમાં જ જવું પડે, જ્યાં અતિ ઘણો કાળ કેવળ દુઃખી હાલતમાં જ પસાર કરવો પડે તેમ છતાં જે અમૂલ્ય તક આપણે મૂર્ખાઈથી સ્વચ્છંદપણે ચાલવામાં ગુમાવી હોય તે પાછી અપાર કષ્ટ સહન કરવા છતાં પામવી અતિ ઘણી મુશ્કેલ થઈ પડે. ધારો કે આ માનવ ભવમાં આપણને મળેલી પુન્યસામગ્રીનો કશો રૂડો ઉપયોગ ન આપણે કરી સ્વપર હિત આચરણ વડે સંચેલા પુન્ય યોગે ઉંચી ગતિ પામી શકીએ. વૈમાનિક દેવ તરીકે, કે જેમાં ત્રિકાળ સંબંધી જ્ઞાન આખી જીંદગી સુખી રહે એવું રૂડું અવધિ જ્ઞાન જ્યાં વિદ્યમાન હોય એવા ભવે તે દેવ નિકાયમાં જન્મ ધારીએ તો આપણું ભવિષ્ય સુધારવાને કેવા કેવા ઉપાય યોજવાની ખાસ જરૂર છે તેનું આપણને સાક્ષાત્ (પ્રત્યક્ષ) ભાન થાય, તેથી તે તે ઉપાય આદરવા ઉચિત અને જરૂરના જ છે. એમ દૃઢ પ્રતીતિ (શ્રદ્ધા) થાય અને આપણું ભળ-વીર્ય પહોંચે નેટલા પ્રમાણમાં તે તે સદુપાયો પ્રમાદ રહિત આદરી-આદરવા દૃઢ નિશ્ચય કરી દૃઢ પ્રયત્ન યોગે નેમાંથી અમોઘ-અચુક ફળ મેળવી શકીએ. એ વાત સ્પષ્ટ છે. સમાધિ મરણ-આરાધકપણાની ઇચ્છા રાખી તે મુજબ સદ્વર્તન સેવવા નિજ પુરૂષાર્થ ફોરવનારા સજ્જનો તો યોગ્ય વખતમાં જન્મમરણના ફેરા ટાળી અમૂલ્ય-અવિનાશી પરમાનંદ-મોક્ષપદ પામી શકે છે. પરંતુ પૂર્વના પુન્યયોગે પ્રાપ્ત થયેલી આ બધી દુર્લભ સામગ્રીને વિષય-કષાયાદિક સ્વેચ્છાચાર વડે નિષ્ફળ નિરર્થક કરી નાંખી કરેલાં દુષ્કૃત્યો વડે જે સુજ્ઞ (અજ્ઞાની) જનો નરક પશુ જેવી નીચી ગતિમાં જન્મ ધારણ કરે છે તેમના હાથમાંથી જે અમૂલ્ય તક સરી જાય તે જાને તેમાં ભારે કષ્ટો પડી સહન કરવા છતાં પાછી મળવી અતિ અતિ દુર્લભ છે. તેથીજ મન અને ઇન્દ્રિયોને લગામમાં રાખી ભવળે રસ્તે જતાં અટકાવી સવળે સાચે રસ્તે દોરવી આપણી ઉન્નતિ સાધવામાં જ ઉપયોગી બનાવી દેવી ઉચિત છે. ઇતિશમ્

લેઃ મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી.

સદ્વાક્યો.

૧ કરેલાં પાપનાં ફલ ભોગવતાં હે મનુષ્ય! તું બીજા ઉપર કોપાયમાન ન થા તથા વચ્ચે આવતાં સાધનોને નિમિત્ત માત્ર જાણ.

૨ સખ્તમાં સખ્ત અપરાધ કરનારને પણ ક્ષમા આપી તેના ઉપર ઉપકાર કરતા શીખ.

૩ ભણેલો હો, આત્માનું ખરૂં સ્વરૂપ જાણનાર હો, પણ બ્રહ્મચર્ય વગર નકામું છે.

૪ પરનિંદા કરતાં સ્વાત્માનીજ નિંદા કર.

૫ પરનિંદા કરતાં પોતામાં તે ગુણ દાખલ થાય છે.

૬ આત્મ વખાણ, પરનિંદા, જીહ્વાની લોલુપતા, સ્ત્રી પુરૂષની અભિલાષા, ક્રોધાદિ એ સદ્ગુણોના નાશ કરે છે.

૭ સત્પુરૂષો થોડું પણ પ્રિય લાગે એવું મધુર ગર્વ રહિત બોલે છે.

૮ સત્પુરૂષોએ જોયેલી અને સાંભળેલી બધીજ વાતો બોલવા લાયક હોતી નથી.

૯ રાગ અને દ્વેષ શત્રુઓ કરતાં વધારે અનર્થ કરે છે

૧૦ બે સત્પુરૂષોથી જ પૃથ્વી શોભાયમાન છે: ઉપકાર કરનાર અને કરેલ ઉપકાર નહિ વિસરનાર.

૧૧ વિષયો આરંભમાં રમ્ય લાગે છે પણ પરિણામે અતિ ભયંકર છે, હસ્તિના બંધનની જેમ.

૧૨ ઇંદ્રિયોની હાની, જરાનું આવવું, રોગની પીડા, થાય નહિ તેટલી વારમાં તારૂં જીવન સત્કાર્યમાં જોડ.

૧૩ એક ભવના શત્રુ કરતાં પહેલાં અનંત ભવના શત્રુથી ચેત.

૧૪ તું તૃષ્ણા ત્યાગીને સત્કાર્યમાં જોડ; કારણ કે મૃત્યુ અનિશ્ચિત છે.

૧૫ ત્યાગી પુરૂષો કે જે જન્મ જરા અને મૃત્યુથી કંટાળેલા છે તેઓ દરેકના અપરાધની ક્ષમા આપે છે.

૧૬ જો તું સંપ કરવા ઇચ્છતો હોય તો તું બધું સહન કરતા શીખ અને તું એવું બોલ કે બીજાને સહન કરવું ન પડે.

૧૭ નખે કરી ખંજોલવાથી જે સુખ મળે છે તેવું સુખ કામી પુરૂષો મેળવે છે; માટે તું ચેત.

૧૮ બોલવા કરતાં કરી બતાવવું એ શ્રેષ્ટ છે.

૧૯ વિચારકો કરતાં કાર્યવાહકોની વધારે જરૂર છે.

૨૦ સદા પ્રમાદથી વિરકત થા.

૨૧ સત્કાર્ય દૃઢતાથી કરી બતાવશો તો તમારો પક્ષ સબળ થતાં જરા પણ વાર લાગશે નહિ.

૨૨ સારસ પક્ષીની માફક ન કરતાં બોલ્યા પ્રમાણે કરવું.

૨૩ વિચારીને કાર્ય આરંભવું. આરંભ્યા પછી ખંતથી મંડયા રહેવું.

૨૪ દુર્વ્યસન અને તેને સેવનાર માણસોથી દૂર થા.

સુ. કમલવિજય—કરોદ.

'દેવદ્રવ્ય' સંબંધી મુનિ મહારાજ શ્રી કલ્યાણવિજયજીનો એક પત્ર. *

પાટણવાળાની ધર્મશાળા.

પાલીતાણા તા. ૧-૧૦-૧૯.

શ્રીયુત્ મુનિશ્રી બુદ્ધિવિજયજી મહારાજ, જસપરા. વંદનાદિ નિવેદન.

વિશેષ, પત્ર આપનો તારીખ વગરનો પહોંચ્યો, સમાચાર જાણ્યા છે.

મ્હારા છેલ્લા લેખના સંબંધમાં આપે જે જે સૂચનાઓ કરી છે દેવદ્રવ્યની આવક ભાંગી પડવાનો ભય અને તેનાં સાધક પ્રમાણોના જે જે ઉલ્લેખો કર્યા છે તે સર્વની આશંકાઓ લેખ લખતી વેળાએજ મ્હારા હૃદયમાં જાગૃત હતી, વિચારોની સાથે તેમનું યુદ્ધ ચાલ્યું હતું અને અંતે વિચાર-સત્યતાની આગળ તેઓને પોતાની હાર કબૂલવી પડી હતી. આપ લોકો અને વિચારકો તો ઐદંપર્ય એ જ આવશે કે આ સઘળી આશંકાઓ-દેવદ્રવ્યની આવક ભાંગી પડવાના ભયની આશા-

---

* હાલમાં ચર્ચાતા દેવદ્રવ્યના વિષયમાં મુનિરાજશ્રી બુદ્ધિવિજયજી કે જેઓ મધુ ચાતુર્માસ જસપરામાં હતા તેઓશ્રીએ આચાર્ય મહારાજ શ્રીમાન્ સિદ્ધિવિજયજી મહારાજના વિદ્વાન શિષ્ય શ્રીમાન્ મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજ ઉપર જૈન પત્રમાં "શ્રીયુત ધર્મચંદને ઉત્તર" એ મથાળાનો લેખ આવેલો તેમાં "સ્વપ્નની આવક સાધારણમાં લેવી અને સુપન સાધારણ ખાતાનાં દોષનો તે ઉપજ સાધારણ ખાતામાં લેવ શકાય" આવા આશયનું કથન મહાત્મા શ્રી કલ્યાણવિજયજી મહારાજનું લખાણ વાંચવા મળ્યું છે. આવી મતલબનો એક પત્ર મુનિરાજ શ્રી બુદ્ધિવિજયજીએ મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજ ઉપર લખેલો, તેનો ઉત્તર મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજે પત્રદ્વારા આપેલો તે પત્ર જૈન સમાજને ઉપયોગી હોવાથી ઉક્ત મહાત્માએ અમોને છાપવા મોકલ્યો છે જેથી તે અત્ર અક્ષરશઃ પ્રકટ કરવામાં આવે છે.

એડીટરી.

હિંસા વાસ્તવમાં કાંઈ જ નથી, ગતિ કરનારને પગ ઉપાડવામાં ભય માનવો એ તેના કાયની નિષ્ફલતાનું સૂચન છે.

મ્હારો લેખ પ્રમાણિક મનાતો હોઇ તેને આધારે દેવદ્રવ્યની ઉપજનાં સાધનો સાધારણમાં બદલાવવાનો અને તેમ થતાં દેવદ્રવ્યની આવક પડી ભાંગવાનો જે આપ ભય રાખો છો તે મ્હારી સમજ પ્રમાણે વધારે પડતો છે. ધારો કે મ્હારી માન્યતા લોકોને યોગ્ય લાગી જાય અને તે પ્રમાણે સાધારણખાતામાં સાધનો લાવવામાં બાધ ન મનાય તો પણ તેનો સાર્વત્રિક અમલ તો ન જ થઈ શકે. આપ વિચાર કરશો તો જણાશે કે, જ્યાં દેવદ્રવ્યની આવક ખર્ચના પ્રમાણમાં જ હશે અથવા શીલકમાં નાણું પૂરતું નહિં હશે તેવે સ્થળે મ્હારી માન્યતાનો અમલ થવો અશક્ય છે, અને જ્યાં દેવદ્રવ્યની ઉપજ ખર્ચના પ્રમાણથી ઘણી અધિક હશે અને ભંડારમાં પણ નાણું પૂરતું હશે ત્યાં આજે મનાતાં દેવદ્રવ્યની ઉપજનાં સાધનો સાધારણમાં બદલી લેવામાં આવશે તો તેથી નુકસાન શું છે?

આપ દલીલ કરો છો કે સુપન વિગેરે કરાવનારનો અભિપ્રાય દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનો હોવાથી તે સાધનો સાધારણ વિગેરેમાં લઈ શકાય નહિં, મ્હારે આ વિષયમાં એટલું જ કહેવાનું છે કે કરાવનારનો અભિપ્રાય ગમે તેવો હોય પણ તેના અભિપ્રાયનું સ્વરૂપ એવું તો ન જ હોઈ શકે કે દેવદ્રવ્યની જરૂર હોય યા ન હોય પણ આ સ્વપ્નદ્વારા તો દેવદ્રવ્યની જ વૃદ્ધિ કર્યા કરવી.

એ વાત પ્રત્યક્ષ છે કે આજે જે દેવદ્રવ્યની ઉપજનાં સાધનો પ્રચલિત છે તેમાંનો ઘણો ભાગ આપવાદિક છે એટલે કે દેવદ્રવ્યની તંગીને પહોંચી વળવાને શ્રાવકલોકોએ કલ્પી કાઢેલા માર્ગો છે, આવા માર્ગોની આવશ્યકતા દેવદ્રવ્યની આવશ્યકતાની સાથે બંધાયેલી હોય છે તેથી દેવદ્રવ્યની પૂર્તિ થતાં જ તેની જરૂરત મટી જાય છે, જરૂર વિના તે કારણિક માર્ગોનું અવલંબન લેવું તે વિનાકારણે આપવાદિક માર્ગનું સેવવું છે. આ પરથી આપ સમજી શકશો કે દેવદ્રવ્યની વૃદ્ધિ માટે સ્વપ્ન વિગેરે કરાવનારના આશયની હદ ત્યાં સુધી જ હોઇ શકે કે જ્યાં સુધી તે દ્રવ્યની ખાસ જરૂર છે.

આવી વસ્તુસ્થિતિ છતાં પણ એમ માનવામાં આવે કે 'ચાલતી રૂઢિમાં ફેરફાર કરવાથી પ્રથમના સંઘનું અપમાન થાય છે' તો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને વિચારીને ચાલવાના સિદ્ધાંતને જલાંજલિ આપવી પડશે, કારણ કે ઉપર્યુક્ત સિદ્ધાંતનો અર્થ જ એ છે કે 'આવશ્યકતાઓને વશ થઈ અમુક ચાલુ પ્રવૃત્તિમાં ફેરફાર કરવો' અને આવશ્યકતા પરત્વે પણ ચાલુ રૂઢિમાં ફેરફાર કરવો એ આપની માન્યતા પ્રમાણે પ્રથમના સંઘનું અપમાન કરવું છે ત્યારે કહો કે આ સિદ્ધાંતની આપણને જરૂર શી?

આપ જાણો છો કે સ્વપ્નની આવક દેવ ખાતે લેવાનો પ્રથમ ઠરાવ થયેલ હોવાથી તે આવક બીજે લઇ શકાય નહિ. પણ હું પૂછું છું કે આપ કહો છો તેવો ઠરાવ પ્રથમના કયા સંઘે કર્યો છે તે જણાવશો? સ્વપ્ન અને તેવી જ જાતની અન્ય પ્રવૃત્તિઓનો ઇતિહાસ તપાસશો તો માલમ પડશે કે તે સાધનો દ્વારા ઉત્પન્ન થતાં દ્રવ્યને દેવદ્રવ્યમાં જ લેવું એવો ખાસ ઠરાવ સંઘે કોઈ કાળે કર્યો નથી. જો એવો ઠરાવ થયેલો હોય તો આજે જે ગામોગામ તે વિષયની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ જોવાય છે તે સંભવે નહિ. ખરી વાત તો એ છે કે તે તે ગામોનો શ્રાવકસંઘ પોતે જ પોતાની જરૂરીયાત વિચારી તેવા દ્રવ્યને માટે માર્ગો શોધી કહાડે છે, આને જો આપ સંઘનો ઠરાવ કહેતા હો તો તેમાં મ્હારો વાંધો નથી, અને હું માનું છું કે આવી રીતે માત્ર પોતાની જ મરજીથી ઠરાવ કરવાની શક્તિવાળો તે તે ગામનો સંઘ તેમાં ફેરફાર કરવાની કે તેને બિલકુલ રદ કરવાની પણ પૂર્ણ સત્તા ધરાવે છે.

આમાં એવો ભય માંનવો કે 'તેથી દેવદ્રવ્યની આવક ભાંગી પડશે' મારી માન્યતા પ્રમાણે નિરર્થક છે. આપણે જાણીએ છીયે કે નીક દ્વારા જે પ્રમાણમાં જલ પ્રવાહ એક ક્ષેત્રમાં જાય છે તેને ક્ષેત્રાંતરમાં વહેંચી નાખવાથી પ્રથમના ક્ષેત્રમાં જળની આવક ઓછી થશે એ અનિવાર્ય છે, પણ તેથી એમ કરવું ઉચિત ગણાશે કે પ્રથમનું ક્ષેત્ર ભલે જળમાં તર્યા કરે, અને બીજા તે વિના સુકાઇ જાય, પણ પ્રથમથી જે પ્રવાહ જયાં જતો હતો તેને ત્યાં જ જવા દેવો? જો આપની માન્યતાનો અર્થ એટલો જ હોય કે ગમે તેટલા લાભનું કારણ હોય પણ દેવદ્રવ્યની ચાલુ આવકમાં લેશ પણ ખામી આવે તેવો ઉપદેશ કરવો તે પાપનું કારણ છે તો મ્હારે ખુલ્લી રીતે કહેવું પડશે, કે એ માન્યતા ન્યાયરહિત અને પૂર્વાચાર્યોના મતને બાધા કરનારી છે. પૂર્વાચાર્યો કહે છે કે 'જે વેળા જે ક્ષેત્ર સીદાતું હોય તે વેળા તેનો ઉદ્ધાર કરવો એ વિશેષ લાભદાયક છે.' વળી તેઓ એમ પણ ઉપદેશે છે કે 'ધર્મમાર્ગે દ્રવ્ય ખર્ચવાની અભિલાષા હોય તો સાધારણ ખાતામાં વિશેષ આપવું તે ઘણું સલાહ ભરેલું છે.' એક ક્ષણ વાર પણ પૂર્વબદ્ધ વિચારોને કોરાણે મુકીને આપ વિચાર કરશો તો જણાશે કે પૂર્વાચાર્યના અને આપના વિચારમાં કેટલી બધી વિષમતા છે?

આપે લખેલી સંબોધ પ્રકરણની ગાથા મ્હારી માન્યતાને કોઈ પણ રીતે બાધા કરનારી નથી. પૂર્વાચાર્યોએ આપેલા અને એના શબ્દોથી પણ ઉપસ્થિત થતા અર્થનો વિચાર કરશો તો જણાશે કે મ્હારા વિચારો કોઇ પણ રીતે 'આઠાન ભંજક, થઇ શકતા નથી.

આરતી પૂજાના ઘીને સાધારણમાં લાવવાની મ્હારા લેખમાં આજસુધી હિમાયત થઈ જ નથી; છતાં આપ એ સવાલને ચાલુ પ્રકરણમાં જોડી દઈને પ્રસ્તુત

ચર્ચાને વિષયાંતરની સાથે મિશ્ર બનાવી દીધી છે, હું તેવી રીતે વિષયાંતરમાં ઉતરવા માગતો નથી. 'સ્વપ્ન કે તેવી જ જાતની બીજી ચીજો કે જેનો જીનભક્તિની સાથે વાસ્તવિક સંબંધ નથી તે સાધારણ વિગેરેમાં બદલવામાં આવે તો શાસ્ત્રીય વાંધો નથી' એટલુ જ પ્રસ્તુત ચર્ચાનું મૂળ છે.

આપની માન્યતા એ છે કે ઘોડીઆપારણાં વિગેરેમાં બોલાતું ઘી જીનભક્તિ નિમિત્તક હોવાથી તે દેવદ્રવ્યમાં જ જવું જોઇએ,' પણ આપ ઉંડો વિચાર કરશો તો જણાશે કે તે પ્રસંગોમાં ઘી બોલનારનો આવો આશય ભાગ્યે જ હોય છે કે 'આ મ્હારા ઘીના દ્રવ્ય વડે ભગવંતની ભક્તિ થાઓ' તેનો ખરો આશય એ હોય છે કે આ દ્રવ્ય વડે હું આ તાત્કાલિક ભક્તિમાં અગ્રેસર તરીકે ભાગ લઉં. તાત્પર્ય એ છે કે અમુક દ્રવ્ય સંઘની સેવામાં હાજર કરીને તે ભક્તિકાર્યમાં પોતે સંઘ પાસેથી પ્રથમ હક્ક મેળવે છે, અને આ રીતે અગ્રેસરપણાના બદલા તરીકે આવેલા દ્રવ્યપર સંઘનો જ હક્ક હોઇ તે ધારે તે માર્ગે અર્થવાને શક્તિવાન્ છે.

એ વાત ખરી છે કે 'દેવદ્રવ્ય' વડે શ્રાવકોના ઉદ્ધારની આશા રાખવી તે નિરર્થક છે, પણ આવી આશાને ઉત્તેજન આપવાની મ્હારા લેખમાં ગંધ પણ ક્યાં છે તે બતાવશો ?

દેવદ્રવ્ય ભક્ષકોની દુર્દશાનો ખ્યાલ તમે મ્હને આપો છો તે મ્હારા ધ્યાન બહાર નથી, હું માનું છું કે દેવદ્રવ્ય કે કોઇ પણ બીજાની માલેકીનું દ્રવ્ય કે જેના ઉપર પોતાનો કાંઇ પણ હક્ક નથી તેનો પોતાને માટે ઉપયોગ કરનાર ગુન્હો કરે છે—અન્યાય માર્ગે ગમન કરે છે, અને તેમ કરનારને તેનો અન્યાય લેશ જ કટુફળ આપે છે, બાકી 'દેવદ્રવ્ય' કાંઇ સોમલ કે વછનાગ ઝેર નથી કે જે હક્કથી ખાનારને પણ મારી નાખે. એકની વાત છે કે 'દેવદ્રવ્ય—ભક્ષણ'નો અર્થ આજે ઘણો જ વિકૃત કરવામાં આવે છે, જાત મહેનત કે વસ્તુની કીમત તરીકે દેવદ્રવ્ય લેનાર પણ ગતાનુગતિક સિદ્ધાંતની દૃષ્ટિમાં આજે દેવદ્રવ્ય—ભક્ષક ગણાય છે, તેની જોડે બેસીને જમનાર પાપના ભાગી મનાય છે અને તેના ઘરથી ભિક્ષા લેનાર સાધુઓને પણ ભવભ્રમણનો ભય બતાવાય છે. શું આ અવિચારની પરાકાષ્ઠા નથી ? મ્હને પૂછવા દો કે જે લોકો 'દેવદ્રવ્યભક્ષણ' ની આવી વ્યાખ્યાને સર્વજ્ઞભાષિત માનીને વળગી રહ્યા છે તેમના મતમાં દેવદ્રવ્યના નામથી એક રાતી પાઈ પણ સંબ્રહવી ઉચિત ગણાશે ખરી ? જીર્ણોદ્ધારાદિ કાર્યોમાં સેંકડો લોકોને રોકીને દેવદ્રવ્ય તરીકે મનાયેલા હજારો અને લાખો રૂપિયા તેઓને આપી દેવા એ તેમના મત પ્રમાણે લાભકારક ગણાશે ખરૂં કે ? આપ જરા વિચાર કરશો તો જણાયા વગર રહેશે નહિં કે 'દેવદ્રવ્યભક્ષણ' ની ઉપર્યુક્ત વ્યાખ્યા કેટલી બધી આપત્તિજનક છે ?

ગતિક કે અંધપરંપરાઓનો હું વિરોધી છું, સત્ય વાતને પડદામાં રાખીને નિર્મૂલ રૂઢિના પૂજારીઓનાં મન મનાવવાં રહેને પાલવશે નહિં.

છેવટ–આપના પત્રનો આ ઉત્તર કેટલાક અનિવાર્ય કાર્યોને લીધે જરા વિલંબથી લખાયો છે, તેમજ ઘણીજ નમ્રતાથી સૂચવેલો આપનો સુધારો પણ હું સ્વીકારી શકયો નથી તે બદલ ક્ષમા યાચી આ પત્ર હવે સમાપ્ત કરૂં છું.

લી૦ મુનિ કલ્યાણવિજય.

નિષ્ફલતામાં સફલતા.

લે૦–વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

"કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે."

ઉદ્યોગ કરવામાં આવે અને કદાચ નિષ્ફલતા મળે તો તે નિષ્ફલતાનાં દુઃખને સહન કરવાનું તથા ભવિષ્યનાં પરિણામ ઉપર આશા રાખવાનું, નિરાશ ન બનવાનું તેમજ પોતાના કર્ત્તવ્યમાર્ગ ઉપર વીરતાપૂર્વક વિચરવાનું ચાલુ રાખવાનું કાર્ય સ્હેલું નથી. તે કાર્ય અત્યંત કઠિનતાભર્યું છે અને તેને માટે ઘણી હિમ્મતની જરૂર છે; પરંતુ ઘણે ભાગે એવું બને છે કે જે વાતમાં આપણે નિરાશા યાને નિષ્ફલતા સમજીએ છીયે, તેમાંથી કોઇ મહાન સફલતાનો પ્રાદુર્ભાવ થાય છે. એક કાર્યનો કોઇ છિન્નભિન્ન કટકો કોઇ કોઇ વખત એક મહાન કાર્યનો આધાર બની જાય છે અને નવી નવી વાતો ઉત્પન્ન કરી શકે છે.

જે જે મહાપુરૂષો થઇ ગયા તે સર્વનાં જીવનવૃત્તાંતનો જો સારી રીતે અભ્યાસ કરવામાં આવે તો માલુમ પડશે કે તેઓની બાબતમાં એકાદ નિષ્ફલતાથી બીજી સફલતાનું દ્વાર ઉઘડી ગયેલું હોય છે. રાજા પ્રતાપસિંહને જયપુર નરેશની સેવામાં રહેવામાં જો નિષ્ફલતા ન મળી હોત તો તે કદાપિ એક રાજ્યની સ્થાપના કરી શકત નહિ. જયપુરનો ત્યાગ કરીને તેઓના ભરતપુર આવ્યા જવાથી એવા પ્રકારની સામગ્રી એકઠી થઇ ગઇ કે જેને લઇને તેઓ પોતે એક રાજ્યના માલેક બની ગયા અને ઉક્ત રાજ્ય રાજપુતાનામાં અલ્વરના નામથી પ્રસિદ્ધ રાજ્યોની કોટિમાં લેખાય છે. અમેરિકામાં પહેલવહેલાં કેનેડામાંથી ન્યુયૉર્કમાં લાકડાં મોકલવાની એક નવીન યુક્તિની શોધ કરવામાં આવી હતી. તે એ હતી કે લાકડાંની ભારીઓ બાંધીને સમુદ્રમાં મુકવામાં આવી હતી જે પાણીનાં વહનની સાથે ન્યુયૉર્કની નજીક પહોંચી ગઇ હતી, પરંતુ અચાનક સમુદ્રનાં પાણીમાં

થઇ ગઇ કે સઘળાં લાકડાં છુટા પડી ગયા અને ક્યાંના ક્યાં તણાઇ ગયા. આ પ્રમાણે તે કાર્યમાં સફલતા મળી નહિ; પરંતુ એ નિષ્ફલતામાંથી અજાયબીભરેલી સફલતા નિષ્પન્ન થઇ હતી. સમુદ્ર ઉપર કાર્ય કરનારાઓએ તે ખબર સાંભળીને દરેક જગ્યાએ માણસોને લખ્યું કે જ્યાં જ્યાં એ લાકડાંઓ જાય તેની ખબર તુરત તેઓને પહોંચાડવી. આનું પરિણામ એ આવ્યું કે સમુદ્ર પર કામ કરનારા લોકોને એક અગત્યનાં જ્ઞાનની પ્રાપ્તિ થઇ. તેઓના જાણવામાં આવ્યું કે તોફાન આવ્યા પછી સમુદ્રમાં પાણીનો પ્રવાહ કયી તરફ વળે છે, કેટલા જોરથી સમુદ્રમાં મોજાં ઉછળે છે, અને ક્યાંસુધી પાણીનું વહન ચાલે છે. આ પ્રકારનાં જ્ઞાનથી દુનિયાને મહાન લાભ થયો હતો.

એવાં અનેક ઉદાહરણો આપી શકાય એમ છે કે જેમાં ઇચ્છિત કાર્યમાં સફલતા ન મળી હોય, પરંતુ તેનાથી બીજાં ઘણાં કાર્યો કરવામાં આવ્યાં હોય. રસાયણ બનાવનારા લોકોને એવી ધૂન લાગી હતી કે કોઇ પણ ક્રિયાથી ત્રાંબામાંથી સોનું બનાવવું. એ ઉદ્યોગ કરવામાં હજારો વર્ષ વ્યતીત થઇ ગયા. તોપણ ત્રાંબામાંથી સોનું બનાવવામાં કોઇને સફલતા મળી નહિ, પરંતુ એ ઉદ્યોગનું એક અગત્યનું પરિણામ એ આવ્યું છે કે આજકાલ રસાયણશાસ્ત્ર ઘણી ઉન્નત દશાએ પહોંચ્યું છે અને તેની સહાય વડે અનેક કામો કરવામાં આવ્યા છે. આ સંબંધી વધારે ઉદાહરણો ન આપતાં હવે એટલું બતાવવું જરૂરનું છે કે પ્રકૃતિના નિયમાનુસાર એક કાર્યમાં નિષ્ફલતા એટલા માટેજ મળે છે કે તે નિષ્ફલતામાંથી બીજી મહાન સફલતા નિષ્પન્ન થવાની હોય છે. આ ઉપરથી મનુષ્યે શાંતિ અને સંતોષ રાખવા જોઇએ. કદાચ કોઇ કાર્ય આપણી ઇચ્છાનુસાર ન થાય તો તેથી અધીર ન બનતાં હમેશાં ધૈર્ય રાખવું જોઇએ; કારણ કે તે કાર્ય કદાચ ન થાય તો પણ તેનાથી કોઇ બીજું મહાન કાર્ય જરૂર થશેજ. મનુષ્યે કદાપિ નિરાશ, બનવું જોઇએ નહિ. માત્ર ઉદ્યોગમાં જ મગ્ન રહેવું જોઇએ. જો કે ઉદ્યોગ કદિ પણ નિષ્ફલ જતો નથી તો પણ ફળની ચિંતા કર્યા વગર પ્રત્યેક મનુષ્યે નિષ્કામ ઉદ્યોગ કરવા તરફ વૃત્તિ રાખવી જોઇએ, કેમકે

" કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન "

કેટલીક વખત નિષ્ફલતા આપણાં જીવનમાં મહાન પરિવર્તન ઉત્પન્ન કરે છે. આપણને નાનાં કાર્યોમાંથી પસાર કરી મોટાં કાર્યો તરફ દોરે છે. એ કાર્ય કરવામાં કદાચ આપણને ધનની પ્રાપ્તિ ન થાય અને યશ ન મળે એ સંભવિત છે, પરંતુ એટલું તો ચોક્કસ છે કે આપણી માનસિક તથા આત્મિક શક્તિઓનો એટલો બધો વિકાસ થઇ જાય છે કે આપણું ભાવી જીવન સુધરી જાય છે. આપણને જે કાંઇ મળે છે

તેને વાસ્તવિક જીવન કહી શકાતું નથી, પરંતુ આપણે એનાથી નિશ્ચય કરીને જે કંઇ યત્ન વડે પ્રાપ્ત કરીએ છીએ તેને જ સાચું જીવન કહી શકાય છે. જ્યારે યોગ્ય સમય ચાલ્યો જાય છે ત્યારે એવા વિચારો કરવા નિરર્થક છે કે આપણી પાસે દ્રવ્ય હતું કે નહિ, આપણને સફલતા મળી હતી કે નહિ. તમારા માટે હવે તો માત્ર એક જ પ્રશ્ન છે કે એ સઘળી વાતોથી તમારા હૃદય ઉપર કેવી અસર થઇ, તમને દ્રવ્ય વડે કેવી રીતે લાભ થયો અને કેવી રીતે તમે નિર્ધનતાની સામે થયા. આ વાતો ઉપર સફલતા અને નિષ્ફલતા નિર્ભર છે. જો તમે નિર્ધનતા સહન કરીને સદાચારી અને સાત્વિક બન્યા હો તો જાણો કે તમને સફલતા મળી છે. જો તમે દ્રવ્ય સંપાદન કર્યું હોય, પરંતુ તેનાથી તમારામાં અભિમાન, મદ, ઘમંડ આદિ અવગુણો આવી ગયા હોય તો જાણો કે તમને જરા પણ સફલતા મળી નથી. આવું દ્રવ્ય મેળવવા કરતાં નિર્ધન રહેવું જ વધારે સારૂં છે. એનું નામ સફલતા નથી, તે તો નિષ્ફલતા જ કહેવાય છે. એનાથી તો તમે અવળે માર્ગે ચઢી ગયા. તેથી કોઇ વસ્તુની પ્રાપ્તિ થવી એટલું જ માત્ર ઉપયોગી નથી, પરંતુ એનાથી તમને કેટલો લાભ થયો અને તમારા ઉપર તેની શું અસર થઇ તેનો વિચાર કરવાની જરૂર છે. તેનાથી જો તમે ઉન્નતિના માર્ગ ઉપર ચઢ્યા હો, અને તમને સત્ય આદિ સદ્‌ગુણોની સંપ્રાપ્તિ થઇ હોય તો તે વસ્તુ દેખાવમાં ગમે તેટલી ખરાબ હોય તો પણ લાભદાયક ગણાય છે. એથી ઉલટું જો તેનાથી અવનતિ થાય છે અને દુર્ગુણો તરફ મનનું વલણ થાય છે તો તે વસ્તુ દેખાવમાં ગમે તેટલી સુંદર અને સુભગ હોય તો પણ હાનિકારક ગણાય છે.

જે ઉપાયોથી પ્રકૃતિ મનુષ્યને બોધ આપે છે તેમાં નિષ્ફલતાને પણ ગણવામાં આવે છે. તેનાથી અનુભવજ્ઞાન વધે છે અને સ્વપ્નમાં પણ કદિ ખ્યાલ ન હોય તેવા ઉન્નતિના માર્ગ તરફ મનુષ્યનું પ્રયાણ થાય છે. જગતના ઇતિહાસમાં જે જે ઉત્તમ પુરૂષો થઇ ગયા છે અને જેઓ પોતાનાં જીવનમાં વાસ્તવિક ઉન્નતિ સાધી શક્યા છે તે સઘળા પોતાની નિષ્ફલતાઓને અત્યંત પ્રેમ અને આનંદની દૃષ્ટિથી જોતા હતા. સમયનો મહિમા અદ્‌ભુત છે. જ્યારે સમય ચાલ્યો જાય છે ત્યારે ગત સમયની વાતો બહુ યાદ આવે છે. અને ત્યારેજ એ સમયના વાસ્તવિક ગુણોની કિંમતની ખબર પડે છે. જગતમાં એવો એક નિયમ છે કે વર્તમાન સમયમાં વર્તમાન પદાર્થોની કદરી પણ કદર થતી નથી. એટલું જ નહિ પણ મનુષ્ય વર્તમાન પદાર્થોને હમેશાં પ્રતિકૂલ સમજે છે. પરંતુ અલ્પ સમય વીત્યા પછી તેને માલુમ પડે છે કે જે બાબતોને પહેલાં પ્રતિકૂળ માનવામાં આવતી હતી તે મહાન લાભ કર્તા થઇ પડે એમ છે.

ઘણા મનુષ્યો એવા જોવામાં આવે છે કે જેઓ ' અમુક કાર્યમાં સફલતા ન

મળી તો સારૂં થયું ' એમ વિચારી આનંદ માને છે. કેમકે તેઓ એમ માને છે કે ' એ સમયે સફલતા મળી હોત તો અમને અધિક સાહસ અને શ્રમ કરવાનો અવસર ન મળત. અમે સ્વીકૃત કાર્યને તજી ન દીધું અને તેથી આજે અમે તે કરતાં પણ મોટા કાર્યોમાં સફલતા મેળવી શક્યા છીએ. " તે ઉપરાંત જ્યારે મનુષ્ય એમ વિચારે છે કે ગત સમયની નિષ્ફલતાથી મને અત્યંત લાભ થયો છે ત્યારે એમ માનવાનું કશું કારણ રહેતું નથી કે વર્તમાન સમયમાં પણ તે નિષ્ફલતાઓને ધીરતા પૂર્વક સહન નહિ કરે અને એવો દૃઢ વિશ્વાસ નહિ રાખે કે વર્તમાન નિષ્ફલતાઓ રૂપને આપત્તિઓ ભાવી સફલતાઓ અને આશાઓની સીડીયો છે, જે દ્વારા ભવિષ્યમાં સફલતા મળશેજ. કોઇ કોઇ વખત આપણી મોટી મોટી આશાઓનો પણ ભંગ એટલા માસ્તે જ થાય છે કે આપણે તેનાથી પણ અધિક ઉત્તમ વાતો માટે તૈયાર બની જઇએ. પુષ્પકળી બગડી જઇને પુષ્પ બની જાય છે. બીજ સડી જઇને વધારે અન્નની ઉત્પત્તિનું કારણ બને છે. જ્યારે પ્રકૃતિમાં આવી આવી ઘટનાઓ દૃષ્ટિગોચર થાય છે ત્યારે પછી મનુષ્યો આપત્તિ સમયે અધીરા કેમ બની જાય છે તે સમજી શકાતું નથી. પ્રત્યેક મનુષ્યે દૃઢતાપૂર્વક માનવું જોઇએ કે આપત્તિસમય વીતી ગયા બાદ પોતાને સફલતા અવશ્ય મળશે અને તે અધિકતર મળશે. કોઇ પણ કાર્યમાં નિષ્ફલ થવાથી ભયભીત બની જવું જોઇએ નહિ. આપણું કાર્ય કરવામાં આપણે સત્ય માર્ગથી ચ્યુત ન થઇ જઇએ એટલીજ સંભાળ રાખવાની જરૂર છે. સત્ય માર્ગે ચાલીને કાર્ય કરવું એ મનુષ્યોનું કર્તવ્ય છે. પછી પરિણામે સફલતા મળે કે નિષ્ફલતા મળે તેની દરકાર રાખવાની જરૂર નથી. હમેશાં આ આપણું ધ્યેય હોવું જોઇએ.

જો આપણે આપણાં જીવનના કોઇ મહાન પ્રસંગ અથવા કોઇ મહાન સફલતા અથવા કોઇ ગાઢ સ્નેહીના વિષય પર વિચાર કરીએ કે એ પ્રસંગ, એ સફલતા અથવા એ ગાઢ સ્નેહીની પ્રાપ્તિ કેવી રીતે થઇ તો આપણને માલુમ પડશે કે તેનું રહસ્ય અત્યંત આશ્ચર્યજનક છે. જ્યારે ભૂતકાળની બાબતોનું રહસ્ય આપણા તણવામાં આવે છે અને અમુક સફલતા કેવી રીતે મળી તેનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને બુદ્ધિગત થાય છે કે તેના ખાતર આપણને અનેક મુશ્કેલીઓની સામા થવું પડયું હોય છે અને અનેક નિષ્ફલતાઓ સહન કરવી પડી હોય છે. જો આપણે તે સમયે તે મુશ્કેલીઓ અને નિષ્ફલતાઓ સહન ન કરી હોત તો આપણને કદાપિ પ્રસન્ન બનવાનો પ્રસંગ મળી શકત નહિ. ઉન્નતિનો માર્ગ કષ્ટસાધ્ય છે, તેથી તેની પ્રાપ્તિ અર્થે મહાન મુશીબતો વેઠવી પડે છે. જેવી રીતે નદીઓ ઘણે માર્ગે અંધારાવાળી પહાડી ગુફાઓમાંથી વહે છે, પરંતુ પછી ખુલ્લાં મેદાનોમાં વહીને લોકોને લાભદાયક બને છે તેવી રીતે આપણી ઉન્નતિ શરૂઆતમાં નિષ્ફલતા

દેખાડે છે, પરંતુ તે નિષ્ફલતાથી કદિ પણ ગભરાટ ઉત્પન્ન થવો જોઈએ નહિ-તેનું તો આપણે હૃદયપૂર્વક સ્વાગત કરવું જોઇએ. નિરંતર સ્મરણમાં રાખવું કે ઉદ્યોગ કોઇ દિવસ નિષ્ફલ જતો નથી. કોઇ કોઇ વખત ઉદ્યોગ નિષ્ફલ જાય છે એવું દેખાય છે, પરંતુ વસ્તુતઃ તેનાથી આપણને કાંઇ ને કાંઇ નવીન શીખવાનું મળે છે. આપણી નિષ્ફલતાઓનું રહસ્ય આપણા વારતે સફલતાઓનું કારણ બને છે. જે મનુષ્ય પોતાનાં જીવનનો કોઇ ઉદ્દેશ નિયત કરીને તદનુસાર પોતાનું જીવન નિર્વહન કરે છે તેજ ખરેખરી સફલતા મેળવે છે. લોકો તેને સફલતા કહે વા ન કહે તો પણ તેજ વાસ્તવિક સફલતા છે એ નિઃસંદેહ છે. અનેક મનુષ્યો સત્વર ફલ મળી જાય એવી આશા રાખે છે અને કંઇ પણ શ્રમ કર્યા વગર અને મુશીબતો સહન કર્યા વગર સફલતા મેળવવાની ઇચ્છા રાખે છે. તેઓ એમ વિચાર નથી કરતા કે કોઇ પણ કાર્યમાં સફલ થવા માટે સમયની જરૂર છે આજે બીજ વાવીને આવતી કાલે ફલ મેળવવાની આશા રાખવી તે મૂર્ખતા છે. સંપૂર્ણ શાંતિ અને ધીરજ સહિત વૃક્ષની રક્ષા કરવામાં આવે તો થોડા દિવસમાં સ્વાદિષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે. ઉતાવળથી કશું શુભ પરિણામ આવી શકતું નથી. આપણામાં કહેવત છે કે " ઉતાવળે આંબા પાકતા નથી " માટે કોઇ પણ કાર્યમાં ઉતાવળ નકામી છે.

આપણો ઉદ્દેશ યોગ્ય અને ઉચ્ચ હોય અને આપણે સારી રીતે ઉદ્યોગ કરતા હોઇએ તો બાહ્ય નિષ્ફલતાઓની આપણા ઉપર જરા પણ સત્તા ચાલતી નથી. તેનાથી આપણે નિરાશ અને હતોત્સાહ બનવું જોઇએ નહિ, બલ્કે વધારે દૃઢ બનવું જોઇએ. સરલતા કરતાં કઠિનતા વિશેષ ઉપયોગી નીવડે છે. જ્યારે સમુદ્રપર પવન બિલકુલ હોતો નથી ત્યારે વ્હાણ સારી રીતે ચાલી શકતું નથી, પરંતુ જ્યારે જોરબંધ પવન વાવા લાગે છે ત્યારે તે સારી રીતે ચાલી શકે છે. એ જ પ્રમાણે જો મનુષ્ય કઠિનતા ભર્યાં કાર્યો ન કરે તો તેનામાં મ્હોટાં કાર્યો કરવાની યોગ્યતા આવતી નથી. સોનાને અગ્નિમાં ગાળવામાં આવે તો જ તે કુન્દન બને છે. મોતી વિંધાય છે તો જ તે રાજામહારાજાઓનાં કંઠને સુશોભિત કરી શકે છે. પ્રકૃતિના નિયમાનુસાર હમેશાં ન્હાની ન્હાની નિષ્ફલતાઓ મોટાં મોટાં કાર્યોને માટે માર્ગ તૈયાર કરે છે. નિષ્ફલતાઓથી આપણે ગભરાઇ જઇએ છીએ તે આપણી મોટી ભૂલ છે. આપણે કદિપણ એમ કરવું જોઇએ નહિ. આપણા માટે એજ યોગ્ય છે કે હમેશાં સત્ય માર્ગપર દૃઢતાપૂર્વક ગમન કરવું, ઉદ્યોગપરાયણ રહેવું અને ઘટનાઓની લેશ પણ ચિંતા કરવી નહિ અને નિરંતર સ્મરણમાં રાખવું કે નિષ્ફલતામાં સફલતા રહેલી છે.

જૈન કોમમાં કેળવણી,

રા. રા. નરોત્તમદાસ બી. શાહ મુંબઇ.

છેલ્લાં બે વર્ષમાં મુંબઇ ઇલાકામાં સરકારી જીલ્લાની પ્રાથમિક, માધ્યમિક, તથા વિશિષ્ટ શાળાઓમાં અને કૉલેજોમાં ભણતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવનારા આંકડા મુંબઇ ઇલાકાના કેળવણી ખાતાના ઉપરી અધિકારી તરફથી બહાર પડેલા રિપોર્ટમાં નીચે મુજબ આપવામાં આવ્યા છે.

શાળાનું નામ.	૧૯૧૮ ની સાલમાં વિદ્યાર્થીઓની સંખ્યા.	૧૯૧૯ ની સાલમાં વિદ્યાર્થીઓની સંખ્યા.
પ્રાથમિક શાળા.	૧૬૭૧૪	૧૮૨૯૧
માધ્યમિક શાળા.	૨૪૫૮	૩૦૪૦
વિશિષ્ટ શાળા.	૩૫૩	૨૧૦
કૉલેજ.	૨૭૯	૨૨૮

ઉપરના આંકડા પરથી સમજી શકાશે કે કેળવણીની પ્રગતિ માટે પ્રતિ વર્ષે જૈન કોમમાં નવી નવી સંસ્થાઓ ઉત્પન્ન થાય છે છતાં પણ કોલેજમાં અભ્યાસ ચાલુ રાખનાર જૈન વિદ્યાર્થીઓની સંખ્યા પહેલાં વર્ષ કરતાં બીજા વર્ષમાં ઘટી ગઇ છે. જોકે ૧૯૧૮ ની સાલ કરતાં ૧૯૧૯ ની સાલમાં પ્રાથમિક શાળામાં ભણતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યામાં કંઇક વધારો થયેલો જણાય છે, તોપણ માધ્યમિક શાળામાં અભ્યાસ આગળ ચાલુ ન રાખનારની સંખ્યામાં ત્રણ ટકાનો વધારો થયો છે તે અત્યંત ખેદ ઉપજાવે તેવો વિષય છે. આ પ્રમાણે કોમના હિતના પ્રશ્નોમાં જેઓ રસ લે છે તેઓની કેળવણીના ક્ષેત્રમાં પ્રગતિ કરવાની ઇચ્છા ફળીભૂત થઇ શકી નથી. યોગ્ય બંધારણવાળી એક સંસ્થાની ખામી અને એકજ ધ્યેય

રાખી શકતા નથી તેઓને તેનાથી કિંમતી સહાય મળી શકશે. કેટલીક સંસ્થાઓની બાબતમાં એવું બન્યું છે કે સ્થાપના વખતે શરૂઆતમાં લોકો તરફથી ઘણોજ ઉત્સાહ દર્શાવવામાં આવે છે અને પાછળથી કોઇ પણ જાતનું સતોષકારક પરિણામ લાવ્યા વગર કાર્યવાહકોની નબળાઇને લીધે અધવચથી તજી દેવામાં આવે છે. તેવું આ યોજનાના સબંધમાં નહિ બને એમ આશા રાખવામાં આવે છે. આ ઉપરાંત વ્યાપારી તરીકે જેનો પૈસા રળવામાં રચ્યાપચ્યા રહે છે. તેઓએ સમજવું જોઇએ કે આ ક્ષિણ જીવનમાં દ્રવ્ય સંચય કરવામાં મંડ્યા રહી ક્ષણિક કીર્તિ મેળવવા કરતાં કંઇક વિશેષ સારી વસ્તુ મેળવવાની છે.

શું જગત્ કર્તા ઈશ્વર છે ?

રા. રા. નંદલાલ હઠલુભાઇ વકીલ.

વર્તમાન યુરોપમાં ચાલતી લડાઇએ જગતને ઘણુંજ શિક્ષણ આપેલું છે. સાંસારિક અને રાજપદ્ધારિક દૃષ્ટિથી તપાસતાં તેમાંથી ઘણું ઘણું જાણવાનું, જોવાનું અને અનુભવવાનું મળ્યું છે. રાજ્ય અને રૈયત વચ્ચે કેવો સંબંધ હોવો જોઇએ તેનું અદ્ભુત શિક્ષણ ઉભયને પ્રાપ્ત થયું છે. રાજકર્તા પુરૂષોના વિચાર, વાણી, અને કૃતિમાં પરિવર્તન થયું છે, તેમજ રીતે પ્રજામાં પણ થયું છે. પ્રજાને પોતાના સ્વરૂપ અને હક્કનું જ્ઞાન થયું છે. સ્વાર્થસાધકતા અને સ્વાર્થત્યાગ એ બેમાં શો તફાવત છે, અને તેમાંથી ઉદયને માટે શેનો આદર કરવો જોઇએ તેના વિચારો થાય છે. સ્વોન્નતિ, સ્વમાન, સ્વહક્ક, સ્વરાજ્ય, ઇત્યાદિ શબ્દોમાં શું ગૂઢ રહેલું છે તેનો બોધ થયો છે. તેજ પ્રમાણે તત્વજ્ઞાનની દૃષ્ટિથી જો આપણે તેમાંથી કાંઇ મેળવવાનો પ્રયત્ન કરીયે તો તેમાં પણ આપણે ઘણું મેળવી શકશું.

પ્રાચીન કાળમાં હિંદુસ્થાનમાં જે લડાઇઓ થતી હતી, તેમાં ઘણી ખરી લડાઇઓ જુદી જુદી જાત અને જુદા જુદા ધર્મ માનનારા વચ્ચેની હતી તેમજ એક જાત વચ્ચે જુદા જુદા હેતુથી થતી હતી. એમ ઇતિહાસ વાંચવાથી આપણે જાણીયે છીયે. દૈવ અને દૈત્ય, મનુષ્ય અને રાક્ષસ, હિંદુ અને મુસલમાન, વચ્ચેની લડાઇઓ તેમાં મુખ્ય છે.

વર્તમાન લડાઇ એક જાતિની ખ્રીસ્તિ પ્રજા વચ્ચે છે. તેઓમાં જેઓ ઇશ્વરને માનનારા છે તે એક ઇશ્વર-ઇશુ-ને માનનારા છે, ભજનારા છે અને પુજનારા છે. તેઓ, ઇશ્વરે આપણને પેદા કર્યા અને ઇશ્વર આપણને સુખ દુઃખ આપનાર છે; ઇશ્વરની મરજીથી સર્વ થાય છે, અને ઇશ્વર આપણને પાપથી મુક્ત કરનાર છે એમ માનનાર છે.

આ જગતનો કર્તા ઇશ્વર છે કે નહિ એ બાબત જુદા જુદા ધર્મના પુસ્તકોમાં ઘણો વાદવિવાદ છે, તે સાથે હાલ આપણને કાંઇ કામ નથી અને તેમણે પોત પોતાના પક્ષને પ્રતિપાદન કરવા સારૂ જે જે કારણો આપેલા હશે તે જાણીને આપણે વ્હેમમાં પડવાનો આ વખત નથી, પણ વર્તમાન સ્થિતિ ઉપરથી વસ્તુતઃ આપણને જે જે વિચારો ઉત્પન્ન થાય છે તેનેજ અત્રે વિચાર કરવાનો છે

જો જગતનો કર્તા ઇશ્વર હોય અને જો ઇશ્વરે તેઓને બનાવ્યા હોય તો પછી જર્મન પ્રજાના મતમાં પોતાના બંધુ, એકજ પિતાના પુત્રો, એકજ ધર્મે પાળનાર અને સાંસારિક સગાં, તેઓના વિરૂદ્ધ લડાઇ ઉઠાવવાનો વિચાર કેમ ઉત્પન્ન થયો? વિચાર ઉત્પન્ન થયો એટલુંજ નહિ પણ તેમનો નાશ કરવા તેમના ધન, માલ, પ્રાણ અને દેશ છીનવી લેવા અને તેવા પ્રકારનું જ્ઞાન પોતાના દેશમાં ફેલાવવાને ઇશ્વરે તેમનામાં બુદ્ધિ કેમ ઉત્પન્ન કરી? શું જર્મન અને તેના પક્ષમાં રહેનાર અને મિત્ર રાજ્ય અને તેમના પક્ષમાં રહેનારના ઇશ્વર જુદા જુદા છે? જો એક ઇશ્વર છે, અને તેણેજ બધાંને ઉત્પન્ન કરેલા છે અને તેની ઇચ્છા વિના એક સળી પણ ચાલી શકતી નથી એમ માનવામાં આવે તો તેમણે આ ઘોર સંગ્રામ, ઘોર વૈ-મડ કતલ કરેલા પ્રમાણે આ સુપરેલી દુનીયાનો નાશ થાયછે, તેનો નાશ કરવાને પરસ્પર દ્વેષ ઉત્પન્ન કરવાની બુદ્ધિ જર્મન પ્રજામાં કેમ ઉત્પન્ન કરી? શું આ લડાઇ ઇશ્વરઇચ્છાથી થઇ છે કે ઇચ્છા વિના? તેના જાણપણામાં થઇ છે કે અજાણપણામાં? આ લડાઇ ઉભી કરવાની પ્રેરણા કરવાને ઇશ્વરને શું કારણ મળ્યું? લડાઇમાં મનુષ્ય અને પ્રાણીઓને કેવું કેવું દુઃખ પડતું હશે અને તેમનો નાશ કેવી રીતે થાય છે તેનો દયાજનક અને કમકમાટ ઉપજાવનાર વિચાર તો જેઓ તે જગ્યાએ હાજર રહી નજરેનજર જોનાર હશે તેમના (મનમાં) ધ્યાનમાં આવી શકે. આપણે પોતાની લડાઇની હકીકત જાણનાર, હારજીતના ખબર મેળવનારના ધ્યાનમાં એ વિચાર આવવો જ મુશ્કેલ છે.

લડાઇથી કેટલાક દેશ, પ્રગણાં અને આખા ગામના ગામ નાશ થઇ ગયા છે. રાજાઓ અને શ્રીમંતો ઘરબાર વિનાનાં અને રંક થઇ ગયા છે. જેઓને રહેવાને માટે મોટા મોટા દેવતાઇ બાગલાઓ હતા અને મોજ મેળવવાને માટે બગીચાઓ હતા, તેઓને રહેવાને હુ પછી પણ રહી નથી. જેઓ હજારોની કીંમતના વસ્ત્રાભુષણ પહેરતા હતા તેઓનું સર્વસ્વ નાશ પામી ગયું છે. જેઓના એક ટકના ભોજનની કીંમત પાઉન્ડોની સંખ્યાથી અંકાતી તેમને પેટપુરતી ભાખરી કે પાંઉની કટકી પણ મળવી મુશ્કેલ થઇ છે. રાજ્યકર્તાને ખાવાની વસ્તુઓ ઉપર કાયદા કરી અંકુશ મુકવાનો પ્રસંગ ઉત્પન્ન થયો અને કોઇ પણ માણસ પોતાની ભુખ પુરતું અનાજ કે ખોરાક ખાઇ શકે નહિ, પણ અમુક મર્યાદા પુરતુંજ ખાઇ શકે એવો અંકુશ મુકાઇ ગયો છે. આ સ્થિતિ શું ઓછુ દુઃખ ઉત્પન્ન કરનારી

છે? આ સ્થિતિ શું ઈશ્વરે પેદા કરી? જો ઈશ્વરે ઉત્પન્ન કરી હોય તો પછી ઈશ્વરના મનમાં દયાળુપણાનો ગુણ ક્યાં રહ્યો? જે પિતા પોતાની સંતતિને આપસઆપસમાં લડાઇ ઉત્પન્ન કરાવી પોતે મોજમજા મેળવે, જે પ્રજા પોતાના તાબાની પ્રજાને આપસઆપસમાં લડાઇ ઉત્પન્ન કરી તેમનો અને તેમની મીલ્કતનો નાશ થવા દે અને રક્ષણ કરે નહીં, તેવો પિતા અને રાજા પોતાની પદવીથી લાયકાત ધરાવતા નથી એમજ ન્યાય બુદ્ધિવાળા માણસો માનશે. તેજ પ્રમાણે જે ઈશ્વર પોતે ઉત્પન્ન કરેલી સંતતિમાં અરસપરસ લડવાની બુદ્ધિ અને શક્તિ ઉત્પન્ન કરે, તેમનો ભયંકર અને ઘાતકી રીતે નાશ થવા દે, જીવતાઓને પણ અનેક રીતે દુઃખ થાય એવાં સાધનો ઉભા કરવાની બુદ્ધિ આપે, તેનામાં ઈશ્વરત્વ ક્યાં રહ્યું? જો જગત્કર્તા ઈશ્વર માનીયે અને આ લડાઇ ઈશ્વરઇચ્છાથી જ ઉત્પન્ન થઇ છે, તેની મરજી વિના પ્રાણી કાંઇ પણ કરવા સમર્થ નથી એમ માનવામાં આવે તો શું આ યુધરેલી ગણાતી પ્રજા અને વિજ્ઞાનમાં આગળ વધેલા દેશો ઉપર ઈશ્વરને દ્વેષ ઉત્પન્ન થયો શુ? કે તેમની ઉન્નતિ ઈશ્વરથી સહન થઇ શકી નહિ? કે તેમનામાં આપસઆપસમાં નાશ કરવાની બુદ્ધિ ઉત્પન્ન કરી છે? જો તેમ માનવામાં આવે તો, ઈશ્વર નિર્બળ અને દ્વેષિમાં ગણાય કેમકે નિર્બળ પ્રાણીયો જ બળવાનનો દ્વેષ કરે છે.

એક વખત એકની હાર થાય છે, બીજી વખત બીજાની હાર થાય છે, એમ આપણા જાણવામાં આવે છે. એવી રીતે હારજીતના તમાસા બાજીગર લોકની પેઠે કરાવવાથી ઈશ્વરને શું ફાયદો? શું ઈશ્વર આ તમાસો જોઇ ખુશી થાય છે? લડાઇ પૂર્વે એક વખત એવો હતો કે ફ્રેંચીયન સત્તા બળવાન ગણાતી હતી. હિંદુસ્થાનને કઇ પણ ભય ન રાખવાનું કારણ હોય તો ને ફ્રેંચિયા તરફનું જ ગણાતું, ને તેજ કારણથી સરહદ ઉપર બચાવનો ઓપકામ કરી તથા બચાવને વાસ્તે લશ્કરમાં વધારો કરવામાં આવતો અને અફગાનીસ્તાનના અમીરને પોતાના પક્ષમાં કાયમ રાખવાને તેને હિંદુસ્થાનની સરકાર ઇસાર લાખો રૂપિયાનું સાલીયાણું આપતી. તેજ ફ્રેંચીયન સત્તા હાલ કેવી નિર્બળ થઇ ગઇ છે? ફ્રેંચીયન રાજ્ય ગયું વિના રખડતો થઇ ગયો છે! ફ્રેંચીયન રાજ્યના કેટલા શહેરોનો નાશ થઇ ગયો છે? અને એ રાજ્યમાં અંધાધુંધી ઉત્પન્ન થઇ છે, એ શું ઈશ્વરે બનાવ્યું? અથવા ઈશ્વરના હુકમથી બન્યું છે? જો પ્રમાણે કરવાને ઈશ્વરને શું કારણ મળ્યું? શુ ફ્રેંચીયન પ્રજાનો ઈશ્વર રુઠ્યો છે? અથવા ઈશ્વરે ફ્રેંચીયન પ્રજાને નહોતી બનાવી? જો ઈશ્વરેજ બનાવી હતી તોપછી પોતાની બનાવેલી પ્રજાનો નાશ કરવાનું કારણ શું? ઇત્યાદિ ઇત્યાદિ સમય સમયે અંધાધુંધી ઉત્પન્ન થાય છે. જો જગતના કર્તા ઈશ્વર માનવામાં આવે તો તેની જુદા જુદા દેશની પ્રજાના જુદા જુદા

ઈશ્વર હોવા જોઈએ અને જો જુદા જુદા દેશની પ્રજાના જુદા જુદા ઈશ્વર હોય તો દરેક દેશના લોકમાં મનુષ્યત્વની જે ખાસીયતો એક પ્રકારની છે, તેવી હોય નહિ, પણ જુદા જુદા પ્રકારની હોય. આ બધી વાતોનો પરંપરાથી ચાલતી આવેલી અંધશ્રદ્ધાથી વિચાર કરવાનો નથી પણ સમ્યક્ જ્ઞાન અને ન્યાયબુદ્ધિથી વિચાર કરવાનો છે. અંધશ્રદ્ધાનો આ વિષય નથી.

આ જગતની અંદર દરેક વ્યક્તિ જુદી જુદી છે. તેઓના જીવ જુદા જુદા છે. જો બંધાના જીવ જુદા જુદા ન હોય અને એકજ હોય તો એકના સુખદુઃખનો અનુભવ બીજાને થવો જોઈએ, તે થતો નથી. જે જીવો સંસારથી મુક્ત થયેલા છે, જેમણે પોતાના આત્મામાં લાગેલાં શુભાશુભ કર્મનો નાશ કરી પોતાના આત્માને શુદ્ધ, નિર્મળ બનાવ્યો છે અને જેને સંસારમાં જન્મમરણ કરવાનું નથી એવાં મુક્ત જીવો સિવાય તમામ સંસારી જીવો જુદા જુદા છે અને તેઓ દરેકનાં કર્મ પણ જુદાં જુદાં છે. દરેક જીવ પોતે કરેલાં શુભાશુભ કર્મોનાં ફળ આ ભવમાં ભોગવે છે અને ભોગવતાં બાકી રહેતાં કર્મ માટે ફરી જન્મ લે છે. જીવ સમય સમય જુના કર્મના ઉદયના ફળ વિપાક ભોગવે છે, અને તે ભોગવવામાં માધ્યસ્થ્ય વૃત્તિથી નહિ રહેતાં રાગદ્વેષની પ્રવૃત્તિથી નવીન કર્મનો બંધ કરે છે. એણે અનંત કાળ સંસારચક્રમાં અજ્ઞાનદશાના યોગે જન્મમરણ કર્યા છે અને કરે છે.

જ્યારે જીવને શુદ્ધ નિમિત્ત યોગે સમ્યક્ જ્ઞાન પુર્વક પોતાના આત્મસ્વરૂપનું સત્ય સ્વરૂપ સમજાય છે ત્યારે નવીન કર્મબંધ ઓછા થાય અથવા સમુળગા ન થાય એવા પ્રકારની કાળજી રાખી સદ્વર્તનની શ્રેણી પર ચઢવા પ્રયત્ન આરંભે છે અને પોતાની આત્મસત્તા પ્રગટ કરવાને પ્રયત્ન કરે છે અને આત્મામાં જે નિજતીય તત્વ પુણ્યપાપરૂપ રહેલું છે તેનો નાશ કરવાને અપૂર્વ ઉદ્યમ કરી પરિણામે આત્માની શુદ્ધ સત્તા પ્રગટ કરે છે. આત્માના અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યગુણ પ્રગટ થવાથી જગતમાં રહેલા પદાર્થમાત્રને તે જાણે છે અને જુવે છે. જો જગતના જીવો જુદી જુદી વ્યક્તિ સ્વરૂપે ન હોય અને તમામ જીવો એકજ હોય તો એક જીવે એ પ્રમાણે કરેલા પુરૂષાર્થનો લાભ એકી વખતે તમામને મળે. પણ તે પ્રમાણે મળતો નથી, તેથી એમ પ્રતીતિ થાય છે કે દરેક વ્યક્તિના જીવ જુદા જુદા છે.

દરેક જીવ જુદા જુદા છે તેમ તેઓના કર્મો પણ જુદા જુદા છે. દરેક જીવને પોતાના કર્મવિપાક ફળ પણ જુદા જુદા ભોગવવા પડે છે અને તે ભોગવવા માટે જન્મમરણ ધારણ કરવા પડે છે. પુનર્જન્મ છે. જીવ કર્મથી મુક્ત થઈ પરમાત્મા થઈ શકે છે, અને તે મુક્ત થવાના ઉપાય છે એટલી વાતની આપણને ખાત્રી થઈ શકે છે,

પ્રતીતિ, ખાત્રી કે શ્રદ્ધા થાય તોજ આ વિષયમાં આપણે કંઇ પણ યથાયોગ્ય વિચારણા કરી શકીએ.

દરેક જીવના સુખદુઃખનો કર્તા તે જીવ પોતે છે. સુખદુઃખ તો તેણે પૂર્વે સંચય કરેલા શુભાશુભ કર્મના ફળવિપાકરૂપ છે. વર્તમાનમાં આપણે દરેક વ્યક્તિ જે સુખ દુઃખનો અનુભવ કરીયે છીયે, તે આપણા પોતાના જ પૂર્વે કરેલા શુભાશુભ કર્મના જે દલીયાં આત્માના પ્રદેશમાં લાગેલાં છે તેનું પરિણામ છે. એકે કરેલા શુભાશુભ કર્મનું પરિણામ બીજાને ભોગવવું પડતું નથી.

આપણે પોતાનો ઉદ્ધાર કરવો, ઉન્નતિની ટોચે પહોંચવું, એનો આધાર આપણા પોતાના શુભ વિચાર અને શુભ પ્રયત્ન ઉપર રહેલો છે. બેશક, તેમાં નિમિત્ત કારણો બીજા ઘણાં રહેલાં છે. જે જે નિમિત્ત કારણો છે તે તે નિમિત્ત કારણોનો સદુપયોગ કરવો એ આપણા પોતાના અખત્યારમાં છે સારા નિમિત્તો–સંજોગો–છતાં પણ જો આપણે પોતાની ઉન્નતિ માટે પ્રયત્ન નહી કરીયે તો આપણો ઉદય કદાપિ થવાનો નથી. આપણા આત્મામાં અનંત જ્ઞાન અને અનંત શક્તિ રહેલા છે. તે જ્ઞાન અને શક્તિને યોગ્ય ઉદ્યમથી ખીલવવા એ કેવળ આપણા પોતાના પુરૂષાર્થપર જ આધાર રાખે છે. જો આપણે પ્રમાદ કરી આપણા જીવનનો સદુપયોગ નહિ કરીયે, અને વૃથા કાળ ગુમારીશું તો પછી કદાપિ આપણો ઉદય થવાનો નથી. આવા પ્રકારની સમ્યક્ શ્રદ્ધા આપણામાં ઉત્પન્ન કરવી એ આપણી દરેકની પહેલામાં પહેલી ફરજ છે.

ઉન્નતિના ઘણા પ્રકારો છે. વ્યવહારિક, સાંસારિક, ધાર્મિક કે આત્મિક, જાતિ ઉન્નતિ કે દેશ ઉન્નતિ, ગમે તે પ્રકારની ઉન્નતિની ઇચ્છા આપણામાં હોય, પણ તે દરેકમાં ઉન્નતિનું મુખ્ય તત્વ તો ઉપર બતાવેલું તેજ છે. પોતાની સ્વોન્નતિ માટે પોતે એકલાએ વિચાર અને પુરૂષાર્થ કરવાનો છે. અને સમુદાયની ઉન્નતિ માટે સમુદાયે એકસંપી, એક દીલથી વિચાર અને પુરૂષાર્થ કરવાનો છે. આપણે જ આપણા પ્રારબ્ધના બનાવનાર છીયે. ઇશ્વરનો તેમાં કંઇ પણ સંબંધ નથી. એમ જ્યારે માનીયે ત્યારે શું જગતમાં ઇશ્વર નથી એ પ્રશ્ન સ્વાભાવિક ઉત્પન્ન થાય છે. બેશક, ઇશ્વર તો છે અને તે જ્ઞાની છે તે જગતની વ્યવસ્થા પોતાનાં જ્ઞાનથી જાણે છે અને દેખે છે. તેને તો કોઇ જીવ પોતાનો કે પરાયો છે જ નહી. તે કોઇને સુખ આપતો નથી કે કોઇને દુઃખ આપતો નથી અને તે જગત બનાવવાની ઉપાધી કે ખટપટ કરતો નથી. જે સિદ્ધ પરમાત્મા છે, તેજ ઇશ્વર છે. જેઓ સિદ્ધ પરમાત્મા થયેલા છે તેમણે જે જે ઉપાયોનો ઉપયોગ કરેલો છે તેનો આપણે ઉપયોગ કરીયે; તેમના માર્ગે ગમન કરીયે તો આપણે પણ ઇશ્વરત્વની સ્થિતિપર પ્રાપ્ત કરી શકીયે. આ જગત અનાદિ છે. વસ્તુમાત્રમાં ઉત્પન્ન થવાનો અને

નાશ થવાનો, તથા પ્રવાહ સ્વરૂપે કાયમ રહેવાનો સ્વભાવ છે. સંયોગ અને વિયોગ એ તેના ધર્મ છે. કાળ, સ્વભાવ, નિયતિ (ભવિતવ્યતા) જીવોના કર્મ અને ઉદ્યોગ એ પાંચ નિમિત્તથી સર્વ પદાર્થો પોતપોતાના કાર્ય કરે છે. પદાર્થના સંયોગમાં આ પાંચજ નિમિત્ત છે પદાર્થ માત્રમાં અનંત શક્તિ રહેલી છે.

અનાદિ કાળથી જીવ અને અજીવ એ બે મુખ્ય તત્વો જગતમાં છે. આપણે બધા સંસારિ જીવો છીયે આપણે પ્રત્યેક જુદા જુદા છીયે, એ વાત તો પ્રત્યક્ષ પ્રમાણભૂત છે. એના માટે વિશેષ વિચારણાની જરૂર નથી. જો આપણે બધા એક હોઇયે તો પછી આપણી દરેકની પ્રકૃતિ, સ્વભાવ,–રહેણી કરણી, વિગેરે સખ્યાબંધ બાબતોમાં ભિન્નતા જોઇયે છીયે, તે હોની નહી જોઇએ. બેશક, આપણા દરેકમાં ચૈતન્ય લક્ષણ છે. તે તથા જીવનું સ્વરૂપ એક પ્રકારનું છે. આપણા દરેકના શુભાશુભ કર્મ જે પુણ્ય અને પાપ તત્વના નામથી ઓળખાય છે તે જુદા જુદા છે, તેથી આપણે સુખદુઃખનો અનુભવ જુદો જુદો કરીયે છીએ. વિચાર આ ઠેકાણે જ કરવાનો છે, કે આપણે જે શુભાશુભ કર્મ કરીયે છીએ તે આપણે પોતાના સ્વતંત્ર વિચારથી કરીયે છીયે કે તે ઇશ્વર કરાવે છે? આપણે જે કાઇ કૃત્ય કરીયે છીએ તે આપણે પોતાના સારાસાર વિચારથી કરતા નથી અને ઈશ્વર આપણને પ્રેરણા કરે છે તે પ્રમાણે કરીયે છીએ, તો પછી આપણે દરેકે વ્યવહારિક કે ધાર્મિક કળવણી લઇ આપણા વિચારો અને આચાર સુધારવા જે પ્રયત્ન કરીયે છીએ તે કરવાની જરૂર રહેતી નહિ કેમકે આપણે જે કાઇ કરીએ છીયે તે આપણી પોતાની ઇચ્છા કે મરજીથી કરી શકતા નથી, પણ આપણી પાસે ઇશ્વર કરાવે છે. જેમ લશ્કરમાં રહેનાર સીપાઇઓ લડાઇના પ્રસંગ પોતાના મરજીથી કઇ પણ કરી શકે નહિ પણ પોતાના ઉપરી–કમાન્ડરના હુકમ પ્રમાણેજ લડાઇનું કામ કરી શકે ને તેથી આખી પલટણનો નાશ થવો કે જયાવ થવો, કે યશ અપયશ મળવો તે ઘણે ભાગે તે પલટણ કે ટુકડીના ઉપરી ઉપર આધાર રાખે છે. તે દરેક ટુકડી કે પલટણના ઉપરી જુદા જુદા હોય છે. તેમ જો આપણે સર્વે ઇશ્વરના હુકમ પ્રમાણે કરીએ છીયે એમ માનીયે તો દરેક જાત, સમુદાય, પ્રગણા કે દેશના ઈશ્વર પણ જુદા જુદા છે એમ સાબીત થાય અને તેમ ઠરે તો આખા જગતનો ઈશ્વર કર્તા છે એ વાત સત્ય ઠરતી નથી. આ વિષય ઘણોજ વાદરૂપ છે, તેમાં સત્ય શું છે તેના વિચાર આપણે કેવી રીતે કરવા તેટલા માટેજ આ પ્રયત્ન કરેલો છે. કોઇની પણ લાગણી દુઃખાવવાનો ઉદ્દેશ નથી. ઈશ્વર પરમાત્મા છે પણ જગતનો કર્તા છે કે નહિં? તેની યોગ્ય વિચારણા કરવામા આવશે તો આપણે આપણ પોતાનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તેનું જ્ઞાન પ્રાપ્ત કરી શકશું. અને આપણે આપણી સ્વોન્નતી માટે પરાવલંબી નહિ થતાં સ્વાવલંબી થઇ શકશું.

અમદાવાદના નગરશેઠનું ઉપયોગી ફરમાન.

પવિત્ર તીર્થશ્રી સિદ્ધાચળજીના રક્ષણની બાબતમાં આ શહેરના એક મોહમેદન કાજી કુટુંબના વડીલોએ આપણા પવિત્ર તીર્થશ્રી સિદ્ધાચળજીનું મુગલ બાદશાહ ઔરંગઝેબના વખતમાં રક્ષણ કર્યું તેની ખુશાલીમાં શેઠ આણંદજી કલ્યાણજીની કમીટીના પ્રમુખ નગરશેઠના વડીલ શાંતિદાસ શેઠ તે મુસલમાન કુટુંબને જરૂર પડે ત્યારે જૈન કોમે મદદ આપવી તે માટે તેમને કરી આપેલ એક ફરમાન

> ઉર્દુમાં શીક્કો
> બાદશાહે અલી
> ઔરંગઝેબ

સંવત ૧૬૯૫ ના વરસે પોષ શુદ ૫ ને વાર રવિ દીને તારીખ ૧૭ માહે રમઝાન સને ૧૦૪૯ ના હીજરીના જ૦ કાજી ઈબાદુલ્લા વિ. કાજી અબ્બાશેરી અંત્રેની ગાદીવાળા જોગ લી૦ નગરશેઠ શાંતીદાસ શેશકરણ જ્ઞાતે શ્રાવક વાણીયા રહેવાસી શહેર અમદાવાદનાં જત તમો શહેર અમદાવાદની મહમદનાં દીનની સરંયતની ગાદીના મુખતીઆર હોવાથી બાદશાહે અવરંગજેબ તરફથી તમારી ઉપર અમારો સીદ્ધાચળ નામનો ડુંગરો ઉપરના દેરાં તથા દેવળો પાડીને નાશ કરવાનો હુકમ આવેલો તે બાબતમાં તમે ઘણીજ ઇકરારથી અમારા શ્રાવકનાં મદદ કરવાને ભાટ લોકોનાં આઠ દશ મરણ થયા. પણ હરેક રીતે બાદશાહને સમજાવીને તે દેવળો તથા દહેરાં આબાદ રાખેલા છે તેના ઇનામમાં અમો રાજી થઇને તમોને રૂપીઆ લાખો આપતાં પણ નામોસી છે તેથી તમોએ લીધેલા નથી એટલે આ બાદશાહી ફકકો દિલ્હીએથી મંગાવીને લખી આપીએ છીએ કે આરે ધર્મની અંદર જે શ્રાવક વાણીયાઓના વંશમાં વસે છે તે તમારા એટલે કાજી ઈબાદુલ્લાના વંશના કાજીની બનતી કોશીશ કરીને ઘણી સારી રીતે મદદ કરવી જરૂર છે એટલે તમારા વંશમાંના કાજીની ઓલાદમાં કોઇ પણ ગરીબ હાલતે આવી પડે જેવી રીતે બની શકે, અથવા જેવી રીને તમો મદદ માંગો તેવી રીતે આપવાથી શ્રાવકનો દીકરો ફરે તો કુળ સુવ્રતના શાસ્ત્રથી ફરે. આ લખોટો અમારી રાજી ખુસીથી કરી આપ્યો છે, તે અમ શ્રાવક વાણીઆ જ્ઞાતીને કબુલ મંજુર છે સહી.

અત્ર ઘુણીઆ અદાજીની સહી ઃ પોતે. મતુ તત્ર સાંઘીદાસ શેશકરણની સહી ઃ પોતે શાખ

ઉર્દુ સીક્કો

અલી અલકદર અબદુલરહીમ

ઉર્દુ શીક્કો

ઉર્દુ શીક્કો

ઉર્દુ શીક્કો

અલીઅલકદર હમીદ બાદશાહ અલીકદર ઔરંગજેબ હજરત મુલમાત ફર્મા

હીજરી ૧૧૧૮

અસલ ઉપરથી નકલ

રજુ કરનાર ઇબદુલ્લા કાજીના વંશજો

કાઝી મહમદભાઇ નનુભાઇ

કાઝી કરીમભાઇ રહેમાનભાઇ

આત્માનંદમાં વિહરતા ઉચ્ચ કોટિના મનુષ્યનું જીવન કેવું હોય છે?

(ઉદ્ધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ)

આત્માનંદ તણી શી ઊર્મિ ઊછળે,
જ્યારે મીઠી નિદ્રા લેતું વિશ્વ જો,
સુખદુઃખ જીવન મરણતણી જે ભાવના;
જેથી જાગે અંતર જેવું સદૈવ જો—આત્મા૦ ૧
વીણાના ઝંકારસમા એ નાદ છે,
સંગીત જેમાં હૃદયસુરો લય થાય જો,
એ ઊંકાર તણા ધ્વનિઓ પ્રકટી રહે,
ચિત્તવૃત્તિમાં અગીરસ શું ઉભરાય જો—આત્મા૦ ૨
ક્ષણક્ષણમાં જે સત્ત્વ જગતનું ચૂસતા,
રાગદ્વેષ રૂપી બે દૈત્ય કરાલ જો,

બળ તેનું નિઃસત્ત્વ[1] કરી સંગ્રામમાં,
અદ્ભુત યોગ વિષે વહતો શુભ કાલ જો—આત્મા૦ ૩
જીવનની શુભ પુણ્યક્ષણો પ્રકટાવતી,
નિર્મલ શાંતિ સરોવર લહરી જન્ય જો;
શુદ્ધ ચેતના સ્મરણપથે જેને થઈ,
જન્માન્તરની વિસ્મય[2]મૂર્તિ ધન્ય જો—આત્મા૦ ૪
ક્ષણજીવી[3] તુષાર[4] ઉષાને[5] ઢાંકતી,
તૃષ્ણા તેમજ આવરતી જીવ તેજ જો;
અનુભવજ્ઞાન પ્રભા ઉદયાચળ આવતાં,
અળપાતી એ દેહબુદ્ધિમાં હેજ[6] જો—આત્મા૦ ૫
ઝગમગતી સંધ્યા જેમ ક્ષણક્ષણમાં સરે[7],
અંધારી રજનીમાં તેમ વિલાય જો;
જીવનજ્યોતિ જન્મમૃત્યુ પર્યાયમાં,
જ્ઞાનદૃષ્ટિથી એક-અખંડ કળાય જો—આત્મા૦ ૬
જેમ પલકમાં ચંદ્ર ઉદય પામ્યા પછી,
રાત્રિની નિદ્રા-અંધારૂં જાય જો;
પૂર્વપરિચિત સંસ્કારો અજ્ઞાનના,
દૂર દૂર સદ્જ્ઞાનરશ્મિથી[8] થાય જો—આત્મા૦ ૭
વિશ્વોનું ઐશ્વર્ય! તું સર્વ છે, પૂર્ણ છે,
સકલ દીનતાનું છે મહા[9] અવસાન જો;
પરમાત્મા શ્રી વીરતણા પગલે હવે,
સંચરવું સામર્થ્યવડે શિવસ્થાન જો—આત્મા૦ ૮

ફતેહચંદ ઝવેરભાઈ.

વર્તમાન સમાચાર.

શ્રી આત્માનંદ જૈન વિદ્યાલય ખુલ્લું મુકાયું.

જૈનાચાર્યશ્રી આત્મારામજી મહારાજના પ્રશિષ્ય મુનિમહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજના પ્રયાસથી ગોડવાડ-મારવાડ ઉદ્ધારક જે કાર્ય શરૂ થએલ છે અને જેમાં પ્રથમથી માદરીના શ્રી સંઘે ઉત્સાહભર્યો ભાગ લીધેલ જે દ્રવ્યસ્મના પ્રસંગે અનુભવ થઇ

૧ શક્તિ વગરનું. ૨ વિસ્મય પમાડે તેવું શુદ્ધ ચેતનાદર્શન. ૩ થોડા કાળ રહેનારી. ૪ ઝાકળ. ૫ પ્રાતઃકાળનો સમય વિશેષ. ૬ તરત. ૭ મળે. ૮ સમ્યગજ્ઞાનના કિરણોથી. ૯ છેલ્લું વિનાશસ્થાન—આત્માનો સંપૂર્ણ ઉત્કર્ષ થતાં સર્વ દીનતાનો વિનાશ થાય છે.

સુધ્યો છે, પરંતુ પાછળથી સાદડીના શ્રી સંઘનો જોઇએ તેવો ઉત્સાહ નજરે ન આવવાથી મહારાજશ્રીએ પોતે કોન્ફરન્સના મંડપમાં બોલાએલ બોલને માન આપી પંજાબના વિહારની ઇચ્છા કરી, સાદડીથી સીધા મુડારા ગામ થઇ ખુડાલા ગામ પધાર્યા. દરમીયાન ગામવાળાને ખબર પડતાં મહારાજને પ્રાર્થના કરી વિહાર અટકાવી, કોઇ કારણ પ્રસંગથી સેસલી તીર્થ જે નાગીથી દેટેક ગાઉ છે ત્યાં ગોડવાડ મહાજન એકઠું મળ્યું હતું તેને ખબર આપતાં ત્યાંના પંચે નિર્ણય કર્યો કે ગમે તે ભોગે પણ આ કાર્ય અવશ્ય કરવું, ને મહા સુદી તેરશનું મુહૂર્ત કાલના રવેશનની ધર્મશાળામાં સાચવવું. આ નિશ્ચય મહારાજશ્રી ને જણાવી ખુડાલા ગામથી ગોડવાડના ગામોમાં આમંત્રણ પત્રિકા મોકલી આપવામાં આવી છે. આ શુભ કાર્ય ભાંગી પડતું પાછું પગભર ઉભું કરવાવાળા સજ્જનોને ધન્યવાદ ઘટે છે. ખાસ કરી પ્રારંભમાં જેમ સાદડીના શ્રી સંઘે ભાગ લીધો હતો તેમ આ વખતે બાલી અને ખુડાલાના શ્રી સંઘે ભાગ લીધો છે. માટે એમને પણ ધન્યવાદ આપવો યોગ્ય છે. આવનાર સદ્ગુરુસ્વૌની આગતા-સ્વાગતને માટે ખુડાલાના શ્રીસંઘે માથે લીધેલ છે.

હાલમાં અમારા જાણવામાં આવ્યું છે કે ઉક્ત જૈન વિદ્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું છે. જેથી અમે અમારો આનંદ જાહેર કરીયે છીયે.

ઇનામ આપવાનો મેળાવડો.

શ્રી રાજનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધાર્મિક પરિક્ષાની સંસ્થાએ ભાદરવા માસમાં લીધેલ પરીક્ષાનો ઇનામનો મેળાવડો આ સંસ્થા તરફથી તા ૧-૧-૨૦ ના રોજ આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજી મહારાજની હાજરીમાં કરવામાં આવ્યો હતો. પ્રથમ ગત વર્ષનો રીપોર્ટ વાંચી સંભળાવ્યા બાદ, પાસ થયેલ વિદ્યાર્થીઓને તથા કન્યાઓને ઇનામો તથા સર્ટીફીકેટો આપવામાં આવ્યા હતા ત્યારબાદ ઉક્ત આચાર્ય મહારાજના ઉપદેશથી કેટલાક સદ્ગુરુકરથોએ આવની સાલની પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થી તથા કન્યાઓને ઇનામ આપવા માટે જુદી જુદી રકમ આપવા ઇચ્છા જણાવી હતી. ત્યારબાદ મેળાવડો વિસર્જન થયો હતો.

ગ્રંથાવલોકન.

"પારસમણી યાને હૃદયતેજ."

મુંબઇના જાણીતા દૈનીક પત્રો સાથે લગભગ વીસ વર્ષથી સંબંધ ધરાવનાર જાણીતા લેખક ઝવેરી સાકરચંદ માણેકચંદ ઘડીયાળી તરફથી તૈયાર થયેલું સુંદર બાઇન્ડીંગ અને છપાઇવાળું "પારસમણી યાને હૃદયતેજ" નામનું પુસ્તક અમને અવલોકનાર્થે મળ્યું છે જે અમે આભાર સાથે સ્વીકારીએ છીએ.

એ પુસ્તકનું અવલોકન અમે સાવંત કર્યું છે અને તેથી અમને કહેવાને જરાપણ સંશય નથી થતો કે આવા પુસ્તકો ગુજરાતી ભાષાના ગૌરવ રૂપ છે અને એવા બીજા અનેક પુસ્તકો જો દૌંદની દરેક ભાષામાં પ્રગટ થાય તો તે ઇચ્છવા યોગ્ય છે. પારસમણી યાને હૃદયતેજ એવા નામથી લેખક પોતાના પુસ્તકને ઓળખાવે છે તે યોગ્યજ છે અને જેઓને પોતાના ઉપર, બીજાઓ ઉપર, દુનીઆ ઉપર અને બ્રહ્માંડ ઉપર કાબુ મેળવવો હોય તેઓ જો આ પુસ્તક વાંચશેતો તેઓને ઘણો લાભ થયા વગરજ નહિ રહે.

" The first study of mankind is man " એ વાક્ય જાણીતા કવિરત્ન પોપ (Pope) લખી ગયો છે. એ વાક્યને કર્તાએ આખા પુસ્તકમાં લંબાણથી ઘટાવી મનુષ્ય પોતાનામનોરાજ્ય ઉપર જય કેવી રીતે પ્રાપ્ત કરી શકે તે ચરમ ભાષમાં સારી રીતે દર્શાવ્યું છે અને તે વાંચી પોતાના ઉપર તેમજ દુનિયાના દરેક પદાર્થ ઉપર જય મેળવવા શું કરવું જોઇએ તે દરેક જણ શીખશે તો પોતાના મન ઉપર, દેહો ઉપર, ઇચ્છાઓ ઉપર અને દરેક ચીજ ઉપર જીત મેળવવાનો માર્ગ તેને આ પુસ્તક વાંચવાથી મળ્યા વગર નહિ રહે.

કર્તાએ પોતાના દેશ બધિવોને પોતાનું પુસ્તક અંતરના પ્રેમ સાથે અર્પણ કરતાં જે વિચારો જણાવ્યા છે તે મનન કરવા યોગ્ય છે. પુસ્તકનો ઉપોદ્ઘાત જાણીતા વિચારક અને લેખક " જૈન હિતેચ્છુ " અને " જૈન સમાચાર " ના અધિપતિ મી. વાડીલાલ મોતીલાલ શાહે લખેલ છે, જે પણ ખાસ ધ્યાન ખેંચનારી છે.

તેઓ જણાવે છે કે આ પુસ્તકમાં આશાવાદ ઉપયોગી હીપ્નોટીઝમ રચલે રચલે દણીગોચર થાય છે અને તે કારણથી આવા પુસ્તકો સમાજને આશીર્વાદ રૂપ થઇ પડે એમાં શક નથી. આ પુસ્તકનું નામ પારસમણી છે કે જે Will (ઇચ્છા શકિત) માટે મૂકાયેલો શબ્દ છે. માણસની બુદ્ધિને ઇચ્છા શકિતનો સ્પર્શ થતાંજ શકિત ઉત્પન્ન થાય છે—પ્રકૃતી નીકળે છે અને ચકિત સઘળા વિનયનું, સઘળા આનદનું, સઘળા જ્ઞાનનું, મૂળ છે. ઉભરાઇ જતી શકિતજ મનુષ્યને ખરા અર્થમાં ઉદાર ચરિત બનાવી શકે. ઉભરાઇ જતી શકિતજ દુઃખો અને સંકટોને પોતાના પ્રગતિનું સાધન બનાવી શકે. ઉભરાઇ જતી શકિતને લક્ષ્મી આદિ જે ચીજો માણસની જાતને નિર્માલ્ય બનાવે છે તેજ ચીજોને એક રમકડા કે હથીયાર તરીકે વાપરી તેમાંથી પોતાનો આનંદ મેળવવા સાથે પોતાને વધુ શકિતમાન બનાવવાની કળા આપી શકે. બધો સવાલ શકિતનો છે અને શકિતનું ઘર " Will " (ઇચ્છા બળ) છે, Will ને જગાડી તો શકતિ અવશ્ય પેદા થવાની. પછી એ શકિતને વધુ ખીલવવા માટે શારીરિક શ્રમ, મનોનિગ્રહ ધ્યાન આદિ સાધનોનો ઉપયોગ કરી શકાય.

એ શકિત ખીલવવી તેને લેખક સ્વરાજ્ય કહેવા માગે છે જેનો માર્ગ પુસ્તકને પાને પાને દર્શાવવામાં આવ્યો છે જે વાંચવા અને તેનો અભ્યાસ કરવા અમે દરેકને ભલામણ કરીએ છીએ.

પારસમણી માને હૃદયતેજ—કિંમત રૂપિયા બે—કર્તા અને પ્રકાશક ઝવેરી સાકરચંદ માણેકચંદ ઘડીયાળી પારસી ગલી મીરઝાસ્ટ્રીટ—મુંબઇ ન.. ૩

મુનિરાજ શ્રી રત્નવિજયજીનો સ્વર્ગવાસ—ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ સુરીશ્વરના પ્રશિષ્ય મુનિરાજ શ્રી લબ્ધિવિજયજીના સુશિષ્ય મુનિરાજ શ્રી રત્નવિજયજી શ્રી સુરતથી શ્રી શત્રુંજય તીર્થની યાત્રા માટે નીકળેલા શ્રી સંઘ સાથે ભરૂચ આવતાં માત્ર ટુંક મુદતની તાવની બીમારીમાં પંચાશ વર્ષની ઉમરે આ માસની શુદ ૮ શુક્રવારના રોજ સંજ્યા પંચવાગે સ્વર્ગવાસ પામ્યા છે. ઉકત મહાત્મા સ્વભાવે શાંત સરલ અને ચારિત્ર પાત્ર મુનિ હતા. પાટણ તેઓશ્રીની જન્મ ભૂમિ હતું. સોળ વર્ષ દીક્ષાપર્યાય પાળી અંત સમયે પવિત્ર સિદ્ધગીરીની ભાવના ભાવતાં કાળ ધર્મ પામ્યા છે. જેને માટે એક મુનિ રત્નની ખોટ પડી છે અમો અમારી દિલગીરી જાહેર કરીએ છીએ. તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ.

श्री

આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यनिर्भूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

પુસ્તક ૧૭] વીર સંવત્ ૨૪૪૧, જેષ્ટ. આત્મ સંવત્ ૨૪. [અંક ૧૧ મો.

શ્રી જિનેશ્વર સ્તુતિ.

ઇંદ્રવજ્રા.

સમ્યકત્વ કેરી કુલમાળ જેમાં,
ખીલી રહી છે અતિ પૂર્ણતાથી,
સૌ ધર્મ કેરા તરૂના સમૂહો,
શોભી રહ્યા જ્યાં સુખ આપનારા.
જેમાં પ્રવેશી ભવિ ભૃંગ વૃંદ,
ભૂં ભૂં કરે છે હણીને સ્વકર્મો;
જીનેશના બોધની વાટિકા તે,
દર્શાવતી મોક્ષતણો જ પંથ.

૭૯૮

પર પડેલી આપત્તિને લઇને હમેશાં શોકાતુર રહેવા લાગ્યો અને પોતાનાં ભાગ્યને જ દોષિત ગણવા લાગ્યો. આ કારણથી તે પોતાની પ્રતિકૂળ દશાઓનો દાસ બની રહ્યો આ ઉપરથી સમજી શકાશે કે ધનહાનિને લઇને એક મનુષ્ય દુઃખી થયો, કારણ કે તેનાં મનમાં નાના પ્રકારના કુત્સિત વિચારો ઉત્પન્ન થયા હતા. પરંતુ તેજ કારણથી બીજા મનુષ્યને સુખ અને લાભનો અનુભવ થયો, તેનાં મનમાં નવીન શક્તિ અને આશાનો સંચાર થયો અને તેણે મહા પરિશ્રમ અને ઉત્સાહપૂર્વક કાર્ય કર્યું.

જો ઘટનાઓમાં લાભ અથવા હાનિ પહોંચાડવાની શક્તિ રહેલી હોય તો સમસ્ત મનુષ્યોને એક સરખા લાભ વા હાનિ થવા જોઇએ. પરંતુ જ્યારે એક જ ઘટનાથી એક મનુષ્યને લાભ અને બીજાને હાનિ થાય છે ત્યારે તો તેનાંથી એટલું તો સિદ્ધ થાય છે કે લાભ કે હાનિ એ ઘટનામાં નથી, પરંતુ જે મનુષ્યને એ ઘટનાની સામે થવું પડે છે તેનાં મનમા જ છે. આ વાત તમારા સમજવામાં પુરેપુરી રીતે આવશે ત્યારે તમે તમારા પોતાના વિચારો ઉપર અધિકાર મેળવવા યત્ન કરશો, તમારાં મનને વશ કરવાનો તથા તમારા આંતરિક મંદિરને પુનઃ બનાવવાનો આરંભ કરશો. તમે એ મંદિરમાંથી વ્યર્થ કુત્સિત વિચારોનો બહિષ્કાર કરશો અને કેવળ હર્ષ અને શાંતિ, શક્તિ અને જીવન, પ્રેમ અને અનુકંપા, સુંદરતા અને નિત્યતાના વિચારો ભર્યા કરશો અને જ્યારે તમે આમ કરશો ત્યારે તમે પ્રસન્ન ચિત્ત અને શાંત, દૃઢ અને સ્વસ્થ, પ્રેમાળ અને દયાળુ સ્વભાવના બની જશો.

જેવી રીતે આપણે ઘટનાઓને આપણા જ વિચારોનો પોશાક પહેરાવીએ છીએ, અર્થાત્ ઘટનાઓને આપણા જ વિચારોના રૂપમાં પરિણત કરીએ છીએ તેવી જ રીતે આપણે આ સંસારમાં આપણી ચારે બાજુના પદાર્થોને પણ આપણા વિચારોનો પોશાક પહેરાવીએ છીએ. જ્યાં એક મનુષ્યને શાંતિ અને સુંદરતા દૃગોચર હોય છે ત્યાંજ બીજાને અશાંતિ અને કુરૂપતાનું ભાન થાય છે. એક દિવસે એક ઉત્સાહી વિજ્ઞાનવેત્તા કોઈ ગામના રસ્તાઓમાં પોતાના ઇચ્છિત પદાર્થની શોધમાં ફરતો હતો. ફરતાં ફરતાં તે એક ખેતરની પાસે આવેલાં ખારાં પાણીનાં સરોવર પર આવી પહોંચ્યો. જ્યારે તે સૂક્ષ્મદર્શક યંત્ર વડે તે પાણીની પરીક્ષા કરી રહ્યો ત્યારે તેણે તેની પાસે ઉભેલા એક મૂર્ખ અશિક્ષિત ખેડુતના છોકરાની સમક્ષ તે સરોવરના સૂક્ષ્મ અને ગુપ્ત આશ્ચર્યજનક પદાર્થોનું ઉત્સાહપૂર્વક સવિસ્તર વર્ણન કર્યું અને કહ્યું કે "મિત્ર, આ સરોવરનાં પાણીમાં લાખો પ્રકારના જળજંતુ રહેલા છે." તે છોકરાએ વિચાર કરી જવાબ આપ્યો કે "હા, હું સારી રીતે જાણું છું કે તે પાણીમાં દેડકાંના અને માછલીના નાનાં નાનાં બચ્ચાં છે."

જુઓ, જેનું મગજ પ્રાકૃતિક વસ્તુઓનાં જ્ઞાનથી ભરેલું છે એવા એક પદાર્થ વિજ્ઞાનીએ જ્યાં વૈભવ અને સૌંદર્યનો અનુભવ કર્યો ત્યાં જે મનુષ્યનાં મગજમાં એ પ્રકારનાં જ્ઞાનનો અંશ માત્ર નથી તે દેડકાંના અને માછલીના બચ્ચાં સિવાય બીજું કાંઇ પણ જોઈ શકયો નહિ.

જે જંગલી પુષ્પને એક ચાલ્યો જતો મુસાફર વગર સમજે પોતાના પગ નીચે દાબી દે છે તે એક કવિના આધ્યાત્મિક નેત્રોને દેવદૂત સમાન ભાસે છે. સમુદ્રને ઘણા લોકો પાણીનો એક વિશાળ અને ભયંકર વિસ્તાર સમજે છે જેના ઉપર ઘણાં વ્હાણો ચાલે છે અને કોઇ કોઇ વખત નષ્ટ થઇ જાય છે. પરંતુ કોઇ ગ્રંથની દૃષ્ટિમાં સમુદ્ર એક જીવતીજાગતી વસ્તુ છે અને તેની લહરીઓમાં તેને દિવ્ય ગુણોનો ધ્વનિ શ્રવણગોચર થાય છે. જે સ્થળે સાધારણ મનુષ્યને ગરબડ અને અવ્યવસ્થા નજરે પડે છે તેજ સ્થળે તત્ત્વવેત્તા પુરૂષ કારણ કાર્યનો અવિનાભાવી સંબંધ નિહાળી શકે છે. જે સ્થળે નાસ્તિક અને જડવાદી પુરૂષને અનંત મૃત્યુ સિવાય બીજું કાંઇ દેખાતું નથી તેજ સ્થળે આસ્તિક પુરૂષને અજર અમર આત્માનું ભાન થાય છે અર્થાત્ કોઇ મહાન શક્તિનાં અસ્તિત્વનો બોધ થાય છે. જેવી રીતે આપણે ઘટનાઓ અને પદાર્થોને આપણા વિચારોથી વેષ્ટિત કરીએ છીએ તેવીજ રીતે આપણે બીજા લોકોના આત્માને આપણા પોતાના વિચારોના રૂપમાં પરિવર્તિત કરીએ છીએ. અર્થાત્ જેવા આપણે પોતે છીએ તેવાજ બીજાને સમજીએ છીએ. જે મનુષ્ય અવિશ્વાસી હોય છે તે સકળ સંસારના મનુષ્યોને તેવાજ સમજે છે. અસત્યવાદી મનુષ્ય એમ સમજીને દિલાસો લે છે કે આખા સંસારમાં એક પણ મનુષ્ય એવો નથી કે જે સંપૂર્ણતઃ સત્યવાદી હોય. ઇર્ષ્યાળુ સ્વભાવનો મનુષ્ય સર્વને પોતાની જેવાજ માને છે. કોઇ માણસ પોતાની પાસેથી પૈસા છીનવી લેશે એવો કૃપણ મનુષ્યને હંમેશાં ભય રહે છે. જે મનુષ્ય વેપારરોજગાર કરવામાં નીતિનું પાલન કરતો નથી તે સદા એમજ ધારે છે કે આ દુનિયા અનીતિવાન મનુષ્યોથીજ ભરેલી છે. જે મનુષ્ય વિષયવાસનાઓમાં રાતદિવસ લીન રહે છે તેઓ સાધુ મહાત્માઓને પણ ઠગી સમજે છે. આથી ઉલટું, જેના વિચારો ઉદાર, પવિત્ર અને પ્રેમયુક્ત હોય છે તેઓ બીજા લોકોની સાથે પ્રેમ અને સહાનુભૂતિથી વર્તવાનો પોતાનો ધર્મ સમજે છે. સત્યપરાયણ અને નીતિવાન મનુષ્યોને શંકા કે સંદેહથી કદિ પણ દુઃખ થતું નથી. ઉદારચરિત મનુષ્યો અન્ય માણસોની ઉન્નતિ જોઇને પ્રસન્ન બને છે અને ઇર્ષ્યા કોને કહેવાય તે પણ તેઓ જાણતા નથી. જે લોકોને પોતાના આત્મામાં પરમ સત્તાનો સાક્ષાત્કાર થયો હોય છે તેઓ પ્રાણી માત્રને અનન્ય પ્રેમદૃષ્ટિથી જુએ છે.

સમસ્ત શ્રી પુરૂષોને પોતાના માનસિક વિચારોની સત્યતા જે વાતથી સંપૂર્ણતયા પ્રતીત થાય છે તે એ છે કે જે વિચારોને તેઓ પોતાની અંદરથી બહાર દર્શાવે છે તે વિચારોને કાર્યકારણના અચલ નિયમાનુસાર તેઓ પોતાની તરફ આકર્ષિત કરે છે અને તે હેતુને માટે તેઓ પોતાની જેવા વિચારો ધરાવનારની સાથે સહવાસ રાખે છે. 'એકજ જાતનાં પક્ષી એક સાથે ઉડે છે અને એક સ્થાન પર બેસે છે' એ કહેવત અત્યંત મહત્વની છે; કારણકે સ્થૂળ જગતની માફક માનસિક જગતમાં પણ પ્રત્યેક વિચાર પોતાની જેવા સાથેજ સંબંધ રાખે છે. જો તમે એમ ઇચ્છતા હો કે અન્ય લોકો તમારી સાથે માયાળુપણે વર્તે તો તમારે પણ તેઓની સાથે તે પ્રમાણે વર્તવા યત્ન કરવો જોઇએ. જો તમારી એવી ઇચ્છા હોય કે બીજા માણસો તમારી સાથે સચ્ચાઇથી વ્યવહાર કરે તો પહેલાં તમે પોતે સચ્ચાઇથી વર્તવાની શરૂઆત કરો. જે કાંઇ તમે આપશો તેજ તમને મળશે એમ ખાતરીપૂર્વક માનો; કેમકે આ સંસાર તમારા વિચારોનાં પ્રતિબિંબરૂપ છે. કહેવાની મતલબ એ છે કે બીજા લોકો તરફથી તમે જેવા પ્રકારના વ્યવહારની ઇચ્છા રાખતા હો તેવા પ્રકારનો વ્યવહાર તમારે તેઓની સાથે રાખવો જોઇએ.

મૃત્યુ પછી સ્વર્ગની પ્રાપ્તિને માટે તમે હમેશાં પ્રાર્થના કરતા હો કે અભિલાષા રાખતા હો તો તમને અત્ર આનંદપ્રદ સમાચાર આપવામાં આવે છે કે તમે સ્વર્ગમાં પ્રવેશ કરવાનો પરવાનો મેળવી શકશો અને તમારા પોતાનાં હૃદયમાં તેનો અનુભવ હમણાં જ કરી શકશો. જે સ્વર્ગ મેળવવાની તમે આટલી તીવ્ર અભિલાષા રાખો છો તે આખા સંસારમાં ફેલાઇ રહેલ છે અને તમારા અંતરમાં પણ મોજુદ છે. વિલંબ માત્ર એટલો જ છે કે તમે તેની શોધ કરો, તેનો સ્વીકાર અને સત્કાર કરો, અને તેના ઉપર તમારો અધિકાર જમાવી દયો. એક અનુભવી વિદ્વાને એક સ્થળે ઠીક કહ્યું છે કે "જ્યારે કોઇ માણસ તમને એમ કહે કે આ જુઓ અને તે જુઓ ત્યારે તમારે તેની પાછળ પાછળ દોડવું નહિ. પરમાત્મા તો તો તમારા અંતરમાં મોજુદ છે. તેની ખાતર તમારૂં કર્ત્તવ્ય એટલું જ છે કે તમે આ વાત ઉપર ખરેખરા અંતઃકરણપૂર્વક વિશ્વાસ રાખો, જેથી કરીને તમારાં હૃદયમાંથી સર્વ પ્રકારની શંકાઓ દૂર થઇ જશે અને તમને તે વાત સારી રીતે સમજાય ત્યાંસુધી તેના ઉપર પુનઃ પુનઃ વિચાર કર્યા કરો. પછી તમે તમારાં આંતરિક જગતને બનાવવાનો અને તેને પવિત્ર રાખવાનો ઉદ્યમ કરશો. તેમજ જેમ જેમ તમારૂં આધ્યાત્મિક જ્ઞાન વધતું જશે તેમ તેમ તમને પ્રતીત થતું જશે કે બાહ્ય પદાર્થોમાં કંઇ પણ શક્તિ રહેલી નથી, અને આત્મામાં જ એવી વસ્તુ છે કે જેમાં જાદુઇ અનંત શક્તિ રહેલી છે, પણ તેની બહાર કંઇ પણ નથી.

ગુરૂ મદક્ષિણા કુલક.

(અનુવાદ.)

રાગ કવાલી.

દેવગુરૂ સદૈવ ઉપકારી, નિકટ ઉપકાર ગુરૂભારી;
સ્વરૂપ કહ્યું દેવ વિસ્તારી, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧
ગણાધિપ ગોયમા સુહમા, પ્રભુ જબુ પ્રભવ મહિમા;
દીઠે ગુરૂ સૌ દીઠા મહીમા, નમું નિત્ય પાદ ગુરૂરાયા. ૨
થયો કૃતાર્થ હું આજે, જીવન સફળ થયું છાજે;
દીઠે ગુરૂ નેત્ર અમીરાજે, નમું નિત્ય પાદ ગુરૂરાયા. ૩
ધન્ય તે દેશ નગરીને, ધન્ય તે ગામ આશ્રમને;
ધરા ધન્ય જ્યાં ગુરૂ છાયા, નમુ નિત્ય પાદ ગુરૂ રાયા. ૪
કૃતારથ શીર ગુરૂ ચરણે, ગિરા કૃતાર્થ ગુરૂ વરણે;
સફળ નયણા દરશ કરણે, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૫
કામધેનુ ફળી દ્વારે, થઇ વૃષ્ટિ કનક ધારે;
દીઠા દારિદ્ર ગયુ મારે, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૬
થયું સમકિત ગુરૂ દીઠે, ગયા અઘઓઘ ગુરૂ રૂઠે,
અંત સંસાર ગુરૂ દીઠે, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૭
સુખાવિંદ સદ્ગુરૂ ભાલી, દેવની રીદ્ધી નિર્માલી;
ચલુક સંસાર દધિ ખાલી, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૮
વચન મન કાયથી બાંધ્યું, પાપ જે અદ્યપિ સાધ્યું;
ગુરૂ મુખ દર્શને લાધ્યું, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૯
મનુષ્યભવ ધર્મ જિન ભાખ્યો, દોહિલો શાસ્ત્રમાં આખ્યો;
મળે પણ યોગ ગુરૂ દોહિલો, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૦
પ્રસન્ન મુખ સદ્ગુરૂ ખાંતે, ન દેણુ જ્યાં હું પરભાતે;
પિયુષ જિન વાણી કર્ણ ભાતે, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૧
મધુર પ્રમુદીત ધન ગાજે, પ્રફુલ્લક ઘોત રવી રાજે;
ગુરૂ મુખ જોઇ મન ગાજે, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૨
ગાય નિજ વાછડું પાલે, વસંતે કોકિલા મ્હાલે;
ગુરૂ મન મંદિરે મ્હાલે, નમુ નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૩

ધન્ય તે દિન ધન્ય વેળા, ધન્ય ગુરૂ રાજના મેળા;
અમૃતના નેત્રમાં રેળા, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૪
ક્રોધ જય માન ક્ષય કીધો, માયાને દેશવટો દીધો;
લોભને વશ કરી લીધો, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૫
ગુરૂની સરળતા સારી, ગુરૂની નમ્રતા ભારી.
ક્ષમા સંતોષ વૃતિધારી, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૬
અંધને નેત્ર ગુરૂ રાયા, પંગુને યષ્ટિ સુખદાયા
રાંકને રત્ન સુપસાયા, નમું નિત્ય પાદ ગુરૂ રાયા ૧૭
બાહ્ય પલ્લિવત ગુરૂ રાયા, મનોરથ શુદ્ધ ઊરહાયા;
મોક્ષ સન્મુખ જશ કાયા, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૧૮
સૂરિને વંદના કરતાં, થાય શત સહસ્ર ભવ હરતા;
સદા સમકિત ગુરૂ નમતાં નમું નિત્ય પાદ ગુરૂ રાયા ૧૯
ભાવથી ભાવ સૂરી નમતાં, પાપલય થાય જપ જપતાં;
મંગળ ઘર આંગણે રમતાં, નમું નિત્ય પાદ ગુરૂ રાયા. ૨૦
ગુરૂને દક્ષણા ભક્તિ, કરો ત્રીકયોગ સ્તુતિ ભુક્તિ
સાંકળચંદ ધર્મ એ વ્યકિત, નમું નિત્ય પાદ ગુરૂ રાયા ૨૧

—:—

મુંગા પણ ઉપયોગી જાનવરો પ્રત્યે અનુકંપા અથવા દયા દાખવવાની આપણી ફરજ.

મુંગા પશુ અનેક પ્રકારે ઉપયોગી જાનવરો પ્રત્યે આપણું વર્તન વિવેકથી સુધારવાની જરૂર છે. ગાય, ભેંસ, બળદ અને બકરી પ્રમુખ પ્રાણી વર્ગ પ્રત્યે સ્વાર્થવશતાથી (પોતાનો સ્વાર્થ સરતો હોય ત્યાં સુધી) સારૂં વર્તન ચલાવાય છે ખરૂં, પરંતુ જ્યારે સ્વાર્થ સરી રહે છે ત્યારે તે તે પ્રાણી વર્ગનો પૂર્વ ઉપકાર વિસારી મૂકી કાંપ તો તેને પાંજરાપોળમાં પધરાવી દેવાય છે, અથવા તો કસાઇ લોકને વેચાતાં આપી દેવામાં આવે છે. આ વાત ઉચિત નથી, પણ કેવળ અનુચિત અને અન્યાય્ય જણાય છે. કસાઇ લોકોને તે તે નિરપરાધી પ્રાણીઓ વેચાતા આપવા તે તો પ્રગટ નિર્દયતાનું કામ છે. તે તો ઉપકારને બદલે અપકાર કરવા જેવું છે. અને તે પ્રાણીઓને તેમની છેવટની જીંદગી સુધી કૃતજ્ઞતાથી પાલન પોષણ જાતેજ કરવાને બદલે પાંજરાપોળમાં મૂકી દેવા તે પણ પાંજરાપોળમાં નાહક ખર્ચનો વધારો કરી તેને બોજારૂપ થવા બરાબર છે.

પાંજરાપોળમાં તો કેવળ પાંગળાં-લૂલાં લંગડાં અને જેમનો કોઇ ધણી ધોરી ન જ હોય એવાં જાનવરોનોજ બહુધા નિર્વાહ થવો જોઇએ તેને બદલે તેમાં જો સબળ જાનવરોને પણ પાળવા પોષવામાં આવે તો તેમાં અધિક ખર્ચ ઘનાં બીજા અપંગાદિક દુઃખી અને દુર્બળ જાનવરોને અધિક પ્રમાણમાં રાખવાનુ કે સાચવવાનું પાલવે નહીં, એટલુંજ નહી પણ આજકાલ ચાલતી વ્યવસ્થા અને સગવડ વગરની પાંજરાપોળોમાં તો બહુધા સબળ જાનવરો વડે નિર્બળ જાનવરોનો મરો વધારે થવા પામે છે તે ન્યાયવિરૂદ્ધ હોવાથી ઉચિત લેખાય નહીં, તેથી ગમે તેવા સંયોગોમાં પાંજરાપોળો મધ્યે જમા થયેલા સબળ જાનવરોનુ ખર્ચ વધારવા કરતાં તેવાં જાનવરોને કૃતજ્ઞતા સાથે અનુકંપા બુદ્ધિથી તેના માલીકોએ જાતેજ પાળવા અથવા તેમનું અન્યત્ર સારી રીતે પાલનપોષણ થાય તેવી પોતાના ખર્ચથી વ્યવસ્થા કરવી વાજબી છે. પ્રથમના વખતમાં દયાળુ, ઉદાર અને શ્રદ્ધાળુ લોકો આવા ઉપયોગી સંખ્યા બંધ જાનવરોને પોતાની પ્રજાની પેઠે પાળતા પોષતા અને તેની ખરી સંપત્તિ સમજતા હતા. આનંદાદિક ગૃહપતિઓને ત્યાં કેટલાં ગોકુળ હતાં ? અને તે કેવાં સુખી અને આબાદ રહેતા હતા ? સદ્ગુણી ગૃહસ્થો એવી ઉદાર રીતિ નીતિ ક્યારે અખત્યાર કરશે ? ઇતિશમ્

લે૦ મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

આરોગ્ય સાચવવા અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય નિયમો અને તેથી થતા કેટલાક અવાંતર ફાયદા.

૧ સુખે પચી શકે એવો સાદો અને સાત્વિક નિર્દોષ વનસ્પતિ ખોરાક નિયમિત વખતે માપસર ક્ષુધાને શાન્ત કરવા અને ક્ષીણતા દૂર કરવા લેવો જોઇએ.

૨ લેવામાં આવતો ખોરાક ઠંડુ હોય તો તેને ખુબ ચાવીને પાણી જેવો કર્યા પછીજ ગળે ઉતારવો જોઇએ.

૩ દુધ જેવો પ્રવાહી ખોરાક હોય તો તેને પણ ધીમે ધીમે ઠંડુ પદાર્થની પેઠે મોઢામાં થોડો વખત મમળાવ્યા બાદજ ગળે ઉતારવો જોઇએ.

૪ પાચન ક્રિયા બરાબર સતેજ થાય એટલા પૂરતી શરીર મહેનત કરવા જરૂર લક્ષમાં રાખવું જોઇએ.

૫ ખુલ્લી સ્વચ્છ હવા પુરતા પ્રમાણમાં લેવી જોઇએ.

૬ શુદ્ધ-સ્વચ્છ જળ, ખાન પાનમાં વાપરવું જોઇએ.

૭ સૂર્યાદિકનો પ્રકાશ સારી રીતે આવી શકે એવા સ્થળમાં નિવાસ કરવો જોઇએ.

૮ બની શકે ત્યાં સુધી જીંદગીની પ્રથમની પચીશ વર્ષની વયપર્યન્ત મન વચન કાયાથી શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું જોઇએ.

૯ દરમ્યાન તામસી વૃત્તિને પોષનારાં ખાનપાનથી પરહેજ રહેવું જોઇએ. સાત્વિક વૃત્તિને અનુકૂળ હોય એવુંજ ખાનપાન કરવું જોઇએ.

૧૦ પવિત્ર-નિર્દોષ વિચાર વાણી અને આચારનો અભ્યાસ રાખી કાયમ તેની ખીલવણી કરવી જોઇએ.

૧૧ સદોષ-મલીન વિચાર વાણી તથા આચરણથી સદંતર દૂર રહેવા સતત પ્રયત્ન કરવો જોઇએ.

૧૨ સર્વનું સદાય હિત ચિન્તન કરતાં શિખવું જોઇએ.

૧૩ દુઃખી જનોનું દુઃખ વિદારવા બનતો પ્રયત્ન કરવા ચૂકવું નહિ જોઇએ.

૧૪ સુખી અને સદ્ગુણી જનોને દેખીને કે સાંભળીને દીલમાં રાજી-પ્રમુદિત થવું જોઇએ.

૧૫ ગમે તેવા નીચ-નાદાન-નિંદ્ય કાર્ય કરનાર ઉપર પણ દ્વેષભાવ લાવ્યા વગર તેને સુધારી શકાય તો સુધારવા અને તેમ કરવું અશકય જણાય તો સમભાવ રાખી અન્ય હિત કાર્ય પ્રમાદ વગર કરવા સદાય લક્ષ રાખવું જોઇએ.

૧૬ શરીર શુદ્ધિ, વસ્ત્ર શુદ્ધિ, ચિત્ત શુદ્ધિ અને સ્થાન શુદ્ધિ પ્રમુખથી આરોગ્ય સચવાય છે. તેથી તેવી શુદ્ધિની ઉપેક્ષા કરવી નહીંજ.

૧૭ શરીર આરોગ્ય સારૂ સચવાય તો ચિત્ત પ્રસન્ન રહે છે અને ચિત્તની પ્રસન્નતાથી સુખશાન્તિમાં વધારો થઈ શકે છે તથા ધર્મ સાધન પણ અનુકૂળતાવાળી થઈ શકે છે, જેથી પરભવ પણ સુધરી શકે છે.

૧૮ શરીર આરોગ્ય ટકાવી રાખવા ઇન્દ્રિય નિગ્રહ, કોધાદિક કષાય નિગ્રહ, મન વચન કાય નિગ્રહ અને હિંસાદિક પાપ નિગ્રહ અવશ્ય કર્તવ્ય છે.

૧૯ સંયમ અથવા આત્મ નિગ્રહ જ સર્વ સુખશાન્તિનું મૂળ જાણી તેની રક્ષા અને પુષ્ટિ થાય તેમ આળસ-પ્રમાદ રહિત વર્તવું સર્વથા ઉચિત છે.

૨૦ ઇન્દ્રિય-વિષય અને કષાયને પરવશ થવાથી, મન વચન કાયાને મોકળા મૂકવાથી તથા હિંસાદિક પાપોમાં રકત રહેવાથી અનિષ્ટ પરિણામજ આવે છે.

૨૧ આત્મ નિગ્રહને જ ખરી ઉન્નતિનું પ્રબળ સાધન જાણી સુખના અર્થીજનોએ તે સદાય સેવવા લક્ષ રાખવું. ઇતિશમ્.

લે૦ મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

જૈન કોમમાં કેળવણી.

તે સંબંધી કેળવણી ખાતાના અધિકારીઓના અભિપ્રાય.

(સંગ્રહ કરનાર નરોત્તમદાસ બી. શાહ, મુંબઇ)

અમદાવાદની ગવર્મેન્ટ મિડલ સ્કુલના હેડ માસ્તર મી. એચ. એમ. મહેતાનો અભિપ્રાય.

નં. ૩૬૭

ગવર્મેન્ટ મિડલ સ્કુલ.

અમદાવાદ તા. ૨૦-૧-૧૯૧૯.

ઉત્તર વિભાગના કેળવણી ખાતાના મહેરબાન ઇન્સ્પેક્ટર સાહેબ પ્રતિ—

સાહેબ,

આપના તા. ૨ જી જાન્યુઆરીના નં. ૧૧૧૪૪ ના સર્કુલરના સંબંધમાં હું નીચે મુજબ મારા વિચારો જણાવવા રજા લઉં છું.

૧ જૈન વિદ્યાર્થીઓમાં માધ્યમિક અને કૉલેજની કેળવણીનો પ્રસાર કરવા સંબંધી ચોક્કસ સૂચનાઓ કરવામાં મી. નરોત્તમ બી શાહનો પત્ર અતિ ઉપયોગી થઈ પડે તેમ નથી

૨ મેં કેટલાક વર્ષો સુધી એક જૈન બૉર્ડીંગના માનીતી જ્ઞાતિની કેળવણી સમિતીના અને કેટલાક ગૃહસ્થોના કેળવણી ફંડના ઑનરરી સેક્રેટરી તરીકે કાર્ય કર્યું છે તે પ્રમાણે કાર્ય કરતાં થોડો ઘણો અનુભવ મને મળ્યો હોય એમી ખાસ રાખવામાં આવે અને તે અનુભવના ધોરણે હું પ્રસ્તુત વિષય ઉપર માત્ર વિચારો દર્શાવીશ.

૩ પ્રાથમિક કેળવણી સિવાયની બીજી કેળવણી તરફ અણગમો ઉપજાવનારાં કેટલાંક કારણો અહીં જણાવું છું.

(અ) જૈનોની વેપારી બુદ્ધિ (બ) બાળલગ્ન (ક) વેપારનાં મોટાં મથકો સેવાય મુખ્યત્વે કરીને બીજાં સ્થળોમાં મધ્યમ વર્ગની વધતી જતી ગરીબાઇ.

આ મુશ્કેલીઓ દૂર કરવાને ' સાદું જીવન અને ઉચ્ચ પ્રકારની વિચારશક્તિ ' મહત્વ જૈનોનાં મનમાં અસરકારક રીતે ઠસાવવું જોઇએ અને પોતાનો સ્વભાવ ગળ ચાલુ રાખવાની ઇચ્છા ધરાવનાર જૈન વિદ્યાર્થીઓને વધારે અને વધારે ાવડતા ઠરી આપવી જોઇએ; પરંતુ એટલું તો કબુલ કરવું જોઇએ કે આ ાનો આધાર ઉક્ત હેતુને માટે ઉઘાડેલા ફંડો ઉપર રહેલો છે. અને જો તી.

નરોત્તમદાસ જૈન કોમના કુબેરોને તેઓની ચેલીઓનાં મ્હોં ખુલ્લાં મુકવામાં ઉદાર દિલના બનાવવામાં કૃત્તેહમંદ નીવડે તો તે દિશામાં ઘણી સારી પ્રગતિ થઈ શકે. આ ઉપરાંત નીચેની સૂચનાઓ ઉપર યોગ્ય ધ્યાન આપવામાં આવશે એવી આશા છે.

(૧) અમદાવાદની શેઠ ચીમનલાલ નગીનદાસ બોર્ડીંગ જેવી કેટલીએક બોર્ડીંગો આ ઇલાકાના મુખ્ય શહેરોમાં ખોલવી જોઇએ. (જ્યાં નવથી બાર વર્ષની ઉમ્મરના અવિવાહિત વિદ્યાર્થીઓને મફત દાખલ કરવામાં આવે છે અને તેઓની રીતભાત તેમજ ચારિત્ર્યનાં બંધારણ ઉપર ખાસ લક્ષ આપવામાં આવે છે) જો બની શકે તો આવી દરેક બોર્ડીંગની સાથે જ એક સ્કૂલ પણ રાખવી જોઇએ. તે સ્કૂલમાં જે વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ કરી ભવિષ્યમાં સારા નીવડે એવા જણાય અને જેઓ પછાત રહી જતા જણાય તેઓના વિભાગ પાંચમા કે છઠ્ઠા ધોરણથી પાડી નાખવા અને બીજી પંક્તિના વિદ્યાર્થીઓને વેપારમાં ઉપયોગી થાય એવા વિષયોનું શિક્ષણ આપવું.

(૨) પરીક્ષાઓમાં વિજય અથવા વર્ગમાં સારો અભ્યાસ એ વિદ્યાર્થીવેતનો (Scholarships) આપવાનું ધોરણ હોવું જોઇએ. અને જો પૈસા સરકારને સોંપવાનું પસંદ કરવામાં આવે (જેનાથી પક્ષપાત થવાનો તેમજ યોજના પડી ભાંગવાનો કદિ સંભવ નથી) તો જે પદ્ધતિએ કાઝી શાહબુદ્દીન સ્કૉલરશિપ આપવામાં આવે છે તેજ પદ્ધતિએ ઉક્ત હેતુને માટે સરકારને સોંપેલા પૈસાના વ્યાજનો વિદ્યાર્થીવેતનો આપવામાં સદુપયોગ કરવો.

(૩) યુનિવર્સિટીની તેમજ બીજી કોઇ અગત્યની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને જૈન તેમજ જૈનેતર અગ્રેસરોના જાહેર મેળાવડામાં સારાં પારિતોષિકો આપવા, જેથી કરીને બીજા વિદ્યાર્થીઓમાં પોતાથી બને તેટલી સારી રીતે આગળ વધવાનો ઉત્સાહ રહે.

(૪) હિંદુસ્તાનમાં અથવા હિંદુસ્તાનની બહાર અભ્યાસ આગળ ચાલુ રાખવા શક્તિવાન બને એટલા માટે કોઇ આર્થિક મદદની જરૂરવાળા લાયક વિદ્યાર્થીને બિલ્કુલ વગર વ્યાજે પૈસા અગાઉથી ધીરવા અને એ વિદ્યાર્થી કોઇ નોકરી અથવા ધંધાનો સ્વીકાર કરે એટલે તેણે તે પૈસા કટકે કટકે પાછા ભરી દેવા.

(સહી) એચ. એમ. મહેતા.

સરકારી કેળવણી ખાતાના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર મી. એસ. એમ. પટેલનો અભિપ્રાય.

નં. ૩૭૧૪

નડીયાદ તા. ૧૫-૧-૧૯૧૯

ઉત્તર વિભાગના કેળવણી ખાતાના મહેરબાન ઇન્સ્પેક્ટર સાહેબ પ્રતિ—

સાહેબ,

આપના તા. ૨ જી જાન્યુઆરીના નં. ૧૧૧૪૪ ના સકર્યુલરના જવાબમાં નિવેદન કરવાની રજા લઉં છું કે માધ્યમિક શાળાઓમાં જૈન વિદ્યાર્થીઓ ઓછી સંખ્યામાં હોય છે તેનું મુખ્ય કારણ એકજ છે. તે એ છે કે તેઓમાં વેપારી બુદ્ધિ અને શક્તિ વંશપરંપરાગત હોય છે. પરંતુ હમણાં હમણાં તેઓમાં અંગ્રેજી કેળવણી સંપાદન કરવાની ઇચ્છા જાગૃત થયેલી છે; કેમકે દુનિયાના જુદા જુદા ભાગોમાં વેપાર ચલાવવા માટે અંગ્રેજી જ્ઞાનની સંપૂર્ણ આવશ્યકતા છે. જૈનોમાં અંગ્રેજી કેળવણીનો પ્રસાર વિશેષ કરવાની આવશ્યકતા મારી શાહના સમજવામાં આવેલ છે. તેથી મારી એટલી ભલામણ છે કે મિડલ સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ માટે રૂા. ૧૦ ની સ્કૉલરશિપો રાખવી.

હાલમાં જૈન વિદ્યાર્થીઓ મેટ્રિકયુલેશન સુધી અભ્યાસ કરતા દૃષ્ટિગત થાય છે અને તે પરીક્ષા પસાર કર્યા પછી અથવા એક બે વખત પરીક્ષામાં નાપાસ થયા પછી અભ્યાસને તિલાંજલી આપે છે. કૉલેજની કેળવણી લેવા તરફ જૈન વિદ્યાર્થીઓનું આકર્ષણ વધારવા માટે કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માસિક રૂા. ૨૫ ની સ્કૉલરશિપ આપવાની પુરેપુરી જરૂર છે એમ મારૂં માનવું છે.

(સહી) એસ. એમ. પટેલ.
કે૦ ખા૦ ના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર.

આત્મા અને પરમાત્માનો સંબંધ.

જૈન દર્શન કહે છે કે આત્મા કર્મથી મુક્ત થયા પછી પરમાત્મ-સ્વરૂપ પામે છે, વેદાંત કહે છે કે આત્મા અને પરમાત્માનું ત્રણે કાળમાં એકત્વજ છે. અત્યારે ભાસ્યમાન થતી પ્રથકતા માત્ર ભ્રાંતિ વડેજ છે અને જ્ઞાનના પ્રકાશ વડે એ માયાનું આવરણ ખસી જતાં આત્મા પોતાને પરમાત્મા રૂપેજ પ્રતીત થાય છે. બુદ્ધ કહે છે કે આત્મા કોઇ વસ્તુજ નથી, માત્ર પરમાત્માજ છે. પરંતુ આ પરમ

તત્વ કોઈ પ્રકારના લૌકીક ઉદાહરણ વડે મનુષ્યની જ્ઞાન મર્યાદામાં આવતું ન હોવાથી તેની બુધ્ધીએ શૂન્ય રૂપે ગણના કરી છે. બુદ્ધ-દર્શનની દૃષ્ટિથી, મનુષ્ય એ પાંચ પ્રકારના સ્કંધો (રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન) નો સમુદાય છે અને તે સ્કંધોનું પરિચાલક તત્વ તેના મૂળ શુદ્ધ સ્વરૂપે અજ્ઞેય, અસ્પૃષ્ટ, નિરાકાર અને નિરપેક્ષ છે. ઈસ્લામ ધર્મ જીવમાં ખુદાનું નુર હોવાનું માને છે અને એ પ્રમાણે દુનીયાના સર્વ નાના મોટા દર્શનો એ, વાણીના ભિન્ન ભિન્ન પ્રકારોદ્વારા આત્મા અને પરમાત્માનો એકજ પ્રકારનો સંબંધ દર્શાવ્યો છે અને તે એ કે આત્મા પરમાત્મા થવાના સ્વભાવવાળો છે. આત્માનાં સ્વરૂપ બંધારણમાં જ પરમાત્મા બનવાની યોગ્યતાનું બીજ રહેલું છે. દેશ, કાળ, મનુષ્ય બુદ્ધિના વિકાસનો ક્રમ, આદિ કારણોને લઇને એ એકની એક ભાવના જુદા જુદા સ્વરૂપે, જુદા જુદા દર્શનોની ઘાટીમાં, પરિણામ પામી છે. એ એકજ મહાસત્યે દેશકાળ પરત્વે જુદું જુદું રચના-સ્વરૂપ ધારણ કરેલું છે. આત્માના નિગૂઢ અંતસ્તમ પ્રદેશમાં આ સત્ય ઉજવળ અક્ષરે કોતરાયું છે. એટલુંજ નહીં પણ તે સત્ય તેના બંધારણની સાથે અભેદભાવે સ્થિતિ પામી રહેલ છે.

આત્મા, પરમાત્માની સાથે અનાદિ પરિણય-ગ્રંથીથી જોડાએલો છે આત્મા પ્રણયિની છે, પરમાત્મા પ્રણયી છે. એ ઉભયનો લગ્ન-યોગ થયેલોજ છે. માત્ર આત્માને તેના સ્વામીના સ્થાનની ખબર નથી. અને બંસીના આહ્લાદક સૂરથી આત્માને ત્યાં આવી ભેટવા માટે આ મંત્રી રહેલા છે. પરંતુ વિમુગ્ધકર સૂરથી ઘેલો બનેલો આત્મા એ સૂર ક્યાંથી આવે છે તે જાણતો નથી તેથી આમ તેમ દોડાદોડ કરી રહેલ છે. આ દોડાદોડ તે આપણો સંસાર છે. આપણા સ્વામીનું આમંત્રણ ક્યાંથી આવે છે અને આપણે કયા પ્રદેશમા દોડીએ છીએ તેનું આપણને ભાન નથી.

સંસાર એ આત્માનો સ્વાભાવિક ધર્મ નથી તેમજ તેનું આભ્યંતરીક સ્વરૂપ નથી. અને એટલાજ માટે આપણે સંસારની પાછળ દોટ મુકી પડયા છીએ છતાં તે આપણી મુઠીમાં આવતો નથી. જે આપણા સ્વભાવમાં નથી તે આપણને કેવી રીતે પ્રાપ્ત થાય? સંસાર માયાના મૃગની પેઠે તેની પછવાડે આપણને દોડાવ્યે રાખે છે, પરંતુ કોઇ કાળે હાથમાં આવતો નથી તેની સાથે આપણો જાણે સબંધ કોઇ પ્રકારે બંધાઇ શકતો નથી.

સંસારની પછવાડે દોડવામાં આપણે એવા તત્વની પછવાડે દોડીએ છીએ કે જે આપણા સ્વરૂપ સાથે કોઇ કાળે મેળ લે તેમ નથી, ત્યાં માત્ર દોડવાનુંજ છે, વિશ્રામવાનું છેજ નહી. દોડી દોડીને ક્યાં પહોંચવાનું છે તેનો કાંઇ લક્ષ્ય નથી. માત્ર

અવિરત, અવિશ્રામ, નિરંતર, ચાલ્યા જ કરવાનું. એ ચાલ્યા કરવાની સમાપ્તિ જ નહી.

સંસારની વાંસે દોડવાનું ફળ શું સંસાર કાંઇ જ આપતો નથી ? ફળ આપે છે. પરંતુ તે ફળ સંસાર એવા હેતુથી જ આપે છે કે તેનો ઉપભોગ કર્યા પછી આપણા પગમાં ફરીથી દોડવાનું બળ આવે. નિરાશ થઇને દોડવાનું મુકી ન દઇએ એટલા જ માટે આપણા રાહ ઉપર રોટલીના ટુકડા, અને કોઇવાર ચળકતી ધાતુઓના કટકા અથવા રંગબેરંગી રમકડાં સંસાર નાંખતું જાય છે. આથી મોહ પામી વળી વધારેની આશાએ વધારે જોસભર દોડીએ છીએ; પડતા, આખડતા, કોઇવાર ધીરી ગતિએ, કોઇવાર દ્રુત વેગે, સાજા, માંદા, અથડાવા, રોતા, હસતા, બાઝતા, હાથમાં હાથ મીલાવતા, રીંસાતા, રીઝાતા, વિવિધ મનોભાવ સહવર્તમાન, વિવિધ ભંગીથી ચાલ્યાજ કરીએ છીએ. સંસારને પકડી પાડીને તેને આત્મામાં મેળવી લેવાની મહતી આકાંક્ષાપૂર્વક આપણી ગનિને આપણે નિયમાવીએ છીએ. છતાં તે આપણને મળતો નથી તેનું કારણ શું ? એજકે તેની સાથે આપણો સ્થાયી, અરમ સબંધ નથી. આપણો સ્થાયી, સ્વભાવગત સબંધ પરમાત્માની સાથે છે, એટલા જ માટે આપણે સંસારને કોઇ કાળે મેળવી શકવાના નહી. પરંતુ આપણા હૃદયની ગુહામાં વિરાજતા પરમાત્માને મેળવી શકીએ તેમ છીએ.

સંસાર આપણને જે કાંઇ આપે છે તેમાં આપણે એટલા બધા રંજીત અને આનંદિત થઇએ છીએ કે એથી વધારે સારૂં આપણને કોઇ આપી શકે તે વિચારને આપણા મનમાં પ્રવેશવા પણ દેતા નથી. સંસારના પુંઠે જે શ્વાસભર દોડ આપણે નિભાવી રાખીએ છીએ તેના બદલામાં કેટલીકવાર આપણને સુંદર લલચાવનારી ચીજો મળે છે, કેટલીકવાર દોડનો થાક નિવારવા વિસામો પણ મળે છે, અને એ વિશ્રામકાળમાં સંસારે આપેલી એ મોહક ચીજોનો ઉપભોગ કરી એનાથી વધારે મોહક સામગ્રી માટે પાછા સંસારની પછવાડે હડી કાઢીએ છીએ.

ભાડુતી ગાડીવાળા પોતાના ઘોડાને જોગાણ આપે છે, થોડીવાર અંતરે અંતરે વિસામો આપે છે, વધારે ખુશી થાય ત્યારે ઘોડાની ડોકમાં રંગબેરંગી પારાની ઘુઘરમાળ ચેરાને છે, અને કોઇ તહેવારના પ્રસંગે માથા ઉપર કલગીનો શણગાર પહેરાવે છે, તેના માટે સુંદર વિલાયતી હાંસડી, ઉંચી ઢબનો ગાડી સાથે જુતવાનો સરંજામ, પગમાં ઘુઘરા વિગેરે શોભામદ અલંકારો ખરીદે છે. પણ આ બધું શાંમાટે ? ઘોડાને વધારે ઉમંગપૂર્વક ચાલનો અને દોડતો રાખવા માટે જ. ઘોડા માટે સુંદર લગામ, ઝીણી રોડ વાળો લલીત ચાબુક, એ સર્વ ઉપકરણો માત્ર ઘોડાને વધારે તેજીથી ચલાવવા માટેજ તેનો માલીક ખરીદે છે. એ બીચારા

પ્રાણીને ખબર નથી કે આ બધો અસબાબ તેને ચાલતો રાખવા માટે છે. સંસાર આપણી સાથે આ ઘોડાના માલીક જેવો સંબંધ રાખે છે. આપણને દોડતાજ રાખવા, ગતિપરાયણ રાખવા, ક્ષણવાર વિશ્રામ ન લેવા દેવો એ સંસારનો ઇરાદો છે. આપણને વચમાં વચમાં જે રોટલીના ટુકડા, વિશ્રામ માટે મકાન, ક્ષણવાર આનંદ માટે રમકડાં, વિગેરે મળે છે તે એટલાજ માટે કે આપણામાં વધારે દોડવાનું બળ રહે. ઘોડાને જેમ ખબર નથી કે આ ગતિનો, આ નિરંતર ચાલ્યા કરવાનો છેડો ક્યાં, તેમ આપણે પણ જાણતા કે વિચારતા નથી કે આ પ્રમાણે વિરામ હીન દોડતો છેડો ક્યાં છે, આ પ્રમાણે ક્યાં સુધી લક્ષ્યરહિતપણે દોડયા કરવાનું છે.

આપણી આસપાસ ચોતરફ સંસાર પૂર્ણ વેગથી ગતિમાન જોવામાં આવે છે. માત્ર આપણાં હૃદયની અંતરતમ ગુહામાં, જ્યાં આપણા માલીકનું પરમ ધામ છે ત્યાંજ સંસાર માટે સ્થાન નથી. ત્યાં આપણું છેવટનુ વિશ્રામ સ્થાન છે. આપણું સંસાર જીવનનું પરમ લક્ષ્ય તે સ્થાને હોવું ઘટે છે. ત્યાં આપણું સ્થાન નક્કી કરીને પછી સંસારમાં-પરમાત્માના લીલા ક્ષેત્રમાં-વિહરવામાં વાંધો નથી. ત્યાં આપણો યોગ નક્કી કર્યા પછી સંસાર એ પૂર્વનો ભીષણ, ભીતિપ્રદ સંસાર રહેતો નથી. પછી તો તે રંગભૂમિ જેવું જણાય છે. પ્રચંડ પ્રાકૃતિક સામર્થ્યોના યુદ્ધને બદલે ત્યાં કુદરતની મધુર લીલા, જણાય છે. પછી તે આપણને બાધા કરતો નથી પરંતુ સહાય કરે છે. સમ્યકત્વ પ્રાપ્ત થયા પછી સંસાર એ બંધન માટે નહિં પરંતુ મુક્તિ માટે સહાયક બને છે. કેમકે આપણું લક્ષ્ય સ્થાન આપણે નક્કી કરી દીધું હોય છે. આત્મા તેના સ્વામી સાથે-પરમાત્મા સાથે પોતાનો પરિણય સંબંધ નક્કો કર્યા પછી સંસારમાં સહેલ કરવા નીકળે તેમાં બંધન નથી, કેમકે હવે તે સંસારની પાછળ દોડતો નથી. ઉલટું સંસાર તેની પકડમાં આવી ગયોહોય છે. સંસાર તેનું ખરૂં સ્વરૂપ તેના આગળ પ્રકાંશી આપે છે, અને જ્યારે જે વસ્તુ જોઇએ તે પોતાના ભંડારમાંથી કાઢી આત્માની સેવા અર્થે રજુ કરે છે. ભ્રાંન્તિમાંથી જાગેલો આત્મા તેમાંથી જોઇએ તેટલું લઇ બાકીનું સંસારને પાછુ આપી દે છે. આવો આત્મા સંસારના લીલા ક્ષેત્રોમાં ફરે છે. પરંતુ તે સંસારના સેવક તરીકે નહી પણ સ્વામી તરીકે ફરે. તેની દૃષ્ટિ બદલાયેલી હોય છે. પ્રાકૃત દૃષ્ટિને આવો પ્રત્ત મનુષ્ય રૂપે રંગે આકારે બીજાના જેવો જ પ્રતીત થતો છતાં વસ્તુતઃ તે દેવ જેવો છે. તે સંસારનો વિહારી નથી, પરંતુ પ્રભુના પ્રદેશનો નાગરિક છે.

ચોતરફ પ્રતીત થતી અનંત ગતિ, અનંત વ્યાપાર, અનંત ઘાત પ્રતિઘાત, એ સર્વનો શું અર્થ છે એનો વિચાર આપણે ભાગ્યેજ કોઇ વાર કરીએ છીએ. આપણે પણ એ અનંત ગતિમયતામાં આપણી ક્ષુદ્ર ગતિ ભેળવીને લક્ષ્યહિનપણે,

મૂઢભાવે ઘુમ્યાજ કરીએ છીએ. આપણું શરીર, બુદ્ધિ, મન, પ્રકૃતિનાં એ ચક્ર ઉપર ઘુમ્યા કરે છે. પરંતુ એ સર્વમાં આપણો ઉદ્દેશ શું છે તેનું આપણને ભાન નથી. વાસ્તવમાં આપણે આપણા સ્વામીની શોધમાં દોડીએ છીએ. અનંતકાળથી આપણને તેનો વિયોગ છે. તેના વિના આપણાં હૃદયના આભ્યંતર પ્રદેશમાં આરામ કે ચેન નથી. એટલા માટે આપણે અવ્યક્તપણે તેની શોધમાં ફરીએ છીએ કોઈ પણ પદાર્થ, ભોગ, રસ કે સુખની સામગ્રીમાં સ્થાયી આનંદ રહી શકતો નથી. રસનાં સ્વરૂપોને ક્ષણે ક્ષણે નવીન બનાવવા માટે અવિરામ ઉદ્યોગ કર્યા કરીએ છીએ. તેમ છતાં એ નવા બનેલા રસના સ્વરૂપને ભોગવતા થોડા કાળમાં મનની શક્તિ બહેર મારી જાય છે. તે થોડાજ કાળમાં સ્વાદહીન, ફીકુ, નિરસ અને આખરે નિર્વેદ ઉપજાવનાર થઇ પડે છે. જે સ્થાયી સંબંધ અને સ્થાયી આનંદ આપનારી પરમ વસ્તુની શોધમાં આપણે હતા તે વસ્તુ ત્યાં નથી. તેથી આપણું હૃદય ત્યાંથી ઉઠી જઈ, વળી અન્ય સ્થાને કોઈ નવીન રસ, નવીન ભોગ-વિલાસની સામગ્રી માટે પ્રયાસ આદરે છે. છતાં આખરે ત્યાં પણ નિરસતા, નિર્વેદ, કંટાળો, અને બેચેની છુપાયેલીજ હોય છે. "ચેન પડતું નથી, ગમતું નથી, હવે તો થાકયા છીએ" એ વિકલ વૃત્તિનો ભૈરવ નિનાદ ચોતરફથી કર્ણે ઉરાર અથડયા કરે છે. લોકો તેમાંથી છુટવા માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ યોજે છે. સાધારણ મનુષ્યો ખાન, પાન, નાચ, નાટક, રંગ, રાગ, વિલાસ, વૈભવ, મદિરા આદિના આશ્રય લઈ એ નિર્વેદ અને નિરસતામાંથી ભાગી છુટવા માગે છે. બુદ્ધિમાનો બુદ્ધિ અને તર્કની જાળ રચનામાં, અથવા કાવ્ય તરંગના રસોલ્લાસમાં છુપી રહી ત્યાં સ્થાયી સંબંધ જોડવા માગે છે, પરંતુ થોડી કે ઝાઝી ક્ષણ પછી, એ કાળમુખો કદરૂપો નિર્વેદ રૂપી રાક્ષસ પોતાનું બીહામણું મોઢું લઈ હાજરને હાજરજ માલુમ પડે છે. આ નિરસતાથી બચવા માટે ભલે મનુષ્યો પોતાને ભોગવિલાસ, ખાનપાન, અને તિત્ર મદિરાના દરીયામાં ડુબાડી રાખે, ગગનસ્પર્શી હર્મ્યોનાં, યૌવનઝંડે ઉભરાતી યુવતીઓનાં યુથમાં ગુંચવાઇ રહે, સુર્યનો આતાપ જ્યાં પ્રભાવહીન છે એવી પત્ર પુષ્પના સમુહથી ઘાટી, સ્નિગ્ધ સુગંધમય પુષ્પકુંજોમાં છુપાઈ રહે, તો પણ એ નિર્વેદ-રાક્ષસ કોઇને ક્ષણ પણ જ પવા દેતો નથી. આ નિર્વેદને જીતવા માટે અનેક પ્રાકૃત મનુષ્યો ચોરી, લુચ્ચાઇ, વ્યભિચાર, વ્યસન, આદિ તિરસ્કાર કરવા જેવા દૂષણોનો આશ્રય લે છે, સામાન્ય કોટિના મનુષ્યો સ્વાર્થ, છળ-પટ આદિ દૂષણોનો આશ્રય લે છે. ઉત્ક્રાન્તિના પથમાં આગળ વધેલા પ્રતિભા સંપન્ન પુરૂષો આ નિર્વેદને જીતવા અને તેને રસમયતા અર્પવા માટે અનેક ભવ્ય ગ્રંથ રચના, ભવ્ય

કાવ્યો, હૃદય દ્રાવક વાણી વિન્યાસ, ઉન્નત તર્ક, અને અનેક ઉર્મિવિલાસની યોજના કરે છે. છતા નિર્વેદને કોઇ જીતી શકતું નથી. તે પ્રાણી પદાર્થ સર્વને નિરંતર ઘુમાવ્યાજ રાખે છે. ગમે તે પણ કંઇક કરવું કરવું ને કરવુંજ એ વિના ચૈન પડવા દેતો નથી. ક્ષણભર પણ વિશ્રામ નહીં. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, તારા અનાદિકાળથી દોડ્યા જ કરે છે. સમુદ્રો ઉછળ્યાજ કરે છે, સરિતાઓના જળ વહયાજ કરે છે વાયુ નિરતર ગતીશીલજ રહે છે. કોઇ કયાંય પણ સ્થિર નહી. આપણો રથ પણ આ લક્ષ્યહીન અનંત પથ ઉપર ચાલ્યાજ કરે છે.

આ લક્ષ્ય હીન અનંત ગતિનો અંત આપણા હૃદય-ધામમાં બિરાજમાન પરમ પ્રભુનાં ચરણ પ્રવેશમાંજ છે. એક વાર એ સ્થાન, એ રૂપ, એ ભગવાનના દર્શન થયા પછી બધી દોડાદોડ આપોઆપ વિરમી જાય છે. જે સ્થાયી સંબંધની શોધમાં હતા, જે પરમ આનંદ અને રસ માટે વિહ્વલ અને ઉદ્‌ભ્રાન્ત હતા તે આપણને મળી જાય છે. આત્મા ખરા અર્થમાં ત્યાં "શાંતિ" પામે છે જ્યાંસુધી અવશેષ કર્મો હોય ત્યાં સુધી તે સંસારમાં ભલે જાય આવે, પરંતુ હવે તે સંસાર અરણ્ય નથી, પરંતુ બગીચો છે. એ સંસાર તેના સ્વામીની માલીકીનો છે ત્યાં તેને શ્રમ, કલાંતિ, બોજો અને પીડા નથી, પરંતુ તે આનંદ, અમૃત, અને લીલામય છે.

આખરે પ્રાણીમાત્રને આ પ્રદેશમાં આવ્યા વિના છુટકો નથી. કેમકે ત્યાં આપણું છેવટનું નિત્ય ધામ છે, સમસ્ત વિશ્વનું ત્યાં મધ્યબિંદુ છે, અનેક સુખ, દુઃખ, સંપત્તિ, વિપત્તિ, હર્ષ, કલેશ, છાયા, તડકા અનુભવીને પણ આખરેએ મહાનુભવમાંજ વિરામવાનુ છે. જ્ઞાની અને અજ્ઞાની, સમકિતી અને મિથ્યાતી, ઉભય સંસારમાં પાસે પાસે રહીને કામ કરતા માલુમ પડે છે. અને ઉભય એકજ ભૂમિકા ઉપર વિહાર કરતા પ્રતીત થાય છે, પરંતુ સમકિતી અને જ્ઞાની આત્માઓએ પોતાના પરમ લક્ષ્ય, ઉદ્દેશ અને આદર્શ નક્કી કરેલ હોય છે. તેમનું આખરનું ઘર કયાં છે, તે તેઓ જાણે છે, અને સંસારની પ્રવૃત્તિના અંતે પોતાના હૃદયગૃહમાં આરામ લે છે. તેથી ઉલટું અજ્ઞાની અને મિથ્યાત્વીને પોતાના ભ્રમણનું લક્ષ્ય શું છે તેનું ભાન નથી. તે માત્ર રખડવાનું અને દોડવાનુંજ સમજે છે, તે ધરમાર વિનાનો ભીખારી છે, તેને પોતાનું વાસ્તવિક આરામ સ્થાન હાથે લાગ્યુ નથી.

પ્રિય વાચક ? આ બેમાંથી આપ કયા પક્ષને શોભાવો છો ?

રા. અધ્યાયી.

શ્રીમદ્ આનંદઘનજીના એક પદનો અનુવાદ.

હરિગીત.

દેહરૂપી નગરમાં એ જીવ નટનો વાસ છે,
પર્યાયથી ઉત્પાદ ને વ્યય સમય માંહે નાશ છે;
સત્તારૂપે નિશ્ચય ધ્રુવે અદ્ભુતરૂપ વિચારતાં,
અવધૂત ! બાજી ન પૌરનટની કાજી-બ્રાહ્મણ જાણતા. ૧
દ્રવ્યરૂપે એક બાનનો બહુ સ્વરૂપી પણ થતો,
કુંડલાદિ સુવર્ણવત પર્યાય રૂપે થઇ જતો;
માટી-ઘટ-રવિકર-તરંગો-ગુણ રૂપાંતર પામતાં,
અવધૂત ! બાજી ન પૌરનટની કાજી-બ્રાહ્મણ જાણતા. ૨
સદ્ભાવ અસ્તિ-ભાવ પરની નાસ્તિ વચનાતીત છે,
સપ્તભંગી નય પ્રમાણોથી કથંચિત્ વ્યક્ત છે;
નિષ્પક્ષપાતી વિરલ જાણે-અન્ય નહિં એ લક્ષના,
અવધૂત ! બાજી ન પૌરનટની કાજી-બ્રાહ્મણ જાણતા. ૩
સ્યાદ્વાદ ભાવે સર્વ અંગો ભિન્ન નયથી માનતા,
આત્મસત્તા ન્યારી જાણી ભેદજ્ઞાને વર્તતા;
આનંદઘન પરમાર્થ-વચનામૃતને એ ચાખતા,
અવધૂત ! બાજી ન પૌરનટની કાજી-બ્રાહ્મણ જાણતા. ૪

ફુલેહચંદ અવેરચંદ.

પવિત્ર ભાવના આત્મધર્મનો યાને મનુષ્ય જીવનનો ઉદય શી રીતે કરે છે?

ભાવનાનું રહસ્ય આર્હતધર્મના તત્વજ્ઞાનમાં સૂક્ષ્મભાવે રહેલું છે. અનુભવી વિદ્વાનો તેને અલૌકિક તત્વ કહે છે. યોગશાસ્ત્રમાં તેને પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે. *ભાવનાનો મુખ્ય અર્થ માનસિક વ્યાપાર થાય છે. જોકે માનસિક વ્યાપાર સારી અને નઠારી રીતે થાય છે. પરંતુ જે ઉત્તમ પ્રકારનો માનસિક વ્યાપાર તે ભાવનાનો ખરો અર્થ છે. ઉત્તમ ભાવના કલ્યાણમાર્ગની સાધક અને આત્મબળની વર્દ્ધક છે. કેટલાએક વિદ્વાનો કહે છે કે—

* "અવધૂ નટનાગરકી બાજી."

" સદ્‌ગુણાનાં સુકૃત્યાનાં જનની ભાવના મતા । "

" ભાવના એ સદ્‌ગુણો અને સત્કૃત્યોની માતા છે."

ભાવનાનું આ લક્ષણ સત્ય છે. આવા લક્ષણ ઉપરથી તત્વજ્ઞો લખે છે કે,

" भावनाविहगी श्रद्धाविश्वासपक्षाभ्यामुड्डीयमाना दूरे मानसपादपमारोहति तत्र निःशंका शांतिः परमरम्दं मधुरं फलमनुभवति "

" ભાવનારૂપી પક્ષિણી શ્રદ્ધા અને વિશ્વાસરૂપી પાંખોથી ઉડી માનસ-હૃદય રૂપ વૃક્ષ ઉપર બેસે છે અને ત્યાં નિઃશંક-નિર્ભય રહી શાંતિના પરમ રસને આપનાર મધુર ફળ અનુભવે છે."

આ કથનથી મહાનુભાવ તત્વજ્ઞોએ ભાવનાનું યથાર્થ સ્વરૂપ દર્શાવી આપ્યું છે. આવી પ્રભાવિક ભાવનાનો પ્રભાવ જૈન શાસ્ત્રોમાં ઘણે સ્થળે બતાવેલો છે. જેનું હૃદય ભાવનાથી અંકિત હોય, તે સદાચાર અને સદ્‌વૃત્તિથી દૂર થતો નથી, તે સ્વકર્ત્તવ્યથી વિમુખ રહેતો નથી. જ્યાં ભાવનાનો પ્રકાશ પડ્યો નથી ત્યાં અનેક દુર્ગુણો આવી વસે છે. આ જગત્‌માં જે કૃપણ, શઠ, ધૂર્ત અને આસક્ત પુરૂષો દેખાય છે તેઓના હૃદયને ઉચ્ચ ભાવનાનો સ્પર્શ થયો નથી એમ સમજવું. જ્યાં ભાવનાનો ઉદય છે ત્યાં હૃદયનો કલ્યાણમય પ્રકાશ પડ્યા વિના રહેતો નથી.

ભાવનાના ગુપ્ત પ્રદેશમાં મુખ્ય પાંચ ગુણો રહેલા છે. વિશ્વાસ, શ્રદ્ધા, પ્રેમ, દયા અને દીનતા. તે વિષે ભાવનાતત્વને જાણનારા વિદ્વાનો લખે છે કે—

" नित्यं पंचगुणी भाव्या भावना भावितात्मभिः ।
सैव कल्पलतेवात्र सर्वेप्सितविधायिनी " ॥ १ ॥

" વિશ્વાસ, શ્રદ્ધા, પ્રેમ, દયા અને દીનતા એ પાંચ ગુણવાળી ભાવના ભાવિત હૃદયવાળા પુરૂષોએ હંમેશા ભાવવી. તેજ ભાવના આ જન્મને વિષે કલ્પલતાની જેમ સર્વ પ્રકારની ઉન્નતિને આપનારી થાય છે." ૧

ભાવનાનો પ્રથમ ગુણ વિશ્વાસ ઉત્તમ પ્રકારની પ્રતીતિને દર્શાવનારો છે. વિશ્વાસ એ સત્ય-ગુણનો પૂર્ણ અંશ છે. વિશ્વાસવડે જ હૃદયનું દર્શન થઈ શકે છે. પરમાત્મા તરફની ભક્તિનો પ્રભાવ પણ વિશ્વાસથી જ દેખાય છે. સત્ય અને શુદ્ધ માર્ગમાં વિચરવાની ઇચ્છા, અસત્ય અને અશુદ્ધ માર્ગે વિચરવાની લગ્ન વિશ્વાસ ગુણથી પ્રગટ થાય છે. પૂર્વકાલના ચમત્કાર ભરેલા ભક્તિ અને પ્રેમના ચરિત્રો જે જે સાંભળવામાં આવે છે, તેનાં મૂલમાં રૂપે વિશ્વાસની જ પ્રતિષ્ઠા લેવાનું આવે છે. જ્યાં હૃદયને ઐશ્વર્ય દેખાય છે, જ્યાં હૃદયમાં શાંતિ, એકતા, સ્થિરતા અનુભવાય છે ત્યાં વિશ્વાસના વાસનો જ મહિમા છે એમ સમજવાનું છે. વિશ્વાસની ઉપર આ જગત્ ટકી રહ્યું છે. વિશ્વાસ ન હોત તો જગત્‌માં ધર્મ અને વ્યવહાર-બંને માર્ગ કુંઠિત થઈ જાત અને સર્વત્ર અવ્યવસ્થા પ્રસરી રહેત. તેથી જગતમા વિશ્વાસની જરૂર છે અને તે વિશ્વાસની જનની ભાવના છે.

ભાવનાનો બીજો ગુણ શ્રદ્ધા છે. જે સમ્યકત્વ ગુણ પણ કહેવાય છે. આસ્તિક્ય બુદ્ધિ રાખવી એ શ્રદ્ધાનું સ્વરૂપ છે. માનસિક વૃત્તિની ચંચળતા શ્રદ્ધાથી નાશ પામે છે. ભક્તિ, આરાધના, પૂજા, પ્રેમ, રાગ–એ સર્વનો આશ્રય શ્રદ્ધા ઉપર છે. બુદ્ધિ અને હૃદય એ ઉભયનું વિશ્રામ સ્થળ શ્રદ્ધા છે. મગજમાંથી ઉપજતી પ્રવૃત્તિ તે બુદ્ધિ છે અને રક્તાશયમાંથી ઉપજતી પ્રવૃત્તિ તે હૃદય છે. બન્નેના જુદા જુદા ધર્મ છે, પણ તેમનો એકીભાવ શ્રદ્ધા ઉપર થાય છે. શ્રદ્ધા વગર માનવ જીવન ઉપયોગી નથી. ધર્મ, ભાવ, સદાચાર અને સત્કર્મના અંકુર શ્રદ્ધાનાં બીજની સાથે જોડાએલા છે. એક મહાત્મા લખે છે કે.—

" વિના શ્રદ્ધાં પ્રયાસો યસ્તત્કાર્પણ્યમુદાહૃતમ્ । "

" શ્રદ્ધા વિના પ્રયાસ કરવો તે કૃપણતા કહેવાય છે. "

બીજે સ્થળે પણ કહેલું છે કે, શ્રદ્ધા વિના વ્યર્થ પ્રયાસ કરવામાં તો માણી વિલાસ, કૃપણતા સ્વાર્થ અને મિથ્યાત્વ એ વિના બીજું કાંઈ સિદ્ધ થતું નથી. જ્યાં શ્રદ્ધા ત્યાં સ્થિરતા છે. અને સ્થિરતામાં આત્મબળનો વ્યય યથાર્થ રીતે કે યોગ્ય માર્ગે થાય છે. જ્યાં અશ્રદ્ધા ત્યાં અસ્થિરતા અને તે અસ્થિરતાથી કલેશ, દુઃખ અને સ્વાર્થ વિના બીજું મળવાનું નથી. એ શ્રદ્ધા ગુણ ભાવનાના ભવ્ય સ્વરૂપમાં રહેલો છે. તેથી વિદ્વાનો શ્રદ્ધાને સર્વદા આદર આપે છે.

ભાવનાનો ત્રીજો ગુણ પ્રેમ છે. ભાવનાની મૂર્ત્તિ શુદ્ધ પ્રેમમય છે. કેટલાએક ધર્મો અને વિદ્વાનો બ્રહ્મ, પરમાત્મા, ચૈતન્ય ને પણ પ્રેમ શબ્દથી પ્રયોજે છે. આત્મિકભાવના શુદ્ધ પ્રદેશમાં પ્રેમની પૂજા થાય છે. એ પ્રેમ સંસારના ક્ષણિક પદાર્થોના નહીં, પણ આત્મિકભાવના સૂક્ષ્મ માર્ગનો પરમાત્મપણું પ્રાપ્ત કરાવનારો છે. એ પ્રેમના પવિત્ર માર્ગે વિચરનારા વિવેકી જનો ભાવનાના પરમ ભક્ત બને છે. પ્રેમના બાહ્ય અને આંતર એવા બે સ્વરૂપ છે. સાંસારિક પ્રેમ બાહ્ય છે અને ભાવના મય આત્મિક દિવ્ય પ્રેમ આંતર છે. પ્રેમનું આંતર સ્વરૂપ બહુ સૂક્ષ્મતાથી વિલોકતાં તેનો સાર ' ભાવના ' એટલો જ નીકળશે. પ્રેમનું દિવ્ય આકર્ષણ કયા હેતુથી થાય છે તે પણ કહી શકાતું નથી. તેથી ભર્તૃહરિ લખે છે કે,—" વ્યતિષજતિ પદાર્થાનાંતરઃકોઽપિ હેતુઃ" અંતરનો કોઇ હેતુ પદાર્થોને જોડી આપે છે." એ કવિનો આશય પ્રાકૃત પ્રેમને ઉદ્દેશીને છે, તેની અંદર પણ દિવ્ય ગુણનું દર્શન થાય છે. પ્રેમમય ભાવના પણ એવીજ કોઇ અદ્ભુત વસ્તુ છે. તે અવર્ણનીય છે. હૃદયની ન સમજી શકાય તેવી ગતિનો તે મહિમા છે. જ્યાં પવિત્ર પ્રેમનો સંબંધ જોડાય છે ત્યાં અદ્ભુત ભાવનાનો ઉદય થઇ આવે છે. ભાવનામય પ્રેમના ઉદયથી દૃષ્ટિ જ બદલાઇ જાય છે, બુદ્ધિને પણ કોઇ નવી જાતના ચસ્મા ચઢે છે અને મનની સૂક્ષ્મ વૃત્તિઓમાં કોઇ વિલક્ષણ જાગૃતિ થઇ આવે છે. હૃદયના અતુલ રસ અને અતુલ શ્રદ્ધાને

બળે જે નિશ્ચય થાય છે, તે બુદ્ધિ માત્રમાં ન રહેતાં પ્રત્યક્ષ અનુભવમાં પણ આવી જાય છે. આથી ભાવનાનું તાત્વિક સ્વરૂપ પ્રેમમાં પૂર્ણ રીતે પ્રતિબિમ્બિત થઈ, અખંડ આનંદનો અનુભવ કરાવે છે. મન, વાણી અને કર્મની ત્રિપુટીનો વિકાસ પ્રેમભાવનામાં પૂર્ણ રીતે થાય છે. "સાત્વિક જીવનનું પૂર્ણ સ્વરૂપ પ્રેમભાવનામાં જ છે," એમ ભાવનાતત્વને જાણનારા મહાત્માઓએ ધ્યાનવિદ્યામાં દર્શાવેલું છે. આર્હત તત્વવિદ્યામાં યથાપ્રવૃત્તિ કરણ, અપૂર્વ કરણ અને અનિવૃત્તિ કરણ–એ ત્રિપુટી જેમ સમ્યક્ત્વને ઉત્પન્ન કરવાની રીતિમાં ઉપયોગવતી થાય છે, તેમ પ્રેમભાવના પ્રગટ કરવામાં મનઃશુદ્ધિ, આચારશુદ્ધિ, અને વર્ત્તનશુદ્ધિ ઉપયોગવતી થાય છે. એ પ્રેમભાવના અનુભવના વિશાળ દ્વારને ખુલ્લું કરે છે અને અંતરની સૂક્ષ્મ વૃત્તિઓને સાધ્ય વસ્તુ સાથે યોજિત કરે છે. તેથીજ પ્રેમભાવનાના ઉપાસકો લખે છે કે, **"પ્રેમાનુભવસાધનમ્"** પ્રેમ એજ અનુભવનું સાધનં છે. તે અનુભવમાં શ્રદ્ધાની મુખ્ય જરૂર છે; કારણકે શ્રદ્ધારહિત અનુભવ કશું ફળ આપી શકતો નથી.

આવા પ્રેમગુણવાળી ભાવના ભાવકના હૃદયમાં કોઈ અનુપમ આનંદ ઉપજાવે છે અને તેની આગળ આ વિશ્વની આનંદમય રચના ખડી થાય છે અને તેથી સાધક ઉચ્ચ કોટીમાં આવી અને પરમાનંદનો પૂર્ણ અધિકારી બન છે.

ભાવનાનો ચોથો ગુણ દયા છે. જૈન ધર્મની મહત્તા દયાગુણ ઉપરજ રહેલી છે; કારણકે તેવું ઉચ્ચ સ્વરૂપ બીજે જોવામાં આવતું નથી. દયામય ભાવનાથી આર્દ્ર થયેલું હૃદય જે પરમાર્થ સાધે છે તે પરમાર્થ બીજાથી સાધ્ય થતો નથી. દયાનાં તત્વો અંતરની લાગણીઓને હલાવે છે અને તેની અસર વિદ્યુતની જેમ પ્રસરી જાય છે. દયાતત્ત્વના ઉચ્ચ અંકુરો જેનાં હૃદયનો સ્પર્શ કરે છે તેજ હૃદય બીજી ઉચ્ચ ભાવનાઓનાં સ્થાનરૂપ થાય છે. અશુભ કર્મના બંધને તોડનારા બધા આંતર સાધનોમાં દયાનું સાધન સર્વોત્તમ છે. અનુભવી વિદ્વાનો કહે છે કે, "જ્ઞાન અને વિચારથી કામ–તૃષ્ણાનો વિચ્છેદ થતાં પાપનો સંભવ ન રહે એમ છે, તથાપિ જો હૃદય દયામય ભાવનાથી યુક્ત હોય તો તેને પણ તેમ બનવા સંભવ છે. જ્ઞાન હોય પણ દયા ન હોય તો તે જ્ઞાન માત્ર ભારરૂપ છે.

દયા એ સર્વ ભાવનાના સારરૂપ છે. હૃદયની પવિત્ર વૃત્તિને દયા ભાવનામાં એકાગ્ર કરીને સ્થાપવાનો અભ્યાસ રાખવો જોઈએ. જોકે દયાનું તત્વ અભ્યાસની અપેક્ષા રાખતું નથી, તે સ્વભાવસિદ્ધ હોય છે, છતાં પણ દયાના અંકુરોને પુષ્ટ કરવાનો પ્રયત્ન સદા કરવો જોઈએ. મનની, વાણીની કે શરીરની પ્રવૃત્તિ અમુક પ્રકારના વેગ વિના સંભવતી નથી, પરંતુ એ વેગ દયાની ભાવનામા પ્રવર્ત્તાવવા પ્રયત્ન કરવો આવશ્યક છે. જ્યારે એવા અભ્યાસ અને પ્રયત્નથી હૃદયની સર્વ વૃત્તિઓ દયામય બની જાય છે ત્યારે મનુષ્ય પૂર્ણ રીતે દયાની પ્રતિમારૂપ

થાય છે. એથી તેનું સર્વ જીવન દયામાં જ રમણ કર્યા કરે છે. આવી દયામય ભાવના ભાવવાને માટે મનુષ્યે સર્વદા યત્ન કરવો જોઈએ. મહાવીર પ્રભુએ ગર્ભમાં "સવી જીવ કરૂં શાસન રસી" એ ભાવનાથી જ દયામય અંતઃકરણ બતાવી આપ્યું હતું.

ભાવનાનો પાંચમો ગુણ દીનતા છે. આ દીનતા ક્ષુદ્ર નથી, પણ ભાવનાથી ભરિત છે. અહીં દીનતાનો અર્થ ક્ષુદ્રવૃત્તિ કે લઘુવૃત્તિ સમજવાનો નથી, પણ તેનો અર્થ અહંભાવનો ત્યાગ કરવારૂપ છે, અથવા ઇષ્ટદેવ કે ગુરૂ તરફ પોતાની લઘુતા દર્શાવવારૂપ છે. મનુષ્ય અહંકાર કે અજ્ઞાનના ગાઢ અંધકારમાં મગ્ન થઇ જાય છે, હૃદય ઉપર પડેલો અહંકારનો પડદો તેની ઉચ્ચ ભાવના અને વિપુલતાનો નાશ કરે છે. હૃદયની વૃત્તિ જો અહંભાવથી સ્પૃષ્ટ થયેલી હોય તો તેમાં બહુ કલહ અને કઠોરતાદિ દોષો ઉત્પન્ન થાય છે. તેથી અહંકાર કે અહંભાવનો સર્વથા ત્યાગ કરવો આવશ્યક છે અને તે ત્યાગ દીનતામય ભાવનાથી થઇ શકે છે. જ્યારે હૃદયના સૂક્ષ્મ પ્રદેશમાંથી અહંભાવનો ત્યાગ થઇ જાય છે ત્યારે શાંત ગુણને દર્શાવનારી દીનતામય ભાવના પ્રગટ થયા વિના રહેતી નથી. એ દીનતામય ભાવનાથી ભાવિત થયેલું હૃદય ઇષ્ટોપાસનાનું પૂર્ણ અધિકારી બને છે; તેથી દીનતાગુણ સેવવાની પૂરેપૂરી આવશ્યકતા છે.

આ પ્રમાણે પંચગુણી ભાવનાનો ઉપયોગ આર્હતધર્મના ઉપાસકે સદા કર્ત્તવ્ય છે. હૃદયની વૃત્તિઓને કલ્યાણમાર્ગે લઇ જનારી ભાવના જ છે. તે ઉચ્ચ પ્રકારની ભાવનામાંથી શુભ સંકલ્પોનો જ ઉદય થાય છે. તેવી ભાવના અનંત, અપાર, અતુલ અને એકરસ આનંદરૂપ મોક્ષમાં લઇ જનારી છે; પરંતુ તે ભાવના સૂક્ષ્મભાવવાળી હોવી જોઇએ. તેમાં સ્થૂળભાવનો સ્પર્શ પણ ન હોવો જોઇએ; કારણકે સ્થૂલ ભાવનામાં શુભ સંકલ્પો ઉઠી જાય છે અને તે નવી શંકા ઉપજાવે છે. જો એવી સ્થૂલ ભાવનાનો હૃદયને વિશેષ પરિચય થાય તો તે હૃદય નવી નવી આશાઓમાં બંધાવા શીખે છે અને તેથી પારણામે અનંત સંસાર વધી પડે છે. જે હૃદય સૂક્ષ્મ ભાવનાનું અભ્યાસી હોય છે તે હૃદયને તો એ સ્થૂલ ભાવના નીરસ લાગે છે.

જ્યાંસુધી હૃદય સૂક્ષ્મ ભાવના ભાવવાને આતુર હોય છે ત્યાં સુધી તેને સ્થૂલ ભાવનાથી સદા દૂર રાખવું. તે છતાં જ્ઞાનના બલ વિના અથવા કોઈ મહાત્માના ઉપદેશના યોગ વિના હૃદયને સૂક્ષ્મ ભાવનાનો લાભ ન મળ્યો હોય તો પણ તે સ્થૂલ ભાવનાનો ઉચ્ચ માર્ગજ ગ્રહણ કરવો, અધમ માર્ગ ગ્રહણ કરવો નહીં. પ્રવૃત્તિ માર્ગને પસંદ કરનારૂં હૃદય હોય તો તેમાં ઉચ્ચ પ્રકારની સ્થૂલ ભાવનાઓજ ગ્રાહ્યપણી. તે સ્થૂલ ભાવનામાં પ્રવૃત્તિમાર્ગના તત્વો ને ભાવિત કરવા. તે તત્વો સત્ય,

પ્રેમ, ઉપકાર, વિગેરે શુભ રૂપ તત્વો છે. તે ઉદાર શુભોની ભાવના પ્રવૃત્તિ માર્ગમાં જન કલ્યાણની સાધક હોવાથી તેટલે અંશે ઉચ્ચ ગણાય છે. એ શુભોથી પ્રવૃત્તિ પક્ષે મનુષ્યનું મનુષ્યત્વ છે, તેમજ તે ઉપકાર ધર્મનું વર્દ્ધક છે. એ ભાવનાથી પણ ઘણાં સત્ય વક્તાઓ, શુદ્ધ પ્રેમીઓ, ઉપકારીઓ, અને પરાક્રમવંતો આ વિશ્વમાં પોતાનાં નામ અમરત્વના પુન્યાસને મુકી ગયા છે. હજુ પણ જેઓમાં એ લોકોપયોગી ભવ્ય ભાવના દેખાય છે તેવાઓના પ્રજવલિત હૃદયો કેવા દીપે છે ને દીપાવે છે એ જૈનોના ભૂત અને વર્ત્તમાન ઇતિહાસના અવલોકનકારથી અજાણ્યું નથી.

સ્થૂલ અને સૂક્ષ્મ–ઉભય ભાવના ઉપયોગી છે, પરંતુ સૂક્ષ્મ ભાવનાનું માહાત્મ્ય તો કોઇ અલૌકિક જ છે. તીર્થંકરો, ગણધરો, સૂરિવરો, ઉપાધ્યાયો અને સાધુઓ સ્થૂલ ભાવનાની શૃંખલા તોડી સૂક્ષ્મ ભાવનામાં રમણ કરી અમિતાનંદ મેળવી અને વિશ્વપ્રેમમાં મત્ત થઇ પ્રવર્ત્યા છે. તેમના એ સ્વાર્પણમય ચરિત પણ એ અતુલ ઉચ્ચ ભાવનાનું ફલ છે. એ પવિત્ર ભાવનાઓ પુનઃ પ્રગટ થાઓ અને તેથી શુદ્ધ ધર્મનો, શુદ્ધ પ્રેમનો અને શ્રાવક પણાનો સદા ઉદય થાઓ. એજ શાસનપતિ દેવતા પ્રત્યે અભ્યર્થના.

વર્તમાન સમાચાર.

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરનો વાર્ષિક મહોત્સવ. શ્રીમાન (વિજયાનંદસૂરી આત્મારામજી મહારાજની જયંતી.

ચાલતા માસ જેઠ શુદી ૭ ના રોજ ભાવનગરમાં આ સભાની વર્ષગાંઠ નીમીત્તે અને જેઠ શુદી ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમદ્ વિજયાનંદ સૂરિ (આત્મારામજી મહારાજ) ની સ્વર્ગવાસ તિથિ નિમિતે નીચે મુજબ મહોત્સવો કરવામાં આવ્યા હતા.

૧ શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયા ચોવીસ વર્ષ પુરા થઇ પચીસમું વર્ષ શરૂ થવાથી આ માસની શુદી ૭ ના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી આ ઉત્તમ પ્રસંગને માટે પ્રથમ આમંત્રણ પત્રીકાઓ છપાવી બહાર ગામના મેમ્બરોને મોકલવામાં આવી હતી.

જેઠ શુદી ૭ ના રોજ દરવર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ સભાના મકાનને ધ્વજાપતાકા તોરણોથી શણગારી તેમાં પ્રથમ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરૂવરજીની છબી પધરાવી મુનિરાજ શ્રી વક્ષલવિજયજી મહારાજ કૃત શ્રી રૂષીમંડલની પૂજા ભણાવવામાં આવી હતી, જે વખતે મેમ્બરો ઉપરાંત અન્ય ગૃહસ્થોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી. ત્યાર બાદ જેઠ શુદી ૭ ના રોજ સાંજની ટ્રેનમાં આ સભાના સભાસદો શ્રી સિદ્ધાચલજી ગયા હતા.

૨ જેઠ શુદી ૮ ના રોજ સવારના શ્રીસિદ્ધાચળજીના ડુંગર ઉપર ચોરી ટુંકમાં જ્યાં સ્વ-

ગીરાની ઉન્નત મહાત્માની મૂર્તિ સ્થાપન કરવામાં આવેલી છે ત્યાં ગિરિરાજ ઉપર શ્રી આદિશ્વર ભગવાન, શ્રી પુંડરિકજી મહારાજ, શ્રી શાંતિનાથજી મહારાજ, પાદુકા અને શ્રી આત્મારામજી મહારાજની મૂર્તિને સુંદર આંગી રચવામાં આવી હતી. અને વાજા પુષ્પ માલા વગેરે ઉત્તમ કાર્યો કરવામાં આવ્યા હતા. તેમજ શ્રી નવાણું- પ્રકારી પૂજા (કુલિનાજ શ્રી વલ્લભજી જયજી મહારાજ કૃત) ભણાવવામાં આવી હતી અને રવામીવ તલ્લય પણ કરવામાં આવ્યુ હતુ. એ રીતે ગુરૂરાજની જયંતી ઉજવવામાં આવી હતી. આ જેઠ સુદી ૮ ની જયંતીના સવેરે સવા આ સભાના શ્રી નવાનગર નીવાસી માનવંતા વાર્ષ્ણેય શેઠ મોતીચંદભાઇ હેમરાજ અને તેઓ ઉદારતાથી આપેલો હતો અને શ્રી સિદ્ધાચળજી ઉપરાંતરવામાં આવતી આ જયંતી હવેથી કાયમને માટે શેઠ મોતીચંદભાઇ હંસરાજની આર્થિક સહાય વડેજ કરવામાં આવશે આ વખતે શ્રી સિદ્ધાચળજી ઉપર ઉજવાયેલી આ જયંતીના ગુરૂભક્તિના કાર્યમાં ત્યાં બીરાજમાન પ્રવર્તક શ્રી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજ વગેરે મુનિ મહારાજાઓએ પણ લાગ લઇ ગુરૂભક્તિ કરી હતી.

પૂજ્ય કૃપાળુ શ્રી આત્મારામજી મહારાજની મારવાડ પાલી નગરમાં જયંતી.

મરહુમ જૈનાચાર્ય શ્રી ૧૦૮ શ્રીમદ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજની પવીત્રમી જયંતી અત્રે યોગ્ય સમારોહથી ઉજવવામાં આવેલી છે. શ્રી આચાર્ય મહારાજશ્રી સિદ્ધિવિજયજી સૂરિના સમુદાયમાંથી મુનિશ્રી અશોકવિજયજી રમણિક વિજયજી અત્રે બિરાજે છે. પુણ્યોદયે સુ. બ. વિ. નું ચાર્યરિત્ર પધારવું થયું. જો કે મહારાજની આમળ વિહાર કરી જવાની તીવ્ર ઇચ્છા હતી પણ વર્ષાદિ કારણને લઇ અત્રે સ્થિતિ કરવી પડી, જેથી જયંતીનો લાભ આ ક્ષેત્રના શ્રી સંઘને અણચાર્યો મળ્યો છે. જેઠ સુદિ આઠમ મંગળવારને દિવસે ગુજરાતી ફરજીયાત ચોરાસી ગચ્છની ધર્મશાળામાં આ ઉત્સવ થયો હતો.

જૈન ઉપરાંત જૈનેતર તેમજ અધિકારી વર્ગે પણ પધારી શોભામાં વધારો કર્યો હતો. શરૂઆતમાં એક ઉચ્ચ આસન ઉપર બિરાજમાન કરેલ મરહુમ આચાર્ય મહારાજની પ્રતિમા (તસ્વીર)ની વાસક્ષેપથી શ્રદ્ધાળુ ગુરૂ ભક્તોએ પુજા કરી હતી આદમાં મુખીયા ગુલાબચંદજી ગુરૂ ગુણ ગુરૂની ગાવત કરી હતી. ત્યારબાદ પંડિત શ્રીમાન પર ઇતદ્દ સુહેવે તમ-ચોત રક્ત ઉદ્દેશ જનરેર કરના આચાર્ય મહારાજના ગ્રંથો આદિથી જૈન તેમજ જૈનેતર વગ કેટલા વર્ષન ઉપયોગ નું દિગ્દર્શન એવી મધુર ઓજસ્વીની વાણીમાં કર્યું હતું કે જેથી મંડપ અત્યંત શ્રોતાઓની મુખાકૃતિ ઉપરથી પ્રત્યક્ષ માલુમ પડી આવી હતી. આદમાં મુ. બ. વિ. પોતાના અનુભવ સહિત શ્રી આચાર્ય મહારાજનું જીવન ચરિત્ર ગાગરમાં સાગરની પેઠે સાથેજ ખુબીથી જણાવતા એવી છટાથી વર્ણન કર્યું કે જેનો આસ્વાદ શ્રોતાઓજ જાણે છે વચન દ્વારા કહેવાથી દુર્ઘટ છે. તે પછી પુષ્કરણી બ્રાહ્મણ વ્યાસજી મીઠાલાલજીએ સંપત્તિવાન થોડું પણ સારભૂત શબ્દોમાં વર્ણન કર્યું હતું આદમાં શ્રી મહાવીરસ્વામીની તથા શ્રી આચાર્ય મહારાજની જય બોલાવી સભા વિસર્જન થઈ હતી. બપોર પછી શ્રી વલ્લભા પાર્શ્વનાથજીના દેરાસરે મરહુમ આચાર્ય મહા-

રાજની બનાવેલી સત્તર ભેદી પૂજા ભણાવવામાં આવી હતી. આ રીતે તે દિવસ મંગળમય આનંદપૂર્વક વ્યતીત કરવામાં આવ્યો હતો.

શ્રી ખંભાત શ્રી મહાવીર જૈન સભા તરફથી ઉજવાયલી જયંતી.

તા. ૨૫-૫-૨૦ ના રોજ સવારના આઠ વાગે શ્રીમદ્ ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદ સુરીશ્વરજી મહારાજની જયંતિ ઉજવવાનો મહોત્સવ ખંભાત જૈન શાળાના ભવ્ય હોલમાં વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ લબ્ધિવિજયજી મહારાજના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવ્યો હતો. તે વખતે સભાના સેક્રેટરી મી. અંબાલાલ જેઠાલાલ શાહે જયંતીના હેતુ વિષે વિવેચન કર્યા બાદ મુની મહારાજશ્રી મંગળવિજય મહારાજે વૈરાગ્ય ગુણ ઉપર ઘણીજ અસરકારક રીતે લંબાણથી વિવેચન કર્યું હતું. ત્યાર બાદ મુની મહારાજશ્રી ગંભીરવિજયજી મહારાજે પરોપકાર ઉપર વિવેચન કર્યા બાદ અને મુનીમહારાજ શ્રી લક્ષ્મણવિજયજી મહારાજે વિવેચન કર્યા બાદ પ્રમુખ સાહેબે મહારાજનું જીવનચરિત્ર ઘણીજ અસરકારક શૈલીથી લંબાણથી વિવેચન કર્યા બાદ સભા વિસર્જન થઇ હતી. ત્યારબાદ બપોરે પુજા ભણાવવામાં આવી હતી.

જશપુરામાં શ્રીમાન વિજયાનંદસુરિની જયંતિ.

સભાના પ્રમુખપદે શ્રીમાન મરહુમ આચાર્યજીના શિષ્યના શિષ્ય મુનિરાજશ્રી ઉત્તમવિજયજી બિરાજયા હતા પ્રમુખ સાહેબ તથા તપસ્વી અમૃત વિજય તરફથી સુરીમહારાજ સાહેબનું જીવન ચરિત્ર યત્કિંચિત્ કહેવામાં આવ્યું હતું ત્યાર બાદ સુરી મહારાજને પગલે ચાલવા માટે શ્રીસંઘને કાંતિવિજયજીએ કેટલીક-ભલામણ કરી હતી. સભામાં તમામ મુનિયો હાજર હતા.

સભામાં પધારેલ મુનિયોના નામ નિચે મુજબ છે.

મુનિરાજ ઉત્તમવિજયજી તે મોતીવિજયજી મહારાજના શિષ્ય.
ઉદયવિજયજી તે ઉત્તમવિજયજી મહારાજના શિષ્ય.
અમૃતવિજયજી તે ખેમાવિજયજી મહારાજના શિષ્ય.
કાંતિવિજયજી તે શાંતિવિજય પન્યાસજીના શિષ્ય.
મણીવિજયજી તે વિરવિજયજી ઉપાધ્યાયના શિષ્ય.

આજે એટલે જેઠ શુ૦ ૮ ને દિને જશપુરામાં એક પાલીતાણાના સકલસંઘ તરફથી શ્રી રિસભનાથના પંચકલ્યાણકની પુજા ભણાવવામાં આવી હતી. રાત્રે પરમાત્માના ધર્મનાથ પ્રભુની ત્રાંગી રચીને શ્રી સંઘે ભાવના ભાવી હતી.

ગામ પાછીયાપુર-ગુજરાતમાં શ્રીમદ વિજયાનંદસૂરિ મહારાજની ઉજવાયેલી જયંતી.

આ ગામમાં જેઠ શુદ ૮ ના રોજ ઉક્ત મહાત્માની જયંતી મુનિરાજ શ્રી દીપવિજયજી મહારાજની હાજરીમાં પૂજા પ્રભાવના વગેરેથી ઉજવવામાં આવી હતી

श्री

આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शरीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक १८] वीर संवत् २४४७ माघ आत्म संवत् २५. [अंक ७ मो.

श्री प्रभुस्तुति.

ઉપજાતિ

જીનેન્દ્ર દેવા જય ધારનારા,
દેવો મનુષ્યો કરતાં સુસેવા,
કૃપા કરીને કરૂણાવતાર,
આશ્રિતને દો તમ ચર્ણશર્ણ.
સૌ ભવ્ય કેરૂ શિવ સાધનાર,
પરોપકારે વિચરી સદાયે,
કર્યો તણુ કષ્ટ પ્રભુ હરે જે,
તે જીન પામો જયકાર વિશ્વે

રજની ભાવના.

રાગ ગઝલ—કવ્વાલી.

૧

અરિહંત સિદ્ધ સાધુ, જગમાં પુનીત જે છે;
જિનદેવ ભાખ્યો ધર્મ, શરણો ગ્રહું હું ચારે. ૧
ગતિ ચાર દુઃખ દૂરે, કરવા ધરાવે શક્તિ;
પ્રાચીન મુનિ ગ્રહ્યાં જે, શરણો ગ્રહું હું ચારે. ૨
સંસાર સમુદ્રમાંથી, નિસ્તારી પાર આપે;
આનંદ કંદ સમએ, શરણો ગ્રહું હું ચારે. ૩
એ ચાર અમૂલ્ય રત્નો, મંગલિક લોકે ઉત્તમ;
કલ્યાણકારી જનના, શરણો ગ્રહું હું ચારે. ૪

૨

ચોરાશી લક્ષયોનિ, ગત સર્વ જીવ કેરા;
અપરાધ કંઇ કર્યા જે, મિથ્યા મે દુષ્કૃતં હો. ૧
લખ સાત પૃથ્વી પાણી, વળી તેઉવાઉ જીવો;
દશ લક્ષ વનસ્પતિના, મિથ્યા મે દુષ્કૃતં હો. ૨
લખ ચઉતિરિ સુરનારક, તેમ ચૌદ નીગોદ પ્રાણી;
વિકલેંદ્રિ લક્ષ ચટના, મિથ્યા મે દુષ્કૃતં હો. ૩
લખ ચૌદ મનુષ્ય સાથે, છે મૈત્રી નથી વિરોધ;
બની દીન ખમું ખમાવું, મિથ્યા મે દુષ્કૃતં હો. ૪

૩

અરિહંત સિદ્ધ સાક્ષી, એ પાપ ગર્હું મારાં;
આ લોચી આત્મસાક્ષી, નિંદું હું પાપ મારાં. ૧
પ્રાણાતિપાત આદિ, સંસાર વધારનારા;
ક્રોધાદિ કષાય કેરાં, નિંદું હું પાપ મારાં. ૨
નિંદા કરી જે પરની, કૂડાં કલંક દીધાં;
સ્મરી તે ઘણુંજ તાપું, નિંદું હું પાપ મારાં. ૩
કરી કલેશ ચાડી દ્વેષે, પરિતાપ પામી આપ્યો;
આદિ દુષ્ટ સ્થાન સેવ્યાં, નિંદું હું પાપ મારાં. ૪

૪

આધિ ઉપાધિ વ્યાધિ, ત્રિતાપ સમૂળ છેદી;
બનું શુદ્ધ સમર્થ યોગી, દિન ધન્ય થાશે ક્યારે ? ૧
રસ સ્વાદ હીન ભિક્ષા, ગ્રહી ધ્યાન ધારૂં વનમાં;
વિચરૂં હું ઉચ્ચ પંથે, દિન ધન્ય થાશે ક્યારે ? ૨
માનું ન કોઇ શત્રુ, સહુ મૈત્રીભાવે દેખું;
સંવેગ તરંગ ઝીલું, દિન ધન્ય થાશે ક્યારે ? ૩
સંભાળી સાધ્ય દૃષ્ટિ, પરહિત નિત્ય સાધું;
નર જન્મ પામ્યો દુર્લભ, ફળવાન્ થશેજ ત્યારે. ૪

માસ્તર દુર્લભદાસ કાલીદાસ.

જગતને માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના.

(ગતાંક પૃષ્ટ ૧૧૨ થી શરૂ)

તમારા જેવા ઘણાએક નવ યુવકો પોતાની વાસનાઓ કમી કરી સર્વથા દેશ હિત; સમાજ હિત, કે આત્મહિતમાં જોડાવાની પ્રતિજ્ઞા લઈ આ સંસ્થામાં દાખલ થયા છે. (અર્થાત્ દાખલ થએલ દિક્ષિત છે) તે વર્ગ ખરેખર સારરૂપ છે. અને તે સારરૂપ વર્ગને પોતાની મહાન ફરજો સમજાઈ છે. જેમને નથી સમજાઇ તેમને સમજાવવામાં આવે છે, એટલે યથાકિંચિત્ રીતે આ વર્ગમાં દાખલ થઇ ગયેલાઓને પોતાનું તે કૃત્ય રસમય અને લાભદાયી લાગ્યું છે, તેઓ હું કંક સમજથી હું કાજ કર્તવ્ય ક્ષેત્રમાં જીવિત પસાર કરતા હતા, પરંતુ તેનું ભવિષ્ય આ સંસ્થાએ બદલી નાંખ્યું છે, તેઓનો પણ સદુપયોગ કરવાની સંપી પ્રાપ્ત થઇ છે. મોટા મોટા મુનિ મહારાજાઓની આ સંસ્થામાં સહાનુભૂતિ છે. તેઓએ પોતાના શિષ્યોને અભ્યાસ કરવા મોકલ્યા છે. જૈન કોમની કેળવાઇને તૈયાર થએલી સામાન્ય કે વિશિષ્ટ વ્યક્તિઓ આ સંસ્થાના સ્ટાફમાં જોડાએલ છે. તેઓને કામ કરવાથી સંતોષ પ્રાપ્ત થાય છે, અને ઉત્સાહ ભરી લાગણીથી બરોબર કામ કરી રહ્યા છે. ઉદાર જૈન ગૃહસ્થોએ પોતાના ધનનો વ્યય આ તરફ વહેવરાવ્યો છે. દેશ હિતૈષીઓ પણ આ વૃત્તિમાં છુપી રીતે દેશ હિતનો પ્રવાહ ચાલે છે તેમ માની રહ્યા છે. સંઘાડા અને ગચ્છોના નાયક મુનિઓ કે અગ્રેસર ગૃહસ્થોને પણ નિર્ભય

રીતે આ સંસ્થા તરફ પોતાના કર્તવ્યો બજાવવાનો ઉત્સાહ થયો છે, કેમકે આ સંસ્થામાં સમાન ભાવનું તત્વ પલ્લવિત કરવાનું હોવાથી દરેક અપરાભવનીય થઈ રહી શકે છે. આપણી સંસ્થાઓ માટે અને ખાસ કરીને આ સંસ્થા માટે અભ્યાસ ક્રમ ગોઠવવાની હિલચાલ વિદ્વાન મંડળ તરફથી ચાલી રહી છે. આવી દરેક રીતે વ્યવસ્થિત અને અનેક સાધ્યો સિદ્ધ કરતી સંસ્થા તરફ અવશ્ય તમને પૂજ્યભાવ થએલો હોવેજ જોઈએ. જો તમારી આ સંસ્થા તરફ લાગણી થઇ હોય તો તમો વોલંટીયર સ્વયંસેવક તરીકે કે કોઇપણ અધિકારમાં તમારૂં નામ નોંધાવશો, તો તેમાં અમુક અમુક રકમ વાર્ષિક લવાજમ તરીકે આપવાની છે, અને જો સ્વયંસેવક તરીકે જોડાવા ઇચ્છા હોય તો આ સંસ્થાની જાહેર ખબરોથી તમારી આજુબાજુના જૈનોને વાકેફ કરો, તેઓને તેના લાભો અને ઉદ્દેશો સમજાવો. આ સંસ્થાના જેઓ મેમ્બરો થયા છે તેમની પાસેથી (કે જે તેમને લગતા હોય) માસિક લવાજમ ઉઘરાવી, તમારા ગામના સ્વયં સેવકોને અમે નીમી આપેલા ઉપરીને કે જેને ઠરાવેલ હોય તેમને ત્યાં એકઠા કરી સંસ્થા તરફ રવાના કરો. સંસ્થાનો રીપોર્ટ ધ્યાનથી વાંચો, સૂચવવા જેવું જણાય તે સૂચવો, સંસ્થા માટેના તમારે ત્યાંના સંઘના (જૈનોના) શાશા અભિપ્રાયો બંધાતા જાય છે. એ સારા અભિપ્રાયની વૃદ્ધિમાં વિઘ્ન નડે તેમ જણાય છે? વિગેરે બાબતોથી સંસ્થાના અધિકારીને વાકેફ કરો. આ સંસ્થા માટે જૈન કોમ અને જૈનેતર કોમ પણ વાસ્તવિક રીતે ઉંચો અભિપ્રાય ધરાવતી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે અને આ વ્યવસ્થાને અંગે આ સંસ્થા પ્રતિ વર્ષે નવા નવા મેમ્બરોને નવા નવા સ્વયં સેવકો મેળવતીજ રહે છે. તમને અવકાશ મળે ત્યારે સંસ્થાના લાભથી પ્રજા વાકેફ થાય તેવું ભાષણ આપો. અને તેની અસર કેટલી થઈ છે તે સૂક્ષ્મ બુધ્ધિથી તપાસો. ભલે લોકો પૈસા તત્કાળ ન આપે પણ તેઓનું વલણ આ તરફ થવું જોઈએ. પછી એની મેળે પૈસા મોકલવા લાગશે. તમારા પરિચયમાં જે મુનિ મહારાજ આવે અને તે અભ્યાસ કરી શકે તેવા હોય તેમને આ તરફ મોકલો, તે આવે તેવું તેને મન કરાવી દો, તે સિવાય તમારી શુભ લાગણીથી કે સંસ્થાની પ્રેરણાથી જે જે કરવાનું હોય તે કરો. પણ તમે ગભરાશો નહિ કે અમે તમારા ઉપર બોજો લાવવા માંગીએ છીએ. તમે તમારા કામમાં ખલેલ પહોંચાડયા વિનાજ ઉપરનાં કામો પૂર્ણ રીતે અને સરળતા સાથે કરી શકશો. તેમજ કંટાળો ન થાય તથા ઉત્તરોત્તર તે કામને વધારે વધારે હાથ ધરતા રહો. પહેલા વર્ષ કરતાં પાંચમા વર્ષે તમે દશગણું કામ કરી શકો તેવી સગવડો અને પૂર્ણ તૈયારીઓ અમારા તરફથીજ પુરી પાડવામાં આવશે. તેના રસ્તાઓ અવનવા બતાવવામાં આવશે, લોક રૂચિ ઉપર ખ્યાલ રાખીને ખરી હકીકતો અને જાહેરાતો આકર્ષક બનાવવા પ્રયત્ન કરવામાં આવશે.

૧૪—નવિન કેળવણી પામેલા કે તેઓના મત વિચારોને અનુસરનારાઓ કે જેઓ સુધારા કહેવાય છે. તેઓ જો મહાવીર તરફ પ્રેમ ધરાવતા હોય તો તેઓને નીચે પ્રમાણે જણાવવા રજા લઇએ છીએ.

૧ વિશાળ હૃદયના મનુષ્યોની ખાસ જરૂર છે, અને એ વિશાળ હૃદયથી મનુષ્યો પોતાના સમાન હકકો છુટથી ભોગવે તેમાં આવતા અંતરાયો વિશાળ હૃદયથી (હદ ઉપરાંતના સ્વાર્થનો ભોગ આપી) અટકાવવા. આ મત સમજુ લોકોમાં ફેલાવા લાગ્યો છે. તે સમાન ભાવનો સિદ્ધાંત તે હાલના સુધારાનું છેવટ જણાયછે. જોકે સમાન ભાવનો સિદ્ધાંત મહાવીર પ્રભુએ જગતને વારસામાં આપ્યો છે, પણ તેનો ઉપયોગ થતો નથી. આ (ચાલુ) સુધારાના અંતે થનાર સમાન ભાવ થયા પછી તેમાં આગળ વધવાનો રસ્તો મહાવીરે છેક સુધી બતાવ્યો છે. અને હાલના સુધારાનું મૂળ તેના કેટલાક સત્ય સિદ્ધાંતો તેમના આગમમાંથી મળી આવે છે. એટલે સમાન ભાવનો જ્યાં વિજય ત્યાં મહાવીરની સંપુર્ણ પૂજા, સમભાવભાવિયપ્પા, णो लोगस्स एसणं चरे આ વિગેરે સિદ્ધાંતો ટુંકામાં પણ ઘણીજ ઉંચી જાતની સૂચનાઓ કરે છે. આવો સુધારો જગતને ઇષ્ટજ છે, તેનેજ અંગે સુધરેલા માણસની અને એક અસંસ્કૃતની યોગ્યતામાં ફેર છે. તેના હૃદયના સંસ્કારોમાંજ મોટો તફાવત છે. સુધારા પર ચાલતા અને વિશાળ હૃદયની પહેલાના, પોતાની સ્થિતિમાંના આનંદ કરતા સંસ્કારિતસ્થિતિના આનંદની વિદ્વાનો વધારે કિંમત આંકે છે. જો તેમ ન હોય તો પશુ અને મનુષ્યમાં પણ ફેર રહેતો નથી. માટે મહાવીરની આદર્શ તરીકે જરૂર છે. તેમજ તેમના સિદ્ધાંતની પણ જગતને જરૂર છે. તેમજ તેનું પદાર્થ વિજ્ઞાન હજુ કસી જોવા જેવું છે. તેથી તેમનું શાસન કાયમ રાખવા પગલાં લેવાની જરૂર છે. અને તે ઉદ્દેશ આ સંસ્થાદ્વારાજ મોટે ભાગે સિદ્ધ થઇ શકે તેમ છે. આ ઉદ્દેશ ત્યાગીઓદ્વારા પણ સિદ્ધ થઈ શકે અને કદાચ ગૃહસ્થોદ્વારા સિદ્ધ થઇ શકે. પણ ત્યાગીઓ ઉપર ભાર દેવાની એક બીજી પણ જરૂર છે, અને તેથી બીજા પણ લાભો થાય છે.

આપણા દેશમાં હાલની કેળવણીથી મનની કેળવણી મળી છે પણ હૃદયની કેળવણી નથી મળી. તે દરેક સમજુ સુધારકે સ્વીકાર્યું છે. જો કે તદ્દન હૃદયની કેળવણીનો અભાવ છે એમ નથીજ પણ બીજા કેળવણીના પ્રમાણમાં ઘણીજ ઓછી છે, અને મનની કેળવણી સાથે હૃદયની ઉંચા પ્રકારની કેળવણીથી સારી રીતે કેળવાએલ બહુજ થોડી વ્યક્તિઓ આખા દેશમાં આપણે જાણીએ છીએ. જેઓમાં કદાચ હૃદયની કેળવણી સ્વાભાવિક રીતે ખીલી હશે તેઓમાં ચાલુ કેળવણી નહિ હોવાથી લોકોપયોગી થઈ શકતા નથી. આ વિષમતા સમજુ માણ-

સોના ધ્યાનમાં આવી ગઇ છે. એ (હૃદયની) કેળવણી આપવામાં તેના પુસ્તકો કરતાં આદર્શો વધારે સારૂં કામ કરે છે, તેને માટે બીજી ગોઠવણોનો આત્મા આદર્શજ છે, એમ માન્યા વિના છુટકોજ નથી. આદર્શ બનનારે પોતાનું જીવન કેવું રાખવું એ સંબંધમાં ગાંધીજીએ આપણા દેશને કેટલું ક સમજાવ્યું છે. તે સ્થિતિનું બળ કેટલું છે ? તે પણ સમજી હૃદયોમાં રમી રહ્યું છે. માત્ર જેઓ તેમાં કેવળ દોષજ જોઇ રહ્યા છે તે માત્ર હૃદયની કેળવણીના રસના બિંદુના અભાવે. માત્ર જો વ્યવસ્થિત રીતે અને ઉપયોગીતા તરફ ખ્યાલ રાખીને વ્યવહારૂ બનાવાય તો અવશ્ય જગત જુકવાનું, કેમકે તેમાં આનંદ પ્રાપ્તિ છે, અને નવીન જમાનાની સંસ્કૃતિમાં અનવસ્થા છે. બેમાં કોનો સ્વીકાર કરવો એ અત્યારે તો મોટા મોટા મગજદારોને પણ સંશયમાં પાડે છે. પણ મારૂં હૃદય આધ્યાત્મિક બળથી જીતનાર (જૈન) જગતમાં છેવટનું સુખ પામશે અને તે સુધરેલ તેમજ સુધારક કહેવાશે,

તો આ સંસ્થા મહાવીરનો સંદેશો જગતને પહોંચાડશે. અને બીજું ભિન્ન ભિન્ન અધિકારી જીવો યોગ્યતા પ્રમાણે દરેક આદર્શો થઇ રહેશે, શું આદર્શોની હિંદને જરૂર નથી ? આવી સંસ્થા દ્વારા ગ્રેજ્યુએટ કરતાં પણ સારી સ્વતંત્ર રીતે કેળવણી મળે અને આવું નિર્દોષ જીવન હોય તો પછી સોનું અને સુગંધ. આ બન્ને બાબતોનો ત્યાગ હિંદ કદી કરી શકશે નહિ. જેઓ કેળવાયલા છતાં, દેશ કે સમાજના કામમાં આવતાં નથી અને જેઓની મનોવૃત્તિ પણ તેવી નથી તેઓ કરતાં આ વર્ગ ઘણો દરજ્જે ચઢીઆતો ગણવો જોઇએ.

આવી સંસ્થા દ્વારા સ્વતંત્ર અધ્યાપકો અને સ્વતંત્ર શિક્ષણ ક્રમ વચ્ચે કોઇ આવી શકે એ સંભવ ઓછો છે.

ત્યાગી વર્ગ નિંદાપાત્ર થયો છે, તે માત્ર તેને કેળવણી લેવાનું સાધનજ નથી. હિંદનું જીવન અખંડ રીતે સહસ્રો બદકે લાખો વર્ષોથી ત્યાગીઓથી ઘડાયું છે. એને તેણેજ પ્રસંગે સંકટ સમયે પણ હિંદના હિતના મંત્રો હિંદ પુત્રના કાનમાં કહ્યા છે અને અનેક રીતે બચાવ કર્યો છે. આ ભૂતકાળની સ્થિતિની વાત કરનારાનો આ અવસર નથી કેમકે તેવા સંજોગો હાલ નથી. છતાં હાલના સંજોગોમાં આ તૈયાર થએલો વર્ગ કોઇ રીતે ટકવો જોઇએ.

બીજી દૃષ્ટિએ વિચાર કરો. પં. માલવીયાજી કહે છે કે "તમારી સંખ્યા નાની છે, તમો બરોબર ધ્યાન આપીને એવા કેળવણીના સાધનો યોજો કે તમારી સમાજમાં એક પણ કેળવણીથી બેનસીબ ન રહે. " આ વાતને આપણે માન્ય કરતાં જોઇએ. પણ આ મુનીયોને કેળવણી આપવાની જરૂર છે. વળી એ ખરૂં છે કે યોગ્યતા

પડતું હોય. વ્યવસ્થિત અને ધોરણ વિના અભ્યાસ કરવો પડવાથી મહેનત ઘણે ભાગે નકામી જતી હોય ને છેવટે અભ્યાસથી કંટાળીને અભ્યાસ છોડવો પડતો હોય તો અહિં આવો, અહિં પૂર્ણ સગવડ છે તમને કોઇ જાતનો કંટાળો ન આવે તે કામ કરી શકો એવી ગોઠવણ રાખવી એ આ સંસ્થાનું જીવન છે.

જો તમે જૈન આચાર વિચાર અને તત્વજ્ઞાનને લગતા વ્યાપક સિદ્ધાંતોમાથી કે જરૂરની બાબતોથી અજાણ્યા હો તો અહિ સારા જાણકાર થઇ શકશો.

જૈન આચાર વિચારના અજાણ્યાપણાને લીધે તમારા ગુરૂની આજ્ઞા તમને કંટાળારૂંપ લાગતી હોય તો અહિં શિક્ષણ લઈ જાઓ તમને શિક્ષણ આપીને તેમાંના રહસ્યો સમજાવવામા આવશે અને તેજ આજ્ઞાઓ ઉઠાવવાનું તમને તમારી મેળે મન થશે એવો અહિંનો પ્રબંધ છે તમારી આવી જીંદગીને રસમય બનાવવા ચાહતા હો, શાસ્ત્રાભ્યાસનો આનંદ લુટવા ચાહતા હો, વિદ્વાનોની મીઠી અને જ્ઞાનથી ભરપૂર વાણીનો સ્વાદ ચાખવો હોય તો અહિં પધારો.

અહિં જૈનત્ત ખીલવવા માટે મોટા મોટા પ્રમાણમા સામગ્રી છે. અહિંની પ્રવૃત્તિ અમુક કાર્ય સાધક સાથે જૈનત્વના ઓપથી ઓપેલી છે ભિન્ન ભિન્ન માર્ગોએ અને વિચિત્ર વિચિત્રરૂપે જૈનત્વ કેવી રીતે ખીલવી શકાય તેનો અહિ જડે તેમ છે. મહાવીરના કંઇક અંશનો અહિ કંઇક સાક્ષાત્કાર થાય તેમ છે. અહિ આવ્યા ત્યારની અને નીકળતી વખતે તમારી સ્થિતિમાં મોટો ફેર જોશો. અહિં કોઇ રીતે નિરાશ થવું પડે કે અગવડ નડે તેવી બાબતોનો પહેલેથીજ વિચાર કરી નીકાલ કાઢેલો છે.

આ સંસ્થામાં કામ કરવા માટે નીચેના કામદારોની જરૂર છે'

૧ ધોરણવાર શિક્ષકો, ભિન્ન ભિન્ન ભાષાઓ, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, ધર્મ-શાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળ, વિગેરે શાસ્ત્રોના સારા વિદ્વાન શિક્ષકો'

૨ પ્રિન્સિપાલ, આતર વ્યવસ્થા તપાસનાર.

૩ ક્રિયાનુ, આચારનું શિક્ષણ અને પ્રેક્ટિસ આપનારા.

૪ આરોગ્ય અને વ્યાયામનું જ્ઞાન અને પ્રેક્ટિસ કરાવનાર, તેમજ બીજી નિર્દોષ જરૂર પડતી દવાનું જ્ઞાન ધરાવનાર વ્યકિત.

૫ હિસાબી કામ તપાસનાર અમલદાર.

૬ કારકુનો પણ સારી કેળવણી લીધેલા.

૭ શૉર્ટહેન્ડ જાણતો હોય એવો માણસ.

૮ રીપોર્ટર.

૯ પેપર ચલાવનાર.

પરસ્પરનો વિરોધ શમ્યો નથી, તે શાંત કરવામાં પણ ખાસ મદદ આ વર્ગથી મળશે, આ વર્ગ નવા અને જુના વિચારોની સંધી છે બન્નેને થોડા ઘણા પોતાના તરફ ખેંચીને, વચ્ચે મેળવી દેશે. મને લાગે છે કે જૈન કોન્ફરન્સમાં બે ઉદ્દેશો છે, એક કોમના ઉદયના કાર્યમાંજ જૈનત્વ આવે છે અને જૈનત્વનો ઉદય એજ શાસનનો ઉદય, જૈનત્વના ઉદય સમેત કોમનો ઉદય તે જૈન કોમનો ઉદય કહેવાય છે, તેથીજ જૈન કોન્ફરન્સ સાર્થક થઈ શકે છે. વળી કોમનો ઉદય તો બીજાઓ સાથે સમાન સાધનોથી સાધ્ય છે. પણ જૈનત્વનો ઉદય કરવા મળેલી સભામાં તેઓના ખાસ આગેવાન, નવા જુનાઓની સંધી કરનારા વર્ગની તદન ગેરહાજરી કે નજીવો ભાગ હોય ત્યાંસુધી એ સભા જોઇએ તેવી પ્રકાશે નહિ તેમાં શું નવાઈ? પરંતુ જો આ વર્ગ કેળવાયેલ હોય, પરસ્પરના ઉદ્દેશો સમજી શકે અને બન્નેના મેળથી જો કોન્ફરન્સ ભરાઇ હોય તો તેનું કામ ઘણીજ ઝડપથી ગતિમાન્ થાય અને તેમાં કોઇ પણ બેમત થઇ શકે નહી, આવા આવા અનેક ફાયદાઓ આ સંસ્થાથી અમને સમજાય છે. વળી હજારો કેળવાએલામાંથી સમાજને કે દેશને ઉપયોગી એકાદ બે વ્યક્તિ થશે, પણ આ કેળવાએલા બધાએ બલ્કે ઘણાખરા ઉપયોગમાં આવશે. આવી રીતે અનેક સાધ્યો આ વર્ગ કેળવાય તો સિદ્ધ થાય છે, અને એ વર્ગને કેળવવા સંપૂર્ણ સાધનોવાળી સંસ્થા કરવાથી પણ અનેક અંતર સાધ્યો સિદ્ધ થાય છે. વળી એક વિદ્વાને કહ્યું છે કે " જૈન સાધુઓ જો બરોબર કેળવાય તો જૈન કોમને એકલીનેજ નહિ પણ આખા દેશને મોટો લાભ છે " તેમજ આ સંસ્થાની વ્યવસ્થા એવા પ્રકારની વ્યાપક છે કે અવશ્ય ધારણા પ્રમાણે ફળ મેળવ્યેજ જવાની. આ રીતે આ સંસ્થા તત્વ જ્ઞાનના ચોક્કસ પાયા ઉપર ઉભી થએલ હોવાથી કોઇ પણ વિચારકના વિચારરૂપ ઝાપટાથી શિથિલ થઇ શકે તેમ નથી. માટે હિંદના કે હિંદની સંસ્કૃતિને લાભદાયક બીજી સંસ્થાઓ પ્રમાણે આ સંસ્થા તરફ પ્રેમની નજરે જોવાની અમે ભલામણ કરીએ છીએ. વળી બીજી રીતે હિંદની કોઈ પણ વ્યક્તિ કેળવાય તેમાં દરેક સમજુ માણસોએ લાભજ જોવાનો છે, જુવે છે.

૧૫ અભ્યાસ કરવાના જીજ્ઞાસુ જૈન મુનિ મહારાજાઓ, કે આ સંસ્થાના અભ્યાસક્રમ પ્રમાણે અભ્યાસ કરી તૈયાર થવા ઇચ્છનાર ગૃહસ્થ વિદ્યાર્થી બંધુઓને સાદર જણાવવાનું કે આવી રીતે બાહ્યાભ્યંતર વ્યવસ્થાવાળી આ સંસ્થા છે, જે તમે સમજી શકયા હશો, આ સંસ્થામાં દરેક મુનિ મહારાજાઓની સંમતિ છે, તેમજ દરેક ગામના સંઘના સમજુ જૈનો, જૈન યુવાનો તેમજ કેળવાયેલા જૈનો અને વિદ્વાનોની પુરતી સહાનુભૂતિ છે દરેકને આકર્ષી શકે તેવી વ્યવસ્થાવાળી આ સંસ્થા છે તે તમે સમજી શકયા હશો. તમારે અભ્યાસને માટે ફાંફાં મારવાં પડતાં હોય, પંડિતના પગાર માટેની ગોઠવણમાં તમારે અને તમારા ગુરૂને પડવું

પડતું હોય. વ્યવસ્થિત અને ધોરણ વિના અભ્યાસ કરવો પડવાથી મહેનત ઘણી ભાગે નકામી જતી હોય ને છેવટે અભ્યાસથી કંટાળીને અભ્યાસ છોડવો પડતો હોય તો અહિં આવો, અહિં પૂર્ણ સગવડ છે તમને કોઇ જાતનો કંટાળો ન આવે તે કામ કરી શકો એવી ગોઠવણ રાખવી એ આ સંસ્થાનું જીવન છે.

જો તમે જૈન આચાર વિચાર અને તત્વજ્ઞાનને લગતા વ્યાપક સિદ્ધાંતોમાંથી કે જરૂરની બાબતોથી અજાણ્યા હો તો અહિં સારા જાણકાર થઇ શકશો.

જૈન આચાર વિચારના અજાણ્યાપણાને લીધે તમારા ગુરૂની આજ્ઞા તમને કંટાળારૂપ લાગતી હોય તો અહિં શિક્ષણ લઈ જાઓ. તમને શિક્ષણ આપીને તેમાંના રહસ્યો સમજાવવામાં આવશે અને તેજ આજ્ઞાઓ ઉઠાવવાનું તમને તમારી મેળે મન થશે એવો અહિંનો પ્રબંધ છે તમારી આવી જીંદગીને રસમય બનાવવા ચાહતા હો, શાસ્ત્રાભ્યાસનો આનંદ લુટવા ચાહતા હો, વિદ્વાનોની મીઠી અને જ્ઞાનથી ભરપૂર વાણીનો સ્વાદ ચાખવો હોય તો અહિં પધારો.

અહિં જૈનત્ત ખીલવવા માટે મોટા મોટા પ્રમાણમાં સામગ્રી છે. અહિંની પ્રવૃત્તિ અમુક કાર્ય સાધક સાથે જૈનત્વના ઓપથી ઓપેલી છે. ભિન્ન ભિન્ન માર્ગોએ અને વિચિત્ર વિચિત્રરૂપે જૈનત્વ કેવી રીતે ખીલવી શકાય તેનો અહિ જડે તેમ છે. મહાવીરના કંઇક અંશનો અહિ કંઇક સાક્ષાત્કાર થાય તેમ છે. અહિ આવ્યા ત્યારની અને નીકળતી વખતે તમારી સ્થિતિમાં મોટો ફેર જોશો. અહિં કોઇ રીતે નિરાશ થવું પડે કે અગવડ નડે તેવી બાબતોનો પહેલેથીજ વિચાર કરી નીકાલ કાઢેલો છે.

આ સંસ્થામાં કામ કરવા માટે નીચેના કામદારોની જરૂર છે.

૧ ધોરણવાર શિક્ષકો, ભિન્ન ભિન્ન ભાષાના, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, ધર્મશાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળ, વિગેરે શાસ્ત્રોના સારા વિદ્વાન શિક્ષકો.

૨ પ્રિન્સિપાલ, આંતર વ્યવસ્થા તપાસનાર.

૩ ક્રિયાનું, આચારનું શિક્ષણ અને પ્રેક્ટિસ આપનારા.

૪ આરોગ્ય અને વ્યાયામનું જ્ઞાન અને પ્રેક્ટિસ કરાવનાર, તેમજ બીજી નિર્દોષ જરૂર પડતી દવાનું જ્ઞાન ધરાવનાર વ્યક્તિ.

૫ હિસાબી કામ તપાસનાર અમલદાર.

૬ કારકુનો પણ સારી કેળવણી લીધેલા.

૭ શૉર્ટહેન્ડ જાણતો હોય એવો માણસ.

૮ રીપોર્ટર.

૯ પેપર ચલાવનાર.

૧૦. સંસ્થાની ખહારના કામ માટેનો અમલદાર.
૧૧ પ્રેસ, રસોડું, ને પરચુરણ કામને લગતા માણસો.
૧૨ વિદ્વાન લાયબ્રેરીયન.
૧૩ પાઠ્ય ક્રમ અને ગ્રંથની પસંદગી કે રચી શકે તેવા લેખક અને જ્ઞાન વિદ્વાનો કેટલાક.

આ દરેક ભાગોને માટે માણસોની જરૂર છે.

૧ તેઓને અહીંઆ સ્થાન છે. પાછળથી પણ સંસ્થાના હક્કમાં નુકશાન કરનાર કે અયોગ્ય સિદ્ધ થએલ વર્તણુકવાળાને રજા આપવામા આવે છે.
૨ જ્યાં હાલ નોકરી કરતા હોય ત્યાંથી અહિ પગાર સવાયો મળવાનો છે.
૩ કુટુંબ સહીત રહેવાના મકાનો પુરતી સગવડવાળા છે.
૪ નોકરોના કાયદાઓ સરકારી કે એવા બીજા ખાતા પ્રમાણેજ ઘણે ભાગે છે. તેમાં કેટલાક પ્રજાકીય દ્રષ્ટિથી સુધારા પણ કરેલા છે.
૫ જેઓ ઓછે ખર્ચે ને ખાસ સાદા જીવનથી રહી કામ કરવા ઇચ્છતા હશે તેઓને પણ અહિ આવવામાં અડચણ નથી.
૬ જૈન મુનિયો પણ ઇચ્છશે તો તેમને યોગ્ય કામ ભળાવવામાં આવશે.
૭ કામનો ટાઇમ નિયમિત છે, અને કરેલ કામની નોંધ રહે છે. કામની કદર પણ થાય છે, પરંતુ પગારથી ઓછે ખર્ચે કે ઓનરરી, કે મુની છતાં કોઈ પણ કામ કરનારે સંસ્થાએ ઠરાવેલા ધોરણેજ કામ કરવાનું છે. તેમા કોઇની મરજી ચાલનાર નથી. પોતાની ઇચ્છા જાહેર કરવાની સગવડ હોવાથી જે ઇચ્છા હોય તે જાહેર કરવી. પરંતુ સંસ્થા વર્તવાનું કહે તેમ વર્તવાનું છે. યોગ્યતા ને શક્તિની પૂર્ણ પરીક્ષા કરી યોગ્ય લાગશે, ને સંસ્થામાં કામ હશે તો તેમને તે કામ બતાવવામાં આવશે.

જેમને પોતાના દેશની કે કોમની દાઝ હોય તેઓએ અવશ્ય આ સંસ્થાના લાગતા વળગતાઓને પોતાની ઇચ્છા બતાવવી, પછી પસ દગી કરી જેઓને બોલાવવાનો પત્ર મળે તેઓએ પધારવું.

આ જાહેર ખબરનો સાધારણ નમુનો છે. આવી હોય કે બીજી જાતની હોય પણ તેનાં મૂલતત્વો આવા હોવા જોઇએ કે વાંચનારનું મન આકર્ષે, પ્રમાણીકતા જણાય, ભય અને તાપ પણ જણાય, નિયમિતતા, અને કાર્ય ક્ષેત્રની વિશાલતા જણાય, સગવડ પૂર્ણ જણાય, ભવિષ્યની મોટી આશાઓ બંધાય, વિઘ્ન નાખનારાઓના હૃદયો શાંત થાય, વિઘ્નની શંકાવાલાઓ સંતોષ પામે, સંદિગ્ધ હૃદયો નિઃસંશય થઇ સંસ્થા પ્રત્યે જેવો જોઇએ તેવો વ્યવહાર રાખે એ વિગેરે મતલબો હોવી જોઇએ પૈસાદારો, વિદ્વાનો, અભ્યાસીઓ, બીજા મુનિયો વિગેરેને મનગમતી એને સંસ્થા-

ઓના કાયદાઓમાં રહીને જાહેર ખબર હોવી જોઇએ, જાહેર ખબર આપવીજ જોઇએ તેમજ ઠરાવવાનો ઉદ્દેશ નથી, માત્ર આ લેખ તે શૈલીથી લખ્યો છે, સમજુએ મતલબ સમજવાની છે.

આ ઉપર પ્રમાણેની જાહેર ખબર આપ્યા પછી વિચાર કરો કે આ જાહેર ખબર વાંચનારાઓના મગજમાં શીશી અસરો થશે ? (અર્થાત્ નીચે પ્રમાણે અસર સમજવામાં થાય તોજ સંસ્થા પહેલું પગથીયું સહેલાઇથી ચડી શકે) સંભાજના દરેક અંગોમાં કંઇક સ્ફૂર્તિ થવાની, આગેવાનો, મુનિયો, અભ્યાસીઓ, જૈન અમલ દારો, વિદ્વાનો ખરા વિચારકો દરેકના મગજમા ચળવળ ઉભી થવી જોઇએ. અભ્યાસીઓના મન ઘણાજ ઉત્સુક બની જવા જોઇએ, અહિં એવી શંકા કરવામાં આવે છે કે, કોણ અભ્યાસ કરવા આવશે ? પણ આ શંકાનું સમાધાન સહજ થઇ શકે તેમ છે,કેમકે અભ્યાસીઓના મન અભ્યાસ માટે ઉત્સુકજ હોય છે. પણ સમાજમાં સામગ્રીનો અભાવ અને આજુબાજુના તેવા સંજોગોને લીધે તેઓની તે જીજ્ઞાસા મૃતપ્રાય થાય છે. જૈન સાધુઓ સામાન્યતઃઉચ્ચ કુલના હોય છે. અને વ્યાખ્યાન વાંચવાની બુદ્ધિથી કે સન્માનની સ્પર્ધાની ઇચ્છાથી અવશ્ય અભ્યાસ કરવાની ઇચ્છાવાળા હોય છે, તો પ્રથમથીજ એટલું પણ લક્ષ્ય હોય તે પણ ઘણું સારૂં છે, પરંતુ જ્યાં એટલો અભ્યાસ શરૂ કરે તે વખતે સમાજના સમજુ માણસો તરફથી એવી ગોઠવણ કરેલી હોવી જોઇએ કે તે એક વખત સંસ્થામાં આવ્યા પછી બહાર જવાનું મન નજ કરે, અને ઉત્સાહપ્રેરક શિક્ષકો કે બીજી વ્યક્તિઓ દ્વારા તેમનો ઉત્સાહ વધતો જાય અને મહત્વાકાંક્ષા પણ વધતી જાય, એવા સાધનો હોય તો અવશ્ય તે આગળ વધેજ. બાકી પ્રથમ લક્ષ્ય દુંકુંજ હોય છે. એ લક્ષ્ય ઉપરથી આગળ દૃષ્ટિબિંદુ વધારવુ એ આ જુદા જુદા સંજોગો ઉપર છે. આ સંસ્થામાં એ સગવડ હોવાથી ભણનારાના મન અવશ્ય ઉત્સુક થવાનાજ. સંસ્થામાં આવ્યા પછી રોકી રાખવાના આકર્ષક સાધનો જોઇએ. એકાદ બે ઉ હરણોમાં આગમોદય સમિતિ કે બનારસ પાઠશાળાના આપવામા આવે છે, તો હુ પ્રશ્ન કરૂંછું કે મોટા પાયા પર કરેલી સગવડવાળી અને સત્ય તથા વ્યવહારૂ પાયા ઉપર ઉભી થયેલી તે સંસ્થાઓ છે ? અથવા તે સંસ્થામા આકર્ષણ અને શુદ્ધ વ્યવસ્થા છે ? વળી એ સવાલ રહે છે કે શિષ્યો કદાચ ભણવાને ઉત્સુક બને પણ તેઓના ગુરૂઓ ન મોકલે તો કેમ ? આ પ્રશ્નોનો ઉત્તર પણ એવોજ કે પોતાના શિષ્યને સંસ્થામાં મોકલતાં જે જે બાબતો થી તેઓનાં હૃદયો શંકાતા હોય તે બરોબર સૂક્ષ્મતાથી તપાસી લઇ સંસ્થાના મૂલ તત્વોને બાધ ન આવે તેવી રીતની વ્યવસ્થા અને સગવડતા કરવી, અને તેવો તેઓને વિશ્વાસ આપેલો હોવો જોઇએ અને આશા પણ બતાવવી જોઇએ તેમ છતાં નિષ્કારણ ન મોકલે તો સંસ્થાએ ગચ્છના કે ગામના આગેવાનો ઉપર પણ પોતાની

સત્તા બેસાડવી જોઇએ, અને સંસ્થા માટે ઉંચો અભિપ્રાય બંધાય તેવા ઉપાયો યોજવા જોઇએ. જ્યારે તે કામમાં સંસ્થા ફતેહમંદ નીવડી એટલે તેઓની પ્રેરણાથી અવશ્ય શિષ્યોને મોકલવા પડશે. આ બધી બાબતો યોજવી એજ વ્યવહારૂ પગલા કહેવાય છે.

આ બધું બને પરંતુ વિદ્વાનો પોતાના તત્વજ્ઞાનભર્યા લેખમાં અથવા હિંદની જરૂરીયાતોના લેખોમાં હાલ શું કરવાથી હિંદને કે જૈન શાસનને કે જૈન કોમને ફાયદો છે એ વિષયનો વિચાર કરતાં આ સંસ્થાની નિરૂપયોગિતા ઠરાવે તો સંસ્થા પડી ભાંગવાની સ્થિતિમાં અવશ્ય આવે, એ આઘાત હું અસાધારણ માનું છું, તેમ થવા ન પામે માટે તેની રચના તત્વજ્ઞાનના કે ઉપયોગિતાના પાયા ઉપર સ્થિર કરવામાં આવે તો એ આઘાત લાગી:શકશે નહિ.

જો એમ કચાસ રાખવામાં આવે કે તેમાં સ્વયં સંશય થાય તો પછી સંસ્થાના મૂળ ઉંડા રોપાવાનાજ નહીં માટે તેની જરૂરીયાત ઉપયોગિતા-અબાધ્ય ઠરાવવી જોઇએ. એમ કરવાથી વિદ્વાન વર્ગ સમ્મત રહેશે. તેની સાથે અવનવા અખતરા એક એક બાબતને આકારમાં મુકતા જવાથી સંસ્થાને અનેક જાતની મદદ મળવાની અર્થાત્ કોઇ પણ સંસ્થા કે કામ તત્વજ્ઞાનની જરૂરીયાતોના પાયા ઉપર રચાવું જોઇએ. એના વિઘ્નો મુત્સદ્દીપણાથી દૂર દૂર રહે તેવી ગોઠવણ કરવી જોઇએ. નિરાશાઓના પ્રસંગોને યોજના બળથી સરળ બનાવવા જોઈએ. અને આગળ વધવા આકર્ષકતા ને દેખાવ રાખવો જોઇએ, તેમજ પોતાનું કામ આંતર વ્યવસ્થાથી શુદ્ધ રાખીને બાહ્ય વ્યવસ્થામાં આકર્ષક બનાવવું જોઇએ. આ વ્યાપક અને સર્વ દિશા તરફથી પોતાનોજ લાભ મેળવનારી પદ્ધતિના મૂળ સિદ્ધાંતો છે.

આ બધી બાબતોને કેટલેક અંશે ઉપરની જાહેર ખબર સિદ્ધ કરે છે.

પણ બીજો વિચાર એ છે કે શું આવી જાહેરખબરજ લોકો ના વિચારો સંસ્થા તરફ વાળશે ?

અપૂર્ણ.

મનઃ સંયમ.

વિઠ્ઠલદાસ મુ. શાહ, બી. એ.

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ॥

જેવી રીતે મનુષ્યને સ્વાદિષ્ટ વસ્તુઓ ખાવી ગમે છે અને તે કડવી તેમજ દુર્ગંધ વસ્તુઓથી મુખ બગાડે છે, જેવી રીતે તે સુગંધની પાસે જાય છે અને દુર્ગંધથી દૂર ભાગે છે તેવી રીતે મનુષ્ય કેટલીક વસ્તુઓ ઉપર પ્રીતિ રાખે છે અને કેટલીક વસ્તુઓ ઉપર દ્વેષ રાખે છે. મનુષ્યને સર્વ પ્રકારની ઇચ્છા, સર્વ પ્રકારના ઉદ્યમ, શ્રમ, વિગેરે સર્વ એ પ્રીતિ અને દ્વેષના કારણથીજ થયા કરે છે. પરંતુ જો એ વાત નિશ્ચિત હોત કે મનુષ્યજાતિ અમુક વસ્તુઓને ચાહે છે અને અમુક વસ્તુથી દૂર ભાગે છે તો ઘણું ઠીક થાત, કેમકે એવી સ્થિતિમાં સંસારના સર્વ મનુષ્યો હમેશાં એવી વસ્તુઓ બનાવવાનો, સંગ્રહવાનો અને રક્ષવાનો પ્રયત્ન કરત કે જે મનુષ્ય જાતિને પસંદ હોય; અને જે ચીજો મનુષ્યોને નાપસંદ હોય તે સર્વને નષ્ટ કરી નાખત. પરંતુ અહિં તો સંસારની સમસ્ત વસ્તુઓમાંથી કોઇ મનુષ્ય એક વસ્તુને ચાહે છે તો કોઇ બીજી વસ્તુને ચાહે છે, અર્થાત્ એક મનુષ્ય જે વસ્તુને ચાહે છે તેજ વસ્તુને બીજો મનુષ્ય ધિક્કારે છે.

જો એમ હોય કે એક મનુષ્ય હમેશાં એકજ પ્રકારની વસ્તુઓ પસંદ કરે છે અને બીજી બધી વસ્તુઓને ધિક્કારે છે તો એ પણ ઠીક છે, કેમકે એવી સ્થિતિમાં પ્રત્યેક મનુષ્યના યત્નો હમેશાં એકજ દિશામાં રહે. પરંતુ એમ પણ નથી. એકજ મનુષ્ય કોઇ વખત કોઇ વસ્તુની ઇચ્છા કરે છે અને કોઇ વખત બીજી વસ્તુની ઇચ્છા કરે છે. પહેલાં જેની ઇચ્છા કરે છે અને કોઇ વખત બીજી વસ્તુની ઇચ્છા કરતો હોય છે તેજ વસ્તુને પાછળથી ધિક્કારવા લાગે છે. અને પહેલાં જેને ધિક્કારતો હોય છે તેની તે પાછળથી ઇચ્છા કરવા લાગે છે. જેવી રીત જે મનુષ્યના શરીરમાં કફની વૃદ્ધિ હોય છે તેને ખીટા પદાર્થો ખાવાની તીવ્ર ઇચ્છા થાય છે અને ખાટા પદાર્થો તરફથી મન હઠી જાય છે, પરંતુ જ્યારે તેના શરીરમાં પિત્ત વધે છે ત્યારે તેજ મનુષ્ય ખાટાં પદાર્થો ખાવા ઇચ્છે છે અને મધુર પદાર્થો તરફ અણગમો બતાવે છે. એવીજ રીતે હમેશાં આપણા જોવામાં આવે છે કે મનુષ્ય જેની સાથે પહેલાં અત્યંત પ્રીતિ રાખતો હોય છે, જેને જોઇને તેનું ચિત્ત અપૂર્વ આનંદથી ઉલ્લસિત બનતું હોય છે અને જેનાથી એક ઘડી પણ પોતે જુદો રહેવા ઇચ્છતો નથી હોતો તેનાથી કોઇ કારણ વશાત્ નારાજ થઇ જાય છે તો તેનું મુખ પણ જોવા ઇચ્છતો નથી. બલ્કે કોઇ વખત તેના પ્રાણ લેવા તત્પર બની જાય છે.

જે વસ્તુઓને માટે મનુષ્ય ગરીબાઈમાં તલસતો હોય છે તે વસ્તુઓ તરફ તે ધનવાન બની જાય છે ત્યારે દૃષ્ટિ પણ કરતો નથી. આ બધું કહેવાની મતલબ એ છે કે મનુષ્યની ઈચ્છાઓ અને જરૂરીયાતો હમેશાં સ્થિર રહેતી નથી, બલ્કે તે પ્રત્યેક ક્ષણે બદલાયા કરે છે અને મનુષ્યને જુદી જુદી રીતે નચાવ્યા કરે છે.

જ્યારે મનુષ્યની ઈચ્છાઓ પ્રબલ બની જાય છે ત્યારે તે મનુષ્ય ઉપર પોતાનો એવો પ્રભાવ જમાવે છે કે તે પોતાના હાનિ લાભને ભૂલી જાય છે અને તેના ફંદામાં ફસાઈ જઈને પોતે પોતાની જાતને નુકશાન પહોંચાડવા લાગે છે. જેવી રીતે ઘણી વખત આપણા જોવામાં આવે છે તેમ અમુક વસ્તુ ખાવાથી નુકશાન પહોંચશે એમ જાણતા છતાં ઘણા લોકો પોતાની રસનેંદ્રિયને વશ બનીને એ વસ્તુ ખાય છે અને બીમાર પડી જાય છે, એવી રીતે અનેક દૃષ્ટાંત આપી શકાય એમ છે જેનાથી સિદ્ધ થાય છે કે મનુષ્ય પોતાની ઇચ્છાઓને વશ બનીને એવા કામ કરે છે કે જેનાથી તેને પોતાને અત્યંત હાનિ પહોંચે છે.

આવી સ્થિતિમાં પ્રત્યેક મનુષ્યનું એ આવશ્યક મુખ્ય કર્તવ્ય છે કે તેણે અત્યંત સાવધાન રહેવું જોઈએ અને પોતાની ઈચ્છાઓને એટલી બધી પ્રબળ ન થવા દેવી કે જેથી તે તેના ઉપર પોતાનું પ્રભુત્વ જમાવવા લાગે અને તેને તેની મરજીમાં આવે તેમ નચાવે; બલ્કે મનુષ્યેજ તેના ઉપર પોતાનું આધિપત્ય રાખવું જોઈએ, અર્થાત્ પોતાની વિચાર શક્તિ અનુસાર હાનિકારક ઈચ્છાઓ તથા પ્રવૃત્તિઓને હમેશાં અંકુશમાં રાખવી જોઈએ.

એવી રીતે જો તેની ઇચ્છા શક્તિ ખરેખરી રીતે લાભકારક વસ્તુઓ પ્રત્યે તિરસ્કાર બતાવતી હોય તો તેને માટે જરૂરનું છે કે તેણે તે તિરસ્કારની લાગણીને દબાવવી જોઈએ અને તે વસ્તુને કામમાં લેવી જોઈએ. દાખલા તરીકે કોઇ કડવી દવા એક માંદા માણસને તેના વ્યાધિની નિવૃત્તિ અર્થે આપવામાં આવી હોય, પરંતુ તે ખાવાને તેને અણગમો થતો હોય તો તેને માટે જરૂરનું છે કે તેણે અણગમાને દબાવી દઇને તે દવા ખાવી જોઈએ. એવીજ રીતે બાળકોની સાથે રમતમાં પડવાથી કોઇ વિદ્યાર્થી નિશાળે જવાની ઇચ્છા ન કરે તો તેને માટે જરૂરનું છે કે તેણે પોતાની તે ઇચ્છાને દબાવી દેવી જોઈએ અને રમત ગમત છોડીને તરતજ નિશાળે જવું જોઈએ. સઘળી બાબતોમાં આ પ્રમાણે સમજી લેવું જોઈએ.કેમકે ઇચ્છા અનેદ્વેષનું જોર મનુષ્યનાં મનમાં હમેશાં વિશેષ રહે છે અને તે તેની વિચાર શક્તિને દબાવ્યા કરે છે. એટલા માટે મનુષ્યે હમેશાં અત્યંત સાવધાન રહેવું જોઈએ અને પોતાની વિચાર શક્તિને પ્રબળ રાખીને તે અનુસાર પોતાના કાર્યો કરવા જોઈએ. કદિ ભૂલથી પણ ઇચ્છા અને દ્વેષના ફંદામાં ન આવવું જોઈએ, બલ્કે પોતાના ઇચ્છા તથા દ્વેષને પોતાના લાભ હાનિ અનુસાર બનાવવા યત્ન કરવો જોઈએ. જો

મનુષ્ય આ રીતે સાવધાનતાથી કામ કરે તો તે અનેક આપત્તિઓથી બચી જાય અને સંપૂર્ણ સુખ શાંતિથી પોતાનુ જીવન વ્યતીત કરી શકે.

પહેલાંજ કહેવામાં આવ્યું છે કે પશુપક્ષી સર્વ કાર્યો પોતાની પ્રકૃતિ અનુસારજ કરે છે. તેઓ તેમાં જરા પણ ન્યૂનાધિકતા કરી શકતા નથી. પરંતુ મનુષ્યમાં વિચારશક્તિ રહેલ છે જે દ્વારા તે પોતાના સુખ-શાંતિ વધારવાના નવા નવા ઉપાયો શોધે છે અને પોતાની પ્રકૃતિને દબાવીને તદનુસાર કાર્યો કરે છે. એ રીતે તે ઉન્નતિની શ્રેણીપર આગળ વધ્યા કરે છે. એમ કરવાથીજ તે પશુઓથી ઉત્તમ બની શકેલ છે અને અનેક પ્રકારની આપત્તિઓથી બચીને પોતાના સુખશાંતિ વધારવા શક્તિવાન બનેલ છે. આવું શુભ પરિણામ પોતાના લાભ હાનિનો ખ્યાલ રાખવાથી અને પોતાની વિચાર-શક્તિ અનુસાર કાર્ય કરવાથીજ આવેલ છે. પરંતુ ખેદની વાત છે કે અનેક મનુષ્યો પોતાની પ્રકૃતિને દબાવવામાં ઘણાજ બેદરકાર રહે છે જેને લઇને તેઓની પ્રકૃતિ અત્યંત બગડી જાય છે અને તેઓની વાસનાઓ અતિ પ્રબળ બની જાય છે. તે વાસનાઓ તેઓને પુતળાની માફક નચાવે છે અને સારાં નરસાં સર્વ કાર્યો કરાવે છે. આ રીતે મનુષ્યો વાસનાઓને આધીન બનવાથી પશુ કોટિથી પણ હલકા બની જાય છે અને વાસ્તવીકરીતે તેઓ પોતાની વાસનાઓ સમક્ષ કાષ્ટના પુતળા સમાન બની જાય છે.

પશુઓ પોતાની પ્રકૃતિ અનુસાર અમુક ઋતુમાંજ કામવાસનાની તૃપ્તિ કરે છે, જેથી તેઓનું વીર્યબળ વિશેષ રહે છે. પરંતુ મનુષ્યે પોતાની પ્રકૃતિ એવી બગાડી મુકી છે કે તે અમર્યાદિત રીતે કામસેવન કરે છે. અધિક કામસેવનથી જે ભયંકર પરિણામો આવે છે તે કોઇથી અજાણ્યા નથી. આને લઇને મનુષ્યોમાં પશુઓ કરતાં વીર્યબળ અતિ અલ્પ રહે છે, જેથી તેઓને અધિક સંયમથી રહેવાની આવશ્યકતા છે અને પ્રકૃતિ પણ એજ કહે છે. પરંતુ મનુષ્યે પોતાના બુદ્ધિબળથી અનેક ઔષધીયો તથા અનેક પ્રકારની તદબીરો શોધી કાઢી છે જેને લઇને તેનામાં હમેશાં કામવાસનાનું જોર રહે છે. આનું પરિણામ એ આવ્યું છે કે મનુષ્યો અત્યંત નિર્બળ બની ગયા છે અને દિનપ્રતિદિન નિર્બળ બનતા જાય છે. જેમ જેમ તેઓ નિર્બળ બની જાય છે તેમ તેમ તેઓની વાસનાઓ પ્રબળ બનતી જાય છે અને હરવખત તેઓને પોતાની લાલસાઓ પૂર્ણ કરવા તરફ દોરે છે. એ વાસનાઓના ઉત્તેજનને લઇને તેઓની વિચારશક્તિ એટલી બધી શિથિલ બની જાય છે કે તેઓને પોતાની બલહીનતાનું ભાન પણ રહેતું નથી. એવી સ્થિતિમાં પણ તેઓ પોતાનું પૂર્વબળ પ્રાપ્ત કરવાની અને ઇચ્છાઓને અંકુશમાં રાખવાની કોશીશ કરતા નથી, બલ્કે અશક્ત સ્થિતિમાં પણ પોતાની ઇચ્છાનુસાર વર્ત્યા કરે છે. ઔષધીયોના પ્રભાવથી તે કંઇક શક્તિ પ્રાપ્ત કરે છે કે તરતજ પોતાની જાતને સંપૂર્ણતઃ સ્વસ્થ સમજીને કામવાસનાઓમાં ફસાઇ જાય છે એ ખરેખર ખેદજનક વિષય છે.

આ ઉપરથી એટલું તો સ્પષ્ટતઃ સમજાય તેમ છે કે મનુષ્ય પોતાની ઇચ્છાઓ દબાવવાની મહાન શક્તિનો દુરૂપયોગ કરીને પોતાની પ્રકૃતિને બગાડી નાંખે છે, જેને લઇને તે અનેક વિપત્તિઓમાં ફસાઇ પડે છે. વિચારવા જેવી વાત એ છે કે પશુપક્ષીઓ પ્રકૃતિ વિરૂદ્ધ કોઇપણ જાતની ક્રીડા કરતા નથી, પરંતુ દુર્ભાગ્યવશાત્ મનુષ્યોમાં એ સર્વ દોષો જોવામાં આવે છે. આનું કારણ એ છે કે પશુઓને પોતાની પ્રકૃતિ વિરૂદ્ધ કરવાનું કોઇપણ કાર્ય સૂઝતું નથી અને તેઓ કોઇપણ કાર્ય પોતાની પ્રકૃતિ વિરૂદ્ધ કરી શકતા નથી. પરંતુ મનુષ્યમાં વિચારશક્તિ રહેલ છે જેને લઇને તે પ્રત્યેક વિષયમાં નવીનવી વાતો શોધી શકે છે અને તદનુસાર કાર્ય કરીને પોતાની પ્રકૃતિ બદલી પણ શકે છે. એટલા માટે જ્યારે તે અસાવધાન બનીને પોતાની વિચાર શક્તિને શિથિલ કરી મુકે છે અને પોતાના હાનિલાભનો વિચાર ભૂલી જઇને પોતાની ઇચ્છાઓને વશ બની જાય છે ત્યારે તે પોતાની પ્રકૃતિને એવા વિપરીત રૂપમાં ફેરવી નાંખે છે કે જેનાથી તેને અપરિમિત હાનિ પહોંચે છે અને તે અત્યંત અધોગત દશામાં આવી પડે છે.

આમ કહેવાની એ મતલબ નથી કે પશુપક્ષીઓની માફક મનુષ્યોએ પણ પોતાની પ્રકૃતિને આધીન રહેવું અને પોતાની વિચારશક્તિ અનુસાર તેમાં કાંઇ પણ સુધારો અથવા ફેરફાર ન કરવો, બલ્કે કહેવાનું તાત્પર્ય એ છે કે મનુષ્યોએ હરવખત પોતાની વિચારશક્તિથી કામ લઇ પોતાનાં પ્રત્યેક કાર્યમાં નવીનતા લાવવા યત્ન કરવો જોઇએ અને પોતાની બુદ્ધિનો વિકાસ કરવા યત્નશીલ રહેવું જોઇએ; પરંતુ અસાવધાન બનીને પોતાની ઇચ્છાઓને એવા વિપરીત રૂપમાં પ્રવૃત્ત થવા ન દેવી જોઇએ કે જેનાથી પોતાના મનુષ્યત્વમાં ખામી આવે અને પોતે ઉન્નત થવાને બદલે અધોગતિમાં પડી જાય. એટલા માટે જો મનુષ્યો પોતાની વિચાર-શક્તિથી કામ લીધા કરે અને પોતાનાં મનને સંપૂર્ણ સાવધાનતાથી સંયમમાં રાખે તો પરિણામે તેઓ અવશ્ય સુખ પામે અને પોતાને શીઘ્રતાથી ઉન્નતિના શિખર ઉપર પહોંચાડી દે. પરંતુ જો તેઓ પોતાની સાવધાનતામાં જરાપણ ભૂલ કરે છે તો તેઓનું મન તેઓને અત્રતત્ર ભટકાવી કોઈ એવા સ્થળમાં પટકાવી દે છે કે જ્યાથી બહાર નીકળવું અત્યંત કઠિન બને છે.

પાંચ ઇંદ્રિયોના વિષયો અસાવધાન મનુષ્યને અત્યંત સતાવે છે અને ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રલોભનો બતાવીને તેને એટલો બધો પરાધીન બનાવી મુકે છે કે તે પોતાનું સઘળું ભાન ભૂલી જઇને તેનો ગુલામ બની રહે છે. જો અસાવધાન મનુષ્ય આમાંથી એકજ વિષયને વશ બની જઇ તેમાં રચ્યો પચ્યો રહે તો તેની એટલી બધી ખરાબી થતી નથી, પરંતુ તે તો ઉક્ત પાંચે વિષયોના જબરદસ્ત પંજામાં

સપડાયલો હોવાથી તે સર્વ તેને પોતાની તરફ ખેંચી રહ્યા છે અને તેને પોતાને વશ કરી લેવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

અસાવધાન મનુષ્યને તે પાંચે ઇંદ્રિયો પોતાની તરફ ખેંચીને તેની અત્યંત બુરી દશા કરે છે. તેઓ તેની વિચારશક્તિને નષ્ટપ્રાયઃ કરીને, હાનિલાભના વિચારો ભૂલાવીને અને તેના સઘળા સુપ્રબંધો તોડી પાડીને તેને સંકટમાં ફસાવી દેછે. એવી સ્થિતિમાં તે પશુઓ કરતાં પણ અધિક અધમ દશા ભોગવે છે. પરંતુ સાવધાન મનુષ્યની બાબતમાં તેની એ પાંચ ઇંદ્રિયો પાંચ પ્રકારના ઉત્તમ હથિયારની ગરજ સારે છેકે જે દ્વારા તે સંસારની સમસ્ત વસ્તુઓના ગુણો પારખી શકે છે અને તે ગુણોને પોતાની જરૂરત અનુસાર કામમાં લે છે. તે સ્પર્શેન્દ્રિય દ્વારા હલકું ભારે, નરમ કઠોર, અને ઠંડું ગરમ આદિ જાણે છે, સ્વાદેન્દ્રિય દ્વારા તે ભિન્ન ભિન્ન પ્રકારના સ્વાદ જાણે છે, ઘ્રાણેન્દ્રિય દ્વારા તે અનેક પ્રકારની ગંધ જાણે છે, આંખોદ્વારા તે જુદી જુદી જાતના રંગ જુએ છે, ભિન્ન ભિન્ન રૂપ જાણે છે, નજીક દૂર આદિ અંતર જુએ છે અને ઉંચા નીચા સ્થાનનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, કર્ણેન્દ્રિય દ્વારા તે અનેક પ્રકારનાં તાલ, સ્વર આદિનું જ્ઞાન મેળવે છે, એ સર્વ બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કરીને તે પોતાના સુખનાં અનેક કાર્યો સાધે છે અને દિન પ્રતિદિન આત્મોન્નતિના માર્ગ પર આગળ વધ્યે જાય છે.

પરંતુ આ પાંચે ઇંદ્રિયોથી કામ લેવામા મનુષ્યની દશા સરકસમાંના બે ઘોડાના સ્વાર જેવી થાય છે. જે કોઇ વખત પોતાનો એક પગ એક ઘોડાની પીઠ ઉપર અને બીજો પગ બીજાની પીઠ ઉપર મુકીને ઉભો થઇ જાય છે અને બન્ને ઘોડાને દોડાવતો ચાલ્યો જાય છે. વળી કોઇ વખતે એક ઘોડાની પીઠ ઉપર તે બેસી જાય છે અને બીજાની પીઠ ઉપર પોતાના પગ રાખે છે, વળી કોઇ વખત કોઇ જુદીજ રીતે બેસે છે, પરંતુ પ્રત્યેક અવસ્થામાં તે બન્ને ઘોડાને એકજ ગતિથી દોડાવે છે. તેને હરવખત ઘણીજ સાવધાનતાપૂર્વક કામ લેવું પડે છે તેમજ બન્ને ઘોડાને પોતાના કાબુમાં રાખવા પડે છે. કેમકે:એક ઘોડો જરાપણ આગળ પાછળ થઇ જાય અથવા બન્ને ઘોડા એવી ઝડપથી દોડવા લાગે કે તે સ્વાર સંભાળી ન શકે તો તે સ્વારની દુર્દશા થાય, તેને કોઇપણ જાતની ઇજા થાય, તે ભૂમિ ઉપર પડી જાય અથવા કોઇ બીજી આપત્તિમાં આવી પડે. એ રીતે મનુષ્યે પણ પોતાની ઇંદ્રિયોને કામમાં લેવામા અત્યંત સાવધાન રહેવાની જરૂર છે અને તેને સારી રીતે પોતાને આધીન કરવી પડે છે. જો તે કોઇ વખતે જરાપણ અસાવધાન બને છે તો તે ઇંદ્રિયો તેના ઉપર આધિપત્ય મેળવે છે અને તેને અધોગતિની ગર્તામાં ફેંકી દે છે.

સરકસમાંના ખેલાડીને તો બે ઘોડા ઉપર સ્વાર થવાનું હોય છે, પરંતુ મનુ-

ધ્યેને પોતાની પાંચ ઇંદ્રિયો પર સ્વાર થવું પડે છે જે સરકસના ઘોડા કરતાં પણ વિશેષ બળવાન તેમજ ચંચળ છે. એટલા માટે પોતાની ઇંદ્રિયોથી કામ લેવામાં મનુષ્યે અતિશય સાવધાન રહેવું જોઇએ તથા પોતાની પાંચે ઇંદ્રિયોને સંપૂર્ણતઃ વશ કરીને તેની ઉપર પુરેપુરી દેખરેખ રાખવી જોઇએ. તેથી પ્રત્યેક મનુષ્યને માટે જરૂરનું છે કે તેણે પોતાની પાંચે ઇંદ્રિયોથી કામ લેતાં રહેવું, પરંતુ એક પણ ઇંદ્રિયને એવી રીતે ન ઉછળવા દેવી કે તે તેની જરૂરતની હદ ઓળંગી જાય અથવા અહિં તહિં વિચલિત થઇ જાય; બલ્કે સમય, અવસ્થા, પરિસ્થિતિ, આવકખર્ચ, સુખ-દુઃખ, હાનિ લાભ અને સર્વ પ્રકારની જરૂરતોનો વિચાર કરીને તદનુસાર પોતાની ઇંદ્રિયોને કામમાં લેવી જોઇએ અને સઘળી ઇંદ્રિયોનો સમુચિત ઉપયોગ કરીને તેનાથી પુરેપુરો આંનંદ મેળવવો જોઇએ. પરંતુ તેણે કદિ ભૂલથી પણ ઇંદ્રિયોને વશ ન બનવું જોઇએ અને એક પણ ઇંદ્રિયને જરૂરતથી વધારે કામમાં ન લેવી જોઇએ; બલ્કે દરેકે હર વખત પોતાની વિવેક બુદ્ધિથી કામ લેતા રહેવું, અને જે સમયે જે ઉચિત લાગે તેજ કરવું અને પોતાની ઇંદ્રિયોને પણ એ રીતે પરિચાલિત કરતા રહેવું એજ આત્મનિગ્રહ–મનઃ સંયમનું ગુપ્ત રહસ્ય છે.

જેવી રીતે પાંચ ઇંદ્રિયો મનુષ્યના પાંચ અદ્ભુત હથિયાર રૂપ છે કે જે દ્વારા તે સંસારની વસ્તુઓના અનેક ગુણો જાણી શકે છે અને જો તેની કોઇ ઇંદ્રિય બગડી જાય છે તો તેનું એ ઇંદ્રિય વિષયક જ્ઞાન પણ લુપ્ત થઇ જાય છે અને તે મુશ્કેલીમાં આવી પડે છે તેવી રીતે ક્રોધ, માન, માયા, લોભ, દ્વેષ, રાગ આદિ કષાયો પણ એવી પ્રબળ શક્તિઓ છે કે જે દ્વારા તે સંસારનાં સર્વ કાર્યો કરે છે. જો મનુષ્યમાં એ શક્તિઓ ન હોય તો તે કાંઇ પણ કરી શકતો નથી અને કેવળ નિષ્ક્રિય બની જાય છે. જેવી રીતે ઇંદ્રિયોથી સાવધાનતાપૂર્વક કામ ન લેવાથી તે મનુષ્યો ઉપર પોતાનું પ્રભુત્વ જમાવી લે છે તેવીજ રીતે ઉક્ત લોભાદિ શક્તિઓથી કામ લેવામાં અસાવધાનતા રાખવામાં આવે છે તો તે શક્તિઓ પણ ઇંદ્રિયોથી અધિક ઉદ્ધત બની જાય છે–મહા ભયંકર બની જાય છે અને અતિશય ઉપદ્રવ મચાવી મુકે છે. એટલા માટે ઉક્ત લોભક્રોધાદિ જબરદસ્ત શક્તિઓને અત્યંત સાવધાનતાપૂર્વક કાબુમાં રાખવાની, પોતાની જરૂરત અનુસાર તેનાથી કામ લેવાની તેમજ તેઓને સીમા બહાર જવા ન દેવાની અનિવાર્ય આવશ્યકતા છે. તે ઉપરાંત પોતાના હાનિલાભ અને સુખ દુઃખના વિચારો દ્વારા એ વાતનો પણ પુરેપુરો પ્રબંધ કરી લેવાની આવશ્યકતા છે કે એ શક્તિઓમાંથી કયી શક્તિ સાથે ક્યારે કેટલું કામ લેવું જોઇએ, અર્થાત હૃદયના એ આવેગોમાંથી કયા આવેગને કેટલો દબાવવો જોઇએ અને કેટલો છુટો મુકવો જોઇએ.

મનુષ્યના હૃદયમાં રહેલા આ આવેગોની સ્થિતિ એક એંજીનમાં રહેલી વરાળ જેવી છે. કારખાનામાં અનેક કાર્યોને માટે જુદાજુદા સાંચાઓની યોજના કરેલી હોય છે અને સઘળા એક એંજીનની વરાળના જોરથી ચાલે છે. પરંતુ એવી જાતનો પણ પ્રબંધ કરેલો હોય છે કે કારખાનાવાળો જે સમયે જે સાંચાને ચલાવવા માગતો હોય તેની અંદર વરાળની શક્તિ પહોંચાડીને તેને ચલાવે છે અને જ્યારે ચાહે ત્યારે તેને બંધ કરી દે છે. કોઇ કોઇવાર તે પોતાની જરૂરત અનુસાર તે સાંચાના વેગને ન્યૂનાધિક શક્તિ પહોંચાડીને મંદ યા ત્વરિત પણ કરી શકે છે. મતલબ એ છે કે કારખાનાના સર્વ સાંચા તેને આધીન રહે છે. તે જ્યારે જ્યારે જે જે સાંચાને ચલાવવા ઇચ્છે છે ત્યારે ત્યારે તેને ચલાવે છે અને તેની ઇચ્છામાં આવે ત્યારે તેને બંધ કરે છે અને પોતાની ઇચ્છાનુસાર તેનાથી કામ લે છે. પરંતુ આવો ઉત્તમ પ્રબંધ હોવા છતાં પણ જ્યારે એ કારખાનાવાળો જરા પણ અસાવધાન બની જાય છે અને કોઇ સાંચામાં જરૂર કરતાં વિશેષ શક્તિ પહોંચાડી દે છે ત્યારે તે સાંચા દ્વારા થતું કાર્ય નષ્ટભ્રષ્ટ થઇ જાય છે. અને કદાચ જો વધારે ગરબડ મચી રહે છે તો તે વરાળની શક્તિ આખા કારખાનાને અસ્તવ્યસ્ત કરી મુકે છે અને આસપાસ સર્વત્ર અવ્યવસ્થા પ્રવર્તાવે છે.

એ રીતે મનુષ્ય પણ એક મહાન કારખાનાં સમાન છે. જીવ એ કારખાનું ચલાવનાર છે અને મસ્તિષ્ક તેનું દફતર છે જે દ્વારા તે સર્વ કાર્યો કરે છે અને તેની નોંધ રાખે છે. પાંચ ઇંદ્રિયો તેના પાંચ જાસુસ યા વિશેષજ્ઞ છે, જે દ્વારા તે સમગ્ર વસ્તુઓના અનેકાનેક ગુણોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને પોતાની જરૂરત અનુસાર તેને પોતાના ઉપયોગમા લે છે. હૃદય એ કારખાનાનું એંજીન છે જેની અંદર હરવખત વરાળ ઉત્પન્ન થયા કરે છે અને તે વરાળ ક્રોધ, માન, માયા લોભ, રાગ દ્વેષ, સુખ, દુઃખ અને ભય આદિ શક્તિઓના રૂપમાં પ્રકટ થઇને મનુષ્યરૂપી કારખાનાને ચલાવે છે, પરંતુ જ્યારે જીવ બેદરકાર બની જાય છે અને મસ્તિષ્ક દ્વારા સંપૂર્ણ સાવધાનતા પૂર્વક કામ નથી લેતો, અર્થાત્ ઉક્ત શક્તિઓને પોતાના અંકુશમાં રાખીને જરૂરત અનુસાર તેને ત્વરિત વા મંદ નથી બનાવતો અને તેને અનિયમિત રીતે ચાલવા દે છે ત્યારે એ શક્તિઓ મનુષ્ય રૂપી કારખાનાને નષ્ટપ્રાયઃ કરી નાંખે છે અને એના ઝપાટામાં જે કોઇ આવી જાય છે તેને પણ મહાન હાનિ પહોંચાડે છે. એ રીતે મનુષ્યજાતિના પ્રબંધમા ભારે ગરબડ મચી રહે છે અને સમસ્ત સંસારમાં અસંતોષ તથા અશાંતિ પ્રસરી રહે છે. —અપૂર્ણ

આપણી આંતર સ્થિતિ સમજીને સુધારવાની જરૂર.

આપણામાં અનંત જ્ઞાનાદિક અનંત સદ્ગુણો જે વડે છુપાએલા છે તે બધા અજ્ઞાન, અશ્રદ્ધા અને અનાચારાદિક દોષોના નામથી પ્રસિદ્ધ છે. અજ્ઞાન, અશ્રદ્ધા, અને અનાચારણ રૂપ દોષ માત્ર ત્યાજ્ય છે અને સમ્યગ જ્ઞાન શ્રદ્ધા અને ચારિત્રાદિક ગુણો ઉપાદેય-આદરવા યોગ્ય છે એટલું અંતઃકરણમાં દ્રઢ-નિર્ણય કરી દઇને જે રીતે ઉક્ત દોષો દૂર થાય ને ગુણો પ્રકટ થાય તેવો ઉદ્યમ યા પુરૂષાર્થ પવિત્ર શાસ્ત્ર નીતિ મુજબ કરવો બહુ જરૂરનો છે. અજ્ઞાન અશ્રદ્ધાદિક દોષો અમારાથી દૂર જાઓ ! એમ ખાલી પોકારવા માત્રથી તે કદાપિ દૂર જવાના નથી તેમજ સમ્યગ દર્શન, જ્ઞાન, ચારિત્રાદિક સદ્ગુણો અમારામાં આવો-પ્રગટો એમ કહેવા માત્રથી કંઈ તે પ્રગટાવાતા નથી. ઉક્ત મિથ્યા અજ્ઞાનાદિક દોષ માત્રને દળવા-દૂર કરવા અને નિર્મળ દર્શન જ્ઞાનાદિક પ્રગટ કરવા ભગવાન મહાવીર દેવની પેરે ધીરજ અને ખંતથી પૂર્વ મહાંપુરૂષોએ જાતે આદરેલા અને બનાવેલા ઉત્તમ માર્ગે દ્રઢ પ્રયત્ન કરવાની આપણને ભારે જરૂર છે.

દશ દ્રષ્ટાન્તે દુર્લભ એવા માનવભવમાંજ એવો દ્રઢ પ્રયત્ન ભવ્ય મુમુક્ષુ જનો કરી શકે છે અને અનુક્રમે દોષ માત્રને હઠાવી અનંતા ગુણ રત્નોને પ્રગટ કરી અંતે અક્ષય સુખ સંપદાએ વરી શકે છે. શુદ્ધ અહિંસા, સંયમ અને તપ લક્ષણ ધર્મ સાવધાનપણે સેવવા વડે અનુક્રમે દોષ માત્રનો જય (ક્ષય) થતાંજ સહેજે સદ્ગુણોનો ભેટો થવા પામે છે. ઉકત કલ્યાણ સાધક ધર્મ સાધનમાં કેવળ પ્રમાદ-સ્વચ્છંદજ અંતરાય રૂપ થાય છે. તે બહુ રૂપી મોહના પ્રતિનિધિ રૂપ પ્રમાદથી નહીં છળાતાં જે ભવ્યાત્મા સાવધાનપણે પૂર્વોકત ધર્મનું ડહાપણથી સેવન કરવા ચુકતા નથી તેઓ દુઃખ માત્રનો અંત કરી અક્ષય અનંતસુખમાં જઇ વિશ્રામે છે.

લે૦ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ

શરીર આરોગ્યભૂત મુખ્ય પાંચ હેતુ.

સંગ્રાહક સદ્ગુ૦ કર્પૂરવિજયજી.

૧ સ્વચ્છ હવા પાણીનું સેવન, ૨ સૂર્યપ્રકાશવાળા સ્થાનમાં નિવસન, ૩ લઘુ પરિમિત સાત્વિક આહાર ગ્રહણ, ૪ શક્તિ અનુરૂપ શારીરિક અને માનસિક વ્યાપાર પરિશ્રમ, ૫ આવશ્યક શારીરિક અને માનસિક વિશ્રાન્તિ (ખાસ ઉપયોગી છે.)

૧ ગમે તે પ્રકારની ગંદકી કે મલીનતા વગરની શુદ્ધ હવા શ્વાસોશ્વાસ મારફત શરીરમાં દાખલ થવાથી શરીર આરોગ્ય સચવાય છે અને વધે છે. પીવાનું પાણી પણ એવાજ પ્રકારનું શુદ્ધ-નિર્મળ થયેલું હોવું જોઇએ.

૨ સૂર્યપ્રકાશ પૂરતા પ્રમાણમાં (sun bath) લેવાથી શરીરમાંની જડતા આળસાદિક દૂર થઇ જઇ જાગૃતિ આવે છે અને અને આરોગ્ય વધે છે.

૩ જઠરાગ્નિ સુખે પચાવી શકે એવો સાદો–હલકો અને પ્રમાણોપેત સાત્ત્વિક ખોરાક વખતસર લેવાથી તન મન વચનની અચ્છી શક્તિ બની રહે છે.

૪ શક્તિ પ્રમાણે તન મન વચનનો સદુપયોગ કરવાથી પાચનક્રિયા સારી થવા ઉપરાંત શારીરાદિક આરોગ્ય સચવાવા સાથે તેનો વિકાસ પણ થાય છે.

૫ આરોગ્ય રક્ષણ અને વૃદ્ધિ નિમિત્તે જરૂર પૂરતો પરિશ્રમ કર્યા પછી શરીરને અને મનને વિશ્રાન્તિ પણ પૂરતા પ્રમાણમાં આપવીજ જોઇએ. ઇતિશમ્.

દશ શ્રાવક કુલક.

આણંદાદિક દશ શ્રાવકોના સંક્ષિપ્ત અધિકાર

વાણિજ્યગ્રામ નગરમાં આણંદ નામે ગૃહસ્થ હતા. શિવાનંદા તેને ભાર્યા (સ્ત્રી) હતી અને દશ દશ હજાર ગોથી બનેલાં ૪ ગોકુલ હતાં. ભંડારમાં, વ્યાપારમાં અને વ્યાજવટંતરમાં થઇ એકંદર બાર ક્રોડ સોનૈયાની ઋદ્ધિ હતી. તે શ્રી વીર પરમાત્માનો અંતેવાસી શ્રાવક થયો. સમકિત મૂળ શ્રાવકનાં બાર વ્રત તેણે પ્રભુ પાસે ઉચ્ચર્યાં હતાં. ૧–૨

ચંપા નગરીમાં કામદેવ નામે સુશ્રાવક થયા. તેને ભદ્રા નામે ભાર્યા હતી. છ ગોકુલ અને અઢાર ક્રોડ સોનૈયાનો તે સ્વામી હતો. ૩

કાશી મધ્યે ચુલનીપિતા નામે પરમ શ્રાવક થયા. તેને શ્યામા નામે સ્ત્રી આઠ ગોકુલ અને ચોવીશ ક્રોડ સોનૈયાની ઋદ્ધિ હતી. ૪

વળી કાશીમાં સૂરદેવ નામે વ્રતધારી શ્રાવક થયા. તેને ધન્યા નામે સુંદરી અને અઢાર ક્રોડ સોનૈયાની ઋદ્ધિ હતી. ૫

આલભિકા નગરીમાં ચુલ્લશતક નામે શ્રાવક થયા તેને બહુલા નામે પ્રિયા સ્ત્રી હતી અને કામદેવ શ્રાવક જેટલી સમૃદ્ધિ હતી. ૬

કાંપિલ્યપુરમાં કુંડકોલિક નામે શ્રાવક થયા. તેને પુષ્પા નામની સ્ત્રી અને શ્રી કામદેવ સમાન સમૃદ્ધિ હતી. ૭

પોલા (સંનિવેશ) મધ્યે સદ્દાલપુત્ર નામે કુંભાર જાતિના શ્રાવક થયા તેને અગ્નિમિત્રા નામની ભાર્યા અને ત્રણ ક્રોડ સોના મહોરોની ઋદ્ધિ હતી. ૮

રાજગૃહીનગરીમાં શતક નામે શ્રાવક આઠ ગોકુલ અને ૨૪ ક્રોડ સોના મહોરોના સ્વામી થયા. તેને ૧૩ સ્ત્રીઓ હતી. તેમાં રેવતી આઠ ક્રોડ અને બાકીની એકેક ક્રોડ લાવી હતી. ૯

શ્રાવસ્તી નગરીમાં નંદનીપ્રિય શ્રાવક થયા. તેને અશ્વિની નામે સ્ત્રી અને આણંદ શ્રાવક સમાન સમૃદ્ધિ હતી. ૧૦

સાવથ્થી (શ્રાવસ્તી) નગરીનો વાસી જે લાન્તક પ્રિય નામે પરમ શ્રાવક તેને ફાલ્ગુની નામે સ્ત્રી અને આણંદ શ્રાવક સમાન ઋદ્ધિ હતી. ૧૧

એ અગ્યારે ઉત્તમ શ્રાવકો, અગીયાર પડિમાના ધારક, સમ્યગ દ્રષ્ટિવંત સમકિતધારી દ્વાદશ વ્રતના ધારક અને વીર પરમાત્માના ચરણ ઉપાસક હતા.

સાર—અન્ય ભવ્યાત્માઓએ યથાશકિત તે સર્વ અનુકરણ કરવા તત્પર થવું જોઇએ. ઇતિશમ.



પ્રકીર્ણ નોંધ.

ત્રણ વર્ષ પહેલાં મુંબઇના જૈન આગેવાનોની મળેલી મીટીંગે જૈન ધર્મના શ્વેતાંબર દીગંબર વચેના જે વાંધા ઝગડાઓ હોય અને હવે પછી પડે તેના નિકાલ કોર્ટમાં જઇ નહીં કરાવતાં ઘરમેળે બંને પંથના પંચો નીમી લવાદીથી કરાવવો, આવો ઠરાવ કરેલો, જેને અમોએ અનુમોદન સાથે ધન્યવાદ આ માસિક દ્વારા આપેલો. તે બાબતમાં કેટલીક વ્યક્તિઓને તે વાત પસંદ નહીં પડવાથી કાંઇક અણગમો બતાવેલો. પરંતુ જમાનો શું કામ કરી રહ્યો છે, તે આગળ કેટલો વધતો જાય છે. તે નહીં સમજનારાઓને તેવી બાબતો ભલે તેમ લાગે, પરંતુ હાલમાં જ્યાં મહાન પુરૂષ મોહનદાસ કરમચંદ ગાંધી જે દેશ ઉપર અવર્ણનીય ઉપકાર કરી રહ્યા છે તેનાજ મુખથી તેની કલમથી દરેક ફરીયાદો આ દેશની પ્રજાએ લવાદીથી ઘર મેળેજ પતાવવી, પરંતુ કોર્ટમાં જવાની જરૂર નથી તેમ જણાવવા આવ્યું ત્યારે તેને અનુસરીને કહો કે બંગાળના આપણા સુપ્રસિદ્ધ જૈન શ્વેતાંબરીય આગેવાન બંધુઓએ જમાના અનુસરીને કહો પણ બુદ્ધિ પૂર્વક વિચાર કરીને પવિત્ર તીર્થ શ્રી સમેતશીખરજીનો ઝગડો જે હજી પણ ત્યાંની અપીલ કોર્ટમાં ચાલે છે તેનું ઘર મેળે લવાદીથી સમાધાન લાવવા માટે દીગંબર જૈન બંધુઓ લાલા જમ્બુપ્રસાદજી, દેવીસહાયજી, બળદેવદાસ હરનારાયણજી અને હરસુખદાસજીની સાથે ઉક્ત શ્વેતાંબરી જૈન બંધુઓ બાબુ સાહેબ બહાદુરસિંહજી તેમજ બાબુ સાહેબ રાયકુમારસિંહ તેમજ બાબુ સાહેબ મોતીચંદજી વગેરે મળી પોસ શુદ ૧૧ ના રાત્રિના મળી એવા નિર્ણય ઉપર આવ્યા કે માઘ સુદી ૧૧–૧૨–૧૩ તા. ૧૯–૧૯–૨૦ ફેબ્રુઆરીના રોજ કલકત્તામાં બંને સંપ્રદાયની કોનફરન્સ મેળવવી, જેમાં શ્રી સમેત શીખરનુ તથા રાજગૃહીજીના તમામ ઝગડા કોર્ટમાંથી કાઢી નંખાવવા, તેમજ તે કોન્ફરન્સ ઉપર સલાહ માટે દરેક મોટા શહેરમાં ત્યાં પ્રતિનિધિઓને બોલાવવા પત્રિકા લખવામાં આવેલ છે. અમો તે વાંચી જાણી અમારો આનંદ જાહેર કરીયે છીયે, અને

બંને સંપ્રદાયના આગેવાનોને અનેક ધન્યવાદ આપીયે છીયે. ધર્મના ઝગડાઓ આપસ આપસમાં લવાદીથી પતાવવાથી બંને કોમ વચ્ચે થતો કુસંપ કલેશ બંધ થાય છે, ભાઇ ચારો વધે છે. લાખો રૂપીયાની બરબાદી થતી અટકે છે. તેથીજ તે પત્રિકામાં મહારાજ બહાદુરસિંહે બાબુ સાહેબે સર્વ જૈન ભાઇઓને સુચના કરી છે કે આવા ઝગડા આ સમયમાં આવી રીતે મટાડવાની જરૂર છે.

હાલમાં તે બાબતમાં સાંભળવામાં આવ્યું છે કે બીજા શહેરોનાં શ્રી સંઘ તરફથી તેની મુદત વધારવા ત્યાં તારો ગયાથી ચાર માસની કોન્ફરન્સ ભરવા માટે મુદત લંબાણી છે.

ઉપર બતાવેલ હકીકત બંને સંપ્રદાયોના સંબંધના છે. પરંતુ સાંભળવા પ્રમાણે કોઇ કોઇ સ્થળે એકજ સંપ્રદાયમાં ધાર્મિક બાબતમાં આપસ આપસમાં ઝગડાઓ ઉત્પન્ન થાય છે, તેનો પણ નિકાલ કોર્ટમાં નહીં જતાં ઘરમેળે લવાદીથી લાવવો યોગ્ય છે. અમારા શહેરમાં પણ મારવાડીના વંડાના નામથી ઓળખાતા ઉપાશ્રયની બાબતમાં જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન બંધુઓમાં આપસ આપસમાં સાર્વજનિક હકની બાબતમાં વાંધો પડતાં કોર્ટમા ગયેલ છે. એક પાર્ટી કહે છે અમારી જ્ઞાતિનો છે, બીજી પાર્ટી કહે છે (સાર્વજનિક) જૈન સંઘનો છે. જૈન સમાજમાં આગેવાન ગણાવાને દાવો ધરાવનારા અને બીજાની પંચાત પોતે કરનારા આ શહેરના તે મુખ્ય આગેવાનોના ઉપર તે માટે સાર્વજનિક હક સંબંધમાં અત્રેની કોર્ટમાં દાવો થયેલ છે. અમો તેઓને નમ્ર વિનતિ કરીયે છીયે કે ઉક્ત બંગાલી આપણા જૈન બંધુઓની ઉપર જણાવેલ હકીકતથી દાખલો લઇ આ કેસનું ઘરમેળે સમાધાન લાવવા જરૂર છે. અને અમોને સંપૂર્ણ ભરૂસો છે કે અમારા આ આગેવાનો તે ઝગડાનો અંત જલદીથી લાવશે. જૈન સંઘ મજકૂર નગરથી શેઠ બલવીરચંદ્ર જૈન બી૦ એ૦નો છાપેલ એક પત્ર અમોને મળ્યો છે તેવીજ રીતે તેમણે પણ જૈન વસ્તીવાળા મોટા શહેરમાં પણ મોકલેલ છે, જેમાં હસ્તીનાપુરમાં કાર્તકીના મેળા ઉપર થયેલ ઠરાવની હકીકત જણાવી છે, જેમાં પણ ઉપર પ્રમાણે બંને સંપ્રદાયના ધાર્મિક ઝગડાનો અંત લવાદીથી આણવા સુચવ્યું છે. પાંચ પાંચ ગૃહસ્થો દરેક સંપ્રદાયના અને સર પંચ તરીકે મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીનું નામ સુચવે છે, જે કાર્ય માટે અમો તેમને ધન્યવાદ આપીયે છીયે.

ગ્રંથાવલોકન.

શ્રી મંત્રરાજ ચુણકલ્પ મહોદધિ-શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્ર વ્યાખ્યા.— ઉપરોક્ત નામનો ગ્રંથ તેના ભાષાંતરકાર શ્રી કુંગર કોલેજ (બીકાનેર) ના સંસ્કૃત અધ્યાપક જયદયાળ શર્મા તરફથી અમોને ભેટ મળેલો છે. આ ગ્રંથને શ્રી જિનકીર્તિસુરિજીકૃત શ્રી પંચ

પરમેષ્ટિ નમસ્કારમંત્રસ્તોત્રની વિસ્તારથી વ્યાખ્યા કરી તે સાથે શ્રી નવકારમંત્ર સંબંધી આવશ્યક વિવિધ ઉપયોગ વિષયોથી અલંકૃત કરી સુંદર બનાવ્યો છે. શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય પ્રણીત યોગશાસ્ત્રમાંથી નવકલ્પ મંત્રનો ઉપયોગી ધ્યાનનો વિષય પણ બહુજ જાણવા યોગ્ય ખાળતો સાથે આમાં દાખલ કરવામાં આવેલ છે. સકળ મંત્રના મુગટમણિ સમાન અપૂર્વ ચમત્કારીક જે મહામંત્ર નવકારમંત્ર શાસ્ત્રકાર મહારાજ કહે છે તે ખરેખર છે, કે જે દરેક સિદ્ધિને આપનાર તેમજ તેની જુદી જુદી વિધિ વિધાન અને મંત્રાક્ષર તેમજ પ્રણવબીજથી જુદા જુદા મંત્રો બનીતે સુખશાંતિ રોગ દુઃખની શાંતિના કરનાર થાય છે અને છેવટ મોક્ષરૂપી લક્ષ્મીને આપનાર જે થાય છે તે આ ગ્રંથમાં આ અને બીજા અનેક જાણવાજોગ ખાળતો સાથે બતાવેલ હોઇને ખરેખર પઠન પાઠનમાં ઉપયોગી અને ખાસ નિરંતર અભ્યાસ કરવા લાયક છે. આવી ગ્રંથસમૃદ્ધિ જૈનશાસ્ત્રમાં જોઇ અમોને અત્યંત આલ્હાદ થાય છે. ગ્રંથની ભાષા મૂળ સંસ્કૃત સાથે ભાષાંતર હીંદિમાં છે છતાં તે જૈનસમાજને ખાસ વાંચવાની વિચારવાની અને તેમાંથી દરેક વિષય ગ્રહણ કરવાની ભલામણ કરીએ છીયે. કિંમત રૂ. ૩-૮-૦ ઉપરના શરનામે મળશે.

—ધી જૈન સેનેટરી એસોસીએશન સં. ૧૯૭૫-૭૬ ની સાલનો પ્રથમ રિપોર્ટ અમોને અવલોકનાર્થે મળ્યો છે. મુંબઈ શહેરની વધતી જતી વસ્તી તેમજ હવાપાણીના પ્રતિકુલ સંયોગને વચ્ચે મનુષ્યોની સારા ઉજાસ, ખુલ્લીહવા, અને ખુલા મકાનો વગેરેના અભાવથી તનદુરસ્તી ભગડતાં મનુષ્યો મોટી સંખ્યામાં મરણ શરણ થાય છે જેમાં આપણા જૈનસમુદાયના મરણનો આંકડો દરવર્ષે ચોંકાવનારો (ગણુત્રીમાં વધારે) આવતો હોવાથી તેમજ વ્યાધિ થતા અટકે અને થાય તો મટે તેવા હેતુથી ઉપરોકત સંસ્થા સ્થાપન થયેલી છે તેનો હેતુ અને ઉદ્દેશ તેને યોગ્ય હોવાથી અને તેનો પ્રથમ પ્રયત્ન તરીકે સસ્તા ભાડાની ચાલી થઇ કેટલાક સામાન્ય જૈન કુટુંબોને સસ્તા ભાડાથી રહેવાનું સાધન સાથે હવા પ્રકાશની સગવડ પણ સચવાય તેવી દાદરમાં ગોઠવણ કરી જૈનોનો આશીર્વાદ ખરેખર આ સંસ્થાએ લીધેલ છે હજુ પણ તે પ્રયત્ન ચાલુ છે જૈન બંધુઓની આર્થિક બહોળી સહાય વગર મુંબઇ વસ્તા સામાન્ય સ્થિતિના જૈન બંધુઓ તમામની તેવી સગવડ તનદુરસ્તી સચવાય શકે નહીં માટે ખરેખર આ કાર્ય પ્રશંસા પાત્ર હોઈ મદદ કરવા લાયક છે.

આ સંસ્થાના ઉદ્દેશમાં રોગ આવે ત્યારે દવા કરવાને બદલે રોગ આવતો અટકે તે ઉપાયો વધારે બંધ બેસતા છે કે જે જે માટે ભાષણો હેન્ડબીલો બુકો દ્વારા લોકોને તનદુરસ્તી સાચવવા (રોગ આવતા અટકાવવાનું) જ્ઞાન આપવું તે વધારે શ્રેયસ્કર હોઈ આ સંસ્થા તરફથી ક્ષયરોગથી જૈન સમાજ કેમ બચે તેવા મથાળાના ચીત્રો અને ટુંક હકીકત સાથેના સુચના પત્રો પ્રસિદ્ધ કરવામાં આવેલા છે આવા સુચના પત્રો ઘેર ઘેર વહેચાવા જોઇએ તેને માટે ભાષણો થવા જોઇએ અને પેપરો દ્વારા વારંવાર વહેચાવા જોઇએ, તેમ કરવા અમો ઉપરોકત સંસ્થાને સુચના કરીયે છીયે છતાં ઉપરોકત સુચના પત્રમાં ક્ષયરોગ લાવવાના કારણો તેથી બચવાના સાધનોનો ઉપયોગ વગેરે હકીકત ચિત્રો આપી ટુંકમાં સારી રીતે સમજાવેલ છે જે પ્રયાસ આ સંસ્થાનો પ્રશંસનિય છે, અમો તેના કાર્યવાહકો ને તે પ્રયત્નો માટે ધન્યવાદ આપીયે છીયે અને તેઓ આ કાર્યોમાં આગળ વધી આશીર્વાદ મેળવો એવા ઇચ્છીયે છીયે.

श्री

આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शरीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक १८] वीर संवत् २४४७ कार्तिक आत्म संवत् २५. [अंक ४ थो.

श्री जिनेंद्र स्तुति.

(વસંત તિલકા).

જીનેંદ્ર જે ભવસમુદ્રથી તારનાર,
સંસારીના અઘસમૂહ નિવારનાર;
વિદારતા કઠિન કર્મ કૃપાવતાર,
ભંડાર તે ગુણતણા શિવ આપનાર. ૧
વાણીથી તે જીનનું નામ સદા ઉચારો,
જીનેશની વિમલ વાણીજ કર્ણ ધારો;
તેનું કરો મનન નિત્ય હૃદે સુભાવે,
ને આચરો પૂજન હસ્તવડે સદાયે. ૨

૭૧૯૮

કલ્યાણનાં સાધનથી વિમુખ પુરૂષનું બંધન કેમ છૂટે ?

રચનાર—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી.

(વસંત તિલકા.)

કીધા કુકર્મ નર તેં નરદેહ પામી,
પ્રેમે ભજ્યા ન અરિહંત અરે હરામી;
ફાટ્યો ફર્યો ધન, યુવા વયના મદેથી,
રાખ્યું સદા વિમુખ ચિત્ત પ્રભુપદેથી. ૧

ઈર્ષ્યાગ્નિથી પ્રતિદિને બળતો રહ્યો તું,
ડૂબ્યો મમત્વ જળમાં કરી નિત્ય 'હું, હું';
તૃષ્ણા તૃષા ન કદિ શાત થઇજ તારી,
આણ્યો ઉમંગ રમવા રતિરંગ ભારી. ૨

ચાલ્યો ન લેશ જગમાં પ્રભુથી ડરીને,
બેઠો ન કોઈ દિવસે ઘડિયે ઠરીને;
આશા તણા પ્રબળ વોહ વિશે તણાણો,
માથે વહ્યો નિશદિને અભિમાન પાણો. ૩

ઇચ્છા કરી પરધને પરદાર સંગે,
રાચ્યો સદા યુવતિના જ કટાક્ષ ભંગે;
ખોટા અને ક્ષણિક ભોગ સદૈવ સેવ્યા,
જીનેશમાં ન મન ઇંદ્રિયને પરોવ્યા. ૪

કાઢ્યું સમગ્ર વય આમ જ ધૂળ ધોઇ,
નાંખ્યું અમૂલ્ય પણ આ તન વ્યર્થ ખોઇ;
કલ્યાણ સાધન કર્યું નહિ તેં કદાપિ,
છૂટે 'કુબેર' તુજ બંધન કેમ પાપી ? ૫

સ્વાસ્થ્ય, સફલતા અને શક્તિ પ્રાપ્ત કરવાનું ગુપ્ત રહસ્ય.

વિઠ્ઠલદાસ મૂ. શાહ, બી. એ.

જે મનુષ્ય હમેશાં પોતાના હૃદયમાં ઉત્કૃષ્ટ ભલાઈ અને નેકીને સ્થાન આપવાને યત્નશીલ રહે છે તે નિશ્ચયપૂર્વક વાસ્તવિક સુખ, સ્વાસ્થ્ય અને સંપત્તિ પ્રાપ્ત કરી શકે છે. ભલાઇ અને નેકી સમાન કોઇપણ વસ્તુ નથી. ભલાઇનો અર્થ એવો નથી કે બહારથી સદાચારના નિયમોનું પાલન કરવું, પરંતુ તે શબ્દ એવા અર્થમાં વાપરેલ છે કે આપણા વિચારો વિશુદ્ધ અને પવિત્ર હોવા જોઈએ, આપણી આકાંક્ષાઓ ઉચ્ચ હોવી જોઇએ, આપણો પ્રેમ નિઃસ્વાર્થ હોવો જોઇએ અને આપણામાં વ્યર્થ અભિમાનનો અંશ પણ ન હોવો જોઇએ. જે મનુષ્ય હમેશાં સદ્વિચારોમાંજ પોતાનું જીવન વ્યતીત કરે છે તેનો પ્રભાવ સમસ્ત મનુષ્યે ઉપર પડે છે.

જેવી રીતે સૂર્યના પ્રકાશથી અંધકારનો નિર્મૂલ વિલય થઇ જાય છે તેજીજ રીતે વિશુદ્ધ હૃદય અને દૃઢ વિશ્વાસી મનુષ્યના પ્રબળ વિચારોનાં સર્વ યાપી કિરણોની પાસે બુરાઈની સર્વ નિર્મળ શક્તિઓ નષ્ટ થઈ જાય છે અને તેનુ નામ નિશાન પણ રહેતું નથી જ્યા જ્યા દૃઢ વિશ્વાસ. સમ્યક્શ્રદ્ધાન અને પવિત્રતાનો સદ્ભાવ હોય છે ત્યાં ત્યાં શક્તિ, સ્વાસ્થ્ય અને સફલતા મોજુદ હોય છે. એવી અવસ્થામાં રોગ, આપદા અને નિષ્ફલતા કદિપણ રહી શકેજ નહિ, કારણકે તેઓની પુષ્ટિને અર્થે ત્યાં કોઇપણ વસ્તુ હોતી નથી.

શારીરિક અવસ્થાઓ પણ માનસિક અવસ્થાઓ ઉપર અધિકતર નિર્ધારિત રહેલી છે. વિજ્ઞાનશાસ્ત્ર પણ આ સિદ્ધાંત માન્ય રાખે છે જે લોકો મન અને આત્માને માનતા નહોતા અને કહેતા હતા કે શરીર સિવાય બીજી કોઇપણ વસ્તુ નથી તેઓ એ માન્યતાને છોડવા લાગ્યા છે. હવે તેઓ માનવા લાગ્યા છે કે મનુષ્ય પોતાનાં શરીર કરતાં ઉચ્ચતર છે, અર્થાત્ મનુષ્યમાં તેનાં શરીર કરતાં ચઢીયાતી કોઇ વસ્તુ રહેલી છે અને તેનું શરીર એ છે કે જે તે પોતાની માનસિક શક્તિથી બનાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો શરીર ઉપર મનુષ્યના માનસિક વિચારોનો મહાન પ્રભાવ પડે છે. અમુક મનુષ્યને અજીર્ણ થયું છે તે કારણથી તે ઉદાસ અને અપ્રસન્ન રહે છે તે માન્યતા હવે લોકો છોડવા લાગ્યા છે, પરંતુ એથી ઉલટું એમ માનવા લાગ્યા છે કે અમુક મનુષ્ય ઉદાસ અને અપ્રસન્ન રહે છે તે કારણથી તેને અજીર્ણ થયું છે. અને ભવિષ્યમાં એક એવો સમય આવશે કે જ્યારે સર્વ લોકોને બુદ્ધિગત થશે કે જેટલા રોગો છે તે સર્વનું કારણ મનુષ્યનું મન જ છે, અર્થાત્ ભિન્ન ભિન્ન પ્રકારની માનસિક અવસ્થાઓને લઇને મનુષ્યો ભિન્ન ભિન્ન પ્રકારના રોગોથી ગ્રસિત રહે છે.

દુનિયામાં કોઇ રોગ એવો નથી કે જે મનમાંથી ઉત્પન્ન ન થયો હોય, પ્રત્યેક રોગનું કારણ મનજ છે, રોગ, શોક, દુઃખ અને સંતાપનો સંબંધ સાંસારિક નિયમો સાથે નથી તેમજ તેઓનું જુદું અસ્તિત્વ પણ નથી. તે સર્વ એવા કારણથી ઉત્પન્ન થાય છે કે આપણે પદાર્થોના વાસ્તવિક સંબંધથી અપરિચિત રહીએ છીએ. એક સમય એવો હતો કે ભારતવર્ષમાં એવા સમર્થ તત્વજ્ઞાની પુરૂષો રહેતા હતા કે જેઓ પવિત્રના ભર્યું જીવન વહન કરતા હતા અને તે કારણથી તેઓ દીર્ઘાયુષ્ય ભોગવતા હતા. તેઓ રોગોને અક્ષમ્ય ગણતા હતા. કેમકે તેનાથી તેઓના સમજવામાં આવતું કે તેઓએ પ્રાકૃતિક નિયમોની અવજ્ઞા કરી છે. રોગ એ પ્રાકૃતિક નિયમોની અવજ્ઞા કરવા માટેની શિક્ષા છે એ વાત આપણા સમજવામાં આવશે કે તરતજ આપણે સ્વાસ્થ્યના પંથ ઉપર વિચારવા લાગશું. જેઓ રોગને પોતાની તરફ આકર્ષે છે અને જેઓના મન તથા શરીર રોગને ગ્રહણ કરે છે તે લોકોજ રોગથી પીડાય છે. જેઓના દૃઢ, પવિત્ર અને પ્રબળ વિચારો સ્વાસ્થ્યપ્રદ અવસ્થા ઉત્પન્ન કરે છે તે લોકોથી રોગ સો ગાઉ દૂર નાસે છે.

જો તમે ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષ્યા, દ્વેષ અથવા અન્ય કોઇ વાસનાને આધીન રહેતા હો અને તમારૂ સ્વાસ્થ્ય સારૂ રહે એવી આશા રાખતા હો તો તમે નક્કી માનો કે તમે અસંભવિત વાતની આશા રાખો છો. એમ કદાપિ બની શકતુંજ નથી, કારણ કે તમે નિરંતર તમારા મનમાં રોગના બીજ વાવી રહ્યા છો. બુદ્ધિમાન મનુષ્યો આ પ્રકારની અપ્રિય માનસિક અવસ્થાઓથી હંમેશાં બચે છે, કેમક તેઓ જાણતા હોય છે કે તે અવસ્થાઓ અત્યંત ભયંકર છે.

જો તમે શારીરિક વ્યાધિઓથી બચવાની અને સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવવાની ઇચ્છા રાખતા હો તો તમારા મનને નિશ્ચિત રાખો અને તમારા વિચારોને એક દિશામાં લગાવો. હર્ષ અને આનંદનાજ વિચાર કરો, પ્રેમ અને વાત્સલ્યનો ભાવ તમારા મનમાં ઉત્પન્ન કરો. પછી તમારે કોઇપણ ઔષધની જરૂર રહેશે નહિ. તમારા મનમાંથી ઇર્ષ્યા, દ્વેષ, ભય, શંકા, ચિંતા અને સ્વાર્થના વિચારોનો સત્વર બહિષ્કાર કરો અને તમારી અજીર્ણ તથા મંદાગ્નિ આદિની તમામ ફરિયાદો દૂર થઇ જશે; પરંતુ તમે આગ્રહપૂર્વક દુર્વાસનાઓનો તમારા મનમાંથી બહિષ્કાર નહિ કરો તો પછી તમારૂં શરીર વ્યાધિઓથી ગ્રસિત રહે છે એવી નિરર્થક ફરિયાદ ન કરો.

આ સંબંધમાં નીચેનું દૃષ્ટાંત મનનીય છે. તેનાથી તમને એક વાત સ્પષ્ટતઃ સમજાશે કે માનસિક વિચારો અને અવસ્થાઓનો શારીરિક અવસ્થાઓની સાથે

ઘનિષ્ટ સંબંધ રહેલો છે. એક મનુષ્ય કોઇ મહાન રોગથી પીડાતો હતો. તેણે અનેક ઔષધોપચાર કર્યા, પરંતુ તેનાથી કાંઇપણ લાભ થયો નહિ. પછી તે એવે સ્થળે ગયો કે જ્યાંના હવાપાણી રોગનાશક ગણાતા હતા. પરંતુ તેમ કરવાથી પણ તેને કોઇપણ જાતનો લાભ થયો નહિ. તેનો રોગ જરાપણ શાંત થયો નહિ. એક રાત્રે તેને સ્વપ્ન આવ્યું કે કોઇ દિવ્ય પુરૂષ તેને પૂછે છે કે "કેમ તેં સર્વ પ્રકારના ઔષધોપચાર અજમાવી લીધા." તેણે જવાબ આપ્યો કે "હા, મેં ઉપચાર કરવામાં જરાપણ ન્યૂનતા રાખી નથી." તે સાંભળી તે દિવ્ય પુરૂષે કહ્યું કે "સારૂ, તું આજે મારી સાથે ચાલ. હું તને એક એવું સરોવર બતાવીશ કે જે તેં આજ સુધીમાં કદિ જોયું નહિ હોય. તે બિચારો પોતાના રોગની નિવૃત્તિ અર્થે તેની પાછળ પાછળ ચાલ્યો. તે દિવ્ય પુરૂષ તે માણસને એક સરોવર પાસે લઇ ગયો અને તેણે કહ્યું. "આ સરોવરમાં ડુબકી માર, તારા સર્વ રોગ મટી જશે." આમ કહીને તે દિવ્ય પુરૂષ અદૃશ્ય થઇ ગયો. તે રોગી પુરૂષ સરોવરમાં ડુબકી મારી બહાર નીકળ્યો ત્યારે તેને માલુમ પડયું કે પોતાની વ્યાધિગ્રસ્ત સ્થિતિનો અંત આવી ગયો છે. તેટલામાં તેની આંખો ઉઘડી ગઇ અને જે સ્વપ્ન તેણે જોયું હતું તેનો પૂરેપૂરો અર્થ તેના સમજવામાં આવી ગયો. વિચાર કરતાં તેને માલુમ પડયું કે તે પોતે અદ્યાપિપર્યંત એક પાપનો ભાગી બની રહ્યો છે. અને એ કારણથી જ રોગે તેનો પીછો છોડયો નથી. તેણે અત્યંત પશ્ચાતાપ કર્યો. અને તરતજ એક પ્રતિજ્ઞા લીધી જેનું તે નિરંતર યથાર્થ પાલન કરવા લાગ્યો. તેજ દિવસથી તેની પીડા ઘટવા લાગી અને થોડા દિવસમાં તદ્દન નિરોગી અને સ્વસ્થ બની ગયો.

ઘણા લોકોની એવી માન્યતા છે કે અધિક કાર્ય કરવાથી સ્વાસ્થ્ય બગડી જાય છે. પ્રાયે કરીને સ્વાસ્થ્ય એટલા કારણથી જ બગડી જાય છે કે લોકો સુખાર્ઇથી પોતાની શકિતનો હ્રાસ કરે છે. જો તમે તમારૂં સ્વાસ્થ્ય બરાબર જાળવવા ઇચ્છતા હો તો તમારે પ્રત્યેક કાર્ય શાંત ચિત્તથી કરવું જોઇએ. ચિંતા કર્યા કરવાથી અથવા ઘડી ઘડીમાં ગભરાઇ-જવાથી અને કામને વધાર્યા કરવાની ટેવથી સ્વાસ્થ્ય બગડે છે અને શરીર રોગગ્રસ્ત બને છે. શારીરિક કે માનસિક ગમે તે પ્રકારનું કાર્ય હોય, પણ તે સદા ઊપયોગી અને સ્વાસ્થ્યપ્રદજ હોય છે. જે મનુષ્ય ભય અને ચિંતાથી મુકત બની ને પોતાનેજે કાર્ય કરવાનું હોય છે તેમાંજ પોતાનાં મનને એકાગ્ર કરે છે અને જે સંપૂર્ણ શાંતિ પૂર્વક કાર્ય કરે છે તે મનુષ્ય અધિકતર કાર્ય કરી શકે છે એટલુંજ નહિ પણ પોતાનાં સ્વાસ્થ્યને સુરક્ષિત રાખી શકે છે. આથી ઉલટું જે મનુષ્ય નિરંતર ભય અને ચિંતાથી વ્યાકુળ રહે છે તેનું સ્વાસ્થ્ય શીઘ્રતાથી બગડી જાય છે.

સ્વાસ્થ્ય અને સફળતાની વચ્ચે કાર્ય કારણનો સબંધ રહેલો છે. અર્થાત જે મનુષ્યનું સ્વાસ્થ્ય સારૂં હોય છે તેને અવશ્ય સફળતા મળે છે, કારણકે વિચારરૂપી જગતમાં એ બન્નેનો પારસ્પરિક સંબંધ છે અને એ સંબંધ કદિપણ તુટે તેવો નથી, જેવી રીતે માનસિક અવસ્થા ઉત્તમ બનવાથી મનુષ્યની શારીરિક અવસ્થા ઉત્તમ બને છે તેવી રીતે મનની મારફત મનુષ્ય પોતાનાં કાર્યોમાં સફલતા પ્રાપ્ત કરી શકે છે. તમારા વિચારોને ઉત્તમ બનાવો ,અને તમારૂં સમસ્ત જીવન પણ ઉત્તમ બની જશે. જો તમે તમારા કષાયો અને દુર્વાસનાઓનાં ભયંકર મોજાં ઉપર શાંતિ રૂપી તેલ નાંખશો અર્થાત્ શાંતિ ધારણ કરશો તો દુર્ભાગ્ય અને વિપત્તિ જીવનરૂપી સમુદ્રમાં ચાલી રહેલી તમારી આત્મિક નૌકામાં કોઇપણ પ્રકારનો સંક્ષોભ પેદા કરી શકશે નહિ, અને વળી જો તે નૌકાનો નાવિક દ્રઢ વિશ્વાસી અને પ્રસન્ન ચિત્ત હશે તો નૌકા નિર્વિઘ્ને સીધી ચાલી જશે અને વિપત્તિઓસાથી પસાર થઇને પોતાનાં અભીષ્ટ સ્થાને સહીસલામત પહોંચી જશે. પરંતુ જો નાવિક દ્રઢ વિશ્વાસી અને પ્રસન્ન ચિત્ત નહિ હોય તો નૌકાનો વિપત્તિઓમાથી બચાવ કરવાનું કાર્ય અત્યંત મુશ્કેલ છે. વિશ્વાસના બળથી પ્રત્યેક કાર્યની પૂર્તિ થઇ શકે છે. પરમાત્મામાં શ્રદ્ધા રાખવી, નૈસર્ગિક નિયમોમાં વિશ્વાસ રાખવો, પોતાનાં કાર્ય ઉપર વિશ્વાસ રાખવો અને પોતાની શકિત ઉપર વિશ્વાસ રાખવો. એ સફલતા પ્રાપ્ત કરવાનું ગુપ્ત રહસ્ય છે. અત્ર કદાચ પ્રશ્ન ઉપસ્થિત થશે કે વિશ્વાસ કોને કહેવો ? પ્રત્યેક દશામા પોતાના મનની સર્વોચ્ચ ભાવનાઓથી કામ લેવું, પોતાનાં શુદ્ધ અંતઃકરણ ઉપર શ્રદ્ધા રાખવી, પોતાના ઉદ્દેશ્યની પુર્તિને માટે નિર્ભય બની શાંતિપૂર્વક ઉદ્યોગપરાયણ રહેવું અને " ભવિષ્યમાં મારા પ્રત્યેક વિચાર તથા કાર્યનો બદલો મને મળશેજ અને જગતના નિયમોમાં ભૂલ થઇ શકતી નથી, જે મારૂં છે તે મને મળશેજ. " એમ નિશ્ચય પૂર્વક માનવું એનું નામજ સાચો વિશ્વાસ છે. આ પ્રકારના વિશ્વાસના બળથી સર્વ જાતના સંદેહ દૂર થઇ જાય છે, કઠિનતાના પર્વતો ચૂર્ણ થઈ જાય છે. તેમ પ્રત્યેક વસ્તુને તજી દઇને સૌથી પહેલાં આ અડગ વિશ્વાસ પ્રાપ્ત કરવાનો સતત ઉદ્યોગ આદરોઈ, કારણકે આ પ્રકારનો વિશ્વાસ મનુષ્યને સુખ, સફલતા અને શકિતનું પ્રદાન કરવામાં, જીવનને સર્વ પ્રકારનાં દુઃખોથી બચાવવામાં અને ઉચ્ચતર બનાવવામાં જાદુઇ કામ કરે છે. આ પ્રકારના વિશ્વાસ ઉપર જે ઇમારત બાંધવામાં આવશે તે ચિરસ્થાયી તેમજ દ્રઢ બનશે. ઈંટ અને પથ્થરની બનાવેલી ઇમારતો કરતાં તે ઇમારત અધિક ઉત્તમ બનશે, કારણકે સમય જતાં તે ઇમારતોનો નાશ થાય છે, પરંતુ એ ઇમારતનો કદિપણ નાશ થશે નહિ. તમે દુઃખ અને વિપત્તિઓથી ગ્રસિત હો અથવા હર્ષ અને આનંદના શિખર ઉપર આરૂઢ હો, તો પણ પ્રત્યેક અવસ્થામા વિશ્વાસને એક મહાન આલં-

બન સમજે જો તમે એ વિશ્વાસરૂપી આલંબનને અવિચળ રીતે વળગી રહેશો તો તમારામાં એવું આધ્યાત્મિક બળ ઉત્પન્ન થશે કે તમે પાપ અને બુરાઇની શક્તિઓને શીર્ણ વિશીર્ણ કરી શકશો અને તમને એવી સફલતા પ્રાપ્ત થશે કે જે સાંસારિક ધન સંપત્તિની સ્પૃહા રાખનાર માણસને સ્વપ્નમાં પણ અનનુભૂત છે. જો તમારામાં સમ્યક્ શ્રદ્ધા હશે અને કોઇ પ્રકારની શંકા નહિ હોય તો તમને કેવળ ઉપર્યુક્ત વસ્તુઓનીજ પ્રાપ્તિ થશે એટલુંજ નહિ -પણ તમારી શક્તિમાં એટલો બધો વધારો થશે કે તમે અસંભવિત બાબતને પણ સંભવિત કરી શકશો અને અપ્રાપ્ય વસ્તુઓને સુપ્રાપ્ય કરી શકશો.

આધુનિક કાળમાં પણ એવા કેટલાક સ્ત્રી પુરૂષો મોજુદ છે કે જેઓને આ સમ્યક્ શ્રદ્ધા સારી રીતે બુદ્ધિગત થયેલ છે, જેઓ રાત દિવસ એમાંજ અને એ દ્વારા જ પોતાનું જીવન વ્યતીત કરે છે. જેઓએ તેને પોતાનાં જીવનમાં ઓતપ્રોત કરી મુકેલ છે. એનું પરીણામ એ આવ્યું છે કે તેઓને શાંતિ અને વિભવની પ્રાપ્તિ થઇ છે. તેઓનાં મુખમાંથી શબ્દ નીકળતાં વાર તેઓની પાસેથી દુઃખ, શોક, વિપત્તિ, નિરાશા અને માનસિક વા શારીરિક વેદનોના પર્વતો હઠી જાય છે અને વિસ્મૃતિના અગાધ સમુદ્રમાં ડુબી જાય છે. જો તમારામાં આ પ્રકારની દ્રઢ શ્રદ્ધા છે તો પછી તમારે તમારી ભાવી સફળતા વા નિષ્ફળતા માટે ચિંતા કરવાની જરૂર નથી. તમને અવશ્ય સફલતા મળશે જ. તમારે શુભ વા અશુભ પરિણામની પણ ચિંતા કરવાની જરૂર પણ નથી. તમે શાંતિ અને આનંદપૂર્વક તમારાં કાર્યો કર્યે જાઓ. અને જાણો કે સદ્વિચારો અને સત્કાર્યોથી અવશ્યમેવ શુભ પરિણામ નિષ્પન્ન થશે.

એક પુરૂષ એવો છે કે જેણે અનેક પ્રકારનાં સુખો પ્રાપ્ત કર્યાં છે. એક દિવસે તેના એક મિત્રે તેને કહ્યું કે " અહા, તમે કેવા ભાગ્યશાળી છો કે માત્ર ઇચ્છા કરવાથી જ તમને ઇચ્છીત વસ્તુની પ્રાપ્તિ થઈ જાય છે. " દેખીતી રીતે એમજ માલુમ પડે છે એ નિઃસંદેહ છે, પરંતુ વાસ્તવિક રીતે તેને જે સુખ પ્રાપ્ત થયેલું છે તે સર્વ તેના માનસિક સુખનાં જ પરિણામ રૂપ છે કે જેને માટે તે શરૂઆતથીજ ઉદ્યોગશીલ બની રહ્યો હતો. જ્યારથી તેના જાણવામાં આવ્યું છે ત્યારથી તે પોતાના મનને બરાબર સાધવાના અને પોતાના આત્માને પવિત્ર કરવાના પ્રયત્નો કરી રહેલ છે. કોઇવસ્તુની ઇચ્છા માત્ર કરવાથી નિરાશા સિવાય બીજું કાંઇ મળતું નથી. જે કાંઇ મળે છે તે ઉત્તમ જીવન વહન કરવાથીજ. ઉત્તમ જીવનનો જ કંઇક ઓર પ્રભાવ પડે છે. મૂર્ખ લોકો કેવળ ઇચ્છા કર્યા કરે છે અને જ્યારે તેઓને કાંઇ નથી મળતું ત્યારે તેઓ બગડવા લાગે છે, પરંતુ બુદ્ધિમાન પુરૂષો તો કાર્ય કરે છે અને ફલની પ્રતીક્ષા કરે છે. ઉક્ત પુરૂષે જે કાંઇ પ્રાપ્ત કર્યું હતું તે સર્વ પોતાના અવિચ્છિન્ન પ્રયત્નોથીજ તેણે પ્રાપ્ત કર્યું હતું તેણે પોતાનાં અંતરંગને સુધાર્યું હતું;

પોતાનાં મનને સાધ્યું હતું અને પોતાના આત્માને વિશુદ્ધ બનાવ્યો હતો. તેણે પોતાના આત્માને અલૌકિક અને અદૃશ્ય હાથોવડે આશા, વિશ્વાસ, પ્રેમ, આનંદ અને ભક્તિ રૂપી બહુમૂલ્ય હીરાઓથી સુશોભિત પ્રકાશનું એક સુંદર અને રમણીય મંદિર બનાવ્યું હતું જેના પ્રકાશમાન કિરણો તેની આસપાસ સદૈવ ફેલાઇ રહેતા હતા. તે કિરણો તેની આંખોમાં ચળકતાં હતાં, તેની આકૃતિમાંથી પ્રકટ થતાં હતાં, તેના શબ્દે શબ્દમાં પ્રતીત થતાં હતાં અને જે લોકો તેની સમક્ષ આવતા હતા તેઓના ઉપર તે કિરણોનો ચમત્કારિક પ્રભાવ પડતો હતો અને તેથી તે સર્વ તેના ભક્ત બની જતા હતા.

ઉપરોક્ત પુરૂષના જેવીજ તમારી સ્થિતિ છે. તમારી સફલતા, તમારી નિષ્ફલતા તમારા પ્રભાવ અને તમારાં જીવનનાં સર્વ કાર્યો તમારી અવસ્થામાં આ વાતની સાક્ષી પુરે છે કે તમારા મનમાં કોઇ પ્રકારના વિચારોની અસર છે. તમે પ્રેમ પવિત્રતા, અને આનંદના વિચારોને પ્રકાશિત કરશો તો તમને સુખ ઐશ્વર્ય તેમજ સંપૂર્ણ શાંતિ મળશે. એથી ઉલટું જો તમે તિરસ્કાર, દ્વેષ, તેમજ અપવિત્રતા અને અપ્રસન્નતાના વિચારોને પ્રકાશિત કરશો તો સૌ કોઇ તમારી નિંદા કરશે અને તમે સર્વદા ભય અને ચિંતાથી ગ્રસ્ત રહેશો. તમારા સારા વા નરસા ભાગ્યના ઘડનાર તમે પોતેજ છો. પ્રતિક્ષણ તમારામાંથી એવા ભાવ અને વિચારો પ્રકટ થયા કરે છે કે જેનાથી તમારૂં જીવન સુધરે છે વા બગડે છે. તમારાં હૃદયને ઉદાર, નિઃસ્વાર્થ અને પ્રેમમય બનાવો; એનાથી તમારો પ્રભાવ વધશે અને તમારી પાસે બિલકુલ દ્રવ્ય નહિ હોય તોપણ તમને સ્થાયી સફલતાની પ્રાપ્તિ થશે. પરંતુ એથી ઉલટું જો તમે તમારી જાતને સ્વાર્થમાં જ મગ્ન રાખશો તો તમે લક્ષાધિપતિ કે કોટયાધિપતિ હશો તોપણ તમારો પ્રભાવ લેશ પણ વધશે નહિ અને તમને સફલતા પણ પ્રાપ્ત થશે. નહિ. તેથી તમે તમારી અંદર એ પવિત્ર અને નિઃસ્વાર્થ ભાવ ઉત્પન્ન કરો અને વિશ્વાસ તેમ જ પવિત્રતાપૂર્વક કાર્ય કરવા ઉપરાંત તમારા શુભ સંકલ્પને દૃઢતા પૂર્વક વળગી રહો. એમ કરવાથી તમારાં મનમાં એવા ભાવ પ્રકટ થશે કે જેને લઇને તમને ઉત્તમ સ્વાસ્થ્ય તેમ જ સ્થાયી સફલતા જ પ્રાપ્ત થશે એટલુંજ નહિ પરંતુ તમારાં બળ અને પ્રભાવમાં પણ અત્યંત વધારો થશે.

તમે તમારી વર્તમાન સ્થિતિથી અપ્રસન્ન રહેતા હો અને તમારૂં મન કામમાં ન ચોંટતું હોય તોપણ તમે બની શકે ત્યાંસુધી તમારાં કર્ત્તવ્યનું શ્રમ અને સાહસ પૂર્વક પાલન કર્યે જાઓ અને તમારા મનમાં એટલો વિશ્વાસ રાખો કે આ કરતાં સારી અવસ્થા અને સારો અવસર તમારા માટે રાહ જોઇ રહેલ છે. હમેશાં નવાં નવાં કાર્યોની શોધમાં રહો જેનાથી કોઇ શુભ અવસર મળે અથવા નવો માર્ગ

માલુમ પડે ત્યારે તમે તેનો લાભ લઈ શકો અને બુદ્ધિમત્તા, સાવધાનતા તેમજ દૂરદર્શિતાપૂર્વક કાર્ય કરવા માટે તૈયાર બની તે નવું કાર્ય કરવામાં તનમનથી ઉદ્યોગશીલ બનો.

તમારે જે કાંઇ કાર્ય કરવાનું હોય તે તમે હમેશા તન મન ધનથી એકાગ્રચિત્ત બની કરો અને જરા પણ ન્યૂનતા ન રાખો. જો તમે ન્હાનાં ન્હાનાં કાર્યો પૂર્ણતાથી કરશો તો તમે મ્હોટાં મ્હોટાં કાર્યો પણ અવશ્ય કરી શકશો. એક વાત સદૈવ ધ્યાનમાં રાખો કે ધીમે ધીમે આત્મોન્નતિ સાધી શકાય છે. એમ કરવાથી તમારૂં અધઃપતન થવાનો કદિ પણ સંભવ નથી. વાસ્તવિક શક્તિ પ્રાપ્ત કરવાનો એજ માર્ગ છે. મૂર્ખ મનુષ્યો પોતાની સંપૂર્ણ માનસિક અને આત્મિક શક્તિનો વ્યર્થ બકવાદ તેમજ સ્વાર્થયુક્ત વાતોમાં નાશ કરે છે અને તે સાથે ખરાબ કાર્યો કરવાથી પોતાની શારીરિક શક્તિનો પણ નાશ કરે છે. જો તમે પ્રબલ શક્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખતા હો તો તમારે શાંતિ, ધૈર્ય અને ગંભીરતાપૂર્વક સર્વ કાર્યો કરવાં જોઇએ. બીજા લોકોની સહાયતાની અપેક્ષા ન રાખો; સંપૂર્ણ શક્તિને સ્થિરતા અને દૃઢતા સાથે ગાઢ સંબંધ રહેલો છે. વસ્તુતઃ તેજ મનુષ્ય બળવાન ગણાય છે કે જે પોતાના સહાયકોની કોઇને કોઇ પ્રકારની વાસનામાં ગ્રસિત થઇ જવા છતાં પણ પોતે સદાકાળ શાંત, ગંભીર અને સ્થિરધીર રહે છે.

જે મનુષ્યે પોતાની જાતને વશ કરી લીધી હોય છે તેજ મનુષ્ય બીજા લોકો ઉપર શાસન કરી શકે છે અને તેઓને પોતાને વશ રાખી શકે છે. જે લોકો મૂર્ખ, કાયર, વિચારશૂન્ય હોય છે, જેનામાં બુદ્ધિ અને ગંભીરતા નથી હોતા તેઓને માટે બીજા લોકોની સાથે રહેવું જરૂરનું છે. નહિતો તેઓ નિર્બળ અને અસહાય બની અવનતિની ગર્તામાં પડી જશે; પરંતુ જે મનુષ્યો શાંત, ગંભીર, નિર્ભીક, બુદ્ધિમાન અને દૂરદર્શી હોય છે તેઓ એકલા અરણ્ય અને પર્વતોમાંથી પસાર થઈ શકે છે.

વાસનાઓમાં બિલકુલ શક્તિ નથી. એનાથી તો શક્તિનો દુરૂપયોગ થાય છે અને કેટલીક વખત વિનાશ પણ થાય છે. એક વખત માર્ટિન લ્યૂથરને તેના મિત્રોએ વર્મ્સ નામની જગ્યાએ જવાની મના કરી. તેનું કારણ એ હતું કે તેઓને એવો ભય હતો કે જો લ્યૂથર તે સ્થળે જશે તો તેને મારી નાખવામાં આવશે. લ્યૂથરે જવાબમાં કહ્યું કે "ત્યાં આગળ મારા ગમે તેટલા શત્રુઓ હોય તોપણ હું ત્યાં જરૂર જઈશ." આનું નામજ સાચી શક્તિ છે. એજ રીતે જ્યારે બેંજામિન ફ્રિંગ્રાયલી પહેલવહેલાં પાર્લામેંટમાં ભાષણ આપવા ઉભો થયો અને કાંઇ પણ બોલી ન શક્યો ત્યારે પાર્લામેંટમાં તેની ઘણીજ હાંસી થઇ અને તે સમયે લોકોએ તેને જે કાંઇ કહ્યું હતું તેનાથી તેની વાસ્તવિક અંતરંગ શક્તિનો પ્રકાશ થઇ ગયો. તે વખતે તેણે એમ કહ્યું કે "એક દિવસ એવો આવશે કે જ્યારે તમે મારૂં ભાષણ સાંભળવામાં તમારૂં અહોભાગ્ય માનશો."

એક યુવકના સંબંધમાં જાણવામાં આવેલ છે કે તે અનેકાનેક વિપત્તિઓ સહન કરતો હતો, છતાં તેને પ્રત્યેક કાર્યમાં નિષ્ફલતા મળતી હતી. તેના મિત્રો તેને એમ કહી ચ્હીડવતા હતા કે "હવે તમે ઉદ્યોગ કરવાનું તજી દો, તમને સફલતા નહિ મળી શકે." તેના જવાબમાં તે યુવક કહેતો હતો કે "તે સમય દૂર નથી, પરંતુ અત્યંત નિકટ આવ્યો છે, કે જ્યારે તમે મારી સફળતા જોઇને આશ્ચર્યચકિત બની જશો." ખરેખરી રીતે તેણે સિદ્ધ કરી આપ્યું કે તેની અંદર એવી ગુપ્ત અને અજય્ય શક્તિ વિદ્યમાન છે કે જેને લઇને તેણે અસંખ્ય કઠિનતાઓ ઉપર વિજય મેળવ્યો અને તેણે પોતાના જીવનમાં સંપૂર્ણ સફલતા પ્રાપ્ત કરી.

જો તમારામાં આ શક્તિ વિદ્યમાન નથી તો તમોને અભ્યાસથી તે પ્રાપ્ત થઈ શકે તેમ છે. જ્યારથી શક્તિનો પ્રારંભ થાય છે, ત્યારથી બુદ્ધિમત્તાનો પ્રારંભ થાય છે. જે જેનાની નાની બાબતોને વશ તમે અત્યારસુધી થઇ રહેલા છો તેને તમારે પોતાને આધીન કરવાનો યત્ન આદરો. મ્હોં ફાડીને ખડખડાટ હસવું, નકામી વાતો કરવી, બીજાની ઠઠ્ઠા મશ્કરી કરવી એ બધું તમારે તજી દેવું જોઇએ. એનાથી કાળક્ષેપ સિવાય બીજો કોઈ લાભ નથી. એટલા માટેજ સેંટ પૉલે એશિયા માઇનરમાં એપ્રીસિઝના લોકોને મૂર્ખાઇ ભરેલી વાતો નહિ કરવાનો અને ઠઠ્ઠા મશ્કરી નહિ કરવાનો ઉપદેશ આપ્યો હતો. તેણે તેઓને કહ્યું હતું કે "એમ કરવાથી સંપૂર્ણ આત્મિક બળ અને જીવન નષ્ટ થઈ જાય છે." જેટલે દરજ્જે તમે તમારી માનસિક શક્તિઓને એ રીતે નષ્ટ થતી બચાવશો તેટલે દરજ્જે તમને વાસ્તવિક શક્તિનું જ્ઞાન થશે. વળી જે જે ઇચ્છાઓ અને વાસનાઓએ તમારા આત્મા ઉપર આધિપત્ય મેળવ્યું છે અને જે તમારી ઉન્નતિમાં બાધક બની છે તે સર્વ ઉપર તમે વિજય પ્રાપ્ત કરશો. તે પછી તમે સ્પષ્ટ રીતે સહેલાઇથી આત્મોન્નતિ સાધી શકશો.

સૌથી જરૂરની વાત એ છે કે તમે તમારા જીવનનો એક ઉત્તમ અને ઉપયોગી ઉદ્દેશ નિયત કરો અને હમેશાં તેની પૂર્તિ કરવામાં તન મનથી મંડ્યા રહો. ગમે તેટલી વિપત્તિઓ અને કઠિનતાઓ ઉપસ્થિત થાય તોપણ તમારા નિશ્ચિત ઉદ્દેશ્યથી જરા પણ પાછા ન હઠો. હમેશાં સ્મરણમાં રાખો કે જે મનુષ્યનો કોઇ નિશ્ચિત ઉદ્દેશ્ય નથી હોતો તેને કોઇ પણ કાર્યમાં સફલતા મળી શકતી નથી; નવી નવી બાબતો શીખવાને પ્રતિક્ષણ તૈયાર રહો. તમારાં કાર્યને સારી રીતે સમજી લ્યો અને તમે પોતે દરેક કાર્ય કરો. જે જે કાર્ય તમે તમારા અંતરાત્મા અનુસાર વિવેક પૂર્વક કરશો તે તે કાર્યમાં તમને સફલતા મળશે અને તમે આત્મોન્નતિ સાધતાં સાધતાં ઉચ્ચ સ્થાનપર પહોંચી જશો અને તમારા ઉદાર વિચારો દ્વારા જીવનનું

વાસ્તવિક સૌંદર્ય તમારી ઉપર ધીમે ધીમે પ્રકટ થવા લાગશે. તમારી જાતને વિશુદ્ધ અને પવિત્ર રાખવાથી તમારૂં સ્વાસ્થ્ય સારૂં રહેશે, સમ્યક શ્રદ્ધા અને દૃઢ વિશ્વાસ રાખવાથી તમને સફલતા મળશે, અને તમારા મનને તમારે વશ કરી લેવાથી તમારામાં બળ અને શક્તિ પેદા થશે અને તમે જે કાર્ય કરશો તેમાં તમે અવશ્ય વિજયવંત નીવડશો. જો તમે તમારી ઇંદ્રિયોના દાસ નહિ બનો, તો તમે નૈસર્ગિક નિયમાનુસાર કાર્ય કરી શકશો અને એ સ્થિતિમાં તમને જે કાંઇ સ્વાસ્થ્ય અને સફલતાનોલાભ થશે તે ચિરસ્થાયી બનશે, તેનો કદિપણ વિનાશ થશે નહિ અને તમારાં બળ અને પ્રભાવમાં દિનપ્રતિદિન સવિશેષ વધારો થતો જશે.

સ્વ ઓળખાણ સંબંધી સ્થૂલ વિચારણા.

મનુષ્ય બીજાઓને ઓળખવાને, અને પોતાને ઓળખાવવાને જીજ્ઞાસાવાન હોય છે. છતાં પોતે કોણ ને પોતાનું યથાર્થ સ્વરૂપ શું છે ? તેનું વાસ્તવીક જ્ઞાન પ્રાપ્ત કરવાની પોતાની ફરજ છે, એવી જીજ્ઞાસા તેના મનમાં આવતી હોય એમ પ્રાયે માલુમ પડતું નથી. પોતે અમુક ગામનો, પોતાના માત-પિતા અમુક, અમુક જ્ઞાતીનો અને અમુક કુટુંબ તથા કુળનો, અમુક ધર્મનો છે. આટલા જ્ઞાનથી સંતોષ માનતો જણાય છે.

પોતાનું યથાર્થ સ્વરૂપ શું છે ? એ પ્રશ્ન નવાઇ જેવો લાગશે હું કોણ ? એ પ્રશ્ન આપણને પુછે છે કોણ ? એ પ્રશ્ન આપણા મનમાં આજે કેમ ઉત્પન્ન થયો ? એ પ્રશ્નનો જવાબ કોણ આપશે ? આવા પ્રશ્નો પ્રથમ આપણા મનમાં ઉત્પન્ન થવા જોઇએ ત્યારે શું પ્રશ્ન પુછનાર આપણે અને આપણેજ તેનો જવાબ આપવાનો છે? હા. પ્રશ્ન પુછનાર આપણો આત્મા છે અને તેણે પોતે જે કંઇ જ્ઞાન મેળવ્યું હશે તેની વિચારણા કરી તેનો જવાબ આપશે, ત્યારે ફરી પ્રશ્ન ઉઠો થયો કે હું કોણ ? જગમાં મુખ્યત્વે બે ચીજ છે. ચૈતન્ય અને જડ અથવા જીવ અને અજીવ ત્યારે હું ચૈતન્ય છું કે જડ છું. હું ચૈતન્યવાન છું પણ જડની સાથે સહવાસમા રહેનારો છું. હું ચૈતન્ય છતાં જડની સાથે રહેનાર છું એમ બને કેમ ? મ્હારામા ચૈતન્ય છે. ચેતના લક્ષણ જીવનું છે. જેનામાં ચેતના નહીં તે જીવ નહી. ચેતના લક્ષણ સિવાય જીવનું વિશેષ સ્વરૂપ છે ? હા છે. પણ તે ઘણું લંબાણ છે તેથી અહીં સ્વઓળખાણ માટે યત્કિંચીત લક્ષણ ધ્યાનમા રહે એટલે બસ છે. એમ સમજી એટલાથી જીવ છે એમ પ્રતિતી આપણે કરવી જોઇએ. ચૈતન્ય લક્ષણ જેનામાં નથી એવી તમામ વસ્તુઓ, પદાર્થો દ્રવ્યો જડ યાને અજીવ છે. શરીર એ ચૈતન્યના સહવાસમાં રહે છે. ત્યાં સુધી સજીવ તરીકે ઓળખાય છે. પણ ચૈતન્ય યાને જીવ આ શરીર

છોડી બીજે ઠેકાણે જતો રહે છે. ત્યારે શરીર એકલું પડી રહે છે. તે વખતે તે જડ છે. એવી આપણી પક્કી ખાત્રી થાય છે. કેમકે જે વખતે તે ચૈતન્યના સહવાસમાં હતું તે વખતે તેને જરા પણ ઇજા થતી અથવા અગ્નીનો સહેજ પણ તાપ લાગતો તો તેનું તેને દુઃખ થતું. જ્યારે ચૈતન્ય નીકળી ગયા પછી એજ શરીરને પશ્ચાત ક્રીયા માટે ગમે તેમ બાંધવામાં આવે છે, તેનેજ ઉચકી લેઇ જવામાં આવે છે; અને અગ્ની કે ભૂમીદાહ અથવા જળ સમાધી કરવામાં આવે તો પણ તે વખતે તેને કંઇ પણ અસર થતી જણાતી નથી. જે જરા પણ અપાય ખમી શકતુ નહતું તે શરીરને બાળી નાંખવામાં આવે છે, અથવા દાટી દેવામાં આવે છે. તો પણ તે જરા ચું કે ચાં કરતું નથી. એ ઉપરથી આપણી ખાત્રી થાય છે કે ચૈતન્ય રહીતનું શરીર જડ છે. ત્યારે પ્રશ્ન એ ઉભો થયો કે જીવ ચૈતન્ય લક્ષણ વાળો છતાં જડ અથવા અજીવના સહવાસમાં રહે છે કેમ?

આ પ્રશ્ન ઘણો સારો છે અને તેનું સ્વરૂપ જ્યારે ઓળખાશે ત્યારેજ સ્વઓળખાણ થશે જીવો બે પ્રકારના છે, એક દેહધારી અને એક દેહ વિનાના. શું દેહ વિના જીવ રહી શકે? હા. જીવ શુદ્ધ સ્વરૂપે અનંતજ્ઞાન, દર્શન ચારિત્ર અને વીર્યવાન છે, અશરીરી, અરૂપી, અવિનાશી અને કર્મરૂપ ઉપાધીથી રહીત છે. જે જીવોએ કર્મરૂપ ઉપાધીને પોતાના આત્મ પ્રદેશમાંથી સર્વથા કાઢી નાંખી પોતે નિર્વાણ થયા છે તેઓ મુક્ત યાને સિદ્ધજીવના નામથી ઓળખાય છે. તેઓ જ દેહ વિના રહી શકે છે. ચાર ગતિમાં જન્મ અને મરણથી ભમવાના સ્વભાવવાળા આ અનંત સંસારમાં તેમને જન્મ મરણ કરવા પડતા નથી. તેઓ આ જગતના અગ્રભાગે સાદિ અનંતભાગે અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, રૂપ સ્વરૂપમાં અવ્યાબાધ સુખમાં રહે છે તે મુક્ત જીવો સિવાયના તમામ જીવો શરીર સાથે રહેનાર છે. તેથી હું ચૈતન્યવાન છતાં જડ એવા શરીર સાથે રહેનાર છું એમ પ્રતિતી થાય છે.

ત્યારે આ શરીર બનાવ્યું કોણે? એ પ્રશ્ન તુરત જ ઉભો થાય છે. આ પ્રશ્નના જવાબની વિચારણા કરતા પહેલાં એ વાત જાણવાની જરૂર છે કે આ દેહમાં જીવ આવ્યો ક્યાંથી? અથવા જીવ નવીન ઉત્પન્ન થયો છે? એ બે વાતો ધ્યાનમાં આવ્યા સિવાય એ પ્રશ્નનો ખુલાસો થઇ શકશે નહીં.

જીવને કોઇએ બનાવ્યો નથી. તે અનાદિકાળથી છે. એટલે ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે, અને ભવિષ્યમાં કાયમ રહેનાર છે. એ જીવનો કોઇ પણ કાળે નાશ થવાનો નથી. આપણે જીવોને મૃત્યુ પામતા જોઇએ છીએ, પરંતુ ખરી રીતે તે જીવ મૃત્યુ પામતો નથી અથવા તેનો નાશ થતો નથી. ફક્ત વર્તમાન શરીરમાંથી નીકળી બીજે કોઇ ઠેકાણે ફરી જન્મ લે છે. જીવ નીકળી ગયા પછી મૃત્યુ પામ્યો

એમ જે બોલીએ છીએ, તે વર્તમાન દેહ આત્મિને બોલીએ છીએ જીવ દ્રવ્ય છે. શરીર પર્યાય છે.

શરીર છોડ્યા પછી જીવ શામાટે ફેર જન્મ લે છે ?

જીવોને જન્મ ધારણ કરવો પડતો નથી તે ઠેકાણે તે કેમ જતો નથી. તેનું કારણ એવું છે કે જે શરીરમાંથી જીવ નીકળી જાય છે, તે શરીર સિવાય બીજા બે શરીર જીવની સાથે હમેશ રહે છે. ત્યારે જીવ એકથી વધુ શરીરવાળો છે ? હા. ત્રણ શરીરવાળો છે. જે શરીર પ્રત્યક્ષ દેખાય છે, બીજાઓ અને હું જોઇ શકીએ છીએ તેવા મનુષ્ય અને તિર્યંચના શરીર ઔદારિક શરીર કહેવાય છે. તે સિવાય તેજસ અને કાર્મણ એ બે શરીર આત્મપ્રદેશની સાથે ક્ષીરનીરવત્ અનાદિકાળથી મળેલા છે. તે ઘણાં સૂક્ષ્મ છે. આપણી દૃષ્ટિએ દેખી શકાતા નથી. તે શરીર સાથે જીવ આ ભવમાં આવેલો છે. જીવ માતાના ગર્ભાશયમાં ઉત્પન્ન થાય છે તેના પહેલા સમયમાંજ આહાર ગ્રહણ કરે છે એ એક જાતની જીવની શક્તિ છે. એ શક્તિને જૈન શાસ્ત્રકારો પર્યાપ્તિ નામથી ઓળખાવે છે. આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ ઇંદ્રિય-પર્યાપ્તિ, શ્વાસોશ્વાસ પર્યાપ્તિ, ભાષા પર્યાપ્તિ, અને મનપર્યાપ્તિ એ પ્રમાણે જીવની છ પ્રકારની શક્તિ છે. મનુષ્યમાં ઉત્પન્ન થએલો જીવ પર્યાપ્ત પુરી થયા પછી તે શક્તિના અને અંગોપાંગ અને નિર્માણ નામ કર્મના બળે આ શરીરની રચના કરે છે એ જીવનો સ્વભાવ છે. તેથી શરીરનો કર્તા જીવ છે.

માતાના રૂધિર અને પિતાના વીર્યના એકત્ર મેળાપમાં જીવ ઉત્પન્ન થાય છે. તેમાં રૂધિરનો ભાગ વિશેષ હોય અને વીર્યનો ભાગ થોડો હોય તો જીવ સ્ત્રીપણાને પામે છે. વીર્યનો ભાગ વધુ હોય તો પુરૂષપણાને પામે છે; બન્ને સમાન હોય તો નપુંસકપણાને પામે છે. એમ વેદક શાસ્ત્રનું કહેવું છે પણ તેની સાથે બીજી ખાસ લક્ષમાં રાખવા જેવી વાત એ છે કે આ ભવમાં ઉત્પન્ન થતાં પહેલાં જીવે પુરૂષ, સ્ત્રી, કે નપુંસક વેદ એ ત્રણ પ્રકારના મોહની કર્મમાંથી જે પ્રકારનું કર્મ બાંધ્યું હોય તે કર્મ આ ભવમાં ઉદય આવવાથી જીવને તેવા પ્રકારની સામગ્રી પ્રાપ્ત થાય છે. તે સામગ્રીનો જીવ ઉપયોગકરે છે. અને ઉદય આવેલા કર્મના બળે પુરૂષ, સ્ત્રી કે નપુંસકના શરીરની રચના કરે છે અને પુરૂષ અથવા સ્ત્રી અથવા નપુંસક તરીકે જન્મ ધારણ કરે છે તે કારણસર હું વર્તમાન શરીર અને વેદ પામ્યો છું.

જીવોને ઉત્પન્ન થવાની ગતિ ચાર છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ, તેમાં મનુષ્યગતિમાં ઉત્પન્ન થવાને મનુષ્યગતિનામ કર્મ બાંધવાના કારણના લીધે મનુષ્યમાં ઉત્પન્ન થયોછું.

જીવો એકેંદ્રિવાળાં, બે ઇંદ્રિવાળા, ત્રણ ઇંદ્રિવાળા, ચાર ઇંદ્રિવાળા, અને

પાંચ ઇંદ્રિવાળા હોય છે. તેમાં હું મનુષ્ય પંચેંદ્રિ છું. એવા હું મનુષ્ય પંચેંદ્રિવાળા જીવને જે જીવોને ફરી જન્મ લેવો પડતો નથી તે સ્થળે નહીં જતાં વારંવાર જન્મ લેવો પડે છે તેનું કારણ એવું છે કે, હું અષ્ટવીધ કર્મ સહિત છું. જેઓ મનુષ્ય પંચેંદ્રિપણું પામી સ્વશકિતને કેળવી:અષ્ટવીધ કર્મથી રહીત થઇ કેવળ નિરાવર્ણ થાય છે. એટલે કર્મનો કંઇપણ અંશ જેમનામાં નથી તે જીવોજ તે સ્થાને જવાને શકિતવાળા છે. મેં હજી:તેવી શકિત પ્રગટ કરી નથી. તેથી તે સ્થળે જવાને મ્હારામાં શકિત નથી. અને તેજ કારણસર મ્હારે જન્મ મરણ કરવાં પડે છે.

મારૂં જે નામ જગતમાં પ્રખ્યાત છે અને જે નામથી લોક બોલાવે છે અને એ નામથી બોલાવાથી મને તે બોલાવે છે. એવો મને બોધ થાય છે. તે નામ પાડયું કોણે ? અથવા એ નામ સહીત હું જન્મેલો છું? ના, હું નામ સહીત જન્મેલો નથી. મને ઓળખવાને અનુકુળતા થાય તે કારણથી મારા માતાપિતાએ એ નામ મ્હારા શરીરનું પાડેલું છે. હું જે ચૈતન્ય લક્ષણવાળો જીવ શરીરમાં રહું છું. તેનું એ નામ નથી. છતાં શરીરની સાથે હંમેશ રહેવાથી અને હું શરીરથી ભિન્ન અથવા જુદો છું એવી મ્હારી જાગૃતી રહેતી નથી. તેથી શરીરના પાડેલા નામથી હું પોતાને તે નામથી પોતાપણું માની લઇ વ્યવહાર કરૂં છું. અને તે નામની ખાતર શુભાશુભ કર્મ કરી-મગરૂર થાઉં છું. એના પરીણામે મનુષ્યજીવનનું કર્તવ્ય મ્હારા ધ્યાન ઉપર રહેતું નથી. ઉલ્ટું નવીન કર્મોપાર્જન કરી મ્હારા જીવને હું વધુ મલીન કરૂં છું. જીવ તો અરૂપી અનામી છે. જે જે ભવમાં જવાનું થાય તે તે ભવમાં તે શરીર આશ્રીને નવીન નામ પાડવાનું. ભુતકાળમાં આ જીવે અનંત શરીર ધારણ કર્યા અને અનંત નામ તેના લીધે તેના પડયાં. વાસ્તવીક તેમાંનું જીવનું કંઇ નહીં. ફકત મોહને લીધે યથાર્થ વાત મ્હારા લક્ષ ઉપર રહેતી નથી. તેથી નામના અંગે હું વિવિધ પ્રકારના પાપારંભ કરી ખુશી થાઉં છું. એટલુંજ નહીં, પણ ધન ધાન્યાદિ ચીજો ઉપરથી મૂર્છા ઉતારી તેનો સદુપયોગ કરૂં તો મ્હારા આત્મામાં રહેલી દાનશકિતને હું ખીલવું, તેને બદલે નામનાની ખાતર અનેક પ્રકારના શુભાશુભ કાર્ય કરૂં છું. તેથી તો કે મ્હારી નામના થાય છે. જગતમાં મ્હારો જશ બોલાય છે હું દાનવીરની ગણ્યુત્રીમાં ગણાઇ ખુશી થાઉં છું. પણ તેથી મ્હારા આત્માનો જે વાસ્તવીક ગુણ મ્હારે પ્રગટ કરવો જોઇએ. તે પ્રગટ કરવાનું લક્ષણિંદુ હું ચૂકી જાઉં છું. એવી ભૂલ હવેથી નહીં કરવા હું સદા જાગૃતી રાખીશ, અને એ ધન દ્વારા મ્હારા આત્માની ઉન્નતિ કરીશ.

હું મ્હારા દેહ ઉપર મમત્વભાવ રાખી તેને સુખી રાખવા હંમેશ પ્રયત્ન કરી રહ્યો છું. એ દેહ શેનો બનેલો છે ? એ વિચાર મ્હારા મનમાં ઉત્પન્ન થાય છે અને

હું મુંઝાઉંછું. ઉપર આપણે વિચાર કરી ગયા કે માતાનાં રૂધિર અને પીતાના વીર્યમાં પ્રથમ ઉત્પન્ન થયો. તો શું એજ મ્હારા શરીર રચનાનું બીજ છે ? હા તેમ છે. આજે સ્થૂલ શરીર જેને ઔદારિક શરીર કહે છે. ગર્ભમાં જીવ ઉત્પન્ન થયા પછી સમયે સમયે જીવ આહાર લે છે. અને આહાર ગ્રહણ કર્યા પછી શરીર, ઇંદ્રિ, શ્વાસોશ્વાસ ભાષા અને મનની અને અંગોપાંગની રચના કરે છે એ ઉપરથી એટલી વાત મ્હારા ધ્યાનમાં આવે છે કે, હું જે સારો અથવા હલકો, લક્ષ્ય અથવા અભક્ષ્ય જેવો આહાર લેઉં તેની અસર આખા શરીર ઉપર થવાની. તો મ્હારે મ્હારૂં શરીર સારૂં અને નિરોગી રાખવું હોય તો આહાર પાણી નિર્દોષ, સ્વચ્છ, અને પવિત્ર અને પથ્ય વાપરવા જોઇએ. આહાર કરવાનું કારણ શરીરની શક્તિ ટકાવવા તથા વધારવાનું છે. એ વાત આહાર કરતી વખતે મ્હારા અને મ્હારા કુંટુંબના લક્ષ ઉપર રહેતી નથી. ફક્ત જીહ્વા (રસના) ઇંદ્રિના પોષણના માટેજ આહાર કરૂં છું, ભોજન અથવા ખાદ્ય પદાર્થ સ્વાદિષ્ટ અને મધુર કેમ બને. કે જેથી જમતી વખતે ખરી લહેજત આવે એ તરફજ હું લક્ષ રાખું છું. સ્વાદિષ્ટ ભોજન પચાવવાની શક્તિનો ખ્યાલ કર્યા સિવાય અતિશય લાલસાથી મર્યાદાથી વધુ ખોરાક લઉં છું. તેમજ વિવિધ જાતિના પીવાના પદાર્થો હું વાપરૂં છું. પણ તેની અસર મ્હારા શરીર ઉપર કેવી થશે તેનો હું વિચાર કરતો નથી. એમાં શરીર રચનાની મ્હારી અજ્ઞાનતા સિવાય મને બીજું કાંઇ જણાતું નથી. કેટલીક વખતે મ્હારા મિત્રો અને સગાઓ ઉત્તમ પકવાનાદિ ભોજનના પ્રસંગે અતિ આગ્રહથી વધુ પ્રમાણમાં ખવરાવવા દબાણ કરે છે. અને તેમની શરમની ખાતર હું તેમના દબાણના તાબે થાઉં છું. એમાં અમો બન્ને ભૂલ કરીએ છીએ. એમ તે વખતે અમને લાગતું નથી, પણ પાછળથી તેનું માઠું પરીણામ મ્હારે વિવિધ દુઃખરૂપે ભોગવવું પડે છે. શરીરની શક્તિનો વિચાર કર્યા સિવાય એકરસારી અને રસના ઇંદ્રિની લાલસાથી હું જે વિવિધ આચરણ કરૂં છું તે શરીર લગાર પણ સહન કરી શકતું નથી. તો મ્હારે શરીરરચનાથી પુરતા વાકેફગાર થવું જોઇએ અને શરીરને બાધા પીડા ન ઉપજે એવી રીતે મ્હારે ખાન પાનનો ઉપયોગ રાખવો જોઇએ.

મેં આ ભવનો જન્મ લીધો તે વખતે તો આ ઔદારિક શરીર રૂપેજ જન્મ લીધો હતો. આ શરીરના મૂળ રૂપે તો મ્હારૂં જન્મ વખતનું શરીર ઘણુંજ ન્હાનું હતું, એ ન્હાના શરીર સિવાય હું કાંઇ પણ લઇને આવેલો નથી. છતાં આજે મ્હારી પાસે ધન ધાન્ય અને પરિવાર જોઉં છું એની પ્રાપ્તિ થવામાં કારણ રૂપે મ્હારૂં પોતાનું પરાક્રમજ છે કે બીજો કંઇ હેતુ છે ? હમેશા મારૂં માનવું એવું થાય છે કે, આ બધું મેં પેદા કર્યું છે. અને તે મારૂંજ છે સામાન્યતામાં કંઇ ભુલ થાય છે કે કેમ ? હા. એમાં ભૂલ થાય છે. એ બધી પ્રાપ્તિનું કારણ જીવોનું પરાક્રમ

એટલું જ હોય તો પછી દરેક માણસ પોતાના પરાક્રમ બળે તે સર્વ પોતાની ઇચ્છા મુજબ મેળવી શકે. પણ તેમ તો તે બનતું નથી. જીવોની ઇચ્છા અને તે પરાક્રમ કરવાને પ્રબળ પરાક્રમ છતાં ઇચ્છીત વસ્તુ મેળવી શકતા નથી. તેથી એમ પ્રતિતી થાય છે કે તેમા કંઇ ગુપ્ત કારણ હોવું જોઇએ એ ગુપ્ત કારણ તે જીવોના પુર્વોપાર્જીત શુભા શુભ કર્મો છે. જે કર્મો સહિત જીવ જન્મ લે છે, એ શુભાશુભ કર્મ કયા રહેતા હશે ? જીવ જે બે શરીર સહ માતાના ઉદરમા આવે છે તે પૈકી એક તેજસ અને બીજું કાર્મણ તે બન્ને આત્મ પ્રદેશની અંદર મળીને રહે છે. એ કાર્મણ શરીરજ શુભાશુભ કર્મ પુદ્ગલોનું બનેલું છે, એ શુભાશુભ કર્મ પુદ્ગલો તેનો કાળ પરિપકવ થવાથી ઉદયમાં આવે છે. તે વખતે તે તે કર્મો અનુસાર તેને બુદ્ધિ થાય છે. અને બીજી સામગ્રીનો તેને સંયોગ થાય છે. આજે ધન ધાન્યાદિ સામગ્રીનો મને સંયોગ થયો છે, તેનો કુદરતનો નિયમ પ્રમાણે વિયોગ પણ થવાનોજ. કાંતો તે મ્હારી પાસેથી જતી રહેશે, અથવા હું તેને છોડીને ચાલ્યો જઇશ. તેથી એ સંયોગ વિયોગરૂપ સામગ્રીના યોગે મ્હારે અભિમાન ધરવું યોગ્ય નહી, પણ તેના ઉપરથી મૂર્છા કમી કરી બને તેટલો તેનો સદુપયોગ કરી લેવો જોઇએ.

મ્હારા પોતાના સ્વઓળખાણ સંબંધે સૂક્ષ્મ વાતો ઘણી જાણવા અને વિચારવા જેવી છે. તે પૈકી એક મહત્વની વાતનો મ્હારે વિચાર કરવાનો છે. તે એ છે કે હું જન્મ્યો તેની સાથે શું લઇને આવ્યો છું ? હું મરણ લઇને આવ્યો છું. જીવવું કેટલું એનું પ્રત્યક્ષ જ્ઞાન અતિશય જ્ઞાની સિવાય બીજાને હોઇ શકે નહીં. આયુષ્ય કર્મના દળીયાના વિપાકોદય થઇ તે તમામ ભોગવાઇ ગયા કે જન્મેલાનું મરણ તો થવાનું નકી જ છે. ત્યારે શું મરવાનો ? હાં. કોઇપણ એક વખત હું મરણને શરણ થવાનો એ વાત નક્કી છે. જે વખતે મ્હારૂં આયુષ્ય પૂર્ણ થશે. અથવા મ્હારા જીવન ઉપર અકસ્માતાદિ હુમલા થઇ હું મરણને શરણ થઇશ તે વખતે મ્હારો જીવ આ ઔદારિક શરીર છોડી બીજે કોઇ ઠેકાણે જવાનો એ નકકી જ છે. એથી બચવાનો કંઇ રસ્તો છે ? ના. ત્યારે આ ધન દોલત કુટુંબ પરિવાર બધું જેને હું મ્હારૂં માનું છું તેનું શું ? તે તો બધું અહીંજ રહેવાનું, મ્હારી સાથે તેમાંનું કંઇપણ આવવાનું નહીં, ત્યારે એ બધાને હું મારૂં માનું છું તે શા કારણથી ? તેનું નામજ મોહ છે. હું અને મ્હારૂં એ મોહરાજાના મંત્ર છે. મોહ જીવને મુંઝાવી નાંખે છે. વાસ્તવીક જે પોતાનું નથી તેમાં પોતાપણું મનાવે છે. જે પોતાનું નથી તેમાં પોતા પણાની બુદ્ધિ ઉત્પન્ન કરીને મેળવવાને માટે જીવનનો ઘણો ભાગ તેમાં વ્યતીત કરાવે છે. ત્યારે મ્હારૂં શું ? જ્ઞાની માહારાજાઓ પોતાના આત્માને તથા આત્મ ગુણને પોતાના માને છે. અને તેને ઓળખવાને માટે પ્રયત્ન કરવો તેને કર્તવ્ય માને છે. જ્યારે એમ છે ત્યારે તે દિશા તરફ મ્હારો પ્રયત્ન કેળવાતો નથી ?

એજ મોહનો મહિમા છે. ત્યારે મ્હારે કરવું શું ? કરવાનું એજ કે મોહનું યથાર્થ સ્વરૂપ સમજી જે વસ્તુ પરિણામે આત્માને ગુણ કર્તા નથી તેવી વસ્તુ મેળવવા ખાતર હું જે અન્યાયાદિ પાપાચરણ કરૂં છું તે નહી કરતાં ભગવંત મહાવીરની આજ્ઞાનુસાર માર્ગાનુસારીના ગુણો તથા શ્રાવકના એકવીશ ગુણો પ્રાપ્ત કરી શુદ્ધ ગૃહીધર્મ અથવા સાધુધર્મનું સેવન કરવું. ગૃહસ્થધર્મપાલનમાં મુખ્યત્વે ન્યાય સંપન્ન વૈભવ મેળવવા અને પાપરહીત પ્રવૃત્તિ કરવાનું લક્ષમાં રાખવું જોઇએ. તેની સાથે જીવનનો ઘણો ભાગ હું જે એ ખાતે કાઢું છું, તેમાંથી થોડો વખત બચાવી મ્હારા પોતાના આત્માને ફાયદો થાય, આત્મસ્વરૂપની ઓળખાણ થાય તેવા પ્રકારના તત્વજ્ઞાનના ગ્રંથોના શ્રવણ વાંચન અને મનનમાં વખત કાઢી સત્સમાગમ અને સદ્ગુરૂના સહવાસથી આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજવું જોઇએ.

મનુષ્ય જીવનનું સાધ્યબિંદુ આત્મિક પ્રગતિ યાને ઉન્નતિનું હોવું જોઇએ. કદિ ઉન્નતિ ન કરી શકાય તો પણ અધોગતિ ન થાય એવા પ્રકારનું જીવન મ્હારે ગુજારવું જોઇએ. જો એ સાધ્યબિંદુ ચુકી જાઉં અને કંઇ પણ ધોરણ વગરનું જીવન પુરૂં કરૂં તો તેનું પરિણામ મ્હારા પોતાનાજ હકમાંજ નુકશાન કર્તા છે, એ વાત મ્હારે હંમેશા ધ્યાનમાં રાખવી જોઇએ. મનુષ્યજીવનની સાર્થકતા સમ્યગ્ જ્ઞાન પુર્વક ઉચ્ચ પ્રકારના ચારિત્રમાં છે. ગૃહસ્થ જીવનને છાજતા ઉચ્ચ પ્રકારના ચારિત્ર લાયક ગુણો મ્હારે મેળવવા જોઇએ. જો હું તેવા ગુણો પ્રાપ્ત નહીં કરૂં તો મ્હારો આત્મા ઉન્નતિના પ્રદેશ તરફ પ્રયાણ કરવાને લાયક બનશે નહીં. હું જે ઉચ્ચ પ્રકારના ગુણ ખીલવીશ તે ગુણો આગામી ભવમાં ઉન્નતિક્રમમાં આગળ વધવાને ઘણા સહાયભૂત થશે. નહીં તો સંસારનો પાર આવવાનો નથી. મનુષ્યજીવનમાં ઉચ્ચ પ્રકારનું ચારિત્ર ઘડવાને માટે જેટલા સંજોગો અને સાધન સામગ્રીની અનુકૂળતા છે તેવી બીજી ગતિમાં નથી એ વાત વીસારી મુકવા જેવી નથી.

વકીલ નંદલાલ લલ્લુભાઇ, વડોદરા.

બ્રહ્મચર્ય અથવા ઇન્દ્રિય નિગ્રહનો અદ્ભુત મહિમા અને તેથી થતા અનેક ઉત્તમ ફાયદા.

તથા અબ્રહ્મસેવન (ઇન્દ્રિય પરવશતા) યા કુશીલતાથી થતા અનેક ગેરફાયદા.

લેખક-સદ્ગુ૦ કર્પૂરવિજયજી.

પરસ્ત્રી ગમન તથા વેશ્યા ગમનાદિકથી થતી અનેક પ્રકારની ખુવારી જાણીને ડહાપણથી તે તે દુષ્ટ બદીઓનો તરત ત્યાગ કરવો જોઇએ, સ્વઇન્દ્રિય-નિગ્રહ સમું કોઈ સુખ નથી, અને ઇન્દ્રિય પરવશતા સમુ કોઇ દુઃખ નથી.

એક એક ઇન્દ્રિયની પરવશતાથી પતંગ, ભંગ, મીન, હરણ, અને હાથી પ્રમુખ મરણાન્ત દુઃખ પામે છે, તો પાંચે ઇન્દ્રિયોને પરવશ પડેલા જીવોના કેવા હાલ થાય ? તે જરૂર વિચારવું જોઇએ. જે પરઆશાના પાશમાં પડેલા છે તે જગત્ માત્રના ઓશીયાળા થઈ રહે છે. પણ જે પરઆશાથી મુક્ત થઇ નિઃસ્પૃહ બને છે તેનું દાસત્વ આખી દુનીયા કરે છે. તેમાથી પસંદ પડે તે માર્ગ આદરો. સુખ સહુને ગમે છે પણ સુશીલતા વડે જ તે પ્રાપ્ત થઇ શકે છે. દુઃખથી સહુ ડરે છે પરંતુ કુશીલ દુઃશીલ જનો તેથી છટકી શકતા નથી. રાવણ જેવા રાજવીના પણ કુશીલતાથી કેવાં માઠા હાલ થયા ? સુખના અર્થી જનોએ **સતી સીતા** અને **રામચંદ્ર** જેવા સુશીલ થવું જોઇએ શીલ સદાચાર સમાન બીજું કોઈ શ્રેષ્ટ ભૂષણ નથી. શીલના પ્રભાવથી જંગલ મંગલ રૂપ થાય છે, અગ્નિ જળરૂપ થાય છે, સર્પ ફુલની માળ રૂપ થાય છે, વિષ અમૃત રૂપ થાય છે, અને શત્રુ મિત્ર રૂપ થાય છે. દેવો પણ સુશીલનું દાસત્વ કરે છે, શીલના પ્રભાવથી મંત્ર સિદ્ધિ થાય છે. ચોતરફ યશ કીર્ત્તિ વિસ્તરે છે, તથા અષ્ટ સિદ્ધિ અને નવ નિધિ પણ પ્રાપ્ત થાય છે.

અબ્રહ્મ સેવન (વિષયીપણા) થી નિવિડ પાપ બંધાય છે, સકળ સુકૃત્ય (પુન્ય) નો ક્ષય થાય છે અને સર્વ કંઇ વિપરીત થવા પામે છે. તેવી દુષ્ટ કુશીલતાથી તો સહુ કોઇ ભાઇ બહેનોએ સાવધાનતા પુર્વક દૂરજ રહેવું જોઇએ. સંત-મહંતો તો આત્માનંદી હોઈ ઉકત મહાવ્રતને ધારતાં છતાં વિષય સુખનો સર્વથા ત્યાગ કરે છે. તેઓ વિવિધ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં મુંઝાયા વગર સર્વદા સમભાવે રહે છે-રહી શકે છે.

સુશીલ ગૃહસ્થ સજ્જનો સ્વદારા (પત્ની) સંતોષીજ હોય છે, એટલે પરસ્ત્રી પ્રમુખને તેઓ માતા પુત્રી કે સહોદરા સમાનજ લેખે છે. ફકત ઓછી સમજને

કમ અક્કલને લઇને મુગ્ધજનોજ ઉચિત મર્યાદાનો લોપ કરીને સ્વચ્છંદપણે વિહરતા કામાન્ધબની એવાં અનાચરણ કરે છે કે જેથી અહીં ઈજ્જતના કાંકરા કરી, ગ્રસ્ત થઇને, બહુ દુઃખી થાય છે અને પરભવવમા દુષ્કૃત્ય યોગે દુર્ગતિમાં પડી ભારે વિટંબતા પામે છે

યતઃ—" કાયનું સુકૃત્ય જાય, ગાંઠનું તો ગર્થ જાય, સ્વનારીનો સ્નેહ જાય, રૂપ જાય રંગથી; ઉત્તમ સહુ કર્મ જાય, કુળના સહુ ધર્મ જાય, ગુરૂજનની શર્મ જાય, કામના પ્રસંગથી; ગુણનું રાગ દૂર જાય, ધર્મ પ્રીતી નાશ થાય, સજ્જથી પ્રતીત જાય, આત્મ બુદ્ધિ ભંગથી; જપ જાય તપ જાય સંતાનોની આશ જાય, શિવપુરનો વાસ જાય, વેશ્યાના પ્રસંગથી. ૧

કુલટાસ્ત્રીનો સંગ-પ્રસંગ જેમ શુશીલ જનોએ તજવાનો છે, તેમ લંઠ કુશીલ જનોનો સંગ-પ્રસંગ પણ સુશીલ બ્હેનોએ સાવચેતીથી જરૂર તજવાનો છે.

સુશીલતાથીજ સર્વ યોગ ક્ષેમ સંપજે છે, અને કુશીલતાથી તો તેનોજ ક્ષય થાય છે. એમ સમજીકુશીલતા તજી, સુશીલતા આદરવા સહુ ઉજમાળ બનો. જેથી સંપૂર્ણ સુખ-સમાધિ સહેજે આવી મળે. ઇતિશમ્.

બ્રહ્મચર્ય અથવા સુશીલતાને સેવવાની ભારે જરૂર.

સ્વપર ઉન્નતિ ઇચ્છનારાઓએ બ્રહ્મચર્યનું યથાર્થ પાલન કરવા ચૂકવું નહિ જોઇએ.

લેખકઃ—સદ્ગુણાનુરાગી કપૂરવિજયજી (પાલીતાણા.)

શુદ્ધ—પવિત્ર—નિષ્પાપ થવું કોને ગમતું નહી હોય ? સહુ કોઇને તે ગમેજ. વિશુદ્ધ વિચાર વાણી અને આચારના સંમેલનથીજ શુદ્ધ નિષ્પાપ થઇ શકાય છે. બ્રહ્મચારીનું તો એ ખાસ કર્ત્તવ્ય છે

નિર્દોષ, ક્ષમા, મૃદુતા, સરલતા, સંયમ, તપ અને સંતોષાદિક ધર્મજનિત આત્માના સ્વાભાવિક સુખમાં રમણતા રૂપ શુદ્ધ નૈષ્ઠિક બ્રહ્મચર્યની સિદ્ધિ માટે ઉત્તમ ભાઇ બ્હેનોએ નિજ બળ વીર્યનું જેમ બને તેમ ચિવટથી સંરક્ષણ કરતા રહેવાની ભારે જરૂર છે.

ચપળ મન અને ઇન્દ્રિઓને વશ થઈ નહીં જતાં—તેના પ્રલોભનોમાં ફસાઇ નહીં જતાં સ્વપરના હિત–શ્રેય અર્થે તેમને અંકુશમાં રાખનારા બ્રહ્મચર્યને સારી રીતે સાધી શકે છે.

શુદ્ધ બ્રહ્મચર્યનો મહીમા વર્ણવી ન સકાય એવો અગમ અને અપાર છે. બ્રહસ્પતિ સરખા પણ તેને દાખવી શકયા નથી.

બ્રહ્મચર્યના સંસેવનવડે સ્વજીવન તત્વ (Vitality) ટકી રહે છે. નિર્મળ જ્ઞાન અને શ્રદ્ધાની વૃદ્ધિ થાય છે. સ્વચારિત્ર્યની રક્ષા શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે; જગતમાં પુષ્કળ યશોવાદ થાય છે; ઇન્દ્રાદિક દેવો પણ પ્રેમભર પ્રણમે છે, અને અંતે અક્ષય અનંતસુખ સમૃદ્ધિને પણ પામે છે. આવું પ્રભાવશાળી બ્રહ્મચર્ય સુખના અર્થી સહુ કોઇએ અવશ્ય પાળવું જોઇએ. તેના વડે દીર્ઘ આયુષ્ય, સુંદર આકૃતિ, મજબુત અને સહનશીલ શરીર, પ્રબલ પુન્યપ્રકૃતિ અને ઉત્તમ ઓજસ પ્રમુખ ઉદ્‌ભવે છે, વળી એના પ્રભાવથી પેદા થનારી પ્રજા પણ સર્વે વાતે સુખી સદ્‌ગુણી અને પ્રભાવશાળી બની આ લોકનું તેમજ પરલોકનું હિત સહેજે સાધી શકે છે.

શુદ્ધ શીલનું યથાર્થ પાલન કરવાથી પૂર્વે અનેક સાત્વિક સ્ત્રી પુરૂષો એવી ઉંચી કોટીને પામેલાં છે કે તેમના આલંબનથી કઇક ભવ્યાત્માઓ સુખી–સદ્‌ગુણી બની અન્ય અનેક જીવોને ઉન્નતિના માર્ગમાં સહાય રૂપ થયા છે. એ બ્રહ્મચર્ય–વ્રત અન્ય અનેક સદ્‌ગુણોને મેળવી આપે છે. તેથી ખરા સુખના અર્થી દરેક ભાઈ બ્હેને તેમા અત્યંત આદર કરવો ઉચિત છે. સ્વાભાવિક સુખને મેળવવા ઇચ્છનારાઓએ તુચ્છ વિષય સુખવાળી પશુવૃત્તિ (વિષય લોલુપતા) નિવારીને, સંતોષ વૃત્તિને દ્રઢતાથી સ્વીકારી મન તથા ઇન્દ્રિયોનો યથાર્થ નિગ્રહ કરીને આત્મામાં છુપું રહેલું અનંત અતુલ, સ્વાભાવિક બલ–વીર્ય પ્રગટ કરવા ખુબ પ્રયત્ન કરવો જોઇએ. સુજ્ઞ જનોએ તો તેમાં લગારે પ્રમાદ કરવો ઘટે નહીં.

એ રીતે પ્રગટ થતા બલ પરાક્રમ વડે અનેક અચિંત્ય ઉત્તમ ઉપયોગી કાર્યો અનાયાસે સિદ્ધ કરી શકાશે. બ્રહ્મચર્ય એજ સર્વ સુખની ચાવી–કુંચી છે.

ઇતિશમ.

તા૦ ક૦—સમયને સારી રીતે ઓળખી તે મુજબ પ્રમાણિકપણે ચાલનારા સહૃદય નેતાઓ નૈતિક બળમાં નબળી બની ગયેલી આપણી પ્રજાને ઉન્નત બનાવવા, મન વચન કાયાથી બ્રહ્મચર્યનું પાલન કરવા વડે સ્વ વીર્યની સારી રીતે રક્ષા કરીને તે વીર્ય–શકિતનો સારામાં સારો ઉપયોગ કરવા ખુબ જોર શોરથી સહુને ભલામણ કરે છે.

શ્રી તીર્થંકર ભગવાનના કલ્યાણક ઉજવવાનો પ્રસંગ.

જયન્તિ અને કલ્યાણકની એકતા.

ભવ્ય સુજ્ઞો ! પ્રમાદ ત્યજી અને આર્થિક સ્થિતિ ઉન્નત કરવાની સાથે સાથે ધાર્મિક દશાને પણ ધ્યાનમાં રાખો. આજના જમાનામાં જયન્તિ શબ્દ આબાલ ગોપાળ પ્રસિદ્ધ છે ત્યારે કલ્યાણક શબ્દને આપણામાંની બહુ જુજ વ્યકતીઓ સમજતી હશે. બન્ને શબ્દનો માયનો તાત્પર્યરૂપે એકજ જયન્તિ શબ્દ જ્યારે સર્વોત્કર્ષ બતાવે છે ત્યારે કલ્યાણક શબ્દ ત્રણ જગતના જીવોને સુખ આપવાનો ઉત્કર્ષ બતાવે છે, આ બાબત **नारका अप्य मोदन्त यस्य कल्याण पर्वसु** એ વચનથી શાસ્ત્રસિદ્ધજ છે, આ સર્વોત્કર્ષનું નામજ જયન્તિ કહો કે કલ્યાણક કહો બન્ને તાત્પર્ય રૂપે એકજ છે. ગુર્વાદિક મહાપુરૂષોની જયન્તિ ઉજવવામાં પણ વિવક્ષિત સદ્ગુણ વિષયકજ ઉત્કર્ષ બતાવવાનો ઈરાદો રખાય છે, સર્વોત્કર્ષનો વીતરાગ ભગવાનનોજ દર્શાવાતો હોવાથી ખાસ પારિભાષિક કલ્યાણક શબ્દથી તેનો વ્યવહાર કરાય છે, આ ઉપરથી સમજી શકાશે કે જયન્તિ જ્યારે સાધારણ અસાધારણ ગુણો માટે ઉજવાય છે ત્યારે કલ્યાણક અસાધારણ ગુણો માટેજ ઉજવાય છે.

જયન્તિ અને કલ્યાણકની ભિન્નતા.

જ્યારે જયન્તિ ઉજવવાનો રીવાજ સર્વ સાધારણ થઈ પડેલો છે, ત્યારે કલ્યાણકને જેઓએ ચાર ઘાતિકર્મક્ષય કરી કૈવલ્ય દ્વારાએ લોકાલોકના ભાવ જાણી સમ દૃષ્ટિથી સર્વ વર્ણોને અને દેવાદિને બોધ આપી તીર્થંકરપણું સાર્થક કર્યું તેને માટેજ ઉજવી શકાય છે, આજ જયન્તિ અને કલ્યાણક એ બન્નેનો ઉદ્દેશ વિષયક ભિન્નતા હોવાથી પ્રત્યક્ષ ભેદ છે, કલ્યાણક ઉજવવાથી શું લાભો છે તે હવે તપાસીયે—

કલ્યાણક ઉજવવાનો પ્રકાર.

કલ્યાણકોના મેલાવડા કરવાથી તીર્થંકર મહારાજાઓમાં કયા કયા કૈવલ્યઆદિ અસાધારણ ગુણો હતા ? તે ગુણો તેઓએ કેવી રીતે મેળવ્યા ? તેમનું વર્તન અને કથન કેટલું વિલક્ષણ અને અસાધારણ પણ અવિસંવાદી હતું ? તે જાણવાનું અને કાલાનુસાર તેનું કેટલેક અંશે અનુકરણ કરવાનું બની શકે છે, હાલના સમયમાં વ્યાપારનું પ્રવૃત્તિ વિલક્ષણ હોવાથી કુરસદ બહુજ કમ મળવાથી હંમેશાં ચાલતા પૂજાદિ કાર્યોમાં લાભ લઈ બોધ મેલવવાનું અલ્પ હોવાથી બની શકે છે ત્યારે ખુદ પોતાના ઇષ્ટ દેવના સદ્ગુણો અને તેનું ચરિત્ર જણાવી ઉછરતા જૈન વર્ગમા આસ્તિકતા જમાવવાને માટે આવા મેલાવડાની જરૂરીઆત સુજ્ઞ જનો જોઇ શકશે. કલ્યાણક

જીવવાને માટેનોપુરાવો જો કે મૂલ આગમમાંજ છે છતાં પણ ૧૪૪૪ ગ્રંથકર્તા જેને થયે ૧૫૦૦ લગભગ વર્ષો વીતી ગયાં છે તે અસાધારણ વિદ્વાન્ હરિભદ્રસૂરિજી મહારાજ યાત્રા પંચાશકમાં કલ્યાણકનો વિષય કઇ રીતે પોષે છે ? અને અન્ય દિવસનાધર્મકૃત્યો કરતાં કલ્યાણકના દિવસે કરાતાં ધર્મકૃત્યોપર ગાથામાં તુ શબ્દ મેલી કેટલો ભાર મૂકે છે ? અને તેજ ગાથાના ટીકાકાર નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિજી તે ઉલ્લેખનું ચમત્કારિક સ્પષ્ટીકરણ પોતાની ટીકામાં કેવી ખુશીથી આપે છે ? તે આ નીચે યાત્રાપંચાશકની ગાથાઓનું તથા ટીકાનું ભાષાંતર આપીને પ્રદર્શિત કરેલ છે તે વાંચવાથી સુજ્ઞજનોને જણાશે.

ટીકા તેના અભ્યાસીએ તે ગ્રંથમાંથી વાંચી લેવી.

પંચાશકકાર મહાત્મા કહે છે કેઃ—

ગાથા.

ता रह निरकमणादिवि, ए ए उ दिणे पडुच्च कायव्वं ।
जं ए सो खलु विसओ, पहाणमो ती ए किरियाए ॥
विसय पग्गरिस भावे, किरियामे त्तंपि बहु फलं होइ ।
सकिरिया विहू न तहा, इयरम्मि अवियरागिव्व ॥
तित्थगरे बहूमाणो, अभ्यासो तहय जीय कप्पस्स ।
देविंदादि अणुगिती, गंभीर पस्रवणा लोए ॥
वएणो य पवयणस्सा इयजत्ताए णियमेणं ।
मग्गाणुसारि भावो, जायइ एत्तो च्चिय विसुद्धो ॥

ક્ષેપકસાર.

" જિનેશ્વરોના કલ્યાણકોના દિવસે રથયાત્રાદિ મહોત્સવો કરવાથી તેના જોનારા અનેક ભવ્યાત્માઓને તીર્થંકરપર, તેમના શાસનપર અને જિનેશ્વર મહારાજે પ્રરૂપેલા ધર્મ ઉપર ભક્તિ, પ્રેમ અને અનુપમ બહુમાન ઉછળે છે. માટે આસ્તિક જનોએ કલ્યાણકના દિવસે રથયાત્રા, પૂજા, પ્રભાવના આદિ જિનભક્તિના કાર્યો અવશ્ય કરવા–કારણ કે અન્ય દિવસોની અપેક્ષાએ કલ્યાણકના દિવસો ધાર્મિક કાર્યો માટે અતિ પ્રશસ્ય છે. "

ટીકાકાર મહારાજા ઉપરની હકીકતને પુષ્ટિ આપતા સતા એટલું વિશેષ કંઈ કહે છે કે—" કલ્યાણક સિવાયના દિવસો અનાગમોક્ત હોવાથી યથાર્થ પૂર્ણ ફળદાયિ

થતા નથી પરંતુ કલ્યાણક આદિના દિવસે ખાસ આગમોક્ત હોવાથી અધિક આરાધનીય છે તે દિવસે કરેલું થોડું પણ ધર્મકૃત્ય મહાફળદાયી થાય છે."

આજ હકીકતને પુષ્ટિ આપતાં મૂળ ગ્રંથકાર કહે છે કે-" જેમ ઉચિત વૃષ્ટિ આદિના સંયોગે અલ્પ પણ ખેતી અધિક ફળ આપે છે અને ઉચિત વૃષ્ટિ આદિના અભાવે અધિક પણ ખેતી નિરર્થક થાય છે તેમ ઉત્તમ દિવસોએ કરેલી થોડી પણ ધાર્મિક આરાધના અને દ્રવ્યનો વ્યય ભવ્ય જીવોને અતુલ ફળ આપે છે. આ હકીકતને વધારે પુષ્ટ કરતાં ટીકાકાર કહે છે કે-" જેમ વીતરાગ પુરૂષમાં શુભ પ્રકર્ષનો અભાવ હોવાથી તે પુરૂષને પ્રધાનપણે કલ્પી તેની પૂજા ઉત્સવાદિ કરવામાં આવે તો તે યથેષ્ટ ફળ આપવામાં અસમર્થ બને છે, તેજ પ્રમાણે કલ્યાણકાદિ શાસ્ત્રોક્ત દિવસોને તજી દઇને અન્ય દિવસે કરાતા પૂજા ઉત્સવાદિમાં પોતાની કલ્પનાની મુખ્યતા અને સર્વજ્ઞ આજ્ઞાનો અનાદર અલ્પાદર હોવાથી તે ઇચ્છિત ફળદાયક થતા નથી. તેથી શાસન પ્રેમીઓએ કલ્યાણકાદિ દિવસોએજ બહુધા પૂજા પ્રભાવના ઉત્સવાદિ કરવા કે જેથી સ્વપરને અમોઘ ફળદાયી થાય."

આ હકીકતની પુષ્ટિમાં વળી ગ્રંથકાર મહાત્મા કહે છે કે-" જિનેશ્વરોના જન્મ આદિ કલ્યાણકોના દિવસે અથવા તેવા બીજા શાસ્ત્રોક્ત ઉત્તમ દિવસોએ રથયાત્રા, પૂજા, પ્રભાવના વિગેરે ઉત્સવો કરાય તો તે જોઇને અન્યદર્શનીઓને પણ તીર્થંકરાદિ ઉપર બહુમાન ઉપજે છે. અને તેવા તથાવિધ ધર્મ સ્નેહદ્વારા પરિણામે સત્યધર્મને પણ પામે છે. પૂર્વ પુરૂષોએ બાંધેલી પ્રણાલિકાનું અનુકરણ થાય છે. ઇંદ્રાદિક દેવ પણ તે દિવસોએ મહોત્સવાદિ કરે છે તેથી તેઓના સમ્યગાચારનું પણ અનુકરણ થાય છે. ભવ્યજીવો તેની સવિશેષ અનુમોદના કરે છે તેથી તેમને માર્ગાનુસારીપણું પ્રાપ્ત થાય છે અને કેટલાએક જીવોનું સમકિત પણ નિર્મળ થાય છે."

આ ઉપરથી સુજ્ઞજનો સમજી શકયા હશે કે કલ્યાણક ઝિવાયના દિવસોમાં કરેલા ધર્મકૃત્ય અને દ્રવ્યનો સદ્વ્યય ત્યારેજ ઉપયોગી થાય છે કે જ્યારે કલ્યાણકના દિવસમાં ખાસ ધાર્મિક અને શાસન પ્રભાવનાના અપૂર્વ ઉલ્લાસથી અને અસાધારણ દ્રવ્ય વ્યયથી કરવામાં આવે. લૌકિક નીતિ પણ તેવીજ હોય છે, એક સદ્ગૃહસ્થ વિના પ્રસંગે લાખો રૂપિયા ધામધુમ કરી ખર્ચે અને જ્યારે પોતાને લગ્નાદિ પ્રસંગ આવે ત્યારે કંઈ પણ તેવો વ્યય કરે નહીં તો તે આદર પાત્ર બની શકતો નથી તેમજ શાસ્ત્રકારની અપેક્ષાએ કલ્યાણકના દિવસનું સ્મરણ માત્ર પણ ન કરનાર અને તેમાં અપૂર્વ વીર્યોલ્લાસ ન બતાવનાર અન્ય દિવસમાં વળી ધામધુમો તેમજ રથયાત્રાદિ કર્યા છતાં પણ આત્મિક ગુણનો પૂર્ણ લાભ પામી શકતો નથી.

દરેક તીર્થંકર મહારાજના પાંચ પાંચ કલ્યાણકજ હોય છે " ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ. " વર્તમાન ચોવીશીમાં ૧૨૦ કલ્યાણક ઉજવવાની શક્તિના અભાવે પણ વર્તમાન તીર્થાધિપતિ શ્રી મહાવીર મહારાજના પાંચ કલ્યાણક તો નાના મોટા દરેક જૈન વસ્તીવાલા ક્ષેત્રમાં ઉજવવાજ જોઇએ. શ્રી સિદ્ધાચળજીમાં તો શ્રી પાલીતાણા શહેરમાં શ્રી મહાવીર ભગવાનના પાંચ કલ્યાણક ઉજવવાની સાથે ગિરિરાજ ઉપર શ્રી ઋષભદેવ ભગવાનનાં પાંચ કલ્યાણક ઉજવવાની આવશ્યકતા હોવાથી નીચે લખ્યા મુજબના દિવસે ઉજવવા જોઇએ, જેનો લાભ સુજ્ઞજનો પોતાની ઉદારતા દર્શાવવા દ્વારાએ આખી જૈન કોમને આપશે, કહેવાની જરૂર નથી કે જ્યારે પોતાના ક્ષેત્રમાં કરેલા દ્રવ્યના સદ્વ્યયનો લાભ બહોલતાએ તેજ ક્ષેત્રવાલાઓ લઇ શકે છે. ત્યારે આવા અપૂર્વ તીર્થ સ્થળમાં કરેલા સદ્વ્યયનો લાભ અવર નવાર આખી જૈન કોમ લઇ શકે છે.

કલ્યાણકના દિવસો—

રૂષભદેવ પ્રભુના પાંચ કલ્યાણકના ચાર દિવસો આ પ્રમાણે છે—

જેષ્ઠ વદિ–૪ ચ્યવન ! ફાલ્ગુન વદિ–૮ જન્મ અને દિક્ષા, મહાવદિ ૧૧ કૈવલ્ય ! પોષ વદિ–૧૩ નિર્વાણ

મહાવીર પ્રભુના પાંચ કલ્યાણકોના દિવસો.

અશાડ શુદિ ૬. ચ્યવન, ચૈત્ર શુદિ ૧૩ જન્મ ! કાર્તિક વદી ૧૦ દિક્ષા વૈશાખ શુદિ ૧૦ કૈવલ્ય આશ્વિન વદિ અમાસ્યા નિર્વાણ.

શ્રી ઋષભદેવ ભગવાનના પાંચે કલ્યાણકો શ્રી શત્રુંજયતીર્થ પરની નવ ટુંકમાં આંગી તેમજ મ્હોટી ટુંકમાં પૂજા, ભાવના, રથયાત્રા વગેરેની વ્યવસ્થા કરવામાં આવશે, તેમજ શ્રી મહાવીર પ્રભુના પંચ કલ્યાણક મહોત્સવ વખતે જાહેર ખબર છપાવી પાલીતાણામાં જે વિદ્વાન ત્યાગી મહારાજ હાજર હોય તેમના પ્રમુખપણા નીચે મેળાવડા, ભાષણો, તેમજ આંગી પૂજા ભાવના વગેરેથી કરવામાં આવશે.

મહાનુભાવો ! બુદ્ધના ભક્તોની તથા પ્રકારની વસ્તિ હિંદુસ્તાનમાં નહી છતાં પણ જ્યારે હજારો માઇલોથી આવી તેના ભક્તો અગે તેની જયન્તી ઉજવવાનો લાભ લે છે, ત્યારે જે તીર્થંકરની લાખોની સંખ્યામાં રહેલી ભક્ત કોમ આજ દેશમાં કલ્યાણક ઉજવવાને ઉજમાલ નથાય, એટલુંજ નહીં પણ તે કલ્યાણકના દિવસોનું જ્ઞાન માત્ર પણ ન ધરાવે એ કેટલું શોચનીય છે. જ્યારે પોતાની જાતની અને પોતાના બાલ બચ્ચાંઓની વર્ષગાંઠ ઉજવવામાં ઉજમાલપણું રહે ત્યારે આવા અપૂર્વ તીર્થમાં તીર્થાધિરાજ શ્રી ઋષભદેવ ભગવાનની વર્ષગાંઠ અને કલ્યાણકો તેમજ વર્ત-

માન શાસનપતિ શ્રી વર્દ્ધમાન સ્વામિનાં કલ્યાણકો ઉજવવામાં પ્રમાદ રહે એ શું વિચારણીય નથી ? માટે મહાનુભાવ સદ્‌ગૃહસ્થો ! ઉપરનો પ્રબંધ વાંચી તેને સંપૂર્ણ લક્ષ્યમાં લઇ અપૂર્વ વિર્યોલ્લાસથી લાભ લેવા ઉત્સુક બનો અને તે દ્વારાએ સ્વ અને પરને જ્ઞાનાદિ ગુણની વૃદ્ધિ કરનારા થાઓ.

તા૦ ૬૦ આ કલ્યાણક સંબંધમાં વ્યવસ્થા માટે પુરતી માહીતી મેળવવા માટે એક દિવસને માટે મુંડીરૂપે કે વારા રૂપે રકમ આપવાની ઇચ્છાવર્તી વાળા ગૃહસ્થે પત્ર વ્યવહાર શ્રી પાલીતાણા શ્રી થરપ્રકર મંડળના સેક્રેટરીના નામે કરવો.

ઇતિશમ્

સાધુ મુનિરાજનું જીવન સ્વદેશી અને સ્વાવલંબી કેવી રીતે છે ?

(એક મુનિમહારાજ)

આજ કાલ વિદેશી સ્વદેશીનો પવન સર્વત્ર ફુંકાયો છે, જેમાં સાધુઓના ઉપર પણ આંગળીયો થતી જોવાય છે તો ખુલાસો થવાની જરૂરત છે જેથી સ્વદેશી વિદેશીનો ભેદ નહીં સમજનારને સમજણ પડે. જૈન સાધુઓનું જેટલું જીવન શાસ્ત્રાધિન છે તે બધું સ્વદેશી કહો. સ્વરાજ આશ્રીત કહો કે સ્વાવલંબી કહો, વિચાર પૂર્વક મળતું જ છે

૧ સાધુઓની દિક્ષાથી માંડી મરણ પર્યંતની યાવત્ ક્રિયાઓ થાય છે તેમાં વિદેશી ની ગંધ પણ જણાતી નથી.

૨ નિર્દોષ આહાર પાણી જે વિધિથી લેવાની શાસ્ત્રાજ્ઞા છે તેમાં પણ વિદેશીપણું નજરે આવતું નથી.

૩ પાત્ર પણ સ્વદેશી જ છે.

૪ મકાન પણ સ્વદેશી.

૫ સ્વારી કોઇ જાતની કરતા જ નથી એટલે એમાં સ્વદેશી વિદેશીનો અવકાશજ ક્યાં ?

૬ પદાર્થ (પરિગ્રહ) નો ત્યાગ જ છે.

૭ વ્યાપારનો પણ સર્વથા ત્યાગ જ છે.

૮ સીવેલાં વસ્ત્રો વાપરતાં નથી એટલે ફેશનને તો જલાંજલી મળેલી છે.

૯ વાપરવાના વસ્ત્રો પણ ઘણે ભાગે દેશી જ હોય છે, જેમકે કામળી શીયાળામાં ઓઢવાની પંજાબ વીગેરે દેશની બનેલી હોય છે.

૧૦ ખંભા ઉપર જે લાલપટાની કામળી નાંખવામાં આવે છે તે પણ બીકાનેરની પ્રાયઃ બનાવટ છે.

૧૧ ચાદર–પાંગરણી કે ચોલપટ્ટાને માટે લુગડું મલમલ કે નેનસુખ હોય છે આટલામાં ગડબડ થતી હોય તો તે ના ન કહી શકાય, પણ સાધુઓને એ પરીક્ષા પ્રાયઃ થોડી હોય છે કે જે સમજી શકે; આતો અમુક ઠેકાણાનું કાપડ છે અને આ અમુક ઠેકાણાનું. તેની પાસેથી કોઇએ વેચાતી લેવું નથી તેમ તેને વેચવું પણ નથી, ફક્ત શરીર ઢાંકવાના કામમાં લઇ આખરે ચીંથરાના રૂપે ઠેકાણે કરવામાં આવે છે તો એક નકામી અને તે પણ પરાશ્રયી ચીજને માટે આટલું ખેંચવામાં આવે અને ગ્રહસ્થો જે સર્વથા નહીં તો બાર આની ભાગ બિલકુલ વિલાયતી બુટલેલ જેવો નજરે આવે છે તેનું શું થાશે તે ધ્યાનમાં આવતું નથી. જે જે મુનિઓનાં નામ જાહેર આવ્યાં છે, ખુશીની વાત છે પણ એથી એમ નથી સમજી બેસવાનું કે એમના સિવાયના બીજા બધા વિલાયતી બની ગયા છે. જો ખરૂં કહેવાય તો જેનાં જેનાં નામો આવ્યાં છે તેઓનો સમુદાયની સાથે અમુક પ્રકારનો સંબંધ થોડાજ હશે અન્યથા સમુદાયની સાથે રહી સમુદાયના નાયકના નામથી અથવા જે કોઇ મ્હોટા હોય તેના નામથી જાહેરમાં આવે તો અવશ્ય તેની અસર સમાજ તેમજ બીજાઓ ઉપર સારી પડે એમાં શક નથી. શું કોઇ પણ સાધુને સાધુના વેષથી જે ઓળખવામાં આવે છે તે ઓળખાય નહિ એવા રૂપમાં કોઇએ જોયો છે? ચાદર, દંડો, કામળી (ખભે નાખવાની ધાબળી) કે તરપણી સિવાય પગમાં મોજાં અને બુટ, માથે વિલાયતી ટોપી, ગળામાં નેકટાઇ કમરમાં પાતલૂન, દૂરથી બુટલેલ જેવો બનેલો કોઇ સાધુ નજરે આવતો હોય તો તેને માટે જેટલા આક્ષેપો કોઇ કરે તે યોગ્યજ છે. પજુસણના દિવસોમાં શ્રીવીર ભગવાનના જન્મના ધવલ મંગળ વખતે કેટલેક ઠેકાણે શ્રાવકોનાં બાળકો ઓળખમાં નથી આવતાં કે આ અંગ્રેજના છે કે પારસીનાં છે કે દક્ષણીનાં છે કે સીંધીનાં કે હબસીનાં કે ચીનનાં? કોનાં છે? અવશ્યમેવ આવા સમયે સાધુઓએ બનતો ઉપદેશ આપવો ઘટેછે, પણ સાધુઓનો ઉપદેશ સાંભળી માન્ય કરવાળા તો પાછા એના એજ ધમચક છે, માટે જો ખરા સ્વદેશી બનવાની ઇચ્છા હોય તો પંદર કર્માદાન જે શાસ્ત્રકારોએ નિષેધ કરેલા છે તે પૈકી મ્હોટી મ્હોટી મીલો અને કારખાનાઓ ચલાવવાવાળાએ વિચાર કરવાની જરૂરત છે કે જેની હવાથી એ લોકોનો મગજ એટલો બધો સડી ગયો છે કે દેરાસર કે સાધુની પાસે જવાનું તો ગમતું નથી. શામાટે જાય? જાય તો કોઇને કોઇ નિયમ કરવો પડે, કોઇ પર્વ કાર્યમાં જોડાવું પડે, કોઇ ઠેકાણે પાંચ પૈસા ખર્ચવા પણ પડે. એટલે હવે તો જેમ અમદાવાદ આદિ સ્થળોએ નાતવાળાઓએ મળીને કે પોળવાળાઓએ મળીને સત્યાનાસી ચાનો ઓટલો ઉખેડી ફેંકી દેવા પ્રયત્ન કર્યો છે, તેમ પ્રયત્ન થાંશેતો પછી આપણા લોકો ગાડરીયા

પ્રવાહની માફક એક બીજાની પાછળ તણાતા બંધ થવા ટપોટપ બંદોબસ્ત કરી નાત તરફથી એવો બંદોબસ્ત થવો જોઇએ કે લગ્નાદિ પ્રસંગમાં અમુક અમુક વેષ ન હોવો જોઇએ અને કોઇએ પેહેરેલો હોય તો ભલે પછી તે મ્હોટા નગર શેઠની શેઠાણી કેમ ન હોય ઝટ મંડલમાંથી વિદાય કરવી જોઇએ, જેથી બીજાઓને ધડો મળે, પણ આતો ગરીબ જોયો કે ચારે તરફથી બિચારાને સોટા પડવા લાગે અને અમીર જોવે તો આંખ આડા કાન કરી દીધા પછી બસ થઈ ચુકયું. આમ થવાથી કાંઈ બનતું નથી અને એજ માટે જાહેરમાં આવવું એકદમ ઠીક નથી સમજાતું. વિલાયતી ખાંડને માટે એક વખત કેટલી ધમાલ થઇ પછી હતી હાલ તેના તેજ ખાતા નજરે આવે છે.

આમ ચુંકીને ચાટવું વા બોલીને ન પાળવું આનું નામ સત્યાગ્રહ ન કહેવાય. જો કે મેં તેત્રીશ વર્ષ થયાં દીક્ષા લીધી છે તે દિવસથી આજસુધી ચાનો એક પણ છાંટો મ્હારા શરીરે લાગ્યો નથી ત્યારે પીવાની તો વાતજ શી ? તેમ હું અવસર પામી વ્યાખ્યાનમાં પણ એની બુરાઇ જાહેર કરૂં છું. મ્હારા સહવાસમાં રહેલા સાધુઓ પણ બનતાં સુધી ન છુટકેજ કોઇ વખતે લેતા હશે તે પણ હું ઠીક નથી સમજતો. તેનું કારણ ફક્ત વિલાયતી ચીજ કે રિવાજને લઇનેજ નહીં. પણ શરીરને નુકશાન કરે છે, તે ઉપરાંત એના પ્રભાવે પ્રાયઃ પચ્ચખાણ વગેરેમાં પણ કેટલોક બાધ આવી જાય છે. સવારના પહોરમાંજ તરપણીઓ લઇ લોકોના ઘરે ભટકવું પડે છે, ત્યાં એ ચીજ મળે નહી ત્યાં વિહાર કરવો મુશ્કેલ થઈ પડે, કાંતો ચાના ભક્તો સાથે હોવા જોઇએ ઈત્યાદિ ઘણાં કારણો એવા છે જે સાધુઓને લાયકનાં નથી. માટે ચાની આદત સાધુઓને તો હોવીજ ન જોઇએ. મારી પોતાની એવી માન્યતા છે. જો ખરૂં કહાવો તો તમારા ગુજરાતી ચાભક્તોએજ લોકોને શું, અને સાધુ સાધ્વી ઓને શું પાયમાલ કરવાનો ધંધો શરૂ કરી રાખ્યો છે અને એ ચાના દાસ બની સાધુ સાધ્વિઓ પણ ઘણે ભાગે જે દેશમાં ચાનો રિવાજ નથી જેઓકે મારવાડ પંજાબ વગેરે તે ઠેકાણે વિહાર કરતા નથી; કદાપી તીર્થ યાત્રાના પ્રસંગથી જવાનું થાય છે તો ઝટ યાત્રા કરી પાછા ગુજરાત તરફ મોહું કરીલે છે, જેથી કેટલાક ગામોવાળા મારવાડી ભાઇઓ જે પરદેશમાં વ્યાપાર નિમિત્તે રહે છે, જાણીને પોતાના દેશમાં રોજતો નહી પીતા હોય, પણ ચા નહી મળવાથી મહારાજ જલદી વિહાર કરી દેશે એવા હેતુથી પોતે પીવી શરૂ કરી દે છે અને અંતે એઓ પણ ચા ભક્તો બની જાય છે. આ વાતનો અનુભવ મને એકલાનેજ નથી પણ ઘણા સાધુ સાધ્વીઓને થઇ ચુકયો છે, જેનો ખુલાસો મારવાડી ભાઇઓનો મેળ થયે કરવા ધારોતો કરી શકો છો.

સ્વ જીવન સફળતા કરવાની કુંચી.

પરજીવ-જીવ માત્રનું હિત ચિન્તવન કરવું કે 'સર્વ કોઈ સુખી થાવ! સર્વ કોઇ નિરોગી બની રહો! સર્વ કોઇ ભદ્ર પામો! અને કોઇ પણ પાપ આચરણ કરતાં અટકો-પાપ કૃત્ય ન કરો!' 'સમસ્ત જગતમાં શાન્તિ વર્ષો! સમસ્ત જનો પરહિત કરવા તત્પર બનો! દોષ માત્ર દૂર થાવ! સમ સર્વત્ર સર્વ કોઈ સુખી થાવ!' આ પ્રકારે સર્વ કોઈનું એકાન્ત હિત ચિન્તવન કરતા રહેવું, કદાપિ કોઇનું પણ અહિત ચિન્તવન નજ કરવું તેનું નામ મૈત્રી ભાવના.

આ ભાવનાને (Universal Brotherhood) વિશ્વભાવના કહી શકાય. તે વડે સર્વ જગતના જીવો સંગાતે એકતા-અભેદતા (Harmony) સાંધી શકાય છે અને એથી આપણા આત્માને તેમજ જગતના જીવોને શાન્તિ મળી શકે છે. બીજી કરૂણા ભાવના દુઃખી જનોનાં દુઃખો દૂર કરવા આપણી શક્તિનો સદુપયોગ કરવાથી બને છે. જો કે સહુ કોઈ સુખને માટેજ તલપે છે પરંતુ સુખનો ખરો માર્ગ તજી, ખોટા માર્ગે સ્વચ્છંદતાવડે ચાલવાથી કઇક જીવો દુઃખી દુઃખી થઈ જાય છે. તેવા દુઃખી જનોનો તેવા તેવાં દુઃખોથી ઉદ્ધાર (છુટકારો) થાય તેમ તન, મન ધનથી કે સદુપદેશથી નિઃસ્વાર્થપણે પ્રયત્ન કરવો એ આ ભાવનાનું રહસ્ય છે, અન્યને દુઃખ મુકત કરી સુખ શાંતા પમાડી અભય આપવાથી આપણે પોતે અભય નિર્ભય બની શકીએ છીએ. આપવું એવું લેવું અને વાવવું એવું લણવાનું છે. ફોગટ વાતો કરવાથી કશું વળવાનું નથી. આપણામાં સદ્વિવેક જાગ્રત્ કરી તુચ્છ સ્વાર્થ તજી, બની શકે તેટલું પરમાર્થદ્વારે કાર્ય કરવાથીજ હિત થઇ શકે તેમ છે. ત્રીજી ભાવના પ્રમોદ અથવા મુદિતા નામની છે. જેમ મેઘનો ઉદય જોઇ મોર કેકારવ કરે છે અને ચંદ્રનો ઉદય જોઇ ચકોર ખુશી થાય છે તેમ સુખનો તેમજ ગુણનો ઉદય અન્યમાં જોઇ દીલમાં ખુશી થવું જોઇએ. એથીજ આપણે સુખમાં કે ગુણમાં વધારો કરી શકીએ. તેને બદલે ઈર્ષા કે અદેખાઇવશ અન્યનું અનિષ્ટ ચિન્તવવાથી તો પરિણામે આપણુંજ અનિષ્ટ થવા પામે છે. જો આપણે સુખી અને સદ્ગુણી બનવુંજ હોય તો દોષદૃષ્ટિને સર્વથા તજીદઈ દ્રઢ ગુણાનુરાગીજ બનવું જોઇએ. એથી આપણી હૃદયભૂમિ સારી રીતે ખેડાઇ મૃદુ અને સુયોગ્ય બનશે અને તેમાં બીજ સંસ્કારો પડેલા નકામા જશે નહી. ચોથી ભાવના માધ્યસ્થ્ય અથવા ઉપેક્ષા નામની છે. જ્યારે કોઈ નિન્દ્ય કામ કરનાર નજરે પડે ત્યારે તેના ઉપર દ્વેષ લાવ્યા વગર જો તે કોઇ રીતે સુધરી શકે એમ જણાય તો કેવળ કરૂણા દ્રષ્ટિથી તેને સુધારવા પ્રયત્ન કરવો, પણ જો તે અસાધ્ય વ્યાધિ જેમ અપ્રતિકાર્ય લાગે તો સમભાવ રાખી અનેરાં સ્વપર હિતકાર્ય કરવામાંજ ઉજમાળ રહેવું. ઇતિશમ્

श्री

આત્માનન્દ પ્રકાશ

इह हि रागद्वेषमोहाद्यनिर्भूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १८] वीर संवत् २४४। आश्विन आत्म संवत् २५. [अंक ३ जो.

श्री जिनवर स्तुति.

(હરિગીત)

આનંદ ભવિઓનાં હૃદે ઉપજાવતાં જે સર્વદા,
નિજ આત્મ-ગુણ પ્રકટાવતા પ્રેમે પ્રણોધી પર્વદા,
ભવની પીડાઓ ભાવથી ભવિજનતણી જે પરિહરે,
જીતારિ જીનવર તે જયતા જગતમાં જયજય ધરે.

વ્યભિચાર નિંદા.

રચનાર—રા. રા. પદ્મગુણ.

(હરિગીત.)

ધન જાય કીર્તિ જાય છે વળી કુળ કલંકિત થાય છે,
બળ ક્ષીણ થાય અને વળી આયુષ્ય ઓછું થાય છે;
વિદ્યા અરે! વિનયાદિ સર્વે ધૂળધાણી થાય છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ માનવ દેહ એળે જાય છે. ૧

પગલાં ન ઈચ્છે ઘેર કો ધિક્ સજ્જનો મુખથી કહે,
સતીજનતણી દૃષ્ટિ વિષે નિત્ય ઝેર તેના પર રહે;
વ્યભિચારીનું મૃત્યુ ઘણું કરી વગર મોતે થાય છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ૨

નિજ નાર રૂપ ભંડાર પણ પરદારમાં આસક્ત જે,
તે સૂકર સમ ત્યજી અન્ન મીઠું દુષ્ટ વિષ્ટા ખાય છે;
તે જ્વાર થાયે સર્વથા પણ ના હરામી છોડશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ૩

નિજ દાર મીઠું ફળ ત્યજી જે પરદાર વિષફળ ખાય છે,
દુઃખી થઈ અહીં તેહ અન્તે નરકમાંહી જાય છે;
રોશે મૂકીને પોક જ્યારે દૈવ પ્રશ્નો પૂછશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ૪

પરદાર છે અંગાર તેને રત્ન કિંમતી ના ગણો,
ઘરનાર પુષ્પની માળ તેને કાળસર્પ નહિ ગણો;
પરદાર નરકનું દ્વાર તે આપદ્તણું આગાર છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ૫

વ્યભિચારી પુત્રતણો પિતા અગ્નિ વિના જ બળ્યા કરે,
તે પુત્રની માતા ભિખારી લોકમાં શરમે મરે;
દુર્ભિક્ષમાંહિ લતા પેઠે પત્ની સદા મુકાય છે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ૬

સત્કર્મ કરવા ઇન્દ્રિયો દેવે દીધી નરનારીને,
દુષ્કર્મ કરશે તે થકી તો કયમ દૈવ નહિ કોપશે?
સત્કર્મ કરી સ્વર્ગે જશો તો સૌખ્ય પુણ્ય સહુ આપશે,
વ્યભિચારીનો ઉત્કૃષ્ટ ૭

જૈન તીર્થ ભીમપલ્લી અને રામસૈન્ય.

(લેખક—મુનિ કલ્યાણવિજયજી.)

વિક્રમની ચૌદમી, પંદરમી અને સોલમી સદીમાં લખાયેલા ઘણાએક ગ્રન્થો અને શિલાલેખોમાં ભીમપલ્લી અને રામસૈન્યનો તીર્થ તરીકે અથવા પ્રાચીન નગર તરીકે ઉલ્લેખ થયેલો જોવામાં આવે છે. કેટલાંક સ્તોત્રો અને ચૈત્ય-પરિવાડિયોમાં આ બંને સ્થળોને તીર્થ ગણીને વંદન કર્યું છે. આ ઉપરથી એ વાત તો નિસ્સંદેહ છે કે ' ભીમપલ્લી ' અને ' રામસૈન્ય ' કોઈ પ્રાચીન જૈન તીર્થ છે, પણ તે કયા દેશમાં આવેલાં છે અને હાલમાં કયા નામથી ઓલખાય છે એ વાતની કોઈકને જ ખબર હશે.

ભીમપલ્લી

ભીમપલ્લી નગર કે જે એક વખત ઘણી પ્રસિદ્ધિને પામેલ હતું, જેના નામથી 'ભીમપલ્લીય' નામનો ગચ્છ નિકળ્યો હતો અને જેની પ્રાચીનતા અને સમૃદ્ધતાને સૂચવનારી હજી પણ અનેક દંતકથાઓ ત્યાંના નિવાસીયોના મુખ થકી એદ અને ગ્લાનિ પૂર્વક સાંભલીયે છીએ તે આજે એક ન્હાના ગામડાના રૂપમાં ' ભીલડી ' એ નામથી ઓળખાય છે.

ભીલડી ગ્રામ પાલણપુર એજન્સીમાં ડીસા-કેમ્પથી લગભગ આઠ કોશને છેટે પશ્ચિમદિશામાં આવેલુ છે. ડીસા પાસે આવેલી બનાસ નદીને લીધે લોકોમાં આના વર્તમાન નામના સંબંધમાં એક એવી દંતકથા પ્રચલિત થયેલી છે કે શ્રેણિક રાજા પોતાના બાપથી રીસાઈને ઘરથી નિકળી પડી પરદેશ યાત્રા કરતો અત્રે આવ્યો હતો અને એક ભીલ કુમારીના પ્રેમમાં ફસી જઈ તેણીની સાથે પરણવાને તૈયાર થયો હતો, પણ પાછલથી તેને જણાયું કે ભીલડીની જોડે પરણીને પોતે એક અયોગ્ય કામ કરનારો ગણાશે. આ વિચારથી તેણે પરણવાનું માંડી વાળ્યું, પણ હૃદયમાં ઉગેલા પ્રેમની જડને તોડી શક્યો નહિં. છેવટે પોતાના પ્રેમને જીતનારી ભીલડીનો પ્રસંગ ચિરસ્મરણીય રાખવાના વિચારથી તે નગરને-કે જે તે પહેલાં ' ત્રંબાવતી ' ના નામથી ઓલખાતું હતું-' ભીલડી ' એવું નામ અપાવીને ત્યાંથી વિદાય થયો.[1]

---

[1] શ્રેણિક ચરિત્રમાં એવી હકીકત આવે છે કે ધ યા નિકલીને મુસાફરના વેશમાં ફરતો ફરતો શ્રેણિક એજાતટ નગરમાં ગયો હતો. વિશેષ સંભવ છે કે આ હકીકત ઉપરથી જ બનાસ નદીની પાસે આવેલા ભીમપલ્લી નગરની સાથે શ્રેણિકના સંબંધ વાળી દંતકથા ઘડાઈ હશે.

ઉપર્યુક્ત દંતકથા ઇતિહાસની સાથે કોઇ પણ જાતનો સંબંધ રાખતી હોય એમ અમારૂં માનવું નથી. ભારતવર્ષમાં ઘણાં એક નગરો અને તીર્થોના સંબંધમાં જે પ્રકારની દંતકથાઓ જન્મ પામે છે તેજ પ્રકારની આ એક છે. આની પ્રકૃતમાં કંઇ પણ ઉપયોગિતા હોય તો તે એટલી જ કે ભીમપલ્લીની પ્રાચીનતા સૂચવનારૂં તે એક આકસ્મિકતરૂં પ્રમાણ છે.

ભીમપલ્લીનો પ્રાચીન ઇતિહાસ ક્યાંઇ જોવામાં આવતો નથી અને તેથી તેની પ્રાચીન હકીકત જાણવાનું કઠિન થઇ પડે છે. અમો કહી નથી શકતા કે ભીમપલ્લીની સ્થાપના ક્યારે થઇ? તેની જાહોજલાલી ક્યાં સુધી રહી? અને તેની અનિષ્ટ દશા ક્યારથી બેઠી? લોકો કહે છે કે ભીલડી એક સમૃદ્ધ નગર હતું, પણ અકાલ કાલકોપને લીધે તે અગ્નિથી બળીને ભસ્મીભૂત થઇ ગયું. સુભાગ્યે નગરનિવાસિયોને આ અકાલ ઘટનાની ખબર કોઇ એક મુનિએ પ્રથમથીજ જણાવી દીધી હતી તેથી લોકો ઘણે ભાગે જાનમાલ બચાવી શક્યા હતા. લોકો એમ પણ કહે છે કે તે નિમિત્તજ્ઞ સાધુની કૃપાથી નગરનિવાસિયો પોતાના પ્રિયનગરનો ત્યાગ કરીને ઘણા કોસો દૂર જઇને એક નવું નગર વસાવીને રહ્યા જે નગર આજે રાધનપુરના નામથી ઓલખાય છે. ત્યાર પછી નિશ્ચિત દિવસે ભીલડી નગર બળીને રાખ થયું. આ કથનની સત્યતાના વિષયમાં એવું પ્રમાણ અપાય છે કે ભીલડીમાં જૂના વખતનું એક દેવીનું મંદિર છે, આ દેવી રાધનપુરના ઘણાંક કુળોની કુલદેવી છે અને હજી પણ લગ્ન વિગેરેના પ્રસંગોએ રાધનપુરી લોકો એ દેવીને ખાસ જુહારવા આવે છે. એથી ભીમપલ્લીના લોકોથી રાધનપુર વસ્યાની હકીકત સત્ય ઠરે છે.

ગામ બળી ગયાની સત્યતા લોકો એટલા ઉપરથી માને છે કે હજી પણ ગામમાં કે તેની આસપાસ ખોદતાં બે ત્રણ હાથના ઢંડાણમાંથી રાખનો થર નિકળે છે અને કેટલીક બળેલી ઇમારતો પણ નિકળે છે.

ઉપરની દંત કથામાં સત્યાંશ કેટલો હશે તે બતાવવાની વિશેષ ચેષ્ટા નહિં કરતાં અમો એટલું જ કહિશું કે ઉપરની દંતકથા કેવળ નિરાધાર નથી પણ, કોઇક ખરી ઘટના ઉપરથી જન્મેલી હોઇ ઐતિહાસિક સત્યતા દાખવનારી છે. આ ઐતિહાસિક સત્યની ઝાંખી કરાવનારો ઉલ્લેખ પંદરમી સદીના પ્રૌઢ વિદ્વાન આચાર્ય સુનિસુંદરસૂરિની ગુર્વાવલીમાંથી પણ મળી આવે છે કે જે નીચે પ્રમાણે છે—

" श्रुतातिशायी पुरि भीम पद्मयां वर्षासु चाद्येपि हि कार्तिकेऽसौ ।
अगात् प्रतिक्रम्य विबुद्ध्य भावि भङ्गं परैकादश सूर्यबुद्ध्य ॥ ६२ ॥ "

ગુર્વાવલી પૃ. ૧૧

ભાવાર્થ—'અતિશયવંત શ્રુત જ્ઞાનના ધારક તે(આચાર્ય ધર્મઘોષના શિષ્ય શ્રીસોમપ્રભસૂરિ) ભીમપલ્લી નગરીમાં ચોમાસું રહ્યા. આ ચાતુર્માસમાં બે કાર્તિક માસ હતા તેથી શાસ્ત્રના નિયમ પ્રમાણે બીજા કાર્તિક સુદિમાં ચોમાસી પ્રતિક્રમણ કરીને ચોમાસું સમાપ્ત કરવાનું હતું, પણ લગ્ન કુંડલીમાં બારમા ભુવનમાં પડેલા સૂર્યપરથી તેઓએ જાણ્યું કે ચોઘડીયું વખતમાં આ નગરનો ભંગ થવાનો છે. આથી તેઓ પ્રથમ કાર્તિકમાં જ ચોમાસી પ્રતિક્રમણ કરીને ત્યાંથી વિહાર કરી ગયા.

આ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે કોઇપણ અકસ્માતથી ભીમપલ્લી નો નાશ થયો હતો અને દંતકથા પ્રમાણે તે અગ્નિથી થયો હોય તો અસંભવિત નથી.

ગુર્વાવલીના પૂર્વોક્ત પદ્ય ઉપરથી એ વાત પણ સ્પષ્ટ થાય છે કે ભીમપલ્લી ની પડતી આચાર્ય સોમપ્રભના વખતમાં થઇ હતી, સોમપ્રભસૂરિ તપગચ્છીય આચાર્યશ્રી ધર્મઘોષસૂરિના પટ્ટધર હતા અને તેમનો સાધુત્વકાલ ગુર્વાવલીમાં જણાવ્યા પ્રમાણે ૧૩૨૧થી ૧૩૭૩ સુધીનો હતો[1] એટલે ચૌદમી સદીના લગભગ મધ્ય ભાગમાં ભીમપલ્લીનો નાશ થયો હશે. ભીમપલ્લીના પ્રાચીન ખંડેરો, તેમાંથી નિકળતી ઇંટો અને બીજા પદાર્થો ઉપરથી એમ જણાય છે કે બારમી અને તેરમી સદીમાં ભીમપલ્લી નગરી સંપૂર્ણ જાહોજલાલી ભોગવતી હતી.

ભીપલ્લીમાં ઘણી એક મ્હોટી તેમ જ ન્હાની પાષાણની પ્રાચીન જિનપ્રતિમાઓ છે, પણ કોઇના ઉપર લેખ જોવામાં આવતો નથી, આ ઉપરથી સહેજે અનુમાન થઇ શકે કે આ પ્રતિમાઓનો ઘણો ભાગ અગ્યારમી અથવા બારમી સદીનો હોવો જોઇએ, જ્યારે કે પ્રતિમા ઉપર લેખ લખવાની પદ્ધતિ લગભગ નહિં જેવી હતી. કેટલાક છુટા છવાયા લેખો ત્યાં દેખાય છે ખરા, પણ તે અર્વાચીન સમયના છે. હાલમાં ત્યાં મળતા લેખોમાં જુનામાં જુનો સં. ૧૨૧૫ની સાલનો એક ધાતુની પ્રતિમાનો લેખ છે, પણ આ પ્રતિમા ભીપલ્લીમાં પ્રતિષ્ઠિત થવાની ખાતરી મળી શકે તેમ નથી. ત્યાંના લેખોમાં અર્વાચીનમાં અર્વાચીન ૧૩૫૮ ની સાલનો એક દેવતાની મૂર્તિનો લેખ છે, ત્યારપછી અઢારમી સદી સુધીમાં લખાયેલ એક પણ લેખ જોવાતો નથી. આ ઉપરથી એમ માનવાને કારણ મળે છે કે ચૌદમી સદીના મધ્ય ભાગ સુધી તો ભીમપટલીમાં ધાર્મિક પ્રવૃત્તિ થયા કરતી હતી, પણ ત્યાર પછી ભીમપટલી સદાની શાંત નિદ્રામાં સૂતેલી લાગે છે. આ પછી ઠેઠ પાંચસો વર્ષ પછી ભીમપટલી—હાલનું ભીલડી—ગામ કંઇક ઉજાગર દશામાં આવ્યું હોય એમ તે ગામમાં સં. ૧૯૯૨ માં થયેલી નેમિનાથની પ્રતિષ્ઠા ઉપરથી જણાય છે.

---

૧ "વિશ્વિશ્વવર્ષે ૧૩૧૦ જનનં કુપાણિ—વિશ્વે ૧૩૨૧ વ્રતં પ્રાપ્ય રદત્રિચંદ્રે ૧૩૩૨। પદપ્રતિષ્ઠાં ચ ગુરુર્જગામ ત્રિસપ્તવિશ્વે ચ સ દેવધામ ॥ ૬૬ ॥—ગુર્વાવલી પૃષ્ઠ ૬૧.

વર્તમાન દશા.

પૂર્વે કહ્યું-તેમ વર્તમાનમાં ભીમપલ્લી એક નહના ગામઠાના રૂપમાં ભીલડીના નામે ઓળખાય છે. ભીલડીની દશા ખરે જ ભીલડીના જેવી છે. કેટલીક અન્ય વસ્તિની સાથે માત્ર પાંચ સાત ઘર શ્રાવકોનાં છે અને તે પણ સાધારણ સ્થિતિનાં. ગામમાં ધર્મશાળાની અંદર શ્રી નેમિનાથનું દેહરાસર છે જેની પ્રતિષ્ઠા સં. ૧૮૯૨ની સાલમાં તપગચ્છના શ્રી પૂજ્યના હાથે થયેલી છે.

પશ્ચિમ તરફ ગામને છેડે એક વિશાલ ધર્મશાલા અને લોંયરવાળું એક મંદિર આવેલ છે. મંદિર નવીન છે, પણ તેની નીચેનું લોયરૂં અસલના વખતનું છે. તીર્થનાયક પાર્શ્વનાથ જે 'ભીલડિયા પાર્શ્વનાથ' ના નામથી પ્રખ્યાત છે. તે આજ લોંયરામાં મૂલનાયકને સ્થાને બિરાજે છે. આજુબાજુમાં નેમિનાથ વિગેરેની કેટલીક મૂર્તિયો છે જે લગભગ સર્વે લેખ વગરની છે. મૂળનાયકને સન્મુખ પુર્વ તરફ એક ગૌતમ સ્વામિની મૂર્તિ છે જેની પ્રતિષ્ઠા જિનપ્રબોધ સૂરિએ કર્યાનો લેખ છે.

ભીલડિયા પાર્શ્વનાથની આજુબાજુના ગામ નગરોમાં સારી પ્રખ્યાતિ છે. પ્રતિવર્ષ પોષ દશમીને દિવસે ત્યાં મેળો ભરાય છે જેમાં કેરૂપ, ડીસા, પાટણ વિગેરેથી હજારો યાત્રાળુઓ એકત્ર થાય છે. આ તીર્થનો વહીવટ ડીસા-ટાઉનનો સંઘ કરે છે. ડીસાના સંઘની દેખરેખ નીચે આવ્યા પછી આ તીર્થ સારી સ્થિતિમાં મૂકાણું છે. આ વાત જણાવતાં અમને આનંદ થાય છે. છેવટે ભાવિક જૈનોને આ તીર્થની યાત્રા કરવાની ભલામણ કરીયે છીયે.

રામ સૈન્ય.

ભીમપલ્લીથી ઉત્તર દિશામાં બાર કોશ અને ડીસા-કેરૂપથી વાયવ્ય કોણમાં દશ કોશને છેટે પ્રાચીન જૈન તીર્થ 'રામસૈન્ય' આવેલું છે, જે હાલમાં 'રામસેણ' ના નામથી ઓળખાય છે.

રામસૈન્યની પ્રાચીનતા અને જાહોજલાલીને જણાવનારા શિલાલેખો મળી આવે છે. ગુર્વાવલીઓ અને ચૈત્યપરિવાડિયો પણ આની પ્રાચીનતા અને તીર્થ તરીકેની ખ્યાતિ આપણને જણાવે છે.

આચાર્ય સુનિસુંદરસૂરિ પોતાની ગુર્વાવલીમાં લખે છે કે 'આચાર્ય સર્વદેવ સૂરિએ વિક્રમ સં. ૧૦૬૦ ની સાલમાં રામસૈન્ય નામક નગરના રૂષભદેવના મંદિરમાં આઠમા તીર્થંકર શ્રીચંદ્રપ્રભના બિંબની વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી' આ અર્થને જણાવનારૂં ગુર્વાવલીનું પદ્ય નીચે પ્રમાણે છે—

" नृपादशाग्रे शरदां सहस्रे यो रामसैन्याह्वपुरे चकार ।
नाभेयचैत्येष्टमतीर्थराज-बिम्बप्रतिष्ठां विधिवत् सदर्च्यः ॥ ५७ ॥ "
ગુર્વાવલી પૃ. ૧૪

આ ઉપરથી જણાશે કે એક હજાર અને દશની સાલમાં ચંદ્રપ્રભની પ્રતિષ્ઠા થઇ તે પહેલાંતું ત્યાં ઋષભદેવનું મંદિર પ્રતિષ્ઠિત હતું.

રામસૈન્યમાં એક પ્રાચીન સમયનો ધાતુનો પરિકર નિકલેલ છે. તે પરિકર ઉપર વિક્રમ સં૦ ૧૦૮૪ ની સાલનો આર્યા છંદમાં રચેલો લેખ છે. લેખનો કેટલોક ભાગ ઘસાઈ જવાથી સ્પષ્ટ વંચાતો નથી, પણ જેટલો વંચાય છે તેનો અર્થ નીચે પ્રમાણે થાય છે.

' વર્તમાન શાસનના નાયક ભગવાન્ વર્ધમાન સ્વામિની શિષ્ય પરંપરામાં વજ્ર નામના આચાર્ય થયા કે જે વજ્રની ઉપમાને ધારણ કરનાર હતા. ॥ ૧ ॥

તેની શાખામાં (વજ્રી શાખામા).....[1] 'ચંદ્રકુલીન મહામહિમાવત વટેશ્વર નામના આચાર્ય થયા ॥ ૨ ॥

તે વટેશ્વરથી થારાપદ્ર નગરના નામથી ' થારાપદ્ર ' નામક ગચ્છ ઉત્પન્ન થયો. જે સર્વ દિશાઓમાં ખ્યાતિ પામ્યો છે અને જેણે પોતાના નિર્મલ યશ વડે સર્વ દિશાઓને ઉજ્વલ કરી દીધી છે ॥ ૩ ॥

તે ગચ્છમાં ઘણાએક વિદ્વાન આચાર્યો ઉત્પન્ન થઇ દેવગત થયા પછી જયેષ્ઠાર્ય નામના આચાર્ય થયા. જયેષ્ઠાર્ય પછી શાંતિભદ્ર, શાંતિભદ્ર પછી સિદ્ધાંત મહોદધિ સર્વદેવ સૂરિ અને સર્વદેવની પછી શાલિભદ્રસૂરિ થયા ॥ ૪ ॥ '

આ પછીનો છઠ્ઠી આર્યા અને સાતમો અનુષ્ટુપ એ બે પદ્યો બરાબર વંચાતાં નથી. છઠ્ઠી આર્યાનો પ્રથમનો " શ્રી શાંતિભદ્રસૂરૌ વ્રતપતિ " આટલો ભાગ સ્પષ્ટ વંચાય છે. ત્યાર પછી બીજા પાદમાં " ચૂર્ણભદ્ર " ત્રીજા પાદમાં " રઘુસેન " એ નામો વંચાય છે. સાતમા શ્લોકની આદિનાં ત્રણ અક્ષરો વંચાતાં નથી, બાકીનો શ્લોક નીચે પ્રમાણે વંચાય છે—

" .....यदिदं बिंबं नाभिसूनोर्महात्मनः ।
लक्ष्म्याश्चंचलतां ज्ञात्वा जीवितव्यं विशेषतः ॥ "

---

[1] મૂલ લેખમાં આ સ્થલે " स्थानीयकुलोद्भूतो " આવું કંઇક વંચાય છે, પણ વટેશ્વરને માટે " चन्द्रकुलोद्भव " વિશેષણ જુદું લખેલ હોવાથી " स्थानीयकुलोद्भूत " એ વિશેષણ તે માત્ર પાડવું તે ગુંચવણ ભરેલું છે. આની જોડે જ " महामहिमा " શબ્દ મૂકેલો છે, પણ સ્થલ લક્ષપૂર્વક જોવાની ભલામણ કરીએ છીએ

છેવટે " મંગલં મહાશ્રીઃ ॥ સંવત ૧૦૮૪ ચૈત્રપૌર્ણમાસ્યામ્ ॥ " આટલો ગદ્યનો ફકરો લખી લેખની સમાપ્તિ જણાવી છે. છેલ્લા ખંડિત બે પદોના અર્થનું પૂર્વની સાથે અનુસંધાન કરતાં એવું તાત્પર્ય સમજાય છે કે ઉપર જણાવેલ આચાર્ય શાંતિભદ્રના સમયમાં સં૦ ૧૦૮૪ ના ચૈત્ર શુદિ ૧૫ પૂર્ણિમાને દિવસે પૂર્ણભદ્રસૂરિએ ભગવાન્ શ્રી ઋષભદેવના બિંબની પ્રતિષ્ઠા કરી. છઠી આર્યાના ત્રીજા પાદમાં જે " રઘુસેન " નામ વંચાય છે તે પ્રતિષ્ઠા કરાવનાર ગૃહસ્થનું લાગે છે, અને તે ગૃહસ્થ રામસૈન્યનો રાજા હોવાની સંભાવના થાય છે, કારણ કે ઉપર જણાવેલા વર્ષમાં જ પ્રતિષ્ઠિત થયેલી એક ધાતુની ઉભી પ્રતિમાના લેખમાં " રઘુસેનીયરાજ્યે " આવો ઉલ્લેખ જોવામાં આવે છે.

ગુર્વાવલીકાર ૧૦૧૦ ના વર્ષમાં ઋષભદેવના ચૈત્યમાં ચંદ્રપ્રભની પ્રતિષ્ઠા થયાનું જણાવે છે, ત્યારે ઉપયુક્ત રામસૈન્યનો લેખ ૧૦૮૪ માં ઋષભદેવની પ્રતિષ્ઠા થયાની હકીકત પ્રકટ કરે છે. આ ઉપરથી બન્ને લેખોનો પરસ્પર વિરોધ માની લેવાનું સાહસ કરવું જોઇએ નહિ, કારણ કે ધાતુના પરિકરનો લેખ અને તેજ વર્ષના લેખવાલી કાયોત્સર્ગસ્થિત ધાતુની પ્રતિમા એમ સૂચવે છે કે સં. ૧૦૮૪ના વર્ષમાં પ્રતિષ્ઠિત થયેલી ઋષભદેવની પ્રતિમા ધાતુની હોવી જોઇયે અને તે પ્રમાણમાં અચલગઢના જિનમંદિરમાં બેઠેલી પ્રતિમા જેવડી મ્હોટી.

સુનિસુંદરસૂરિ જે ઋષભદેવના ચૈત્યનો ઉલ્લેખ કરે છે તે આ પ્રતિમાવાળું નહિં, પણ આથી પ્રાચીન બીજું પાષાણની પ્રતિમાવાળું સમજવું જોઇયે અને તે ઘણું કરીને હાલનું લોયરૂં અથવા તેને લગતું મંદિર હશે અને હાલમાં લોયરામાં શાંતિપ્રકટાવતી ચાર જિન પ્રતિમામાંની કોઇ એક પ્રતિમા ઋષભદેવની હોઇ પૂર્વે તેના મૂલ નાયકના સ્થાને બીરાજતી હશે.

આ બધું જોતાં એટલું તો ચોક્કસ થાય છે કે રામસૈન્ય એક પ્રાચીન તીર્થ છે. વિક્રમની અગ્યારમી સદીમાં ત્યાં પ્રભાવક આચાર્યોના હાથે અનેક પ્રતિષ્ઠાઓ થઇ હતી. તે વખત તો રામસૈન્યનો રાજા ' રઘુસેન ' પોતે જૈન હોઇ તીર્થંકરોના મંદિરો અને પ્રતિમાની સ્થાપના કરાવતો હતો. આવી રીતે રાજ્યાશ્રયને પામીને અગ્યારમી સદીનું રામસૈન્ય ધાર્મિક ઉન્નતિની ટોચે પહોંચ્યું હતું. હજી પણ જ્યાં ત્યાં ખોદકામ કરતાં પ્રાચીન પ્રતિમાઓ, ઇમારતોનાં ખંડેરો, મંદિરોના પત્થરો, કુવા બાવડિયોના દેખાવો અને સિક્કા વિગેરે પ્રાચીન ઉન્નતિનાં સ્મારકો ઘણી અજાયબી વચ્ચે પ્રગટ થઇ દેખનારના હૃદયને આકર્ષે છે અને સાથે જ નગરની પૂર્વકાલીન સમૃદ્ધિની સાથે આજની કંગાલિયત દશાનો મુકાબલો કરાવી વજ્રહૃદયી માનવના હૃદયને પણ પિગલાવી બે આંસુ સરાવે છે.

વર્તમાન સ્થિતિ.

આપણે ઉપરની હકીકતથી જાણી શક્યા કે આજનું રામસેણ ગામ એક સમયે સમૃદ્ધિશાલિ ' રામસૈન્યનગર ' હતું; પણ હાલમાં એની કેવી સ્થિતિ છે તે પણ જણાવવાની જરૂર છે.

ગુજરાત અને મારવાડની સીમા ઉપર આવેલા આ ગામમાં આજે કેટલીક અન્ય વસતિની સાથે પંદર ઘર શ્રાવકોનાં ખાટી રહ્યાં છે.

રામસેણ એક વાઘેલા રાજપૂત ઠાકોરના તાબાનું ગામ છે કે જે ઠાકોરની રાજધાનીનું આ સ્થળ ન હોવા છતાં પણ એટલું કહેવું પડે છે કે તે ભલા ઠાકોરના જેવા જાગીરદારો વિરલાજ હશે અને જિન મંદિરની તરફની તેની લાગણી ઘરાવનારા તો ભાગ્યે કોઇ ખોળ્યા મળશે.

પશ્ચિમ તરફ ગામને છેડે ઘણાજ જુના વખતનું એક લોયરૂ છે અને તેમાં અખંડિત લગભગ ત્રણ ત્રણ ફીટની પ્રમાણવાલી પાષાણની સુંદર ચાર જિનપ્રતિમાઓ છે. આ પ્રતિમાઓ ઘણીજ પ્રાચીન છે. લાંછનો ઓલખાતાં નથી તેથી તે કયા કયા ભગવાનની છે તે કહેવું મુશ્કેલ છે. પ્રચલિત પરીક્ષા પ્રમાણે પ્રાચીનતાનાં ચિન્હો જોતાં તે સંપ્રતિરાજાના વખતની છે એમ કહેવામાં કંઇ વાંધો નથી, પણ અમો આ પરીક્ષા ખરી હોવાનો દાવો કરતા નથી, તેથી એટલું જ કહી શકીયે કે હાલની પ્રતિમાઓ સંપ્રતિરાજાના વખતની ન હોય તો પણ તે અગ્યારમી સદી પછીની તો નથી જ.

કેટલાક વર્ષો પહેલાં એક ધાતુની કાયોત્સર્ગ સ્થિત મ્હોટી પ્રતિમા કોઈનાં ખેત્રમાંથી નિકળેલી, પણ ઠાકોરજીની મૂર્તિ જાણી શ્રાવકોએ લીધી નહિ તેથી રામજીના મંદિરમાં પધરાવવામાં આવી. આ પ્રતિમાને અમોએ નજરે જોયા પછી જિનપ્રતિમા હોવાનું જણાવી જૈન લોયરામાં પધરાવવાનો બંદોબસ્ત કરાવ્યો હતો.

એ સિવાય એક અંબિકાની મ્હોટી સુંદર મૂર્તિ, કેટલીક ધાતુની જિનપ્રતિમાઓ અને મંગલગ્રહ વિગેરેનાં કેટલાંક તાંબાનાં યંત્રો પણ લોયરામાં જોનારનું ધ્યાન ખેંચે છે. આ સર્વ ચીજો જુદા જુદા અવસરે જમીનમાંથી નિકળેલી અને લોયરામાં પધરાવેલી છે.

ત્યાંના લોકોનો એવો દૃઢ વિશ્વાસ છે કે જિનમંદિરની પત્થર સુદ્ધાં કોઇ પણ ચીજ ઘરના કામમાં વાપરવાથી વાપરનારને તત્કાલ નુકસાન પહોંચે છે. આ વિશ્વાસના ખરાપણ વિષેનાં અનેક દૃષ્ટાંતો ત્યાંના નિવાસિયોની જબાન પર નાચી રહ્યાં છે, જેમાંના એક એનો અત્ર ઉલ્લેખ કરવો વાંચકોના વિનોદનું કારણ થઇ પડશે.

કહે છે કે એક મ્હોટો પ્રાચીન જૈનમંદિરનો પત્થર ગામ બહાર રખડતો પડયો હતો, તેને લઈને એક કુવાવાળાએ ન્હાવા ધોવાને વાસ્તે પોતાના કુવા ઉપર સૂઈ દીધો, આનું પરિણામ એ આવ્યું કે એકજ દિવસમાં કુવો ઢલીને સમો તમો થઈ ગયો, આથી હેરાન થઈ લોકોએ તે પત્થરને ત્યાંથી દૂર કહાડી નાખ્યો.

તે જ પત્થરને કાલાંતરે કોઇ બીજા કુવાવાલો પોતાના કુવા ઉપર લઈ ગયો અને તેના પણ કુવાની તેવીજ દશા થઈ જેવી પહેલાની થઈ હતી.

એકવાર ત્યાંના ઠાકોરે જૈનમંદિરની રખડતી એક શિલા પોતાના મકાનના ઓટલા ઉપર બીડાવી, પણ રાત્રે એવો કોઇ અગમ્ય ચમત્કાર તેના જોવામાં આવ્યો કે બીજે દિવસે ઓટલો ખોદાવીને તે શિલા કહાડી નાખવી પડી.

એક વખત દેહરાના કોટની બહાર ઠાકોરની જમીનમાં ઉગેલુ નિંબહાનું વૃક્ષ પવનના ઝપાટાથી ઉખડીને મંદિરના કંપાઉંડમાં જઈ પડયુ. આ વૃક્ષ પોતાના તાબાની જમીનમાંનું હોવાથી ઠાકોર સાહેબે પોતાના કબજામાં લેઈ લીધું, પણ દૈવેચ્છાથી તેમને કોઈ અગમ્ય ભય લાગ્યો કે કાપ્યું કપાવ્યું તે ઝાડ ઠાકોરે પાછું દેશસરમાં મોકલાવી દીધુ ઇત્યાદિ અનેક ચમત્કારિક વાતો રામસેણના લોકોના મુખથી સંભળાય છે. આ ચમત્કારોની સત્યતા વિષે વિવેચન કરવાનુ આ સ્થલ નથી, પણ આ ચમત્કારોનુ જે પરિણામ આવવું જોઇયે તે સંપૂર્ણ રીતે આવ્યું છે. ગામની સર્વ પ્રજાનો જિનમંદિર પ્રત્યે ભક્તિભાવ પ્રત્યક્ષ જોવાય છે. ગામનાં ઠાકોર સાહેબની પણ આ દેહરા તરફ ઘણી સહાનુભૂતિ છે. અને કોઇ જીર્ણોદ્ધાર કરાવનાર હોય તો તે માટે જોઇયે તેટલી જમીન મફત આપવાનુ પોતે જણાવે છે. હું જ્યારે ત્યાં હતો ત્યારે પહેલે જ દિવસે એક મુસલમાન ગ્હોરે આવીને દેહરાની બરાબર સાર સંભાળ રાખવાના માટે શ્રાવકોને ઉપદેશ કરવાની રહ્યને ભલામણ કરી હતી આ દાખલાઓ ઉપરથી રામસેણના લોકોની જૈન મંદિર પ્રત્યેની પૂજ્ય બુદ્ધિનું માન થઈ શકે તેમ છે.

હાલમાં જે ભોંયરામાં પ્રતિમા છે તે જીર્ણ થયેલું હોઈ સુધરાવવા યોગ્ય છે. ભોંયરા ઉપર ન્હાનુ શિખરબંધ દેહરૂ બંધાવવાનુ કામ થોડા વર્ષ પહેલાં ગામના શ્રાવકોએ શરૂ કરાવ્યુ હતુ જે બે હજાર જેટલી રકમ ખર્ચાયા પછી દ્રવ્યના અભાવે બંધ પડયુ છે.

ભોંયરાની આજુબાજુ જુના વખતનો કોટ છે જે કેટલેક ઠેકાણે–મુખ્યતયા દક્ષિણ તરફનો–પડીને જમીન દોસ્ત થયો છે અને તે ઠેકાણે હાલમાં કાંટાની વાડ કરવામાં આવી છે.

ઉપરના થોડાજ વિવરણથી વાંચકો સમજી શકયા હશે કે રામસેણ તીર્થની વર્તમાન સ્થિતિ ઘણી ખરાબ છે.

ભોંયરાની મરામત, અપૂર્ણ શીખરની પૂર્ણતા અને નવા કોટને માટે હાલ તરત ઓછામાં ઓછી દસ હજાર રૂપીયાની જરૂર છે.

આની ઉપયોગીતાનો ઉપદેશ કરતા તે વેળાએ ડીસા-કેમ્પના સંઘે આ કામ ઉપાડી લેવાની હિમ્મત દેખાડી હતી અને તે માટે ટીપ પણ શરૂ કરી દીધી હતી, જેમાં કેમ્પ અને રાજપુર વિગેરેની મળી લગભગ રૂા. ૨૦૦૦) ની રકમ તેજ વખતે લખાઇ ગઇ હતી અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી યોગ્ય મદદ મળતા કાર્ય શરૂ કરવાનો વિચાર રાખ્યો હતો. આ માટે ડીસા કેમ્પના સંઘનું એક ડેપ્યુટેશન આણંદજી કલ્યાણજીની પેઢીની મુલાકાતે ગયું અને યોગ્ય મદદની માગણી કરી, પણ પેઢી તરફથી ઉત્તર મળ્યો કે આવતી જનરલ મિટીંગમાં આનો વિચાર થશે છેવટે જનરલ મીટીંગે થઇ અને બીજી પણ કેટલીયે મીટીંગો ભરાઇ ગઇ, પણ સાડા ત્રણ વર્ષ સુધી ડીસા-કેમ્પના સંઘની માગણીનો કંઇ પણ ઉત્તર મળ્યો નહિં. આ પ્રમાણે મદદના અભાવે અને કાર્ય ઉપરવાર સંઘના પ્રમાદના પરિણામે રામસૈન્ય તીર્થના જીર્ણોદ્ધારનું કાર્ય રૂળઇ ગયું.

હવણાં મ્હારા જાણવામા આવ્યું છે કે રામસૈણ ના જીર્ણોદ્ધાર માટે એક હજારની રકમ આપવાનો ઉક્ત પેઢીએ નિર્ણય કર્યો છે અને તે રકમ લેઇ જવા માટે ડીસા-કેમ્પના સંઘને પેઢી તરફથી હાલમાં ખબર અપાઇ છે

આ પ્રસંગે મ્હારે ડીસા-કેમ્પના સંઘને ઉદ્દેશીને બે બોલ કહેવાની જરૂર જણાય છે કે તેણે જે ઉત્સાહથી આ તીર્થના ઉદ્ધારનું કામ માથે લીધું હતું તેજ ઉત્સાહેથી હવે શરૂ કરી દેવું જોઇએ. એ કહેવાની જરૂર નથી કે આ કામને માટે હજી છ સાત હજારની જરૂર છે, પણ મ્હને વિશ્વાસ છે કે આ કામને માટે ઉક્ત સંઘ જો થોડી પણ મહેનત કરશે તો તેટલી રકમ વગર મુશ્કેલીએ મેળવી શકશે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને પણ મ્હારી નમ્ર ભલામણ છે કે જો આ કાર્યને માટે ડીસા કેમ્પનો સંઘ પોતાની અશક્તિ જ બતાવે તો તાકીદે આ કામ પેઢીએ પોતાના હાથમા લઇ નામ શેષ થતા પ્રાચીન જૈન તીર્થનો ઉદ્ધાર કરી પોતાની ફરજ અદા કરવી જોઇએ

ભીમપલ્લી અને રામસૈન્ય તીર્થના સંબંધમા જુનો અને નવો જે કંઇ ઇતિહાસ અમારા જાણવામા હતો તે સંક્ષેપમા ઉપર જણાવી દીધો છે. આશા છે કે નવીન મંદિર કરાવવા કરતા જીર્ણનો ઉદ્ધાર કરવામા આઠ ગણું ફલ બતાવનાર અને માનનાર વૈરાગી અને ગૃહસ્થ વાચકો ઉપર્યુક્ત બન્ને તીર્થોને વિષે પણ તે ઉપદેશને લાગુ પાડશે. - તથાસ્તુ.

રામપુરા. (ભંકોડા) મુનિ કલ્યાણવિજય.

તા. ૧૧-૮-૧૮૨૦

परिशिष्ट अ.

भीमपल्लीय गच्छ संबंधी लेखो[1]–

१ सं० १५०६ वर्षे वैशाख शु. १२ गुरौ गुर्जर ज्ञा० दो० गोपाल भा० साई पितृमातृश्रेयसे सुत धर्मासायराभ्यां श्रीशीतलनाथबिम्बं का० श्रीपूर्णिमापक्षे भीमपल्लीय भ० श्रीजयचंद्रसूरीणामुपदेशेन प्र० ॥

२ सं० १५०७ वर्षे वैशाख शुदि १० बुधे श्रीश्रीमाल ज्ञातीय व्य० सोम भा० गुंहवदे पुत्र सुरा भा० सुहागदे पितृमातृश्रेयसे सु० पांचाकेन श्रीसंभवमुख्य पंचतीर्थी का० पूर्णिमापक्षे श्रीभीमपल्लीय श्रीपासचंद्रसूरिपट्टे भ० श्रीजयचंद्रसूरीणामुपदेशेन प्र० विधिना ॥

३ सं १५३६ वर्षे माहवदि ७ सोमे श्रीश्रीमालज्ञातीय मं० माढण भा० माल्हणदे सुत म० भापर भा० करमी पित्रोः श्रेयसे पुत्र मं० देवसीकेन श्रीविमलनाथबिंबं का० श्रीपूर्णिमागच्छे भीमपल्लीय भ० श्रीभावचंद्रसूरिपट्टे भ० श्री चारित्रचंद्रसूरीणामुपदेशेन प्रति पाढला ग्रामवास्तव्य ॥

४ सं० १५७८ वर्षे माघवदि ९ सोमे श्रीश्रीमाल ज्ञा० मं० नारद भा० रंगी पु० मं० वरजांगेन भा० जीवु पु० मं० कान्ह मं० मेघराजादिसमस्त कुटुंबयुतेन काकरवास्तव्या धर्मभगिनी श्रा० मांजूश्रेयसे श्रीविमलनाथबिंबं का० श्रीपूर्णिमापक्षे भीमपल्लीय भ० श्रीचारित्रचंद्रसूरिपट्टे भ० श्रीमुनिचंद्रसूरीणामुपदेशेन प्र० पत्तनवा०.॥

५ स्वस्तिश्रीः । संवत् १५९८ वर्षे पौषवदि १ सोमे श्रीउकेशवंशे व्यव० परवत भा० फदकू सत्पुत्र व्य० जयता भा० अहिवदे पु० व्य० श्रीपालपरिवारेण मो (स्वो) कवित्तेन कर्मनिर्जरार्थं स्वात्मपरिवारश्रेयोर्थं श्रीपार्श्वनाथबिंबं का०

---

१ आ लेखोमां क्यांय 'भीमपल्लीय' शब्दनो ज उल्लेख छे. 'गच्छ' शब्द लखवामां आव्यो नथी, अने तरीके 'पूर्णिमापक्ष' अने 'पूर्णिमागच्छ' शब्दो लखाया छे. आ उपरथी स्पष्ट जणाय छे के 'भीमपल्लीय गच्छ' पौर्णमिक गच्छनी ज एक शाखा छे; तथापि शाखाने स्वतंत्र गच्छ तरीके उल्लेखवानी पुराणी रीतीने अनुसरीने अमोए आ स्थाने 'भीमपल्लीय' शब्दनी साथे 'गच्छ' शब्द जोड्यो छे.

प्रति० श्रीपूर्णिमापक्षे भीमपल्लीय भ० श्रीमुनिचंद्रसूरिपट्टे श्रीविनयचन्द्रसूरीणामुपदेशेनेति भद्रं ॥*

परिशिष्ट ब.

भीमपल्ली (भीलडिया) तीर्थना लेखो—

१ संवत् १२१५ वर्षे वैशाख शुदि ९ दिने श्रे० तिहणसर (?) भार्या हांसी श्रेयोर्थं रतमा (ना) केन श्री शांतिनाथबिंबं कारितं प्रतिष्ठितं न–ति–गच्छीय श्री····(वर्द्धमान ?) सूरिशिष्यै श्री रत्नाकरसूरिभिः । [1]

२ संवत १३२४ वैशाख वदि ५ बुधे श्री गौतमस्वामिमूर्तिः श्री जिनेश्वरसूरिशिष्य श्री जिनमबोधसूरिभिः प्रतिष्ठिता कारिता च सा ·· पुत्र सरिवइजनेन मूलदेवादिभ्रातृसहितेन स्वश्रेयोर्थं कुटुंबश्रेयोर्थं च । [2]

३ सं० १३४४ वर्षे ज्येष्ट शुदि १० बुधे श्रे० लखमसिंहेन अंबिका कारिता । [3]

४ सं० १३४४ वर्षे ज्येष्ट शुदि १० श्रे० लखमसिंहेन कारितः । [4]

५ सं० १३५१ वर्षे गूजरज्ञातीय ठ० खीमासुतया ठ० लक्ष्मीकुक्षिसंभूतया बाई हीरलया आत्मश्रेयसे श्रीपार्श्वनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीसू (न ?) रेश्वरसूरिभिः । शुभं भवतु । [5]

६ संवत १३५८ वर्षे आश्विन वदि १५ सोमे श्रीमालज्ञातीय श्रेष्ठि सोभण सुत समराकेन मूर्तिः कारापिता । [6]

---

* ઉપરના પાંચે લેખો શ્રીબુદ્ધિસાગરસૂરિ મ. ગૃહીત 'જૈન ધાતુપ્રતિમા લેખ સંગ્રહ' ભાગ ૧ લા માં અનુક્રમે નંબર ૩૦૯–૧૧૩–૩૪૪–૩૮૫–૩૮૩ તરીકે છપાયેલ છે.

૧ આ લેખ ભીલડિયાના દેહરામાં રહેલી એક ધાતુની પ્રતિમા ઉપર છે.

૨ આ લેખ ભોંયરાની અંદર એક આલામાં બેઠેલી ગૌતમ સ્વામીની પ્રતિમાને નીચે છે.

૩–૪ આ બન્ને લેખો જમીનમાંથી નીકળેલ અને હાલ ગામમાં નમિનાથના મંદિરમાં રહેલી અંબિકાની અને એક દેવની મૂર્તિ નીચે કોતરેલા છે

૫ આ લેખ પણ ભીલડિયાના મંદિરમાંની એક ધાતુની પ્રતિમા ઉપર છે

૬ ધર્મશાળાની દક્ષિણ ભીંત પાસેના શિવમંદિરની ભીંતમાં જડેલા એક પથ્થર ઉપર કોઇક દેવતાની ઘોડાની મૂર્તિ છે અને તેની નીચે આ લેખ કોતરેલો છે. આ લેખ જૈન દોશીની અગાને ગાંઠો છે.

परिशिष्ट क.

रामसैन्यतीर्थना लेखो—

१ अनुवर्तमानतीर्थ-प्रणायकाद् वर्धमानजिनवृषभात् ।
शिष्यक्रमानुसारो जातो वज्रस्तेदुपमानः ॥
उच्छाखायां जात स्थानीयकुलोद्भवो (द्भवो) महामहिमा ।
चद्रकुलोद्भवस्तत (तो) वटेश्वराख्यः क्रम-वलः ॥
गारापद्रोद्भवस्तस्माद् गच्छोत्र सर्वदिक्ख्यातः ।
सुद्धा-यसो (शुद्धाच्छयशो) निकरैर्धवलितदिक्चक्रवालोस्ति
तस्मिन् भूरिषु सूरिषु देवत्वमुपागतेषु विद्वत्सु ।
जातो ज्येष्ठार्यार्यस्तस्मात् श्रीशांतिभद्राख्यः ॥
तस्माच्च सर्वदेवः सिद्धांतसमोदधिः सदागाहः ।
तस्माच्च शालिभद्रो भद्रनिधिर्गच्छगतबुद्धिः ॥
श्रीशांतिभद्रसूरौ अतपति जा— —पूर्णभद्राख्यः ।
रघुसेना—स्ति— — — — — बुद्धीन् ॥
— — —प(य?) दिदं बिंबं नाभिसूनोर्महात्मनः ।
लक्ष्म्याश्चंचलतां ज्ञात्वा जीवितव्यं विशेषतः ॥
मंगलं महाश्रीः ॥ संवत् १०८४ चैत्रपौर्णमास्याम् ॥

२ श्रीयीरापद्रीयगच्छे रघुसेनीयराज्ये सं० १०८.....

३ संवत् १२८६ वर्षे वैशाख शुदि १० गुरौ श्रे० राजा धनाकयो सुत केल्हणेन भ्रातृ श्रेयोर्थं प्रतिमा कारिता प्रतिष्ठिता पं० पूर्णकलसेन ॥

---

१ आ प्रशस्ति जतीनमांथी निकळेल अने हालमां रामसैन्यना जिनमंदिरना अंदर पडेला धातुना એક મ્હોટા પરિકર ઉપર લખેલી છે.

२ આ લેખ ખેત્રમાંથી નિકળેલા ધાતુના મ્હોટા કાઉસગ્ગિયાના પગની પાસે લખેલે લેખનો છેલ્લો કેટલોક ભાગ તુટિ ગયો છે. સં. ૧૦૮૪ માંથી ચોગડો ઉડી ગયો જણાય છે હાલ સં. ૧૦૮. વંચાય છે.

३ આ લેખ વગડામાંથી નિકળેલ એક નાની ધાતુની પ્રતિમાની પછવાડે છે.

સહાનુભૂતિથી જીવન-સાફલ્ય.

વીઠલદાસ મુળચંદ શાહ, બી. એ.

"તમે તમારા પોતાના આત્માનો તિત્ર દૃષ્ટિથી વિચાર કરો, પરન્તુ જ્યારે તમે બીજા લોકો તરફ જુઓ ત્યારે અનુકમ્પાયુક્ત દૃષ્ટિથી જુઓ. સાધારણ મનુષ્યોના મુખમાંથી અપશબ્દો નીકળે છે તેવા તમે કદીપણ ન બોલો."

ઇલા હ્વીલર વિલકાક્સ.

"તમારી પીડા કેવી છે એમ હું પીડિત મનુષ્યોને પૂછતો નથી, પરંતુ તેઓની પીડા જોઇને હું પોતે પીડિત બની જાઉં છું અને પીડાનો અનુભવ કરવા લાગું છું"

વાલ્ટ હ્વાઇટ મેન.

જેટલું આત્મ-દમન આપણે પ્રાપ્ત કરી લીધું હોય છે તેટલા પ્રમાણમાં આપણે બીજા લોકો તરફ સહાનુભૂતિ દર્શાવી શકીએ છીએ. જ્યાંસુધી આપણે પોતાની જાત ઉપર દયા કરીએ છીએ અને પોતાની તરફજ સહાનુભૂતિ દર્શાવીએ છીએ ત્યાંસુધી આપણે બીજાનો વિચાર કરી શકતા નથી. જો આપણે આપણી પોતાની પ્રગતિ, રક્ષા અને સંમતિનો વિચાર કર્યા કરીએ છીએ તો આપણે બીજાની સાથે પ્રેમમય વ્યવહાર કરી શકતા નથી. બીજાનો વિચાર કરવો અને પોતાની જાતનો વિચાર ભૂલી જવો તેને સહાનુભૂતિ કહેવામાં આવે છે.

અન્ય મનુષ્યો તરફ સહાનુભૂતિ દર્શાવવા માટે પહેલાં આપણે તેઓની સ્થિતિ સમજવી જોઇએ અને તેઓની સ્થિતિ સમજવા માટે તેઓના સંબંધમાં પ્રથમથી ઘણાં વિચારો બાંધી લેવા જોઇએ નહિ—જેવા તેઓ હોય છે તેવાજ તેઓને જોવા જોઇએ. આપણે બીજા લોકોની આંતરિક સ્થિતિની અંદર પ્રવેશ કરવો જોઇએ અને તેઓને નેત્રો વડે જોઇને તથા તેઓના અનુભવના અનુક્રમને સંમળીને તેઓની જેવા બની જવું જોઇએ; પરંતુ એટલું તો નિઃસંદેહ છે કે જેઓની બુદ્ધિ અને અનુભવ આપણા કરતાં ચઢીયાતા છે અને તેમજ જેઓ કરતાં આપણે આપણી જાતને ઉન્નત અને ઉચ્ચ માનીએ છીએ તેવા લોકોની સાથે આપણે ઉક્ત પ્રકારનો વ્યવહાર કરી શકતા નથી; કેમકે સહાનુભૂતિ અને સ્વાર્થ એક સ્થાન પર સ્થિર રહી શકતા નથી; પરંતુ આપણે આપણી જાતને જે પાપો અને ક્લેશોમાંથી સંકલતાં પૂર્ણ મુક્ત કરી લીધી છે તેવા પાપો અને ક્લેશોમાં જેઓ ફસાએલા છે તેઓની તરફ આપણે સહાનુભૂતિ દર્શાવી શકીએ છીએ. જે પુરૂષની મહત્તા આપણા કરતાં વધારે હોય છે તેને આપણે આપણી સહાનુભૂતિનો છાંયાથી ઢાંકી શકતા

નથી, પરંતુ આપણે તેઓની સાથે એવી રીતે વર્તી શકીએ કે જેથી આપણે તેઓની મહત્તર સહાનુભૂતિનો લાભ લઈ શકીએ અને જે પાપી તથા દુઃખોમાં આપણે ફસાયલા હોઇએ તેમાંથી આપણે મુક્ત થઇ શકીએ.

પક્ષપાત અને દુષ્કામનાઓ સહાનુભૂતિના માર્ગમાં મહાન અંતરાય રૂપ છે અને અંહકાર સહાનુભૂતિ ગ્રહણ કરવામાં બાધા કારક થઇ પડે છે. જે મનુષ્યને માટે તમારા મનમાં પ્રથમથીજ તિરસ્કાર હોય છે તેની સાથે તમે સહાનુભૂતિ રાખી શકતા નથી. વળી જેને માટે તમારા મનમાં પ્રથમથીજ દ્વેષની લાગણી ઉત્પન્ન થઇ હોય છે તે મનુષ્ય તમારી સાથે સહાનુભૂતિથી વર્તે એમ તમે ઇચ્છતા નથી. જે મનુષ્ય તરફ તમને તિરસ્કાર હોય છે તેમજ જેના પ્રતિ તમે તમારી પાશવબુદ્ધિથી ઈર્ષ્યા રાખો છો તેનું જીવન તમારા સમજવામાં આવી શકતું નથી; પરંતુ તમે તેને માટે તમારા હૃદયમાં જેવા અપૂર્ણ અને અપક્વ વિચારો બાંધ્યા હોય છે તે અનુસાર તેનું જીવન તમારા સમજવામાં આવી શકે છે. તમારી પોતાની અશુદ્ધ અને કારણ શૂન્ય સમ્મતિને લઇને તમને કેવળ તેની બુરાઇ દૃષ્ટિગત થઇ શકે છે અને ભલાઈ દૃષ્ટિગત થઇ શકતી નથી.

જો તમારે બીજા લોકોના જીવનને યથાર્થતઃ સમજવું હોય તો તમારે તેની તથા તમારી વચ્ચે રૂચિ વા અરૂચિ, પક્ષપાત અને સ્વાર્થી વાસનાઓને આવવા દેવી જોઇએ નહિ, તમારે તેના કાર્યોનો વિરોધ ન કરવો જોઇએ અને તમારે તેના વિચારોને દૂષિત ઠરાવવા જોઇએ નહિ. અલ્પ સમય પર્યંત તમે તમારી જાતને પૃથક્ રાખીને તેની સ્થિતિનો યથાર્થ અભ્યાસ કરો. માત્ર આ રીતે તમે તેના મિત્ર બનીને તેના જીવન તથા અનુભવને પૂર્ણતાથી સમજી શકશો અને જ્યારે તે સમજી લેશે ત્યારે પછી તમે કદીપણ તેને નિન્દિત અને દૂષિત ઠરાવશો નહિ. મનુષ્યો એક બીજાને દૂષિત અને અપરાધી બનાવવાથી એક બીજાને યથાર્થ રીતે સમજી શકતા નથી. જ્યાંસુધી તેઓ પોતાની જાત ઉપર વિજય પ્રાપ્ત કરી લેતાં નથી અને પોતાની જાતને શુદ્ધ બનાવતા નથી ત્યાંસુધી તેઓ સમજી પણ કેવી રીતે શકે ?

વૃદ્ધિ, પરિપક્વતા અને વિસ્તારનેજ 'જીવન' કહેવામાં આવે છે અને એક રીતે જોતાં તો પાપાત્મા અને પુણ્યાત્માની વચ્ચે વિશેષ ભેદ નથી, પરંતુ કેવળ શ્રેણી અને ક્રમનોજ ભેદ રહેલો છે. પુણ્યાત્મા મનુષ્ય કોઇ વખતે પણ પાપાત્મા હશે અને પાપાત્મા મનુષ્ય ભવિષ્યમાં પુણ્યાત્મા બની જશે. પાપાત્મા મનુષ્ય એક બાળક સમાન છે અને પુણ્યાત્મા વૃદ્ધ સમાન છે. જે મનુષ્ય પાપાત્મા મનુષ્યોને દુષ્ટ માનીને તેનાથી પોતાની જાતને પૃથક્ રાખે છે તે એવા માણસની જેવો છે કે બાળકોને નિર્બોધ, અનાડકારી અને રમત રમનારા માનીને તેઓથી દૂર રહે છે.

જીવન સમાન હોવા છતાં દેખાવમાં કંઇક ભેદ માલુમ પડે છે. પુષ્પો વૃક્ષથી પૃથક્ પદાર્થ નથી, પણ વૃક્ષનાજ અંગભૂત છે. તેનીજ રીતે પુણ્યાત્મા મનુષ્ય એક પરિપક્વ અને પરિણત છે. પાપાત્મા મનુષ્ય એ છે કે જેની બુદ્ધિ અપરિપક્વ છે અને જે અજ્ઞાનતા વશ થઇ અશુદ્ધ કાર્ય પ્રણાલીકામાં રૂચિ રાખે છે. પુણ્યાત્મા મનુષ્ય એ છે કે જેની બુદ્ધિ પરિપક્વ છે અને જેની કાર્ય પ્રણાલીકા શુદ્ધ અને સત્ય છે. એક પાપાત્મા મનુષ્ય બીજા પાપાત્મા મનુષ્યને દૂષિત બનાવે છે, કારણ કે તે કાર્યની અશુદ્ધ પ્રણાલીકા છે. પુણ્યાત્મા મનુષ્ય પાપી મનુષ્યને દૂષિત કરાવતો નથી, કેમકે તેને એ વાતનું સ્મરણ રહે છે કે "એક વાર હું પોતે પણ એ દશામાં હતો" તેથી તેને પોતાનો લઘુભ્રાતા અથવા મિત્ર સમજી ને તેની સાથે ગંભીર સહાનુભૂતિ રાખે છે, કારણ કે સહાનુભૂતિ રાખવી તે કાર્યની શુદ્ધ અને ઉજ્જ્વલ પ્રણાલિકા છે.

જે પરિપક્વ મહાત્મા સર્વની સાથે સહાનુભૂતિ રાખે છે તેને બીજાની સહાનુભૂતિની અપેક્ષા હોતી નથી; કેમકે તેણે પાપ અને ક્લેશ ઉપર જીત મેળવી છે અને તે સર્વદા આનંદમાંજ મગ્ન રહે છે. પરંતુ જે ક્લિષ્ટ હોય છે તેને સહાનુભૂતિની પરમ આવશ્યકતા છે અને જે પાપિષ્ટ હોય છે તેજ ક્લિષ્ટ હોય છે. જ્યારે મનુષ્ય એમ સમજવા લાગે છે કે પ્રત્યેક માનસિક વા કાયિક પાપને લઇને તે અવશ્ય ક્લેશ પ્રાપ્ત કરશે, ત્યારે તે બીજા લોકો ઉપર દોષારોપ કરવાનું ત્યજી દે છે અને પાપથી ઉત્પન્ન થયેલ તેઓ ક્લેશમય જીવન જોઇને તે તેઓની સાથે સહાનુભૂતિ રાખવાનો આરંભ કરે છે. જ્યારે તમે તમારી પોતાની જાતને પવિત્ર અને શુદ્ધ બનાવી લેશો ત્યારે તમને ઉપરોક્ત વાત સ્પષ્ટ સમજાશે.

જ્યારે મનુષ્ય પોતાનાં મનના વિકારોને શુદ્ધ કરી લે છે, સ્વાર્થી ઇચ્છાઓને બદલી નાંખે છે અને અહંકારને દૂર કરે છે, ત્યારે તે સર્વ પ્રકારના માનુષિક અનુભવોને અર્થાત્ સમસ્ત પાપ, દુઃખ, શોક, વિચાર અને ઉદ્વેગોને તથા ધર્મનીતિને સંપૂર્ણતઃ સારી રીતે સમજી શકે છે. સંપૂર્ણ આત્મા-દમન અને સંપૂર્ણ જ્ઞાન એજ ખરેખરી સહાનુભૂતિ છે. જે મનુષ્ય બીજા લોકોને પોતાના પવિત્ર હૃદયની સ્વચ્છ દ્રષ્ટિથી જુએ છે તે તેઓના તરફ અવશ્ય કરૂણા દર્શાવી શકે છે, તેઓને પોતાના દેહનાજ અંગભૂત ગણે છે, તેઓને પતિત અને પૃથક નહિ, પરંતુ પોતાનાજ આત્મા સમાન લેખે છે અને તેઓના સંબંધમાં તે સમજે છે કે—જેવાં પાપો હું પહેલા કરતો હતો તેવાજ તેઓ પણ કરી રહ્યા છે, જેવો ક્લેશ મેં અનુભવ્યો હતો, તેવોજ તેઓ પણ અનુભવી રહ્યા છે અને જેવી રીતે મને આભ્યંતર શાંતિની પ્રાપ્તિ થઇ તેવીજ રીતે તેઓને પણ થશે."

તે જ મનુષ્ય ખરેખરો ભલો અને ધીમાન ગણાયછે કે જે પ્રબલ પક્ષપાતિ હોતો નથી જે સર્વની સાથે સહાનુભૂતિ રાખે છે, અને જે બીજાઓના દોષો જોતો નથી. મનુષ્યની બુદ્ધિ જેટલે દૂર પહોંચતી હોય છે તેટલે દૂર તે પોતાની સહાનુભૂતિ વિસ્તૃત કરી શકે છે; અને જેમ જેમ મનુષ્ય નમ્ર અને દયાવાન બનતો જાય છે તેમ તેમ તે વિશેષ બુદ્ધિમાન બનતો જાય છે. સહાનુભૂતિ સંકુચિત હોવાથી હૃદય સંકુચિત બને છે. સહાનુભૂતિને વિસ્તૃત કરવી તે જીવનને પ્રકાશિત અને હર્ષિત કરવા બરાબર છે, તેમજ અન્ય મનુષ્યોને માટે પ્રકાશ અને આનંદનો માર્ગ સુગમતર બનાવવા બરાબરછે.

બીજાની સાથે સહાનુભૂતિ રાખવી એટલે તેના શરીરને પોતાના શરીરમાં ધારણ કરવું અને તેની સાથે સમાન ભાવથી વર્તવું; કેમકે સ્વાર્થશૂન્ય પ્રેમ અત્યંત શીઘ્રતાથી ઐકય ઉત્પન્ન કરે છે. જે મનુષ્ય સમસ્ત પ્રાણધારીઓની સાથે સહાનુભૂતિથી વર્તે છે તે એ સર્વની સાથે તન્મય બને છે અને તેને પ્રેમ, નીતિ વિ૦ સ્પષ્ટતઃ બુદ્ધિગત થાય છે.

મનુષ્ય બીજા મનુષ્યોને પોતાની સહાનુભૂતિથી જેટલે દૂર રાખે છે તેટલેજ દૂર તેનાથી સ્વર્ગ, શાંતિ અને સત્ય રહે છે. જે સ્થળે તેની સહાનુભૂતિ સમાપ્ત થાય છે ત્યાંથીજ અંધકાર, દુઃખ અને સંક્ષોભનો આરંભ થાય છે, કેમકે બીજા લોકોને પોતાના પ્રેમથી દૂર રાખવા તે પોતાની જાતને જ પ્રેમના આનંદથી દૂર રાખવા તુલ્ય છે અને સ્વાર્થના અંધકારમય કારાગૃહમાં સડેયા કરવા તુલ્ય છે.

જ્યારે મનુષ્યની સહાનુભૂતિ અસીમ બને છે ત્યારે જ તેને સત્યનો અનંત પ્રકાશ દૃષ્ટિગત થાય છે. અસીમ પ્રેમમાંથીજ અસીમ આનંદની પ્રાપ્તિ થાય છે. સહાનુભૂતિ આનંદમય છે. એમાંથીજ સર્વોત્તમ અને પવિત્ર આનંદ ઉપલબ્ધ થાય છે. સહાનુભૂતિ સ્વર્ગીય છે, કારણ કે તેના પ્રકાશમાં સર્વ પ્રકારના સ્વાર્થી વિચારો નષ્ટ થઈ જાય છે અને સર્વની સાથે એકભાવ અર્થાત્ આધ્યાત્મિક સમાનતાનો દૃઢ સંગ રાખવાથી પવિત્ર આનંદની સંપ્રાપ્તિ થાય છે. જ્યારે મનુષ્ય સહાનુભૂતિ રાખવી ત્યજી દે છે, ત્યારે તેનું જીવન, તેની દૃષ્ટિ અને તેનું જ્ઞાન વિકૃત બની જાય છે.

જ્યાંસુધી મનુષ્ય બીજા લોકો વિષે સ્વાર્થી વિચારો કરવાનું તજી દેતો નથી, ત્યાંસુધી તે તેઓની સાથે સાચી સહાનુભૂતિ રાખી શકતો નથી. જે મનુષ્ય સાચી સહાનુભૂતિ રાખે છે તે બીજાઓને પોતાના જેવા જોવાનો પ્રયત્ન કરે છે અને તેઓના વિશેષ પાપ, વાસનાઓ, દુઃખ, વિશ્વાસ, પક્ષપાત ઇત્યાદિ જાણવાની ચેષ્ટા કરે છે. તે છેવટે જાણી લે છે કે, લોકો પોતાની આધ્યાત્મિક ઉન્નતિની કયી શ્રેણી સુધી પહોંચી ચુકયા છે, તેઓનો અનુભવ કેટલો છે અને તેઓ પોતાની દયાને હમણાં બદલી શકે એમ છે કે નહિ. તે ઉપરાંત તે જાણી લે છે કે તેઓનું જ્ઞાન જેવા પ્રકારનું છે, તે અનુસાર તેઓ વિચારો અને કાર્યો કરે છે. વળી તે એ પણ

જાણી લે છે કે તેઓની અલ્પ બુદ્ધિ અને જ્ઞાન સારા ઉદાહરણો દ્વારા સહાયતા અને ઉન્નતિ પામી શકે એમ છે, પરંતુ તેમાં તત્ક્ષણ પરિવર્તન થઇ શકે તેમ નથી. વિવેક અને પ્રેમના પુષ્પોના વિકાસ માટે સમયની આવશ્યકતા છે અને ઇર્ષ્યા તથા મૂર્ખતાનો શિઘ્રતાથી નાશ થઇ શકતો નથી.

આ પ્રકારના મનુષ્યો પોતાના સર્વ પરિચિત મનુષ્યોના આભ્યન્તર જીવનના દ્વારો શોધી લે છે, તેને ઉઘાડે છે, તેની અંદર પ્રવેશ કરે છે અને તેઓનાં જીવનનાં પવિત્ર મંદિરમાં નિવાસ કરીને તેઓ સર્વની સાથે એકમેક બની જાય છે. તેઓને તિરસ્કાર, ક્રોધ અને દ્વેષ કરવાનું કંઇ પણ કારણ મળતું નથી અને તેઓનાં હૃદયમાં અધિકાર, અનુકંપા, ધૈર્ય તથા પ્રેમનો નિવાસ થવા લાગે છે. આવા મનુષ્યો પોતાની જાતને સર્વમય માને છે અને એમ સમજે છે કે સર્વ મનુષ્યો પોતાની સમાન છે અને તેઓની પ્રવૃત્તિઓ પણ પોતાની જેવી છે, માત્ર તેમાં ન્યુનાધિકતાનોજ ભેદ છે. અર્થાત્ તેઓ બીજાના હૃદયમાં પાપ-પ્રવૃત્તિઓ કામ કરતી જુએ છે તો તેઓ પોતાનાં હૃદયમાં ઉતરી જુએ છે કે આ પ્રકારની પ્રવૃતિ તો મારા મનમાં પણ રહે છે, પરંતુ તેણે પાપ તરફ જવું છોડી દીધું છે. જો તેઓ બીજાનાં હૃદયમાં પુણ્ય પ્રવૃત્તિ જુએ છે તો તેઓ પોતાનાં મનમાં પણ એવીજ પુણ્ય પ્રવૃત્તિ જુએ છે.

એક મનુષ્ય બીજા મનુષ્યોથી ભિન્ન નથી. જે ભેદ છે તે પ્રકૃતિનો નથી, પરંતુ માત્ર સ્થિતિનોજ છે. કદિ કોઇ મનુષ્ય બીજાને પોતાનાં કરતાં અધિક પવિત્ર ધારી પોતાની જાતને તેનાથી ભિન્ન માને તો તે તેનું અજ્ઞાન સૂચવે છે. વસ્તુતઃ કોઇ કોઇનાથી પૃથક્ નથી. સહાનુભૂતિના પવિત્ર મંદિરમાં પુણ્યાત્મા અને પાપાત્મા એકમાં મળે છે અને એક બને છે.

અત્ર પ્રશ્ન થશે કે સહાનુભૂતિની આવશ્યકતા શોથી વધારે કોને હોય છે? પુણ્યવ્રતધારી, જ્ઞાની, યાને મહાત્માઓને તેની આવશ્યકતા હોતી નથી. જ્ઞાનરહિત અપરિપક્વ મનુષ્યનેજ તેની અનિવાર્ય જરૂર હોય છે. જેઓ જેટલા વધારે પાપી છે તેઓ તેટલા વધારે દુઃખી છે, આથીજ તેઓને સહાનુભૂતિની તેટલીજ અધિક આવશ્યકતા છે. પુણ્યાત્મા પુરૂષોને સહાનુભૂતિની આવશ્યતા નથી, પરન્તુ પાપાત્માઓનેજ છે. જેઓ દૂષિત કર્મો વડે દીર્ઘ સમય પર્યંત પાપ સંચય કરી રહ્યા છે તેઓને સહાનુભૂતિની મહાન અગત્ય છે.

એક પ્રકારનું પાપ કર્મ કરનાર માણસ બીજા પ્રકારનું પાપ કરનારને અપશાપી અને અધમ માને છે. તે એમ વિચારતો નથી કે એકે મારૂં અને તેનું પાપ ભિન્ન પ્રકારનું છે, તો પણ આખરે તે પાપજ છે. તે એમ નથી વિચારતો કે સર્વ પ્રકારનાં પાપ એકજ છે, માત્ર તેનાં સ્વરૂપમાંજ ભેદ છે. મનુષ્ય પોતે જેટલો પાપી

હોય છે તેટલોજ તે બીજાઓને પાપી ધારે છે. જ્યારે તેને સદ્જ્ઞાન થાય છે અને તે પાપથી વિમુખ બને છે તથા તેનાથી બચવાનો યત્ન કરવા લાગે છે, ત્યારે તે બીજાઓને પાપી ધારતા અટકે છે અને તેઓની તરફ સહાનુભૂતિ દર્શાવવા લાગે છે. પરંતુ આ એક અટલ નિયમ છે કે ઇંદ્રિયોને વશ થઈ ગયેલા પાપી મનુષ્યો પરસ્પર એક બીજાને દૂષિત ધારે છે અને ધિક્કારે છે. જે મનુષ્યને સર્વ લોકો દૂષિત ધારે છે અને જેને સહુ ધિક્કારે છે. તે જો તે લોકોના ધિક્કારને લાભદાયક સમજી વિચાર કરે કે "મારા અપરાધોને લઇને તેઓ મને દૂષિત માને છે" તો તેની ઉન્નતિ થવા લાગે છે અને તે પોતે બીજાને દૂષિત માનવાનું ત્યજી દે છે.

જે વાસ્તવિક રીતે સત્ય પરાયણ અને ભલો મનુષ્ય છે તે બીજાની નિંદા કરતા નથી. આવો મનુષ્ય સ્વાર્થ અને ઉદ્વેગને દૂર રાખીને પ્રેમ અને શાંતિ સંહિત રહે છે તેમજ સર્વ પ્રકારનાં પાપો અને તેનાથી જે જે દુઃખ અને ક્લેશ સમુપસ્થિત થાય છે તે સર્વ તેના જાણવામાં આવે છે. તે નિદ્રામાંથી જાગીને, જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરીને અને સ્વાર્થમયતાને ત્યજી દઇને સર્વની સાથે પવિત્ર સહાનુભૂતિ રાખે છે. જો લોકો આવા મનુષ્યને દૂષિત ઠરાવે છે અને ધિક્કારે છે તો પણ તે તેઓની સાથે સહાનુભૂતિ પ્રગટ કરે છે અને વિચારે છે કે "લોકો અજ્ઞાનતાને લઇને મને ધિક્કારે છે અને તેઓને પોતાનાં ખરાબ કર્મોનું ફલ ભોગવવું પડશે."

જેઓ તમને ધિક્કારતા હોય તેઓની સાથે આત્મદમન અને જ્ઞાન વૃદ્ધિની સહાયથી સ્નેહ રાખતા શીખો. તેઓની બુરાઇ તરફ દૃષ્ટિ ન કરો; કદાચિત્ તમારા પોતાના મનમાં પણ કોઈ અનિષ્ટ વાત હશે. જો તમે તમારા પોતાના દોષોને સંપૂર્ણ રીતે સમજી લેશો તો તમે બીજાની નિંદા કરવાનું ત્યજી દઈને તમારી પોતાની જાતને ધિક્કારવા લાગશો. સાધારણ રીતે સહાનુભૂતિ કહેવામા આવે છે તે ખરેખરી જેને સહાનુભૂતિ નથી, પરંતુ તે એક પ્રકારનો શારીરિક સ્નેહ છે. જે આપણી સાથે સ્નેહભાવ રાખે તેની સાથે આપણે સ્નેહભાવ રાખીએ એ તો એક માનુષિક પ્રકૃતિ છે, પરંતુ જેઓ આપણી સાથે સ્નેહ ન રાખતા હોય તેઓની સાથે સ્નેહભાવ રાખીએ તેજ પવિત્ર સહાનુભૂતિ કહી શકાય.

સહાનુભૂતિની આવશ્યકતા દુઃખ અને ક્લેશને લઇને જ છે, ક્રમકે આ જગતમાં એવું કોઈ નથી કે જે દુઃખી ન હોય. દુઃખમાથી જ સહાનુભૂતિ ઉત્પન્ન થઈ છે. એક વર્ષમાં અથવા એકજ જીવનમાં માનુષિક હૃદય દુઃખ પામીને પવિત્ર અને સ્વચ્છ બની શકતું નથી, પરંતુ વારંવાર જન્મ લઇને અને દુઃખ પામીને મનુષ્ય પ્રેમ તથા જ્ઞાનનાં પરિપક્વ અને અમૂલ્ય ફળો પ્રાપ્ત કરે છે. આ રીતે જન્મ જન્માંતરો પછી એ સમજવા લાગે છે અને સહાનુભૂતિ રાખવા લાગે છે. નિયમોનું ઉલ્લંઘન એ જ પાપ છે. મનુષ્ય પોતાની અજ્ઞાનતાને લઇને નિયમોનું ઉલ્લઘન કરે છે.

જે પાપ છે તે જ ક્લેશ છે. એકનું એક પાપ વારંવાર કરવાથી તેનું ફળ અર્થાત્ ક્લેશ વારંવાર ભોગવવો પડે છે, અને વારવાર ક્લેશ ભોગવવાથી એ નિયમનું જ્ઞાન થાય છે અને જ્યારે જ્ઞાન થાય છે ત્યારે સહાનુભૂતિનું પવિત્ર અને સુંદર કુસુમ ખીલી રહે છે.

સહાનુભૂતિનો એક અંશ દયા છે. સંસારમાં દુઃખિત અને ક્લિષ્ટ મનુષ્યોનાં દુઃખ દૂર કરવા માટે અને તેઓને ધૈર્ય આપવા માટે દયાની મહાન અગત્ય છે. "દયા અશક્ત મનુષ્યોને માટે સંસારને કોમલ બનાવે છે અને શક્તિમાન મનુષ્યોને માટે સંસારને ઉન્નત બનાવે છે."

ક્રૂરતા, અકૃપા, દોષારોપ અને ક્રોધને દૂર કરવાથી દયામાં વધારો થાય છે, જે મનુષ્ય કોઈ પાપી મનુષ્યને તેનાં પાપનું ફલ પામતો જોઈને પોતાનાં હૃદયને કઠોર બનાવીને કહે છે કે "તે પોતાનાં પાપોનું ઉચિત ફળ ભોગવી રહ્યો છે" તે દયા બતાવી શકતો નથી. જ્યારે જ્યારે મનુષ્યો બીજા પ્રાણીઓ ઉપર કઠોર બને છે અને તેઓ તરફ આવશ્યક સહાનુભૂતિ દર્શાવતો નથી ત્યારે ત્યારેજ તે પોતાને સંકીર્ણ બનાવે છે, પોતાના માનને ન્યૂન કરે છે અને ક્લેશોપભોગનાં બીજ વાવે છે.

બીજા લોકોની અધિકતર સફલતા જોઈને હર્ષ પામવો અને તેની સફલતા એ પોતાનીજ છે એમ માનવુ એ સહાનુભૂતિનો બીજો અંશ છે. જે મનુષ્ય ઈર્ષ્યા દ્વેષ આદિ ભાગણીઓથી મુક્ત છે અને જે બીજા લોકોનું સારૂ સાંભળીને હર્ષિત બને છે તે મનુષ્ય ધન્ય છે એ નિઃસંદેહ વાત છે.

પોતાથી ન્યુનતર અને હીનતર પ્રાણીઓની રક્ષા કરવી તે ત્રીજો સહાનુભૂતિનો અંશ છે. અવાચક પ્રાણીઓની રક્ષા કરવા માટે મહાન સહાનુભૂતિની પરમ આવશ્યકતા છે. શક્તિની શોભા રક્ષા કરવામાં રહેલી છે, નહિ કે નાશ કરવામાં ન્હાના જીવોની રક્ષા કરવાથી જીવન સફલ થાય છે. સર્વ પ્રાણીઓ એક છે. ન્હાનામાં ન્હાના પ્રાણીઓ મ્હોટામાં મ્હોટા પ્રાણીઓથી કેવળ શક્તિ અને બુદ્ધિની ન્યૂનતાધિકતામાં ભિન્ન છે, જ્યારે આપણે દયાળુ બની અન્ય પ્રાણીઓની રક્ષા કરીએ છીએ ત્યારે આપણા ઐશ્વર્ય અને હર્ષમાં અનુપમ વૃદ્ધિ થાય છે. એથી ઉલટું જ્યારે આપણે અવિવેકી અને કઠોર બનીને પ્રાણીઓને દુઃખ આપીએ છીએ ત્યારે આપણું ઐશ્વર્ય આચ્છાદિત બને છે અને હર્ષ ખુશ્રાઈ જાય છે. મનુષ્યની સાત્વિક પ્રકૃતિ કેવળ દયા, પ્રેમ, સહાનુભૂતિ અને સ્વાર્થશૂન્ય પવિત્ર કર્મોને પરિણામે વૃદ્ધિંગત, સુરક્ષિત અને પરિપક્વ બને છે.

બીજા લોકો તરફ સહાનુભૂતિ રાખવાથી આપણે આપણી તરફ બીજાની સહાનુભૂતિમાં વધારો કરીએ છીએ. કોઈના તરફ સહાનુભૂતિ રાખવાથી તે નષ્ટ થતી

નથી. ન્હાનામાં ન્હાનું પ્રાણી પણ સહાનુભૂતિના સ્વર્ગીય સ્પર્શથી આનંદિત બને છે, કારણકે સહાનુભૂતિ એ એક એવી વિશ્વવ્યાપક ભાષા છે જે સર્વ પ્રાણીઓ સમજી શકે છે. અમેરિકાના ડારટમૂર શહેરમાં એક અત્યંત અત્યાચારી અપરાધી મનુષ્ય હતો. જેને અનેક અપરાધને લઇને ઘણા વર્ષો સુધી કારાગૃહમા રાખવામાં આવ્યો હતો. સર્વ લોકો તેને અત્યંત ભયાનક, કઠોર અને નિર્દય ગણતા હતા. અને કારાગૃહના પહેરેગીરોએ પણ તેને સુધારવાની આશા તજી દીધી હતી. એક દિવસ જે કોટડીમાં તેને રાખવામાં આવ્યો હતો ત્યાં એક ભુખ્યો અને અસ્વસ્થ ઉંદર આવી ચઢ્યો. તે ઉંદરની અસહાય અને દુર્બળ દશા જોઇને તે પાપી મનુષ્યનાં હૃદયમાં દયાની વિજળીનો સંચાર થઇ ગયો અને તે પોતાની તેમજ એ ઉંદરની એકજ પ્રકારની દશા જોઇને તેની તરફ સહાનુભૂતિ પ્રકટ કરવા લાગ્યો. તેણે તે ઉંદરને પોતાના એક પગરખામાં નિવાસ આપ્યો અને પોતાની ખાવા પીવાની વસ્તુઓમાંથી તેને ખવરાવી પીવરાવી તેનું પોષણ કર્યું. જે અત્યંત કઠોર અને દૂષિત હૃદયમાં કોઇપણ મનુષ્યને માટે દયાનો અંશ પણ નહોતો, તે હૃદયમાં એક ઉંદરની ખાતર સહાનુભૂતિનો સ્વર્ગીય દીપક પ્રકટ થયો. પોતાથી શક્તિહીન મનુષ્યો તરફ તેની દયા અને પ્રીતિમાં વૃદ્ધિ થવા લાગી અને પોતાથી અધિક શક્તિવાન મનુષ્યો તરફ તેની તિરસ્કારની લાગણી ઘટવા લાગી, તે પહેરેગીરોની આજ્ઞા સંપૂર્ણ રીતે પાળવા લાગ્યો. પહેરેગીરોને પણ આશ્ચર્ય થયુ કે આટલો બધો કઠોર હૃદય મનુષ્ય એકાએક આવો નમ્ર કેવી રીતે બની ગયો. તેની મુખાકૃતિ પણ બદલાઇ ગઇ. નેત્રો, ઓષ્ટ આદિની ભીષણતા ધીમે ધીમે કોમલતા અને પ્રેમમાં પરિણત થઇ ગઇ. હવે તે એક દૂષિત અને પાપી કેદી નહોતો. તેનુ મન પુણ્યમાં અભિરત બની ગયું. છેવટે એ સઘળો વૃત્તાંત અધિકારીઓના જાણમા આવ્યો ત્યારે તેઓએ તેને સ્વતંત્ર કરી મૂક્યો અને કારાગૃહમાથી જતી વખતે તે ઉંદરને પણ પોતાની સાથેજ લઇ ગયો.

એ રીતે બીજા તરફ સહાનુભૂતિ પ્રકટાવવાથી તેનો પ્રવાહ આપણા હૃદયમાં પૂર્ણ વેગથી વહે છે અને આપણુ જીવન સફલ બને છે. સહાનુભૂતિના દાનથી આપણને આનંદનો પુરસ્કાર મળે છે અને સહાનુભૂતિનું દાન ન આપવાથી આપણો આનંદ નષ્ટ થાય છે. માણસ જેટલા પ્રમાણમાં, સહાનુભૂતિ રાખે છે તેટલા પ્રમાણમાં તે આદર્શ-જીવન અર્થાત્ સત્યાનંદની સમીપ પહોચે છે. જ્યારે મનુષ્યનુ હૃદય એટલું બધુ કોમળ બની જાય છે કે તેમા એક પણ કઠોર, કટુ વા નિર્દય વિચાર ઉત્પન્ન થતો નથી અને તેના માધુર્યને ન્યૂન કરતો નથી ત્યારે તે પવિત્ર સત્ય આનંદમાં ગરકાવ થઇ જાય છે. — ઇતિશમ્

આપણી ભાવી ઉન્નતિની દિશા (સમજીને આદરવાની જરૂર)

સુજ્ઞ ભાઈ બહેનોએ, સ્વપર હિત, શ્રેય કરવા સહાય ઇચ્છવુ જોઇએ જે ભવ્યાત્મા સ્વહિત શ્રેય કરવા આતુરતાથી ઇચ્છનો હોય તેણે શ્રી વીતરાગ પ્રણીત માર્ગને યથાયોગ્ય અનુસરીનેજ ચાલવું જોઇએ સ્વ યોગ્યતાનુસારેજ ધર્મ સાધન કરવાની મર્યાદા શાસ્ત્રકારે કહી છે અને એજ હિતકારી થઈ શકે છે યોગ્યતા વગર વસ્તુની પ્રાપ્તિ થઈ શકતી નથી અને કેવચિત્જ થાય તે ટકી શકતી નથી તેમ છતાં એવી યોગ્યતા પ્રાપ્ત કરવા કોઇ વિરલાજ કાળજી રાખે છે અને લાભ પણ તેજ મેળવી શકે છે. પ્રભુનુ શાસન જયવતુ વર્તાય છે તેથી એવા પણ સદ્ભાગી જીવો શાસનમાં હોવા ઘટે છે, મ્હારા પુરૂષોનાં ચરિત્રો જે બારીકીથી વાંચી-વિચારી સમજી શકે છે તે તેમાથી સાર ગ્રહી સ્વ ન્યૂનતા દૂર કરી શકે છે. આપણું ધારેલું ન થવાથી કવચિત્ ખેદ પણ થવા પામે છે પરતુ તે નિરાશામાં પરિણમવવાને બદલે નવી જાગૃતી આણવામાં પરીણમે તોજ તે ઇચ્છવા યોગ્ય છે.

આપણુ જીવન શુષ્ક-જડવત્ બનવાને બદલે સરસ (સ્વપરને રસ દાયક) બને એવો પ્રયત્ન સેવતા રહી આગળ વધાય તો કેવુ સારૂં ?

આપણી સંગતિમાં દેહ છાયાની જેમ વર્ત્તનારી વ્યક્તીઓનું પણ જીવન તેવુંજ સરસ બને તેવીજ કાળજી આપણે રાખવી ઘટે છે, જેથી સ્વપર ઉન્નતિનાં લગારે અંતરાય રૂપ નહિ થતાં એક બીજાને વધારે મારૂકગાર થવાય. એવી કર્ત્તવ્ય ભાવના આપણામાં ખીલવવાની જરૂર છે. ઉત્તમ પ્રકારની વ્યવહારીક, નૈતિક અને ધાર્મિક કેળવણીની આપણામા અત્યારે ભારે ખામી જોવામાં આવે છે તેથીજ આપણી સ્થિતિ દયા જનક થઇ પડી છે આવી દુઃખી સ્થિતિમાંથી સમાજનો ઉદ્ધાર જેવા તેવાથી થવો સભાવિત નથી એતો જ્યારે પ્રબળ પ્રભાવશાળી નૈષ્ઠિક બ્રહ્મચર્યને ધારણ કરનારી શુદ્ધ શાસન પ્રેમી વ્યક્તિઓ સદ્ભાવે જાગ્રત થઇ " સવિ જીવ કરૂં શાસન રસી " એવી ઉદ્ગ્રભાવના યોગે નિષ્કામ શાસન સેવા કરવા ઉજમાળ બનશે. ત્યારેને ત્યારેજ સમાજના ઉદય સાથે શાસનનો પણ ઉદય થશે શ્રી કેળવણીમાં તો અત્યારે ઘણીજ ખામી જોવાય છે. પરતુ ધીમે ધીમે વ્યક્તિગત સુધારો થવાથી સારૂ પરીણામ આવી શકશે. એક બાબી અત્યારે કેટલુ કરી રહેલ છે અને તે કયા આલંબનથી એટલુ પણ વિચારશીલ જનો ગભીરતાથી વિચાર વાવડે સ્વકર્તવ્યની કંઇક આંખી કરી શકે એમ છે. આપણે અત્યારે યોગ્યતા સપન્ન થવાની અને તેવી થઇને સ્વકર્તવ્ય કર્મ કરવાની ભારે જરૂર છે. જો આપણી ઉન્નતી સાધવા દૃઢ કાળજી અને અવિરત વિચારણા વર્તતી રહેતા ખરેખર તેમાથી કંઇને કંઇ શુભ પરીણામ આવી શકેજ. શુદ્ધ અંતઃકરણનો અવાજ એ દૈવી અવાજ છે તેને બરાબર લક્ષ્ય દઇ સાંભળી આદરવામાં આવે તો તે આપણને અચુક લાભકારી બને. ઇંદ્રિય નિગ્રહ કષાય નિગ્રહ યોગવિશુદ્ધિ અને અહિંસાદિક સદ્ગુણોનું

સેવન કરવા રૂપ સંચયવડેજ જ્યારે ત્યારે આપણે સ્વ ઉન્નતિ સાધી શકીશું તો પછી અત્યારેજ પ્રમાદ રહીત ઉક્ત સંયમનું સેવન કરવા તત્પર શા માટે ન થવું?

ઇતિશમ.

મુનિરાજશ્રી કર્પૂરવિજયજી.

સુચના.

सब सज्जनोंसे नम्र विज्ञप्ति है। कोइ मुझे आचार्य, कोइ जैनाचार्य कोइ धर्माचार्य कोइ उपाध्याय, कोइ पंन्यास, कोइ शास्त्रविशारद कोइ विद्याविशारद कोइ विद्यावारिधि कोइ न्यायविशारद कोइ मुनिरत्न कोइ प्रसिद्धवक्ता कोइ प्रखरविद्वान् कोइ भारतभूभास्कर इत्यादि मनः कल्पित अपनी अपनी इच्छानुसार उपाधि–टाइटल–पदवियां लिखकर भारी बनाते हैं, बिलकुल अन्याय होता है। क्योंकि न तो मुझे किसीने कोइ भी उपाधि दि है, न मैंनें लीहै, और न मैं किसी उपाधिके लायक हुं। अतः स्वर्गवासी जैनाचार्य श्रीमद्विजयानन्दसूरि महाराजका वक्षीशकी मुनि उपाधिके अतिरिक्त अन्य कोई भी उपाधि मेरे नामके साथ कोइ भी महाशय न लिखें. इति। हस्ताक्षर मुनि वल्लभविजय.

ગ્રંથાવલોકન.

શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરી વડોદરાનો ત્રીજા વર્ષનો રીપોર્ટ અમોને અભિપ્રાયાર્થે ભેટ મળેલો છે. વડોદરા શહેરના જાહેર લત્તા ઉપર આવેલ અને જૈન અને જૈનેતરને એક સરખો લાભ ઉદારતાથી આપનાર ઉપરોક્ત ફ્રી લાઇબ્રેરી કે જે કોમી ભેદ ન રાખતાં વડોદરા શહેરમાં વાંચનની અભિવૃદ્ધિ ક્રમ વધે તેવા શુભ ઉદ્દેશથી કાર્ય કરતી જોઇ અને તેમનો આ રીપોર્ટ વાંચી અમોને આનંદ થાય છે અને તેના શ્રીયુત સેક્રેટરી અને કાર્ય વાહકોના તે ઉત્સાહ માટે ધન્યવાદ આપીયે છીયે.

સ્કુલમાં કેળવણી લેતાં જૈન વિદ્યાર્થીઓને બનતી સગવડે સ્કુલમાં ચાલતી બુકો પરી પાડવામાં આવતો પ્રયાસ અને ઘેર બેઠા સ્ત્રીઓ માટે સરકયુલેટીંગ ફ્રી લાઇબ્રેરીની યોજના અને પ્રયત્ન, આ બે કાર્યો એક કેળવણીને ઉત્તેજન અને સ્ત્રીઓને વાંચનનો આપવામાં આવતો લાભ સાથે હોવાથી ઘણું પ્રશંસનીય કાર્ય છે, અને ભાષણ શ્રેણીની સાથે સંકળાના હોવાથી ઉક્ત લાઇબ્રેરી નિમિત્તે વક્તા અને શ્રોતાના વિચારોની આપ લે થતી આ રીપોર્ટ ઉપરથી જાણવામાં આવે છે જે જમાનાને અનુસરતું કાર્ય હોવાથી પરંપરાએ લાભદાયી છે.

આ લાયબ્રેરીની પેટ્રન અને ત્રણ પ્રકારના લાઇફ મેમ્બરોથી બનેલી જનરલ મીટીંગ અને ચાલુ કાર્ય કરવા માટે એક મેનેજીંગ કમીટી છે જે તેના બંધારણ અને ધારા પ્રમાણે કાર્ય કરે છે. આ વર્ષમાં મેમ્બરોની સારી સંખ્યાની વૃદ્ધિ થયેલી જોવામાં આવે છે. ઉક્ત લાઇબ્રેરીનો કાર્ય ક્રમ અને પ્રવૃત્તિ અને કાર્ય વાહકોનો ઉત્સાહ ઉંચા પ્રકારનો જોવામાં આવે છે, અમો તેની ભવિષ્યમાં આબાદિ ઇચ્છીયે છીયે અને સર્વે બંધુઓ (જૈન અને જૈનેતર બંધુઓ) ને આ લાઇબ્રેરીને સહાય કરવા ભલામણ કરીયે છીયે.

પ્રકીર્ણ નોંધના સંબંધમાં અમારો ખુલાસો.

પ્રસ્તુત પત્રના ભાદરવા માસના અંકમાં આવેલ પ્રકીર્ણ નોંધમા લેવાયેલી હકીકત ઉપરથી મુનિરાજશ્રી રામવિજયજીએ આ સભાની વિરૂદ્ધ એક હેન્ડબીલ અમારી માન્યતા પ્રમાણે અત્રેની પર્યુષણ પર્વના દિવસોમાં વંચાતા કલ્પસૂત્ર વ્યાખ્યાનમા થયેલ અડચણ અને સાંભળવાની પડેલી ખલેલ જેથી ઉત્પન્ન થઇ તે પરિસ્થિતિની કેટલાક ગેર સમજ થયેલ હોવાને અંગે પ્રકટ થયેલું સંભવે છે. આ સભા અત્યાર સુધી દેવદ્રવ્ય સંબંધી ચર્ચામાં તટસ્થ રહેલ છે, તેમજ તે પ્રકીર્ણ નોંધમાં જૈનપત્ર સંબંધી કાંઇપણ ઉલ્લેખ અથવા નામ માત્ર લેવાયેલ નથી તેમજ તેમા તે વખતે વહેંચાયેલ કોઇ પણ હેન્ડબીલ વિરૂદ્ધ લખવામાં આવેલ નથી પરંતુ અને કલ્પસૂત્રના વંચાતા વ્યાખ્યાન વખતે બને બાલુના વહેંચાયેલા હેન્ડબીલ કે બનેલા બનાવનુ માત્ર દિગ્દર્શન કરાવવાની જરૂરીયાત જણી તે નોંધમાં લેવાયેલ હતી તે હકીકતને જુદા સ્વરૂપમા મુનિરાજ શ્રી રામવિજયજી સમજ્યા હોય તેમ સંભવે છે તેઓ શ્રીએ હેન્ડબીલ પ્રકટ કર્યા પહેલા અમારો અંગત ખુલાસો પુછવાની જરૂર હતી અસ્તુ! આ સભા જે પ્રાત: સ્મરણીય પરમ પૂજ્ય ગુરૂવર્યના નામ સાથે જોડાયેલ છે, તેણે કદાપિ અસત્યને પુષ્ટિ આપીજ નથી ભવિષ્યમાં પણ તેવી ઇચ્છા રાખતી નથી અને સત્યનેજ ચાહનાર છે તેમજ હવે પછી આ સંબંધમાં જવાબો આપી કે બીજી રીતે કલેશમાય વાતાવરણ વધારી સમાજને કલેશનુ નવુ નિમિત્ત બનવાથી હમેશા દૂર રહેતા માગે છે.

આત્માનંદ પ્રકાસ માસિક કમીટી
(કાર્ય વાહકો)

વર્તમાન સમાચાર.

बीकानेरके प्रशंसनीय समाचार ॥

(१) जैन पाठशालाके फन्डमें ५०००० हो चुके हैं।

(२) पंन्यासश्री सोहनविजयजी और पण्डित हंसराजजी शास्त्रीके प्रभावशाली उपदेशोंके प्रभावसे यहां के कईमाननीय जैनोने " वेश्या नृत्य " न करानेकी प्रतिज्ञा की है।

(३) श्रीमान शेठ हजारीमलजी कोंचरने अपनी एक बहु मूल्य कोटडी श्री जैनपाठशालाको भेट करदी है।

(४) संघ की तरफसे मुनिश्री बलभविजयजी महाराजको विनंति की गई है

कि " अपणा चार्तुमास बीकानेर में करें " आशा है कि मुनिश्री ऐसे लाभप्रदक्षेत्र को न छोडेंगे ।

(५) बीकानेर संघ की तरफसे जीवदया विषयक संस्थावो को ५००) का दान भेजा गया है ।

(६) खाम गांव निवासी यतिश्री बालचन्द्राचार्य्यजी यहां पधारे हुवे है अब उनके व्याख्यान होंगे ।

શહેર ભાવનગરમાં અઠ્ઠાઇ મહોત્સવ.

શેઠ પરશુદાસ તથા હરજીવનદાસ દીપચંદના સ્વર્ગવાસી પિતાશ્રી તથા માતુશ્રીના શ્રેય નિમિત્તે મોટા જીનાલયમાં આશો વદી ૨ થી અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયેલ છે. સાથે સુશોભીત સમવસરણની રચના પણ કરવામાં આવી છે દરરોજ વિવિધ પૂજાઓ ભણાવવામાં આવે છે સાથે સ્વામીવાત્સલ્ય કરવાના છે. દેવગુરૂની ભક્તિ સાથે માતપિતાની ધાર્મિકભક્તિ પણ આવા કાર્યો નિમિત્તે સુપુત્રોથી થાય છે. શેઠ હરજીવનદાસ આ સભાના સેક્રેટરી હોવાથી સાથે આ સભાના જ્ઞાનખાતાને પણ સહાય આપી છે.

શહેર પાલીતાણામાં ઉપધાન વહન તપની શરૂ થયેલ ક્રિયા

આચાર્ય શ્રી આનંદસાગરજી મહારાજના સદ્ઉપદેશથી જામનગર નિવાસી વોરા ચોપટલાલ ધારશી તરફથી આશો શુદ ૧૦ થી ઉપધાન વહન કરાવવાનું શરૂ થયું છે સાંભળવા પ્રમાણે ગુમારે ત્રણશેહ જણો અને બધુઓ દાખલ થયેલ છે. મળેલી ઉત્તમ લક્ષ્મીનો ઉત્તમ લાભ ત્યાં સારા પ્રમાણમાં બંધુ ચોપટલાલ કરે છે. ઉક્ત બંધુને નમ્ર સુચના કરીયે છીયે કે જે કરો છો તે સાથે કેળવણીને મદદ અને મદદ કરવા લાયકબંધુઓની સ્થિતિ સુધારવાયે પણ સારો ફાળો આપવાની જરૂર છે.

આ સભાએ કરેલ ઠરાવો.

તા. ૨૯–૧૦–૧૯૨૦ શુક્રવારના રોજ આ સભાની એક જનરલ મીટીંગ મળી હતી, જેમાં નીચે મુજબ ઠરાવો થયા હતા જે પ્રકટ કરવામાં આવે છે.

૧ ગયા વૈશાખ માસમાં પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી વગેરે મુનિમહારાજાઓને શ્રી પાલીતાણેથી અત્રે ચાતુર્માસ કરવા માટે પાલીતાણે જઇ વિનતિ કરવા જવા માટે દશ ગૃહસ્થોના સહી સાથેનું એક વિનંતિ પત્ર શ્રી સંઘની કમીટીને મોકલવામાં આવેલ, જેનો હજુ સુધી કાંઇપણ નિર્ણય કે અભાવ કરવામાં આવ્યો નથી તેને માટે આ સભા દીલગીર છે, અને હવે પછી તેવા લેખ લખવાળા વિચારો દૂર કરી તેમ નહીં થવા આ સભા શ્રી સંઘના આગેવાનોને સલાહ કરે છે.

૨ મુનિરાજ શ્રીરામવિજયજી મહારાજે ભગવાદરવા વદી ૧૩ના રોજ તેઓએ પ્રકટ કરેલ હેન્ડબીલની અંદર આ સભાને માટે જે અયોગ્ય લખાણ કર્યું છે, તેને માટે આ સભા દીલગીર છે અને આ સભા નિરંતર સત્ય વાતનેજ ચાહનારી છે.

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

श्री

આત્માનંદ પ્રકાશ

इह हि रागद्वेषमोहाद्यजिजूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १८] वीर संवत् २४४१ भाद्रपद आत्म संवत् २५. [अंक २ जो.

શ્રી પ્રભુસ્તુતિ.

શાર્દૂલવિક્રીડિત.

ધારીને શુભ ભાવના હૃદયમાં ધ્યાવું અરિહંતને,
શ્રી જીનેશ ઉપાસીને પરિહરૂં કર્મોતણા પંકને,
ઉપાધિ ધરતા અનેક જીવ આ સંસારના સાગરે,
તે સૌ નામ જપી જીનેશ્વરતણું મુક્તિપદે જે ઠરે.

ૐ

ક્ષમા યાચના.

(ક્ષમા વીરસ્ય ભૂષણમ્ .)

સુજ્ઞ મહાશય ધર્મબન્ધુઓ,

(શાર્દૂલ વીક્રીડિત)

આએ વર્ષ વિષે થયાં મનવચઃ કાયા વડે કર્મ જે,
યાચું તેહ તણી ક્ષમા હૃદયથી જેની તણો ધર્મ તે;
વાણી વીર વિલોકતા અવનિમાં સદ્બોધ દે ઐક્યનો,
આજે તો પ્રતિઘોષ થાય સઘળે નેતા તણા શૌર્યનો.
પ્રાણી માત્ર સમાન છે ત્યમ ગણી સ્વાત્મિકતા કારણે,
છોડો સર્વ પ્રપંચ જાળ જગની ઔદાર્યતા ધારણે;
ઝાંખી આજ જણાય છે વચનમાં વ્યાપારમાં આવશે,
થાશે આત્મ પ્રકાશ પૂર્ણ ભવિના જૈનત્વ સ્વીકારશે. ૨

જૈન પર્વો પૈકી મહાન પર્વાધિરાજ પર્વ પર્યૂષણની પૂર્ણતાનો આજે મનોહર માંગલ્યમય દિવસ છે.

શ્રીમાન્ વીરપ્રભુની અમૃતમય-માધુર્ય ગિરાના રસજ્ઞ ભવ્યાત્માઓ પરસ્પર થયેલા વિરૂદ્ધાચરણની વિશુદ્ધિ માટે ત્રિશુદ્ધિ યુક્ત ક્ષમા યાચે છે એટલુંજ નહીં પરન્તુ ત્યારબાદ ભવિષ્યના માટે મૈત્રીભાવનાના મિષ્ટ અંકુરો પ્રકટાવવા પ્રવર્તમાન થાય છે.

ખરેખર રીતે અવલોકતા જૈન ફિલોસોફીના ઉચ્ચત્તમ રહસ્યના અવબોધની એ નીશાની છે.

દેશોન્નતિ સાથેજ ધર્મોન્નતિનો સદ્ભાવ છે, માટેજ વર્તમાન વાતાવરણમાં સ્યાદ્વાદ શૈલી સાધ્યમાં રાખી દેશસેવા તેમજ સમાજ સેવા યુક્ત આત્મ વિશુદ્ધિ કરવા પ્રયત્નશીલ થાવું.

અમો પણ ઉપરોક્ત શૈલી અનુસાર આપની સાથે થયેલા કોઇ પણ આન્તર યા બાહ્ય દોષની નિવૃત્તિ માટે ત્રિકરણ યોગે ક્ષમા યાચીએ છીએ. આપશ્રી એ ઉદારતા બતાવી ઉપકૃત કરશો. સુજ્ઞેષુ કિંબહુના.

વીર સંવત ૨૪૪૬.
આત્મ સંવત ૨૫.

ક્ષમા યાચક,
શ્રી જૈન આત્માનંદ સભા.

દુષ્ટ મિત્રને ધિક્કાર.

(હરિગીત)

રચનાર—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી.

લક્ષ્મીતણા અતિ લોભથી કે સ્વાર્થ નિજનો સાધવા,
જે મૈત્રી જોડે જગતમાં તે મિત્રને ખર માનવા;
મુખ બોલ બોલે મધુર જે હૈયે હળાહળ રાખીને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૧

સંપત્તિ સમયે "ભાઇ, ભાઇ," કહે બહુ ભેગા થઈ,
ખોટાં વખાણો ને ખુશામત જે કરે નિજ સ્વાર્થ લઇ;
આપત્તિમાં નવ ભાવ પૂછે જે ન આપી મદદને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૨

પ્રત્યક્ષમાં સારૂં વદે, જયમ હોય હિતસ્વી ઘણો,
પાછળ થકી હિતને હણે તે મિત્રને રિપુવત ગણો;
સુખ દુઃખમાં ન સમાન વર્તે જે ન રાખી પ્રેમને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૨

છળ કપટથી બહુ ગુપ્ત વાતો મિત્રની જાણી લઈ,
જાહેર જગમાં જે કરે વિશ્વાસનો ઘાતી થઇ;
દુષ્કૃત્યથી ન નિવારતો સન્માર્ગ જે ન બતાવીને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૩

નિજ મિત્રના ઉત્તમ ગુણોને પ્રગટ જે ન કદી કરે,
શોધી ઘણા દ્રષણ સદા જન નિકટમાં હલકો કરે,
તજી જાય દેખી દુઃખી દુઃખ જે પડી પીડને નવ ભાંગીને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૫

બહુ મિત્રને ભેગા કરી જે મશ્કરી હલકી કરે,
ગાળો પરસ્પર આપીને કર તાળી લઇ ગમ્મત કરે;
કાતો રમે જે સોગઠે પાને કે પાસે દ્યૂતને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૬

સચવાય વચનો સર્વ જ્યા લગી પ્રીત પણ ત્યાં લગી ટકે,
પડતાં ખરેખર ચૂક જરિયે પ્રેમને જે પાટકે,

લેગા મળી અપશબ્દ બોલે મધ જે ઠીક ઠાંસીને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૭
નિજ મિત્ર પાસે યાચના પ્રતિદિન કરે જે ધન તણી,
સંકોચ રાખી ચિત્તમાં નવ વાત બોલે નિજ તણી;
દુઃખ દેખીને જે મિત્રનું આપે દિલાસો ન હામને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૮
નિઃસત્ય ભાષણ ક્રોધ ને ચળ ચિત્તને નિષ્ઠુરપણું,
એ ચાર દૂષણયુક્ત મિત્રનું જીવવું પશુવત ગણું;
જે મિત્રપત્નીને જુવે કુડી નજરથી નિહાળીને,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર એવા મિત્રને. ૯

જેવી ભાવનાં એવી સિદ્ધિ. જેવી દૃષ્ટિ એવીજ સૃષ્ટિ.

આ ગંભીર પ્રશ્નનો ઉત્તર-સમાધાન મારી મતિ મુજબ આ રીતે સૂઝે છે.

કોઇ પણ કામ કરતાં જેવી ભાવના વર્તતી હોય, જેવી દૃષ્ટિ રહેતી હોય, તેવુ જ તેનું ફળ-પરિણામ આવે છે. નઠારી અને મલીન ભાવના કે દૃષ્ટિનું ફળ-પરિણામ પણ નઠારું અને મલીન જ આવે અને સબળ તથા નિર્મળ ભાવના દૃષ્ટિનું ફળ-પરિણામ પણ તેવુંજ સબળ અને પવિત્રજ આવે છે.

ઘણે ભાગે મિથ્યાત્વ-અજ્ઞાન-ક્રોધાદિક કષાય-વિચાર-વાણી અને આચારમાં શિથિલતા અથવા સ્વચ્છંદતા તથા વિષયાદિક તુચ્છ-અસાર સુખમાં લોલુપતાને લીધે જ્યાં વિષમય તુચ્છ સ્વાર્થિલી ભાવનાજ પ્રબળ વર્તતી હોય, જ્યાં અહંતા ને મમતા જ છાઇ રહી હોય, જ્યાં દૃષ્ટિ સદાકાળ બહિર્મુખજ રહ્યા કરતી હોય, જ્યાં યશ-કીર્તિ નિમિત્તે લોકરંજનની જ બુદ્ધિ મુખ્યપણે રહેતી હોય ત્યાં ગમે તેવી રૂડી અમૃત જેવી કરણી કરવામાં આવતી હોય તો પણ તેનું ફળ-પરિણામ રૂડું શી રીતે આવે ? તેની અસર પોતાના જીવન ઉપર અમૃત જેવી ઉમદા શી રીતે થઇ શકે ? જન્મમરણનાં દુઃખ-ફેરા શી રીતે ટળે ? અને આત્મામાં ખરી શાન્તિ-શીતળતા શી રીતે પ્રગટે ?

જો વર્તમાન સ્થિતિનુ ખરૂં કારણ શોધી તેને જ સુધારવા ભાઇઓ અને બહેનો (સાધુઓ તેમજ ગૃહસ્થો) દૃઢ પ્રયત્ન કરે, જે જે કારણથી પોતાની અવનતિ થવા પામી છે તે તે કારણને યથાર્થ સમજી લઇ, હિંમતથી તેનો ત્યાગ કરે અને જે જે કારણથી પોતાની સ્થિતિ સુધરી શકે તે તે કારણને સારા નિસ્પૃહી

કરૂણાળુ જ્ઞાની મહાત્માઓ પાસે સારી રીતે સમજી દૃઢ શ્રદ્ધા અને હિંમતથી તેનો પરિચય કરી જો તેને યથાર્થ રીતે વર્તનમાં ઉતારવામાં આવે તો પછી પવિત્ર ભાવના-દૃષ્ટિ સહિત કરવામાં આવતી કરણીનું ફળ-પરિણામ પણ તેવુંજ રૂડું આવવા પામેજ એ સ્પષ્ટ છે.

પ્રથમ તો પોતાની ભાવના-દૃષ્ટિ જ સુધારવા માટે ક્ષુદ્રતા-તુચ્છતા-પરાયાં છિદ્ર-દોષ જોવા તાકવાની દુર્બુદ્ધિ-કુબુદ્ધિ જ તજવી જોઇએ અને રૂડી ગંભીરતા રાખી રાજહંસની જેમ વિવેક વડે દોષ માત્રની ઉપેક્ષા કરી ગુણ માત્રને જ જોવા-આદરવા-સેવવાની રૂડી બુદ્ધિ કરવી જોઇએ.

અમૂલ્ય ધર્મરત્નની પ્રાપ્તિ માટે આપણને યોગ્ય-લાયક બનાવે એવા ૨૧ ગુણોનો વારંવાર અભ્યાસ કરવો જોઇએ.

દયા, લજ્જા, વિનય, દાક્ષિણ્યતા, સરલતા, કૃતજ્ઞતા, સત્યપ્રિયતા, નિષ્પક્ષતા, ગુણાનુરાગિતા, દીર્ઘદર્શિતા, પરોપકાર રસિકતા અને કાર્યદક્ષતાદિક ઉત્તમ ગુણોનો નિરંતર અભ્યાસ (પરિચય) રાખવાથી આપણા વિચાર, વાણી અને આચારની મલીનતા દૂર થવા પામશે, હૃદય સ્વચ્છ થશે, વાણી અમૃત જેવી મીઠી, હિતરૂપ અને સત્ય જ વદાશે અને અન્ય જીવોને દુઃખ-ત્રાસ થાય એવા દુષ્ટ આચરણથી દૂર રહેવા સહેજે લક્ષ બંધાશે એટલે મન, ઇન્દ્રિય અને કાયા આપણા કબજામાં આવતા રહેશે. વળી દેવ ગુરૂ ધર્મ સંબંધી ગુણ દોષની સારી રીતે પરીક્ષા કરી શુદ્ધ દેવગુરૂ ધર્મને યથાર્થ ઓળખી દૃઢ શ્રદ્ધાથી તેની સેવા ભક્તિ બહુમાન કરવા વડે આરાધક થઇ શકશે. એટલા માટે કલ્પસૂત્રાદિક ઉપકારી આગમ-ગ્રંથો બરાબર લક્ષપૂર્વક વિનય કરી બહુમાનથી વાંચવા, સાંભળવા, વિચારવા અને પરમાર્થ બરાબર સમજી, સ્વશક્તિ છુપાવ્યા વગર તેનો યથાર્થ આદર કરવો

૨ યથાશક્તિ જે કંઇ દાન શીલ તપસ્યાદિક ધર્મકરણી કરવી તે લોકરંજન માટે નહિ; પણ આત્મકલ્યાણ કરવાના પવિત્ર લક્ષ સાથે જ કરવી.

૩ સુખશીલતા અને સ્વચ્છંદતા તજવા-ભગવાન મહાવીર પ્રભુ પ્રમુખ મહાપુરૂષોના પવિત્ર ચરિત્રનું યથાશક્તિ અનુકરણ કરવું.

૪ પુન્યયોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો લ્હાવો લેવા ભાવજ થાય તો સ્વધર્મી બંધુઓનો ઉદ્ધાર, વિદ્યાર્થી બંધુઓ અને બ્હેનોને વિદ્યાદાન અને દુઃખી માનવોનું યથાશક્તિ હિત કરવાનું ખરૂં કામ વિસારશો નહિ.

૫ અન્ય જનો પણ અનુમોદના કરે એવી સમયાનુકૂળ પ્રભાવના કરવાનું સદા લક્ષ રાખશો ઇતિશમ્.

લે૦ મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

ઇ પણ કામ માટે જોઈએ તેટલા મળી શકે છે પણ સાધનો ઘણા જોઈએ માટે તમાં પૈસાની જરૂર. આગળના જમાનામાં સંસ્થા દ્વારા કાર્ય કરવાની પદ્ધતિ નહિં હોવાથી થોડા અર્થથી એકાદ બે કાર્ય કરનારાઓથી કામ ગમે તેવી સ્થિતિમાં પણ ચાલતા હતા. આજકાલ કામ કરનાર વિદ્વાન વર્ગ એટલે જે ને કામને માટે લાયક હોય, તેને માટે પણ અર્થની જરૂર પડે છે. તે સિવાય કલાર્ક નોકરો વગેરે મોટા અર્થે મળે છે, પુસ્તકો, ફરનીચર વગેરે સાધનોમાં પણ પૈસાની સારી જરૂર પડે છે. તે તમારાથી અજ્ઞાત નથીજ. અકાદ શેઠ કે ગૃહસ્થ બીજા અનુભવી અને અભણ હોય તેનજ બીજા અનેક કાર્યોમાં તે ગુંથાઇ રહેતો હોય તેવા ઑનરરી કામ કરે, પણ તે કામ શું કરી શકે? ઑનરરી માવા માત્ર શ્રીમંત કામ કરનારા પાસે કામ કરાવવું તે સંસ્થા કે આતાને પહોંચેજીજ તોડી પાડવું અથવા તેના મૂળમાં સડો ઉભેરવો એજ છે. તે કે તે વ્યક્તિ તે કામનો નાશ કરે એમ માનવા જેવું નથી; પણ તે વર્ગ બીજા અનુભવી અને અજ્ઞાન હોવાથી, કામની બીજુબાજુનું અને ઘણું ઘણાના પ્રસંગોનું તેમને જ્ઞાન નહતું હોતું અને તેને પોતાના બીજા અનેક કાર્યો અને વ્યવસાયમાં ગુંથાઇ રહેવું પડે છે. તેથી જેમ તેમ કરીને ચલાવે છે. કોઇ ખામી કે ભૂલ થાય તો પણ સમાજ તેને કંઇ કહી શકતી નથી. ઉલટું કહેવું પડે છે કે અમુક ભાઇ સારૂ કામ કરે છે. જતિભોગ આપીને તપાસ રાખે છે અને વિગેરે ઘુકમા તેના વખાણ કરવા પડે છે, છેવટે એવા પણ ઇગારો નીકળે છે કે—નહીં કરતાં સારૂ છે આ બધી બાબત તમને નવાઇ ભરી લાગશે, પણ જૈન સંસ્થાઓના સૂક્ષ્મ અવલોકનથી ઘણી વખત આ માર્ગે જણાઇ આવે છે. ગૃહસ્થોનું કે એવા સમજુ શ્રાવક વર્ગનું કામ જો કે સંસ્થામાં નથી ખોટ નથી, પણ તેમાં તેમને યોગ્ય જે કામ હોય તેજ કરવું જોઇએ ડીયા અક્ષર લખી જાણનાર શ્રીમંત ગૃહસ્થ કેળવણીને લગતી સંસ્થાના સેક્રેટરી ય, પણ તે શિક્ષણ શાસ્ત્રના સંબંધમાં શું સમજે? ઑનરરી કામ કરવું એ રાબ નહિ કહેવાય. પણ તે કામની યોજના અયોગ્ય છે આ બધું પ્રાસંગિક જ ણાવ્યું છે, પણ કુકામાં અર્થની પુષ્કળ જરૂર છે. કોઇ પણ કામમાં યોગ્ય શક્તિ સંપન્ન અને અંગોના દરેક ખાતાની બીજુવટ જાણનાર ચારે તરફ દૃષ્ટિ રાખી કામ કરનાર, દરેક બીજવણીમાં પોતાનું મગજ લાવે પછી થોડે ઘણે અંશે પણ અસફલતાથી પરોવી શકે એવા નિસ્વાર્થી પુરૂષ પ્રથમ નંબરે યોગ્ય કહેવાય. બીજે નંબરે જીવન અર્પણ કરી પોતાની જરૂરીયાત પુરતુંજ અર્થ લેનાર ઉપરના ગુણવાળા ગૃહસ્થ અને ત્રીજે નંબરે ઉપરની શક્તિવાળા પુરતા પૈસા લઇને પણ કામ કરનાર જો શક્તિ સંપન્ન પુરૂષ ગમે તેટલા પગારે મળે તો તેને માટે જરા પણ પાછી પાની ન કરવી જોઇએ એ સંસ્થાની મુખ્ય ફરજ છે. તદ્દન મફત કે ઘરના પૈસા ખાવી

ને પણ બીલ્કુલ શક્તિ અને બુદ્ધિ વિનાના પુરૂષદ્વારા કામ લેવું એ મહા મૂર્ખતા છે, તેમજ સંસ્થાને અંગે દરેક માણસનું આ આપણે સમજવું. આ બાબત ઉપર આપણા દેશમાં ને આપણી સમાજમાં ઓછું લક્ષ અપાય છે. આવી રીતે અનેક રીતે ખર્ચની આવશ્યકતા છે. આમ જ્યારે સારા ખર્ચની આવશ્યકતા છે, તો તે એક માણસ પુરૂં કરી શકે એ ઓછું સંભવિત છે; માટે તેમાં બીજા ભાગ લઈ શકે તેવો ખાસ અવકાશ હોવો જોઈએ અને લોકોને તેમાં પૈસા આપવાનું મન થાય તેવા તેવા પ્રયત્નો કે યોજનાઓ સંસ્થા તરફથી હોવીજ જોઈએ. અને તે ખાતાને આગળ ચલાવવા દિક્ષા લીધા પછી ને શાંતિ સ્વીકાર્યા પહેલાં સમાજમાં વ્યવસ્થા કે સુધારો કરવા ઇચ્છનાર યોગ્ય મુનિ, કે સંચાલક સમર્થ વ્યાપક બુદ્ધિનો ગૃહસ્થ પ્રયત્નો યોજી શકે, તોજ તે કામનો નિભાવ થાય. કામનો નિભાવ થાય કે ન થાય પણ શરૂ કરીને, એવા વિચારના આપણે ઘણા જોઈએ છીએ. વળી જે કામ કરવું હોય તેમાં જોઈતા સાધનો જો પહેલેથીજ વ્યવસ્થાસર હોય તો કામ સારી રીતે થઈ શકે અને તેમાં કોઇ જાતની અડચણ આવે નહિ. જો ઉપરના તમામ ખર્ચ માટે એકજ ધણીની રકમ પૂરતી હોય અને તેના અને તેના વ્યાજમાંથી કામ ચાલી શકે તેમ હોય તો વ્યાજમાંથી કામ કરવું અને સ્થાયી મિલકતની પણ એજ બાબત છે. એવુંજ કોઈ મહાન્ કામ હોય અને બીજાના પૈસા આગળ ચલાવવા માટે એકઠા કરી શકવાની હિંમત હોય તો અખત્યારમાંજ ખર્ચવા. એના જેવો સારો અને કામને આબાદ કરનાર બીજો કોઇ રસ્તો નથી. પણ આ સવાલોના ચોક્કસ જવાબો તો ત્યારે આપી શકાય કે તમે કેટલું કરી શકો તેમ છો ? તે જાણ્યા પછી સાત ક્ષેત્રમાં પેટા ભાગ તરીકે બતાવવામાં આવતાં દરેક ખાતાઓનો સમાવેશ થઈ શકે છે. સાત ક્ષેત્રોની સંજ્ઞા પણ શાસ્ત્રકારોએ રાખી છે. તેનો ઉદ્દેશ પણ સમજીએ કે શાસન અને સમાજ વ્યવસ્થાસર ચાલે તેવા ખાતાઓના મૂળવર્ગ આ સાત ક્ષેત્ર છે. તેમાં બીજા અનેક કામનો સમાવેશ થાય છે અને તેમાં સમાવેશ પામતાં કોઇ પણ કામ કરવા તે શાસ્ત્રસમ્મત છે એમ સમજવામાં કોઈ પણ જાતની અડચણ નથી, સાત કહ્યા એટલે સાતજ છે એમ ન હોય પણ પેટા ભાગ ઘણા થઈ શકે એવા બીજા અનેક દાખલાઓ શાસ્ત્રમાં છે. જે સમયે જેની જરૂર હોય તે કામ મુખ્ય પણે કરવું અને બીજાં ગૌણ રાખવા. એ બાબત જીનેશ્વરના સિદ્ધાંતને અનુસરતી છે, તેમાં કોઈ ના કહી શકે તેમ છેજ નહિ. ખરી વાત તો એ છે કે તમારે પૈસા ખર્ચવા છે માટે કામ કરવું એમ તો હોવુંજ જોઈએ. પણ કયા કામની વર્તમાન શાસનને ખાસ જરૂર છે અને કરવા જેવું કર્યું છે, માટે ખાસ શાસન પ્રેમ તરીકે અને તેના હિત ખાતર પૈસા ખર્ચો એવુંજ હોવું જોઈએ. અને તેથીજ શાસનને લાભ છે; પણ આ વાત થોડા સદ્દહયેાજ સમજે છે. એટલી સમજણ શક્તિની હવે આપણને

જરૂર છે. હાલ બે જાતની કાર્ય પદ્ધતિ ચાલે છે. એકતો હિંદુસ્થાનની પ્રાચીન કાર્ય પદ્ધતિ અને બીજી યુરોપીયનોની આધુનિક કાર્ય પદ્ધતિ. બન્નેના ઉદ્દેશ એક હોય છતાં પણ તેની રીતભાત જુદી જુદી હોય છે, તો બેમાંથી તમને કઈ પસંદ છે? આમાં વધારે સારી કઈ ગણો છો? તેનો જવાબ મળ્યા પછી તેને અનુસરતી તે પસંદ કરેલ કામની સ્કીમ તૈયર થઇ શકે. જુદી રીતે થાય છે તેમ તેના ફળમાં પણ ભેદ છે. જૈન કોમને પોતાના ખર્ચથી અને પોતાની દેખરેખ નીચે કરવાના કાર્યોનો મુખ્ય વિભાગ પડવા જતાં તેના બે વિભાગ થઇ શકે છે.

૧ પારલૌકિક ફળ આપનાર અને ઇહ લૌકિક ફળ પણ આપનાર (તે પણ જૈન દ્રષ્ટિએ પરંપરાએ પારલૌકિક ફળ આપનાર છે.)

૨ ઇહ લૌકિકના મુખ્ય ત્રણ પ્રકાર છે. સ્વરક્ષણ આંતર વ્યવસ્થા અને બાહ્ય પ્રવૃત્તિ અને તે પ્રત્યેકના બબ્બે ભેદ થઇ શકે છે. એક તત્કાળ અને બીજા ઉત્તરોત્તર લાંબે કાળે ફળે તે દરેકના યથાયોગ્ય બબ્બે પ્રકાર થઇ શકે છે. પ્રાચીન પદ્ધતિથી કરવાના અને નવીન પદ્ધતિથી કરવાના, સમાજના માણસોની રૂચિ ભીન્ન ભીન્ન પ્રકારની હોય તેથી આ બે ભેદો પડી શકે તેમ છે.

૩ પારલૌકિક ફળના કાર્યો ઘણે ભાગે જાતેજ કરવાના હોય છે. અને તે પૂજા ભક્તિ, યાત્રા, ઉપધાન, સામાયક, પ્રતિક્રમણ, તપશ્ચર્યા વિગેરે વિગેરે જેના ફળોને સંબંધ જૈન શાસ્ત્રની દ્રષ્ટિએ ઘણે ભાગે પરલોક સાથે છે.

૪ ઇહલૌકિકમાં નીચેની બાબતોનો સમાવેસ થાય છે.

૧ પ્રાચીનતાના સંરક્ષણ ૨ સમાજની ચાલુ સગવડ ૩ ભાવિ તૈયારી

૫ પ્રાચીનતાનાં સંરક્ષણમાં જૈન પ્રાચીન સાહીત્ય પ્રકાશ, શોધ, સંરક્ષણ, તેની વ્યવસ્થા, જ્ઞાન ભંડારો, મંદીરો, ઉપાશ્રયો વગેરે જૈન સ્થાવર જિંગમ સંરક્ષણ વગેરે શોધખોળ, શીલાલેખ, તામ્રપત્રો, દાનપત્રો, પ્રાચીન હસ્ત લિખિત લેખો પુસ્તકો વિગેરેની શોધ અને તે ખાતું અવશ્ય જૈન ઇતિહાસમાં મદદગાર થઇ શકે પ્રાચીન શાસ્ત્રોના અભ્યાસી તૈયાર કરવા વિગેરે અનેક કામોનો સમાવેશ થાય છે તીર્થરક્ષા, તેમાં સગવડો, અગવડો દૂર કરવી અને પદ્ધતિ પર (ઓજો ન પડે અને બરાબર તેવી રીતે ચાલે) મુકવા.

૬ ચાલુ સગવડમાં—૧ કેળવણી, ૨ જૈન આચાર વિચાર પ્રચાર, ૩ જૈનોને યોગ્ય ધંધે લગાડવા, ૪ પાંજરાપોળ (જીવદયા), ૫ જૈન પ્રજાના ઇતિહાસ તરીકેના હક્કોનું સંરક્ષણ, ૬ જૈનેતર સાથે જૈન દ્રષ્ટિએ ઓળખવો જોઇતો સંબંધ, ૭ કુરીવાજ વિગેરે જેમ બને તેમ ઓછા થાય અને પ્રાચીન રીવાજોના આશયનું સત્ય જ્ઞાન મળે. નવી સારી રીતભાત દાખલ થાય તેવા ઉપાયોની યોજના.

૭ કેળવણીમાં ઘણી બાબતોનો સમાવેશ થાય છે. ૧ જૈનશાળાઓ, ૨ સ્થાનિક સભાઓ. ૩ જૈન વિદ્વાનો દ્વારા લેવાનો લાભ. ૪ જૈન મુનિ વિગેરેને આપવાના ખાસ ઉંચા પ્રકારના સાધનોની યોજના, ૫ બૉર્ડીંગો, ૬ જૈન તત્વજ્ઞાનના અભ્યાસીઓ ભૂગોળ, ખગોળ, સાયન્સ પ્રાણી શાસ્ત્ર, વ્યાપારી કેળવણી સંસ્કૃત પ્રાકૃત અભ્યાસ કરનાર વિગેરે. ભિન્ન ભિન્ન શાસ્ત્રનો અભ્યાસ જૈન કૉલેજીયન વિદ્યાર્થીઓને મદદ. ૭ જૈન તત્વનો શાસ્ત્રીય દૃષ્ટિથી ઉંડો અભ્યાસ કરી શકાય તેવું સાધન, ૮ જૈન તત્વજ્ઞાનના બીજા દર્શનો સાથે તુલનાત્મક ગ્રંથો લખવાની જરૂર. ટેકસ્ટ બુક, કન્યાશાળાઓ, વિધવાશ્રમો, સ્ત્રી કેળવણીને અંગે સાર્વજનિક પ્રમાણે વર્ત્તવું તેમાં જૈન દૃષ્ટિથી કરવો જોઈતો ઉમેરો. પ્રાકૃત ભાષા પ્રચાર, એકજ બાતા તરફથી જૈન કેળવણીના સવાલો ચર્ચાય તેવી સગવડ, સાધ્વીઓ માટે ઉચ્ચ કોટિના અભ્યાસની ખાસ સગવડ ઉંચા કુટુંબની વિધવા સારી રીતે રહી શકે અને સારી રીતે જ્ઞાન સંપાદન કરી શકે તેવી સંપૂર્ણ સામગ્રી વાળી સંસ્થા. જૈન પ્રામાણીક ઉપદેશકો. કુલ જૈન પુસ્તકો એક સ્થળેથી મળી શકે તેવી મોટામાં મોટી લાઇબ્રેરીઓ. જૈન સમાજમાં યોગ્ય રીતે કેળવણીથી કામ કરી શકે તેવો વર્ગ ઉત્પન્ન કરવો તેમની આજીવિકાનું જીવન સુધીનુ સાધન, સારામાં સારા જૈન ગૃહસ્થો, જૈન મુનિઓ, જૈન વિદ્વાનો, જૈન ગ્રેજ્યુએટો વિગેરે ઉત્તમ પુરૂષો એકત્ર રહી શાંતિથી વખત ગાળી શકે તથા જૈન શાસનની સેવા અંતઃકરણથી કરી શકે તેવાઓ માટે એકત્ર મળવાનું સામગ્રી સહિત સાધન, સ્થાનિક સંસ્થાઓની દેખરેખ રાખનાર. જરૂરીઆતો પુરી પાડનાર સંસ્થા. જૈન સિવાય બીજાઓને જૈન બનાવવાના કેળવણીના પરોપકાર તળે દબાવવાના સાધનોની યોજના કરી સારા જૈન બનાવવા. દૂર દેશમાં મુનિ મહારાજાઓ (પોતાના ચારિત્રને બાધ ન આવે તેવે સ્થળે) ઉપદેશ આપવા [illegible] પોતાનું નિર્મળ ચારિત્ર પાળી શકે તેવા સગવડતા ભર્યા સાધનો પુરા પાડનારી સંસ્થા જૈનગૃહ વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થામાં સુધારા, જૈન આચાર વિચારની હૃદયમાં દૃઢ છાપ પડાવવી. જૈન ક્રિયાઓ જૈન શાસ્ત્રીય બંધારણો ને જૈન સંઘ સારી રીતે પાળતા થાય તેમાં નવો નવો સુધારો વધારો શાસ્ત્રદૃષ્ટિથી થતોજ રહે તેવું કરનાર એક સંસ્થા. કે—જે ઉપદેશકો, નાની નાની બુકો કે લાવણીઓ દ્વારા જૈન જૈનેતરમાં પ્રચાર કરાવી શકે. જેમકે હાલ જેમ જમાનો આગળ વધતો જાય છે. તેમ તેમ દરેક ગામમાં જોઈશું તો ઉકાળેલ પાણી પીનારા બહુજ થોડા મળશે. ઘરડાઓ (ડોશીઓ—કેટલીક વિધવાઓ) પીનારા મળશે. સાધુ સાધ્વીને કેટલી અડચણ પડે છે ? એ સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસવું જોઈએ. નવીન યુવક સ્ત્રી પુરૂષો આ બાબતથી તદ્દન અજ્ઞાત જ રહે છે. જો કે સ્કૂલમાં કેળવણી મળે છે, પણ તે અમુક અમુક વિદ્યાના પુસ્તકોની; પણ તેમના ઘરની જે જે રૂઢીયો શ્રાવક તરીકેની હોય છે,

તે ઘસાતી જાય છે. પણ તે વર્ગમાં વાંચન રૂચિ ભાષણ સાંભળવું વિગેરે હોય છે. તો હાલની શૈલી પ્રમાણે શાસ્ત્રના પુરાવા પ્રમાણે નવીન ઢબથી સમજાવવામાં આવે તેમાં શારીરિક લાભ પણ બતાવવામાં આવે તો અવશ્ય તેઓમા પણ કેટલીક જૈન ક્રિયા સ્વનઃ પ્રચાર પામે. જૈન ક્રિયાનુ મહત્વ સમજાવવાની નવીન ઢબથી અને શાસ્ત્રીય ઢબથી પ્રયત્ન થાય તો તેવા સમાજોમાં પુનઃ પ્રવેશ પામે જો કે આ સંબંધમાં સાધુ મહારાજાઓ ઘણું કરે છે અને કરી શકે તેમ છે, પણ ભુલવું ન જોઇએ કે સાધુ મહારાજાઓનો માર્ગ મુખ્યતાયે નિવૃત્તિપ્રધાન છે, હાલના વખતમાં જોકે કલેશ અને કુસંપ વિગેરેથી પ્રવૃત્તિપ્રધાન ચાલે છે, પણ તેમાં તેમની પૂર્ણ પ્રતિષ્ઠા નથી, માટે આ કામ સમજુ શ્રાવક વર્ગનું છે પણ એવા શ્રાવક નથી કે જેઓ વેપાર ધંધો છોડી આ કામ કરે પણ સંસ્થા દ્વારા સંસ્થામાં ઉપર લખ્યા પ્રમાણે કેળવીને તૈયાર કરેલા જૈન કાર્ય કરનારાઓ દ્વારા, તે વિષયની શોધખોળ તપાસ કરી માહિતી મેળવે અને તેને શાસ્ત્રીય હોય તો શાસ્ત્રી ઠરાવી ચાલુ સંજોગોનો ઓપ ચઢાવી પ્રજામાં જેમ પ્રવેશ પામે તેવી રીતે સરળ રૂપમાં ગોઠવી આપે વિગેરે અનેક કામો કરવાના છે જૈન શાસન એક મત કે પંથ નથી કે તેમાં એકજ કામ કરવાનું હોય, પણ તે એક દર્શન સર્વ દર્શન શિરોમણિ છે. કે જે આખી દુનીયાનો ધર્મ બનાવી લાયકાત ધરાવે છે તેવા તેના આચાર વિચારો અને પ્રીન્સીપલો છે. અને પ્રાચીન કાળમા ઘણે ભાગે તેમ હતું તેથી તેને અંગે અનેક દિશાઓમાં અનેક કર્ત્તવ્યો કરવાના છે. યદ્યપિ હાલ તેણે ઘણુંજ નાનુ (સંકુચિત) રૂપ પકડયું છે. માટે શાસનભક્તોએ ઉપર કામોની શરૂઆતો કરવી જોઇએ કે જે દરેક કામ ભવિષ્યમાં જૈન ધર્મની મહાન સાધનાઓના પ્રકાશ રૂપ ઉદ્દેશની રેખાઓ સારી રીતે સિદ્ધ કરે એવા સાધનો ઉત્પન્ન થતાંજ જાય અને કામ વધતુંજ જાય. પછી તે કામ ગમે તેવુ હોય, પણ તે સત્ય અને પરિણામે લાભકારીજ છે. સાધુ સાધ્વી વર્ગને પુસ્તકોનો સંગ્રહ રાખવો પડે છે, પુસ્તકો મંગાવવા માટે મેહેનત પડે છે, તેને જુદો જુદો ઉપદેશ આપવો પડે છે અને કેટલાકને તો પુસ્તકો મંગાવવા અમુક ઠેકાણે રૂમો રાખવી પણ પડે છે કારણ કે જ્યારે પુસ્તક જોઇએ ત્યારે પૈસા આપનાર મળી શકે કે કેમ એ સંશયથી આમ કરવુ પડે છે. પુસ્તકો માટે કબાટ મેળવવા કબાટ મુકવા, મકાન મેળવવા અને પુસ્તકો મોકલનાર ભક્ત મેળવવા ખાસ મહેનત અને વખતનો ભોગ આપવો પડે છે. સંઘ તરફથી એક સારૂં સાધન નહિ તેથીજ એમ બને છે, નહિતર મોટા મોટા શહેરોમા સારી સ્થિતિવાળી લાઇબ્રેરીઓ હોય, ને બીજા નાના ગામડાના વિહારપ્રસંગે અમુક સંસ્થા તરફથી જોઇતા પુસ્તકો મળી જતા હોય તો દરેકને અંગત પાર્સલ ખર્ચો પણ બચે અને ઘણી માથાકુટ બચવા સાથે ઘણી સારામાં સારી સગવડ થાય. તેવીજ રીતે

સામાન્ય સાધુ સાધ્વીને કયાં વિગેરે ઉપકરણની અને અભ્યાસ કરાવનાર પંડિત અને તેના પગારની મોટી મુશ્કેલી છે. તેમનામાં સંઘાડા અને ગચ્છોના પ્રતિબંધોથી તેઓની સંકુચિત ભાવનાથી એક બીજાની સામગ્રીનો લાભ આપવા જેટલી ઉદારતા નથી હોતી. આવી અનેક અડચણો છે. આપણા લોકો ધંધામાં એટલા મશગુલ બની ગયા છે કે તેનું પરિણામ શું આવશે તે તેઓ સમજી શકતા નથી. તેઓ શરીરની ઘણી પાયમાલી કરે છે, કુટુંબની દેખરેખ કે સારી સંભાળ લઇ શકતા નથી ને ધંધો કર્યેજ જાય છે. હું તેમ કરવામાં અનેક હાનિઓ જોઉ છું. પછી પિતાની સાથે સંબંધ નહિ રાખતા કે પિતાની યોગ્ય દેખરેખ કરી નહિ પામેલા ને નબળા શરીરથી જન્મેલા માયકાંગલા છોકરાઓ ઉદ્ધત અને માબાપથી વિરૂદ્ધ વર્તનવાળા થાય તેમાં શી નવાઇ? આમાનું ઘણું ખરૂં પ્રાસંગિક જાણવા ખાતર લખ્યું છે. કેળવણી, જૈન આચાર-વિચારનો પ્રકાશ વિગેરે સમાજમાં કેમ વધારે પડે, સમાજમાં રહેલ કોઇપણ વ્યક્તિ પછી તે ત્યાગી હો કે ગૃહસ્થી હોય તેપોતાના ધર્મોનું યથાર્થ પાલન કેમ વધારે પ્રમાણમાં કરી શકે, જૈનધર્મ સર્વમાન્ય દર્શન કેમ થઇ પડે તેવા અનેક પ્રસંગો જૈન સમાજને જોવા હોય, જૈન દર્શન ટકાવી રાખવું હોય, તેની ઘટતી સંખ્યા અટકાવવી હોય, ધર્મીઓની વૃદ્ધિ કરવી હોય વિગેરે વિગેરે જોવાની ઇચ્છાવાળા માટેજ આટલું લખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આટલું જણાવી હાલ વિરમું છું.

એક જૈન

દિવ્ય ભાવનાબળ

જન્મ પછી પ્રત્યેક વ્યક્તિને એક એવી આંતર પ્રેરણાનું બળ પ્રશ્ન કરે છે કે 'માનવ વ્યક્તિ! આ જગતમાં તારો જન્મ શાને માટે છે?' આનો ઉત્તર તે વ્યક્તિના આખા જીવન પર્યંતના કાર્યાકાર્યના નિર્ણય ઉપર અવલંબે છે. જન્મતાં વેંત માતા પિતા આદિ સ્વજનવર્ગ હર્ષ પામે છે, પરંતુ એક નીતિકારે કહ્યું છે કે, 'હે બાળક! તારા જન્મ વખતે તું રૂએ અને લોકો હસે, અને મૃત્યુ વખતે તું હસે અને લોકો રૂવે. આવી પરિસ્થિતિ જીવન પર્યંત તૈયાર કરજે' આ શબ્દોનું રહસ્ય જો મનુષ્ય પોતાના હૃદયમાં પ્રકટાવે અને કાર્યાકાર્યનો નિર્ણય મનની વિશુદ્ધિદ્વારા કરતો રહે તો એ નીતિકારના અણુમુલ વચન સત્ય કરી બતાવવાનો પ્રસંગ ઉપસ્થિત થયા વગર રહે નહિ.

જીવનમાં સારા સંસ્કારો ઉપચિત કર્યા પછી ભૂતમાત્રમાં આત્મવત બુદ્ધિ થાય, તેઓનું સુખદુઃખ એ મારૂં સુખ દુઃખ છે એવી વિશ્વવ્યાપી વિશાળ-

ભાવના ઉદયમાન થાય ત્યારે મનુષ્યમાં અપૂર્વ દિવ્યતા પ્રકટ થાય છે; એ દિવ્યતા વડે બીજા અનેક આત્માઓને અંધકારના માર્ગમાંથી પ્રકાશના માર્ગમાં તે મનુષ્ય મુકી શકે છે. હૃદયનું સાંકડાપણું અને મિથ્યાભિમાન આદિ મનુષ્યના દુર્ગુણોને આ સંસારના અગ્નિથી ભસ્મીભૂત કરવા અને એજ તાપની ધગધગતી ભઠ્ઠીમાં આત્માના તુચ્છ અહંત્વને મૈત્રીભાવનાની દિવ્યતામાં ઓગાળી નાંખવું, એ આ જન્મના મનુષ્ય જીવન તરીકેની વાસ્તવિક સાર્થકતા છે. જે વડે દેહતત્વનો વિલય થાય તેના ધર્મોને પોતાના ધર્મો ન લેખતાં પુદ્ગળના ધર્મો તરીકે લેખાય એવી આચરણા તે ભાવના બળનું ફળિત પરિણામ છે.

અન્યના હિત અર્થે આપણા નાના મોટા સ્વાર્થોની અવગણના કરવી, તેમના સુખ અને તૃપ્તિમાં આપણું સુખ અને તૃપ્તિ ઉપજાવી લેવી, વિશ્વના જીવો સાથે આપણી એકાકારતા થવા સુધીની બુદ્ધિ અનુભવવી, એ જૈન દર્શન અનુસાર ભાવનાબળનો રાજમાર્ગ છે. વિશ્વસેવાની વેદિમાં પોતાના સુખ અને સાધનોની આહુતિ આપનાર વીરપરમાત્માનું જીવન આપણને પરોક્ષ રીતે અપૂર્વ આત્મબળ પ્રેરી રહ્યું છે.

નાની નાની સગવડોનો ભોગ આપતાં ક્રમે ક્રમે અંતરાત્મપણું પ્રકટે છે અને મૈત્રીભાવના વૃદ્ધિ (Progress) પામે છે. 'મારા' પણું અને 'હું' પણું ભુલાવવા માટેજ શાસ્ત્રકારોની પ્રવૃત્તિ હમેશાં સૂચના આપતી રહી છે. પ્રત્યેક વ્યક્તિ જ્યારે પોતાનું સુખ સાચવવા તૈયાર હોય છે ત્યારે તે એક નાના દૃષ્ટિબિંદુ (Point of view) માં સંકોચાઈ જાય છે. અને તેની મર્યાદા બહુ ટુંકી હદમાં આવી જાય છે; પરંતુ જ્યારે વિશ્વનાં સુખ ભણી દૃષ્ટિ કરે છે અને તેમનું સુખ સાચવવા પ્રયત્નશીલ બને છે ત્યારે તે તેની ભાવનાના પ્રમાણમાં વિકસિત થાય છે. કે મતલબ જે પ્રમાણમાં મનુષ્ય સુખનો ભોગ આપી શકે તે પ્રમાણમાં તેની મહત્વતા છે.

'भावना भवनाशिनी' એ શબ્દો આવી ઉચ્ચ ભાવના માટે યોજાયેલા છે. દાન, શીલ, તપ અને ભાવનારૂપ ધર્મના મુખ્ય અંગોમાં ભાવનાની મુખ્યતા હવેથી ગવાઈ રહી છે. તેમજ 'यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी' એ મહાન વાક્યનો, વિજય ઘોષ ઉચ્ચ સ્વરે પ્રત્યેક દર્શનકાર કરી રહેલાં છે. જેમ ઉચ્ચ આચાર ઉચ્ચ ભાવનાને પ્રકટાવે છે તેમ ઉચ્ચ ભાવના ઉચ્ચ આચારને ટકાવી રાખે છે. પરસ્પરનો સંબંધ અવિચ્છિન્ન છે, હું કુદરતનું એક હથીયાર છું, કાર્યસંકલનાઓ મારા મારફત ફલવતી થાય છે—એવી ભાવના આત્મબળની પોષક છે અને એ

ભાવના પ્રકાશિત કરવા માટે જ અથવા બીજા શબ્દોમાં 'અંતરાત્મપણું' પ્રકટ કરવા માટે જ સત્સંગ અને સદ્ગુરૂના ઉપદેશો છે.

આત્માનું સાચું સ્વાતંત્ર્ય સ્વચ્છંદ પ્રવૃત્તિમાં નથી. એમર્સન લિખેરે પાશ્ચાત્ય તત્વજ્ઞો કહે છે કે–'અંતઃકરણ જે પ્રમાણે વર્તવાનું કહે તે પ્રમાણે દરેક મનુષ્યે વર્તવું' પરંતુ જૈન દૃષ્ટિએ આ એક અપેક્ષાએ સત્ય છે, કેમકે અંતઃકરણ પ્રમાણે વર્તવા જતાં તે અંતઃકરણનું વિચારસામર્થ્ય જ્યાંસુધી બળવત્તર અને હંમેશાં શુભ પરિણામ ઉત્પન્ન કરવા લાયક થયું હોતુ નથી ત્યાંસુધીમાં અમુક ભૂમિકા પ્રાપ્ત કર્યા વગરના અંતઃકરણના અવાજ અનુસાર ચાલવું તે સાહસ છે. માટેજ શ્રદ્ધા, શાસ્ત્રમર્યાદા અને સત્સંગ તેમજ જીવનકાળના આજુબાજુના પ્રસંગો તરફ દૃષ્ટિપાત કરવાની જરૂર હોય છે અને એ પ્રસંગો ઉપરથી થયેલી કાર્યાકાર્યની પદ્ધતિનો અંતઃકરણ નિર્ણય કરે અને તદનુસાર વર્તવું એ પ્રત્યેક મનુષ્યનું કર્ત્તવ્ય છે.

ગમે તેવા હર્ષ, શોક, સુખ દુઃખ અને આવા અસારતાના પ્રસંગોમાં પોતાને નિર્બળતા ન સ્પર્શ થવા દેવામાં ખરેખરૂં આત્મબળ પ્રકટ કરવાની શરૂઆત થાય છે. 'હું મારા સ્વરૂપનો માલીક છું, કર્મજન્ય નિમિત્તોને વશ થઇ તેની પ્રકૃતિ અનુસાર મારે તેના પ્રવાહમાં તણાવું કે નહિ તે મારી ઇચ્છાનો વિષય છે–એમ દૃઢતાથી વિચારવામાં જ આત્માનું સાચુ સ્વાતંત્ર્ય છે.

ભાવનાબળનું મૂળ તત્ત્વ શ્રદ્ધા છે. આ શ્રદ્ધા જ્ઞાનપૂર્વક હોવી એ અનેક જન્મોના સર્વજ્ઞ શાસનસેવાના પરિણામે પ્રકટ થાય છે. સર્વજ્ઞ શાસનનું ખરૂં રહસ્ય સમજનાર આત્મા કર્મના પ્રકારોને સારી રીતે તેના મર્મસ્પર્શી પ્રહારોના પરિણામ પૂર્વક જાણે છે. કર્મની બાહ્ય સામગ્રીથી નિર્બળ આત્માઓ જલ્દી રંગાઇ જાય છે; પરતુ વીર્યવાન અને મુક્તિપદની તીવ્ર જિજ્ઞાસાવાળા મનુષ્યોને સુખ દુઃખાદિ બાહ્ય સામગ્રીનું સાધન ખાસ કરીને અસર કરી શકતું નથી. વેદનીય કર્મના ઉદયકાળે ઉન્નત આત્માઓ ક્ષુદ્ર દુઃખ સુખના અનુભવો માટે બેદરકાર રહે છે, જ્યારે નિર્બળ આત્માઓ અલ્પ સુખ દુઃખને પણ તીવ્રપણે વેદે છે. ભાવનાના પ્રદેશમાં સંસ્કારો અનુસાર આ રીતે બન્નેનું તારતમ્ય હોય છે.

બળવાન આત્માઓ આ ભાવનાબળ હંમેશાં દૃષ્ટિ સમક્ષ રાખતા હોવાથી ક્લેશમય વાતાવરણ કદી પણ તેને અસર કરી શકતું નથી; પરંતુ જ્યારે આ ભાવનાની ભવ્યતા ભૂલી જવામાં આવે છે, ત્યારે નજીવા ક્લેશોમાં શક્તિનો વ્યય કરવામાં આવે છે અને પોતાના તેમજ પરના આત્મામાં જે ઉત્તમ ભાવના પ્રકટ થવી જોઇએ તે નહિ થતાં પરસ્પર ક્લેશનું નિમિત્ત કારણ બને છે, કેમકે 'અહં મમ' નો મંત્ર ત્યાં ભૂલી જવામાં આવતો નથી.

જૈન દર્શનનું સમગ્ર રહસ્ય પ્રાણીસેવા-મૈત્રીભાવના અર્થે જે આત્માઓનું સતત પ્રયાણ હોય છે-તેમને માટે પ્રાપ્ત થયેલું હોય છે. તેઓ પોતાની આસપાસ એવું સુંદર વાતાવરણ ઉત્પન્ન કરે છે કે જેથી આખું વિશ્વ તેની સ્તુતિ કરવા લાગી પડે છે. મૈત્રીભાવનાના પ્રયોગ (action) માંજ ઉગ્ર ચમત્કાર છે. વિશ્વકલ્યાણની પ્રબળ ભાવના અને એ અર્થેજ જેમનું જીવન ગતિમાન્ થઇ રહેલું છે તેઓ મનુષ્ય જીવનમાં મહાન્ વ્યક્તિ તરીકે પૂજાય છે.

ફત્તેહચંદ ઝવેરભાઇ.

રહેવાનાં મકાનોની તંગી.

(લે. રા. રા. નરોત્તમદાસ બી. શાહ-મુંબઇ)

મુંબઇમાં મકાનોની અત્યંત તંગી છે અને જરૂરી વસ્તુઓ તથા મજુરીના ભાવોમાં હદ ઉપરાંત વધારો થવાથી જરૂર પુરતાં મકાનો પુરા પાડી શકાતા નથી તે ભાગ્યેજ જણાવવાની જરૂર છે. મુંબઇમાં રહેવાનાં મકાનોની પુરેપુરી જરૂર છે એમ દીર્ઘ સમયથી જણાયું છે, પરંતુ ગરીબ તેમજ તવંગર સૌને સહન કરવું પડે છે. જો કે આપણામાંના ઘણા ખરા લોકોને આથી સહન કરવું પડે છે, તો પણ કેટલોક વર્ગ એવો છે કે જેઓ આ સંબંધમાં સૌથી વધારે મુશ્કેલીભરી સ્થિતિ ભોગવે છે. મીલના કામદારોને તથા બીજા મજુરોને આની દુઃખદ સ્થિતિમાંથી મુક્ત કરવા માટે સરકાર તરફથી ઘણુંજ કરવામાં આવે છે. આ સ્થળે મારે કહેવુ જોઇએ કે મધ્યમ વર્ગના તેમજ તદ્દન ગરીબ જેનો પણ એવીજ દુઃખદ હાલતમાં છે, તેઓના સંજોગો, સામાજીક રીતરીવાજો, ધાર્મિક નિયમો, તેઓની રહેણી કરણી વિગેરે મીલોના કામદારો તથા બીજા ગરીબ લોકોથી એટલે બધે દરજ્જે જુદાજ છે કે અજાણ્યા પાડોશમાં વસવું તે તેઓને માટે અશક્ય છે. ગરીબ લોકોની સ્ત્રીઓ પણ મજુરી કરીને પુરૂષ વર્ગની કમાણીમાં ઉમેરો કરે છે, પરંતુ મધ્યમ અને ઉંચા વર્ગના કુટુંબોમાં આ પ્રકારના સહકારના દ્રષ્ટાંતો જવલ્લેજ જોવામાં આવેછે. તેના કુટુંબો અવિભક્ત હોય છે, જ્યાં એક અથવા બે માણસો રળેછે અને બીજા તેના ઉપર આધાર રાખે છે. આ વર્ગના લોકો ઉપર ખાસ કરીને મહાન જગદ્વ્યાપી યુદ્ધ પછીની સ્થિતિથી ભારે અસર થઇ છે. તેઓના ઉપર ખર્ચનો બોજો અત્યંત વધી ગયેલ છે અને હમણાં તો લગભગ અસહ્ય થઇ પડેલ છે. ગરીબ લોકો ખરેખરી સહાનુભૂતિને પાત્ર છે એમાં લેશ પણ સંદેહ નથી, પરંતુ તે સાથે સરખાવતાં મધ્યમ વર્ગના લોકોની સ્થિતિની સરખામણી કરતાં પણ વધારે કરુણ છે, એમ હું માનું છું.

તેઓની દુઃખદાયક સ્થિતિ ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે અને હું આશા રાખુંછું કે આપણી કોમના ધનવાનો આ વર્ગના લોકોને મદદ આપવા પોતાનો ઉદાર હાથ જરૂર લંબાવશે.

જેમ અને તેમ સસ્તાં ભાડાંની હવાપ્રકાશવાળી ચાલીઓની ખાસ આવશ્યકતા છે. અને મને આશા છે કે કોમના શ્રીમાનો પોતાના ગરીબ ધર્મબંધુઓ તરફ સહાનુભુતિ દર્શાવશે અને તેમને માટે સસ્તા ભાડાની ચાલીઓ તૈયાર કરવા માટે પોતાથી બનતું કરશે. સંભવ છે કે તેની અંદર રોકાયેલ રકમનો ભાડાના રૂપમાં યોગ્ય બદલો નહિ મળે, છતાં ગરીબ અને મધ્યમવર્ગના પોતાના ધર્મબંધુઓ ને મદદ કરવી તે સર્વથા ઉચિત છે અને સ્વધર્મીઓ તરીકે તેઓની કોમના શ્રીમાનોની સહાનુભૂતિ ઉપર તેઓનો કેટલોક હક્ક છે. ગયે વર્ષે અહિંઆ સ્થપાયલી જૈન સેનિટરી એસોસીએશન નામની સંસ્થાએ દાદરમાં ૪૦ ઓરડીનું ત્રણ મજલાનું એક મકાન ભાડે રાખેલ છે. તેની સઘળી ઓરડીયો રોકાઈ ગયેલ છે અને વધારે ઓરડીયો માટે સંખ્યાબંધ અરજીઓ આવેલી છે; પરંતુ દિલગીરીની વાત છે કે ઘણા ખરા શ્રીમાનોએ આ ફંડમાં પોતાનો ફાળો હજુ સુધી આપ્યો નથી. એવા પ્રકારની ટુંક મુદત માટેની મદદથી પોતાનો ઇચ્છિત હેતુ કેટલે દરજજે સિદ્ધ થશે તે ઉક્ત યોજના ઘડનારાઓને માટે વિચારણીય વિષય છે.

જૈનોમાં કેળવણી સંબંધી મારા અંગત વિચારો.

(લે૦–રા. શા. નરોતમદાસ બી. શાહ—મુંબઇ.)

આપણા લોકો કેળવણીની પ્રગતિનું માપ તે સંબંધના આંકડાઓ ઉપરથી કાઢવાને સ્વાભાવિક રીતે ટેવાયલ છે. ગવર્નમેન્ટ તરફથી જે વાર્ષિક રિપોર્ટો બહાર પાડવામા આવે છે તેનાથી આપણે આંકડાઓ જાણી શકીએ છીએ અને તે ઉપરથી સંખ્યામાં કેટલો વધારો થાય છે તેનો નિર્ણય કરી શકાય છે. કેળવણીના વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે પ્રાથમિક, માધ્યમિક તથા વિશિષ્ટ શાળાઓમાં અને કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા કેળવણીની પ્રગતિ સંબંધી નિર્ણય બાંધવામાં એક સાધન માત્ર છે, પરંતુ જૈન વિદ્યાર્થીઓની રીતભાતમાં અને આચાર વિચારમાં કેટલો સુધારો થયો છે તેનો આ રિપોર્ટો ઉપરથી ઘણો થોડો ખ્યાલ આવી શકે છે. પ્રાથમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓમાંથી માત્ર તેર ટકા જેટલા વિદ્યાર્થીઓ માધ્યમિક શાળામાં અભ્યાસ ચાલુ રાખે છે, અને માત્ર એકજ

ટઠો કોલેજમાં અભ્યાસ કરે છે. જૈન કોમમાં કેળવણીની પ્રગતિનું આ શુભ ચિહ્ન ગણી શકાય નહિ. તેથી જૈન કોમને માટે એટલી જરૂર છે કે કેળવણીને લગતા જે આંકડા ગવર્નમેન્ટ તરફથી દરવર્ષે પ્રસિદ્ધ થાય તેની સ થે શિક્ષકોએ અને જ ની ખાતાના અનુભવી અધિકારીઓએ લખેલ નોધો પણ ઠાર પાડવી જોઇએ, જેના વગર ઉક્ત રિપોર્ટ તદ્દન નિરૂપયોગી છે આ પ્રકારની નોધને અભાવે આપણે એ આંકડાઓથી સંતોષ માનવો પડે છે, અને 'બહુલા' તથા 'અલ્પ' ના આંકડાઓ જોવાથી આપણને લાગે છે કે આપણે સારી પ્રગતિ કરીએ છીએ. જૈન કોમનાં સંબંધમાં આ આંકડાઓ તરફ જોનાં એટલું કસુલ કરવુ જોઇએ કે જૈનોમાં કેળવણી સંગીન પ્રકારની અને બુદ્ધિ ખીલવનારી હોતી નથી ઘણા ખરા જૈનો અર્ધ-શિક્ષિત અને સાચી કેળવણીથી રહિત હોય છે, અને તેઓ પોતાની નિર્માલ્ય અધુરી કેળવણીને આધારે રળી ખાતા હોય છે. ખરેખરો માનસિક વિકાસ અને કેળવણીને માટે અત્યંત માન-જે ખરેખરી કેળવણીનાં ચિહ્નો ગણાય છે તેનો પણ નેટલો જ અભાવ જોવામાં આવે છે. જૈનોમા આવા પ્રકારની હલકી અને નિર્માલ્ય કેળવણી છે તેનું એક મુખ્ય કારણ એ છે કે કેળવણીના ઉત્કર્ષને માટે અસંખ્ય જુદી જુદી સંસ્થાઓ સ્થાપવાની ચાલુ પદ્ધતિને બદલે માનસિક વિકાસ કરનારી એક પણ સારા બંધારણ વાળી સંસ્થા નથી. કેળવણીને લગતી હીલચાલોમાં કોઇ પણ ચોર ણને વળગી રહેવાનો યત્ન કરવામાં આવતો નથી, પરતુ ઘણા ખરા જૈનો તો જેમ બને તેમ વહેલા પૈસા મેળવવા પુરતી શાળાની કે કોલેજની સસ્તી કેળવણી ઉના વળથી પ્રાપ્ત કરવા ચિંતાતુર હોય છે. ઘણા ખરા માબાપો પોતાના પુત્રો પ્રતિભા સંપન્ન થાય તે કરતાં પૈસા રળતા થાય તે વધારે પસંદ કરે છે. આનુ પરિણામ એ આવ્યું છે કે આપણને ભાગ્યેજ પ્રતિભાસંપન્ન મનુષ્યો જડી આવે છે, જો કે બજારોની અંદર ઘણા એક ફત્તેહમંદ દલાલો અને વેપારીઓ આપણા જોવામાં આવે છે. પણ આપણે સમજવું જોઇએ કે કોઇ પણ પ્રજા આ ક્ષણિક જીવનના લાભો માટે જીવી શકે નહિ. ભૌતિક સંપત્તિ ઈચ્છવા જોગ છે તેમજ મનુષ્યે ધાર્મિક અને માનસિક કેળવણી પ્રાપ્ત કરવા યત્ન કરવો જોઇએ જે જડવાદ આપણી કોમને અધોગત દશાએ પહોંચાડવા ધમકી આપી રહેલ છે, તેના વધતા જતા વેગને રોકવાની મહાન અગત્ય છે. જૈનોમા કેળવણી ખાસ કરીને સાંસારિક હેતુઓ માટે થઇ પડેલ છે તે અટકાવવા માટે કેળવણીના હેતુઓ ઉંચા પ્રકારના અને વિશાળ બનાવવાની મુખ્ય જરૂર છે. આવા સંજોગોમાં જૈન કોમમાં એક સારા બંધારણવાળી કેળવણીની સંસ્થાની જરૂર છે કે જેમાથી ખરેખર માનસિક, કોમીય, અને પ્રજાકીય વાતાવરણ રચી શકાય આ હેતુની સિદ્ધિઅર્થે આપણે એમાદ મહાન સંસ્થા સ્થાપીએ તે પહેલાં કેળવણીના ઉત્કર્ષ માટે હમણાં આવી એક સંસ્થા સ્થાપવાની જરૂર છે.

સ્કૉલરશિપોનો લાભ લેવા ઇચ્છતા ખરેખરી રીતે લાયક જૈન વિદ્યાર્થીઓની યથાસ્થિતિ કોઇના જાણવામાં હોતી નથી.

૮ છેવટે હું દૃઢતાપૂર્વક આશા રાખું છું કે કેળવણીખાતાના અધિકારીઓની નોંધ સહિત જૈન કોમમાં કેળવણીના પ્રશ્નનું જે નિરાકરણ જૈન સમાજ સમરજુ કરવામાં આવ્યું છે, તેના ઉપર કેળવણીની પ્રગતિમાં રસ લેનાર સજ્જનો પુરતું લક્ષ આપી વિચાર કરશે અને હાલમાં અપાતી કેળવણીની અસહ્ય ખામીઓ દૂર કરવાને શ. શ. દેશાઇની સૂચના મુજબ કોઇ યોજના ઘડશે તો મુંબઇ ઇલાકાની કેળવણી ખાતાના ડાયરેકટર સાહેબે કરેલી સેવા સફળ થઇ છે એમ લેખાશે.

પ્રતિકૂળ અવસ્થાઓમાંથી છૂટવાનો અમોઘ ઉપાય.

(ગતાંક પૃષ્ઠ ૨૬ થી શરૂ.)

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.

નિર્ધનતા અથવા અન્ય કોઇ પણ પ્રતિકૂળ અવસ્થાને સદાને માટે દૂર કરવાને સૌથી સીધો અને સરલ માર્ગ એ છે કે આપણે આપણી અંદરથી સ્વાર્થયુક્ત વાસનાઓનો બહિષ્કાર કરવો, કારણ કે બાહ્ય અવસ્થાઓ અંતરંગ વાસનાઓની પ્રતિરૂપ છે અને તેથી જ્યાં સુધી અંતરંગ વાસનાઓ રહેશે ત્યાં સુધી બાહ્ય અવસ્થાઓમાં પરિવર્તન થઇ શકશે નહિ. સાચી સંપત્તિ પ્રાપ્ત કરવાનો એ માર્ગ છે કે આપણી પોતાની અંદર નીતિ અને સૌજન્યના વિચારો ઉત્પન્ન કરવા જોઇએ. જો આપણાં મનની અંદર ખરેખરા સૌજન્યના વિચારો ઉત્પન્ન નથી થતા તો પછી આપણે સુખી થઇ શકતા નથી અને શક્તિ પ્રાપ્ત કરી શકતા નથી. આપણે જાણીએ છીએ કે જેઓમાં સૌજન્યનો અંશ પણ નથી હોતો તેમજ જેઓને સજ્જન બનવાની ઇચ્છા પણ નથી હોતી એવા મનુષ્યો ઘણી સારી ભૌતિકકમાણી કરે છે, પરંતુ સ્મરણમાં રાખો કે તે કમાણી સાચી કમાણી નથી. તે ફક્ત થોડા દિવસને માટે જ હોય છે. એક મહાત્માનું કથન છે કે " મૂર્ખ અને દુષ્ટ લોકોની ચઢતી દશા જોઇને મને અત્યંત આશ્ચર્ય થયું. મને મહાન પશ્ચાત્તાપ થયો કે હું વ્રત, ઉપવાસ અને પૂજાભક્તિ વ્યર્થ કરૂં છું, પરંતુ જ્યારે હું પ્રભુના દરબારમાં ગયો ત્યારે ત્યાં મને તેનો સંતોષકારક ઉત્તર મળી ગયો અને તેનો મૂળ ભેદ મારા સમજવામાં આવી ગયો. " દુષ્ટોની બુદ્ધિએ જ ઉક્ત મહાત્માને પ્રભુના દરબારમાં મોકલ્યો હતો. ત્યાં તેને સર્વ સ્થિતિની માહિતી મળી. તેવી જ રીતે તમે પણ એ પવિત્ર મંદિરમાં પ્રવેશ કરો. એ મંદિર તમારી અંદર મોજુદ છે. એ આત્માની સર્વોચ્ચ અવસ્થા

છે. એ અવસ્થામાં સઘળા પ્રકારના માનસિક વિકારો અને ક્ષણિક વિચારોનો નાશ થઇ જાય છે અને પરમાત્માનું સ્વરૂપ પ્રત્યક્ષ ગોચર થવા લાગે છે. એ અવસ્થાને જ પરમાત્માવસ્થા કહેવામાં આવે છે. એ જ ઇશ્વરનું પવિત્ર મંદિર છે. જ્યારે તમે કોઇ કાર્ય કરી રહ્યા પછી તમારી ઇચ્છાઓનો નિરોધ કરીને અને કષાયોનો ક્ષય કરીને એ પવિત્ર મંદિરના દ્વાર પાસે આવશો ત્યારે તમને મનુષ્યોના વિચાર અને કાર્યના સારા વા બરાબ પરિણામનું સ્વરૂપ સ્પષ્ટતઃ બુદ્ધિગત થશે. વળી જ્યારે તમે કોઇ દુષ્ટ મનુષ્યને બહારથી દ્રવ્યસંચય કરતો જોશો ત્યારે પણ તમારી શ્રદ્ધામાં જરા પણ ન્યૂનતા આવશે નહિ, કારણ કે તમે જાણી જશો કે એ મનુષ્ય એક દિવસ જરૂર ગરીબ બની જશે અને દુઃખી થશે. તેની ચઢતી થોડા દિવસ માટે જ છે. જે ધનવાન મનુષ્યમાં સૌજન્ય નથી તે વસ્તુતઃ નિર્ધન, દરિદ્ર છે. જેવી રીતે નદીનું પાણી સમુદ્રમાં જઇને ભળે છે તેવી જ રીતે જો કે તે મનુષ્ય ધનવાન છે, તો પણ વસ્તુતઃ તે નિર્ધનતા અને વિપત્તિની દિશામાં ધસડાય છે અને તે મૃત્યુ સુધી ધનવાન જ રહે તો પણ તેને પોતાનાં દુષ્કર્મોનું પ્રતિકૂળ ભોગવવા માટે અવશ્યમેવ પાછો જન્મ લેવો પડશે અને જ્યાં સુધી તે થોડા ઘણાં દુઃખનો અનુભવ કર્યા પછી પોતાની આંતરિક નિર્ધનતા ઉપર વિજય નહિ મેળવે ત્યાં સુધી તે જેટલીવાર ધનવાન બનશે તેટલીવાર તેને નિર્ધન બનવું પડશે. આથી હવું, જે મનુષ્ય બહારથી નિર્ધન છે, પરંતુ અંતરંગમાં ધનવાન છે અર્થાત્ જેના વિચારો ઉત્તમ છે, જેનું મન શુદ્ધ છે, તે જ યથાર્થ રીતે ધનવાન છે. દરિદ્રતામાં પણ તે સુખ અને ઐશ્વર્યની દિશામાં ગમન કરે છે અને હમેશાં અપરિમિત હર્ષ અને સંતોષ તેની શહ જોઇ રહે છે.

જો તમારે ખરેખરી રીતે સ્થાયી સુખ મેળવવાની ઇચ્છા હોય તો પહેલાં તમારે એક નિષ્ઠ ધર્માત્મા બનવું જોઇએ. એ વિના સુખની ઇચ્છા કરવી, રાત્રિ દિવસ તેની ચિંતા કર્યા કરવી અને તે માટે નિરંતર ઉત્સુક રહેવું તે મૂર્ખતા છે. તમે એ પ્રમાણે કરશો તો તમારો આત્મા પતિત થશે. તમને "કદિ પણ સફલતા પ્રાપ્ત થઇ શકશે નહિ. તમારી પોતાની જાતને ઉન્નત અવસ્થાએ પહોંચાડવાનો ઉદ્યોગ કરો, પરોપકાર અને નિઃસ્વાર્થ સેવાને તમારા જીવનનું ઉદ્દેશ્ય બનાવો, અને હમેશાં ઉત્તમ અને સ્થાયી સૌજન્યનો સ્વીકાર કરવાનો પ્રયત્ન સેવો.

તમે કહો છો કે "અમારે પોતાને માટે દ્રવ્યની આવશ્યકતા નથી, પરંતુ તે દ્રવ્ય દ્વારા બીજાઓનું હિત કરવાનો અમારો વિચાર છે." જો વાસ્તવિક રીતે તમારો એવો વિચાર હોય તો તમને દ્રવ્ય અવશ્ય મળશે જ. પરંતુ તમારે યાદ રાખવું જોઇએ કે દ્રવ્ય પ્રાપ્ત કરીને તમારે દૃઢ અને નિઃસ્વાર્થ બનવું જોઇએ. તમારી જા

તને તે દ્રવ્યના સ્વામી માનવાને બદલે તમે તેના રક્ષક યાને ગુમાસ્તા માત્ર છો એમ સમજવું જોઇએ. તમારા ઉદ્દેશને સારી રીતે સમજી લ્યો. કારણ કે પ્રાયે કરીને આપણે જોઇએ છીએ કે મનુષ્યો એમ કહે છે કે જો અમારી પાસે દ્રવ્ય હોય તો અમે તે સઘળું પરોપકારનાં કાર્યોમાં વાપરીએ, પરંતુ તેઓની આંતરિક ઇચ્છા હમેશાં એવી રહે છે કે લોકો અમારાથી હમેશાં પ્રસન્ન રહે, અમારી પ્રશંસા કરે અને અમારી ગણના સુધારકો અથવા પરોપકારીઓમાં થાય. તમારી પાસે જે અલ્પ દ્રવ્ય છે તે વડે તમે બીજાઓનું હિત કરી શકતા નથી, તો પછી જ્યારે તમને અધિક દ્રવ્યની પ્રાપ્તિ થશે ત્યારે તમે તેથી પણ વિશેષ સ્વાર્થી બની જશો અથવા તમારાં દ્રવ્યથી બીજાઓનું હિત કરવાનો પ્રયત્ન કરશો તો તે કેવળ પ્રતિષ્ઠા અને કીર્તિની ખાતર કરો છો એમ પણ માનવાનું કારણ મળશે. તેથી જો બીજાઓનું હિત કરવાની તમારી ખરેખરી ઇચ્છા હોય તો તેની ખાતર તમારે દ્રવ્યની રાહ જોવી જોઇએ નહિ. તમે અત્યારે જે સ્થિતિમાં મુકાયલા છો તેમાં જ બીજાઓનું હિત સાધી શકો તેમ છો.

તમે તમારી જાતને જેવા નિઃસ્વાર્થી અને પરોપકારી સમજો છો તેવા તમે નિશ્ચયપૂર્વક બનશો તો તમે અગવડો વેઠીને પણ બીજાઓનું ભલું કરી શકશો. તમે ગમે તેટલા નિર્ધન હશો તો પણ તમારામાં સ્વાર્થની આહુતિ આપવાની શક્તિ રહેલી છે. તમે બીજાઓની ખાતર કાંઇને કાંઇ અર્પણ કરી શકો એમ છો. જે મનુષ્યનાં હૃદયમાં પરોપકારના અંકુરો વિદ્યમાન છે, જે ખરેખરા અંતઃકરણ પૂર્વક બીજાઓનું ભલું ચાહે છે તે દ્રવ્યની અપેક્ષા રાખતો નથી. એવો મનુષ્ય તો દ્રવ્યને બદલે પોતાનું જીવન અર્પણ કરી દે છે. તે પોતાનાં મનમાંથી સ્વાર્થ, દ્વેષ, કષાય અને કુવાસનાઓનો બહિષ્કાર કરી, સ્વપરનો ભેદભાવ ભૂલી જઇ મિત્ર અને શત્રુ સૌની સાથે સમાન વ્યવહાર કરે છે, સૌનું ભલું ચાહે છે અને સૌને લાભ કરે છે.

જેવી રીતે કાર્યકારણનો સંબંધ છે તેવી જ રીતે સુખ અને ઐશ્વર્યનો આંતરિક સૌજન્ય સાથે તથા નિર્ધનતા અને નિર્બળતાનો આંતરિક દૌર્જન્ય સાથે નિકટનો સંબંધ રહેલો છે. અર્થાત્ જેવી રીતે કારણ અનુસાર કાર્ય બને છે તેવી રીતે જો તમારા આંતરિક વિચારો સારા હશે તો તમને જરૂર સુખ અને ઐશ્વર્ય મળશે અને જો આંતરિક વિચારો ખરાબ અને મલિન હશે તો તમને દુઃખ અને સંતાપની જ પ્રાપ્તિ થશે.

સ્થૂલ દ્રવ્ય અને ઉચ્ચ પદવી વા પ્રતિષ્ઠા ખરેખરી સંપત્તિ નથી. આપણી નિષ્ઠા અને નીતિ આપણી ખરેખરી સંપત્તિ છે, અને તેને ઉચિત રીતે કામે લગાડવી એ જ આપણું ખરેખરૂં બળ છે. અર્થાત્ આપણે બીજાની સાથેના વ્યવહારમાં જેટલું નીતિમય વર્તન રાખશું તેટલું વધારે આપણું બળ છે એમ સમજાશે.

...ગે આપણાં હૃદયને શુદ્ધ બનાવશું, આપણાં મનને કાચ જેવું સ્વચ્છ બનાવું તો આપણું જીવન સ્વતઃ સુધરી જશે. વિષયવાસના, રાગ, દ્વેષ, મદ, ક્રોધ, લોભ, મોહ, મદ, માયા, અહંકાર, સ્વાર્થ અને દુરાગ્રહ એ સઘળાં નિર્બળતા અને નિર્ધનતાના ચિન્હો છે. એથી ઉલટું, પ્રેમ, પવિત્રતા, નમ્રતા, સત્યતા, શીલ, સંતોષ, દયા, અનુકમ્પા, ઉદારતા, નિઃસ્વાર્થતા, ઇંદ્રિય નિગ્રહ અને આત્મ-સંયમ એ સર્વ સંપત્તિ અને બળના સૂચક છે.

જ્યારે મનુષ્ય નિર્ધનતા અને નિર્બળતાના કારણોને દૂર કરી દે છે ત્યારે તેની અંદર સ્વયમેવ એક અક્ષય અને અજય્ય શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે અને જે મનુષ્ય ઉચ્ચ કોટિનો ધર્માત્મા બની જાય છે તે સમસ્ત સંસારને પોતાને આધીન કરી લે છે.

પરંતુ તવંગર અને ગરીબ સર્વને પ્રતિકૂળ અવસ્થાઓમાંથી છુટવું પડે છે. ગરીબોની અપેક્ષાએ તવંગર લોકોને વધારે કષ્ટ ઉઠાવવું પડે છે આવી હકીકત સ્પષ્ટ થાય છે કે સુખનો આધાર સાંસારિક વસ્તુઓ ઉપર નથી. સુખનો આધાર મનુષ્યનાં અંતરંગ જીવન ઉપર રહેલો છે. ધારો કે તમે એક શ્રીમાન છો અને સારા નોકરો ન મળી શકવાથી તમારે મોટી તકલીફ ઉઠાવવી પડે છે. કોઇ વખત સારા નિમકહલાલ નોકરો મળી જાય છે તો તેઓ જલ્દી નોકરી છોડીને ચાલ્યા જાય છે. આનું પરિણામ એ આવે છે કે ધીમે ધીમે લોકો ઉપરથી તમારો વિશ્વાસ ઘટી જાય છે અથવા લહ્યુન ઉડી જાય છે. તમો તમારા નોકરોને પગાર વધારે આપતા હો અને તેઓને પહેલાં કરતાં વધારે છૂટ આપતા હો તોપણ નોકરોની એજ સ્થિતિ રહે છે આવી સ્થિતિમાં તમને એટલી સલાહ આપવી યોગ્ય છે કે તમારી ખુશીખામતોનાં કારણો તમારા નોકરોમાં નથી, પરંતુ તમારા પોતાનામાં જ છે. જો તમે તમારા પોતાનાં હૃદયના અંદર પ્રવેશ કરીને જોશો અને શુદ્ધ અંતઃકરણથી તમારાં પોતાના દોષોને ઓળખી કાઢશો, અને તેને દૂર કરવાનો પ્રયત્ન કરશો તો કોઇને કોઇ વખતે તમારા દુઃખ અને કષ્ટનાં કારણો તમારા જાણવામાં આવી જશે. સંભવિત છે કે તમારામાં કોઇ એવા પ્રકારની સ્વાર્થયુક્ત ઇચ્છા હોય અથવા તમારા મનમાં એવા પ્રકારનો અવિશ્વાસ યાને અપ્રિય ભાવ હોય કે જેનો વિષમય પ્રભાવ માત્ર બીજાઓ ઉપર નહિ, પરંતુ તમારા પોતાના ઉપર પડતો હોય. ભલે તમો તેને તમારા ભાવો અને શબ્દોદ્વારા પ્રદર્શિત પણ ન કરતા હો. તમારા નોકરોની સાથે હમેશાં દયાળુપણે વ્યવહાર કરો, તેઓના સુખદુઃખ નિરંતર લક્ષમાં રાખો, કોઇ પણ દિવસ તેઓની પાસેથી હદથી વધારે કામ ન લ્યો અને એમ વિચારો કે તમે જો તેઓની સ્થિતિમાં હોત તો તમે પોતે પણ એટલું કામ કરવું પસંદ ન કરત. એટલું તો નિઃસંદેહ છે કે નોકરોના એટલી નમ્રતા હોવી જોઇએ કે તેનું પોતાના